BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**B.A./B.A. (HONS.) સમાજશાસ્ત્ર**

# સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ

**SOCM-309**

**SOMJ-401/SOMN-401**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*


**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સંપાદક:**

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. પરેશ ચૌહાણ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. જયેશ પરમાર** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ:**

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ** (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પરામર્શન (વિષય):**

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

**ડૉ. નીતિન જાદવ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સરકારી વિનયન કોલેજ, અમીરગઢ, બનાસકાંઠા.

**ડૉ. પરેશ ચૌહાણ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શન (ભાષા):**

**પ્રિ.ધનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.

**પ્રકાશક:**

**ડૉ. ભાવિન ત્રિવેદી** કુલસચિવ (કાર્યકારી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2022 (પ્રથમ આવૃત્તિ)**

**ISBN NO:** **978-93-5598-275-9**

: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## SOCM – 309 ‘સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ’
## વિભાગ – 1 ‘ભારતીય બંધારણ અને સમાજ કલ્યાણ’ વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, ભારતનું બંધારણ વિશ્વના તમામ લોકતાંત્રિક દેશોના બંધારણ કરતા સૌથી મોટું લેખિત બંધારણ છે. બંધારણમાં નાગરીકોના કલ્યાણ અર્થે હકો ફરજોની જોગવાઈ કરેલ છે. ઉપરાંત યુનાઇટેડ નૅશન્સે આધુનિક રાજ્યની કલ્યાણ પ્રવૃત્તિઓને માનવ-અધિકારો સાથે જોડીને ઘોષણા કરી છે કે પ્રત્યેક વ્યક્તિને યોગ્ય જીવન જીવવાનો અધિકાર છે, જે વ્યક્તિ તથા તેના કુટુંબના કલ્યાણની ખાતરી આપે છે. પરંતુ આ વિષયને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી સમજવું આવશ્યક છે. આથી TYBA પાઠ્યક્રમ SOCM – 309માં ‘સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ’નો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ ‘ભારતીય બંધારણ અને સમાજ કલ્યાણ’માં એકમ – 1 થી 8નો સમાવેશ કરવામાં આવ્યો છે. સમાજના જૂથ, સમુદાયની સર્વાંગી સ્થિતિમાં સુધારો લાવવાનો પ્રયત્ન થાય તેને સમાજકલ્યાણ ગણાવી શકાય. પરંતુ કાયદાકીય અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમાજકલ્યાણને વિસ્તૃત સમજવું જરૂરી છે. આથી એકમ – 1માં સમાજકલ્યાણનો અર્થ, હેતુઓ અને મહત્વની ચર્ચા કરવામાં આવેલ છે. કાયદા-કાનૂન, અધિનિયમો વગેરે ધારાસભા, સંસદ દ્વારા થતી પ્રક્રિયા છે. કાયદા અને કાનૂનીકરણની પ્રક્રિયાની સાથે સામાજિક કાનૂનીકરણનો અર્થ, હેતુઓ અને મહત્વ સમજવું આવશ્યક છે, જેની વિગતે સમજૂતી એકમ – 2માં કરેલ છે. જ્યાં-જ્યાં સમાજ છે ત્યાં કાનૂન છે જ. પરંતુ ભારતમાં સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયા કેવી છે? તેની ચર્ચા એકમ – 3માં કરેલ છે. સમાજમાં સુધારો લાવવા કાયદાકીય પ્રક્રિયા મહત્વની બને છે પરંતુ કેટલીકવાર સમાજમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટે આંદોલનો પણ થતા હોય છે. સામાજિક સુધારણાવાદી ચળવળો, આંદોલનો અને સ્વૈચ્છીક સંગઠનો વિષયક સમજૂતી એકમ – 4માં આપેલ છે.

વિદ્યાર્થીમિત્રો, ભારતનું બંધારણ, ભારતનું આમુખ, મૂળભૂત અધિકારો-ફરજો, કલ્યાણ રાજ્ય તરીકેના સિદ્ધાંતો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી સમજીશકાય તે માટે એકમ – 5માં વિસ્તૃત સમજૂતી આપેલ છે. કાયદો બધા જ નાગરીકો માટે સમાન છે, છતાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો, લઘુમતિઓ, દબાયેલ, કચડાયેલ પછાત વર્ગોના કલ્યાણ માટે વિસ્તૃત જોગવાઈ કરેલ છે. આથી એકમ – 6માં ખાસ કરીને ભારતમાં બાળકોનો દરજ્જો, શિક્ષણ, આરોગ્ય અને બાળકોના અધિકારો, બાળમજૂરીના કારણો અને નિયંત્રણ કરતા કાયદાઓની ચર્ચા કરેલ છે. ભારતમાં મહિલાઓનું સ્થાન નિમ્ન છે, આથી જ મહિલાઓ સશક્ત બને તે માટે અધિકારોની જોગવાઈ કરવામાં આવેલ છે. આથી એકમ – 7માં સામાજિક કાનૂનીકરણ અને સ્ત્રીઓના અધિકારોને સાંકળીને ચર્ચા કરવામાં આવેલ છે. લોકો માટેની કલ્યાણકારી યોજનાઓ ઉપરાંત શૈક્ષણિક, આરોગ્ય, રોજગાર અને કલ્યાણ પ્રવુતિઓની વિસ્તૃત સમજૂતી એકમ – 8માં આપેલ છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

B.A./ B.A. (Hons.) સમાજશાસ્ત્ર

સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ

SOCM-309

SOMJ-401/SOMN-401

વિભાગ

# 1

# સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ


| | | |
|---|---|---|
| **એકમ-1** | સમાજકલ્યાણનો અર્થ, હેતુઓ અને મહત્વ | **01** |
| **એકમ-2** | સામાજિક કાનૂનીકરણનો અર્થ, હેતુઓ અને મહત્વ | **17** |
| **એકમ-3** | ભારતમાં સામાજિક કાનૂનીકરણ | **33** |
| **એકમ-4** | સામાજિક સુધારણાવાદી ચળવળો, આંદોલનો અને સ્વૈચ્છીક સંગઠનો | **47** |
| **એકમ-5** | ભારતનું બંધારણ, ભારતનું આમુખ, મૂળભૂત અધિકારો-ફરજો, કલ્યાણ રાજ્ય તરીકેના સિદ્ધાંતો | **69** |
| **એકમ-6** | ભારતમાં બાળકોનો દરજ્જો, શિક્ષણ, આરોગ્ય અને બાળકોના અધિકારો, બાળમજૂરીના કારણો અને નિયંત્રણ કરતા કાયદાઓ | **92** |
| **એકમ-7** | સામાજિક કાનૂનીકરણ અને સ્ત્રીઓના અધિકારો | **114** |
| **એકમ-8** | લોકો માટેની કલ્યાણકારી યોજનાઓ – શૈક્ષણિક, આરોગ્ય, રોજગાર અને કલ્યાણ પ્રવૃત્તિઓ | **149** |


## ભારતીય બંધારણ અને સામાજિક કલ્યાણ – 1

| એકમ - 1 | સમાજકલ્યાણનો અર્થ, હેતુઓ અને મહત્ત્વ |
|---|---|

**:: રૂપરેખા ::**

**1.0** ઉદ્દેશ્ય

**1.1** પ્રસ્તાવના

**1.2** સમાજકલ્યાણનો અર્થ

**1.3** ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ

**1.4** સમાજકલ્યાણના હેતુઓ

**1.5** સમાજકલ્યાણનું મહત્ત્વ

**1.6** સારાંશ

**1.7** તમારી પ્રગતિ ચકાસો

**1.8** બહુવિકલ્પિય પ્રશ્નો

**1.9** સ્વાધ્યાયના પ્રશ્નો

**1.10** સંદર્ભ સૂચિ

## 1.0 ઉદ્દેશ્ય

*આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીમિત્રો તમે,*

- *સમાજકલ્યાણના અર્થને સમજશો.*
- *ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *સમાજકલ્યાણના હેતુઓ જાણશો.*
- *સમાજકલ્યાણનું મહત્ત્વ સમજશો.*

## 1.1 પ્રસ્તાવના

*ભારતમાં સમાજકાર્યએ વિકસતો વ્યવસાય છે. ભારતમાં સમાજસેવા, સમાજકલ્યાણ અને સામાજિક સુરક્ષા સમયાંતરે ઉદ્દભવેલા અભિગમો છે. સમાજકલ્યાણને સમજવા માટે ત્રણેય અભિગમો સમજવા ખૂબ જરૂરી છે. વર્તમાન સમયમાં સામાજિક વિકાસ જરૂરી છે. વર્તમાન સમયમાં સામાજિક વિકાસ અને સામાજિક સશક્તિકરણ અભિગમ સંબંધિત કાર્યો અને માળખાંઓ ગોઠવાય છે. સમાજકલ્યાણ વહીવટમાં સેવાર્થી (વ્યક્તિ, જૂથ અને સમુદાય)ની જરૂરિયાતો અને સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને સેવાઓનું માળખું નિર્ધારિત કરવામાં આવે છે. આ માળખા અંતર્ગત અશક્ત,*

*નિઃસહાય, લાચાર, અનાથ બાળકો, વિધવા મહિલાઓ, વૃદ્ધો, અપંગો, અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગો વગેરેને સેવાઓ આપવાની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે તથા સેવાઓ આપવામાં આવે છે. આમ, સમાજકલ્યાણ જરૂરિયાતમંદ અને સમસ્યાગ્રસ્તનું સમાજમાં પુનઃસ્થાપનનું મુખ્ય કાર્ય કરે છે. તેમજ સેવાર્થીની અભાવપૂર્ણ સ્થિતિ દૂર કરવાનો પ્રયત્ન કરે છે.*

## 1.2 સમાજકલ્યાણનો અર્થ

*સમાજકલ્યાણ એ સમાજકલ્યાણ વહીવટનું એક વિશાળ ક્ષેત્ર છે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણએ સમાજકલ્યાણનું એક કાર્યક્ષેત્ર છે. સમાજકલ્યાણામાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત જાતિઓની કલ્યાણ યોજનાનું વિસ્તરણ કરવું જોઈએ. જેના આ વર્ગો વચ્ચે પણ જોડાણ થઈ શકે. શારીરિક રૂપથી અશક્ત એવા અપંગો(અંધ, બહેરા, દૃષ્ટિહીન, હાથ-પગમાં ખામી વગેરે) માટે કલ્યાણકારી યોજનાઓનું નિર્માણ કરવું આવશ્યક છે. સમાજમાં તેમના પુનઃસ્થાપનના કાર્યને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. માનસિક રોગીઓ માટે માનવતાવાદી સમાજ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે અને એક રાષ્ટ્રવ્યાપી માનવ આરોગ્યશાસ્ત્રનો પદ્ધતિસર પ્રચાર કરવો જોઈએ. સામાજિક ચેતનાના રચનાત્મક કાર્યોથી માનસિક આરોગ્યમાં સુધારો થઈ શકે છે. સમાજકલ્યાણનું ક્ષેત્રએ અશક્ત, નિર્બળ, નિઃસહાય, લાચાર વ્યક્તિ, જૂથ, સમુદાયને આવશ્યક સેવાઓ આપીને જીવન જીવવાની આશા અને આધાર પૂરો પાડે છે.*

*'સમાજકલ્યાણ' શબ્દનો અર્થ સમયાંતરે પરિવર્તન પામતો રહ્યો છે. પ્રાચીનકાળમાં સમાજકલ્યાણ શબ્દનો અર્થ સમાજના તમામ લોકોની સુખાકારી માટેના કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓના સંદર્ભમાં કરવામાં આવતો હતો. સમાજકલ્યાણને વ્યાપક અર્થમાં જોઈએ તો 'સમાજના વધારેમાં વધારે લોકોનું હિત,અભ્યુદય કે સુખાકારી' એવો અર્થ થાય છે. તેમાં સમાજના લોકોના શારીરિક, માનસિક, આર્થિક, સાંવેગિક અને આધ્યાત્મિક એમ સાર્વત્રિક ઉત્કર્ષ સમાયેલો છે. કેટલાંક પાશ્ચાત્ય સમાજશાસ્ત્રીઓએ સમાજકલ્યાણ એ જે વ્યાખ્યા કરી છે તે નીચે મુજબ છે.*

*ફ્રિડલેન્ડરના જણાવ્યાનુસાર "સમાજકલ્યાણ સામાજિક સેવાઓ અને સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે જે વ્યક્તિઓ અને જૂથોને એક સંતોષજનક જીવન ધોરણ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા પૂરી પાડવા માટે ઊભી કરવામાં આવે છે. તેનો સંબંધ વૈયક્તિક અને સામાજિક સંબંધો સાથે છે. જે વ્યક્તિઓની ક્ષમતાઓને પૂર્ણ રીતે વિકસિત કરવામાં અને સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ કરવામાં અને તેમના કલ્યાણને વધારવામાં સહાયભૂત થાય છે."*

**રોબર્ટ કેલ્સોના મતાનુસાર** *"સમાજકલ્યાણનો ઉદ્દેશ સમાજની પ્રત્યેક વ્યક્તિને અન્ય વ્યક્તિઓના જેટલા જ સમાન અધિકારો કોઈ પણ હસ્તક્ષેપ વગર પ્રાપ્ત કરવા,*

આર્થિક આવશ્યકતાનો ઉત્તમ સ્વાસ્થ્ય, જીવનનિર્વાહની યોગ્ય સ્થિતિ, અન્ય નાગરિકોની જેમ સમાન તક, ઉચ્ચ કક્ષાનું આત્મસન્માન અને કાર્ય તથા વિચારોની સ્વતંત્રતાને હાંસલ કરાવવાનો છે."

**ચૌધરી પોલ ડી** સમાજકલ્યાણની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "સમાજકલ્યાણ સમાજના એવા નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક કારણોસર સમાજ દ્વારા નિર્મિત સામાજિક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યા છે."

**વિલ્સનના મતે** "સમાજકલ્યાણ એટલે બધી વ્યક્તિઓનું બધી વ્યક્તિઓ માટે એક સંગઠિત ચિંતન છે."

ઉપરોક્ત સમાજશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓના આધારે તેના અર્થમાં કહી શકાય કે, સમાજકલ્યાણનો ઉદ્દેશ સમાજના વધારે લોકોનું હિત અભ્યુદય અને સુખાકારી પૂરી પાડવાનો છે. આ ઉપરાંત સમાજના જરૂરિયાતમંદ, સમસ્યાગ્રસ્ત, ભેદભાવ અને દમનનો ભોગ બનવાથી પાછળ રહી ગયેલ વ્યક્તિ કે જૂથ કે સમુદાય તેમજ સમાજના નબળા અને પરંપરાગત રીતે અધિકારોથી વંચિત જૂથોને આવશ્યક સેવા પૂરી પાડવાનો છે. સામાન્ય રીતે સમાજના દરેક નાગરિકોને તેની જરૂરિયાતો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. તેમજ આ જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી સમાજના તમામ નાગરિકો અને સરકારની છે. સમાજકલ્યાણમાં દરેક નાગરિકોને પોતાની આવશ્યકતા પ્રમાણેની સેવાઓ આપવામાં આવે છે; પરંતુ, નબળા અને પછાત વર્ગોના લોકોની પહોંચ ઓછી હોવાથી કે સમાજમાં દબાયેલા, કચડાયેલા, પીડિત હોવાથી આવશ્યક સેવા પ્રાપ્ત કરી શકતા નથી તેમજ પહોંચ ધરાવનારા લોકો વધુ સેવાઓ ભોગવે છે. ત્યારે સમાજના નબળા અને પછાત લોકો શોષણ, દમન, ભેદભાવ, અત્યાચારનો ભોગ બને છે, સેવાઓથી વંચિત બને છે આવા સમયે સમાજકલ્યાણ દ્વારા નબળા, પછાત, વંચિત વર્ગોની જરૂરિયાતો પૂરી પાડવી આવશ્યક બને છે, ભયમુક્ત વાતાવરણ ઊભું કરવું આવશ્યક બને છે. કેટલીક વખત સામાજિક પરિસ્થિતિ જેવી કે, અમુક વર્ગ કે જૂથ વચ્ચેના ભેદભાવોને કારણે નબળા વર્ગો-જૂથોને સેવાઓ મેળવવી મુશ્કેલ બને છે ત્યારે સમાજકલ્યાણ દ્વારા નબળાવર્ગના લોકોને જરૂરી સેવાઓ પૂરી પાડવાનો પ્રયત્ન થાય છે.

માનવી બે પ્રકારની આવશ્યકતાઓ ધરાવે છે, એક સામાન્ય (પ્રાથમિક) જરૂરિયાતો, જેમ કે અન્ન, વસ્ત્ર અને આવાસ. જ્યારે બીજી વિશિષ્ટ જરૂરિયાતો જેમ કે શારીરિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને આધ્યાત્મિક. આ જરૂરિયાતો સમાજના તમામ લોકોને લાગું પડે છે. સમાજના અશક્ત વ્યક્તિઓ જેવાં કે બાળકો, વૃદ્ધો, અપંગો, રોગીઓ, બીમાર લોકોને વિશિષ્ટ જરૂરિયાતોની વધારે આવશ્યકતા ઊભી થાય છે. તેથી આવા લોકોને સમાજકલ્યાણ દ્વારા ટૂંક સમય અથવા તાત્કાલિક ધોરણે આપવી જરૂરી બને

છે. દા.ત. રોગિષ્ટ કે બીમાર વ્યક્તિઓ મેડિકલ સારવારની જરૂરિયાત, અપંગ વ્યક્તિ, સામાજિક અને મનોવૈજ્ઞાનિક આ ઉપરાંત સમાજમાં કેટલાંક એવા વ્યક્તિઓ કે જૂથો છે જે શોષણ, દમન, અત્યાચાર, ભેદભાવનો ભોગ બનવાથી પછાત રહી ગયાં છે, તેમાં પણ વિશેષ જરૂરિયાતો ધરાવનાર છે. આમ સમાજકલ્યાણમાં સામાન્ય જરૂરિયાતો ધરાવનાર સમાજના તમામ નાગરિકો અને વિશેષ જરૂરિયાતો ધરાવનારા ખાસ જૂથો કે સમુદાયના કલ્યાણ વિચાર કરવામાં આવે છે.

ભારતના સંદર્ભમાં સરકાર દ્વારા પૂરી પડાતી સમાજકલ્યાણની સેવાઓ સમાજના નબળા અને પરંપરાગત રીતે અધિકારોથી વંચિત વર્ગો માટેની સેવાઓ તરીકે જોવામાં આવે છે. અહીં સમાજકલ્યાણનો મર્યાદિત અર્થમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. સમાજકલ્યાણ સેવાઓ બાળકો, મહિલાઓ, વૃદ્ધો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી વિમુક્ત જાતિ, ભિક્ષુકો, દેહવ્યાપાર કરનારાઓ, બાળગુનેગારો, માનસિક અને શારીરિક અપંગો, રોગીઓ, માનસિક રોગીઓ, નિરાધાર, અનાથ બાળકો, વિધવા મહિલાઓ, કુંવારી માતાઓ, અનૈતિક સ્થિતિમાં હોય તેવી મહિલાઓ, સામાજિક રીતે કુસમાયોજીત વ્યક્તિઓ, ગરીબ-બેરોજગાર લોકો, અધિકારોથી વંચિત લોકો વગેરેને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મદદ કરવામાં આવે છે. સમાજકલ્યાણ દ્વારા વ્યક્તિ, જૂથ કે સમુદાયની સ્થિતિમાં સુધાર કે ઉત્કર્ષ કરવામાં આવે છે, તેમજ તેમને સુખાકારી પ્રાપ્ત કરવામાં સહાય કરે છે.

## 1.3 ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ

સમાજકલ્યાણ તેમજ સામાજિક સેવાઓ, સામાજિક સુધારા, સામાજિક સલામતી વગેરે સ્વરૂપે વ્યક્ત થતી બાબતો વીસમી સદીમાં વ્યાપક વપરાતા શબ્દો છે; પરંતુ, મૂળ સ્વરૂપે સમાજકલ્યાણનું તો અસ્તિત્વ પ્રાથમિક અવસ્થાના અસમંજસમાં પણ હતું; કારણ કે અન્ય વ્યક્તિને તેમની જરૂરિયાતના સમયે, દુઃખના સમયે મદદરૂપ થવાની ભાવના તો દરેક વ્યક્તિમાં માનવીય પ્રકૃતિરૂપે પડેલી હોય છે. ઉપરાંત વિશ્વના દરેક ધર્મો પોતાના અનુઆયીઓને અને ભક્તોને દુઃખ, દર્દ કે વંચિતતાવાળા વ્યક્તિઓને માટે દયા-કરુણા રાખવાનો તેમજ પોતાની આવકમાંથી અમુક હિસ્સો પરોપકારાર્થે વાપરવાનો અનુરોધ કરે છે. આવા યુગોથી વિશ્વના તમામ વિસ્તારોમાં માનવીય લાગણીઓ મારફતે સમાજકલ્યાણનો પ્રાદુર્ભાવ થયેલો જોવા મળે છે. એ હકીકતનો ઈનકાર કરી શકાય નહીં કે બ્રિટન, જર્મની, અમેરિકા, સ્કેન્ડિનેવિયન દેશો(ડેનમાર્ક, નોર્વે, સ્વીડન)માં વીસમી સદીના પ્રારંભથી જ આધુનિક વિભાવના અનુસારની આદર્શ કલ્યાણરાજ્યની લાક્ષણિકતાઓ જેવી કે સામાજિક અને આર્થિક સલામતી, લઘુત્તમ ન્યૂનતમ જરૂરિયાતોની પરિપૂર્તિ વગેરે પ્રકારે અસ્તિત્ત્વમાં હતી અને આવા કલ્યાણરાજ્યની સમાજકલ્યાણ પ્રવૃત્તિઓમાં બ્રિટનનું સ્થાન મોખરાનું હતું. તો અન્ય વિકસતાં રાષ્ટ્રો સહિતના કેટલાંક દેશો પણ પોતાની રીતે સમાજકલ્યાણની વિકાસ અને વૃદ્ધિની વિભાવનાને વધાવતાં હતાં.

ભારતમાં તો એક યા બીજા પ્રકારે, સમાજકલ્યાણની પરંપરા ખૂબ લાંબા સમયથી અસ્તિત્ત્વમાં હતી. દાન, પરોપકાર, ત્યાગ, ઉદારતા, માનવ પ્રત્યે સેવાભાવના જેવાં મૂલ્યોની ભારતીય પરંપરા વિશ્વભરમાં જાણીતી છે, ખૂબ પ્રાચીન સમયથી જ ભારતમાં આ સેવાભાવની અથવા સાથી માનવ વ્યક્તિને સહાયક બનવાની તત્પરતા જેવા ગુણો જે આધુનિક સમાજકાર્યની પાયારૂપ ગણાય તે અસ્તિત્ત્વમાં હતા. વળી સંયુક્ત કુટુંબ તેમજ જ્ઞાતિ સમુદાયમાં પણ પોતાની વંચિત સભ્યને સહાય કરવાની જવાબદારી અનિવાર્યપણે સ્વીકારાયેલી હતી. પાછળથી રાજ્યે પણ પોતાના નાગરિકોના કલ્યાણલક્ષી કાર્યક્રમોની જવાબદારી લેવા માંડી. અને છેક પ્રાચીન સમયથી આધુનિક સમય સુધીની સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ અને વૃદ્ધિનો વિકાસ ભારતમાં રહેલો છે જેનો વ્યવસ્થિતરૂપે અભ્યાસ કરવા માટે તેને પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સમયગાળામાં વહેંચી શકાય.

પ્રાચીન સમયમાં અશોક અને હર્ષ જેવા હિન્દુ રાજાઓએ જાહેરમાર્ગો, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય માટેનાં દવાખાનાં, આનંદ-પ્રમોદના સ્થળો લાંબી મુસાફરી દરમ્યાન આરામ લેવા માટે વીશી/સરાઈ જેવાં સ્થાનો, અનાથાશ્રમો, નિરાધારોને નાણાકીય સહાય જેવી કલ્યાણલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરી હતી. શેરશાહ સૂરી અને ફીરોઝ તઘલખ જેવા મુસ્લિમ શાસકો પણ પ્રજાવાત્સલ્ય હતા. તેમણે પણ મુસાફરખાનાં બંધાવ્યાં, વૃક્ષો ઉગાડ્યાં જેની છાયામાં પણ આરામ કરી શકાય, જાહેર કૂવા ખોદાવ્યા અને અન્ય કલ્યાણલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરી, અકબર જેવા બિનસાંપ્રદાયિક શાસકે પોતાની પ્રજા માટે, તે જ્ઞાતિ/જાતિ કે ધર્મ પાયાની હોય તો પણ તેમને સમાન રીતે જાળવી તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી અને જુદી-જુદી ચિકિત્સા પદ્ધતિ પ્રમાણેના આરોગ્ય કેન્દ્રો પણ શરૂ કર્યાં; જહાંગીર તેના સામાજિક ન્યાય માટે જાણીતો હતો અને ગરીબો તથા સમાજના નીચલા વર્ગના લોકો માટે તેને સાચી લાગણી અને સહાનુભૂતિ હતી. અજ્ઞાનતા, નિરક્ષરતા અને વહેમ જેવાં સામાજિક અનિષ્ટો સમાજમાં પ્રવર્તતા હતાં તે અંગે બ્રિટીશ સરકાર ખરેખર નાખુશ હતી. તેથી તેઓએ લોકોનાં વલણ, વિસ્તારો અને મૂલ્યોમાં પરિવર્તનલાવી સામાજિક દૂષણો દૂર કરવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. આ દિશામાં ખ્રિસ્તી મિશનરીઓએ ભજવેલી ભૂમિકા નોંધપાત્ર હતી. દેશના રાષ્ટ્રીય નેતાઓ જે સ્વતંત્રતાતાની લડતમાં જોડાયેલા હતા તો પણ સામાજિક સુધારા માટે પણ તેઓએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો. તેઓએ માનવતા, માનવીય અભિગમ અને સ્વૈચ્છિકતાથી પ્રેરાઈને ભક્તિ, સમર્પણભાવ અને પ્રતિબદ્ધતાની ભાવનાથી દેશના અસંખ્ય પીડિતો, વંચિતો અને સમાજના બિન-લાભાન્વિત જૂથોની દયનીય સ્થિતિ સુધારવા માટે સામાજિક કાર્યકરોને સંગઠિત કર્યાં. બ્રિટીશ સરકારે સતી થવાનો રિવાજ નાબુદ કરવા, બાળલગ્નો અટકાવવા અને વિધવા પુનઃલગ્નને પ્રોત્સાહન આપવા સામાજિક કાયદા-કાનૂનનો માર્ગ અપનાવ્યો. બ્રિટીશ શાસનના સમયગાળા દરમ્યાન સમાજકલ્યાણ તરફનો અભિગમ સામાજિક સમસ્યાઓ અને સામાજિક સુધારાલક્ષી કહી

શકાય. કલ્યાણલક્ષી કાર્યક્રમોના અમલ અને રાજ્ય સરકારોની ભૂમિકા લગભગ નહીવત હતી.

સ્વાતંત્ર્ય બાદ સમાજકલ્યાણનો વિકાસ વહીવટી તંત્રની જોગવાઈ, નાણાકીય ફાળવણી અને સમાજકલ્યાણ કાર્યક્રમોને સમાજના અસંખ્ય બિનલાભાન્વિત, વંચિત અને નીચલા અનામત લોકો સુધી વિસ્તરણ અને બધા ક્ષેત્રે નોંધપાત્ર બની રહ્યો. સમાજકલ્યાણનું અલાયદુ મંત્રાલય શરૂ કરવામાં આવ્યું અને અનુસૂચિત જાતિ/જનજાતિ માટેનાં રાષ્ટ્રીય કમિશનો, અનુસૂચિત જાતિ/જનજાતિ માટેની રાષ્ટ્રીય કમિશન, લઘુમતી કમિશન, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ ડિફેન્સ, દિવ્યાંગો માટેનાં રાષ્ટ્રીય સંસ્થાનો વગેરે સંસ્થાઓ આ મંત્રાલય અંતર્ગત શરૂ કરવામાં આવી, તેમજ માનવ સંસાધન મંત્રાલયના હિસ્સા તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગ શરૂ કરીને કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ તેમજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક કો-ઓપરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટને તેના વહીવટી નિયંત્રણ નીચે મૂકવામાં આવ્યાં, જે તમામ બાબતો સમાજકલ્યાણની વિકાસના મહાન સીમાસ્તંભ રૂપ છે. અસંખ્ય બહુ-પરિમાણીય પ્રયોજનાઓ અને કાર્યક્રમો બાળકલ્યાણના હેતુઓ શરૂ કરવામાં આવી તેમજ વિકસાવવામાં આવી. તેમાંય સંકલિત બાળ વિકાસ યોજના મહિલા કલ્યાણક્ષેત્રે સતત વધતા જતા અને વિસ્તરતા જતા વિવિધ કાર્યક્રમો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના તેમજ પછાતવર્ગો માટેની અને સમાજની નબળા વર્ગો માટેના; દિવ્યાંગને અને વિકલાંગો પોતાના યુવકો અને વૃદ્ધજનોની વિવિધ કલ્યાણલક્ષી કાર્યક્રમો પણ સમાજકલ્યાણ વ્યવસ્થાની ઉત્ક્રાંતિના અન્ય મહત્ત્વપૂર્ણ સીમાસ્તંભો છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટેની રાષ્ટ્રીય નીતિ, શિક્ષણ માટેની રાષ્ટ્રીય નીતિ, યુવકો અને બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ, યુવા-તાલીમ અને શહેરીકરણ પણ આ સમસ્યાઓને ઉજાગર કરે છે. કલ્યાણ મંત્રાલય, પરિવાર અને બાળવિકાસ વિભાગ, કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ, આયોજન પંચ વગેરે દ્વારા પ્રવર્તમાન તેમજ નવી નવી ઉભરાતી જતી સામાજિક સમસ્યાઓ અંગે અભ્યાસ કરી તેને માટે કારગત લાગે તેવા ઉપાયો સૂચવવા માટેની જુદા જુદા કમિશનો સમિતિઓ, કાર્યજૂથો અને અભ્યાસ રીતો પણ એક મહત્ત્વપૂર્ણ વિકાસ સોપાન છે. સમાજકલ્યાણ ક્ષેત્રે કાર્યરત કાર્મચારીગણની તાલીમની તત્કાલીનતા કલ્યાણ કાર્યક્રમ વિશેનું સંશોધન, મૂલ્યાંકન અને સુનિયંત્રણની જરૂરિયાતરૂપે સરકારે યોગ્ય રીતે પ્રમાણીત કરવો અને તેનો અમલ કર્યો તે પણ એક નોંધપાત્ર વિકાસ કદમ છે. સામાજિક કલ્યાણના કાર્યક્રમોના અમલ માટે સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા સ્વીકારીને તેવી સંસ્થાઓને માતબર રકમની સહાયક ગ્રાન્ટ ચૂકવી તે પણ એક સરાહનીય પગલું છે; કારણ કે, જુદા જુદાપ્રકારના વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો માટે સરકાર પોતે જ કંઈ સમગ્ર વ્યવસ્થા ગોઠવી ન શકે તેમજ તે કાર્યક્રમોનો અમલ માટેનો કર્મચારીગણ પણ નિયુક્ત ન કરી શકે.

*છેલ્લે, નાણાકીય સહાય સ્વરૂપે તેમજ ટૅકનિકલ સહાય સ્વરૂપે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગ અને સહાય પણ કલ્યાણલક્ષી કાર્યક્રમોની પોષણ ક્ષમતા અને સફળતા આવશ્યક અને અનિવાર્ય છે અને સરકાર શક્ય તેટલા પ્રમાણમાં તેનો પણ વિનિયોગ કરી રહેલ છે.*

## 1.4 સમાજકલ્યાણના હેતુઓ

*સામાજિક કલ્યાણ સેવાઓ વિભાગ શ્રમ અને સામાજિક વીમા મંત્રાલયનો એક ભાગ છે. સામાજિક કલ્યાણ સેવાઓનો હેતુ સામાજિક એકતા અને સામાજિક એકતાનું રક્ષણ કરવાનો છે; સામાજિક સુરક્ષા પ્રદાન કરવા, સામાજિક સમાવેશ હાંસલ કરવા અને સાંપ્રત પ્રજાસત્તાકમાં તમામ નાગરિકો માટે સમાન તકોને પ્રોત્સાહન આપવા માટે; ગરીબી અને સામાજિક સમસ્યાઓ સામે લડવા અને વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોના હિતોને પ્રોત્સાહન આપવા માટે.*

- *દરેક વ્યક્તિના યોગ્ય જીવનધોરણના અધિકારનું રક્ષણ કરો;*
- *શ્રમ બજારમાં પ્રવેશ/પુનઃપ્રવેશ કરવા માટે જાહેર સહાયતા લાભાર્થીઓને વ્યાવસાયિક તાલીમ પ્રદાન કરો, આમ તેમનો સામાજિક સમાવેશ હાંસલ કરો;*
- *કુટુંબના એકમને ટેકો પૂરો પાડો જેથી કુટુંબના સભ્યો અસરકારક રીતે તેમની ભૂમિકા નિભાવી શકે;*
- *સામાજિક સમસ્યાઓનો સામનો કરી રહેલા પરિવારો અને વ્યક્તિઓને ટેકો આપો;*
- *બાળકો અને લોકોના અન્ય સંવેદનશીલ જૂથોને રક્ષણ અને સંભાળ પૂરી પાડવી;*
- *સ્થાનિક સ્તરે ગુણવત્તાયુક્ત સામાજિક સેવાઓ પૂરી પાડવા માટે બિન-સરકારી સંસ્થાઓ અને સ્થાનિક સત્તાવાળાઓને સંવેદનશીલ બનાવો;*
- *રાજ્ય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને અપગ્રેડ કરો અને લોકોના નબળા જૂથોને પાલક પરિવારો આપો.*

## 1.5 સમાજકલ્યાણનું મહત્ત્વ

*સામાજિક કલ્યાણનાં ધ્યેયો - તકની સમાનતા, સામાજિક સલામતી, સામાજિક ન્યાય અને લઘુત્તમજીવનધોરણની પ્રાપ્તિ માટે સમાજના બધા વર્ગોના અને તેમાં ખાસ કરીને સમાજના નબળા અને વંચિત સમૂહોની મૂળભૂત ભૌતિક અને સામાજિક જરૂરિયાતો પૂરી પાડવી અનિવાર્ય બની રહે છે. રોજગારી અને રહેઠાણ જેવી ભૌતિક જરૂરિયાતોની પરિપૂર્તિ થતાં તેઓ આરોગ્ય અને શિક્ષણ જેવી સામાજિક સેવાઓ મેળવવા શક્તિમાન બની શકશે. પરંતુ શિક્ષણ પ્રાપ્તિ કરેલી વ્યક્તિઓ તેમની મૂળભૂત જરૂરિયાતો અને આરોગ્ય સેવાઓની જરૂરિયાતો સંતોષવા શક્તિમાન બને છે. એટલે શિક્ષણ બધી જ ભૌતિક અને સામાજિક જરૂરિયાતો સંતોષવા શક્તિમાન બનાવે છે. એક સમય એવો હતો*

કે સામાજિક કલ્યાણની જરૂરિયાત તરીકે શિક્ષણનું મૂલ્ય ન હતું. પરંતુ આધુનિક યુગમાં શિક્ષણ સામાજિક, આર્થિક, રાજકીય સશક્તીકરણનું અગત્યનું સાધન છે. તે સામાજિક ગતિશીલતાનું દ્વાર છે, આજીવિકા પૂરી પાડતું સાધન છે. તે વ્યક્તિના સર્વતોમુખી વિકાસનું સાધન છે. આથી જ વર્તમાન યુગના કોઈ પણ સમાજમાં સાક્ષરતાના પ્રમાણ પરથી તે સમાજની સભ્યતાનો સ્તર નક્કી કરવામાં આવે છે. આ દૃષ્ટિએ સામાજિક કલ્યાણનું મહત્ત્વ નીચે મુજબ છે :

1. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ
2. રોજગારી
3. રહેઠાણની જરૂરિયાત
4. સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો
5. જાહેર સહાય

**1. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ**

1951માં ભારતમાં શિક્ષણનું પ્રમાણ 17 ટકાથી ઓછું હતું. તેમાં શિક્ષિત પુરુષે ટકાવારી 25 ટકાથી ઓછી હતી અને શિક્ષિત સ્ત્રીઓની ટકાવારી 8 ટકાથી ઓછી હતી. 1951માં 6 થી 14 વર્ષની વયના 2 કરોડ 23 લાખ બાળકો પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવતાં હતાં. આમ, શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું અને તેમાં પુરુષ શિક્ષણ કરતાં સ્ત્રી શિક્ષણ નોંધપાત્ર રીતે ઓછું હતું. ભારતના સ્વાતંત્ર્યની પૂર્વ સંધ્યાએ શિક્ષણની કક્ષા આનાથી પણ ઊતરતી કક્ષાની હતી. આ સ્થિતિ સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયાઓને ચિંતાજનક જણાઈ. આથી બંધારણના રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરવામાં આવી. સ્વાતંત્ર્ય પછીના પાંચ દાયકાના આર્થિક - સામાજિક વિકાસના કાર્યક્રમોના અમલ પછી શિક્ષણનો વિકાસ થયો પરંતુ તે સંતોષજનક રહ્યો નથી. ભારતમાં 2001ની સાલમાં વસતિના 65 ટકાથી વધુ લોકો શિક્ષિત છે તેમાં 75 ટકાથી વધુ પુરુષો અને 54 ટકાથી વધુ સ્ત્રીઓ શિક્ષિત છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના પાંચ દાયકા બાદ પણ દેશની 35 ટકા વસતિ નિરક્ષર છે અને તેમાં 25 ટકા પુરુષો અને 45 ટકાથી વધુ સ્ત્રીઓ નિરક્ષર છે. આમ, પુરુષ કરતાં સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. 2001ની સાલમાં 6-14 વર્ષની વયજૂથના અંદાજે 20 કરોડ બાળકોમાંથી 12 કરોડ બાળકો પ્રાથમિક શાળામાં દાખલ થયા છે તેમાંથી શાળામાં હાજરી આપતાં બાળકોનું પ્રમાણ 66 ટકા છે શાળા છોડી જતાં બાળકોનું ઊંચું પ્રમાણ અને તેમાં કન્યા કેળવણીનું નીચું પ્રમાણ આજે પણ ચિંતાનો વિષય છે. આથી સરકારે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અંગેનો ખરડો (93મો બંધારણીય સુધારો) રજૂ કર્યો.

બંધારણીય જોગવાઈ, 1976નો બંધારણીય સુધારો, શિક્ષણની રાષ્ટ્રીય નીતિમાં શિક્ષણમાં એકરૂપતા લાવવી, પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમોનું અભિયાન ચલાવવું, પ્રાથમિક શાળામાં સાર્વત્રિક પ્રવેશ આપવો, પ્રવેશ પામેલાં બાળકોને શાળામાં ટકાવી રાખવા

*એટલે કે તેઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી ન દે તે જોવું, પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા જાળવવી, કન્યા કેળવણી ઉપર ખાસ ભાર મુકવો, દરેક જિલ્લામાં નવોદય વિદ્યાલયો શરૂ કરવા સાથે સાથે નવમી પંચવર્ષીય યોજના (1997–2002) અનુસાર સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ એટલે 6 થી 14 વર્ષ સુધીના તમામ બાળકોને શાળા પ્રવેશ આપવો, પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટેનાં પગલાં. બંધારણીય ખરડો સરકારે મફત અને પ્રાથમિક શિક્ષણ અંગેનો ખરડો (93 મા બંધારણીય સુધારાનો ખરડો ) રજૂ કર્યો.*

*સર્વશિક્ષા અભિયાન : ઑક્ટોબર 1998 માં યોજાયેલી રાજ્ય શિક્ષણ મંત્રીઓની પરિષદે કરેલી ભલામણોના આધારે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને કાર્યાન્વિત કરવા ''સર્વશિક્ષા અભિયાન'' યોજના ઘડવામાં આવી. જનશાળા કાર્યક્રમ જેમાં ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રોની પાંચ વૈશ્વિક સંસ્થાઓના સહયોગથી જનશાળા કાર્યક્રમ અમલમાં મૂક્યો છે આ કાર્યક્રમ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અભિયાનને ટેકો પૂરો પાડે છે. તેમાં ખાસ કરીને વંચિત સમૂહો, છેવાડાના સમૂહો, અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ, લઘુમતીઓનાં બાળકો, કામ કરતાં બાળકો, ખાસ જરૂરિયાતમંદ બાળકો અને કન્યાઓને આવરી લેવામાં આવે છે. આ કાર્યક્રમ સમુદાય આધારિત છે. દસમી પંચવર્ષીય યોજનાનું એક ધ્યેય સર્વશિક્ષા અભિયાનનું છે. દસમી યોજના અનુસાર શિક્ષણનો હેતુ બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. તેમાં શ્રમનું ગૌરવ અને વ્યાવસાયિક શિક્ષણનો પ્રારંભ પ્રાથમિક શિક્ષણથી જ કરવાની દ્રષ્ટિ રાખવામાં આવી છે.*

## 2. રોજગારી

*રોજગારી એટલે આજીવિકાનું પર્યાપ્ત સાધન જેના દ્વારા જીવનનિર્વાહ અને ગૌરવપૂર્ણ જીવનધોરણની ખાતરી મળતી હોય. લઘુત્તમ જીવન ધોરણ માટે પૂરતી આવક પ્રાપ્ત થઈ શકે તેટલું કામ મળે તેને પૂર્ણ રોજગારી કહેવાય. કામ શોધતી બધી પુખ્તવયની વ્યક્તિઓને રોજગારી મળે તે પૂરતું નથી. પરંતુ તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તેવી આવક પ્રાપ્ત કરી આપતી પૂર્ણ રોજગારી મેળવી શકે તે માટેની તકો ઊભી કરવાની જરૂર છે કારણકે પૂર્ણ રોજગારી સામાજિક કલ્યાણની પાયાની જરૂરિયાત છે. માનવી પ્રવૃત્તિશીલ સામાજિક પ્રાણી છે. તેને ભરણપોષણ માટે આજીવિકાનું સાધન ઉપલબ્ધ બનાવવું આવશ્યક છે. રોજગારી આજીવિકાનું સાધન આવક પૂરી પાડવા ઉપરાંત માનવીના સામાજિક - આર્થિક દરજ્જાનું મહત્ત્વનું પરિબળ છે. તે પ્રાથમિક અને ગૌણ જરૂરિયાતોની છે. આથી કામ કરવાની ઈચ્છા અને શક્તિ ધરાવતી વ્યક્તિને જો રોજગારી પ્રાપ્ત ન થતી હોય તો તેની વ્યક્તિ, કુટુંબ, સમાજ વિપરીત અસર થવા પામે છે. રોજગારી સામાજિક કલ્યાણની પાયાની જરૂરિયાત છે.*

*ગરીબી અને બેકારીની સ્થિતિ - આજે ભારતમાં 26 ટકાથી વધુ લોકો ગરીબ છે. તેમાં શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ વધુ છે. ભારતના ગરીબ અને વંચિત સમૂહોમાં રૂઢિગ્રસ્તતાનું પ્રમાણ પણ ઊંચું છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં*

બેકારી અને અર્ધબેકારી પણ વ્યાપક છે. નાના અને સીમાંત ખેડૂતો ગરીબ વર્ગના છે. તેઓ દેવામાં ડૂબેલા હોય છે અને કુટુંબના ભરણપોષણ માટે બાળકોને પણ મજૂરીએ મોકલે છે. આથી બાળકો શિક્ષણથી વંચિત રહેવા પામે છે ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં શિક્ષિતો અને અશિક્ષિતોમાં વ્યાપક બેકારી છે. 2001 ની સાલમાં 1 કરોડ 19 લાખથી વધુ વ્યક્તિઓ નોકરી માટે રોજગાર કચેરીમાં નોંધાયેલા છે. 2001 વસતિ ગણતરી મુજબ દેશમાં 31 કરોડથી વધુ સીમાંત કામદારો છે . તેમાં 23 કરોડ ગ્રામીણ વિસ્તારમાં અને 8 કરોડ શહેરી વિસ્તારમાં છે . આવા સીમાંત કામદારો પણ ગરીબીની સ્થિતિમાં છે. આ સમગ્ર સ્થિતિ કામ શોધતી બધી પુખ્તવયની વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવાની આવશ્યકતા પ્રકાશ પાડે છે.

પૂર્ણ રોજગારી પૂરી પાડવાની રીતો : સમાનતા અને સામાજિક ન્યાયની દ્રષ્ટિ જોતાં ગરીબો અને વંચિત લોકોની આવકમાં પર્યાપ્ત વૃદ્ધિ થાય તે માટે કામ નોંધની વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવાની જરૂરિયાત રહેલી છે આયોજન પંચે દસમી પંચવર્ષીય યોજનાના અભિગમ પેપરમાં પૂર્ણ રોજગારી પૂરી પાડવાની ઘણી રીતો દર્શાવી છે. જેમાં ઝડપી કૃષિ વિકાસ, નવાં કૌશલ્યો, જળ સંસાધનોનું નિર્માણ, ટેકારૂપ સાધનો, કૃષિ વિકાસની આવશક્યતા, આજીવિકાનાં સાધનો વિકસાવવાં, આર્થિક વિકાસ અને પર્યાવરણની સુરક્ષા સુદ્રઢ બનાવવી, વન્યનીતિમાં ફેરફારની આવશક્યતા,

**3. રહેઠાણની જરૂરિયાતો**

રહેઠાણ એટલે કે ઘર માનવીની પાયાની જરૂરિયાત છે. ઘરએ માનવીના રોજિંદા જીવનનું એકમ છે તે લાગણીઓ, ભાવનાઓ અને પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. ઘરએ કુટુંબનું નિવાસસ્થળ છે. તે સહરહેઠાણ અને સહભોજી એકમ છે. તે ઉત્પાદન, પ્રજોત્પાદન અને બાળકના પ્રાથમિક સામાજીકરણનું કાર્ય કરતું સ્થળ છે. ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસતા કુટુંબોની સરખામણીમાં રહેઠાણના મકાનોની અપર્યાપ્તતા છે. ઘણા લોકો ઘરબાર વગર જીવન જીવે છે, ઘણાં લોકો કુટુંબના સભ્યો માટે રહેણાંકની સંકડાશમાં જીવન જીવે છે. ઘણા લોકો નાગરિક જીવનની સુવિધાઓ (પાણી, વીજળી, સંડાસ, બાથરૂમ) ના અભાવવાળાં અને માનવજીવન માટે યોગ્ય રહેઠાણોમાં જીવન વિતાવે છે તો ઘણા લોકો નાગરિક જીવનની અલ્પ સુવિધાવાળાં મકાનોમાં જીવન જીવે છે. ભારતના ગામડામાં છેવાડે રહેતા અને શહેરોની ઝૂંપડપટ્ટી તરીકે ઓળખાતા ગંદા વસવાટો ભારતમાં રહેઠાણની સમરચનાનું ગંભીર ચિત્ર રજૂ કરે છે. રહેઠાણ માનવીની પાયાની જરૂરિયાત છે. રહેઠાણની સમસ્યાનો ભોગ બનેલી વસતિના સામાજિક કલ્યાણ માટે તેમના રહેઠાણની જરૂરિયાતો પૂરી પાડવી આવશ્યક છે, તે વિના તેઓ સમાનતા અને ન્યાયપૂર્ણ જીવન જીવવા શક્તિમાન બની શકે નહીં.

રહેઠાણની નીતિ અને યોજનાઓ :- 1954થી રહેઠાણ યોજનાઓ અમલમાં મુકાતી આવી છે. રહેઠાણ એ રાજ્યના કાર્યક્ષેત્રમાં છે. આમ છતાં કેન્દ્ર સરકાર ખાસ

*કરીને સમાજના નબળા વર્ગોના સામાજિક રહેઠાણ માટેની યોજનાઓ અંગેની નીતિના ઘડતરની જવાબદારી અદા કરે છે. રહેઠાણ યોજના અંતર્ગત ગ્રામીણ મકાનો માટેનો કાર્યક્રમ ઘણો લોકપ્રિય બન્યો છે. તેમાં લાભાર્થીને* 20 *હજાર રૂપિયા સબસિડી આપવામાં આવી છે. આવી સહાયનું એક વિપરીત પરિણામ એ આવ્યું છે કે, ગ્રામીણ ગરીબ લાભાર્થીઓનું રાજકારણીઓ અને અધિકારીઓ ઉપરનું અવલોકન મજબૂત બન્યું છે. મર્યાદિત નાણાં ભંડોળને લીધે ઘણાં ઘર વિહોણાં ગરીબો રહેઠાણના લાભથી વંચિત રહેવા પામ્યાં છે. ભંડોળની* 40 *ટકા રકમ ભ્રષ્ટાચારમાં વહેંચાઈ જતી હોવાના અહેવાલો પણ છે. વળી લાભાર્થીની પસંદગી, વસ્તુલક્ષી ધોરણ અને બિનવિવાદાસ્પદ રીતે પણ જરૂરી છે.*

**4. સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો**

*સામાજિક કલ્યાણની એક મહત્ત્વની જરૂરિયાત ભારતની વસ્તીની સ્વાસ્થ્ય સંભાળને લગતી છે. વિકસિત દેશોની સરખામણીમાં ભારતના લોકોનું આરોગ્ય સ્તર નીચું છે. ભારતમાં બિનગરીબો કરતાં ગરીબોનું, સાધન - સંપન્ન લોકો કરતાં વંચિત સભ્યોનું શહેરીજનો કરતાં ગ્રામજનોનું, પુરુષો કરતાં સ્ત્રીઓનું અને બાળકોનું આરોગ્ય સ્તર નીચું છે. ચેપી રોગોનું ઊંચું પ્રમાણ, આરોગ્યજન્ય અને પાણીજન્ય રોગોનું ઊંચું પ્રમાણ, વ્યાપક ગંદકી વગેરે ભારતની વસતિના નીચા આરોગ્ય સ્તરના સૂચક છે. સ્વાસ્થ્ય સેવાઓ, કુટુંબ કલ્યાણ અને પોષણ સેવાઓ દ્વારા આરોગ્ય સ્તર સુધારી શકાય. ખાસ કરીને ભારતના નબળા અને વંચિત સમૂહના સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો પૂરી પાડવી તેમજ જાહેર આરોગ્ય સુધારવું તે આવશ્યક છે.*

*આરોગ્ય એટલે રોગો અને ખોડખાંપણનો અભાવગ્રસ્તને તેમજ શારીરિક, માનસિક અને સામાજિક રીતે સંતોષકારક સ્થિતિમાં રાખવાં. આવી સ્થિતિને સંતોષકારક આરોગ્ય દરજ્જો કહેવાય. સંતોષકારક આરોગ્ય - દરજ્જો વ્યક્તિ, કુટુંબ અને રાષ્ટ્રની સંપત્તિ છે. વ્યક્તિની સ્વસ્થતાનો આધાર તેનું આરોગ્ય છે.*

*આરોગ્ય એટલે તન અને મનની સ્વસ્થ સ્થિતિ. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર ''શારીરિક, માનસિક અને સામાજિક રીતે સંપૂર્ણપણે સંતોષકારક સ્થિતિને આરોગ્ય કહેવાય''*

*ગ્રામીણ અને નગર વિકાસનું એક પાસું સંપત્તિ સર્જન છે અને સંપત્તિનો સર્જક માણસ છે. માણસનું આરોગ્ય સંપત્તિ સર્જનનું મહત્ત્વનું સાધન છે. આથી કહેવાયું છે કે* health is Wealth *આરોગ્ય જળવાય તો માણસ લાંબી જિંદગી જીવી શકે અને સ્ફૂર્તિથી પોતાનું કામ કરી શકે, તેની ઉત્પાદકતા ઊંચી રહેવા પામે. અનારોગ્ય કે બીમારી કે રોગિષ્ટપણું માણસના તન, મન અને વ્યક્તિત્વ પર વિપરીત અસર કરે છે અને કામ કરવાની શક્તિ ગુમાવે છે અથવા તેની ઉત્પાદકતા નીચી રહેવા પામે છે, તેમજ સમાજ*

માટેના જરૂરી કાર્યોમાં અવરોધ પેદા થાય છે. સમાજમાં વ્યક્તિગત અને જાહેર આરોગ્યનું સ્તર નીચું હોય તો તે ગ્રામીણ અને નગર વિકાસની પ્રક્રિયામાં અવરોધરૂપ બને છે.

સ્વાસ્થ્ય સંભાળ એટલે વ્યક્તિનું આરોગ્ય બગડે હું રોગનો ભોગ બને કે અકસ્માતનો ભોગ બને ત્યારે તેના ઉપચાર અને સારવાર માટેની તબીબી સુવિધાઓ અને સેવાઓ પૂરી પાડવી તેમજ સ્વાસ્થ્યની જાળવણી પાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું, જેમાં પીવાનું શુદ્ધ પાણી, પોષણયુક્ત આહાર, ગંદકી નાબૂદી અને સ્વચ્છતા પ્રબંધ, બિનચેપી અને ચેપી રોગો સામે રક્ષણ વગેરેનો સમાવેશ થાય છે.

સ્વાસ્થ સંભાળની વર્તમાન સ્થિતિના લીધે માતૃ મરણ અને બાળ મરણમાં ઝડપી ઘટાડો થયો છે. પરંતુ ચેપી અને બિનચેપી રોગો તથા પોષણની સમસ્યાયો ગંભીર છે. પ્રાથમિક શાળામોમાં મધ્યાનભોજન યોજના બાળકોનું પોષણસ્તર ઊંચું લાવવામાં સહાયક બને છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ 2002 નો મુખ્ય હેતુ જાહેર આરોગ્યના વિકેન્દ્રીકરણ દ્વારા વસ્તીમાં સ્વસ્થાના સ્વીકાર્ય ધોરણોની જાળવણી કરવાનો છે. આ હેતુ સિદ્ધ કરવા માટે જે વિસ્તારોમાં આરોયનું સસ્તર નીચું હોય તે વિસ્તારોમાં આરોગ્ય સંસ્થા સ્થાપવામાં આવે છે. અને સર્વે મારે આરોગ્ય ની નીતિ આપનાવી છે.

આરોગ્ય નીતિમાં 2000ની રાષ્ટ્રીય વસતિનીતિ અપનાવવામાં આવી છે. આરોગ્ય નીતિમાં દૂરદેશી દષ્ટિ રાખવામાં આવી છે. આ નીતિ વસતિના કદને સ્થિર રાખવા, જાહેર આરોગ્યનું ધોરણ ઉંચુ લાવવા, તેમજ એક પછી એક સેવાઓ ઉપલબ્ધ બનાવવાની બાબતનો સ્વીકાર કરે. આ નીતિના અસરકારક અમલ માટે પીવાનું પાણી, મૂળભૂત સફાઈ, શુદ્ધ પર્યાવરણ, લઘુત્તમ પોષણ વગેરે અંગે પૂરફ પ્રયાસ આવસ્યક બની રહે છે. દસમી યોજનામાં બાળ મૃત્યુ દર અને માતૃ મૃત્યુ દર નોંધપાત્ર રીતે નીચો લઈ જવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આવશ્યક પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ સેવા, રોગ નિયંત્રણ સેવા અને કુટુંબ કલ્યાણ સેવાઓ જરૂરિયાતમંદ લોકોને મફત ઉપલબ્ધ બને તે માટે સરકારે સંકલતા વ્યક્ત કરી છે. સાથોસાથ બિનગરીબો પાસેથી સ્વાસ્થ્ય સેવાઓ બદલ યોગ્ય ચાર્જ લઈને, તેનો ઉપયોગ આરોગ્ય સંભાળ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે કરવાનું ઉચિત માનવામાં આવ્યું છે.

**5. જાહેર સહાય**

જાહેર સહાય એક વધારાનો પ્રોગ્રામ જેવું છે, અને તે અન્ય સામાજિક કલ્યાણ સેવાઓ દ્વારા આવરી લેવામાં આવતી ન હોય તેવી વ્યક્તિઓને સહાય પ્રદાન કરવા માટે રચાયેલ છે. સહાય માટે લાક્ષણિક લાભાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં વૃદ્ધો કે જેઓ રોજગાર સંબંધિત કાર્યક્રમમાં સામેલ નથી.અંધ અથવા શારીરિક રીતે અશક્ત લોકોને આવરી લેવામાં આવતાં નથી.આશ્રિત બાળકો સાથે જરૂરિયાતમંદ પરિવારો વગેરેનો સમાવેશ થાય છે.

## 1.6 સારાંશ

*સામાજિક કલ્યાણનો ઈતિહાસ યુનાઈટેડ સ્ટેટ્સમાં શરૂ કરવામાં આવેલી વિવિધ પ્રકારની જટિલ સામાજિક બિમારીઓ સામે લડવા માટે શરૂ કરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને સેવાઓમાં થયેલા ફેરફારોનું વર્ણન કરે છે. સમાજ કલ્યાણ રાષ્ટ્રમાં જીવતા, શિક્ષિત, કામ કરતા અને મતદાન કરતા લોકોના જીવનને પ્રતિબિંબિત કરે છે. આ ઈતિહાસમાં વર્ણવેલ વ્યક્તિઓ, ધાર્મિક જૂથો, બિન-લાભકારી સંસ્થાઓ અને સરકારોના પ્રયાસોએ સમાજને મજબૂત બનાવ્યું છે. અને ઘણા લોકો માટે જીવનની ગુણવત્તામાં સુધારો કર્યો છે.*

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

**1. સમાજકલ્યાણનો અર્થ જણાવી. ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ જણાવો.**

............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................

**2. સમાજકલ્યાણના હેતુઓ સમજાવો.**

............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................

**3. સમાજકલ્યાણનું મહત્ત્વ જણાવો.**

............................................................................................
............................................................................................
............................................................................................

……………………………………………………………………………………
……………………………………………………………………………………
……………………………………………………………………………………
……………………………………………………………………………………
……………………………………………………………………………………
……………………………………………………………………………………
……………………………………………………………………………………

## 1.8 બહુવિકલ્પિય પ્રશ્નો

**1.** **2001ની સાલમાં 6-14 વર્ષની વયજૂથના અંદાજે 20 કરોડ બાળકોમાંથી કેટલા બાળકો પ્રાથમિક શાળામાં દાખલ થયા છે**

*(અ)* 8 *કરોડ* *(બ)* 14 *કરોડ* *(ક)* 12 *કરોડ*
*(ડ)* 9.5 *કરોડ*

**2.** **ભારતમાં 2001ની સાલમાં વસતિના કેટલા ટકાથી વધુ લોકો શિક્ષિત છે**

*(અ)* 65 *ટકા* *(બ)* 61 *ટકા* *(ક)* 74 *ટકા*
*(ડ)* 70 *ટકા*

**3.** **સર્વશિક્ષા અભિયાન યોજના ક્યાં વર્ષે ઘડવામાં આવી.**

*(અ)* 2002 *(બ)* 1978 *(ક)* 1998
*(ડ)* 1992

**4.** **2001 વસતિ ગણતરી મુજબ દેશમાં કેટલા કરોડથી વધુ સીમાંત કામદારો છે .**

*(અ)* 41 *કરોડ* *(બ)* 61 *કરોડ* *(ક)* 31 *કરોડ*
*(ડ)* 21 *કરોડ*

**5.** **રહેઠાણની નીતિ અને યોજનાઓ ક્યાં વર્ષે અમલમાં મુકવામાં આવી છે.**

*(અ)* 1989 *(બ)* 1968 *(ક)* 1974 *(ડ)* 1954

**જવાબો**

1. (ક) 12 *કરોડ*
2. (અ) 65 *ટકા*
3. (ક) 1998
4. (ક) 31 *કરોડ*
5. (ડ) 1954

## 1.9 સ્વાધ્યાયના પ્રશ્નો

**1. સમાજકલ્યાણનો અર્થ જણાવી. ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ જણાવો.**

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

**2. સમાજકલ્યાણના હેતુઓ સમજાવી, સમાજકલ્યાણનું મહત્ત્વ જણાવો.**

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

## 1.10 સંદર્ભ સૂચિ


1. https://www.indiacode.nic.in
2. https://sje.gujarat.gov.in
3. Governmnt of India, Ministry of Law and Justice, 4th Edition (2011) The Constitution of India, Government press, Gandhinagar.
4. Charles Zastrow, (2017), Introduction to Social Work and Social Welfare: Empowering People, Twelfth Edition, Cengage Learning, 20 Channel Center Stre[a], Boston, MA 02210, USA.
5. Rosalie Ambrosino, Robert Ambrosino, Joseph Heffernan, Emeritus, Guy Shuttlesworth, Emeritus, (2008), Social Work and Social Welfare An Introduction, Thomson Higher Education, Belmont, CA 94002- 3098. USA.

6. ARTICLE - Katherine A. Kendall, The Significance of Social Welfare in the World Today, Vol. 35, No. 3 (Sep., 1961), pp. 235-245, Published By:The University of Chicago Press, https://www.jstor.org/stable/
7. यशवंत पाल (२०१३), समाज कार्य एवं सामाजिक सुरक्षा, विश्वभारती पब्लिकेशन नवी दिल्ही.
8. जी. आर.मदन (२०१३), समाज कार्य, विवेक प्रकाशन, दिल्ही.
9. *એ. જે. શાહ અને જે. કે. દવે (*2009-10)*, સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનાડા બુક ડીપો, અમદાવાદ.*
**10.** *એ. જે. શાહ અને જે. કે. દવે (*2004-05)*, સામાજિક કલ્યાણ અને સામાજિક કાયદાઓ, અનાડા બુક ડીપો, અમદાવાદ.*

| એકમ - 2 | સામાજિક કાનૂનીકરણનો અર્થ, હેતુઓ અને મહત્ત્વ |
|---|---|

:: રૂપરેખા ::

**2.0** ઉદેશ્ય

**2.1** પ્રસ્તાવના

**2.2** સામાજિક કાનૂનીકરણનો અર્થ

**2.3** સામાજિક કાનૂનીકરણના હેતુઓ

**2.4** સામાજિક કાનૂનીકરણનું મહત્ત્વ

**2.5** સારાંશ

**2.6** તમારી પ્રગતિ ચકાસો

**2.7** બહુવિકલ્પિય પ્રશ્નો

**2.8** સ્વાધ્યાયના પ્રશ્નો

**2.9** સંદર્ભ સૂચિ

## 2.0 ઉદેશ્ય

*આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીમિત્રો તમે,*

- *સામાજિક કાનૂનીકરણનો અર્થ સમજશે.*
- *સામાજિક કાનૂનીકરણના હેતુઓ સમજશે.*
- *સામાજિક કાનૂનીકરણના મહત્ત્વ વિશે જાણશે.*

## 2.1 પ્રસ્તાવના

*સામાજિક કાનૂનીકરણ એટલે સામાજિક કાયદાઓના ઘડતર અને અમલની પ્રક્રિયા. ભારતના બંધારણના સિદ્ધાંતો, મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને મૂર્ત સ્વરૂપ આપવા માટે અર્થાત્ ઈચ્છિત સમાજના નિર્માણ માટે આયોજિત વિકાસ અને સામાજિક કલ્યાણ કાર્યક્રમોની સાથોસાથ સામાજિક કાનૂનીકરણનો માર્ગ અપનાવવામાં આવ્યો. સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયા સામાજિક નિયંત્રણ, સામાજિક કલ્યાણ અને ઈચ્છિત સામાજિક પરિવર્તન એમ ત્રિવિધ કાર્ય કરે છે.*

*ભારતીય સમાજમાં ઈચ્છિત પરિવર્તન લાવવામાં સામાજિક કાનૂનીકરણનું પરિબળ ઘણું મહત્ત્વ ધરાવે છે. પતિ, લગ્ન, કુટુંબ તેમજ સ્ત્રીના સામાજિક સ્થાનને લગતા*

વિવિધ કાનૂનોના ઘડતરની અને અમલીકરણની પ્રક્રિયા બ્રિટિશ શાસનકાળ દરમિયાન ઉદ્દભવી હતી. અને સ્વતંત્ર ભારતમાં આ પ્રક્રિયા વધુ વિકાસ પામી છે. ભારતીય સમાજના પરંપરાગત માળખામાં કાનૂન દ્વારા સભાન, હેતુપૂર્વકના અને આયોજિત પરિવર્તનો નિપજાવવા માટેના જે પ્રયાસો થયા છે, તેની સામાજિક સંસ્થાઓ ઉપર દૂરગામી અસર પડી છે.

બ્રિટીશર્સ આગમન પહેલાં ભારતીય સમાજ અને સંસ્થાઓ રૂઢિ - રિવાજો દ્વારા સંચાલિત થતાં. આથી તે સમયે આયોજિત પરિવર્તનનો અવકાશ નહોતો. પરંતુ જેમ જેમ સામાજિક જટિલતાઓ વધી, અર્થવ્યવસ્થા બદલાઈ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણનો વિકાસ થયો, સામાજિક સંસ્થાઓ સામે નવી નવી સમસ્યાઓ ઊભી થતી ગઈ તેમ તેમ રાજ્યના કાર્યક્ષેત્ર વિશેના ખ્યાલો પણ બદલાતા ગયા. સંચાર - સાધનોની સગવડો વધતાં આંતરસાંસ્કૃતિક સંપર્કો પણ વધ્યા. આથી નવી વિચારસરણીઓનો ફેલાવો શક્ય બન્યો. સ્વાતંત્ર્ય અને સમાનતાવાદી વિચારસરણીના પ્રભાવ નીચે ગુલામી, શોષણ અને સર્વે પ્રકારની અસમાનતાઓ સામે એક બંડખોર માનસનો ઉદ્દભવ થયો. રૂઢિગત સંસ્થાઓમાં પરિવર્તન લાવવાની માગણી થવા લાગી.

આમ, આધુનિક વિચારસરણીના પ્રભાવ નીચે રાજ્યનો પરંપરાગત ખ્યાલ બદલાયો અને કલ્યાણરાજ્યનો ખ્યાલ ઉદ્દભવ્યો. લોકશાહી, સમાનતા, સ્વાતંત્ર્ય અને બિનસાંપ્રદાયિકતાના નવા વિચારોએ રાજ્યને શોષણવિહીન સમાજરચનાનું નિર્માણ કરવા ફરજ પાડી. ભારતમાં સામાજિક કાનૂનીકરણનો ઈતિહાસ બહુ લાંબો નથી. બ્રિટિશ શાસનકાળ દરમિયાન કેટલાક સામાજિક કાનૂનો ઘડવાની શરૂઆત થઈ હતી.

**ડૉ. સકસેના** કહે છે કે, અંગ્રેજી રાજ્ય સંગઠિત થતાં ભારતમાં આધુનિક સમાજની જરૂરિયાતો ઉદ્દભવી હિંદુ સમાજની પરિવર્તનશીલતા અને ગતિશીલતા વધતા હિંદુ સંસ્થાઓમાં આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે વિરોધ સર્જાયો. આથી અંગ્રેજ શાસકોએ અનેક પ્રકારના સામાજિક કાનૂનો ઘડવાનું શરૂ કર્યું, જેની હિંદુ સંસ્થાઓ ઉપર અસર થઈ. આ સમય દરમિયાન, ભારતીય સમાજની સુધારણા કરવા માટે શરૂ થયેલી સુધારણા પ્રવૃત્તિ, અંગ્રેજી શિક્ષણ, સ્વાતંત્ર્ય, સમાનતા અને બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યો વગેરે પરિબળોએ સામાજિક કાનૂનોના ઉદ્દભવ વિકાસમાં સારી પેઠે ફાળો આપ્યો. બાળલગ્ન અટકાયત કાયદો આવી નવજાગૃતિનું જ પરિણામ હતું. સ્વતંત્રતા પછી પ્રજાકીય શાસકોએ રાજનીતિમાં નવા આદર્શો સ્વીકાર્યા; પરિણામે સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયાનો સ્વાધીન ભારતમાં વધુ વિકાસ થયો છે. નવી સામાજિક જરૂરિયાતો, નવા આદર્શો અને નવી અપેક્ષાઓના કારણે હવે સામાજિક કાનુનોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે અને સમાજજીવન ઉપર તેની દૂરગામી અસર યઈ છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય, સમાનતા, વર્ગવિહીન અને જ્ઞાતિવિહીન સમાજરચનાનું ધ્યેય, બિનસાંપ્રકાયિકતા વગેરે આદર્શો

તેમજ કલ્યાણ રાજ્યના ધ્યેય બંધારણમાં સ્વીકારાયેલા હોવાથી તે દિશામાં વિભિન્ન કાનૂનો સ્વતંત્ર ભારતમાં ઘડાતા રહ્યાં છે અને અમલમાં મુકાતાં રહ્યાં છે.

## 2.2 સામાજિક કાનૂનીકરણનો અર્થ

સામાજિક કાનૂનીકરણ એટલે સામાજિક કાયદાના ઘડતર અને અમલની પ્રક્રિયા. કાયદા બિનસાંપ્રદાયિક કાનૂની ધોરણો છે. તે સર્વગ્રાહી હોવાથી સામાજિક નિયંત્રણ, સામાજિક કલ્યાણ અને સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું સાધન છે. ભારત બહુમુખી સમાજ છે અને તેમાં સામાજિક - સાંસ્કૃતિક વૈવિધ્ય રહેલું છે. પરંપરાના પ્રભાવ હેઠળ ભારતીય સમાજમાં સામાજિક, આર્થિક, રાજકીય અસમાનતા, વિભિન્ન ઘટક જૂથોનું પછાતપણું, લૈંગિક અસમાનતા, સામાજિક અન્યાય અને શોષણાત્મક પરિસ્થિતિઓ પ્રવર્તે છે. બંધારણીય મૂલ્યો અને માનવહક્કોની દૃષ્ટિએ સમાજમાં કેટલીક ખામીઓ, કુરિવાજો, દુષણો, નિયોગ્યતાઓનું અસ્તિત્વ રહેલું છે. આથી ભારત જેવા વિશાળ અને વૈવિધ્યપૂર્ણ સમાજમાં વ્યક્તિઓ વચ્ચેના, વ્યક્તિ અને જુથ વચ્ચેના અને જૂથો વચ્ચેના પારસ્પરિક હક્કો અને ફરજો નક્કી કરવા માટે, સમાજની જાહેર શાંતિ અને સલામતી માટે, લોકોના જાનમાલને રક્ષણ આપવા માટે તેમજ સામાજિક કલ્યાણ અને ઈચ્છિત સામાજિક પરિવર્તન માટે કાયદા જેવાં સામાજિક ધોરણોની અનિવાર્યતા ઊભી થાય છે.

કાયદા પાછળ ચોક્કસ હેતુ રહેલો હોય છે. કાયદાનો અમલ પોલીસતંત્ર દ્વારા કરવામાં આવે છે અને ન્યાયતંત્ર દ્વારા તેનું અર્થઘટન કરવામાં આવે છે. કાયદા રાજકીય સત્તાએ પડેલા હોય છે અને તે લેખિત સ્વરૂપના હોય છે. તેનું પાલન કરાવવા માટે સત્તા કે ભયનું દબાણ હોય છે. અર્થાત્ તેને રાજકીય સત્તાનું પીઠબળ હોય છે. કાયદાનું ઉલ્લંઘન કરનારને કાયદાની જોગવાઈ અનુસાર ન્યાયતંત્ર દ્વારા સજા થાય છે. આવી સજાનો ભય કાયદાનું પાલન કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અલબત્ત જે કાયદાને લોકનીતિ અને લોકરીતિનું પીઠબળ હોતું નથી તેનો અમલ અસરકારક રીતે થઈ શકતો નથી. કાયદા જાનમાલને રક્ષણ આપે છે અને સમાજમાં સલામતી તથા વ્યવસ્થા સર્જે છે. કાયદો સર્વ નાગરિકોને સ્થિરતા, સલામતી અને સમાન તક પૂરી પાડી સમાજવ્યવસ્થાને ટકાવી રાખે છે. તે સર્વસામાન્ય હિતો અને સામાજિક કલ્યાણનું રક્ષણ કરી સમાજના વાલી તરીકે કાર્ય કરે છે. કાયદો બુદ્ધિ ઉપર રચાયેલો છે. તે વ્યક્તિના બાહ્યવર્તનને નિયંત્રિત કરે છે પરંતુ આંતરિક્વર્તનને નિયંત્રિત કરી શકતો નથી. અર્થાત્ તે માનવીની મૂળભૂત લાગણીઓને સ્પર્શતો નથી. કાયદા બુદ્ધિપૂર્વક, હેતુપૂર્વક, સભાનતાપૂર્વક અને સામાજિક જરૂરિયાતોને અનુલક્ષીને ઘડવામાં અને અમલમાં મૂકવામાં આવતા હોવાથી તે બદલાતી પરિસ્થિતિ સાથે ઝડપથી અનુકૂલન સાધી શકે છે. પલટાતી પરિસ્થિતિમાં આવશ્યકતા અનુસાર સુધારા વધારા કરી શકાય છે અને નવા કાયદા ઘડીને અમલમાં મૂકી શકાય છે. આથી સામાજિક કાયદા સામાજિક કલ્યાણ અને સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું સાધન બની રહે છે.

સામાજિક કાનૂનીકરણની વ્યાખ્યા આપતાં ડૉ.સક્સેના લખે છે કે, ''અમુક સામાજિક દૂષણને દૂર કરવા માટે અથવા સામાજિક પરિસ્થિતિને સુધારવા માટે અથવા અમુક સામાજિક સુધારણાના હેતુથી ધારાગૃહ દ્વારા કોઈ કાયદો પસાર કરવામાં આવે અથવા કોઈ સરકારી આદેશ જાહેર કરવામાં આવે ત્યારે તેને સામાજિક કાનૂનીકરણ તરીકે વ્યાખ્યાબદ્ધ કરી શકાય.''

**ડૉ. સકસેનાના** શબ્દોમાં કહીએ તો, ''સાધારણ રીતે એમ કહી શકાય કે, જે કાનૂનોનો હેતુ સમાજને પરિવર્તિત અથવા પુનર્ગઠિત કરવાનો હોય, તેમને સામાજિક કાનૂનોની શ્રેણીમાં મૂકી શકાય.'' ડૉ. સક્સેના આ તંતુને લંબાવી આગળ લખે છે કે, ''સામાજિક કાનૂનમાં સમાજ-સુધાર, સમાજ- પરિવર્તન, સામાજિક સમસ્યાઓનું નિરાકરણ અને સામાજિક ધોરણોનું પ્રતિપાદન એકીસાથે સમ્મિલિત હોય છે.

સામાજિક કાનૂનીકરણ વિશે ડૉ. નીરા દેસાઈ લખે છે કે, ''રાજ્યની સરકાર જ્યારે સજાગતાથી પ્રયત્નપુર્વક ત્રુટિઓ કે કુરિવાજો દૂર કરવાનો પ્રયત્ન કાનૂન દ્વારા કરે છે ત્યારે તેવા સમાજસુધારાના પગલાને સામાજિક કાયદો કહી શકાય.'' આમ, ''સામાજિક સુધારણાના હેતુથી રાજ્ય જ્યારે કોઈ કાયદો બનાવે છે ત્યારે તેવા કાયદાને સામાજિક કાનૂન કહેવાય.''

**જેકોબ કે. કે.** લખે છે કે, ''સમાજનો કોઈ સમૂહ વય, વંશભેદ, શારીરિક કે માનસિક ખોડ અથવા તો આર્થિકશક્તિના અભાવે, તંદુરસ્ત અને યોગ્ય જીવનધોરણ પોતાના માટે જાળવી શકે ત્યારે તેવા સમૂહની સુધારણા કરવા માટે તથા તેમનું સામાજિક અને આર્થિક રીતે રક્ષણ કરવા માટે જે કાયદાઓ ઘડાય છે તેને 'સામાજિક કાનૂન' કહેવાય.

''ઉપર્યુક્ત ચર્ચા મુજબ સામાજિક કાનૂનીકરણના અર્થમાં 'રાજ્યપ્રેરિત સામાજિક સુધારણા' એવો ખ્યાલ ગર્ભિત જણાય છે. સમાજમાં સર્વ સંગઠનોમાં રાજ્ય સૌથી વધુ બળવાન સંગઠન છે. પોતાના સાર્વભૌમ પીઠબળથી રાજ્ય કાનૂનોનો અસરકારક અમલ કરાવી શકે છે. ટૂંકમાં કહીએ તો, સામાજિક કાનૂનીકરણ એટલે રાજ્યનાં એવાં વહીવટી પગલાંઓ કે ધારાકીય કાયદાઓ જેને રાજ્યની સાર્વભૌમ સત્તાનું પીઠબળ મળેલું હોય છે અને જેનો હેતુ સામાજિક ન્યાય, સામાજિક સુધારણા કે કલ્યાણનો હોય છે.

## 2.3 સામાજિક કાનૂનીકરણના હેતુઓ

સામાજિક કાનૂનીકરણના હેતુઓ નીચે મુજબ છે.

- લિંગ, ધર્મ, જાતિ અને વર્ગના આધારે અસમાનતા દૂર કરવી અને સમાનતાને પ્રોત્સાહન આપવું.
- સમાજના નબળા વર્ગોના અધિકારોનું રક્ષણ કરવું.

- *અવ્યાવસાયિક આચરણ અને દહેજ, અસ્પૃશ્યતા વગેરે જેવા સામાજિક દૂષણો નાબૂદ કરવા.*
- *સામાજિક સુરક્ષાની શરત.*

## 2.4 સામાજિક કાનૂનીકરણનું મહત્ત્વ

*સામાજિક કાનૂનીકરણનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે, પરંતુ અહીં સામાજિક કલ્યાણ અને સંસ્થાકીય પરિવર્તનો નિપજાવવામાં જે ઘટકોએ અસર ઉપજાવી છે તેવા પરિબળો વિશે વિચાર કરીશું.*

### 2.4.1 જ્ઞાતિ પરિવર્તન :

*જ્ઞાતિ અસમર્થતા નિવારણ કાનૂને જ્ઞાતિવ્યવસ્થાની અખંડિતતા ઉપર પ્રહાર કર્યો. જ્ઞાતિની સત્તાને નબળી પાડી અને વ્યક્તિ પરનો જ્ઞાતિ અંકુશ ઘટવા લાગ્યો. જ્ઞાતિ અત્યાચાર નાબૂદી કાનૂને જ્ઞાતિની પરંપરાગત સત્તા ઉપર અંકુશ મૂકયો. આ કાયદાની જોગવાઈ અનુસાર જ્ઞાતિના રિવાજો વિરુદ્ધ આચરણ કરનારની સામે જ્ઞાતિ દ્વારા શિક્ષા થઈ શકતી નથી કાયદાભંગ બદલ જ્ઞાતિપંચ સામે પગલાં લઈ શકાય છે. આ કાયદા મુજબ જ્ઞાતિના આધારે ભેદભાવભર્યું, ઘૃણાજનક, અપમાનજનક વર્તન કરવું તે ગુનો બને છે. આવા કાયદાઓને લીધે જ્ઞાતિપંચોની પરંપરાગત સત્તા ઉપર કાપ આવ્યો. ફોજદારી ગુનાઓનો નિર્ણય કરવાની જ્ઞાતિપંચની સત્તા અદાલતો પાસે ચાલી ગઈ.*

*'સ્પેશ્યલ મેરેજ ઍક્ટ' દ્વારા આંતરજ્ઞાતિય લગ્નને કાનૂની માન્યતા મળી એટલું જ નહી પરંતુ આ કાયદાએ આંતરધર્મી અને આંતરકોમી લગ્નને પણ સ્વીકૃતિ આપી. આ કાયદો બિનસાંપ્રદાયિક છે. 'આર્યસમાજ મેરેજ વેલિડિટી ઍક્ટ આંતરજ્ઞાતિય લગ્નને કાનૂની માન્યતા પ્રદાન કરે છે. હિંદુ મેરેજ વેલિડિટી ઍકટ દ્વારા જુદા જુદા ધર્મો, જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્નોને માન્યતા મળી.* 1955 *હિંદુ લગ્ન અને છૂટાછેડાના કાયદા દ્વારા હિંદુ લગ્ન ઉપરના જ્ઞાતિનાં નિયંત્રણોનો અંત લાવવામાં આવ્યો. આ કાયદાએ અનુલોમ અને પ્રતિલોમ લગ્નને માન્યતા અને સમર્થન આપ્યું.*

1955*ના અસ્પૃશ્યતા અપરાધ કાનૂને જ્ઞાતિવ્યવસ્થામાં જે ધાર્મિક અને નાગરિક જીવનની અસમર્થતાઓ પ્રવર્તતી હતી તે નાબૂદ કરી. પછાત ગણાતી જ્ઞાતિઓને નાગરિક જીવનના, ધાર્મિક જીવનના અને સામાજિક જીવનના કેટલાક અધિકારોથી વંચિત રાખવામાં આવેલ તે વંચિતપણું દૂર કરવામાં આવ્યું અને અસ્પૃશ્યતાના આચરણને ગુનો ગણવામાં આવ્યો. અસ્પૃશ્યતા અપરાધના આ કાયદામાં સુધારો કરીને* 1976 *માં તેને ''પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ્સ ઍકટ,* 1955*"એવું નામ આપવામાં આવ્યું અને તે* 1976 *થી અમલમાં મૂકવામાં આવ્યો. અનુસૂચિતજાતિઓ પરના અત્યાચારો અટકાવવા માટે* 1989 *નો પ્રિવેન્શન ઑફ એટ્રોસિટીઝ ઍકટ અમલમાં આવ્યો છે. આ કાયદાનો*

અમલ 1900થી કરવામાં આવ્યો છે. આ કાયદા અને અન્ય પરિબળોની અસર નીચે અસ્પૃશ્યતાની ઢબમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે અને અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારોમાં ઘટાડો થયો છે. આ કાયદો આદિવાસીઓ પરના અત્યારો અટકાવવા માટે પણ લાગુ પાડવામાં આવ્યો છે. જમીન સ્વત્વાર્પણ પ્રતિબંધ કાનૂનથી આદિવાસીઓને રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. જ્ઞાતિસંબંધી કાયદાઓએ જ્ઞાતિની પરંપરાગત સત્તા નબળી પાડી, જ્ઞાતિનાં પરંપરાગત લક્ષણોમાં આમૂલ પરિવર્તન માટેની અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કર્યું. આ કાયદાઓએ વ્યક્તિને જ્ઞાતિનાં બંધન અને નિયંત્રણમાંથી મુક્ત થવા શક્તિમાન બનાવી જ્ઞાતિના પાયા પરની અસમાનતા દૂર કરવામાં, આંતરજ્ઞાતિય લગ્નોને અને સ્વપસંદગી લગ્નોને પ્રોત્સાહન આપવામાં તથા અસ્પૃશ્યતા - નિવારણમાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

### 2.4.2 લગ્નસંસ્થામાં પરિવર્તન :

પરંપરાગત હિંદુ લગ્ન એક સંસ્કાર તરીકે ગણાતું,વિધવા સ્ત્રીને પુનર્લગ્નનો અધિકાર ન હતો, તેમજ બાળલગ્ન સામાન્ય પ્રથા હતી લગ્નસંબંધી વિભિન્ન કાયદાઓએ લગ્નસંસ્થા ઉપર ઘેરો પ્રભાવ પાડ્યો છે ‘હિંદુ વિધવા પુનર્લગ્ન કાનૂન’ હિંદુ વિધવાને પુનર્લગ્નનો અધિકાર આપે છે. તે ફરજિયાત વૈધવ્ય અંત લાવે છે. તેમજ તેને વિધવા જીવનસંબંધી રિવાજો સર્જિત યાતનામય જીવનમાંથી મુક્ત કરે છે. આ કાયદાએ સંસ્કારસ્વરૂપ ઉપર પ્રહાર કર્યો. આ કાયદાની અસર હેઠળ વિધવા પુનર્લગ્ન શક્ય બન્યાં અને બાળવિધવાની સમસ્યા ઉત્તરોત્તર હળવી બનવા લાગી.

બાળલગ્ન પ્રતિબંધક કાનૂન અને હિંદુ લગ્નના કાયદા દ્વારા લગ્નની વય ઊંચી લઈ જવામાં આવી. આ કાયદા અનુસાર છોકરા - છોકરી માટે લગ્નવય અનુક્રમે 21 અને 18 વર્ષ નક્કી કરવામાં આવી છે. આથી બાળલગ્નપ્રથાનો અંત લાવવામાં કે તેને અંકુશમાં લાવવામાં આ કાયદો અગત્યનો ભાગ ભજવે છે. આ કાયદો પુખ્તવયના લગ્નને જ કાનૂની માન્યતા પ્રદાન કરે છે. આથી સ્વપસંદગી લગ્નને પ્રોત્સાહન મળે છે. એટલું જ નહીં પરંતુ તે વ્યક્તિને શિક્ષણ મેળવવા માટેની તક પૂરી પાડે છે. હિંદુ લગ્નનો કાયદો છૂટાછેડા માટેની પણ જોગવાઈ કરે છે. તે વ્યક્તિને દુઃખી દાંપત્યજીવનનો અંત લાવવા શક્તિમાન બનાવે છે. આ કાયદા લગ્નના સંસ્કાર તત્ત્વ ઉપર પ્રહાર કરે છે. એટલે લગ્ન એ ભવોભવનું બંધન છે, તેવી માન્યતાને નિર્મળ કરે છે. આ કાયદા હેઠળ છૂટાછેડાની જોગવાઈ થતાં હવે છૂટાછેડા શક્ય બન્યા છે અને છૂટાછેડા અંગેનાં પરંપરાગત વલણોમાં પરિવર્તન આવવા લાગ્યું છે. ‘સ્પેશ્યલ મેરેજ ઍક્ટ’ ‘હિંદુ લગ્ન અસમર્થતા નિવારણ કાનૂન’ વગેરે કાયદાઓ જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વિશાળ બનાવે છે. તે આંતરજ્ઞાતિય અને આંતરધર્મીય લગ્નોને કાનૂની સમર્થન પૂરું પાડે છે. આથી પરંપરાગત સ્વરૂપનાં જીવનસાથીની પસંદગી પરનાં નિયંત્રણો દૂર થવા પામે છે. આંતરજ્ઞાતિય લગ્નો પ્રત્યે અનુકૂળ વાતાવરણ સર્જાઈ રહ્યું હોવાનું કેટલાક સંશોધનો પરથી જણાય છે. હિંદુ

લગ્નનો કાયદો, સ્પેશ્યલ મેરેજ ઍક્ટ તેમજ દ્વિપત્ની પ્રતિબંધક કાનૂન બહુસાથી લગ્ન ઉપર પ્રતિબંધ મૂકે છે. આ કાયદાની જોગવાઈ મુજબ લગ્નસમયે પુરુષ અથવા સ્ત્રીને અગાઉની પત્ની અથવા પતિ હયાત હોવા ન જોઈએ. લગ્ન સમયે બેમાંથી કોઈપણ પક્ષના પતિ અથવા પત્ની જીવંત હોય તો ઇન્ડિયન પીનલ કોડ મુજબ જેલ અને દંડની સજાપાત્ર ગુનો બને છે.

આમ, કાનૂનીકરણે લગ્નવય ઊંચી લઈ જવામાં, વિધવા પુનર્લગ્ન પરનાં નિયંત્રણો દૂર કરી વિધવા પુનર્લગ્નને શક્ય બનાવવામાં, લગ્નનું સંસ્કારસ્વરૂપ બદલીને લગ્નને એક કરારી સંબંધ તરફ લઈ જવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એટલું જ નહિ પરંતુ લગ્ન પ્રત્યે બિનસાંપ્રદાયિક વલણોના વિકાસમા પણ આ કાયદા ભાગ ભજવે છે. કાનૂનીકરણ આંતરજ્ઞાતિય લગ્નનો તેમજ છૂટાછેડાની સ્વીકાર કરી તે માટે અનુકૂળતા કરી આપે છે. કાયદા દ્વારા બહુપત્ની અને બહુપતિલગ્ન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાઈ જતાં એકસાથી લગ્ન એ માત્ર લગ્નનો એક જ પ્રકાર હવે માન્ય રહ્યો છે.

### 2.4.3 કુટુંબસંસ્થામાં પરિવર્તન :

ભારતીય કુટુંબવ્યવસ્થામાં પરિવર્તન નિપજાવવામાં સામાજિક કાનૂનીકરણ એક મહત્ત્વનું પરિબળ રહ્યું છે. લગ્ન, છૂટાછેડા અને મિલકતોના વારસાસંબંધી કાનૂનોએ પરંપરાગત સંયુક્ત કુટુંબની રચના અને કાર્યમાં મૂળભૂત પરિવર્તનો નિપજાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. Hindu Gains of Learning Act, 1930થી સંયુક્ત કુટુંબની મિલકતમાંથી ખર્ચ કરીને કોઈ સભ્ય વિદ્યાભ્યાસ કર્યો હોય છતા તેવો સભ્ય પોતાના શિક્ષણના કારણે જે કઈ કમાણી કરે તેવી કમાયેલી મિલકત પર તેને આગવો અને સ્વતંત્ર મિલકત અધિકાર આપવામાં આવ્યો. આ કાયદાથી સંયુક્ત કુટુંબમાં રહેતા સભ્યોની મિલકતનાં બે સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં. કુટુંબની મિલકત સંયુક્ત માનવામાં આવી, પણ વ્યક્તિએ પોતાના શિક્ષણ કે જ્ઞાનથી જે કમાણી કરી હોય તેવી મિલકતને વ્યક્તિગત મિલક્ત માનવામાં આવી. આમ, પોતાના શિક્ષણને આધારે કમાયેલી મિલકત વ્યક્તિઓને આર્થિક સ્વાતંત્ર્ય પ્રદાન કરવામાં આવ્યું. કાનૂની દષ્ટિએ સંયુક્ત કુટુંબની સંયુક્તતાનો મુખ્ય આધાર મિલકતની સંયુક્તતા છે. આથી આ કાયદાએ સંયુક્ત કુટુંબની મૂળભૂત વિભાવના ઉપર જ પ્રહાર કર્યો.

1946ના પરિણીત હિંદુ સ્ત્રી પૃથક્કનિવાસ અને ભરણપોષણ અધિકાર કાનૂન વડે કેટલીક પરિસ્થિતિઓમાં સ્ત્રીને પોતાના પતિથી અલગ રહેવાનો અને પતિ પાસેથી ભરણપોષણને ખર્ચ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો. પતિને ભયંકર રોગ થયો હોય, પતિની ક્રૂરતના કારણે તેની સાથે રહેવું ભયજનક હોય પતિએ પત્નીનો ત્યાગ કરી દીધો હોય, તેણે બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધું હોય, પતિએ ધર્મપરિવર્તન કરી લીધું હોય કે તેણે ઘરમાં કે બહાર રખાત રાખેલ હોય વગેરે કારણોમાંથી ગમે તે એક કારણસર હિંદુ સ્ત્રી ઈચ્છે તો પતિથી અલગ રહેવા માટે અને ભરણપોષણ મેળવવા હકદાર બને છે. શ્રી

*કાપડિયા કહે છે તે મુજબ, આ કાયદાથી પતિવ્રતાના આદર્શને ફટકો પડ્યો. સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રગટ થયું અને તેની અનેક અસરો સંયુક્ત કુટુંબ ઉપર પડી. હિંદુ સ્ત્રીના મિલકત અધિકારો સબંધી 1956નો વારસધારો* (The Hindu Succession Act, 1956) *આ ક્ષેત્રમાં વધુ ક્રાંતિકારી પગલું છે. આ કાયદાની કલમ* 16 *મુજબ સ્ત્રી તેની બધી જ મિલકતની માત્ર મર્યાદિત નહી પણ સંપૂર્ણ માલિક બને છે. આમ, પિતાની સ્વતંત્ર મિલકતમાં પુત્રના જેટલા જ અધિકારો પુત્રી પણ પ્રાપ્ત કરે છે, તેમજ પુત્રીનું લગ્ન, તેના વારસા અધિકારોને બાધક નીવડતું નથી. સ્ત્રીઓને કુટુંબની મિલકતમાં વારસો મેળવવાનો અધિકાર મળતા તેની અનેક અસરો કુટુંબવ્યવસ્થા પર પડી.*

### 2.4.4 સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન :

*સામાજિક કાનૂનીકરણે સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. બાળલગ્ન પ્રતિબંધક કાનૂન, સ્પેશ્યલ મેરેજ ઍક્ટ, હિંદુ વારસાધારો, હિંદુ લગ્નનો અને છૂટાછેડાનો કાયદો, દહેજ પ્રતિબંધક કાનૂન, સમાન વેતનધારો અને પ્રસૂતિ - રાહત કાનૂન, સુધારેલો ફોજદારી કાયદો, દેવદાસી અને સતીપ્રથા અને વેશ્યાવ્યવસાય પ્રતિબંધક કાનૂન, કાનૂની સહાય યોજના. કાનૂની શિક્ષણ કાર્યક્રમ અને કુટુંબ અદાલત જેવી કાનૂની જોગવાઈઓએ સ્ત્રીને પૂર્ણ સમય દરજ્જો પૂરો પાડવામાં સ્ત્રીજીવન પરનાં નિયંત્રણો દૂર કરવામાં તથા સ્ત્રીની સમસ્યાઓને નિયંત્રિત કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. ફોજદારી કાયદાથી દેવદાસી પ્રથા ઉપર કાનૂની પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્પેશ્યલ મેરેજ ઍક્ટ બાળલગ્ન, બહુપતિ અને બહુપત્નીપ્રથા ઉપર નિયંત્રણ મૂકી સ્ત્રી - પુરુષ બંને માટે સમાનતાના ધોરણે જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વિશાળ બનાવે છે તથા બંનેને સમાનતાના ધોરણે છૂટાછેડાનો અધિકાર આપે છે. હિંદુ લગ્નના કાયદાથી સ્ત્રીને પુરુષ સમકક્ષ લગ્ન, છૂટાછેડા અને પુનર્લગ્નનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ કાયદો એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્ત્રીનું ગૌરવ પ્રસ્થાપિત કરે છે. આ કાયદાથી હવે પત્ની તેના પતિના ત્રાસમાંથી મુક્તિ મેળવી શકે છે અને પુનર્લગ્ન કરી શકે છે. એટલું જ નહીં પરંતુ કોઈ પુરુષ તેની પત્નીનો ત્યાગ કરે તો તેણી છૂટાછેડા માગી શકે અને વચગાળાના સમય માટે અદાલત પત્નીને ભરણપોષણ પૂરું પાડવા માટે પતિને ફરજ પાડી શકે છે.*

*કાયદો સ્ત્રી - પુરુષની અસમાનતાની પરંપરા ઉપર પ્રહાર કરે છે, તે પતિના પત્ની પરના આધિપત્યનો ઇનકાર કરે છે, તેમજ લગ્નવિષયક અધિકારોમાં સ્ત્રી અને પુરુષ સમકક્ષ છે એવું પ્રસ્થાપિત કરે છે. સંક્ષેપમાં, બંધારણની ભાવનાને મૂર્તિમંત કરવા, લૈંગિક સમાનતા સ્થાપવા અને સ્ત્રીની નિયોગ્યતાઓ દૂર કરવા નારીમુક્તિની દિશામાં હિંદુ લગ્નનો કાયદો એક સીમાચિહ્નરૂપ બની રહે છે. આ કાયદો બહુપતિ, બહુપત્ની અને બાળલગ્નપ્રથા પર સીધું નિયંત્રણ મૂકી જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર સ્ત્રી - પુરુષ બંને માટે વિશાળ બનાવે છે તથા સ્ત્રી - પુરુષ બંનેને છૂટાછેડાની સમાન તક આપે છે. હિંદુ વારસદારો પુરુષ અને સ્ત્રી વારસદારો વચ્ચેનો પરંપરાગત ભેદભાવ નાબૂદ કરે છે. અને*

*તેમાં પુત્રીને પુત્ર સમોવડી ગણવામાં આવી છે. દહેજ પ્રતિબંધક ધારા મુજબ દહેજ માગનારને જેલની સજા અને દંડ થઈ શકે એટલું જ નહી પરંતુ દહેજ આપવા - લેવાની બાબતમાં મદદ કરનાર પણ સજાપાત્ર બની શકે છે. આ કાયદાના ભંગ બદલના કેસમાં સમાધાન થઈ શકતું નથી, તેમજ દહેજપ્રથાનો ભોગ બનનાર કોર્ટમાં જઈ શકે છે. એટલું જ નહીં પણ સ્ત્રી- સંગઠન પણ કોર્ટમાં જઈ રાકે છે. સમાન વેતન અંગેનો કાયદો વેતનની બાબતમાં લિંગના ભેદભાવ દૂર કરે છે. પ્રસૂતિ - રાહત કાનૂન સ્ત્રીને પ્રસૂતિઅવસ્થાના લાભો આપી પોતાનું જીવન સુધારવા માટે જરૂરી એવી પરિસ્થિતિનું નિર્માણ કરી આપે છે. સુધારેલો ફોજદારી કાયદો દહેજ - મૃત્યુના વધતા જતા કિસ્સા રોકવા માટે તથા સ્ત્રીઓ પરના વધતા જતા બળાત્કારને રોકવા માટે અમલમાં મૂકવામાં આવ્યો છે સ્ત્રીઓને કાનૂની સહાય અને શિક્ષણ દ્વારા અધિકારો ભોગવવા શક્તિમાન બનાવવામાં આવી છે. સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં કાનૂનીકરણ આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. તે સ્ત્રીના સ્થાનને ઊચુ લઈ જવામાં સહાયક નીવડે છે તથા સ્ત્રીને પુરુષ સમોવડી બનવા માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરી આપે છે.*

### 2.4.5 ભૂમિ સુધારા કાનૂનો અને સમાજિક કલ્યાણ :

*ભૂમિ સુધારા એટલે ખેતીની જમીનની સમાન વહેંચણી કરવી, જમીનનું કેન્દ્રીકરણ અટકાવવું, નાનાં નાનાં ખેતરોનું સંયોગીકરણ કરવું, ગણોતિયા, નાના અને સીમાન્ત ખેડૂતો તથા ખેત મજૂરોની પરિસ્થિતિમાં સુધારો થાય, ખેતીસંબંધિત યંત્રવિજ્ઞાનનું સ્તર ઊંચું આવે અને ખેતર તથા ખેડૂતની ઉત્પાદકતા ઊંચી આવે તેવા ફેરફાર કરવા. આ માટે નીચે મુજબનાં ત્રણ પગલાં લેવામાં આવ્યાં ભૂમિકાનૂનો, ભૂદાન - ગ્રામદાન અને અન્ય સરકારી પગલાં. સ્વતંત્ર ભારતમાં વિભિન્ન ભૂમિ કાનૂનો દ્વારા ભૂમિ સુધારા કરવામાં આવ્યા. 1948થી જમીનદારી નાબૂદીના કાયદાની શરૂઆત મદ્રાસમાં થઈ. તે પછી ધીમે ધીમે સમગ્ર ભારતમાંથી આવા કાયદા દ્વારા રાજ્ય અને ખેડૂતો વચ્ચે મધ્યવર્તી હિત ધરાવતો જમીનદાર અને ગિરાસદાર વર્ગ નાબૂદ કરવામાં આવ્યો. જમીનદારી નાબૂદીના કાયદાથી જમીનદારો અને ગિરાસદારોના જમીન પરના મિલકત અધિકારો નાબૂદ કરવામાં આવ્યા. ઘરખેડ માટે તેઓને અમુક મર્યાદામાં ખેતી માટેની જમીન દેવાની છૂટ આપવામાં આવી. આથી ઘણા જમીનદારો અને ગિરાસદારો ઘરખેડ કરતા ખેડૂતો બન્યા. બાકીની જમીન પર તેમના ગણોતિયા કે ભાગિયાને ખેડહક આપવામાં આવ્યો. આથી તેઓ જમીન પર માલિકી હક ધરાવતા ખેતી કરતા ખેડૂતો બન્યા. પરિણામે ''ખેડે તેની જમીન'' જેવી પરિસ્થિતિ પેદા થવા પામી.*

*ગણોત ધારાથી ગણોતિયાને રક્ષણ પૂરું પાડવામાં આવ્યું, ગણોત નિયંત્રિત કરવામાં આવ્યું તેમજ ગણોતિયાને ખેડહક મળતા રહે તેવી જોગવાઈ કરવામાં આવી. ગણોતિયો એટલે જમીનમાલિક પાસેથી પટ્ટાથી જમીન ખેડૂતો ખેડૂત તે ઊપજમાંથી અમુક હિસ્સો જમીન માલિકને આપે તેને ગણોત કહેવાય. આ કાયદાથી ગણોતિયાને ખાસ હક્કો*

*મળ્યા અને શોષણમાંથી મુક્તિ મળી ખેડૂતો વચ્ચેની અસમાનતા ઘટી અને ગણોતિયાને સલામતી મળી. અમુક વર્ગના હાથમાં ખેતીની જમીનનું કેન્દ્રીકરણ થયું હતું અને વિશાળ સંખ્યાના ખેડૂતો પાસે બહુ અલ્પ જમીન હતી અથવા ભૂમિહીન હતા. આથી જેઓ પાસે અમુક મર્યાદાથી વધુ જમીન હતી તે વધારાની જમીન, જમીન ટોચ મર્યાદા કાનૂન દ્વારા પ્રાપ્ત કરીને નાના ખેડૂતોને તથા ભૂમિહીનોને ફાળવવી તેવા હેતુથી બીજી પંચવર્ષીય યોજનામાં ખેતીની જમીનની ટોચ મર્યાદાની નીતિ નક્કી થઈ. આ નીતિના અમલરૂપે ભારતનાં જુદાજુદા રાજ્યોમાં ખેતીની જમીનની ટોચ મર્યાદા નક્કી કરતા કાયદા અમલમાં મૂકવામાં આવ્યા. આ કાયદા અનુસાર વધારાની જાહેર થયેલી જમીનમાંથી 53 લાખ એકર જેટલી જમીન લગભગ 55 લાખ લાભાર્થીઓને આપવામાં આવી છે. આ લાભાર્થીઓમાં 36ટકા અનુસૂચિત જાતિઓના અને 15 ટકા અનુસૂચિત આદિજાતિઓના છે. 147 લાખ એકરથી વધુ ખરાબાની જમીન ગ્રામીણ જમીન વિહોણા લોકોને આપવામા આવી છે. જમીન સ્વત્વાર્પણ પ્રતિબંધ કાનૂન જમીનના ટુકડા અટકાયત અને તેના સંયોગીકરણને લગતો કાયદો, વગેરે દ્વારા ભૂમિ સમસ્યાઓ હલ કરવા અને ખેડૂતોની સ્થિતિ સુધારવા પ્રયાસ થયો.*

*ભૂમિ સુધારાના પગલાં તરીકે સર્વોદયી ચળવળના પ્રણેતા આચાર્ય વિનોબા ભાવેએ 1951માં ભૂદાન અને ગ્રામદાન ચળવળ શરૂ કરી. લોકોએ સ્વેચ્છાએ પોતાની જમીનનો અમુક ભાગ જમીન વિનાના લોકો અને ગરીબો માટે દાનમાં આપવો તેને ભૂમિદાન કહેવાય. ગ્રામદાનમાં જમીન ધરાવતી દરેક વ્યક્તિ પોતાની બધી જમીન ગામને દાનમાં આપે છે. આપી સમગ્ર જમીન ગામનાં બધાં કુટુંબોને તેમની જરૂરિયાત મુજબ વહેંચવામાં આવે છે. ભૂદાન અને ગ્રામદાન ચળવળ દ્વારા 42 લાખથી વધુ એકર જમીન ભૂદાનમાં મળી અને 4600થી વધુ ગામદાન થયાં. આ રીતે મળેલી જમીન ભૂમિહીનોને ખેતી માટે ફાળવવામાં આવી અને જમીનની પુનઃવહેંચણી થવા પામી. સ્વતંત્ર ભારતમાં ભૂમિ સુધારા માટે સરકારે અનેક પગલાં ભર્યા છે. જેમાં દેવા - નાબૂદી, પાકસંરક્ષણ, ભૂમિસંરક્ષણ વગેરેનો સમાવેશ થાય છે.*

**ટી. એન. મદન** *નોંધે છે તેમ, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભૂમિ સુધારણા કાર્યક્રમ શરૂ થયો, પરંતુ હજુ તે પૂરો થયો નથી અને ભૂમિસુધારણાના ધ્યેયો સિદ્ધ કરવાના બાકી છે. સ્વતંત્ર ભારતમાં ભૂમિવિતરણની જે ઢબ વિભિન્ન પ્રદેશોમાં વિકસી છે તેમાં અમુક જ્ઞાતિઓના અમુક લોકો વર્ચસ્વી જમીનમાલિકો બની ગયા છે. આ અંગે દષ્ટાંતો આપતાં દુબે નોંધે છે તેમ, પંજાબ અને હરિયાણામાં જાટ, બિહારમાં ભૂમિહાર અને રાજપૂત યુ.પી.માં જાટ અને રાજપૂત, ગુજરાતમાં પાટીદારો, આંધ્રપ્રદેશમાં રેડ્ડી, વેલયા અને કામ્યા. કર્ણાટકમાં વૉકલીગા અને લિંગાયતો વર્ચસ્વી જમીન ભાગની જમીન ધરાવે છે. આવી માલિકો બન્યા છે. આ જ્ઞાતિઓનો માત્ર નાનો ભાગ જ્ઞાતિનાં ઘણાં કુટુંબો પાસે જમીન નથી, પરંતુ તેઓની સામૂહિક આર્થિક સત્તા અને સમૃદ્ધિને કારણે આ જ્ઞાતિઓએ*

રાજકીય વગ ઊભી કરી છે. આ જ્ઞાતિઓ પોતાની જ્ઞાતિ સહિતના અન્ય ગરીબ અને નબળા વર્ગનું શોષણ કરે છે.

### 2.4.6 અન્ય કાનૂનો અને સામાજિક કલ્યાણ :

આ ઉપરાંત પ્રાથમિક શિક્ષણને લગતો કાયદા 14 વર્ષની વય સુધીના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવે છે. 1986ના બાળમજૂરી નિયંત્રણનો કાયદો છે તથા કેટલાક જોખમી વ્યવસાયોમાં બાળકોને નોકરીએ રાખવા ઉપર પ્રતિબંધ નોકરીઓમાં બાળકોની કામની પરિસ્થિતિ ઉપર નિયંત્રણ મૂકે છે. મજૂર કલ્યાણના કાયદા દ્વારા મજૂરોની પરિસ્થિતિ સુધારવા પ્રયાસ થયો છે. લઘુત્તમવેતન ધારો અને બંધવા મજૂર નાબૂદી વટહુકમ, શાહુકાર ધારો, સહકારી મંડળીનો કાયદો વગેરે દ્વારા મજૂરોનું શોષણ અટકાવવા પ્રયત્ન થયો છે. 1985ના નસીલાદ્રવ્યો સંબંધી કાયદાથી નશીલાદ્રવ્યોના ઉત્પાદન, વેચાણ, કબજો, ખરીદી, હેરાફેરી, આયાત, નિકાસ ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાયદાના ભંગ બદલ સખત શિક્ષા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. 1988 ના ઓર્ડિનન્સ દ્વારા નશીલા દ્રવ્યોની હેરાફેરીમાં સંકળાયેલ વ્યક્તિને અટકાયતમાં રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

આપણું બંધારણ કલ્યાણકારી રાજ્ય બનાવાનું ધ્યેય ધરાવે છે. જ્યાં લોકોને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર મળે છે. દેશના નાગરિકોને જીવનનો અધિકાર, રોજગાર, કાર્ય સ્વાસ્થ્ય, શિક્ષણ, વગેરે જેવા મૂળભૂત માનવ અધિકારો મેળવવાની છૂટ છે. સામાજિક કાયદો આપણને ધ્યેયો સિદ્ધ કરવા માટે કાયદાની અનુમતિપાત્ર માળખું અનુસાર યોગ્ય ગૌરવ પ્રદાન કરે છે. જ્યારે સામાજિક વ્યવસ્થા બદલાય છે, નવી સમસ્યાઓ અને માંગ ઊભી થાય છે જે હાથમાંથી જવાનું ભારે છે? આપણે દેશના લોકો તરીકે સામાજિક-આર્થિક અન્યાય, સામાજિક-આર્થિક અસમાનતા, સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાયદાની સમસ્યાઓની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ. એ હકીકત વિશે જ્ઞાન મેળવવું મહત્ત્વપૂર્ણ છે કે સામાજિક કાનૂનીકરણએ લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવી આવશ્યક છે. નીચેના કારણોસર સામાજિક કાનૂનીકરણની જરૂર છે. સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા, સામાજિક સુધારણા લાવવા, સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવું, સામાજિક પરિવર્તન લાવવા માટે, સામાજિક અધિકારોનું રક્ષણ અને પ્રોત્સાહન આપવું.

## 2.5 સારાંશ

સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયાનું ફલક સ્વતંત્ર ભારતમાં વ્યાપક બન્યું. સામાજિક કાનૂનોએ સૈદ્ધાંતિક રીતે સ્ત્રી - પુરુષ સમાનતા સ્થાપી, વ્યક્તિને જ્ઞાતિના નિયંત્રણમાંથી મુક્ત કરતી પરિસ્થિતિનું નિર્માણ કર્યું અને પરંપરાગત ભારતીય સમાજને આધુનિક કક્ષા પર મૂકવા માટેનો બુદ્ધિપૂર્વકનો પ્રયાસ કર્યો. સમાનતા, ન્યાય અને

શોષણમુક્તિની દિશાના પરિવર્તનો આવવા લાગ્યો. સ્ત્રી - પુરુષ સંબંધોમાં સમાનતા અને સ્વાતંત્ર્યની દિશામાં પરિવર્તનો આવી રહ્યાં છે. ભૂમિસુધારા કાનૂનોએ સ્વાતંત્ર્ય પૂર્વેની સ્થિતિની તુલનામાં કિસાનો અને મજૂરોની સ્થિતિમાં સુધારો થવા પામ્યો છે. ઘણાં બંધવા મજૂરો અને બાળમજૂરોનું પુનઃસ્થાપન શક્ય બન્યું છે. કામદારો, વૃદ્ધો, નશીલાંદ્રવ્યોના વ્યાસનીઓ માટે સહ્ય પરિસ્થિતિનું નિર્માણ અને પુનઃસ્થાપન શરૂ થયું છે, એઈડ્સગ્રસ્તોનું લાંછન દૂર કરવા અને તેમના પ્રત્યે સહાનુભૂતિપૂર્વકનું વર્તન દાખવવાનું વલણ વિકસાવવા પ્રયાસો થાય છે. કાયદા અને જનજાગૃતિ દ્વારા પર્યાવરણના પ્રશ્નો હલ કરવા પ્રયાસો થાય છે. આમ છતાં, આ બધાં ક્ષેત્રોમાં સામાજિક કલ્યાણ અને પરિવર્તન માટે માત્ર કાનૂન પર્યાપ્ત નથી. આ બધાં ક્ષેત્રોમાં ઘણું કામ કરવાનું બાકી છે. કેટલાક સામાજિક કાયદાઓ જેવા કે સતીપ્રથા પ્રતિબંધક કાનૂન, બાલિકાહત્યા પ્રતિબંધક કાનૂન, દ્વિપત્ની પ્રતિબંધક કાનૂન વગેરેને સારી એવી સફળતા સાંપડી છે. જ્યારે બાળલગ્ન પ્રતિબંધક કાનૂન. અસ્પૃયતા નિવારણ કાનૂન. જ્ઞાતિ જુલમ પ્રતિબંધક કાનૂન વગેરેને આંશિક સફળતા મળી છે, તો બીજી બાજુ, વિધવા – પુનર્લગ્ન કાનૂન, દહેજપ્રથા પ્રતિબંધક કાનૂન વગેરે ખાસ અસરકારક બન્યાં નહીં. વળી કાનૂની દિશામાં જે કોઈ સામાજિક પરિવર્તનો આવ્યાં છે તે કાનૂનને કારણે જ છે કે પરિસ્થિતિજન્ય છે કે પછી કાનૂન અને પલટાયેલી પરિસ્થિતિ વચ્ચેની ક્રિયા - પ્રતિક્રિયા સ્વરૂપે છે તે નક્કી કરવું મુશ્કેલ છે. કાનૂનોની કેટલીક ખામીઓ તેની અસરકારકતાને નિર્મૂળ બનાવી દે છે. આથી કાનૂનોનો અમલ, તેની ખામીઓ તથા તેની અસરોનું મૂલ્યાંકન કરતું કોઈ પદ્ધતિસરનું ક્રિયાતંત્ર આવશ્યક બનવાથી રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ આ ક્ષેત્રમાં સક્રિયભૂમિકા ભજવી રહ્યું છે. સામાજિક કાનૂનીકરણ દ્વારા સામાજિક પરિવર્તનો લાવવાના પ્રયાસોમાં જ્ઞાતિ અને સંયુક્ત કુટુંબપ્રથા મોટો અવરોધ ઊભો કરે છે. વળી ગામ - સમુદાયો સુધી આ સામાજિક કાનૂનો કેટલે અંશે પહોંચ્યા છે તે પણ એક પ્રશ્ન છે.

માત્ર સામાજિક કાનુંનોથી જ ઈચ્છિત પરિવર્તનો લાવી શકાશે તેમ માનવું ભૂલભરેલું છે. સામાજિક પરિવર્તન માટેની કાનૂની પદ્ધતિઓ સાથેસાથ તેને સુસંગત એવી અન્ય પદ્ધતિઓનું તેની સાથે સંયોજન કરતું ક્રિયાતંત્ર કાર્યાન્વિત બને તે પણ તેટલું જ જરૂરી છે. આ સંદર્ભમાં વેંકેટરામન કહે છે તેમ કોઈપણ સામાજિક સમસ્યાના નિવારણ માટે એકલાં કાનૂની પગલા પર્યાપ્ત નથી. કાનૂની પગલાંની સાથોસાથ શિક્ષણ અને સામાજિક પગલાં લેવાની આવશ્યકતા પણ રહેલી છે. ભારતીય સમાજે સૈદ્ધાંતિક રીતે આધુનિકતા તરફ પ્રયાણ કર્યું છે, પરંતુ વ્યવહારમાં આધુનિકતા અને પ્રણાલિકા સંઘર્ષની પરિસ્થિતિમાં છે. જૂની પ્રણાલિકા પર કાનૂની પ્રહાર થવા છતાં હજુ જૂની પ્રણાલિકામાં ઘણું જોમ છે. આથી એવી કાનૂની પરિસ્થિતિનું નિર્માણ કરવું જરૂરી છે કે જેમાં જૂની પ્રણાલિકા ટકી ન શકે તેમજ તે ધીમે ધીમે અયોગ્ય લાગે. આવી પરિસ્થિતિ સર્જીને કાનૂન પરોક્ષ રીતે નવી આધુનિક પ્રણાલિકા ઊભી કરી શકે, જેટલા પ્રમાણમાં કાનૂન પ્રણાલિકાને

*પરોક્ષ રીતે, અસર કરે તેટલા પ્રમાણમાં તે જૂની પ્રણાલિકાને ઝડપથી બદલી શકે અને માનવ અધિકારોને અનુરૂપ નવી આધુનિક પ્રણાલિકા સર્જી શકે.*

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

**1. સામાજિક કાનૂનીકરણનો અર્થ આપી, સામાજિક કાનૂનીકરણના હેતુઓ જણાવો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**2. સામાજિક કાનૂનીકરણની વ્યાખ્યા આપી, સામાજિક કાનૂનીકરણનું મહત્ત્વ સમજાવો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 2.7 બહુવિકલ્પિય પ્રશ્નો

**1. "રાજ્યની સરકાર જ્યારે સજાગતાથી પ્રયત્નપૂર્વક ત્રુટિઓ કે કુરિવાજો દૂર કરવાનો પ્રયત્ન કાનૂન દ્વારા કરે છે ત્યારે તેવા સમાજસુધારાના પગલાંને સામાજિક કાયદો કહી શકાય." આ વિધાન કોનું છે ?**

*(અ) ટી.કે. ઓમાન*

*(બ) ડૉ. સક્સેના*

*(ક) ડૉ. નીરા દેસાઈ*

*(ડ) જેકોબ કે.*

**2.** **કયા એક્ટ દ્વારા આંતરજ્ઞાતિય લગ્નને કાનૂની માન્યતા મળી, એટલું જ નહીં પરંતુ આ કાયદાએ આંતરધર્મી અને આંતરકોમી લગ્નને પણ સ્વીકૃતિ આપી.**

*(અ) બાળ લગ્ન પ્રતિબંધક કાનૂન*

*(બ) સ્પેશ્યલ મેરેજ ઍક્ટ*

*(ક) પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ્સ ઍક્ટ*

*(ડ) બહુસાથી લગ્ન ઉપર પ્રતિબંધ કાનૂન*

**3.** **અસ્પૃશ્યતા અપરાધના કાયદામાં સુધારો કરીને ક્યાં વર્ષમાં તેને "પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ્સ ઍકટ, 1955" એવું નામ આપવામાં આવ્યું.**

*(અ)* 1952

*(બ)* 1956

*(ક)* 1974

*(ડ)* 1976

**4.** **બાળલગ્ન પ્રતિબંધક કાનૂન અને હિંદુ લગ્નના કાયદા દ્વારા લગ્નની વય ઊંચી લઈ જવામાં આવી. આ કાયદા અનુસાર છોકરા - છોકરી માટે લગ્નવય અનુક્રમે કેટલા વર્ષ નક્કી કરવામાં આવી છે ?**

*(અ)* 18 *અને* 21

*(બ)* 21 *અને* 21

*(ક)* 18 *અને* 20

*(ડ)* 21 *અને* 18

**5.** **Hindu Gains of Learning Act ક્યારે અમલમાં આવ્યો ?**

*(અ)* 1940

*(બ)* 1930

*(ક)* 1920

*(ડ)* 1910

**6.** **ભૂમિ સુધારાના પગલા તરીકે સર્વોદયી ચળવળના પ્રણેતાનું નામ જણાવો. જેમણે 1951માં ભૂદાન અને ગ્રામદાન ચળવળ શરૂ કરી.**

*(અ) મહાત્મા ગાંધી*

*(બ) વિનોબા ભાવે*

*(ક) કાકા સાહેબ કાલેલકર*

*(ડ) ટી. અને. મદન*

**જવાબો**

1. *(ક) ડૉ. નીરા દેસાઈ*
2. *(બ) સ્પેશ્યલ મેરેજ ઍક્ટ*
3. *(ડ)* 1976
4. *(ડ)* 21 *અને* 18

5. *(બ)* 1930
6. *(બ) વિનોબા ભાવે*

## 2.8 સ્વાધ્યાયના પ્રશ્નો

**1. સામાજિક કાનૂનીકરણનો અર્થ આપી, સામાજિક કાનૂનીકરણના હેતુઓ જણાવો.**

………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………

**2. સામાજિક કાનૂનીકરણની વ્યાખ્યા આપી, સામાજિક કાનૂનીકરણનું મહત્ત્વ સમજાવો.**

………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………
………………………………………………………………………………

## 2.9 સંદર્ભ સૂચી


1. https://www.indiacode.nic.in
2. https://sje.gujarat.gov.in/
3. Governmnt of India, Ministry of Law and Company Affairs, (1994) The Hindu Marriage Act, 1955, Government press, Gandhinagar.
4. Governmnt of India, Ministry of Law and Justice, 4th Edition (2011) The Constitution of India, Government press, Gandhinagar.

5. *એ. જે. શાહ અને જે. કે. દવે (*2009-10), *સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનાડા બૂક ડીપો, અમદાવાદ.*
6. *એ. જે. શાહ અને જે. કે. દવે (*2004-05), *સામાજિક કલ્યાણ અને સામાજિક કાયદાઓ, અનાડા બૂક ડીપો, અમદાવાદ.*
7. *નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, મહિલાઓ અને સામાજિક કાયદાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*

# એકમ - 3 ભારતમાં સામાજિક કાનૂનીકરણ

**:: રૂપરેખા ::**

**3.0** ઉદ્દેશ્યો

**3.1** પ્રસ્તાવના

**3.2** સામાજિક કાનૂનીકરણનો અર્થ

**3.3** સામાજિક પરિવર્તનના એક પરિબળ તરીકે સામાજિક કાનૂનીકરણ

**3.4** ભારતમાં સામાજિક કાનૂનીકરણ અને તે દ્વારા આવેલાં પરિવર્તન

- **3.4.1** કાનૂનીકરણ અને જ્ઞાતિ પરિવર્તન
- **3.4.2** કાનૂનીકરણ અને લગ્નસંસ્થામાં પરિવર્તન
- **3.4.3** કાનૂનીકરણ અને કુટુંબ સંસ્થામાં પરિવર્તન
- **3.4.4** કાનૂનીકરણ અને સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન

**3.5** સારાંશ

**3.6** ઉપયોગી પુસ્તકો

**3.7** તમારી પ્રગતિ ચકાસો

- **3.7.1** મોટા પ્રશ્ન
- **3.7.2** ટૂંકનોંધ લખો
- **3.7.3** બહુવિકલ્પવાળા પ્રશ્નો

## 3.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીમિત્રો તમે,*

- *સામાજિક કાનૂનીકરણનો અર્થ જણાવી શકશો.*
- *સામાજિક પરિવર્તનના એક પરિબળ તરીકે સામાજિક કાનૂનીકરણની ચર્ચા કરી શકશો.*
- *ભારતમાં સામાજિક કાનૂનીકરણ દ્વારા જ્ઞાતિ, લગ્ન, કુટુંબ અને સ્ત્રીના સામાજિક સ્થાનમાં આવેલા પરિવર્તનોનું વર્ણન કરી શકશો.*

## 3.1 પ્રસ્તાવના

*ભારતીય સમાજના પરિવર્તનના અભ્યાસમાં સામાજિક કાનૂનીકરણનું પરિબળ ઘણું મહત્ત્વ ધરાવે છે. જ્ઞાતિ, લગ્ન, કુટુંબ તેમજ સ્ત્રીના સામાજિક સ્થાનને લગતા વિવિધ કાનૂનોના ઘડતરની અને અમલીકરણની પ્રક્રિયા બ્રિટિશ શાસનકાળ દરમિયાન ઉદ્‌ભવી હતી, અને સ્વતંત્ર ભારતમાં આ પ્રક્રિયા વધુ વિકાસ પામી છે. ભારતીય સમાજના પરંપરાગત માળખામાં કાનૂન દ્વારા સભાન, હેતુપૂર્વકનાં અને આયોજિત પરિવર્તનો નિપજાવવા માટેના જે પ્રયાસો થયા છે તેની સામાજિક સંસ્થાઓ ઉપર દૂરગામી અસર પડી છે.*

*બ્રિટીશરોના આગમન પહેલાં ભારતીય સમાજ અને સંસ્થાઓ શાસ્ત્રોક્ત રૂઢિ-રિવાજો દ્વારા સંચાલિત થતાં. આથી તે સમયે આયોજિત પરિવર્તનનો અવકાશ નહોતો. પરંતુ જેમ જેમ સામાજિક જટિલતાઓ વધી, અર્થવ્યવસ્થા બદલાઈ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણનો વિકાસ થયો, સામાજિક સંસ્થાઓ સામે નવી નવી સમસ્યાઓ ખડી થતી ગઈ તેમ તેમ રાજ્યના કાર્યક્ષેત્ર વિશેના ખ્યાલો પણ બદલાતા ગયા. સંચાર-સાધનોની સગવડો વધતાં આંતર-સાંસ્કૃતિક સંપર્કો પણ વધ્યા. આથી નવી વિચારસરણીઓનો ફેલાવો શક્ય બન્યો. સ્વાતંત્ર્ય અને સમાનતાવાદી વિચારસરણીના પ્રભાવ નીચે ગુલામી, શોષણ અને સર્વે પ્રકારની અસમાનતાઓ સામે એક બંડખોર માનસનો ઉદ્‌ભવ થયો. રૂઢિગત સંસ્થાઓમાં પરિવર્તન લાવવાની માગણી થવા લાગી. આમ, આધુનિક વિચારસરણીના પ્રભાવ નીચે રાજ્યનો પરંપરાગત ખ્યાલ બદલાયો અને કલ્યાણરાજ્યનો ખ્યાલ ઉદ્‌ભવ્યો. લોકશાહી, સમાનતા, સ્વાતંત્ર્ય અને બિનસાંપ્રદાયિકતાના નવા વિચારોએ રાજ્યને શોષણવિહીન સમાજરચનાનું નિર્માણ કરવા ફરજ પાડી. ભારતમાં સામાજિક કાનૂનીકરણનો ઈતિહાસ બહુ લાંબો નથી. બ્રિટિશ શાસનકાળ દરમિયાન કેટલાક સામાજિક કાનૂનો ઘડવાની શરૂઆત થઈ હતી. ડૉ. સક્સેના કહે છે કે, અંગ્રેજી રાજ્ય સંગઠિત થતાં ભારતમાં આધુનિક સમાજની જરૂરિયાતો ઉદ્‌ભવી. હિંદુ સમાજની પરિવર્તનશીલતા અને ગતિશીલતા વધતાં હિંદુ સંસ્થાઓમાં આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે વિરોધ સર્જાયો. આથી અંગ્રેજ શાસકોએ અનેક પ્રકારના સામાજિક કાનૂનો ઘડવાનું શરૂ કર્યું, જેની હિંદુ સંસ્થાઓ ઉપર અસર થઈ. આ સમય દરમિયાન ભારતીય સમાજની સુધારણા કરવા માટે શરૂ થયેલી સુધારણા પ્રવૃત્તિ, અંગ્રેજી શિક્ષણ, સ્વાતંત્ર્ય, સમાનતા અને બિનસાંપ્રદાયિક્તાનાં મૂલ્યો વગેરે પરિબળોએ સામાજિક કાનૂનોના ઉદ્‌ભવ-વિકાસમાં સારી પેઠે ફાળો આપ્યો. બાળલગ્ન અટકાયત કાયદો (શારદા ઍક્ટ) આવી નવજાગૃતિનું જ પરિણામ હતું. સ્વતંત્રતા પછી પ્રજાકીય શાસકોએ રાજનીતિમાં નવા આદર્શો સ્વીકાર્યા; પરિણામે સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયાનો સ્વાધીન ભારતમાં વધુ વિકાસ થયો છે. નવી સામાજિક જરૂરિયાતો, નવા આદર્શો અને નવી અપેક્ષાઓના કારણે હવે સામાજિક કાનૂનોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે અને સમાજજીવન ઉપર તેની દૂરગામી અસર થઈ છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય, સમાનતા, વર્ગવિહીન અને જ્ઞાતિવિહીન સમાજરચનાનું*

*ધ્યેય, બિનસાંપ્રદાયિકતા વગેરે આદર્શો બંધારણમાં સ્વીકારાયેલા હોવાથી તે દિશામાં વિભિન્ન કાનૂનો સ્વતંત્ર ભારતમાં ઘડાતા રહ્યા છે.*

## 3.2 સામાજિક કાનૂનીકરણનો અર્થ

*સામાજિક કાનૂનીકરણની વ્યાખ્યા આપતાં ડૉ. સક્સેના લખે છે કે, "અમુક સામાજિક દૂષણને દૂર કરવા માટે અથવા સામાજિક પરિસ્થિતિને સુધારવા માટે અથવા અમુક સામાજિક સુધારણાના હેતુથી ધારાગૃહ* (Legislature) *દ્વારા કોઈ કાયદો પસાર કરવામાં આવે અથવા કોઈ સરકારી આદેશ જાહેર કરવામાં આવે ત્યારે તેને સામાજિક કાનૂનીકરણ* (Social Legislation) *તરીકે વ્યાખ્યાબદ્ધ કરી શકાય." આ વિશે ડૉ. નીરા દેસાઈ લખે છે કે, "રાજ્યની સરકાર જ્યારે સજાગતાથી પ્રયત્નપૂર્વક સમાજમાં રહેલી ત્રુટિઓ કે કુરિવાજો દૂર કરવાનો પ્રયત્ન કાનૂન દ્વારા કરે છે ત્યારે તેવા સમાજસુધારાના પગલાને સામાજિક કાયદો કહી શકાય."*

*આમ, "સામાજિક સુધારણાના હેતુથી રાજ્ય જ્યારે કોઈ કાયદો બનાવે છે ત્યારે તેવા કાયદાને સામાજિક કાનૂન કહેવાય."*

*જેકોબ લખે છે કે, "સમાજનો કોઈ સમૂહ વય, વંશભેદ, શારીરિક કે માનસિક ખોડ અથવા તો આર્થિક શક્તિના અભાવે, તંદુરસ્ત અને યોગ્ય જીવનધોરણ પોતાના માટે ન જાળવી શકે ત્યારે તેવા સમૂહની સુધારણા કરવા માટે તથા તેમનું સામાજિક અને આર્થિક રીતે રક્ષણ કરવા માટે જે કાયદાઓ ઘડાય છે તેને 'સામાજિક કાનૂન' કહેવાય.*

*વધુમાં ડૉ.સક્સેનાના શબ્દોમાં કહીએ તો, "સાધારણ રીતે એમ કહી શકાય કે, જે કાનૂનોનો હેતુ સમાજને પરિવર્તન અથવા પુનઃસંગઠિત કરવાનો હોય, તેમને સામાજિક કાનૂનોની શ્રેણીમાં મૂકી શકાય." ડૉ. સક્સેના આ તંતુને લંબાવી આગળ લખે છે કે, "સામાજિક કાનૂનમાં સમાજ-સુધાર, સમાજ-પરિવર્તન, સામાજિક સમસ્યાઓનું નિરાકરણ અને સામાજિક ધોરણો* (Norms)*નું પ્રતિપાદન એકીસાથે સમ્મિલિત હોય છે."*

*ઉપર્યુક્ત ચર્ચા મુજબ સામાજિક કાનૂનીકરણના અર્થમાં 'રાજ્યપ્રેરિત સામાજિક સુધારણા' એવો ખ્યાલ ગર્ભિત જણાય છે. સમાજમાં સર્વ સંગઠનોમાં રાજ્ય સૌથી વધુ બળવાન સંગઠન છે. પોતાના સાર્વભૌમ પીઠબળથી રાજ્ય કાનૂનોનો અસરકાર અમલ કરાવી શકે છે. ટૂંકમાં કહીએ તો, સામાજિક કાનૂનીકરણ એટલે રાજ્યનાં એવાં વહીવટી પગલાંઓ કે ધારાકીય કાયદાઓ જેને રાજ્યની સાર્વભૌમ પ્રભુસત્તાનું પીઠબળ મળેલું હોય છે અને જેનો હેતુ સામાજિક ન્યાય, સામાજિક સુધારણા કે કલ્યાણનો હોય છે.*

## 3.3 સામાજિક પરિવર્તનના એક પરિબળ તરીકે સામાજિક કાનૂનીકરણ

*સામાજિક પરિવર્તન નિપજાવવામાં કાયદો કોઈ ભાગ ભજવી શકે કે કેમ ? – આ પ્રશ્નના જવાબમાં બે ભિન્ન ભિન્ન પ્રકારનાં મંતવ્યો વ્યક્ત થતાં રહે છે :*

એક મંતવ્ય મુજબ "કાયદાનું કાર્ય સામાજિક નિયંત્રણનું છે અને કાયદાનો મુખ્ય પ્રશ્ન કાનૂની સજાઓ (Legal sanctions) એવી રીતે ગોઠવવાનો છે, જેથી વિચલિત વર્તનો ઓછાં થાય અને સામાજિક સ્થિરતા જળવાઈ રહે."

બીજા મંતવ્ય મુજબ, "કાયદાનું કાર્ય માત્ર સામાજિક નિયંત્રણનું જ નથી પણ સાથોસાથ લોકોનાં વર્તનો, માન્યતાઓ અને મૂલ્યો ઉપર અસર કરીને કાયદાએ સામાજિક પરિવર્તન પણ નિપજાવવાનું હોય છે.

વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, એક મંતવ્ય મુજબ, કાયદો સમાજનાં પ્રચલિત મૂલ્યો અને ધોરણોનું જ પ્રતિબિંબ પાડતો હોવાથી સામાજિક પરિવર્તનમાં તે કાંઈ ભાગ ભજવી શકે નહિ. જટિલ સમાજમાં સામાજિક નિયંત્રણ માટે માત્ર રિવાજો અને રૂઢિઓ અપૂરતાં થઈ પડે છે. આથી આવા પ્રચલિત રિવાજ-રૂઢિઓને કાયદામાં સામેલ કરીને તેને રાજ્યની સત્તાનું સમર્થન પૂરું પાડવામાં આવે છે. ટૂંકમાં, આ મંતવ્ય મુજબ, કાયદો પ્રવર્તમાન સમાજવ્યવસ્થાનો જ સમર્થક હોવાથી સામાજિક પરિવર્તનમાં ફાળો આપી શકે નહિ. બીજા મંતવ્ય મુજબ, કાયદો સમાજમાં નવાં મૂલ્યો અને નવાં ધોરણોનું પ્રસ્થાપન કરે છે અને તે રીતે પ્રવર્તમાન સમાજવ્યવસ્થામાં પરિવર્તન નિપજાવવા માટેનું સબળ સાધન બની રહે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો આ બંને મંતવ્યોનું વાજબીપણું સિદ્ધ થઈ ચૂકેલી ઘટના છે. કાનૂન દ્વારા સામાજિક ક્રાંતિ લાવી શકાય કે કેમ તે વિશે પાનીક્કર ઈતિહાસની સાક્ષી આપીને જણાવે છે કે, ચીનનો પહેલો સમ્રાટ 'ચીન શીહ હુવાનતિ" એક પ્રતિજ્ઞાબદ્ધ સુધારક હતો. તેણે ભૂતકાળની પરંપરાઓ સાથે સમાજનો સંબંધ તોડી નાખવા માટે બધાં જ જૂનાં પુસ્તકો અને લખાણોને નષ્ટ કર્યાં, જેથી લોકો પોતાની જૂની પરંપરાઓને ભૂલી જાય. પરંતુ પરંપરાઓ આ સમ્રાટ કરતાં વધુ શક્તિશાળી પુરવાર થઈ. સમ્રાટે જે ગ્રંથોનો સંપૂર્ણ નાશ કરાવ્યો હતો અને જેની એક પણ નિશાની રહેવા દીધી નહોતી તે લોકોની યાદશક્તિના આધારે ફરીને લખાઈ અથવા નવી પેઢીએ પોતાની ઈચ્છા મુજબ તેની પુનર્રચના કરી. આ ઉદાહરણથી તદ્દન વિરુદ્ધનાં ઉદાહરણો પણ ઈતિહાસના પાને નોંધાયેલા છે. કાનૂન દ્વારા સામાજિક ક્રાંતિ સફળતાપૂર્વક સિદ્ધ કરવા માટે તુર્કસ્તાનમાં મુસ્તફા કમાલપાશાનું નામ જાણીતું છે. પાનીક્કર લખે છે કે, કાનૂન દ્વારા સમાજની સૌથી વિશેષ અને વ્યાપક સુધારણા કરનાર શાસક મુસ્તફા કમાલ હતો. પંદર વર્ષના શાસનકાળમાં કમાલપાશાએ તુર્કસ્તાનની કાયાપલટ કરી નાખી. કુરાને શરીફ અને શરિયતની ઈશ્વરોક્ત વાણીનું સ્થાન નવા કાયદાએ લઈ લીધું, જેમાં વખતોવખત યોગ્ય સુધારા કરવા માટેનો અધિકાર તુર્કસ્તાનની સંસદને મળ્યો છે. બહુપત્નીપ્રથાની સમાપ્તિ, પરદાપ્રથાનો ત્યાગ અને બધા જ વ્યવસાયોમાં સ્ત્રીઓના પ્રવેશના કારણે કૌટુંબિક જીવનને તેણે એક નવી જ ભૂમિકા પર મૂકી દીધું. અરબી લિપિનું સ્થાન રોમન લિપિએ અને ઢીલા પોશાકનું સ્થાન પશ્ચિમી પોશાકે લઈ લીધું. આવી અભૂતપૂર્વ સ્વરૂપની ક્રાંતિ સંસદીય કાનૂન દ્વારા આયોજિત કરી શકાઈ હતી. આથી પણ વધુ પ્રમાણમાં રાષ્ટ્રીય

*જીવનનાં મૂળ હલાવી નાંખવાનો પ્રયત્ન સોવિયત સંઘમાં કરવામાં આવ્યો હતો, જેમાં ક્રાંતિકારી કાયદાઓએ સમાજની આખી રચનાને બદલી નાખી હતી.*

*સામાજિક પરિવર્તનના એક પરિબળ તરીકે સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ કાનૂનનો વિચાર અહીં આપણે કરવાનો રહે છે. એટલે કે સમાજમાં પરિવર્તન લાવવા માટે કાનૂની સફળતા સાથે સંકળાયેલી અન્ય સામાજિક પ્રક્રિયાઓ વિશે વિચારવું પણ જરૂરી બને છે. આ દૃષ્ટિએ કુપ્પુસ્વામી કહે છે તે મુજબ, "સામાજિક પરિવર્તનના સાધન તરીકે કાયદાની સાથે પરસ્પર સંબંધિત એવી બે પ્રક્રિયાઓ સંકળાયેલી છે - એક તો, નવાં સામાજિક મૂલ્યોવાળી વર્તનની નવી ઢબનું કાનૂન દ્વારા સંસ્થીકરણ થાય છે અને જ્યારે કાયદાની અંદર નવી વર્તન- ઢબ સામેલ થાય છે ત્યારે તેનો ભંગ કાયદા મુજબ શિક્ષાપાત્ર ઠરે છે. પણ માત્ર સંસ્થીકરણ પોતે જ એકલું પૂરતું નથી. કાયદાને અસરકારક સામાજિક બળ બનાવવા માટે વ્યક્તિમાં આ નવી વર્તનઢબનું આંતરીકરણ કરવાની પ્રક્રિયા પણ થવી જોઈએ." આમ કુપ્પુસ્વામી કહે છે તે મુજબ કાયદાની આ બંને પ્રક્રિયાઓ ગાઢ રીતે સંબંધિત છે. એટલે કે, જો કાયદાનું સંસ્થીકરણ સફળતાપૂર્વક થઈ ચૂક્યું હોય તો વ્યક્તિના કૌટુંબિક ઉછેરમાં જ તેના જ તંતુને આગળ લંબાવી કુપ્પુસ્વામી લખે છે કે, "જો આંતરીકરણ ન થાય તો માત્ર કાયદો અને તેના સંસ્થીકરણનું કોઈ મહત્ત્વ રહેતું નથી. ઊલટું, કાયદા તરફ લોકોને તિરસ્કાર થાય છે અને તેના પ્રત્યે તેઓ માનથી જોતાં નથી."*

*ઉદાહરણ આપીને કુપ્પુસ્વામી જણાવે છે કે,* 1955*ના હિન્દુ લગ્ન કાનૂન પહેલાં બહુપત્નીલગ્ન માન્ય અને સ્વીકૃત હતું. આમ છતાં પ્રથમ પત્નીની હયાતીમાં પુરુષના બીજી સ્ત્રી સાથેના લગ્ન ઉપર સમાજનું અનૌપચારિક નિયંત્રણ રહેતું હતું. બીજી રીતે કહીએ તો, પુરુષને બીજી પત્ની કરવાની કાનૂની છૂટ હતી પરંતુ સામાજિક રૂઢિ તેની વિરુદ્ધ હતી. આમ, ઘણા લાંબા સમયથી જ હિન્દુ સમાજમાં એકપત્નીપ્રથાનું મૂલ્ય પ્રચલિત હતું. આથી જ્યારે* 1955*નો હિન્દુ લગ્ન કાયદો પસાર થયો અને બહુપત્નીલગ્ન ઉપર કાનૂની પ્રતિબંધ મુકાયો ત્યારે આ જોગવાઈ હિન્દુ સમાજમાં અસરકારક રીતે સફળ બની શકી.*

*આ ઉદાહરણ એ હકીકતને સ્પષ્ટ કરે છે કે, અમુક બાબતને લગતાં સમાજનાં પ્રચલિત મૂલ્યો-ધોરણો-રૂઢિઓ જ્યારે કાનૂન કરતાં આગળ નીકળી ગયેલાં હોય છે ત્યારે તેવા કાનૂનને સામાજિક પરિવર્તન નિપજાવવા માટે જલદી સફળતા મળે છે. આથી ઊલટું, એ હકીકત પણ એટલી જ સ્પષ્ટ છે કે, અમુક ચોક્કસ બાબતને લગતાં સમાજનાં મૂલ્યો, ધોરણો કે રિવાજો વગેરેથી કાનૂન સંપૂર્ણ વિરુદ્ધનો હોય તો તેવો કાનૂન સામાજિક પરિવર્તન માટે જલદી સફળ બની શકતો નથી. આ હકીકતના ઉદાહરણ તરીકે* 1955*ના લગ્નના કાયદાની છૂટાછેડાની જોગવાઈઓ, અસ્પૃશ્યતા અપરાધ કાનૂન, દહેજ, પ્રતિબંધક કાનૂન વગેરે ટાંકી શકાય. જૂના સમયથી જ હિંદુ સમાજમાં છૂટાછેડાનું સમર્થન મળેલું નથી. આથી કાનૂન દ્વારા છૂટાછેડા માન્ય બનવા છતાં ઉચ્ચ જ્ઞાતિઓમાં આજે પણ*

છૂટાછેડા લેવાના કિસ્સાઓ ઘણા અલ્પ પ્રમાણમાં બને છે. આનું એક મહત્ત્વનું કારણ એ છે કે, આજે પણ હિંદુઓમાં છૂટાછેડાને એક અનિષ્ટ અને ટીકાત્મક ગણવામાં આવે છે. તે જ રીતે ગ્રામસમાજમાં અસ્પૃશ્યતા અપરાધ કાનૂનને પૂરતી સફળતા મળી શકી નથી. દહેજ પ્રતિબંધક કાનૂન હોવા છતાં સમાજના દરેક સ્તરે દહેજ, વરશુલ્ક અને કન્યાશુલ્ક જેવી પ્રથાઓની વ્યાપક્તા જોવા મળે છે. તે જ રીતે 1956ના હિંદુ વારસાધારાથી પુત્રની જેમ પુત્રીને પણ સમાન રીતે પિતાની મિલકતમાંથી વારસાનો હક્ક મળ્યો હોવા છતાં વ્યવહારમાં ઘણી ઓછી પુત્રીઓ આ હક્ક ભોગવતી હોવાનું જણાય છે.

આ ઉદાહરણો એ જ બાબતની પ્રતીતિ કરાવે છે કે, સમાજ જ્યાં સુધી અમુક પ્રકારના પરિવર્તન માટે માનસિક રીતે તૈયાર ન હોય, સમાજનાં ધોરણો, રિવાજો, મૂલ્યો કે વલણો અમુક પરિવર્તન માટે અવરોધક હોય ત્યાં સુધી માત્ર કાયદો કરી નાખવાથી સામાજિક પરિવર્તન લાવી શકાતું નથી. આવી પરિસ્થિતિમાં કાનૂની ધોરણોનું આંતરીકરણ વધુ અસરકારક રીતે કરવું જરૂરી બને છે.

ડૉ. સકસેના કહે છે કે, "સામાજિક કાનૂન દ્વારા સામાજિક પરિવર્તન તથા સુધારણા શક્ય બનાવવા માટે એ જરૂરી છે કે, જેમના માટે કાનૂનો બનાવવામાં આવ્યા છે તે લોકો કાનૂનના હેતુ અને તત્ત્વને બરાબર સમજે... કાનૂનની સફળતાનો આધાર માત્ર સરકારી અધિકારીઓ ઉપર અથવા તેનો ભંગ કરનારને શિક્ષા કરવા ઉપર જ નથી... કાનૂનને પ્રભાવશાળી બનાવવા માટે જનતા તેમજ કાનૂન લાગુ કરનારાઓનો દષ્ટિકોણ બદલવો જરૂરી બને છે."

ભારતમાં દેશની કુલ વસ્તીના 73 ટકા લોકો આજે પણ ગામડામાં વસે છે. આથી અહીં કાનૂનની સફળતા કે નિષ્ફળતાનો આધાર મહદ્અંશે ગ્રામસમાજ ઉપર રહેલો છે. વિભિન્ન સંચારમાધ્યમોના ઉપયોગ દ્વારા ગ્રામપ્રજામાં કાનૂનની તરફેણમાં અનુકૂળ લોકમત ઊભો કરીને કાનૂનની અસરકારકતા વધારી શકાય. ભારતના પરંપરાગત સમાજમાં કાનૂન દ્વારા કેટલાંક નવાં ધોરણો પ્રસ્થાપિત કરવામાં આવ્યાં છે અને તે રીતે કાનૂન દ્વારા એક નવું વાતાવરણ સર્જવામાં આવ્યું છે. પરંપરાઓનું ગમે તેટલું પ્રાબલ્ય હોય છતાં કાનૂનના યોજકો નિષ્ઠાપૂર્વક તેના અમલ માટે જો કટિબદ્ધ હશે તો સમય જતાં આ કાનૂનો ભારતીય સમાજમાં પરિવર્તનની નવી કેડીઓ આંકી આપશે.

## 3.4 ભારતમાં સામાજિક કાનૂનીકરણ અને તે દ્વારા આવેલાં પરિવર્તન

સામાજિક કાનૂનીકરણનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે, પરંતુ અહીં સંસ્થાકીય પરિવર્તનો નિપજાવવામાં જે સામાજિક કાયદાઓએ અસર ઉપજાવી છે તેવા કાનૂનોનો વિચાર કરીશું.

### 3.4.1 કાનૂનીકરણ અને જ્ઞાતિ પરિવર્તન

*'જ્ઞાતિ અસમર્થતા નિવારણ' કાનૂને જ્ઞાતિવ્યવસ્થાની અખંડિતતા ઉપર પ્રહાર કર્યો. જ્ઞાતિની સત્તાને નબળી પાડી અને વ્યક્તિ પરનો જ્ઞાતિનો અંકુશ ઘટવા પામ્યો. જ્ઞાતિ અત્યાચાર નાબૂદી કાનુને જ્ઞાતિની પરંપરાગત સત્તા ઉપર અંકુશ મૂક્યો. આ કાયદાની જોગવાઈ અનુસાર જ્ઞાતિના રિવાજો વિરુદ્ધ આચરણ કરનારની સામે જ્ઞાતિ દ્વારા શિક્ષા થઈ શકતી નથી. કાયદાભંગ બદલ જ્ઞાતિપંચ સામે પગલાં લઈ શકાય છે. આ કાયદા મુજબ જ્ઞાતિના આધારે ભેદભાવભર્યું, ઘૃણાજનક, અપમાનજનક વર્તન કરવું તે ગુનો બને છે. આવા કાયદાઓને લીધે જ્ઞાતિપંચોની પરંપરાગત સત્તા ઉપર કાપ આવ્યો. ફોજદારી ગુનાઓનો નિર્ણય કરવાની જ્ઞાતિપંચોની સત્તા અદાલતો પાસે ચાલી ગઈ.*

**(i)** *'સ્પેશ્યલ મેરેજ એક્ટ' દ્વારા આંતરજ્ઞાતિય લગ્નને કાનૂની માન્યતા મળી. એટલું જ નહીં પરંતુ આ કાયદાએ આંતરધર્મી અને આંતરકોમી લગ્નને પણ સ્વીકૃતિ આપી. આ કાયદો બિનસાંપ્રદાયિક છે. 'આર્યસમાજ મૅરેજ વેલિડિટી ઍક્ટ' આંતરજ્ઞાતિય લગ્નને કાનૂની માન્યતા પ્રદાન કરે છે. હિંદુ મૅરેજ વેલિડિટી ઍક્ટ દ્વારા જુદા જુદા ધર્મો, જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્નોને માન્યતા મળી. '1955ના હિંદુ લગ્ન અને છૂટાછેડાના કાયદા' દ્વારા હિંદુ લગ્ન ઉપરના જ્ઞાતિનાં નિયંત્રણોનો અંત લાવવામાં આવ્યો. આ કાયદાએ અનુલોમ અને પ્રતિલોમ લગ્નને માન્યતા અને સમર્થન આપ્યું.*

**(ii)** *'અસ્પૃશ્યતા અપરાધ કાનૂને' જ્ઞાતિવ્યવસ્થામાં જે ધાર્મિક અને નાગરિક જીવનની અસમર્થતાઓ પ્રવર્તતી હતી તે નાબૂદ કરી. પછાત ગણાતી જ્ઞાતિઓને નાગરિક જીવનના, ધાર્મિક જીવનના અને સામાજિક જીવનના કેટલાક અધિકારોથી વંચિત રાખવામાં આવેલ તે વંચિતપણું દૂર કરવામાં આવ્યું અને અસ્પૃશ્યતાના આચરણને ગુનો ગણવામાં આવ્યો.*

*જ્ઞાતિસંબંધી કાયદાઓએ જ્ઞાતિની પરંપરાગત સત્તા નબળી પાડી, જ્ઞાતિનાં પરંપરાગત લક્ષણોમાં આમૂલ પરિવર્તન માટેની અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કર્યું. આ કાયદાઓએ વ્યક્તિને જ્ઞાતિનાં બંધન અને નિયંત્રણમાંથી મુક્ત થવા શક્તિમાન બનાવી. જ્ઞાતિના પાયા પરની અસમાનતા દૂર કરવામાં આ કાયદાઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આંતરજ્ઞાતિય લગ્નોને અને સ્વપસંદગી લગ્નોને પ્રોત્સાહન આપવામાં તથા અસ્પૃશ્યતા–નિવારણમાં આ કાયદાઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે.*

### 3.4.2 કાનૂનીકરણ અને લગ્નસંસ્થામાં પરિવર્તન

**(i)** *પરંપરાગત હિંદુ લગ્ન એક સંસ્કાર તરીકે ગણાતું, આથી લગ્ન અનિચ્છનીય ગણાતું - વિધવા સ્ત્રીને પુનર્લગ્નનો અધિકાર ન હતો તેમજ બાળલગ્ન સામાન્ય પ્રથા હતી. લગ્નસંબંધી વિભિન્ન કાયદાઓએ લગ્નસંસ્થાનાં આ તત્ત્વો ઉપર ઘેરો પ્રભાવ પાડ્યો છે. 'હિંદુ વિધવા પુનર્લગ્ન કાનૂન' હિંદુ વિધવાને પુનર્લગ્નનો અધિકાર આપે છે. તે ફરજિયાત*

*વૈધવ્યનો અંત લાવે છે તેમજ તેને વિધવા જીવન સંબંધી રિવાજો-સર્જિત યાતનામય જીવનમાંથી મુક્ત કરે છે. આ કાયદાએ લગ્નની અનિચ્છનિયતા કે સંસ્કાર સ્વરૂપ ઉપર પ્રહાર કર્યો. આ કાયદાની અસર હેઠળ વિધવા પુનર્લગ્ન શક્ય બન્યાં અને બાળવિધવાની સમસ્યા ઉત્તરોત્તર હળવી બનવા લાગી.*

**(ii)** *'બાળલગ્ન પ્રતિબંધક કાનૂન' અને હિંદુ લગ્નના કાયદા દ્વારા લગ્નવય ઉત્તરોત્તર ઊંચી લઈ જવામાં આવી. આ કાયદા અનુસાર છોકરા-છોકરી માટે લગ્નવય અનુક્રમે* 21 *અને* 18 *વર્ષ નક્કી કરવામાં આવી છે. આથી બાળલગ્નપ્રથાનો અંત લાવવામાં કે તેને અંકુશમાં લાવવામાં આ કાયદો અગત્યનો ભાગ ભજવે છે. આ કાયદો પુખ્તવયના લગ્નને જ કાનૂની માન્યતા પ્રદાન કરે છે. આથી સ્વપસંદગી લગ્નને પ્રોત્સાહન મળે છે. એટલું જ નહીં પરંતુ તે વ્યક્તિને શિક્ષણ મેળવવા માટેની તક પૂરી પાડે છે. હિંદુ લગ્નનો કાયદો છૂટાછેડા માટેની પણ જોગવાઈ કરે છે. તે વ્યક્તિને દુઃખી દાંપત્યજીવનનો અંત લાવવા શક્તિમાન બનાવે છે. આ કાયદા લગ્નના સંસ્કાર તત્ત્વ ઉપર પ્રહાર કરે છે. એટલે લગ્ન એ ભવોભવનું બંધન છે, તેવી માન્યતાને નિર્મૂળ કરે છે. આ કાયદા હેઠળ છૂટાછેડાની જોગવાઈ થતાં હવે છૂટાછેડા શક્ય બન્યા છે અને છૂટાછેડા અંગેનાં પરંપરાગત વલણોમાં પરિવર્તન આવવા લાગ્યું છે.*

*'સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ', 'હિંદુ લગ્ન અસમર્થતા નિવારણ કાનૂન' વગેરે કાયદાઓ જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વિશાળ બનાવે છે. તે આંતરજ્ઞાતિય અને આંતરધર્મીય લગ્નોને કાનૂની સમર્થન પૂરું પાડે છે. આથી પરંપરાગત સ્વરૂપનાં જીવનસાથીની પસંદગી પરનાં નિયંત્રણો દૂર થવા પામે છે. આંતરજ્ઞાતિય લગ્નો પ્રત્યે અનુકૂળ વાતાવરણ સર્જાઈ રહ્યું હોવાનું કેટલાંક સંશોધનો પરથી જણાય છે.*

**(iii)** *હિંદુ લગ્નનો કાયદો, સ્પેશ્યલ મેરેજ ઍક્ટ તેમજ દ્વિપત્ની પ્રતિબંધક કાનૂન બહુસાથી લગ્ન ઉપર પ્રતિબંધ મૂકે છે. આ કાયદાની જોગવાઈ મુજબ લગ્નસમયે પુરુષ અથવા સ્ત્રીને અગાઉની પત્ની અથવા પતિ હયાત હોવા ન જોઈએ. લગ્નસમયે બેમાંથી કોઈપણ પક્ષના પતિ અથવા પત્ની જીવંત હોય તો ઈન્ડિયન પીનલ કોડ મુજબ જેલ અને દંડની સજાપાત્ર ગુનો બને છે.*

*આમ, કાનૂનીકરણે લગ્નવય ઊંચી લઈ જવામાં, વિધવા પુનર્લગ્ન પરનાં નિયંત્રણો દૂર કરી વિધવા પુનર્લગ્નને શક્ય બનાવવામાં, લગ્નનું સંસ્કારસ્વરૂપ બદલીને લગ્નને એક કરારી સંબંધ તરફ લઈ જવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એટલું જ નહીં પરંતુ લગ્ન પ્રત્યે બિનસાંપ્રદાયિક વલણોના વિકાસમાં પણ આ કાયદા ભાગ ભજવે છે. કાનૂનીકરણ આંતરજ્ઞાતિય લગ્નનો તેમજ છૂટાછેડાનો સ્વીકાર કરી તે માટે અનુકૂળતા કરી આપે છે. કાયદા દ્વારા બહુપત્ની અને બહુપતિલગ્ન પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાઈ જતાં એકસાથી લગ્ન એ માત્ર લગ્નનો એક જ પ્રકાર હવે માન્ય રહ્યો છે.*

### 3.4.3 કાનૂનીકરણ અને કુટુંબ સંસ્થામાં પરિવર્તન

*ભારતીય કુટુંબવ્યવસ્થામાં પરિવર્તન નિપજાવવામાં સામાજિક કાનૂનીકરણ એક મહત્ત્વનું પરિબળ રહ્યું છે. લગ્ન, છૂટાછેડા અને મિલકતોના વારસા સંબંધી કાનૂનોએ પરંપરાગત સંયુક્ત કુટુંબની રચના અને કાર્યમાં મૂળભૂત પરિવર્તનો નિપજાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે.*

**(i)** Hindu Gains of Learning Act, 1930*થી સંયુક્ત કુટુંબની મિલકતમાંથી ખર્ચ કરીને કોઈ સભ્ય વિદ્યાભ્યાસ કર્યો હોય છતાં તેવો સભ્ય પોતાના શિક્ષણના કારણે જે કાંઈ કમાણી કરે તેવી કમાયેલી મિલકત પર તેને આગવો અને સ્વતંત્ર મિલકત અધિકાર આપવામાં આવ્યો. આ કાયદાથી સંયુક્ત કુટુંબમાં રહેતા સભ્યોની મિલકતનાં બે સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં. કુટુંબની મિલક્ત (પૈતૃક મિલકત) સંયુક્ત માનવામાં આવી, પણ વ્યક્તિએ પોતાના શિક્ષણ કે જ્ઞાન* (Learning) *થી જે કમાણી કરી હોય તેવી મિલકતને વ્યક્તિગત મિલકત માનવામાં આવી. આમ, પોતાના શિક્ષણને આધારે કમાતી વ્યક્તિઓને આર્થિક સ્વાતંત્ર્ય પ્રદાન કરવામાં આવ્યું. કાનૂની દૃષ્ટિએ સંયુક્ત કુટુંબની સંયુક્તતાનો મુખ્ય આધાર મિલકતની સંયુક્તતા છે. આથી આ કાયદાએ સંયુક્ત કુટુંબની મૂળભૂત વિભાવના ઉપર જ પ્રહાર કર્યો.*

**(ii)** 1946*ના 'પરિણીત હિંદુ સ્ત્રી પૃથકનિવાસ અને ભરણપોષણ અધિકાર કાનૂન' વડે કેટલીક પરિસ્થિતિઓમાં સ્ત્રીને પોતાના પતિથી અલગ રહેવાનો અને પતિ પાસેથી ભરણપોષણનું ખર્ચ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો. પતિને ભયંકર રોગ થયો હોય, પતિની ક્રૂરતાના કારણે તેની સાથે રહેવું ભયજનક હોય, પતિએ પત્નીનો ત્યાગ કરી દીધો હોય, તેણે બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધું હોય, પતિએ ધર્મપરિવર્તન કરી લીધું હોય કે તેણે ઘરમાં કે બહાર રખાત રાખેલ હોય વગેરે કારણોમાંથી ગમે તે એક કારણસર હિંદુ સ્ત્રી ઈચ્છે તો પતિથી અલગ રહેવા માટે અને ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે. શ્રી કાપડિયા કહે છે તે મુજબ, આ કાયદાથી પતિવ્રતાના આદર્શને ફટકો પડ્યો. સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રગટ થયું અને તેની અનેક અસરો સંયુક્ત કુટુંબ ઉપર પડી.*

*હિંદુ સ્ત્રીના મિલકત અધિકારો સંબંધી* 1956*નો હિંદુ વારસાધારો* (The Hindu Succession Act, 1956) *આ ક્ષેત્રમાં વધુ ક્રાંતિકારી પગલું છે. આ કાયદાની કલમ* 16 *મુજબ સ્ત્રી તેની બધી જ મિલકતની માત્ર મર્યાદિત નહીં પણ સંપૂર્ણ માલિક બને છે. આમ, પિતાની સ્વતંત્ર મિલકતમાં પુત્રના જેટલા જ અધિકારો પુત્રી પણ પ્રાપ્ત કરે છે, તેમજ પુત્રીનું લગ્ન, તેના વારસા અધિકારોને બાધક નીવડતું નથી. સ્ત્રીઓને કુટુંબની મિલકતમાં વારસો મેળવવાનો અધિકાર મળતાં તેની અનેક અસરો કુટુંબવ્યવસ્થા પર પડી.*

### 3.4.4 કાનૂનીકરણ અને સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન

*કાનૂનીકરણે સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. બાળલગ્ન પ્રતિબંધક કાનૂન, સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ, હિંદુ વારસાધારો, હિંદુ લગ્નનો અને છૂટાછેડાનો કાયદો, દહેજ પ્રતિબંધક કાનૂન, સમાન વેતનધારો અને પ્રસૂતિ-રાહત કાનૂન, સુધારેલો ફોજદારી કાયદો, દેવદાસી અને સતીપ્રથા અને વેશ્યાવ્યવસાય પ્રતિબંધક કાનૂન, કાનૂની સહાય યોજના, કાનૂની શિક્ષણ કાર્યક્રમ અને કુટુંબ અદાલત જેવી કાનૂની જોગવાઈઓએ સ્ત્રીને પુરુષ સમકક્ષ દરજ્જો પૂરો પાડવામાં, સ્ત્રી જીવન પરનાં નિયંત્રણો દૂર કરવામાં તથા સ્ત્રીની સમસ્યાઓને નિયંત્રિત કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.*

*ફોજદારી કાયદાથી દેવદાસી પ્રથા ઉપર કાનૂની પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્પેશ્યલ મેરેજ ઍક્ટ બાળલગ્ન, બહુપતિ અને બહુપત્નીપ્રથા ઉપર નિયંત્રણ મૂકી સ્ત્રી પુરુષ બંને માટે સમાનતાના ધોરણે જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વિશાળ બનાવે છે તથા બંનેને સમાનતાના ધોરણે છૂટાછેડાનો અધિકાર આપે છે. હિંદુ લગ્નના કાયદાથી સ્ત્રીને પુરુષ સમકક્ષ લગ્ન, છૂટાછેડા અને પુનર્લગ્નનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ કાયદો એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્ત્રીનું ગૌરવ પ્રસ્થાપિત કરે છે. આ કાયદાથી હવે પત્ની તેના પતિના ત્રાસમાંથી મુક્તિ મેળવી શકે છે અને પુનર્લગ્ન કરી શકે છે. એટલું જ નહી પરંતુ કોઈ પુરુષ તેની પત્નીનો ત્યાગ કરે તો તેણી છૂટાછેડા માગી શકે અને વચગાળાના સમય માટે અદાલત પત્નીને ભરણપોષણ પૂરું પાડવા માટે પતિને ફરજ પાડી શકે છે. કાયદો સ્ત્રી પુરુષની અસમાનતાની પરંપરા ઉપર પ્રહાર કરે છે. તે પતિના પત્ની પરના આધિપત્યનો ઈન્કાર કરે છે, તેમજ લગ્નવિષયક અધિકારોમાં સ્ત્રી અને પુરુષ સમકક્ષ છે એવું પ્રસ્થાપિત કરે છે. સંક્ષેપમાં, બંધારણની ભાવનાને મૂર્તિમંત કરવા, લૈંગિક સમાનતા સ્થાપવા અને સ્ત્રીની નિર્યોગ્યતાઓ દૂર કરવા નારીમુક્તિની દિશામાં હિંદુ લગ્નનો કાયદો એક સીમાચિહ્નરૂપ બની રહે છે. આ કાયદો બહુપતિ, બહુપત્ની અને બાળલગ્નપ્રથા પર સીધું નિયંત્રણ મૂકી જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર સ્ત્રી-પુરુષ બંને માટે વિશાળ બનાવે છે તથા સ્ત્રી-પુરુષ બંનેને છૂટાછેડાની સમાન તક આપે છે. હિંદુ વારસદાર કાયદો પુરુષ અને સ્ત્રી વારસદારો વચ્ચેનો પરંપરાગત ભેદભાવ નાબૂદ કરે છે અને તેમાં પુત્રીને પુત્ર સમોવડી ગણવામાં આવી છે. દહેજ પ્રતિબંધક ધારા મુજબ દહેજ માગનારને જેલની સજા અને દંડ થઈ શકે છે, એટલું જ નહી પરંતુ દહેજ આપવા-લેવાની બાબતમાં મદદ કરનાર પણ સજાપાત્ર બની શકે છે. આ કાયદાના ભંગ બદલના કેસમાં સમાધાન થઈ શકતું નથી, તેમજ દહેજ પ્રથાનો ભોગ બનનાર કોર્ટમાં જઈ શકે છે. એટલું જ નહી પણ સ્ત્રી- સંગઠન પણ કોર્ટમાં જઈ શકે છે. સમાન વેતન અંગેનો કાયદો વેતનની બાબતમાં લિંગના ભેદભાવ દૂર કરે છે. પ્રસૂતિ-રાહત કાનૂન સ્ત્રીને પ્રસૂતાવસ્થાના લાભો આપી પોતાનું જીવન સુધારવા માટે જરૂરી એવી પરિસ્થિતિનું નિર્માણ કરી આપે છે. સુધારેલો ફોજદારી કાયદો દહેજ-મૃત્યુના વધતા જતા કિસ્સા રાકવા માટે તથા સ્ત્રીઓ પરના વધતા જતા બળાત્કારોને રોકવા માટે અમલમાં મૂકવામાં આવ્યો છે. સ્ત્રીઓને કાનૂની સહાય અને*

*શિક્ષણ દ્વારા અધિકારો ભોગવવા શક્તિમાન બનાવવામાં આવી છે. સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં કાનૂનીકરણ આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. તે સ્ત્રીના સ્થાનને ઊંચું લઈ જવામાં સહાયક નીવડે છે તથા સ્ત્રીને પુરુષ સમોવડી બનવા માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરી આપે છે.*

## 3.5 સારાંશ

*બ્રિટિશ અમલ દરમિયાન શરૂ થયેલી સામાજિક કાનુનીકરણની પ્રક્રિયાનું ફલક સ્વતંત્ર ભારતમાં વ્યાપક બન્યું. સામાજિક કાનૂનોએ સૈદ્ધાંતિક રીતે સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપી, વ્યક્તિને જ્ઞાતિના નિયંત્રણમાંથી મુક્ત કરતી પરિસ્થિતિનું નિર્માણ કર્યું અને પરંપરાગત ભારતીય સમાજને આધુનિક કક્ષા પર મૂકવા માટેનો બુદ્ધિપૂર્વકનો પ્રયાસ કર્યો. કેટલાક સામાજિક કાયદાઓ જેવા કે સતીપ્રથા પ્રતિબંધક કાનૂન, બાલિકાહત્યા પ્રતિબંધક કાનૂન, દ્વિપત્ની પ્રતિબંધક કાનૂન વગેરેને સારી એવી સફળતા સાંપડી છે. જ્યારે બાળલગ્ન પ્રતિબંધક કાનૂન, અસ્પૃશ્યતા નિવારણ કાનૂન, જ્ઞાતિ-જુલમ પ્રતિબંધક કાનૂન વગેરેને આંશિક સફળતા મળી છે. તો બીજી બાજુ, વિધવા- પુનર્લગ્ન કાનૂન, દહેજપ્રથા પ્રતિબંધક કાનૂન વગેરે નહિવત્ અસરકારક રહ્યાં છે. વળી, કાનૂની દિશામાં જે કાંઈ સામાજિક પરિવર્તનો આવ્યાં છે તે કાનૂનને કારણે જ છે કે પરિસ્થિતિજન્ય છે કે પછી કાનૂન અને પલટાયેલી પરિસ્થિતિ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયા સ્વરૂપે છે તે નક્કી કરવું મુશ્કેલ છે. કાનૂનોની કેટલીક ખામીઓ તેની અસરકારકતાને નિર્મૂળ બનાવી દે છે. આથી કાનૂનોનો અમલ, તેની ખામીઓ તથા તેની અસરોનું મૂલ્યાંકન કરતું કોઈ પદ્ધતિસરનું ક્રિયાતંત્ર આવશ્યક છે. સામાજિક કાનૂનીકરણ દ્વારા સામાજિક પરિવર્તન લાવવાના પ્રયાસોમાં જ્ઞાતિ અને સંયુક્ત કુટુંબપ્રથા મોટો અવરોધ ઊભો કરે છે. વળી, ગ્રામસમુદાયો સુધી આ સામાજિક કાનૂનો કેટલે અંશે પહોંચ્યા છે તે પણ એક પ્રશ્ન છે.*

*માત્ર સામાજિક કાનૂનોથી જ ઈચ્છિત પરિવર્તન લાવી શકાશે તેમ માનવું ભૂલભરેલું છે. સામાજિક પરિવર્તન માટેની કાનૂની પદ્ધતિની સાથોસાથ તેને સુસંગત એવી અન્ય પદ્ધતિઓનું તેની સાથે સંયોજન કરતું ક્રિયાતંત્ર કાર્યાન્વિત બને તે પણ તેટલું જ જરૂરી છે.*

*ભારતીય સમાજે સૈદ્ધાંતિક રીતે આધુનિકતા તરફ પ્રયાણ કર્યું છે, પરંતુ વ્યવહારમાં આધુનિકતા અને પ્રણાલિકા* (Tradition) *સંઘર્ષની પરિસ્થિતિમાં છે. જૂની પ્રણાલિકાઓ પર કાનૂની પ્રહાર થવા છતાં હજુ જૂની પ્રણાલિકામાં ઘણું જોમ છે. આથી એવી કાનૂની પરિસ્થિતિનું નિર્માણ કરવું જરૂરી છે કે જેમાં જૂની પ્રણાલિકાઓ ટકી ન શકે તેમજ તે ધીમે ધીમે અયોગ્ય લાગે. આવી પરિસ્થિતિ સર્જીને કાનૂન પરોક્ષ રીતે નવી આધુનિક પ્રણાલિકા ઊભી કરી શકે. જેટલા પ્રમાણમાં કાનૂન પ્રણાલિકાને પરોક્ષ રીતે અસર કરે તેટલા પ્રમાણમાં તે જૂની પ્રણાલિકાને ઝડપથી બદલી શકે અને નવી આધુનિક પ્રણાલિકા સર્જી શકે.*

## 3.6 ઉપયોગી પુસ્તકો

(1) *શાહ એ.જી. અને દવે જે. કે.* (2011-2012), *'આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન', અનડા પ્રકાશન, અમદાવાદ.*

(2) *શર્મા, રામનાથ અને શર્મા, રાજેન્દ્ર* (1995), *'સમાજશાસ્ત્ર કે સિદ્ધાંત' એટલાંટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.*

(3) *શર્મા, રાજેન્દ્ર* (1996), 'Fundamentals of Sociology' *એટલાંટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.*

(4) *રાવત, એચ. કે.* (2007), 'Sociology : Basic Concepts', *રાવત પબ્લિકેશન્સ, જયપુર*

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

### 3.7.1 મોટા પ્રશ્ન

**(1) સામાજિક કાનૂનીકરણનો અર્થ જણાવી ભારતમાં કાયદો-સામાજિક પરિવર્તનના એક પરિબળ તરીકે આ વિશે ચર્ચા કરો.**

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

### 3.7.2 ટૂંકનોંધ લખો.

**(1) કાનૂનીકરણ અને જ્ઞાતિસંસ્થામાં પરિવર્તન**

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

**(2)** **કાનૂનીકરણ અને કુટુંબસંસ્થામાં પરિવર્તન**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**(3)** **કાનૂનીકરણ અને લગ્નસંસ્થામાં પરિવર્તન.**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**(4)** **કાનૂનીકરણ અને સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**…………………………………………………………………………………**

**3.7.3** **બહુવિકલ્પવાળા પ્રશ્નો**

(1) **……….ના હિન્દુ લગ્ન કાનૂન પહેલાં બહુપત્નીલગ્ન માન્ય અને સ્વીકૃત હતું.**
(A) 1955 (B) 1956 (C) 1957 (D) 1958

(2) **………..ના હિન્દુ વારસાધારાથી પુત્રની જેમ પુત્રીને પણ સમાન રીતે** *પિતાની* **મિલકતમાંથી વારસાનો હક્ક મળ્યો.**
(A) 1955 (B) 1956 (C) 1957 (D) 1958

(3) **……….. આંતરજ્ઞાતિય લગ્નને કાનૂની માન્યતા પ્રદાન કરે છે.**
(A) *આર્યસમાજ* (B) *હિન્દુ મેરેજ વેલિડેટિંગ એક્ટ*
(C) *આર્યસમાજ મેરેજ વેલિડિટી એક્ટ* (D) *કોઈપણ નહીં.*

(4) **………..ના હિન્દુ લગ્ન અને છૂટાછેડાના કાયદા દ્વારા હિન્દુ લગ્ન ઉપરના** *જ્ઞાતિના નિયંત્રણોનો અંત લાવવામાં આવ્યો.*
(A) 1952 (B) 1953 (C) 1954 (D) 1955

(5) **………..ના 'પરિણીત હિન્દુ સ્ત્રી પૃથકનિવાસ અને ભરણપોષણ અધિકાર કાનૂન' વડે કેટલીક પરિસ્થિતિઓમાં સ્ત્રીને પોતાના પતિથી અલગ રહેવાનો** *અને* **પતિ પાસેથી ભરણપોષણનું ખર્ચ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો.**
(A) 1945 (B) 1946 (C) 1947 (D) 1948

**જવાબો :**

(1) (A) 1955
(2) (B) 1956
(3) (C) *આર્યસમાજ મેરેજ વેલિડિટી એક્ટ*
(4) (D) 1955
(5) (B) 1946

| એકમ - 4 | ભારતમાં સુધારણાવાદી ચળવળો, આંદોલનો અને સ્વૈચ્છિક સંગઠનો |
|---|---|

**:: રૂપરેખા ::**

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 સુધારણાવાદી આંદોલનો**

**4.2.1 બ્રહ્મોસમાજ**

**4.2.2 પ્રાર્થનાસમાજ**

**4.2.3 આર્યસમાજ**

**4.2.4 રામકૃષ્ણ મિશન**

**4.2.5 થિયોસોફિકલ સોસાયટી**

**4.3 ઉપયોગી પુસ્તકો**

**4.4 તમારી પ્રગતિ ચકાસો**

**4.4.1 મોટા પ્રશ્નો**

**4.4.2 ટૂંકનોંધ લખો**

**4.4.3 બહુવિકલ્પવાળા પ્રશ્નો**

## 4.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે....*

- *સુધારણાવાદી આંદોલનની સમજણ પ્રાપ્ત કરી શકશો.*
- *બ્રહ્મોસમાજ વિશે સમજી શકશો.*
- *પ્રાર્થનાસમાજના કાર્યો, ઉદ્દેશો જાણી શકશો.*
- *આર્યસમાજની વિવિધ પ્રવૃત્તિઓથી પરિચિત થશો.*
- *રામકૃષ્ણ મિશનની કામગીરી વર્ણવી શકશો.*
- *થિયોસોફિકલ સોસાયટીની કામગીરી વર્ણવી શકશો.*

## 4.1 પ્રસ્તાવના

*આધુનિક અંગ્રેજી શિક્ષણથી ભારતમાં નવો શિક્ષિત બુદ્ધિજીવી વર્ગ વિકસ્યો. ભારતમાં સામાજિક પરિવર્તન લાવવાના હેતુથી આ શિક્ષિત વર્ગે પશ્ચિમીકરણ પ્રત્યેના પ્રતિભાવની ઢબ તરીકે સ્વૈચ્છિક સંગઠનો સ્થાપ્યાં. બીજા શબ્દોમાં કહીએ તો, બ્રિટિશ*

અમલ દરમિયાન ભારતમાં પુનર્જાગરણની પ્રક્રિયાનો આરંભ થયો. ભારતનું પુનર્જાગરણ દ્વિમાર્ગી હતું. એટલે કે એક બાજુ પરિવર્તન માટે ભારતીય આગેવાનો પશ્ચિમી સમાજ અને સંસ્કૃતિને નમૂના તરીકે અપનાવવા લાગ્યા, જ્યારે બીજા કેટલાક નેતાઓ પરિવર્તન માટે ભારતના ભૂતકાળની પરંપરાઓ સજીવન કરવાનું જરૂરી ગણવા લાગ્યા. આમ, ભારતમાં સામાજિક પરિવર્તન લાવવાના હેતુસર સ્થપાયેલાં સ્વૈચ્છિક સંગઠનો બે સ્વરૂપે વિકસ્યાં. પશ્ચિમના પાયા ઉપર ભારતીય સમાજમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરતાં સ્વૈચ્છિક સંગઠનોને 'સુધારણાવાદી સંગઠનો' તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે ભારતની ભૂતકાલીન પરંપરાના પાયા ઉપર પરિવર્તન લાવવા પ્રયત્ન કરતાં જે સંગઠનો વિકસ્યાં તેને 'પુનરુત્થાનવાદી સંગઠનો' તરીકે ઓળખવામાં આવે છે. અહીં આપણે આ બંને પ્રકારનાં, એટલે કે, સુધારણાવાદી સ્વૈચ્છિક સંગઠનો (જેમાં બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજનો સમાવેશ થાય છે) તેમજ પુનરુત્થાનવાદી સંગઠનો (જેમાં આર્યસમાજ, થિયોસોફિકલ સોસાયટી અને રામકૃષ્ણ મિશનનો સમાવેશ થાય છે)ની વિચારસરણી, પ્રવૃત્તિઓ તેમજ ભારતીય સમાજ અને સંસ્કૃતિ ઉપર તેની અસર વિશે વિગતવાર વિચારણા કરીશું. કારણ કે, આ પરિબળો (સ્વૈચ્છિક સંગઠનો) એ ભારતીય સમાજ અને સામાજિક સંસ્થાઓને નવી ભૂમિકા ઉપર મૂકી આપેલ છે. એટલું જ નહીં પણ આ સંગઠનોએ પરિવર્તનની દિશા અને સ્વરૂપ પણ નક્કી કરી આપેલ છે, જેની અસર નીચે ભારતમાં સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયા પણ વેગીલી બની.

## 4.2 સુધારણાવાદી આંદોલનો

ભારતમાં સુધારણાવાદી સંગઠનોનો ઉદ્ભવ અને વિકાસ અંગ્રેજી શિક્ષણના પરિણામ તરીકે જોવા મળે છે. શિક્ષણ દ્વારા સુધારકોએ પશ્ચિમી વિચારસરણી આત્મસાત્ કરી હોવાનું જોવા મળે છે. શિક્ષિત ભારતીયોમાં સમકાલીન ભારતીય સમાજ અને સંસ્કૃતિ તરફ અસંતોષ હતો. તેઓ સામંતશાહી મધ્યયુગીન સમાજવ્યવસ્થાના પ્રબળ વિરોધી હતા. ખાસ કરીને મીલના સ્વાતંત્ર્ય અને સ્ત્રી-પરાધીનતા ઉપરનાં લખાણો, ઓગસ્ટ કોમ્ટનો પ્રત્યક્ષવાદ અને હર્બર્ટ સ્પેન્સરના ઉત્ક્રાંતિના સિદ્ધાંતની અસર નીચે શિક્ષિત ભારતીયોની પ્રગતિના સિદ્ધાંતમાં શ્રદ્ધા વિકસી. માનવસંબંધો અને સંસ્થાઓને બુદ્ધિ અને તર્કના પાયા ઉપર પ્રસ્થાપિત કરવાનો વિચાર વિકસ્યો, સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્વાતંત્ર્યનાં મૂલ્યો વિકસ્યાં. આમ, સુધારણાવાદી સંગઠનોના ઉદ્ભવ અને વિકાસ માટે શિક્ષણે મહત્ત્વનું ઉદ્દીપન પૂરું પાડ્યું. આ માટેનું બીજું મહત્ત્વનું ઉદ્દીપન ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓએ પૂરું પાડ્યું. ખ્રિસ્તી મિશનરીઓ હિંદુ ધર્મ અને સંસ્કૃતિની આકરી ટીકા કરતા, હિંદુઓને ખ્રિસ્તી બનાવવાની પ્રવૃત્તિ કરતા અને પછાત વર્ગોમાં સામાજિક સેવાકાર્ય કરતા. મિશનરીઓની આવી પ્રવૃત્તિઓએ ભારતમાં શિક્ષિત બુદ્ધિજીવી વર્ગને સુધારણા માટેની પ્રેરણા પૂરી પાડી. કાનૂન દ્વારા સામાજિક સુધારણાનો વિચાર પણ તેમણે ખ્રિસ્તી મિશનરીઓ પાસેથી અપનાવ્યો. આમ, આધુનિક શિક્ષણ અને ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિ-એ બે ઉદ્દીપનોની અસર નીચે પશ્ચિમી વિચારસરણી અથવા

*ઉદારમતવાદ ભારતમાં પ્રવેશ્યો અને તેના તરફ પ્રતિભાવની ઢબ તરીકે બ્રિટિશ અમલ દરમિયાન સુધારણાવાદી સંગઠનો વિકસ્યાં. આવાં સંગઠનોમાં બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજની સુધારણા ચળવળ અને તેની અસર ધ્યાન ખેંચે એવી છે. જ્યારે સ્વાધીન ભારતમાં સર્વસેવાસંઘ અને તેની સર્વોદયી ચળવળ ઉદારમતવાદના વિકલ્પ તરીકે તથા બીજી બાજુ સામ્યવાદના વિકલ્પ તરીકે માનવજીવન અને સંસ્કૃતિની એક રીત સ્વરૂપે સામાજિક સાંસ્કૃતિક વ્યવસ્થામાં ગીતાના નીતિશાસ્ત્રનું સંસ્થીકરણ કરવાનો પ્રયાસ કરી રહેલ છે.*

### 4.2.1 બ્રહ્મોસમાજ

*ભારતમાં સૌપ્રથમ બ્રહ્મો સમાજના નેતા તરીકે સુધારણાની પ્રવૃત્તિનો પ્રારંભ રાજા રામમોહન રૉયે કર્યો. વિભિન્ન પરિબળોની અસરને લીધે રૉયના વ્યક્તિત્વ અને વિચારસરણીનું વિશિષ્ટ ઘડતર થયું. તેઓ એકેશ્વરવાદી, માનવતાવાદી, ઉદારમતવાદી, બુદ્ધિવાદી, સ્વાતંત્ર્યપ્રેમી, વિજ્ઞાનવાદી, શિક્ષણપ્રેમી અને રાષ્ટ્રવાદી બન્યા. સમકાલીન પરિસ્થિતિ પ્રત્યેની પ્રતિક્રિયારૂપે તેમનામાં નેતૃત્વના ગુણો વિકસ્યા અને તેઓ સુધારક નેતા બન્યા.*

*રૉય સર્વાંગી સુધારક હતા. ભારતીય સમાજ અને સંસ્કૃતિ તેમને યુરોપિયન સમાજ અને સંસ્કૃતિની તુલનામાં પછાત જણાઈ. તેમને લાગ્યું કે યુરોપિયન સમાજ અને સંસ્કૃતિની હરોળમાં ભારતને લાવ્યા વિના છૂટકો નથી. રૉય માનતા કે બ્રિટિશ અમલની શરૂઆતથી જ ભારત આધુનિક યુગમાં પ્રવેશે છે. આધુનિક યુરોપના વ્યક્તિવાદી ધાર્મિક-સામાજિક અને રાજકીય સિદ્ધાંતોના હિમાયતી અને પ્રચારક બનીને તેમણે ભારતમાં સર્વાંગી સુધારણાની શરૂઆત કરી. આમ છતાં તેમની સર્વાંગી સુધારણાની પ્રવૃત્તિમાં ધાર્મિક અને સામાજિક સુધારણા સવિશેષ છે અને રાજકીય તથા આર્થિક સુધારણા ગૌણ રહી છે.*

*સુધારણા માટે તેમણે હિંદુ, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ તથા યુરોપના ઉદાર બુદ્ધિવાદનો સમન્વય કરી વિશિષ્ટ પદ્ધતિથી ભારતમાં નવજાગૃતિ લાવવાનું તથા સર્વાંગી સુધારણાનો પાયો નાખવાનું કાર્ય કર્યું. આ માટે તેમણે રૂઢિગત અને કાનૂની એવી બંને પદ્ધતિનો આશ્રય લીધો તથા શિક્ષણપ્રચાર અને પત્રકારિત્વને સુધારણાના સાધન તરીકે અપનાવ્યા.*

#### (અ) ધાર્મિક સુધારણા

*રૉયે 1818માં બ્રહ્મો સભાની સ્થાપના કરી, જેને 1828થી બ્રહ્મોસમાજ નામ આપવામાં આવ્યું.*

**(i) મૂર્તિપૂજા અને અનેકેશ્વરવાદનો વિરોધ :** *વિધિવિધાન અને કર્મકાંડનો ઉચ્છેદ કરવો એ રૉયની ધાર્મિક સુધારણાની નીતિ હતી. આ માટે તેમણે મૂર્તિપૂજા અને અનેકેશ્વરવાદનો વિરોધ કર્યો.*

**(ii) અંતઃકરણની શુદ્ધિ પર ભાર મૂકયો :** *રૉયે મૂર્તિપૂજા, કર્મકાંડ અને અંધશ્રદ્ધાનો વિરોધ કરી આંતરિક શુદ્ધિ અને આત્માની ઉન્નતિ ઉપર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આત્માની ઉન્નતિ દ્વારા જ સાચું પરિવર્તન લાવી શકાય. પરોપકારી વૃત્તિથી વર્તવું તે જ આત્માની ઉન્નતિ અને ઈશ્વરની સાચી પ્રાપ્તિ છે.*

**(iii) સાર્વત્રિક વિશ્વધર્મની સ્થાપના :** *વિભિન્ન ધર્મોના તુલનાત્મક અભ્યાસ દરમિયાન રૉયને સાર્વત્રિક ધર્મની આવશ્યકતા જણાઈ. રૉય પોતાને હિંદુ એકેશ્વરી તરીકે ઓળખાવતા. માનવતા, પરમેશ્વરની વંદના, પરોપકારવૃત્તિ અને બિનસાંપ્રદાયિક્તા ઉપર રચાયેલા એક સાર્વત્રિક ધર્મની તેમણે રજૂઆત કરી. રૉયના સાર્વત્રિક ધર્મ અનુસાર ધાર્મિક વૈવિધ્યમાં મૂળભૂત એક્તા રહેલી છે, બધા ધર્મોનો એક જ ઈશ્વર છે, બધા ધર્મોનું હાર્દ એક જ છે. ધાર્મિક ભેદભાવ ન રાખવો, સર્વધર્મ સમભાવ અને સહિષ્ણુતા એ સાર્વત્રિક ધર્મનાં મૂળભૂત તત્ત્વો છે. તેમણે ધાર્મિક એક્તા ઉપર ભાર મૂકીને મૂળભૂત આધ્યાત્મિક સંયોજન કરવાની હિમાયત કરી.*

**(iv) નિવૃત્તિને બદલે પ્રવૃત્તિ ઉપર ભાર મૂક્યો :** *રૉયે શંકરાચાર્યના માયાવાદ - બ્રહ્મ સત્ય જગતમિથ્યાવાદ અને નિવૃત્તિ માર્ગનો સ્વીકાર કર્યો ન હતો. માયાવાદનું નવું અર્થઘટન કરતાં તેમણે કહ્યું કે માયાવાદ એટલે પરમાત્માની એક અવ્યક્ત શક્તિ. જગતમિથ્યાનું નવું અર્થઘટન કરતાં જણાવ્યું કે જગતનું પરમાત્માથી અલગ અસ્તિત્વ નથી. આ સંદર્ભમાં જોવેડકર કહે છે તેમ વેદાન્તને પ્રવૃત્તિનું સ્વરૂપ આપીને નિવૃત્તિપરાયણ સમાજને કાર્યપરાયણ બનાવવાનો પ્રયાસ આધુનિક જમાનામાં સૌપ્રથમ રૉયે જ કર્યો છે.*

**(v) ગ્રંથપ્રામાણ્યવાદનો વિરોધ :** *વેદો અફર છે, ઈશ્વરચિત છે તેવી રૂઢ માન્યતા અને અંધશ્રદ્ધાનો રોયે વિરોધ કર્યો. તેમણે કહ્યું વેદો અફર નથી કે ઈશ્વરરચિત નથી. ધર્મ અને ધર્મના અભ્યાસ માટે બૌદ્ધિક અભિગમની તેમણે હિમાયત કરી.*

**(બ) સામાજિક સુધારણા**

*રૉય પશ્ચિમી ઉદાર લોકશાહી સંસ્કૃતિના પ્રશંસક હતા. તેમનો સામાજિક ઉદારમતવાદ ઉદાર શિક્ષણ, જ્ઞાતિબંધનોમાંથી મુક્તિ, સામાજિક સમાનતા, સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્વાતંત્ર્ય તથા માનવતા ઉપર રચાયેલો હતો. આ બધા વિચારો અને મૂલ્યોથી પ્રેરાઈને તેમણે ધાર્મિક સુધારણાની સાથોસાથ સામાજિક સુધારણા માટે પ્રયાસો કર્યા અને તે દ્વારા સામાજિક ક્ષેત્રે આધુનિક યુગનું ઉદઘાટન કર્યું.*

**(i) શિક્ષણ સુધારણા :** *રોયે ધાર્મિક સુધારણાની સાથોસાથ શિક્ષણ સુધારણાનું કાર્ય શરૂ કર્યું. રૉયને ભારતના આધુનિક શિક્ષણના પ્રણેતા કહેવામાં આવે છે. શિક્ષણક્ષેત્રમાં તેમણે નીચે મુજબના સુધારા કરાવ્યા :*

**પ્રચલિત સંસ્કૃત શિક્ષણનો વિરોધ :** *રોયે લખ્યું કે ભારતમાં શિક્ષણની જૂની પ્રથાને ટકાવી રાખવાથી ભારતમાં માત્ર અંધશ્રદ્ધા ટકી રહેશે. સંસ્કૃત શિક્ષણ વ્યવસ્થા ભારતને અંધકારમાં રાખશે અને લોકો સાચા વૈજ્ઞાનિક જ્ઞાનથી વંચિત રહેશે.*

**આધુનિક અંગ્રેજી શિક્ષણની હિમાયત :** *રૉયને આધુનિક અંગ્રેજી શિક્ષણના પ્રણેતા ગણવામાં આવ્યા છે. તેઓ આધુનિક અંગ્રેજી શિક્ષણના હિમાયતી હતા. અંગ્રેજી શિક્ષણને તેઓ પશ્ચિમી વૈજ્ઞાનિક અને લોકશાહી વિચારોના ખજાનાની ચાવી ગણતા.*

**સંગઠિત શિક્ષણની સ્થાપના :** *રૉયના પ્રયત્નોથી પાશ્ચાત્ય શિક્ષણ આપવા કલકત્તામાં* 1817*માં હિંદુ કૉલેજની સ્થાપના થઈ. પાછળથી આ કૉલેજ પ્રેસિડન્સી કૉલેજ બની. રોયે પોતે પણ કલકત્તામાં અંગ્રેજીમાં મફત શિક્ષણ આપતી બાળકોની શાળા શરૂ કરી.* 1822*માં સિમલામાં અંગ્રેજી શિક્ષણ આપતી શાળા શરૂ કરી. આ શાળા ઍંગ્લો- હિન્દુ સ્કૂલ તરીકે ઓળખાતી.* 1834*થી આ શાળા ઈન્ડિયન એકેડમી તરીકે ઓળખાવા લાગી.* 1826*માં રોયે વેદાન્ત કૉલેજ સ્થાપી.*

*આ રીતે રોયે સંગઠિત શિક્ષણવ્યવસ્થા વિકસાવી અને તેમાં આધુનિક અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું. રૉયના અંગ્રેજી શિક્ષણ અંગેના વિચારોની અસર નીચે મેકોલેએ ભારતમાં અંગ્રેજી ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવ્યું.*

*રૉયનું નેતૃત્વ અને તેમની વિચારસરણીની અસર નીચે ભારતમાં ઉદાર, વૈજ્ઞાનિક અને મુક્ત શિક્ષણની શરૂઆત થઈ. શિક્ષણને સંગઠિત સ્વરૂપ મળ્યું અને રૉયે સ્થાપેલી શિક્ષણ સંસ્થાઓથી ભારતમાં બુદ્ધિજીવી અને સુધારક વર્ગ તૈયાર થયો. આ રીતે શિક્ષણપ્રચાર અને સુધારણાના કાર્યના સંસ્થીકરણની પ્રક્રિયા ઝડપી બનવા લાગી.*

**(ii) જ્ઞાતિનો વિરોધ :** *રૉયના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજે જ્ઞાતિનો વિરોધ કર્યો, કારણ કે જ્ઞાતિ તેમને લોકશાહી, માનવતા અને રાષ્ટ્રવિરોધી લાગી હતી. રૉયના સુધારણાના કાર્યક્રમમાં જ્ઞાતિસુધારણા મહત્ત્વનો કાર્યક્રમ હતો. રૉય પોતે જ્ઞાતિબંધનોનો સંપૂર્ણ ત્યાગ કરી શક્યા નહોતા. તેમણે જ્ઞાતિ-નાબૂદી માટે જોરદાર ચળવળ પણ કરી ન હતી, આમ છતાં તેઓ જ્ઞાતિને રાષ્ટ્રીય ભાવનાના ઘડતરમાં વિઘાતક ગણતા.*

**(iii) સ્ત્રી-જીવનમાં સુધારણા :** *રૉય સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્ત્રી – સ્વાતંત્ર્યમાં માનતા, આથી તેમની સુધારણાની ચળવળમાં સ્ત્રી-જીવનમાં સુધારણાનું કાર્ય મોખરે રહ્યું હતું, જે નીચે મુજબ વર્ણવી શકાય :*

**સતીપ્રથા નાબૂદી :** *રૉયના સમયમાં બંગાળની સ્ત્રીઓ સામાજિક ગુલામીની અવસ્થામાં હતી. જે વર્ષમાં બ્રહ્મોસમાજ* (1818) *સ્થપાયેલો તે જ વર્ષમાં બંગાળમાં* 300 *થી વધુ વિધવા સ્ત્રીઓને જીવતી બાળી મૂકવામાં આવી હતી. રૉયે સતીપ્રથાના રિવાજને લાગણી, માનવતા અને બૌદ્ધિક પાયા ઉપર ધિક્કાર્યો હતો. રૉયનાં ભાભી પણ સતીપ્રથાનો ભોગ*

*બન્યાં હતાં. રૉયે શાસ્ત્રોના આધારે એવી રજૂઆત કરી કે સતી થવું તે ધાર્મિક ફરજ નથી. 1817 –18ના અરસામાં બંગાળમાં સતીઓની સંખ્યા ખૂબ જ વધી ગઈ હતી. આ રિવાજને અટકાવવા બ્રિટિશ સરકારે કેટલાંક નિયંત્રણો મૂકવાની શરૂઆત કરી. આથી સનાતની હિંદુઓએ સતીપ્રથા ઉપરનાં નિયંત્રણો રદ કરવા માટે બ્રિટિશ સરકારને અરજી કરી. સુધારક પક્ષ તરફથી રૉયે સનાતનીઓની અરજીના વિરોધમાં બ્રિટિશ સરકારને અરજી કરી અને સતીપ્રથાના અમાનુષી વર્તાવ સામે ઝુંબેશ ઉપાડી. રૉયે તથા લશ્કરી અમલદારોના સૂચનથી લોર્ડ બેન્ટિકે 1829માં સતીપ્રથા નાબૂદી કાયદો અમલી બનાવ્યો. આ કાયદા દ્વારા સતી થવાના વર્તનને ફોજદારી ગુનો ગણવામાં આવ્યો.*

**સ્ત્રી-સ્વાતંત્ર્ય :** *રૉયે સ્ત્રી-સ્વાતંત્ર્યનો વ્યાપક પ્રશ્ન હાથ ધર્યો. બાપદાદાની મિલકતમાં સ્ત્રીને પણ વારસો મળે તે માટે વિચારો રજૂ કર્યા. તેમણે પ્રાચીન સ્મૃતિ ગ્રંથોના આધારે ઓછામાં ઓછો પુત્રના મિલકત- હિસ્સાનો ચોથા ભાગ જેટલો હિસ્સો પુત્રીને મળવો જોઈએ તેવું પ્રતિપાદન કર્યું. રૉયે કહ્યું કે સ્ત્રીઓને આર્થિક સ્વતંત્રતા મળ્યા વિના તેમની સામાજિક ગુલામીનો અંત આવવાનો નથી.*

**સ્ત્રી-પરાધીનતાની અન્ય પ્રથાઓનો વિરોધ** *: રૉયે મા-બાપ કન્યા વિક્રય ન કરે અને બહુપત્નીની પ્રથા બંધ થાય તે માટે લોકોમાં જાગૃતિ લાવી. આ ઉપરાંત કુલીનશાહી, બાળલગ્ન, બાલિકાહત્યા, વિધવા પુનર્લગ્નનો નિષેધ વગેરે પ્રથાઓનો વિરોધ કર્યો. આવા રિવાજો બંગાળ અને ભારતના જુદા જુદા વિસ્તારોમાં પ્રચલિત અને વ્યાપક હતા તે બંધ કરવા લોકોમાં જાગૃતિ લાવવા તથા સમસ્યાઓ અંગે લોકોમાં સભાનતા વિકસાવવા પ્રયાસ કર્યો. જોકે, આ બધા પ્રયત્નોમાં તેઓ સફળ થયા નહીં પણ તેવી સુધારણા માટેનો પાયો નાખ્યો.*

*રાજા રામમોહનરોયે ભારતમાં પશ્ચિમી પાયા ઉપર સર્વાંગી સુધારણાનો પાયો નાખ્યો. રૉયની સરખામણી બેકન અને લ્યુથર સાથે કરવામાં આવી છે. ઓગણીસમી સદીની બધી સામાજિક, ધાર્મિક અને રાજકીય સુધારણાના મૂળ રૉયની વિચારસરણી અને પ્રવૃત્તિઓમાં રહેલા છે.*

*રૉયને ભારતીય જાગૃતિના ધ્રુવના તારા સમાન, ઓગણીસમી સદીની આધારશિલા, ભારતમાં નવા યુગનું ઉદ્ઘાટન કરનાર, વિકસિત ઉદાર વિચારોના બંધનમાંથી મુક્તિ અપાવનાર, રાષ્ટ્રવાદના પિતા, આધુનિક શિક્ષણશાસ્ત્રી વગેરે અનેક સ્વરૂપે બિરદાવવામાં આવ્યા છે. ડૉ. બક્ષીએ નોંધ્યું છે કે,* "Mahatma Gandhi regarded him as one of the gretest refromers of his time and father of advanced liberal thought in Hinduism."

*રૉયે ઉદારમતવાદના પાયા ઉપર વિશાળ રાષ્ટ્રીય દીવાલનું ચણતર કર્યું, અને રાષ્ટ્રીય સંસ્કૃતિના ઘડતરનો પાયો નાખ્યો. ભારતમાં આધુનિક સુધારણાનો ઈતિહાસ રોયથી શરૂ થાય છે. તેમણે ભારતીય સમાજને પલટાયેલી પરિસ્થિતિને અનુરૂપ ગતિશીલ સ્વરૂપ આપવામાં ફાળો આપી સામાજિક પરિવર્તનના મહત્ત્વના પરિબળ તરીકે ભૂમિકા*

*ભજવી છે. રૉયે નિદ્રાધીન ભારતને જાગૃત કરવાનું મહાન ભગીરથ કાર્ય કર્યું હતું. ઈશ્વર પેટલીકરે રૉય વિષે લખ્યું છે : "ઊંઘતાને જગાડવો તે સહેલું છે પણ જાગતાને જગાડવો સહેલું નથી. જે સમાજ પછાત હોય, પણ તેને એ પછાત નથી પણ શ્રેષ્ઠ છે તેમ લાગતું હોય તેની વચ્ચે કામ કરવાનું અસાધારણ શક્તિ માગી લે છે."*

**4.2.2 પ્રાર્થનાસમાજ**

*પ્રાર્થનાસમાજની સ્થાપના* 1867*માં થઈ તે પહેલાં મહારાષ્ટ્રના કેટલાક સુધારકોએ સુધારણાની ચળવળ આરંભી હતી, જેમાં પ્રાર્થનાસમાજનું ઉદ્ભવસ્થાન રહેલું છે. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેએ પ્રાર્થનાસમાજના નેતા તરીકે રાષ્ટ્રવ્યાપી સર્વાંગી સુધારણાની ચળવળ વિકસાવી, નીચેની ચર્ચા પરથી આ બાબત સ્પષ્ટ થશે :*

*ન્યાયમૂર્તિ રાનડે* 1870*માં પ્રાર્થનાસમાજમાં જોડાયા. આત્મારામ પાંડુરંગના નેતૃત્વ નીચે પ્રાર્થનાસમાજ સ્થપાયો, પણ પ્રાર્થનાસમાજના સાચા સર્વાંગી સુધારક રાનડે હતા. તેઓ જ્યારે પ્રાર્થનાસમાજમાં જોડાયા ત્યારે પ્રાર્થનાસમાજના સિદ્ધાંતો અવ્યવસ્થિત હતા. તેમણે પ્રાર્થનાસમાજના સિદ્ધાંતો આપતો વિસ્તૃત લેખ લખ્યો જેમાં તેમણે પ્રાર્થનાસમાજને હિંદુ ધર્મની જ એક સુધારક શાખા તરીકે રજૂ કરી.*

*ન્યાયમૂર્તિ રાનડે રાજકીય અને સામાજિક સુધારણા સાથે સાથે થવી જોઈએ તેમ માનતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય વિકાસનાં રાજકીય અને સામાજિક પાસાં પરસ્પર સંકળાયેલાં છે : "જ્યારે તમે રાજકીય હક્કોની દષ્ટિએ નિમ્ન કક્ષાએ હો ત્યારે તમારી સમાજરચના સારી હોય એવી અપેક્ષા રાખી શકાય નહીં. જ્યાં સુધી સમાજરચના બુદ્ધિ, ન્યાય, વિવેક અને સમાનતા ઉપર રચાઈ ન હોય ત્યાં સુધી રાજકીય હક્કો ભોગવવા સમર્થ બની શકાય નહીં. સમાજરચના ખામીભરી હોય ત્યારે સારી અર્થવ્યવસ્થા સ્થાપી શકાય નહીં અને ધાર્મિક વિચારો હલકા હોય ત્યાં સુધી સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ સાધી શકાય નહીં." આ રીતે તેઓ સર્વાંગી સુધારણાની હિમાયત કરતા હતા. તેમાં ધાર્મિક-સામાજિક સુધારણાને પ્રથમ મહત્ત્વ આપતા અને રાજકીય સુધારણાને પછીનું સ્થાન આપતા.*

**(અ) સામાજિક સુધારણા** *: ન્યાયમૂર્તિ રાનડેનો સામાજિક ઉદારમતવાદ સ્ત્રી-પુરુષ સમાનતા અને વિવેકવાદ ઉપર રચાયેલો છે. આ વિચારોના પાયા ઉપર તેમણે સ્ત્રી જીવનમાં સુધારણા કરવા માટે તેમજ આધુનિક શિક્ષણના પ્રસાર માટે પ્રયાસ કર્યો.*

**(i) સ્ત્રીજીવનમાં સુધારણા** *: ન્યાયમૂર્તિ રાનડે એ સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રી જીવનની નિર્યોગ્યતાઓ દૂર કરવા પ્રયત્ન કર્યો. તેમણે સુધારાને શાસ્ત્રમાન્ય ઠરાવવાની રૉયની પદ્ધતિ અપનાવી. આ માટે તેમણે હિંદુ ધર્મશાસ્ત્રોમાંથી સ્ત્રીના હક્કો અંગેનાં વિધાનો તારવીને પુસ્તક લખ્યું.*

1861માં સ્થાપેલા વિધવા-પુનર્લગ્ન મંડળના તેઓ સક્રિય સભ્ય હતા. 1869માં વિધવા-પુનર્લગ્ન યોજાયું ત્યારે રાનડે હાજર હતા. શંકરાચાર્યે આ લગ્નને અધાર્મિક ગણીને રાનડે વગેરેને જ્ઞાતિ બહાર મૂકવા પ્રયાસ કર્યો.

વિધવા-પુનર્લગ્નની હિમાયત કરતાં તેમણે કહ્યું કે પુનર્લગ્નના પ્રચારકોએ એમ કદી નથી કહ્યું કે પતિના અવસાન બાદ મૃતપતિની યાદમાં પત્નીએ જીવનનો ત્યાગ કરવો. જે સ્ત્રી પતિભક્તિના કારણે વૈધવ્ય જીવન જીવવા ઈચ્છતી હોય તે તેમ કરી શકે છે, પણ જે સ્ત્રીઓ વૈધવ્ય જીવન જીવવા ઈચ્છતી ન હોય, બાળવિધવા હોય તેવી સ્ત્રીઓને ભક્તિપૂર્વક જીવન જીવવાનું કહેવું તે ધર્મ અને ન્યાયની વિરુદ્ધ છે, ધર્મ અને ન્યાયનો ઉપહાસ કરવા જેવું છે. આમ, તેઓ ફરિજયાત વૈધવ્યના વિરોધી હતા અને બાળવિધવા માટે પુનર્લગ્નની હિમાયત કરતા હતા. રાનડેને લાગ્યું કે વિધવા પુનર્લગ્નની સમસ્યાનાં મૂળ બાળલગ્ન પ્રથામાં રહેલાં છે. આથી તેમણે બાળલગ્ન નાબૂદીને સુધારણા પ્રવૃત્તિમાં મહત્ત્વનું સ્થાન આપ્યું.

આ ઉપરાંત રાનડેએ દહેજપ્રથા, ખર્ચાળ લગ્નો, ખર્ચાળ મૃતક સંસ્કાર, બહુપત્ની પ્રથા, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા, મદ્યપાન વગેરે પ્રથાઓનો વિરોધ કરી તે દૂર કરવા માટે લોકમતનું ઘડતર કરવા પ્રયાસ કર્યો.

**(ii) આધુનિક શિક્ષણનો પ્રસાર :** રાનડે એક શિક્ષણશાસ્ત્રી હતા. તેઓ કહેતા કે લોકોની સામાજિક અને રાજકીય જાગૃતિ તથા સામાજિક સુધારણા શિક્ષણ દ્વારા લાવી શકાય. શિક્ષણને તેઓ પ્રાથમિક જરૂરિયાત ગણતા.

અંગ્રેજી ભાષા અને શિક્ષણને મહત્ત્વનું તથા મૂલ્યવાન ગણતા. એટલું જ નહીં પણ અંગ્રેજી ભાષાને બધાં વિકસિત રાષ્ટ્રો માટે તેઓ મહત્ત્વની ભાષા તરીકે ઓળખાવતા. ભારતમાં અંગ્રેજી ભાષા દાખલ થઈ છે તે ભારતનું સદનસીબ છે તેમ તેઓ કહેતા.

ધાર્મિક, રાષ્ટ્રીય અને ઉદાર શિક્ષણની રાનડે હિમાયત કરતા. મુંબઈ યુનિવર્સિટીમાં તેમણે સ્નાતક કક્ષાએ મરાઠી ભાષાને અભ્યાસક્રમમાં સ્થાન અપાવી પ્રાદેશિક ભાષાનું મહત્ત્વ પણ સ્વીકાર્યું હતું. રાનડે પોતે ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં શિક્ષણકાર્ય કરતા. તેમણે એક શાળા સ્થાપી, જે પાછળથી મહારાષ્ટ્રમાં પ્રસિદ્ધ શિક્ષણસંસ્થા બની. આજે એ જ સંસ્થા ફર્ગ્યુસન કૉલેજ તરીકે પ્રસિદ્ધ છે.

શિક્ષણમાં તેમણે વિજ્ઞાનના અભ્યાસને પ્રાધાન્ય આપ્યું. વિજ્ઞાનને તેઓ નીતિ, કાનૂન, રાજકીય, સામાજિક તથા કૌટુંબિક વગેરે પ્રવૃત્તિઓના આધાર તરીકે ઓળખાવતા. તર્ક પ્રામાણ્યવાદને (rationalism)ને જ તેમણે વિજ્ઞાન કહ્યું છે. સારું-ખરાબ, યોગ્ય અયોગ્ય, ઉચિત-અનુચિત વચ્ચેનો ભેદ પારખવાની શક્તિ આપે તે જ સાચું જ્ઞાન અને આવો ભેદ તર્ક બુદ્ધિ દ્વારા જ પાડી શકાય તેમ તેઓ કહેતા. જ્ઞાન મેળવવા માટે તેમણે તર્કપદ્ધતિનો ઉપયોગ કરવા સૂચવ્યું.

(બ) **ધાર્મિક સુધારણા** : *રાનડેએ ઉપનિષદ અને પુરુષસુક્તના આધારે એકેશ્વરવાદનું પ્રસ્થાપન કરવા પ્રયાસ કર્યો. તેમણે રજૂ કરેલા એકેશ્વરવાદ અનુસાર ઈશ્વર સર્વોપરી શક્તિ છે. આ સર્વોપરી શક્તિથી માનવી તથા પ્રકૃતિ જુદાં છે, પરંતુ તેના દ્વારા જ માનવી અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા સ્થપાય છે. માનવી અને પ્રકૃતિ આ સર્વોપરી શક્તિ દ્વારા શાસિત થાય છે. આ સર્વોપરિ શક્તિને જ રાનડે ઈશ્વર તરીકે ઓળખતા.*

*રાનડે બિનસાંપ્રદાયિક હતા. તેમણે પ્રગતિનો ખ્યાલ આપતાં કહ્યું કે, "ધર્મના ભેદભાવ વગરની સમાનતા અને ન્યાયની સ્થાપના એટલે જ પ્રગતિ."*

(ક) **આર્થિક સુધારણા** : *બ્રિટિશ સરકારે નિરંકુશ અર્થતંત્રની નીતિ અપનાવી હતી. રાનડેએ તેનો વિરોધ કરતાં કહ્યું કે ભારત માટે આ નીતિ વિઘાતક નીવડશે. સરકારે ખેતી અને ઉદ્યોગના વિકાસ માટે મક્કમપણે પગલાં લેવા જોઈએ, રાજ્યે તેની આર્થિક પ્રવૃત્તિઓ વધારવી જોઈએ. તેમના મતે સંપત્તિની વહેંચણીમાં ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોની સ્થાપના નિરંકુશ વેપાર દ્વારા થઈ શકે નહી. સંપત્તિનું ઉત્પાદન થયા પછી મુઠ્ઠીભર બળવાન લોકો અને સંખ્યાબંધ નિર્ધન લોકો વચ્ચે વહેંચણી કરતી વખતે ન્યાય અને સમાનતાનો સિદ્ધાંત અપનાવવો જોઈએ. મજૂર-માલિક સંઘર્ષમાં સરકારે મજૂર વર્ગનો પક્ષ લઈને મદદ કરવી જોઈએ.*

*રાનડે રાજકીય સ્વાતંત્ર્ય પહેલાં આર્થિક વિકાસ અને ગરીબી નાબૂદીને પ્રાધાન્ય આપતા હતા. ગરીબી દૂર કરવા માટે તેમણે ઉદ્યોગીકરણ ઉપર ભાર મૂક્યો. આર્થિક વિકાસ અને યાંત્રિકરણ દ્વારા ગરીબી નાબૂદી થઈ શકે તેમ તેઓ માનતા હતા. સમગ્ર દેશ માત્ર ખેતી ઉપર નભી શકે નહિ. ભારતીયોએ પોતાની મૂડી ઉદ્યોગમાં રોકવી જોઈએ એમ તેઓ કહેતા.*

(ડ) **રાજકીય સુધારણા** : *રાનડેએ કહ્યું કે રાજ્યનું અસ્તિત્વ વ્યક્તિને ઉમદા, સુખી, સમૃદ્ધ અને સંપૂર્ણ બનાવવા માટે છે. રાજ્યે પોલીસરાજ્ય મટી કલ્યાણરાજ્ય બનવું જોઈએ. રાનડે કાનૂની રાજ્યના હિમાયતી હતા. તે કહેતા કે કાયદાના રાજ્યને ધક્કો પહોંચે તેવું કૃત્ય પ્રજાએ કરવું જોઈએ નહીં. ભારતમાં કાનૂની રાજ્યની સ્થાપના કરવી તે રાજ્યકર્તાઓનો ધર્મ છે અને કાયદાનું પાલન કરવું તે પ્રજાનો ધર્મ છે એવું તેમના રાજકીય તત્ત્વજ્ઞાનનું સૂત્ર હતું. ભારતને બ્રિટિશ પ્રજાની જેમ લોકશાસન પદ્ધતિ અને સ્થાનિક સ્વરાજ્ય મળે એ તેમનું અંતિમ ધ્યેય હતું.*

*તેમની પ્રવૃત્તિ પ્રાર્થનાસમાજ પૂરતી મર્યાદિત ન રહેતાં સર્વવ્યાપક બની હતી. તેઓ વિવિધ સુધારક સંગઠનોના આત્મા, ખોરાક અને સંચાલકબળ હતા. રાનડેએ સામાજિક સુધારણાની પદ્ધતિ, સ્વરૂપ અને ધ્યેયો રજૂ કરીને ભારતની સુધારણા ચળવળને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું. બંગાળમાં રૉયે આધુનિક ભારતનું ઉદ્દઘાટન કર્યું તો રાનડેએ આધુનિક ભારતના ઘડતરની સ્પષ્ટ રૂપરેખા આપી. આથી જ તેમને* **"આધુનિક ભારતના**

**જનક''** *કહેવામાં આવ્યા છે. જોકે, અહીં એ નોંધવું જરૂરી ગણાશે કે બંગાળમાં બ્રહ્મોસમાજને જેટલું મહત્ત્વ મળ્યું અને બંગાળના સમાજજીવન પર તેની સુધારણા ચળવળની જેટલી અસરો પડી તેટલી અસરો મહારાષ્ટ્રમાં પ્રાર્થનાસમાજની પડી ન હતી. મહારાષ્ટ્રમાં પ્રાર્થનાસમાજને બહુ મહત્ત્વ મળ્યું ન હતું. આમ છતાં પ્રાર્થનાસમાજે મહારાષ્ટ્રમાં વૈચારિક પરિવર્તન અને જાગૃતિ લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.*

### 4.2.3 આર્યસમાજ

*આર્યસમાજની સ્થાપના* 1875*માં દયાનંદ સરસ્વતીએ કરી. તેમનું અસલ નામ મૂળશંકર હતું. એક શિવરાત્રિની રાત્રે મહાદેવના મંદિરમાં ધરેલું નૈવેદ્ય ઉંદર ખાઈ ગયો. આ જોઈને તેમને શંકા ઉત્પન્ન થઈ કે દેવની મૂર્તિમાં કશું જ સામર્થ્ય નથી અને તેથી મૂર્તિપૂજા કરવામાં ડહાપણ નથી. આ શંકા તેમણે તેમના પિતા પાસે વ્યક્ત કરી ત્યારે પિતાએ તેમને નાસ્તિક અને અધાર્મિક ગણી ઝાટકણી કાઢી, છતાં તે વખતથી જ તેમનામાં ધર્મજિજ્ઞાસા ઉત્પન્ન થઈ અને ઈશ્વરનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું તેને જ પોતાનું જીવનકાર્ય બનાવ્યું. આથી તેમણે સરસ્વતી સંપ્રદાયની દીક્ષા લીધી અને 'દયાનંદ સરસ્વતી' એવું નામ ધારણ કર્યું.*

*શરૂઆતમાં તેઓ બ્રહ્મોસમાજ અને તેની શાખાઓના સહકારથી ધાર્મિક સુધારણાનું કાર્ય કરતા તથા સંસ્કૃતમાં ઉપદેશ આપતા. પરંતુ પાછળથી તેમણે* 1875 *માં 'આર્યસમાજ' નામનું સ્વતંત્ર સંગઠન સ્થાપ્યું અને કેશવચંદ્ર સેનની સલાહથી હિંદી અને પ્રાદેશિક ભાષાને પ્રચારની ભાષા બનાવી.*

**આર્યસમાજના સિદ્ધાંતો :** *આર્યસમાજના મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ છે :*

(1) *સર્વ સત્ય-જ્ઞાનનું મૂળભૂત કારણ ઈશ્વર છે.*

(2) *ઈશ્વર એ સર્વસત્ય, સર્વજ્ઞાન, સર્વસુંદર, અમર, દયાળુ, સર્વશક્તિમાન અને પરિવર્તનશીલ છે. તેને આદિ કે અંત નથી. તે ભયમુક્ત અને પવિત્ર અને સૃષ્ટિનું મૂળ કારણ છે. આવા ઈશ્વરની જ આરાધના કરવી.*

(3) *વેદો સાચા જ્ઞાનનો ભંડાર છે. દરેક આર્યની ફરજ એ છે કે આ વેદોનું પઠન કરવું, સાંભળવા, શીખવા અને શીખવવા તથા તેને જ પ્રમાણભૂત ગણવા.*

(4) *દરેકે હંમેશાં સત્યનો સ્વીકાર કરવા માટે અને અસત્યનો અસ્વીકાર કરવા તૈયાર રહેવું.*

(5) *આર્યસમાજનું મુખ્ય ધ્યેય વેદ ધર્મના પાયા ઉપર માનવજાતની શારીરિક, આધ્યાત્મિક અને સામાજિક પરિસ્થિતિની સુધારણા કરવાનું છે.*

(6) *અજ્ઞાનતા દૂર કરવી અને જ્ઞાનનો ફેલાવો કરવો.*

(7) *સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે વ્યક્તિએ ભેદભાવો ભૂલી જવા અને સમાજજીવનમાં વ્યક્તિગત હિતોને પ્રાધાન્ય ન આપવું, માત્ર અંગત બાબતોમાં જ વ્યક્તિએ સ્વતંત્ર રીતે વર્તવું.*

(8) *વેદો ઈશ્વરચરિત છે તેમાં શંકા ન લાવવી, વેદોને જ સનાતન સત્ય ગણવા.*

*ઉપર્યુક્ત સિદ્ધાંતો પરથી જણાશે કે આર્યસમાજની ઉપર્યુક્ત વિચારસરણીમાં પુનરુત્થાન કેન્દ્રસ્થાને રહે છે.*

**(અ) આર્યસમાજ દ્વારા ધાર્મિક પુનરુત્થાન :** *આર્યસમાજનો મુખ્ય સિદ્ધાંત, "વેદ તરફ પાછા વળો"* - "Go back to the Vedas" - *નો છે. તેના આ સિદ્ધાંત અનુસાર વેદ બહાર કશું જ નથી, માનવીએ અન્ય કોઈ ધર્મ શીખવાની જરૂર નથી. વેદ અને આર્યધર્મ જ સાચો ધર્મ છે. હિંદુ વેદ તરફ વળે તેમાં જ તેનો સાચો ઉદ્ધાર છે. દયાનંદ સરસ્વતીએ વેદોની આલોચના કરતો અને પોતાના ધાર્મિક – આધ્યાત્મિક વિચારો રજૂ કરતો* **'સત્યાર્થ પ્રકાશ'** *નામનો ગ્રંથ રજૂ કર્યો. આ ગ્રંથ હિંદીમાં રજૂ કરી લોકભોગ્ય બનાવ્યો.*

*ડૉ. દેસાઈ લખે છે તેમ આર્યસમાજના વાસ્તવમાં બે પાસાં હતાં : એક પ્રગતિલક્ષી પાસું અને બીજું પ્રતિક્રિયાવાદી પાસું. આર્યસમાજે વેદોને અફર, સર્વ જ્ઞાનનો ભંડાર અને ઈશ્વરરચિત છે તેમ કહી વેદો જ પ્રમાણભૂત છે તેવી રજૂઆત કરી તેમાં તેનું પ્રતિક્રિયાવાદી વલણ વ્યક્ત થાય છે. ઉદારમતવાદના સિદ્ધાંતથી વિરુદ્ધનું આ વલણ હતું.*

*આર્યસમાજે વૈદિક ધર્મના પાયા ઉપર ધાર્મિક પુનરુત્થાન કરવા પ્રયત્ન કર્યો. નીચેની ચર્ચા ઉપરથી આ બાબત સ્પષ્ટ થશે :*

**(i) વેદો સર્વ માટે ખુલ્લા હોવાનો મત** *: વૈદિક સમાજમાં વેદાભ્યાસ કરવાનો સર્વને અધિકાર હતો. આથી આર્યસમાજે ભારપૂર્વક કહ્યું કે વેદાભ્યાસ કરવાનો દરેક માનવીનો અધિકાર છે. દયાનંદે કહ્યું કે ભક્ત અને ઈશ્વર વચ્ચે આવનાર બ્રાહ્મણોને દૂર કરવા જોઈએ. ધર્મગ્રંથ વાંચવાનો ઈજારો કોઈ એક જ્ઞાતિનો નથી, પરંતુ સર્વને તેવો હક્ક છે. આર્યસમાજની દીક્ષા સમગ્ર વિશ્વને આપવી એ જ જગતના કલ્યાણનો માર્ગ છે. આમ દયાનંદે બ્રાહ્મણવાદ અને પુરોહિતવાદનો પ્રખર વિરોધ કર્યો.*

**(ii) મૂર્તિપૂજાનો વિરોધ અને વૈદિક એકેશ્વરવાદનું પુનઃસ્થાપન** *: દયાનંદ સરસ્વતીએ પ્રાચીન વેદ ધર્મ મુજબનો એકેશ્વરવાદનો સિદ્ધાંત પુનઃ રજૂ કર્યો. વેદ ધર્મ મુજબના ઈશ્વરનું સ્વરૂપ સમજાવતાં તેમણે કહ્યું કે સંપૂર્ણ સત્યનું મૂળ ઈશ્વર છે. આ ઈશ્વર નિરાકાર, સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. તે સર્વશક્તિમાન, અનંત, અનાદિ, અનુપમ અને સર્વવ્યાપક તથા સૃષ્ટિના સર્જનહાર છે. આ ઈશ્વરની જ વંદના કરવી તેમ ભારપૂર્વક પ્રસ્થાપિત કરી તેમણે મૂર્તિપૂજાનો સખત વિરોધ કર્યો. આ ઉપરાંત તેમણે પ્રચલિત ધાર્મિક વિધિ-વિધાનનો ત્યાગ કરવા જણાવ્યું અને તેના સ્થાને આર્ય ધાર્મિક વિધિવિધાન રજૂ કર્યા.*

**(iii) શુદ્ધિ આંદોલન** *: વૈદિક ધર્મના દરવાજા બધા લોકો માટે ખુલ્લા હોવા જોઈએ અને શુદ્ધીકરણ દ્વારા કોઈ પણ વ્યક્તિને આ ધર્મમાં પ્રવેશ મળવો જોઈએ એવી આર્યસમાજની વિચારસરણીના કારણે શુદ્ધિ આંદોલન શરૂ કર્યું. શુદ્ધિ આંદોલન અનુસાર હિંદુ ધર્મમાંથી ધર્માંતર કરી ખ્રિસ્તી કે મુસ્લિમ બનેલી વ્યક્તિને હિંદુ સમાજવ્યવસ્થામાં પુનઃ પ્રવેશ મળે તે*

*માટેની ધાર્મિક વિધિ શરૂ કરી. આ વિધિ દ્વારા વટલાયેલા ઘણા હિંદુઓને ફરી હિંદુસમાજમાં પ્રવેશ આપ્યો.*

**(બ) સામાજિક પુનરુત્થાન** *: અગાઉ જોઈ ગયા તેમ આર્યસમાજનું પ્રગતિલક્ષી પાસું પણ હતું. આર્યસમાજે અંધશ્રદ્ધા અને પુરોહિત વર્ગની ઈજારાશાહીનો વિરોધ કર્યો તેમજ શિક્ષણપ્રસાર, જ્ઞાતિ-નાબૂદી, સ્ત્રી-પુરુષ સમાનતા જેવી બાબતો પોતાના કાર્યક્રમમાં અપનાવી. આર્યસમાજનું આ પ્રગતિલક્ષી પાસું હતું.*

*આર્યસમાજની વિચારસરણી પ્રમાણે વૈદિક યુગ માનવસંસ્કૃતિનો શ્રેષ્ઠ યુગ હતો. આ વિચારસરણી મુજબ સમાજરચનાનાં બધાં શ્રેષ્ઠ તત્ત્વો વર્ણાશ્રમ ધર્મમાં રહેલાં છે. આથી આર્યસમાજે પ્રવર્તમાન સમાજવ્યવસ્થાને સ્થાને વેદકાલીન સમાજવ્યવસ્થાનું પુનઃસ્થાપન કરવા પ્રયાસ કર્યો.*

**(i) જ્ઞાતિનાબૂદી અને વર્ણવ્યવસ્થાનું પુનઃસ્થાપન :** *ડૉ. દેસાઈ કહે છે તેમ આર્યસમાજની પ્રવૃત્તિમાં રાષ્ટ્રવાદ અને લોકશાહી ખ્યાલની પ્રેરણા સ્પષ્ટ દેખાતી હતી. પેટાજ્ઞાતિઓની નાબૂદી દ્વારા તેણે હિંદુઓનું એકીકરણ કરવાના પ્રયાસો કર્યા હતા. નાતજાત, ધાર્મિક સંપ્રદાય, કોમ, વંશ કે જાતિના ભેદભાવ વિના તેણે બધા મનુષ્યોની સમાનતાનો સિદ્ધાંત આપ્યો.*

*આર્યસમાજના મતે સમાજરચનાનાં બધાં શ્રેષ્ઠ તત્ત્વો વર્ણાશ્રમમાં રહેલાં છે. આથી તેણે જ્ઞાતિના ભેદભાવો દૂર કરી જ્ઞાતિવ્યવસ્થાને વર્ણવ્યવસ્થાના સ્વરૂપમાં બદલવા પ્રયાસ કર્યો. જ્ઞાતિના ભેદભાવ, સામાજિક અસમાનતા તેમજ લગ્ન, ખાનપાન, વ્યવસાય વગેરેને લગતા પ્રતિબંધો દૂર કરવા પ્રયત્ન કર્યો. જ્ઞાતિનો વિરોધ કરી ચાતુવર્ણ્યની હિમાયત કરી. આ ચાર વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર) જન્મ દ્વારા નહી પણ ગુણ-કર્મના આધારે નક્કી થવા જોઈએ, જેનામાં જે વર્ણની લાયકાત હોય તે વર્ણનો દરજ્જો તેને મળવો જોઈએ. આ રીતે આર્યસમાજે વેદકાલીન સમાજવ્યવસ્થાના આધારે જ્ઞાતિવ્યવસ્થા અને અસ્પૃશ્યતાનો વિરોધ કરી વર્ણવ્યવસ્થાનું પુનઃસ્થાપન કરવાની હિમાયત કરી.*

**(ii) સ્ત્રી-પુરુષ સમાનતા :** *આર્યસમાજે વૈદિક પાયા ઉપર સ્ત્રી-પુરુષ સમાનતાની હિમાયત કરી. ડૉ. દેસાઈ કહે છે તેમ આર્યસમાજે સામાજિક અને શૈક્ષણિક બાબતોમાં સ્ત્રી-પુરુષ સમાન હકની હિમાયત કરી. આ એક લોકશાહી ખ્યાલ હતો, સ્ત્રીને જાહેર જીવનનો અધિકાર મળે તે માટે પરદા પ્રથાનો વિરોધ કર્યો.*

*આર્યસમાજે સ્ત્રી- શિક્ષણની હિમાયત કરી. વેદકાલીન સમાજમાં સ્ત્રીને શિક્ષણનો અધિકાર હતો અને સ્ત્રી ઉપનયન સંસ્કાર પામીને શિક્ષણ મેળવી શકતી. આથી આર્યસમાજે સ્ત્રીને ઉપનયન સંસ્કારનો હક આપીને શિક્ષણની અધિકારી બનાવી. સ્ત્રી શિક્ષણથી સ્ત્રીની લગ્નવય ઊંચી લાવી શકાય તેવો વિચાર રજૂ કરી દયાનંદ સરસ્વતીએ કહ્યું કે સોળ વર્ષની વય સુધી સ્ત્રીઓ શિક્ષણ મેળવી શકે તેવી યોજના હોવી જોઈએ.*

*આમ છતાં તેમણે સહશિક્ષણનો વિરોધ કર્યો હતો, કારણ કે વૈદિક યુગમાં સહશિક્ષણનું અસ્તિત્વ ન હતું. આર્યસમાજે યુવકો અને યુવતીઓ માટે અલગ અલગ શાળા-કોલેજો સ્થાપી. ઘર અને ઘરબહારનાં કાર્યો માટે સ્ત્રી લાયક બને તે હેતુથી સ્ત્રીને તેવું શિક્ષણ આપવું જોઈએ. સ્ત્રીના બૌદ્ધિક વિકાસની સાથોસાથ તેનો શારીરિક વિકાસ થાય તે માટે સ્ત્રીને શારીરિક શિક્ષણ મળવું જોઈએ તે બાબત ઉપર આર્યસમાજે ભાર મૂક્યો.*

**(iii) લગ્ન એક સંસ્કાર તરીકે :** *વૈદિક સમયમાં લગ્ન પવિત્ર સંસ્કાર ગણાતું, આથી આર્યસમાજે લગ્નને પવિત્ર સંસ્કાર ગણી છૂટાછેડાનો વિરોધ કર્યો. આર્યસમાજના પ્રયત્નોથી 'આર્યસમાજ મૅરેજ વેલિડિટી ઍક્ટ' અસ્તિત્વમાં આવ્યો. આ કાયદો લગ્ન માટેની આર્યસમાજની ધાર્મિક વિધિને માન્ય કરે છે, એટલું જ નહીં પણ આંતરલગ્નને કાનૂની માન્યતા આપી બાળલગ્ન પર પ્રતિબંધ મૂકે છે. સ્વપસંદગીના લગ્નને માન્ય રાખે છે અને લગ્ન માટે ધાર્મિક વિધિ મહત્ત્વની ગણે છે. - આર્યસમાજ લગ્નને પવિત્ર સંસ્કાર ગણે છે, તેથી વિધવા- પુનર્લગ્નને સ્વીકૃતિ આપતા નથી, પણ વેદકાલીન સમાજમાં સંતાનપ્રાપ્તિ માટે જે નિયોગપ્રથા હતી તેની હિમાયત કરે છે. વિધવાઓની દયાજનક પરિસ્થિતિ દૂર કરવા માટે આર્યસમાજે વિધવા આશ્રમો શરૂ કર્યા. તેમાં વિધવા સ્ત્રીને સામાજિક અને આર્થિક રક્ષણ પૂરું પાડીને સ્ત્રીને આત્મનિર્ભર બનાવવા પ્રયાસ થતો.*

**(iv) શિક્ષણનું પુનરુત્થાન :** *અજ્ઞાનતા દૂર કરવી અને જ્ઞાનનો ફેલાવો કરવો એ આર્યસમાજનો મહત્ત્વનો સિદ્ધાંત હતો. ગુરુદક્ષિણા પ્રસંગે દયાનંદ સરસ્વતીએ કહ્યું કે પોતે સત્યના પ્રગટીકરણમાં જ જીવન વિતાવશે. પ્રચલિત પુરાણધર્મના જુઠાણા સામે અવરિત ઝઝૂમશે અને બુદ્ધના પૂર્વકાળમાં જે શિક્ષણવ્યવસ્થા હતી તેની પુનઃસ્થાપના કરશે.*

*સામાજિક પુનરુત્થાન માટે તેમનો સિદ્ધાંત અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો ફેલાવો કરવાનો હતો. આ સિદ્ધાંતના વ્યવહારુ અમલ માટે તેમણે શિક્ષણસંસ્થાઓ સ્થાપી, તેમાં માતૃભાષા દ્વારા શિક્ષણ અપાતું. દયાનંદ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે પાઠશાળાઓ, ગુરુકુળો અને કૉલેજીસ સ્થાપી. આવી શિક્ષણસંસ્થાઓમાં ઓછી ફી લેવાતી અને ધાર્મિક તેમજ નૈતિક શિક્ષણ ઉપરાંત શારીરિક અને રાષ્ટ્રીય શિક્ષણ અપાતું. આવી સંસ્થાઓ માટે રાજ્ય તરફથી આર્થિક મદદ લેવાતી નહીં.*

### 4.2.4 રામકૃષ્ણ મિશન

*પ્રાચીન ભારતીય અને અર્વાચીન પશ્ચિમી સંસ્કૃતિનો સમન્વય સાધવાનું કાર્ય રામકૃષ્ણ મિશને કર્યું. આ મિશન ઓગણીસમી સદીનું અંતિમ ધાર્મિક આંદોલન હતું. રામકૃષ્ણ પરમહંસના નામ ઉપરથી રામકૃષ્ણ મિશનનું નામ રાખવામાં આવ્યું હતું. પરમહંસે પોતાની વિચારસરણીના પ્રસરણ માટે કોઈ સંગઠન સ્થાપ્યું નહોતું, પરંતુ તેમણે*

*અનેક સંસ્થાઓના સ્થાપક એવા સ્વામી વિવેકાનંદ જેવા ધાર્મિક-સામાજિક સુધારક નેતા ભારતને આપ્યા હતા. વિવેકાનંદે 1897માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી.*

*સ્વામી વિવેકાનંદ ઈશ્વરના અસ્તિત્વ અંગેની જિજ્ઞાસા સંતોષવા રામકૃષ્ણ પરમહંસને મળ્યા. તેમની સાથેના સંપર્કથી તેમણે અનુભવ્યું કે ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે અને તે અનુભવજન્ય હકીક્ત છે. રામકૃષ્ણ સાથેની વારંવારની મુલાકાતથી તેમણે વેદાન્તનું જ્ઞાન અને આધ્યાત્મિક દૃષ્ટિ મેળવી. પરમહંસનો એવો અનુભવ હતો કે બધા જ ધર્મો એક જ સનાતન ધર્મનાં અંગો છે. તેમણે વિવેકાનંદને સર્વે ધર્મોની મૂળભૂત એક્તા તથા આધ્યાત્મિક જીવનની મહત્તામાં શ્રદ્ધા જગાડીને એક-અનેક, દ્વૈત-અદ્વૈત, મૂર્ત-અમૂર્ત-એ બધાનું મહત્ત્વ સમજાવ્યું તેમજ તે બધાનો સમન્વય કરવાની પ્રેરણા આપી. વિવેકાનંદે પોતાના ગુરુ રામકૃષ્ણનો આ સંદેશો ફેલાવવા માટે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. પશ્ચિમ સાથેના સંપર્કથી તેમને પશ્ચિમનું વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, સ્ત્રી-જીવનનાં મૂલ્યો ભારત માટે મહત્ત્વનાં છે તેમ જણાયું અને પૂર્વ-પશ્ચિમી સંસ્કૃતિની તુલના કરવાનું સામર્થ્ય મળ્યું. આ બંને સંસ્કૃતિના સમન્વય માટે તેમણે નવક્રાન્તિક ચળવળ શરૂ કરી. આ ધ્યેય અર્થે જ તેમણે રામકૃષ્ણ આશ્રમની સ્થાપના કરી. ટૂંકમાં, રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદે ભારતમાં મુખ્યત્વે નીચે મુજબ પ્રવૃત્તિઓ કરીઃ*

**(અ) ધાર્મિક પુનરુત્થાન** *: સ્વામી વિવેકાનંદે વેદાન્તની નવી વ્યાખ્યા અને નવું અર્થઘટન કરીને ધાર્મિક પુનરુત્થાન કરવા પ્રયાસ કર્યો, જે નીચેની ચર્ચાથી સ્પષ્ટ થશે :*

**(i) સાર્વત્રિક ધર્મ** *: વિવેકાનંદે વિશ્વધર્મ પરિષદમાં સાર્વત્રિક ધર્મનો સિદ્ધાંત રજૂ કર્યો, જેમાં બિનસાંપ્રદાયિક્તાના દર્શન થાય છે. તેમણે કહ્યું કે સર્વે ધર્મોનો સમન્વય અથવા સર્વધર્મ સમભાવ એ જ આધુનિક જગતને વેદાન્તનો પ્રાચીન સંદેશ છે. ધર્મ જ લોકોનું સાચું જીવન રચે છે, આથી જો ધર્મ નાબૂદ થશે તો રાષ્ટ્ર પણ નાબૂદ થશે. તેમણે કહ્યું કે પોતે એવો ધર્મ ધરાવે છે જે વિશ્વને સહિષ્ણુતા તથા સાર્વત્રિક ધર્મનો સ્વીકાર કરતાં શીખવે છે.*

**(ii) ધર્મની નવી સમજૂતી :** *વિવેકાનંદે ધર્મની નવી સમજૂતી આપી, જેમાં માનવતાનાં તત્ત્વો દૃષ્ટિગોચર થાય છે. તેમણે કહ્યું કે ધર્મ એ સાક્ષાત્કાર છે. ત્યાગ, સેવા અને પ્રેમ એ જ ધર્મ છે. ધર્મ એ શબ્દ નથી કે નથી સિદ્ધાંત, પણ તે સાક્ષાત્કાર છે. તે સાંભળવાની કે સ્વીકારવાની બાબત નથી પણ બનવાની અને આચરણમાં મૂકવાની પ્રક્રિયા છે. ધર્મની પહેલી ફરજ ગરીબોની સેવા અને તેમનો ઉત્કર્ષ સાધવાની છે. જેઓ ગરીબ અને રોગીમાં શિવ જુએ છે અને તેમની સેવા કરે છે તે જ સાચો શિવભક્ત છે અને તે જ શિવની સાચી પૂજા છે.*

**(iii) મૂર્તિપૂજાનો પરોક્ષ રીતે વિરોધઃ** *વિવેકાનંદે મૂર્તિપૂજાનો પ્રત્યક્ષ રીતે વિરોધ કર્યો નથી પણ પરોક્ષ રીતે વિરોધ કર્યો છે. મૂર્તિપૂજાના વિરોધીઓને તેમણે કહ્યું કે, "ભાઈઓ,*

*તમો મૂર્તિપૂજા વિના ઈશ્વરની આરાધના કરી શકતા હોય તો કરો પણ જેઓ મૂર્તિપૂજા વિના ઈશ્વરની આરાધના કરી શક્તા નથી તેઓની ટીકા કરશો નહી."*

*વિવેકાનંદે આ બધા ધાર્મિક વિચારોના ફેલાવા માટે ન્યૂયોર્કમાં વેદાન્ત સમાજની સ્થાપના કરી. રામકૃષ્ણ આશ્રમ, સેવાશ્રમ અને મઠોની સ્થાપના કરી, અદ્વૈત આશ્રમ સ્થાપ્યો; યોગ માટેના વર્ગો શરૂ કર્યા. આવી વિવિધ સંસ્થાઓ દ્વારા પશ્ચિમના સમાજોમાં ભારતીય સંસ્કૃતિનો તેમણે પ્રચાર કર્યો.*

**(બ) સામાજિક પુનરુત્થાનઃ** *વિવેકાનંદના સામાજિક પુનરુત્થાનમાં સુધારણા અને ઉદારમતવાદી તત્ત્વો જોવા મળે છે. તેમની સુધારણાની પદ્ધતિ રચનાત્મક હતી. તેઓ બળ દ્વારા નહીં પણ શિક્ષણ દ્વારા સુધારણા કરવા ઈચ્છતા હતા. તેમણે કહ્યું કે ઈતિહાસ કહે છે કે જ્યારે બળપૂર્વક સુધારણા માટે પ્રયાસ થયો છે ત્યારે નિષ્ફળતા સાંપડી છે. શિક્ષણ દ્વારા અને અનુકૂળ લોકમતનું ઘડતર કરીને સુધારણા કરવી તેવું તેમનું સામાન્ય મંતવ્ય હતું. લોકમતનું ઘડતર કર્યા પછી જ કાયદો ઘડવો તેમ તેઓ કહેતા. કાયદાને સમાજની સ્વીકૃતિ હોવી જોઈએ તેમ પણ તેઓ માનતા.*

*વિવેકાનંદના મતે ભારતમાં બે સામાજિક દૂષણો હતાં:* (1) *લોકશાહી વિરુદ્ધની જ્ઞાતિવ્યવસ્થા કે જેમાં અસ્પૃશ્યતા રૂઢ થયેલી હતી, અને* (2) *સ્ત્રી પરાધીનતા. આ બંને દૂષણો દૂર કરવા તેમણે પ્રયાસ કર્યો. સામાજિક ક્ષેત્રમાં તેમણે નીચે મુજબ પુનરુત્થાનવાદી પ્રવૃત્તિઓ કરી.*

**(i) વર્ણવ્યવસ્થાનું પુનઃસ્થાપન :** *વિવેકાનંદના મતે જ્ઞાતિવ્યવસ્થાને સ્થાને વર્ણવ્યવસ્થાનું પુનઃસ્થાપન કરવાનું વધુ યોગ્ય હતું. આ માટે તેમણે રચનાત્મક કાર્યક્રમ રજૂ કર્યો. તેમણે કહ્યું કે ધીમે ધીમે નિમ્ન સ્તરના લોકોનો ઉત્કર્ષ સાધવો જોઈએ, પરંતુ ઉપરના સ્તરના લોકોને નીચે લાવવાથી હેતુ સરશે નહીં.*

*ઉચ્ચ સંસ્કૃતિ અને શિક્ષણપ્રસાર દ્વારા નિમ્ન સ્તરના લોકોનો ઉત્કર્ષ સાધવા ઉપર તેમણે ભાર મૂક્યો. તેઓ માનતા કે નિમ્ન સ્તરના લોકોમાં ઉચ્ચ સંસ્કૃતિ અને શિક્ષણનો ફેલાવો કરવાથી જ કાયમી અસર ઉપજાવી શકાશે. સામાજિક સમાનતા લાવવા માટે તે જરૂરી છે, કારણ કે સંસ્કૃતિ અને શિક્ષણ જ ઉચ્ચ સ્તરની શક્તિ છે.*

*જ્ઞાતિબંધનો તથા અસ્પૃશ્યતાને વિવેકાનંદ સ્વાતંત્ર્ય, સમાનતા, માનવતા અને લોકશાહી વિરુદ્ધની ઘટના ગણતા. તેમણે જ્ઞાતિ-બંધનો અને અસ્પૃશ્યતા નાબૂદ કરવા પ્રયાસ કર્યો.*

**(ii) સ્ત્રીઓની પરાધીનતા દૂર કરવા પ્રયાસ :** *વિવેકાનંદે સ્ત્રીઓની પરાધીનતા દૂર કરવા માટે સ્ત્રીનો દરજ્જો ઊંચો લઈ જવા સૂચવ્યું. આ માટે તેમણે સ્ત્રીઓ પ્રત્યે પશ્ચિમની દષ્ટિ અપનાવવા ઉપર ભાર મૂક્યો.*

*સ્ત્રી- પરાધીનતા દૂર કરવા માટે સ્ત્રી- શિક્ષણ ઉપર ભાર મૂકતાં તેમણે કહ્યું કે સ્ત્રીની શક્તિનો વિકાસ થાય, તેને યોગ્ય તાલીમ મળે અને યોગ્ય નિર્ણય લઈ શકે તથા કુશળતાપૂર્વક કાર્ય કરી શકે તેવું શિક્ષણ સ્ત્રીને મળવું જોઈએ.*

*સ્ત્રીને યોગ્ય શિક્ષણ આપવામાં આવશે તો સ્ત્રીઓ પોતે જ પોતાના પ્રશ્નો હલ કરવા શક્તિમાન બની શકશે. સ્ત્રી-સ્વાતંત્ર્યની ઘટના તેઓમાં આત્મશ્રદ્ધા જગાડશે અને તે દ્વારા સ્ત્રીઓ પોતે જ પોતાના માટે યોગ્ય સુધારા નક્કી કરી શકશે. તેમણે કહ્યું કે પશ્ચિમનો વિકાસ સ્ત્રી પ્રત્યેની ત્યાંની દષ્ટિને આભારી છે.*

*સ્ત્રીઓની પરાધીનતા દૂર કરવા અને સ્ત્રીઓ યોગ્ય શિક્ષણ મેળવી શકે એવું વાતાવરણ સર્જવા માટે વિવેકાનંદે બાળલગ્નનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે પુખ્તવયે લગ્ન થવા જોઈએ. જ્યારે વય-સંમતિ કાયદા માટે રૂઢિચુસ્તોએ દલીલ કરી કે, "લગ્નવય ઊંચી લઈ જવામાં આવશે તો ધર્મ ભયમાં મુકાશે" ત્યારે વિવેકાનંદે પૂછ્યું કે બાર-તેર વર્ષની વયે કન્યાને માતા બનાવવામાં ક્યો ધર્મ સમાયેલો છે ? આમ, સ્ત્રીજીવનની સુધારણા માટે તેમણે ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિનો સમન્વય સાધવા પ્રયત્ન કર્યો.*

**(iii) શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન :** *વિવેકાનંદે પ્રાચીન ભારતીય શિક્ષણ અને આધુનિક શિક્ષણનું સંયોજન કરવા પ્રયત્ન કર્યો.*

*શિક્ષણની વ્યાખ્યા આપતાં વિવેકાનંદે કહ્યું*: "Education is the manifestation of the perfection already in man." *તેમના મતે બિનસાંપ્રદાયિક કે આધ્યાત્મિક એમ બધા જ પ્રકારનું જ્ઞાન માનવમનમાં રહેલું છે. શિક્ષક તો માત્ર સૂચનરૂપ છે, તે વિદ્યાર્થીના મનને જાગૃત કરવા માટે જરૂરી ઉદ્દીપન પૂરું પાડે છે.*

*વિવેકાનંદે ભારપૂર્વક જણાવ્યું કે વિદ્યાર્થીની જરૂરિયાત અનુસાર શિક્ષણ સુધારવું જોઈએ. ચારિત્ર્યનું ઘડતર કરે, મનની શક્તિ વૃદ્ધિ પામે. બુદ્ધિ વિસ્તૃત બને અને વ્યક્તિ આત્મનિર્ભર બને તેવું શિક્ષણ હોવું જોઈએ. આપણી પોતાની જ્ઞાનવિજ્ઞાનની વિભિન્ન શાખાઓ, અંગ્રેજી ભાષા અને પશ્ચિમી વિજ્ઞાન તેમજ ઉદ્યોગોનો વિકાસ થાય તેવું શિક્ષણ અપાવું જોઈએ.*

### 4.2.5 થિયોસોફિકલ સોસાયટી

*થિયોસોફિકલ સોસાયટીને 'બ્રહ્મવિદ્યા મંડળ' કહી શકાય. આ સોસાયટીની સ્થાપના* 1875 *માં ન્યૂયોર્કમાં થઈ હતી. તેના સ્થાપક રશિયન વિદૂષી બ્લેવસ્કી અને અમેરિકન ઑલ્કોટ હતા. આ સોસાયટી એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે. દયાનંદ સરસ્વતીના આમંત્રણને માન આપીને બ્લેવસ્કી અને ઑલ્કોટ* 1879 *માં ભારત આવ્યા. મુંબઈમાં ઑલ્કોટે ભાષણ આપ્યું. આ ભાષણમાં તેમણે ઉપદેશ આપતાં કહ્યું કે ભારત રાષ્ટ્રનું નેતૃત્વ ભારતીય નેતાઓએ જ લેવું જોઈએ અને ભારતે પોતાની આધ્યાત્મિક*

*સંસ્કૃતિનું અભિમાન કદી ન છોડવું જોઈએ. તેમાં જ તેનો સાચો ઉદ્ધાર છે. આ વિચારે શ્રોતાઓ ઉપર ઘેરી અસર ઉપજાવી.*

1882*માં મદ્રાસના અડ્યાર ખાતે થિયોસોફીનું કેન્દ્ર સ્થપાયું. શરૂઆતમાં આર્યસમાજ અને સોસાયટી બંને સમાન ભૂમિકા ઉપર કાર્ય કરે છે તેવું બંનેના નેતાઓને લાગ્યું, પરંતુ પછી ભેદ સ્પષ્ટ થયો.*

*થિયોસોફી સર્વ ધર્મ સંગ્રાહક મંડળ છે. સર્વે ધર્મોની મૂળભૂત એક્તા શોધવી અને તે માટે સર્વે ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવો એ તેનું ધ્યેય હતું. થિયોસોફીનું બીજું ધ્યેય માનવજીવનમાં આધ્યાત્મિક જીવનનું મહત્ત્વ આંકવાનું હતું અને ત્રીજું ધ્યેય વિશ્વબંધુત્વની ભાવનાનો ફેલાવો કરવાનું હતું, જ્યારે આર્યસમાજ વૈદિક ધર્મની જ એક શાખા હતી.*

*ઑલ્કોટના અવસાન બાદ* 1907 *માં શ્રીમતી એની બેસન્ટ થિયોસોફીના સેક્રેટરી બન્યા. તેમણે થિયોસોફીના ઈતિહાસને નવો વળાંક આપ્યો. ઍની બેસન્ટ શ્રીકૃષ્ણના ભક્ત હતા. ભાગવત ધર્મના અભ્યાસથી તેમને આધ્યાત્મિક સંસ્કૃતિનું મહત્ત્વ સમજાયું. આથી ઍની બેસન્ટે થિયોસોફીની પ્રવૃત્તિમાં પુનરુત્થાનવાદી અભિગમ અપનાવ્યો. ઍની બેસન્ટ હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાંથી વૈજ્ઞાનિક તત્ત્વો શોધી કાઢીને તેનું અત્યંત મહત્ત્વ આંક્તા. તેમણે હિંદુ ધર્મ અને સંસ્કૃતિને વૈજ્ઞાનિક સમર્થન આપીને તેનું પુનરુત્થાન કરવા પ્રયાસ કરવા માંડ્યો. તેઓ પોતાને હિન્દુ પુનરુત્થાનવાદી તરીકે ઓળખાવતા. સામાજિક પુનરુત્થાનના સંદર્ભમાં તેમણે મનુનું દષ્ટાંત આપતાં કહ્યું કે પરિસ્થિતિ બદલાય ત્યારે તે અનુસાર પરિવર્તન જરૂરી* 1847 -1933 *છે. મનુનો આ સિદ્ધાંત અપનાવવા ઉપર ભાર મૂકી તેમણે ભારતીય સમાજને સ્થિત્યાત્મકમાંથી ગત્યાત્મક બનાવવાની જરૂરિયાત તરફ લોકોનું ધ્યાન દોર્યું. પરંતુ પરિવર્તનની આ પ્રક્રિયામાં ભારતીય ચારિત્ર્ય, ધર્મ, સંસ્કૃતિ અને વ્યવસ્થાના મહત્ત્વને ટકાવી રાખવા ઉપર તેમણે ભાર મૂક્યો. ઍની બેસન્ટની પુનરુત્થાનવાદી ચળવળમાં સામાજિક અને રાષ્ટ્રીય પુનરુત્થાનની પ્રવૃત્તિઓ ધ્યાન ખેંચે તેવી છે.*

*એની બેસન્ટની સામાજિક પુનરુત્થાનની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :*

**(i) જ્ઞાતિનો વિરોધ અને વર્ણવ્યવસ્થાનું પુનઃસ્થાપન :** *શ્રીમતી ઍની બેસન્ટે કહ્યું કે, 'ભારતીયો જાગો અને પ્રાચીન વર્ણવ્યવસ્થાનું પુનરુત્થાન કરવા સખત પરિશ્રમ કરો.' તેમણે જ્ઞાતિવ્યવસ્થાને સ્થાને ચાર વર્ણોની વ્યવસ્થા સ્થાપવા અને અસ્પૃશ્યતાને દૂર કરવા પ્રયત્ન કર્યો. અસ્પૃશ્યતા દૂર કરવા અને પછાત વર્ગોનો ઉત્કર્ષ કરવા માટે શાળાઓ સ્થાપી, તેમને સમકક્ષ નાગરિક બનાવવા ઉપર ભાર મૂક્યો. આંતરજ્ઞાતિય લગ્ન અને આંતરજ્ઞાતિય ખાનપાનના વ્યવહારને પ્રોત્સાહન આપવા પ્રયત્ન કર્યો. નટરાજન કહે છે તેમ તેમણે સામાજિક પુનરુત્થાન માટે લોકમત જાગૃત કરવા પ્રયત્ન કર્યો.*

**(ii) બાળલગ્નનો વિરોધ :** *ઍની બેસન્ટે કહ્યું કે ભારતે અગત્યના રાષ્ટ્ર તરીકે સ્થાન મેળવવું હોય તો બાળલગ્નની પ્રથાનો અંત લાવવો જ જોઈએ. બાળલગ્ન વિશે કહ્યું કે રાષ્ટ્ર તરીકે ભારતના ભાવિનો આધાર બાળલગ્નની પૂર્ણાહુતિમાં રહેલો છે. જ્યાં સુધી બાળલગ્ન પ્રથા ટકી રહેશે ત્યાં સુધી શારીરિક શક્તિ ક્ષીણ થવી, રોગનો ફેલાવો થવો, અકાળે વૃદ્ધત્વ, અકાળે માતૃત્વ વગેરે અનિષ્ટ પરિણામો આવશે જ. આવાં પરિણામો ભારતને અન્ય રાષ્ટ્રોની હરોળમાં ઊભા રહેવામાં અંતરાયરૂપ છે. તેમણે પુખ્તવયના લગ્નની હિમાયત કરી અને લગ્નવય ઊંચી લઈ જતા કાયદાને સમર્થન આપ્યું.*

**(iii) સ્ત્રી-ઉત્થાન :** *ઍની બેસન્ટે જણાવ્યું છે કે સ્ત્રીઓની ઉન્નતિના વિચારો વેદકાલીન વિચારોથી જરા પણ વિરુદ્ધના નથી. રાષ્ટ્રની સમસ્યાઓના નિવારણમાં પુરુષો જે પ્રયત્નો કરી રહ્યા છે તેની સફળતાનો આધાર સ્ત્રી- શિક્ષણ ઉપર રહેલો છે. તેમણે કહ્યું કે સ્ત્રીઓ જો શિક્ષિત હશે તો જ તેઓ પોતાના પિતા, ભાઈ કે પતિને રાષ્ટ્રીય ઉત્થાનના કાર્યમાં મદદરૂપ બની શકશે.*

**(iv) સ્ત્રીશિક્ષણ** *: ઍની બેસન્ટના મતે સ્ત્રીશિક્ષણ રાષ્ટ્રીય સમસ્યાઓના નિવારણ માટે પણ જરૂરી છે. જે સ્ત્રી પત્ની તરીકે જીવન જીવવા માગતી હોય તેને ધર્મ, કળા, નીતિ, સાહિત્ય, વિજ્ઞાનથી પરિચિત કરવી જોઈએ. જે સ્ત્રીઓને વ્યવસાય કરવાની જરૂર નથી તેમને વ્યાવસાયિક તાલીમ આપવાની જરૂર નથી, પરંતુ જે સ્ત્રીઓને વ્યવસાય કરવાની જરૂર છે અને ખાસ કરીને જે વિધવાઓ છે તેવી સ્ત્રીઓને એવી તાલીમ આપવી જોઈએ કે જેથી તે શિક્ષિકા, નર્સ કે ડૉક્ટર બની આર્થિક રીતે સ્વતંત્ર બની શકે. શિક્ષણથી જ સ્ત્રીઓ ગૃહજીવનને ઉજજવળ કરી શકશે એમ ઍની બેસન્ટ કહેતા.*

**(v) વિધવા-પુનર્લગ્નની હિમાયત** *: વિધવા-પુનર્લગ્ન વિશેના ઍની બેસન્ટના વિચારો પુનરુત્થાનવાદી છે. તેમણે બાળવિધવા માટે પુનર્લગ્નની હિમાયત કરી, પરંતુ મોટી વયે વિધવા થયેલ સ્ત્રીના પુનર્લગ્નને તેમણે સમર્થન આપ્યું નથી. તેમણે કહ્યું કે લગ્નના પવિત્ર બંધનની અવહેલના થવી જોઈએ નહી. પતિના મૃત્યુ પછી પણ સ્ત્રીમાં પતિનો અંશ રહે છે. આવી સ્ત્રી માટે પુનર્લગ્ન કરવા તે ગુનો છે, વ્યભિચાર છે. આવા લગ્ન બજારુ કરાર બની જાય છે. વળી તેથી હિંદુસમાજની કુટુંબસંસ્થાની પણ અવહેલના થાય છે એમ તેઓની માન્યતા હતી.*

**(vi) શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાનઃ** *બ્રિટિશ સરકારે અને અન્ય સુધારકોએ સ્થાપેલી શિક્ષણ સંસ્થાઓમાં બિનસાંપ્રદાયિક શિક્ષણ અપાતું. ઍની બેસન્ટે આર્યસમાજની જેમ ધાર્મિક અને નૈતિક શિક્ષણ ઉપર ભાર મૂક્યો. તેમને લાગ્યું કે બિનસાંપ્રદાયિક શિક્ષણ ભારતના રાષ્ટ્રીય ઉત્થાનમાં બંધબેસતું નથી, આથી તેમણે રાષ્ટ્રીય શિક્ષણ શરૂ કર્યું.*

*આવું શિક્ષણ માતૃભાષામાં અપાતું. માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાથી મુક્ત વિચાર, મૌલિક્તા અને સંશોધનવૃત્તિ વિકસે છે તેવા મતનું તેમણે પ્રતિપાદન કર્યું. તેમાં*

*ભારતીય સંસ્કૃતિ, ઈતિહાસ, ધર્મ અને સાહિત્યને પ્રાધાન્ય અપાતું, જ્યારે પશ્ચિમી જ્ઞાનને ગૌણ સ્થાન આપતું. તેમણે કહ્યું કે આવા સ્વરૂપના શિક્ષણથી રાષ્ટ્રીય સભાનતા, સ્વમાન અને રાષ્ટ્રીય અભિમાન વિકસે છે.*

*થિયોસોફીએ રાષ્ટ્રીય શિક્ષણ માટે અડયાર, બનારસ અને ઘણાં મુખ્ય શહેરોમાં રાષ્ટ્રીય પાયા ઉપર હિંદુ કળાની શાળાઓ શરૂ કરી. થિયોસોફીની લાઈબ્રેરી, સંસ્કૃત સાહિત્યનું પ્રકાશન, પ્રાચીન સંસ્કૃત સાહિત્યના અનુવાદો, જૂની હસ્તપ્રતોનું સંકલન વગેરેને લીધે થિયોસોફી સાંસ્કૃતિક શિક્ષણનું કેન્દ્ર બની રહી.* 1898*માં બનારસમાં સેન્ટ્રલ હિંદુ કૉલેજ શરૂ કરી. પાછળથી તે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં રૂપાંતર પામી.*

## 4.3 ઉપયોગી પુસ્તકો


(5) *શાહ એ.જી. અને દવે જે. કે.* (2011-2012), *'આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન', અનડા પ્રકાશન, અમદાવાદ.*

(6) *શર્મા, રામનાથ અને શર્મા, રાજેન્દ્ર* (1995), *'સમાજશાસ્ત્ર કે સિદ્ધાંત' એટલાંટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.*

(7) *શર્મા, રાજેન્દ્ર* (1996), 'Fundamentals of Sociology' *એટલાંટિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, દિલ્લી.*

(8) *રાવત, એચ. કે.* (2007), 'Sociology : Basic Concepts', *રાવત પબ્લિકેશન્સ, જયપુર*


## 4.4 તમારી પ્રગતિ ચકાસો

### 4.4.1 મોટા પ્રશ્નો

**(1) બ્રહ્મોસમાજની ધાર્મિક અને સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓનું વર્ણન કરો.**

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

(2) પ્રાર્થનાસમાજની સામાજિક, ધાર્મિક અને આર્થિક સુધારણાની પ્રવૃત્તિઓ જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) આર્યસમાજનો પરિચય આપી તેના સિદ્ધાંતો જણાવી આર્યસમાજ દ્વારા ધાર્મિક પુનરુત્થાન અને સામાજિક પુનરુત્થાનના કાર્યોનું વર્ણન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) રામકૃષ્ણ મિશનની ધાર્મિક પુનરુત્થાન અને સામાજિક પુનરુત્થાનની પ્રવૃત્તિઓનું વર્ણન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(5) થિયોસોફિકલ સોસાયટી અંતર્ગત થયેલી સામાજિક પુનરુત્થાનની પ્રવૃત્તિઓનું વર્ણન કરો.**

…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………

**4.4.2 ટૂંકનોંધ લખો.**

**(1) બ્રહ્મોસમાજની ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિઓ.**

…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………

**(2) પ્રાર્થના સમાજ**

…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………

**(3) આર્યસમાજ**

…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………
…………………………………………………………………………………………

**(4) રામકૃષ્ણ મિશન**

…………………………………………………………………………………………
…………………………………………………………………………………………

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(5) થિયોસોફિકલ સોસાયટી**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

### 4.4.3 બહુવિકલ્પવાળા પ્રશ્નો

**(1) બ્રહ્મોસમાજના નેતા તરીકે કોનું નામ જોડાયેલું છે ?**

(A) *રાજા રામમોહન રાય* (B) *દયાનંદ સરસ્વતી*

(C) *ન્યાયમૂર્તિ રાનડે* (D) *એની બેસન્ટ*

**(2) ન્યાયમૂર્તિ રાનડેનું નામ કયા સંગઠન સાથે જોડાયેલું છે ?**

(A) *બ્રહ્મોસમાજ* (B) *પ્રાર્થના સમાજ*

(C) *આર્યસમાજ* (D) *રામકૃષ્ણ મિશન*

**(3) ન્યાયમૂર્તિ રાનડે ક્યારે પ્રાર્થનાસમાજમાં જોડાયા?**

(A) 1850 (B) 1860 (C) 1870 (D) 1880

**(4) આર્યસમાજની સ્થાપના ................ માં દયાનંદ સરસ્વતીએ કરી.**

(A) 1865 (B) 1870 (C) 1875 (D) 1880

**(5) બ્લેવેટસ્કી અને ઓલ્કોટ ............... માં ભારત આવ્યા.**

(A) 1876 (B) 1877 (C) 1878 (D) 1879

**(6) 1882માં ............... માં થિયોસોફીનું કેન્દ્ર સ્થપાયું.**

(A) *મદ્રાસ* (B) *કલકત્તા* (C) *નાગપુર* (D) *મુંબઈ*

**(7) બનારસ હિન્દુ યુનિવર્સિટીનું શરૂઆતમાં નામ ............... હતું.**

(A) *સેન્ટ્રલ હિન્દુ કૉલેજ* (B) *રિજનલ હિન્દુ કૉલેજ*

(C) *નેશનલ હિન્દુ કૉલેજ* (D) *કોઈપણ નહીં*

**(8) થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના ..............માં થઈ હતી.**

(A) *બેંગકોક* (B) *સિંગોપાર* (C) *બ્રાઝિલ* (D) *ન્યુયોર્ક*

**જવાબ**

(1) (A) *રાજા રામમોહન રાય*

(2) (B) *પ્રાર્થના સમાજ*

(3) (C) 1870

(4) (C) 1875

(5) (D) 1879

(6) (A) *મદ્રાસ*

(7) (A) *સેન્ટ્રલ હિન્દુ કૉલેજ*

(8) (D) *ન્યુયોર્ક*

એકમ - 5

# ભારતનું બંધારણ, ભારતનું આમુખ, મૂળભૂત અધિકારો-ફરજો, કલ્યાણ રાજ્ય તરીકેના સિદ્ધાંતો

:: રૂપરેખા ::


**5.0** ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** ભારતનું બંધારણ

**5.3** ભારતના બંધારણનું આમુખ

**5.4** મૂળભૂત અધિકારો

**5.5** મૂળભૂત ફરજો

**5.6** રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

**5.7** ભારત એક કલ્યાણ રાજ્ય તરીકે

**5.7.1** કલ્યાણ રાજ્યનો અર્થ

**5.7.2** ભારતની એક કલ્યાણ રાજ્ય તરીકેની કલ્યાણ પ્રવૃત્તિઓ

**5.8** સારાંશ

**5.9** સંદર્ભસૂચિ

**5.10** તમારી પ્રગતિ ચકાસો

મોટા પ્રશ્નોના જવાબ આપો.

**5.11** ટૂંકનોંધ લખો

**5.12** બહુવિકલ્પવાળા પ્રશ્નો


## 5.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણની વધુ સમજ મેળવવા માટે ભારતના બંધારણની વિસ્તૃત ચર્ચા કરી છે. આ એકમના અભ્યાસબાદ તમે-*

- *ભારતના બંધારણ અને ભારતના આમુખ વિશે સમજી શકશો.*
- *ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો વિશે જાણી શકશો.*
- *ભારતીય રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો પરિચય મેળવશો.*
- *ભારતની એક કલ્યાણ રાજ્ય તરીકેની કલ્યાણ પ્રવૃત્તિઓની માહિતી પ્રાપ્ત કરશો.*

## 5.1 પ્રસ્તાવના

*ભારતના બંધારણ માટેનો બીજો પર્યાય ભારતનું સંવિધાન છે. સામાજિક કાનૂનીકરણ એટલે સામાજિક કાયદાના ઘડતર અને અમલની પ્રક્રિયા. સામાજિક કાયદાનો એક મૂળભૂત સ્રોત બંધારણ છે. ભારતના બંધારણે ભારતને કલ્યાણરાજ્ય તરીકે ઘોષિત કર્યું છે. ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પ્રસ્તુત થયેલ કલ્યાણરાજ્યના ધ્યેયો પ્રાપ્ત કરવા માટે ભારતમાં સમાજકલ્યાણ અને ઈચ્છિત સામાજિક પરિવર્તન માટે સામાજિક કાયદાનો એક સાધન તરીકે સ્વીકાર થયો છે. સમાજકલ્યાણ સમાજના સર્વ લોકોના અને તેમાં ખાસ કરીને સમાજના નબળા અને વંચિત સમૂહોની નબળાઈઓ અને વંચિતપણું દૂર કરી તેઓના સશક્તિકરણ સાથે સંબંધ ધરાવે છે. ઈચ્છિત સામાજિક પરિવર્તનનો ખ્યાલ સમાજકલ્યાણના ખ્યાલને આવરી લે છે. ભારતના બંધારણના આમુખ અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં જે સમાજની કલ્પના કરવામાં આવી છે. તેવા સમાજની દિશાના પરિવર્તનને ઈચ્છિત સામાજિક પરિવર્તન કહેવાય.*

*ભારતમાં રાજ્યના કલ્યાણકારી ધ્યેયોનો પ્રારંભ કરતી વિભિન્ન બંધારણીય સંસ્થાઓ છે. તેમાંની સંસદ અને વિધાનસભા સામાજિક કાયદા ઘડવાની કામગીરી કરે છે અને ન્યાયતંત્ર ન્યાયકાર્ય કરે છે. ભારતમાં નબળા અને વંચિત સમૂહો જેવાં કે દલિતો, આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો, સ્ત્રીઓ અને બાળકો, વિકલાંગો, વૃદ્ધજનો, વગેરેના કલ્યાણ સંબંધિત સામાજિક કાયદા ઘડીને અમલમાં મૂકવામાં આવ્યાં છે તેમજ તેમના કલ્યાણની જરૂરિયાતો જેવી કે પ્રાથમિક શિક્ષણ, પૂર્ણરોજગારી, રહેઠાણ અને સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો પૂરી પાડી શકાય તે માટેની કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. સમાજકલ્યાણના કાર્યક્રમોનો પ્રારંભ કરતા અને તેને કાર્યાન્વિત કરતા વિભિન્ન સંગઠનો ભૂમિકા ભજવે છે.*

*અહીં આ એકમમાં ભારતનું બંધારણ અને સામાજિક કાયદાની સમજ આપી છે અને અનુગામી એકમોમાં ક્રમિક રીતે સમાજના નબળા અને વંચિત સમૂહોની તરફેણના કાયદા, સમાજકલ્યાણની જરૂરિયાતો અને વંચિતોનું કલ્યાણ તથા સમાજકલ્યાણ કાર્યક્રમોને આગળ ધરાવવા સંગઠનો અને સમાજકલ્યાણમાં તેમની ભૂમિકાનો પરિચય આપ્યો છે.*

## 5.2 ભારતનું બંધારણ (Constitution of India)

*1947ના જુલાઈમાં બ્રિટિશ પાર્લામેન્ટ ભારતીય સ્વાતંત્ર્યનો કાયદો પસાર કર્યો. આ કાયદાની જોગવાઈ મુજબ 15મી ઓગસ્ટ 1947ના રોજ ભારત સ્વતંત્ર થયું. આથી 15મી ઑગસ્ટનો દિવસ આપણે ભારતવાસીઓ સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવીએ છીએ. ભારતની બંધારણ સભાએ ડૉ. આંબેડકરના પ્રમુખપદે ખરડા સમિતિની રચના કરી. આ સમિતિએ ભારતના બંધારણનો ખરડો તૈયાર કર્યો. 26મી નવેમ્બરે 1949ના રોજ બંધારણ*

*સભાએ આ ખરડાનો સ્વીકાર કર્યો અને બંધારણ સભાના પ્રમુખ ડૉ.રાજેન્દ્રપ્રસાદે ખરડા પર સહી કરી. 26મી જાન્યુઆરી, 1950થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું તેની સાથે ભારત પ્રજાસત્તાક રાજ્ય બન્યું. આથી આપણે ભારતવાસીઓ 26મી જાન્યુઆરીના દિવસને પ્રજાસત્તાક દિન તરીકે ઉજવીએ છીએ.*

*બંધારણ મુજબ ભારત કલ્યાણ રાજ્ય છે. લોકોના અને ખાસ કરીને નબળા વર્ગના લોકોના કલ્યાણ અને વિકાસમાં ભારત સંકલ્પબદ્ધ છે. આ સંકલ્પબદ્ધતા ભારતના બંધારણનું આમુખ, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને નાગરિકના મૂળભૂત હક્કો અને ફરજોમાં વ્યક્ત થઈ છે. ભારતના સંવિધાનમાં અર્થાત્ બંધારણે ભારતના ભાવિ સમાજના સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનની રેખા અંકિત કરી આપી છે. બંધારણમાં 'ઈચ્છિત સમાજ'નું ચિત્ર રજૂ થયું છે. યોગેન્દ્રસિંહ બંધારણને ભારતના ભાવિ સમાજના નકશા તરીકે ઓળખાવે છે. તેઓ કહે છે કે બંધારણે સ્વાધીન ભારતમાં સામાજિક પરિવર્તનની ગુણવત્તા નક્કી કરી આપી છે. બંધારણના સમાજશાસ્ત્રીય સૂચિતાર્થો કે બંધારણે અંકિત કરી આપેલ ભાવિ સમાજની દિશા અને લોકોના તથા ખાસ કરીને નબળા વર્ગના લોકોના કલ્યાણ અને વિકાસ માટેની સંકલ્પબદ્ધતા બંધારણના આમુખમાં, મૂળભૂત અધિકારોમાં તથા રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં વ્યક્ત થાય છે.*

## 5.3 ભારતના બંધારણનું આમુખ (Preamble)

*ભારતનું સંવિધાન આમુખથી શરૂ થાય છે. આમુખ એ બંધારણની પ્રસ્તાવના છે. તે બંધારણના હાર્દને સ્પષ્ટ કરે છે. તેમાં ભારતની ભાવિ સમાજવ્યવસ્થા કેવા સ્વરૂપનાં સામાજિક ધોરણો, મૂલ્યો, વિચારો અને ધ્યેયો ઉપર રચાયેલી હશે તેનું ચિત્ર રજૂ થયું છે. તેમાં ભારતીય સમાજના પાયાના સિદ્ધાંતો પ્રસ્તુત થયા છે.*

*ભારતના બંધારણનું આમુખ નીચે મુજબ છે.*

**આમુખ**

*અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેના સર્વ નાગરિકોને : સામાજિક, આર્થિક અને રાજકીય, ......................ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની ................................સ્વતંત્રતા દરજ્જા અને તકની ..................................સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો, અને તેઓ સર્વમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુદઢ કરે એવી ...................... બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી સંવિધાન સભામાં 26 નવેમ્બર, 1949ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.*

*ભારતના બંધારણના આ આમુખમાં ભારતના સર્વ નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો તેમજ વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સુદૃઢ કરે તેવી બંધુતા વિકસાવવાનો સંકલ્પ વ્યક્ત થયો છે. આમુખ એ બંધારણનો ભાગ નથી પરંતુ તે ભારતના આદર્શો અને ધ્યેયો ઉપર પ્રકાશ પાડે છે. તે ભારતની પ્રજાની ભાવાનાઓનું એક ગૌરવપૂર્ણ જાહેરનામું છે. તેમાં ભારતના આદર્શ રાજ્યની ઝાંખી થાય છે. બંધારણની કલમના અર્થઘટન અંગે મતભેદ ઊભો થાય ત્યારે આમુખને કેન્દ્રમાં રાખીને તેનું અર્થઘટન કરી શકાય છે. આથી આમુખને બંધારણની 'ગુરુચાવી' ગણવામાં આવી છે.*

*ભારતના બંધારણ અર્થાત સંવિધાનના આમુખમાં સાર્વભૌમ અને પ્રજાસત્તાક શબ્દોની વચ્ચે સમાજવાદી અને બિનસાંપ્રદાયિક શબ્દો* 1976*ના* 42*માં બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યાં છે.*

*બંધારણના આ આમુખમાં ઉદારમતવાદના મુખ્ય સિદ્ધાંતો તેમજ મૂળભૂત માનવ અધિકારો-હક્કોની ઘોષણા થઈ છે. તેમાં ભારતની ભાવિ સમાજવ્યવસ્થા કેવા સ્વરૂપનાં સામાજિક ધોરણો, મૂલ્યો, વિચારો અને ધ્યેયો ઉપર રચાયેલી હશે તેનું ચિત્ર રજૂ થાય છે. બંધારણના આમુખમાં ઉદારમતવાદના મુખ્ય સિદ્ધાંતો વ્યક્ત થયા છે, જે નીચે મુજબ છે :*

**(1)** **વ્યક્તિનું ગૌરવ :** *બંધારણનું આમુખ વ્યક્તિના ગૌરવની ખાતરી આપે છે. પરંપરાગત ભારતીય સમાજમાં સમાજનું એકમ વ્યક્તિ નહીં પણ કુટુંબ અને જ્ઞાતિ જેવું જૂથ હતું. તેમાં વ્યક્તિગત અધિકારનો સ્વીકાર થયો ન હતો. પરંતુ ભારતના સંવિધાનમાં આમુખમાં "સમાજનું એકમ વ્યક્તિ છે." તેવો પાયાનો ઉદારમતવાદી સિદ્ધાંત વ્યક્ત થાય છે, તેમાં સર્વ નાગરિકોને ન્યાય, સમાનતા, વિચાર અને વાણી-સ્વાતંત્ર્ય બક્ષવાની ઘોષણા કરવામાં આવી છે. આ રીતે સંવિધાનનું આમુખ વ્યક્તિના વ્યક્તિત્વને રક્ષવાની તથા વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેની જરૂરી ખાતરી આપીને વ્યક્તિનું ગૌરવ સ્થાપિત કરે છે.*

**(2)** **સ્વાતંત્ર્ય અને સમાનતા :** *પરંપરાગત ભારતીય સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા અને સંયુક્ત કુટુંબપ્રથાને લીધે સમાનતા અને સ્વાતંત્ર્યનો અભાવ હતો. ભારતના સંવિધાનના આમુખમાં સમાજજીવનના સામાજિક, આર્થિક, રાજકીય, ન્યાય વગેરે તમામ ક્ષેત્રમાં સર્વ નાગરિકોને સમાનતા અને સ્વાતંત્ર્ય પુરું પાડવાની ખાતરી આપતી ઘોષણા કરી છે.*

*કેવળ સમાન તકની જ નહીં પણ દરજ્જાની સમાતનાનો સિદ્ધાંત પણ આમુખમાં વ્યક્ત થાય છે. એ જ રીતે ન્યાય માત્ર કોર્ટના ન્યાય પૂરતો મર્યાદિત નહીં રહેતા સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મેળવી આપવાની પણ આમુખ ખાતરી આપે છે.*

**(3)** **મુક્ત કરાર :** *પરંપરાગત ભારતની સમાજવ્યવસ્થા જન્મ ઉપર આધારિત બધા પ્રકારના વિશિષ્ટ અધિકાર અને નિર્યોગ્યતાની હિમાયત કરતી હતી. તે સત્તા*

*તાબેદારીના સંબંધો ઉપર રચાયેલી વ્યવસ્થા હતી. આથી વ્યક્તિ પોતાના જીવન અંગે સ્વતંત્ર રીતે નિર્ણય લેવા સમર્થ નહોતી. સ્વાધીન ભારતના સંવિધાનનું આમુખ સર્વે નાગરિકોને પોતાના જીવન અંગે સ્વતંત્ર રીતે નિર્ણય લેવાની સ્વાધીનતા પૂરી પાડે છે. તેમજ દરજ્જાની અને તકની સમાનતા મેળવી આપવા માટેની ખાતરી આપે છે. એટલે કે, તેમાં જન્મ ઉપર આધારિત વિશેષાધિકારો અને નિર્યોગ્યતાઓનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. આ રીતે જોતાં આમુખમાં દરજ્જા અને તક અંગેની મુક્ત સ્પર્ધા અને તે દ્વારા ખુલ્લા સમાજની ઘોષણા થયેલી છે.*

**(4) સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય :** *સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય કે લોકસાર્વભૌમત્વ એ ઉદારમતવાદનો ગૌરવભર્યો સિદ્ધાંત છે. બ્રિટિશ શાસન નીચે ભારત પરાધીન દેશ હતો. તેમાં અમુક અંશે પ્રજાના પ્રતિનિધિત્વનો સ્વીકાર થયો હતો, પણ તે સંપૂર્ણપણે લોકશાહી રાજ્ય નહોતું. તેમાં ભારતની પ્રજાનું સાર્વભૌમત્વ નહોતું. ભારતના બંધારણનું આમુખ ભારત સાર્વભૌમ લોકશાહી રાજ્ય હોવાની ઘોષણા કરે છે.*

*બંધારણના આમુખમાં 'અમે ભારતના લોકો', 'અમારી સંવિધાન સભામાં', 'આત્મસમર્પિત' જેવા શબ્દપ્રયોગો ભારતની પ્રજાનું પ્રતિનિધિત્વ અને સાર્વભૌમત્વનો નિર્દેશ કરે છે. તે એમ પણ સૂચવે છે કે ભારતના સર્વે નાગરિકોને તેના પ્રતિનિધિઓ ચૂંટવાનો અને તે દ્વારા શાસનની નીતિનું ઘડતર કરવાનો અધિકાર છે. અર્થાત્ પ્રજાને તેની બંધારણીય સરકાર રચવાનો અધિકાર હોવાની તેમાં ઘોષણા કરવામાં આવી છે.*

*આ રીતે લોકમતને પ્રાધાન્ય આપતું પ્રજાસત્તાક રાજ્ય, સર્વે નાગરિકોને સમાન વિચાર, અને અભિવ્યક્તિની તક પૂરી પાડવાની ખાતરી, સર્વે નાગરિકોને સામાજિક, આર્થિક, રાજ્યવિષયક, ન્યાયવિષયક, દરજ્જાવિષયક અને તકની સમાનતા બક્ષવાની ઘોષણા વગેરેમાં લોકશાહીના પાયાના સિદ્ધાંતો વ્યક્ત થાય છે. સંક્ષેપમાં કહીએ તો, આમુખમાં નાગરિકો દ્વારા નાગરિકોની અને નાગરિકો માટેની સરકારના સિદ્ધાંતની ઘોષણા થયેલી છે.*

**(5) બિનસાંપ્રદાયિકતા :** *પરંપરાગત ભારતની સમાજ વ્યવસ્થા સાંપ્રદાયિક પાયા પર રચાયેલી હતી. બંધારણનું આમુખ સર્વ નાગરિકોને માન્યતા, ધર્મ અને ઉપાસનાની બાબતમાં સ્વતંત્રતા આપવાની ઘોષણા કરે છે. અર્થાત્ તેમાં સર્વધર્મ સમભાવની નીતિ-બિનસાંપ્રદાયિકતાની નીતિ વ્યક્ત થાય છે. એ જ રીતે રાષ્ટ્રની એકતા સિદ્ધ કરી આપે તેવી બંધુતા (ભ્રાતૃભાવના) વધારવા માટે દૃઢ સંકલ્પની ઘોષણા કરે છે. તેમાં ધર્મ સંપૂર્ણ રીતે વ્યક્તિની અંગત બાબત હોવાની જાહેરાત થઈ છે. એ જ રીતે રાજનીતિ અને ધર્મને એકબીજાથી અલગ પાડવામાં આવ્યા છે. પ્રત્યેક નાગરિકને પોતાની ઈચ્છા મુજબનો ધર્મ પાળવાની સ્વતંત્રતા*

આપવાની તેમાં ઘોષણા થઈ છે. આમ, આમુખમાં ઉદારમતવાદનો, ધર્મનિરપેક્ષતાનો કે બિનસાંપ્રદાયિકતાનો સિદ્ધાંત વ્યક્ત થાય છે.

**(6)** **સમાજવાદ :** ભારતના બંધારણમાં સમાજવાદનો સિદ્ધાંત વ્યક્ત થાય છે. આ સિદ્ધાંતને મૂર્ત સ્વરૂપ આપવા માટે સમાજવાદી ઢબની સમાજરચના સ્થાપવાના ધ્યેય સાથે બીજી પંચવર્ષીય યોજના શરૂ કરવામાં આવી હતી. 1990ની નવી આર્થિક નીતિ પહેલાંની ભારતની આર્થિક નીતિ સમાજવાદી સ્વરૂપની રહેવા પામી હતી. સમાજકલ્યાણ અને તેના કાર્યક્રમોમાં સર્વોદય સમાજવાદ વ્યક્ત થાય છે.

**(7)** **રાષ્ટ્રની એકતા :** ભારતના બંધારણમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાની સંકલ્પબદ્ધતા વ્યક્ત થઈ છે.

**(8)** **પ્રગતિમાં શ્રદ્ધા :** પરંપરાગત ભારતીય સમાજની વિચારસરણી પ્રગતિમાં શ્રદ્ધા ધરાવતી ન હતી. એ વિચારસરણીમાં પડતીનો સિદ્ધાંત પ્રચલિત હતો. આથી સમાજનું સાતત્ય એ જ તેનું ધ્યેય હતું. સ્થગિતતા તેનું લક્ષણ હતું અને નિયંત્રણ અને સત્તા તેનું સાધન હતું. પરંતુ ભારતના સંવિધાનના આમુખમાં ઉદારમતવાદનો પાયાનો સિદ્ધાંત "પ્રગતિમાં શ્રદ્ધા"ની ઘોષણા કરે છે. આમુખના શબ્દો 'સર્વ નાગરિકોને એકતા સિદ્ધ કરી આપે તેવી બંધુતા વધારવા' શબ્દપ્રયોગમાં પ્રગતિનો સિદ્ધાંત વ્યક્ત થાય છે.

આમ, બંધારણનું આમુખ વ્યક્તિનું ગૌરવ, સમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય, બિનસાંપ્રદાયિકતા વગેરે મૂલ્યોનો સ્વીકાર કરે છે. આ મૂલ્યોને બંધારણના ભાગ-3 માં દર્શાવેલા મૂળભૂત અધિકારો અને ભાગ-4ના રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે અને તે ભારતની સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક નીતિનો સ્ત્રોત બની રહે છે.

## 5.4 મૂળભૂત અધિકારો

ભારતના નાગરિકોને તેમનો સર્વાંગી વિકાસ સાધવાની તક મળે તે માટે તેમને બંધારણના ભાગ-3ની વિભિન્ન કલમો દ્વારા કેટલાક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. નાગરિકોને તેમના વ્યક્તિત્વના વિકાસ માટે મળવી જોઈતી તકને હક અથવા અધિકાર કહેવાય. નાગરિકોને તેમના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે જે અધિકારો પાયાના કે મૂળભૂત છે તેવા અધિકારોને મૂળભૂત અધિકારો કહેવાય. વ્યક્તિના વ્યક્તિત્વ સર્વાંગી વિકાસ માટે જરૂરી પરિસ્થિતિનું નિર્માણ કરવા પ્રત્યેક નાગરિકોને કેટલાક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. આ મુળભૂત અધિકારો નીચે મુજબ છે :

**(1)** **સમાનતાનો અધિકાર :** બંધારણની કલમ-14 થી 18 દ્વારા સમાનતા સ્થાપવામાં આવી છે. કોઈપણ વ્યક્તિને રાજ્યથી કાયદા સમક્ષ સમાનતાની કે કાયદાના સમાન રક્ષણની ના પાડી શકાતી નથી. પ્રત્યેક નાગરિકને કાનૂન સમક્ષ સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે. તેમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ

*(સ્ત્રી-પુરુષ) કે જન્મસ્થાનના કારણે કરાતા ભેદભાવનો નિષેધ મૂકવામાં આવ્યો છે. જાહેર નોકરીની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા સ્થાપિત કરવામાં આવી છે. રાજ્ય તેમાં ભેદભાવ કરી શકશે નહીં. 'અસ્પૃશ્યતા' નાબૂદ કરવામાં આવી છે. 'અસ્પૃશ્યતા'માંથી ઉદ્ભવતી કોઈ નિર્યોગ્યતા લાગુ પાડવી તે કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુનો બને છે અને વિશિષ્ટ અધિકારો નાબૂદ કરવામાં આવ્યા છે. આમ, સમાનતાના અધિકારથી સર્વ નાગરિકોને કાનૂની સમાનતા, તકની સમાનતા અને સામાજિક સમાનતાના અધિકાર પ્રાપ્ત થાય છે.*

**(2)** **સ્વાતંત્ર્યનો અધિકાર :** *બંધારણની કલમ-19 થી 22 દ્વારા સર્વ નાગરિકોને વાણીસ્વાતંત્ર્યના અધિકાર સંબંધી અમુક હક્કોને રક્ષણ આપવામાં આવ્યું છે. આ અધિકારથી સર્વ નાગરિકોને વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો; શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા થવાનો, મંડળો કે સંઘો રચવાનો, ભારતના રાજ્યક્ષેત્રમાં સર્વત્ર મુક્તપણે ફરવાનો, નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો, તેમજ કાયદેસરનો વ્યવસાય, વેપાર કે ધંધો કરવાનો હક્ક આપવામાં આવ્યો છે. સ્વાતંત્ર્યના અધિકારથી અને નાગરિકોને ગુના સામે દોષિત ઠરાવવા અંગે રક્ષણ મેળવવાનો, જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનું રક્ષણ કરવાનો તેમજ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ મેળવવાનો હક્ક પ્રાપ્ત થાય છે. 2002ના 86માં બંધારણીય સુધારાથી નવી કલમ-21એ ઉમેરવામાં આવી હતી. આ કલમ શિક્ષણના અધિકારને લગતી છે. તેમાં 6 થી 14 વર્ષનાં બધાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પુરું પાડવાની રાજ્ય યોગ્ય રીતે વ્યવસ્થા કરશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.*

**(3)** **શૈક્ષણિક અધિકાર :** *બંધારણની કલમ-1 ક થી છ ચૌદ વર્ષની વય સુધીના તમામ બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે. આ મૂળભૂત અધિકાર તા.01-04-2010થી અમલમાં મૂકવામાં આવ્યો છે અને તે 2002ના સંવિધાન અધિનિયમ કલમ-2 થી 86માં બંધારણીય સુધારાથી બંધારણમાં દાખલ કરવામાં આવેલ છે.*

**(4)** **શોષણ સામેનો અધિકાર :** *બંધારણની કલમ-23 અને 24 દ્વારા થયેલી શોષણ સામેના અધિકારની બંધારણીય જોગવાઈથી મનુષ્ય-વેપાર અને વેઠ તેમજ તેના જેવી બળજબરીથી કરાવાતી બીજા કોઈ પ્રકારની મજૂરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચૌદ વર્ષની નીચેના વયના બાળકને કોઈ કારખાનામાં કે ખાણમાં રાખી શકશે નહીં તેમજ બીજા કોઈ જોખમવાળા કામમાં રોકી શકાશે નહીં. આ અધિકાર માનવ અધિકારની દૃષ્ટિએ મહત્ત્વનો છે. તેમાં નિર્બળ વ્યક્તિઓનું શોષણ થતું અટકાવવાનો હેતુ રહેલો છે તેમજ તે વ્યક્તિના ગૌરવનો સ્વીકાર કરી રક્ષણ પૂરું પાડે છે.*

**(5)** **ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર :** *બંધારણની કલમ-25 થી 28 દ્વારા જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે એ રીતે લોકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો*

*અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકારથી દેશના તમામ લોકોને અંતઃકરણના સ્વાતંત્ર્યનો અને મુક્ત રીતે ધર્મ પાળવાની સ્વાતંત્રતા બક્ષવામાં આવી છે. અધિકાર અને તેને આનુષંગિક જોગવાઈઓમાં ભારતની બિનસાંપ્રદાયિકતા વ્યક્ત થાય છે.*

**(6)** **સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર :** *બંધારણની કલમ-*29 *થી* 31 *દ્વારા અર્પિત આ અધિકારની જોગવાઈથી નાગરિકોને તેમની ભાષા, લિપિ કે સંસ્કૃતિ જાળવી રાખવાનો હક્ક પ્રાપ્ત થાય છે. તે લઘુમતીઓનાં હિતોનું રક્ષણ કરે છે. ધર્મ કે ભાષા ઉપર આધારિત તમામ લઘુમતીઓને પોતાની પસંદગીની સિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો હક્ક આપવામાં આવ્યો છે.*

**(7)** **બંધારણીય ઈલાજનો અધિકાર :** *બંધારણની કલમ-૩૨થી સમાનતા, સ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત અધિકારનો અમલ કરાવવા માટે યોગ્ય કાર્યવાહીથી ઉચ્ચતમ ન્યાયાલય પાસે દાદ માગવાના અને ન્યાય મેળવવાના હક્કની બાંયધરી બંધારણીય ઈલાજના અધિકારથી આપવામાં આવી છે. એટલે કે મૂળભૂત અધિકારોનું રક્ષણ બંધારણીય માર્ગોથી થઈ શકે તેવી જોગવાઈ બંધારણીય ઈલાજના અધિકાર દ્વારા તમામ લોકોને પ્રાપ્ત થાય છે. આથી ડૉ. આંબેડકર બંધારણીય ઈલાજના અધિકારને સમગ્ર બંધારણના હાર્દ સમાન ગણ્યો છે.*

1978 *પહેલાં ભારતના નાગરિકોને મિલકતનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો હતો. પરંતુ* 1978*ના* 44*માં બંધારણીય સુધારાથી મિલકતનો મૂળભૂત અધિકાર નાબૂદ કરવામાં આવ્યો છે. મિલકતનો અધિકાર હવે માત્ર કાનૂની અધિકાર છે.*

*મૂળભૂત અધિકારોનું મહત્ત્વ એ છે કે તે વ્યક્તિને પોતાનો વિકાસ સાધવામાં સહાયક બને છે. આ અધિકારો લઘુમતીઓને રક્ષણ પુરું પાડે છે. વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો તેમજ મંડળો અને સંઘો રચવાના અધિકારના ઉપયોગ દ્વારા નાગરિકો સરકારની આપખુદશાહી સામે પોતાનો વિરોધ દર્શાવી શકે છે, જે લોકશાહીને સાર્થક બનાવે છે અને રાજકીય સત્તાને મર્યાદામાં રાખે છે. સામાન્ય સંજોગોમાં જાહેર હિત, સલામતી કે જાહેર સ્વાસ્થ્ય માટે રાજ્ય મૂળભૂત અધિકારો ઉપર નિયંત્રણો મૂકી શકે છે અને વિશિષ્ટ સંજોગોમાં મૂળભૂત અધિકારો મોકૂફ રાખી શકે છે. આ રીતે ભારતના સંવિધાને વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધોને એકમાર્ગી નહીં પરંતુ પરસ્પરના પૂરક તરીકેની ભૂમિકા ઉપર મૂક્યા છે. મૂળભૂત ફરજોમાં આ બાબત વધુ સ્પષ્ટ થવા પામી છે.*

## 5.5 મૂળભૂત ફરજો (Fundamental Duties)

*મૂળભૂત અધિકારોમાં દેશના નાગરિક તરીકે વ્યક્તિનો દરજ્જો વ્યક્ત થાય છે અને મૂળભૂત ફરજોમાં દેશના નાગરિકો તરીકે વ્યક્તિની ભૂમિકા વ્યક્ત થાય છે. દરજ્જો અને ભૂમિકા પરસ્પર સંબંધિત છે અને એક સિક્કાની બે બાજુ સમાન છે.*

ભારત તેના નાગરિકોને મૂળભૂત અધિકારો આપે છે તેની સાથોસાથ તે દરેક નાગરિક પાસે મૂળભૂત ફરજોના પાલનની અપેક્ષા રાખે છે. અધિકારો અને ફરજો એક સિક્કાની બે બાજુ સમાન છે. અધિકારો ભોગવીએ અને ફરજોનું પાલન ન કરીએ તો તે નાગરિક ધર્મ ચૂક્યા સમાન છે. દરેક નાગરિકોમાં હક્કો પ્રત્યેની સભાનતાની સાથે ફરજો પ્રત્યેની સભાનતા હોવી જરૂરી છે. 1976ના 42માં બંધારણીય સુધારાથી ભારતના નાગરિકોની મૂળભૂત ફરજો નક્કી કરવામાં આવી છે તે બાબત દર્શાવે છે કે ભારતમાં ફરજ પાલન એ રાષ્ટ્રીય જરૂરિયાત બની ગઈ છે. બંધારણના ભાગ-4કથી મૂળભૂત ફરજોને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. બંધારણની કલમ-51-ક અનુસાર ભારતના નાગરિકોની મૂળભૂત ફરજો નીચે મુજબ છે :

(1) ભારતમાં બંધારણને વફાદાર રહેવાની અને તેના આદાર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(2) આઝાદી માટેની રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા આદર્શોને હૃદયમાં અંકિત કરવાની અને અનુસરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(3) ભારતમાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(4) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(6) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(7) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(10) રાષ્ટ્ર, પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો તરફ સતત પ્રગતિ કરતું રહે એ માટે, વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

(11) 2002ના 86માં બંધારણીય સુધારા કાયદા અનુસાર 6 થી 14 વર્ષની વય વચ્ચેના બાળકને શિક્ષણની તક પૂરી પાડવાની તે નાગરિક તરીકે મા-બાપ કે વાલીની મૂળભૂત ફરજ છે.

*મૂળભૂત ફરજોનું મહત્ત્વ :* બંધારણે દરેક નાગરિકની મૂળભૂત ફરજો પારિભાષિત કરીને આદર્શ નાગરિક બનવા માટેનો નાગરિક ધર્મ તથા નૈતિક આધાર પૂરો પાડ્યો છે. આ દ્વારા મૂળભૂત અધિકારોને અર્થસભર બનાવી વ્યક્તિ અને રાષ્ટ્રીય સમાજ વચ્ચેના સંબંધોને પરસ્પરના પૂરક બનાવ્યા છે. આ મૂળભૂત ફરજોને શિક્ષણના પાઠ્યપુસ્તકોમાં સમાવી લેવામાં આવી છે. આથી નવી પેઢી તેમની નાગરિક તરીકેની ફરજો પ્રત્યે જાગૃત બને છે. તેઓમાં દેશભક્તિ, રાષ્ટ્રીય સેવા, રાષ્ટ્રીય પ્રતીકોનો આદર, બંધુતાની ભાવના, નારી ગૌરવ, સાંસ્કૃતિક વારસો અને પર્યાવરણનું જતન, જીવ પ્રત્યે અનુકંપા અને અહિંસા, પુરુષાર્થ અને સિદ્ધિ, વૈજ્ઞાનિક, માનસ, માનવતા, જીજ્ઞાસા, સુધારણાની ભાવના તેમજ શિક્ષણના મૂલ્યોનું સિંચન થવા પામે છે.

## 5.6 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

ભારતના બંધારણના ભાગ-4માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યાં છે. આ સિદ્ધાંતો બંધારણનું મહત્ત્વનું અંગ છે. મૂળભૂત અધિકારો વ્યક્તિના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સમાજ કલ્યાણનું અર્થાત્ સમગ્ર પ્રજાના કલ્યાણનું ધ્યેય ધરાવે છે. તેમાં લોકકલ્યાણની વૃદ્ધિ માટે રાજ્યે શું કરવાનું છે અને શું કરવું જોઈએ તેની સ્પષ્ટતા કરીને રાજ્યની ફરજો પારિભાષિત કરવામાં આવી છે. આ દૃષ્ટિએ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યોના વર્તમાન અને ભાવિ કાર્યક્રમોને લગતાં સૂચનો છે. આ સિદ્ધાંતો રાજ્યની હકારાત્મક ફરજોનો નિર્દેશ કરે છે અને તે બંધારણના આમુખનું વિસ્તૃત સ્વરૂપ છે તેમ કહી શકાય.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નીચે મુજબ છે :

(1) લોકકલ્યાણની વૃદ્ધિ : કલમ-38 અનુસાર સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયથી સ્થાપિત થઈ હોય એવી સામાજિક વ્યવસ્થા સિદ્ધ કરી રાજ્ય, લોકકલ્યાણની વૃદ્ધિ કરવાનો પ્રયાસ કરશે. રાજ્ય વ્યક્તિઓ વચ્ચે તેમજ જુદા જુદા જૂથો વચ્ચે આવકની અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરશે તેમજ દરજ્જો, સગવડો અને તકોની અસમાનતા નાબૂદ કરવાનો પ્રયાસ કરશે.

(2) રાજ્યની નીતિ : કલમ-39થી રાજ્યે અનુસરવાના નીતિના અમુક સિદ્ધાંતો આપવામાં આવ્યાં છે. લોકકલ્યાણની વૃદ્ધિ માટે રાજ્યે સર્જવાની સામાજિક વ્યવસ્થાને અનુલક્ષીને નીચેની બાબતો સિદ્ધ થાય તેવી નીતિ અખત્યાર કરશે.

(i) પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પર્યાપ્ત સાધન મળે તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ii) પુરુષ અને સ્ત્રી બંનેને સરખા કામ માટે સરખું વેતન મળે તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(iii) લોકહિત સધાય તે રીતે સમાજની સંપત્તિનું વિતરણ થાય તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(iv) લોકહિતને નુકસાન થાય તેવી રીતે સંપત્તિનું કેન્દ્રીકરણ થવા ન પામે તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(v) પુરુષ અને સ્ત્રી કામદારોના આરોગ્ય અને શક્તિનો દુરુપયોગ ન થાય તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vi) કુમળી વયના બાળકોનો દુરુપયોગ ન થાય તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) જરૂરિયાતને કારણે નાગરિકોને તેમની વય અને શક્તિને માફક ન હોય તેવા રોજગારમાં પડવું ન પડે તે માટે રાજ્ય કાળજી રાખશે.

(viii) બાળકોને સ્વસ્થ, સ્વતંત્ર અને ગૌરવપૂર્ણ સ્થિતિમાં વિકાસની તકો અને સગવડો મળે તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ix) બાળકો તથા કિશોરોને શોષણ અને રક્ષણ મળે તેમજ તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે તે માટે રાજ્ય પ્રયાસ કરશે.

(3) સમાન ન્યાય અને મફત કાનૂની સહાય : બંધારણની કલમ-39-ક મુજબ રાજ્ય, કાયદાના અમલથી સમાન તકના ધોરણે ન્યાયનો ઉત્કર્ષ થાય તેમ કરશે અને ખાસ કરીને, આર્થિક કે બીજી નિર્યોગ્યતાઓને કારણે નાગરિકોને ન્યાય મેળવવા માટેની તકોનો ઈન્કાર કરવામાં આવે નહિ એ માટે યોગ્ય કાયદા દ્વારા કે યોજના કે બીજી કોઈ રીતે, મફત કાનૂની સહાય પૂરી પાડશે.

(4) જાહેર સહાય વગેરે : બંધારણની કલમ-45 અનુસાર રાજ્ય, પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને નાગરિકોને કામ, શિક્ષણ, વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના પ્રસંગે જાહેર સહાયનો હક મળે તેવી જોગવાઈ કરશે. રાજ્ય કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ સિદ્ધ કરવા માટે અને પ્રસૂતિ-સહાયતા માટે રાજ્ય જોગવાઈ કરશે. રાજ્ય, કામદારો માટે નિર્વાહ વેતન, વગેરે માટે પ્રયત્ન કરશે અને ઉદ્યોગોના વહીવટમાં કામદારો ભાગ લેતા થાય તેમ કરવા રાજ્ય પગલાં ભરશે.

(5) સમાન દીવાની કાયદો : બંધારણની કલમ-44 અનુસાર ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો થાય તેમ કરવા રાજ્ય પ્રયત્ન કરશે.

(6) બાળકો માટે શિક્ષણ : બંધારણની કલમ-45 અનુસાર બાળકોને તેમની ચૌદ વર્ષની વય પૂરી થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે. 2002ના 86માં સુધારાથી કલમ-45માં 6 વર્ષથી નીચેની વયનાં બાળકોની સંભાળ અને શિક્ષણ માટે જોગવાઈ કરવામાં આવી છે.

આ કલમ મુજબ 6 વર્ષની વય પૂરી કરે ત્યાં સુધી બધાં બાળકોને બાળસંભાળ અને શિક્ષણ પુરું પાડવા રાજ્ય પ્રયત્ન કરશે.

(7) નબળા વર્ગોનું કલ્યાણ : બંધારણની કલમ-46 અનુસાર નબળા વર્ગના લોકોના અને ખાસ કરીને અનુસૂચિત-જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોની અભિવૃદ્ધિ રાજ્ય વિશેષ કાળજીથી કરશે તેમજ સામાજિક ન્યાય અને તમામ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

(8) ગ્રામ પંચાયતોની રચના : બંધારણની કલમ-40 અનુસાર ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજ્ય પગલાં ભરશે અને સ્વરાજ્યના એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકાર આપશે.

આ ઉપરાંત બંધારણની કલમ-47 થી 51થી કેટલીક મહત્ત્વની જોગવાઈ થઈ છે. રાજ્યમાં લોકોના પોષણ અને જીવનધોરણ ઊંચા લાવવાની તથા જાહેર આરોગ્ય સુધારણા કરવાની રાજ્યની ફરજ ગણવામાં આવી છે. ખેતી અને પશુપાલનની આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે. ખાસ કરીને ગાયો અને વાછરડાં તથા બીજાં દુધાળા અને ભારવાહક ઢોરની ઓલાદો જાળવી રાખવા અને સુધારવા રાજ્ય પ્રયત્ન કરશે તેમજ તેમની કતલ ઉપર પ્રતિબંધ મૂકવા પગલાં ભરશે. રાજ્ય, પર્યાવરણનું જતન અને તેમાં સુધારણા કરવાનો પ્રયત્ન કરશે. રાષ્ટ્રીય મહત્ત્વના સ્મારકો અને સ્થળો તથા વસ્તુઓનું રક્ષણ કરવાની રાજ્યની ફરજ ગણવામાં આવી છે. આમ, બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા સામાજિક કલ્યાણની નીતિ અને પગલાંનો નિર્દેશ કરી રાજ્યની ફરજો પરિભાષિત કરવામાં આવી છે. કલમ-50 મુજબ લોકોને નિષ્પક્ષ ન્યાય મળે તે દૃષ્ટિથી રાજ્ય સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીતંત્રથી અલગ કરવા રાજ્ય પગલાં ભરશે. તેમજ કલમ-51 મુજબ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની વૃદ્ધિ કરવા રાજ્ય પ્રયત્નશીલ રહેશે તેવી જોગવાઈ બંધારણમાં કરવામાં આવી છે. આ બધી જોગવાઈઓનું મહત્ત્વ એ છે કે ભારતમાં સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયની દિશામાં પરિવર્તન લાવવા માટે ભારત એક કલ્યાણ રાજ્ય બની રહે છે અને કલ્યાણકારી કાયદા-પગલા અમલમાં મૂકે છે જે પરિવર્તન લાવે છે.

બંધારણની કલમ-37 અનુસાર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ ન્યાયાલયથી કરાવી શકાશે નહીં. છતાં, આ સિદ્ધાંતો લાગુ પાડવા તે રાજ્યની ફરજ ગણાશે. આથી જણાશે કે આ સિદ્ધાંતોને કાનૂની પીઠબળ નથી, પરંતુ આ સિદ્ધાંતોને ભારતની વિશાળ જનતાનું પીઠબળ રહેલું છે. સરકાર આ સિદ્ધાંતોની અવગણના કરે તો તે પ્રત્યેક લોકશાહી પ્રક્રિયામાં નાગરિકોના મતદાન દ્વારા પ્રજાનો પ્રતિભાવ વ્યક્ત થાય છે.

## 5.7 ભારત એક કલ્યાણ રાજ્ય તરીકે

*મધ્યયુગમાં બધાં રાજ્યો પોલીસ રાજ્ય હતાં. રાજ્યનું મુખ્ય કાર્ય કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી, મહેસૂલ ઉઘરાવવું અને બાહ્ય આક્રમણથી રક્ષણ કરવા પૂરતું જ મર્યાદિત હતું. લોકોના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય ઉત્કર્ષ અને સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓનો રાજ્યના કાર્ય તરીકે સ્વીકાર થયો ન હતો. કુટુંબ, જ્ઞાતિ અને ધર્મ સંસ્થા જરૂરિયાતમંદ વ્યક્તિઓને સામાજિક સેવા અને સુરક્ષા પૂરી પાડતી સંસ્થાઓ હતી. ધર્મસંસ્થા દયા, દાન, સખાવત કે સદાવ્રતની પ્રવૃત્તિ તરીકે જરૂરિયાતમંદોને સહાય પૂરી પાડતી. રાજ્ય પણ કેટલીક વખત જરૂરિયાતમંદોને દયા, દાન કે સદાવ્રતની પ્રવૃત્તિ તરીકે સહાય પૂરી પાડતું. પરંતુ તેમાં કલ્યાણ રાજ્યની ભાવનાનો અભાવ હતો. સમાનતા, સામાજિક ન્યાયનાં મૂલ્યોને અનુલક્ષીને લોકોના અધિકાર તરીકે કલ્યાણ પ્રવૃત્તિઓનો સ્વીકાર થયો ન હતો. પરંતુ આધુનિક યુગમાં નાગરિકોના કલ્યાણનાં કાર્યો કરવાં એ રાજ્યની ફરજ છે એમ મનાવા લાગ્યું. શોષણગ્રસ્ત લોકોને શોષણમાંથી મુક્તિ આપવી, અસુરક્ષિત લોકોને સુરક્ષા પૂરી પાડવી અને સામાજિક, આર્થિક, રાજકીય સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયપૂર્ણ સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવા માટે સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ કરવી એ આધુનિક લોકશાહી રાજ્યોમાં રાજ્યના કર્મ તરીકે સ્વીકૃત બન્યું છે. હવે રાજ્યને માનવકલ્યાણનું એક મહાન સાધન માનવામાં આવે છે.*

*ભારતના સંવિધાને ભારતને કલ્યાણ રાજ્ય તરીકે ઘોષિત કર્યું છે. આ નીતિ મુજબ રાજ્ય માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરતું પોલીસ રાજ્ય બની રહેશે નહીં. પણ સમાજજીવનના વિવિધ ક્ષેત્રે રચનાત્મક ભૂમિકા ભજવીને રાજ્ય સામાજિક-આર્થિક પછાતપણું ધરાવતા લોકોને, સમાજના નબળા વર્ગોને, અનાથ કે દીન-દુઃખી વગેરે જરૂરિયાતમંદ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડશે. તેઓના કલ્યાણ અને વિકાસ માટે રાજ્ય વિશેષ પ્રયાસો હાથ ધરશે. આ ઉપરાંત સમગ્ર સમાજને સામાજિક સેવાઓ પૂરી પાડવાની ફરજ પણ રાજ્ય બજાવશે. રાજ્ય સામાજિક-આર્થિક સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયપૂર્ણ સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરવા પ્રયાસ કરશે તેવી સામાજિક નીતિ અપનાવવાની સાથે ભારત કલ્યાણ રાજ્ય બન્યું છે.*

### 5.7.1 કલ્યાણ રાજ્યનો અર્થ

*કલ્યાણ એ દયા, દાન સખાવત કે સદાવ્રતની બાબત નથી પરંતુ જરૂરિયાતમંદ નાગરિકોના હક્કની બાબત છે. જરૂરિયાતમંદ લોકોને તેમના હક્કની રૂએ સહાય પૂરી પાડવી તેને કલ્યાણ કહેવાય.*

*રાજ્ય તેના નાગરિકોના સર્વાંગી વિકાસનું ધ્યેય અપનાવી તેમની પાયાની લઘુતમ જરૂરિયાતો પૂરી પાડે તથા તેમના માટે સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયોચિત પરિસ્થિતિનું નિર્માણ થાય તેવાં પગલાં ભરે ત્યારે તેને કલ્યાણ રાજ્ય કહેવાય.*

આધુનિક કલ્યાણ રાજ્યને સલામતી અને તકની સમાનતા માટેની સર્વાંગી સેવાઓ તથા પોલીસ સત્તાના નિયમન તરીકે સમજવામાં આવે છે. નેલ્સન કહે છે તેમ કલ્યાણ રાજ્યની વિભાવના ખરેખર ઉદારમતવાદ અને સમાજવાદ વચ્ચેની સમાધાનકારી પરિભાષા છે. કલ્યાણ રાજ્ય એ એક બાજુ સામ્યવાદ અને બીજી બાજુ વ્યક્તિવાદ એવા બે અંતિમો વચ્ચેનું સમાધાન છે.

કેટલાક વિદ્વાનો કલ્યાણ રાજ્યને હવે સામાજિક ન્યાયના સમાનાર્થી ખ્યાલ તરીકે જુએ છે. મીરદાલ ગુરુમુખના મતે લોકશાહી કલ્યાણ રાજ્ય આર્થિક વિકાસના વિશાળ ધ્યેયો પ્રત્યે સંકલ્પબદ્ધ છે. તે પૂર્ણ રોજગારી, તકોની સમાનતા, સામાજિક સલામતી તેમજ આવક, પોષણ, રહેઠાણ, આરોગ્ય અને શિક્ષણની બાબતમાં બધાં પ્રદેશો અને સામાજિક જૂથોના લોકો માટે સુરક્ષિત લઘુત્તમ જીવનધોરણનાં ધ્યેયો પ્રત્યેની સંકલ્પનાબદ્ધતા ધરાવે છે. દયા-દાન તરીકે નહીં પરંતુ રાજકીય અધિકાર તરીકે દરેક નાગરિકને સરકાર દ્વારા લઘુતમ જીવન ધોરણ, પોષણ, રહેઠાણ અને શિક્ષણની સુરક્ષાની ખાતરી કલ્યાણ રાજ્યનું સત્ત્વ છે. એમ.સી. ચાગલાએ કહ્યું છે કે નાગરિકોને તેમની ગૌરવભંગની સ્થિતિમાં ગરિમાપૂર્ણ અને અર્થપૂર્ણ સ્થિતિ તરફ દોરી જવા તે કલ્યાણ રાજ્યનું કાર્ય છે. સાચું સ્વાતંત્ર્ય માણવા માટે નાગરિકોને શક્તિમાન બનાવવા તે કલ્યાણ રાજ્યનું સાચું કાર્ય છે. આ કાર્ય દ્વારા માનવ વ્યક્તિત્વના મુક્ત વિકાસ સાથે સમાજ કલ્યાણનું ધ્યેય સંવાદિતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય.

સમાજમાં સામાજિક, આર્થિક, રાજકીય રીતે સબળ અને નિર્બળ એવા બે વર્ગોનું અસ્તિત્વ રહેલું છે. નિર્બળ લોકોનું શોષણ થતું હોય છે અને તેઓ મળેલા અધિકારોના ભોગવટાથી વંચિત રહેવા પામે છે. રાજ્ય જ્યારે વિશેષ કરીને નિર્બળ કે નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ પગલાં ભરે અને તેઓ શોષણ, ભેદભાવ, નિર્યોગ્યતામાંથી મુક્ત બની સરેરાશ નાગરિકની કક્ષાએ પહોંચી શકે તથા તેઓને મળેલા અધિકારો ભોગવવા શક્તિમાન બની શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરતા રાજ્યને કલ્યાણ રાજ્ય કહેવાય.

ભારતમાં સદીઓથી જે કાર્યો જ્ઞાતિ, કુટુંબ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદો પ્રત્યે દયા, દાન દાખવીને સદાવ્રત સ્વરૂપે થતાં અને તેઓ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તેટલા મર્યાદિત સ્વરૂપે થતાં તેના બદલે રાજ્ય અને તેની સહાયથી ચાલતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નબળા વર્ગના લોકો માત્ર પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તે પૂરતાં નહીં પરંતુ વિકાસ સાધીને સરેરાશ નાગરિકની હરોળમાં આવી શકે તે સ્વરૂપના ટકાઉ અને તે પણ દયા, દાન અને સદાવ્રતરૂપે નહીં પરંતુ નાગરિક તરીકેના હક્કોની દૃષ્ટિથી થવા લાગ્યાં. આ રીતે ભારત કલ્યાણ રાજ્ય બન્યું છે.

### 5.7.2 ભારતની નબળા વિભાગો માટેની કલ્યાણ પ્રવૃત્તિઓ

*ભારત કલ્યાણ રાજ્ય છે. તે દેશના લોકોના અને ખાસ કરીને સમાજના નબળા વિભાગોના કલ્યાણ અને વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. ભારતના બંધારણનું આમુખ, મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને તેમાં ખાસ કરીને કલમ-*38, 39 *અને* 46 *રાજ્યની કલ્યાણ રાજ્ય અંગેની સંકલ્પબદ્ધતાની સાબિતી છે. આ સંકલ્પબદ્ધતાને ચરિતાર્થ કરવા માટે અનેકવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આયોજનના સામાજિક હેતુઓ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર નક્કી કરવામાં આવે છે. સમાજના નબળા વિભાગોમાં અર્થાત્ વંચિત સમૂહો કે છેવાડાના સમૂહોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો, લઘુમતીઓ, વૃદ્ધો, વિકલાંગો, સ્ત્રીઓ અને બાળકો, નશીલાં દ્રવ્યોના વ્યસનીઓ, વગેરેનો સમાવેશ થાય છે. સમાજના આ બધા નબળા વિભાગો માટેના કલ્યાણની પ્રવૃત્તિઓ પરથી ભારત એક કલ્યાણ રાજ્ય છે તે સ્પષ્ટ થશે.*

**(i) બંધારણનું આમુખ અને કલ્યાણ રાજ્ય :** *કલ્યાણ રાજ્ય તેના સર્વ નાગરિકોના સર્વાંગી વિકાસ માટે સંકલ્પબદ્ધ હોય છે. ભારતના બંધારણના અમુખમાં દેશના સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને વ્યક્તિના ગૌરવને સુદૃઢ કરવાનો સંકલ્પ વ્યક્ત થયો છે. આવો સંકલ્પ વ્યક્તિઓ અને સમૂહોને તેમના વિકાસ માટેની ખાતરી આપે છે, જે ભારત કલ્યાણ રાજ્ય હોવાની સાબિતી છે.*

**(ii) મૂળભૂત અધિકારો અને કલ્યાણ રાજ્ય :** *કલ્યાણ રાજ્ય તેના સર્વ નાગરિકોને ભેદભાવ વિના સમાનતા, સ્વાતંત્ર્ય વગેરે અધિકારો આપીને સર્વાંગી વિકાસ માટેની તક પૂરી પાડે છે. ભારતનું બંધારણ દેશના સર્વ નાગરિકોને સમાનતાના ધોરણે મૂળભૂત અધિકારો બક્ષે છે. આ અધિકારોમાં સમાનતા અને સ્વાતંત્ર્યના અધિકારો, શોષણ સામેનો અધિકાર, ધર્મસ્વાતંત્ર્યનો અધિકાર, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર તેમજ આ અધિકારો વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે પાયાના છે. તે વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. બંધારણ અર્પિત આ મૂળભૂત અધિકારો ભારત કલ્યાણ રાજ્ય હોવાની સાબિતી છે.*

**(iii) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને કલ્યાણ રાજ્ય :** *કલ્યાણ રાજ્ય લોકકલ્યાણની વૃદ્ધિ માટે સંકલ્પબદ્ધ હોય છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં આવી સંકલ્પબદ્ધતા વ્યક્ત થઈ છે. બંધારણની કલમ-*38*મી લોકકલ્યાણની વૃદ્ધિ કરવી તે રાજ્યની ફરજ ગણવામાં આવી છે. કલમ-*39 *લોકકલ્યાણની વૃદ્ધિ માટે રાજ્યએ કયા પગલાં લેવા તે સૂચવે છે, જેમાં સ્ત્રી-પુરુષને સમાન કામ માટે સમાન વેતન, બાળકોને શોષણ સામે રક્ષણ, વગેરેનો સમાવેશ થાય છે. કલમ-*46 *લોકોના નબળા વર્ગોના અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોનાં શૈક્ષણિક તથા આર્થિક હિતોની અભિવૃદ્ધિ કરવાની, સામાજિક ન્યાય પૂરો પાડવાની તથા તમામ પ્રકારના શોષણ સામે રક્ષણ પુરું પાડવાની રાજ્યની ફરજ ગણવામાં આવી છે. આ*

ઉપરાંત સમાન ન્યાય, મફત કાનૂની સહાય, જાહેર સહાય, બાળકોના શિક્ષણ વગેરેને લગતી રાજ્યની ફરજોથી ભારત કલ્યાણ રાજ્ય હોવાનું સ્પષ્ટ થાય છે.

આમ, બંધારણનું આમુખ, મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલ્યાણ રાજ્ય અંગે વ્યક્ત થયેલી સંકલ્પબદ્ધતા સૈદ્ધાંતિક રીતે ભારતને કલ્યાણ રાજ્ય તરીકે ઘોષિત કરે છે.

**(iv) સમાજકલ્યાણ કાર્યક્રમો :** ભારતના બંધારણમાં કલ્યાણ રાજ્ય અંગે થયેલી ઘોષણાને વાસ્તવિક બનાવવા ભારતના આયોજનના સામાજિક ધ્યેયો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી મેળવવામાં આવે છે અને તે અનુસાર સમાજ કલ્યાણના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. કલ્યાણ રાજ્ય તરીકે ભારતમાં અનુસૂચિત જાતિઓ આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો, લઘુમતીઓ, સ્ત્રીઓ, યુવકો, સંજોગોનો ભોગ બનેલા સમૂહોના કલ્યાણ માટેના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે, જેમાં ભારત એક કલ્યાણ રાજ્ય હોવાની પ્રતીતિ થાય છે.

- **અનુસૂચિતજાતિઓનું કલ્યાણ અને કાર્યક્રમો**

અનુસૂચિત જાતિઓમાં સામાજિક-આર્થિક દરજ્જામાં સુધારણા કરવા માટે સરકારે સામાજિક સશક્તિકરણ, આર્થિક સશક્તિકરણ અને સામાજિક ન્યાય એમ ત્રણ લાંબાગાળાના વ્યૂહો અપનાવ્યા છે. આ વ્યૂહો દ્વારા તેઓનો સમગ્રદર્શી વિકાસ સાધીને તેઓને સમાજના બાકીના ભાગોની સમકક્ષ બનાવવા પ્રયાસ થાય છે. એટલે કે તેઓને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડીને તેઓનું સમાજમાં સુગ્રથન સાધવા પ્રયાસ થાય છે. આ ધ્યેય પ્રાપ્તિ માટે અનુસૂચિત જાતિઓમાં ગરીબી અને બેરોજગારીનું નિવારણ, ઉત્પાદક મિલકત સર્જન, સામાજિક, ભૌતિક, નાણાકીય સલામતી, શોષણ અને દમન નાબૂદી તેમજ તેઓમાં માનવસંસાધન વિકાસની યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. આ ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલય દ્વારા તેઓના સામાજિક અને આર્થિક વિકાસ માટેના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે.

- **અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ અને કાર્યક્રમો**

ભારતની સામાન્ય વસ્તીની તુલનામાં અનુસૂચિત આદિજાતિઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસની બાબતમાં ઘણાં પછાત છે. ભારત સરકાર સમાવેશક અભિગમ દ્વારા અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક દરજ્જામાં સુધારો કરવા માટે વિભિન્ન કલ્યાણ અને વિકાસની યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરે છે અને તેમાં સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ મેળવે છે. અનુસૂચિત આદિજાતિઓના ગરીબીરેખા હેઠળ જીવન જીવતા લોકોના આર્થિક વિકાસ માટે તેઓને આવક મેળવી આપતી આર્થિક પ્રવૃત્તિઓ કરવા માટે આવશ્યક તાલીમ આપવામાં આવે છે, કૌશલ્યો વિકસાવવામાં આવે છે. આ દ્વારા તેઓમાં ક્ષમતા વિકસાવવામાં આવે છે. તેમજ સ્વરોજગારી માટે ધીરાણ

*કરવામાં આવે છે. સાર્વત્રિક શિક્ષણ કાર્યક્રમમાં તેઓને આવરી લેવામાં આવ્યા છે. અનુસૂચિત આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે વિભિન્ન યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. આ કાર્યક્રમો દ્વારા તેઓને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા અને સમાજમાં સુગ્રથિત કરવાના પ્રયાસો થાય છે.*

- **અન્ય પછાતવર્ગોનું કલ્યાણ અને કાર્યક્રમો**

*અન્ય પછાતવર્ગો સમાજના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વિભાગો છે. તેઓના તેમજ વિચરતી જાતિઓના વિકાસ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય શૈક્ષણિક અને આર્થિક વિકાસની યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરે છે. આ દ્વારા તેઓને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા અને સમાજમાં તેઓનું સુગ્રથન કરવા પ્રયાસ થાય છે.*

- **લઘુમતીઓનું કલ્યાણ અને કાર્યક્રમો**

*ભારતની લઘુમતીઓમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, બૌદ્ધો અને પારસીઓનો સમાવેશ થાય છે. લઘુમતીઓના કલ્યાણ માટે 2006માં પ્રધાનમંત્રીશ્રીના 15 મુદ્દાનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. લઘુમતીઓની બાબતોનું મંત્રાલય લઘુમતીઓના શૈક્ષણિક વિકાસ માટે શિષ્યવૃત્તિઓની વિભિન્ન યોજનાઓ અમલમાં મૂકે છે. લઘુમતીઓની વસ્તીના કેન્દ્રીકરણવાળા 90 જિલ્લામાં તેઓના બહુવિધ વિકાસ માટેના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. આ કાર્યક્રમો દ્વારા આ 90 જિલ્લામાં ભૌતિક અને સામાજિક આંતરમાળખાની સુવિધાઓમાં સુધારો કરવામાં આવે છે. રાષ્ટ્રીય લઘુમતીઓનું વિકાસ અને નાણાનિગમ દ્વારા લઘુમતીઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે. આ રીતે લઘુમતીઓના કલ્યાણ અને વિકાસ માટે વિભિન્ન યોજના અને કાર્યક્રમો દ્વારા તેઓને સમાજના મુખ્યપ્રવાહમાં જોડવા અને સુગ્રથિત કરવા પ્રયાસ થાય છે.*

- **સ્ત્રીઓ અને બાળકોનું કલ્યાણના કાર્યક્રમો**

*સ્ત્રીઓના વિકાસ અને કલ્યાણના વિભિન્ન કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓનું આર્થિક સામાજિક અને રાજકીય સશક્તિકરણના પગલાં અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. આથી સ્ત્રીઓના વધતા જતા સહભાગીપણા સાથે તેઓ દેશના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન આપે છે. અવગણના, શોષણ, દુરુપયોગનો ભોગ બનેલા અને રહેઠાણ તથા અન્ન વસ્ત્રથી વંચિતપણું ભોગવતા બાળકોના કલ્યાણ માટેનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ આવા બાળકોને રહેઠાણ, પોષણ, આરોગ્ય સંભાળ, શિક્ષણ, મનોરંજન સુવિધા મળી રહે અને તેઓને દુરુપયોગ તથા શોષણ સામે રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.*

- **કિશોરો અને યુવકોના સશક્તિકરણના કાર્યક્રમો**

2003ની રાષ્ટ્રીય યુવાનીતિમાં કિશોરો અને યુવકોના સશક્તિકરણ માટે વિભિન્ન કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. સ્કાઉટિંગ, સાહસિકતા વિકાસ યોજના, રાષ્ટ્રીય સેવા યોજના, યુથફેસ્ટિવલ, રાષ્ટ્રીય સ્વયંસેવક યોજના, સ્પોર્ટસ અને યુવાવિકાસના કાર્યક્રમો, પંચાયત યુવાક્રિડા અને ખેલ અભિયાન, આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુવાવિનિમયના કાર્યક્રમો દ્વારા યુવકોનું સશક્તિકરણ કરવાના પ્રયાસો થાય છે. કિશોરો અને યુવકોનું સશક્તિકરણમાં ભાવિ ભારતનું પ્રતિબિંબ પડે છે.

- **સંજોગોનો ભોગ બનેલા અન્ય સમૂહોના કલ્યાણ કાર્યક્રમો**

આવા સમૂહોમાં વિકલાંગો, વૃદ્ધો, નશીલા દ્રવ્યોના વ્યસનીઓ, એચ.આઈ.વી./એઈડ્સ ગ્રસ્તો, વગેરેનો સમાવેશ થાય છે.

- ભારતમાં 21 મિલિયનથી વધુ વિકલાંગો છે. વિકલાંગોના કલ્યાણ માટે 1995નો વિકલાંગ ધારો અમલમાં મૂકવામાં આવ્યો છે.
- આ કાયદાની જોગવાઈ અનુસાર વિકલાંગોનું સમુદાય આધારિત પુનર્વસન યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. વિકાસ પ્રક્રિયામાં વિકલાંગોના સમાવેશ માટે શિક્ષણ, રોજગારી, ઉદ્યોગ સાહસિકતા, સાધન-સહાયયોજના, સુરક્ષા અને સ્પર્ધા યોજના અમલમાં છે.
- બાળમજૂરોના પુનઃસ્થાપન માટે વિભિન્ન કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે.
- વૃદ્ધોને સામાજિક સલામતી અને આધાર પૂરો પાડવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- નશીલાં દ્રવ્યોના વ્યસનીઓને વ્યસન મુક્ત કરવાનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.
- એચ.આઈ.વી. એઈડ્સગ્રસ્તોને સારવાર અને સહાનુભૂતિને લગતો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

આમ, અગાઉ જેઓને વિકાસ પ્રક્રિયામાંથી બાકાત રખાતા હતા. તેવા નબળા અને વંચિત સમૂહોનો વિકાસ પ્રક્રિયામાં વિભિન્ન યોજના અને કાર્યક્રમો દ્વારા સમાવેશ કરવામાં આવ્યો છે અને તે દ્વારા તેઓનું કલ્યાણ કરવાના પ્રયાસો થાય છે.

આમ, એક કલ્યાણ રાજ્ય તરીકે ભારતમાં વિભિન્ન નબળા વર્ગો અને વંચિત સમૂહોની જીવનપરિસ્થિતિ સુધારવાના પ્રયાસો થાય છે. તેઓના કલ્યાણ કાર્યક્રમોની સમાંતરે આવશ્યકતા અનુસાર સામાજિક કાનૂનીકરણનો માર્ગ પણ અપનાવવામાં આવ્યો છે, જેમાં વિભિન્ન કાયદા દ્વારા તેઓને રક્ષણ પૂરું પાડવામાં આવે છે. આ બધાં પ્રયાસોથી તેઓની જીવનપરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. આમ છતાં તેઓ માટે હજી ઘણું

કામ કરવાનું બાકી રહેવા પામ્યું છે. જેની પૂર્તતા કરવાના પ્રયાસો થતા રહે છે. એટલે સમાજકલ્યાણ એ અવિરત ચાલુ રહેતી પ્રક્રિયા બની રહે છે.

## 5.8 સારાંશ

ભારતના બંધારણ માટેનો બીજો પર્યાય ભારતનું સંવિધાન છે. ભારતમાં રાજ્યના કલ્યાણકારી ધ્યેયોનો પ્રારંભ કરતી વિભિન્ન બંધારણીય સંસ્થાઓ-સંસદ, વિધાનસભા અને ન્યાયતંત્ર છે. ભારતમાં નબળા અને વંચિત સમૂહોના કલ્યાણ સંબંધિત કાયદા ઘડીને અમલમાં મૂકવામાં આવ્યા છે. તેમજ તેમના કલ્યાણની જરૂરિયાતો-પ્રાથમિક શિક્ષણ, પૂર્ણ રોજગારી, રહેઠાણ અને સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો પૂરી પાડી શકાય તે માટેની કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે.

26મી જાન્યુઆરી, 1950થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું. બંધારણ મુજબ ભારત કલ્યાણ રાજ્ય છે. બંધારણમાં ઈચ્છિત સમાજનું ચિત્ર રજૂ થયું છે. ભારતનું સંવિધાન આમુખથી શરૂ થાય છે. આમુખ એ બંધારણની પ્રસ્તાવના છે. તે બંધારણના હાર્દને સ્પષ્ટ કરે છે. બંધારણના આમુખમાં ઉદારમતવાદના મુખ્ય સિદ્ધાંતો-વ્યક્તિનું ગૌરવ, સ્વતંત્રતા અને સમાનતા, સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય, બિનસાંપ્રદાયિકતા, સમાજવાદ, રાષ્ટ્રની એકતા, પ્રગતિમાં શ્રદ્ધા વગેરે વ્યક્ત થયા છે.

ભારતના નાગરિકોને તેમનો સર્વાંગી વિકાસ સાધવાની તક મળે તે માટે તેમને બંધારણના ભાગ-૩ની વિભિન્ન કલમો દ્વારા કેટલાક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. એવી જ રીતે બંધારણની કલમ-51ક દ્વારા ભારતના નાગરિકોની મૂળભૂત ફરજો પણ નક્કી કરવામાં આવી છે. ભારતના બંધારણના ભાગ-૪માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. ભારતના સંવિધાને ભારતને કલ્યાણ રાજ્ય તરીકે ઘોષિત કર્યું છે. સમાજના બધા નબળા વિભાગો માટેના કલ્યાણની પ્રવૃત્તિઓ પરથી ભારત એક કલ્યાણ રાજ્ય છે તે સ્પષ્ટ થાય છે.

## 5.9 સંદર્ભસૂચિ


(1) Govt. of India : The Constitution of India, Publication Division.
(2) Govt. of India : Social Welfare of India, Publication Division.
(3) અશ્વિન એન. કારીઆ : માનવવાદ અને માનવ અધિકારો.
(4) દવે, જે. કે. (2014-15) : સામાજિક કાનૂનીકરણ અને સમાજ કલ્યાણ, અનડા પ્રકાશ, અમદાવાદ.
(5) Marla Berg-Weger : Social Work and Social Welfare
(6) Jangan Shankar (Ed.) : Social Problems and Welfare in India.
(7) ભારતનું સંવિધાન, ગુજરાત સરકાર, માહિતી ખાતું.

## 5.10 તમારી પ્રગતિ ચકાસો

**મોટા પ્રશ્નોના જવાબ આપો.**

**(1) ભારતના બંધારણની સમજ આપી બંધારણના આમુખમાં વ્યક્ત થયેલા ઉદારમતવાદના સિદ્ધાંતોની ચર્ચા કરો.**

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

**(2) ભારતના નાગરિકોને તેમના સર્વાંગી વિકાસ માટે આપવામાં આવેલા મૂળભૂત અધિકારોની ચર્ચા કરો.**

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

**(3) ભારતના બંધારણ દ્વારા નક્કી કરવામાં આવેલી ભારતના નાગરિકોની મૂળભૂત ફરજો જણાવો.**

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

(4) ભારતના બંધારણમાં પ્રસ્તુત થયેલ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ણન કરો.

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

(5) કલ્યાણ રાજ્યનો અર્થ જણાવી ભારતની નબળા વિભાગો માટેની કલ્યાણ પ્રવૃત્તિઓ વિસ્તારથી જણાવો.

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

## 5.11 ટૂંકનોંધ લખો.

(1) ભારતનું બંધારણ

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

(2) ભારતનાં બંધારણનું આમુખ

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

(3) ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારો

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

(4) ભારતના નાગરિકોની મૂળભૂત ફરજો

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

(5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

(6) ભારત એક કલ્યાણ રાજ્યનો અર્થ

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

(7) ભારતની નબળા વિભાગો માટેની કલ્યાણ પ્રવૃત્તિઓ

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

## 5.12 બહુવિકલ્પવાળા પ્રશ્નો

**(1) ભારતનું બંધારણ ૨૬મી જાન્યુઆરી ............. થી અમલમાં આવ્યું.**

(A) 1947 (B) 1950

(C) 1948 (D) 1949

**(2) બંધારણની કલમ ............. દ્વારા સમાનતા સ્થાપવામાં આવી છે.**

(A) 14 *થી* 16 (B) 14 *થી* 17

(C) 14 *થી* 20 (D) 14 *થી* 18

**(3) બંધારણની કલમ ............. દ્વારા સર્વ નાગરિકોને વાણી સ્વાતંત્ર્યના અધિકાર સંબંધી અમુક હક્કોને રક્ષણ આપવામાં આવ્યું છે.**

(A) 14 *થી* 18 (B) 14 *થી* 20

(C) 19 *થી* 22 (D) 16 *થી* 20

**(4) બંધારણની કલમ ............. દ્વારા જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને *સ્વાસ્થ્ય*ને બાધા ન આવે એ રીતે લોકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર આપવામાં આવ્યો છે.**

(A) 14 *થી* 18 (B) 19 *થી* 22

(C) 23 *થી* 24 (D) 25 *થી* 28

**(5) બંધારણની કલમ ............. દ્વારા નાગરિકોને તેમની ભાષા, લિપિ કે સંસ્કૃતિ જાળવી રાખવાનો હક્ક પ્રાપ્ત થાય છે.**

(A) 14 *થી* 18 (B) 19 *થી* 22

(C) 25 *થી* 28 (D) 29 *થી* 31

જવાબો

(1) (B) 1950

(2) (D) 14 *થી* 18

(3) (C) 19 *થી* 22

(4) (D) 25 *થી* 28

(5) (D) 29 *થી* 31

**એકમ - 6**

# ભારતમાં બાળકોનો દરજ્જો, શિક્ષણ, આરોગ્ય અને બાળકોના અધિકારો, બાળમજૂરીના કારણો અને નિયંત્રણ કરતા કાયદાઓ

:: રૂપરેખા ::

**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** શિક્ષણ, આરોગ્ય અને બાળકોના અધિકારો

- **6.2.1** બાળકો એટલે શું ?
- **6.2.2** બાળકોના અધિકારોનો દસ્તાવેજ
- **6.2.3** બાળકોની તરફેણમાં બંધારણીય જોગવાઈઓ
- **6.2.4** બાળકો અંગેના કાયદા
- **6.2.5** બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ

**6.3** બાળમજૂરીના કારણો અને કલ્યાણ માટેની યોજનાઓ

- **6.3.1** બાળમજૂરીની વ્યાખ્યા
- **6.3.2** બાળમજૂરીનો અંદાજ
- **6.3.3** બાળમજૂરોમાં સાક્ષરતાનું પ્રમાણ
- **6.3.4** બાળમજૂરોની સામાજિક-આર્થિક પશ્ચાદ્‌ભૂમિકા
- **6.3.5** બાળમજૂરી માટેના કારણો અને સંજોગો
  - **6.3.5.1** ગ્રામીણ વિસ્તારો
  - **6.3.5.2** નગર વિસ્તારો
- **6.3.6** બાળમજૂરીની નાબૂદી માટે બંધારણીય જોગવાઈઓ અને સરકારી નીતિઓ

**6.4** સારાંશ

**6.5** સંદર્ભ સૂચિ

**6.6** તમારી પ્રગતિ ચકાસો

મોટા પ્રશ્નોના જવાબ આપો.

**6.7** ટૂંકનોંધ લખો.

**6.8** બહુવિકલ્પવાળા પ્રશ્નો

## 6.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ અભ્યાસના એકમ બાદ તમે-*

- *શિક્ષણ, આરોગ્ય અને બાળકોના અધિકારો વિષય અંતર્ગત બાળકો એટલે શું ? બાળકોના અધિકારોનો દસ્તાવેજ, બાળકોની તરફેણમાં જોગવાઈઓ, બાળકો અંગેના કાયદા અને બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ વિશે સમજાવી શકશો.*
- *બાળમજૂરીના કારણો અને નિયંત્રણ કરતાં કાયદાઓ વિષય અંતર્ગત બાળમજૂરીની વ્યાખ્યા, બાળમજૂરીનો અંદાજ એટલે કે બાળમજૂર કોણ છે, બાળમજૂરી માટે જવાબદાર પરિબળો, કયા કયા ક્ષેત્રમાં બાળમજૂરી પ્રવર્તે છે અને બાળમજૂરી નિયમન માટે ઘડાયેલા કાયદાઓ તેમજ નીતિના અમલીકરણની સમજૂતી આપી શકશો.*

## 6.1 પ્રસ્તાવના

*1989માં સંયુક્ત રાષ્ટ્રોના સંમેલનમાં "બાળકો જ વિશ્વનું ભાવિ છે." તેમ કહેવામાં આવ્યું હતું. બાળકે તેના બાલ્યકાળમાં પૈસા કે રોટી કમાનાર તરીકે ભૂમિકા ભજવવાની હોતી નથી. આ ભૂમિકા પુખ્ત ઉંમરના માણસોની છે. બાલ્યકાળમાં દરેક બાળકે શિક્ષણ મેળવવાની અને પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની ભૂમિકા ભજવવાની છે. બાળકની આ ભૂમિકા સમાજના સાતત્ય અને સભ્યતાના વિકાસ સાથે સંબંધ ધરાવે છે. સમાજની ભાવિ સમૃદ્ધિ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. બાળકના સર્વાંગી સમતોલ શારીરિક, માનસિક, બૌદ્ધિક અને શૈક્ષણિક વિકાસને આવશ્યક માનવામાં આવે છે. બાળકોનો સમતોલ અને સર્વાંગી વિકાસ આવશ્યક માનવામાં આવે છે. બાળકોનો સમતોલ અને સર્વાંગી વિકાસ માનવસંસાધન વિકાસનું પ્રથમ સોપાન છે. પ્રત્યેક બાળક સમાજની અમૂલ્ય માનવ સંપત્તિ છે. આથી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસ માટે જરૂરી અને અનુકૂળ પર્યાવરણ અને તકો પૂરાં પાડવા એવી પ્રત્યેક સમાજ અને કુટુંબ પાસે અપેક્ષા રાખવામાં આવે છે.*

*આધુનિક યુગમાં બાળકો, કિશોરો અને યુવકોનું મહત્ત્વ વધ્યું છે. પરંતુ ભારતમાં પચાસ ટકા કે તેથી વધુ કુટુંબોમાં બાળકો અને કિશોરોના વિકાસ પ્રત્યે પર્યાપ્ત લક્ષ અપાતું નથી અથવા તે પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. તેવું તજજ્ઞોનું નિરીક્ષણ છે. ભણવાની ઉંમરે બાળકોને કામે મોકલવા, શાળાએ જતા બાળકોનું ભણતર અધવચ્ચેથી છોડાવી લેવું, બાળકોનું નીચું આરોગ્ય સ્તર, કન્યાજન્મ અને ઉછેરની અવગણના જેવી ઘટનાઓમાં બાળકોના વિકાસ માટે રાજ્યે કાનૂની, શિક્ષણ અને બાળવિકાસ કાર્યક્રમો દ્વારા પૂરી પાડેલી તકોનો લાભ લેવા પ્રત્યે ઘણાં કુટુંબો ઉપેક્ષા સેવતા હોવાનું જણાય છે.*

## 6.2 શિક્ષણ, આરોગ્ય અને બાળકોના અધિકારો

### 6.2.1 બાળક એટલે શું ?

*ભારતના બંધારણની કલમ-24 મુજબ કોઈપણ વ્યક્તિ જે 14 વર્ષથી નીચેની ઉંમરની હોય તેને બાળક ગણવામાં આવે છે.*

*બાળમજૂરી નિયંત્રણને લગતા 1986ના કાયદામાં 14 વર્ષની ઉંમર પૂરી ન થઈ હોય એવી વ્યક્તિને બાળક ગણવામાં આવે છે.*

*વસ્તીગણતરીમાં 14 વર્ષ સુધીની વય ધરાવતી વ્યક્તિને બાળકોની શ્રેણીમાં મૂકવામાં આવે છે.*

*ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ મુજબ જેની ઉંમર છ વર્ષથી ઓછી ન હોય અને 14 વર્ષથી વધારે ન હોય તે છોકરો કે છોકરી એટલે બાળક.*

### 6.2.2 બાળકોના અધિકારોનો દસ્તાવેજ

*સંયુક્ત રાષ્ટ્રોના 1989ના સંમેલનમાં બાળકોના અધિકારોનો દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો. ભારતે આ દસ્તાવેજની બહાલી આપી છે. ભારત સરકારના સ્ત્રીઓ અને બાળવિકાસ વિભાગે બાળકોના અધિકારોના અમલ માટેનું તંત્ર ગોઠવ્યું છે. બાળકોના અધિકારોના દસ્તાવેજમાં બાળકોના 37 જેટલા મૂળભૂત અધિકારોની ભલામણ થઈ છે. આ બધા અધિકારોને મુખ્યત્વે નીચેના ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે.*

(i) *જીવિત રહેવાનો અધિકાર*
(ii) *રક્ષણ મેળવવાનો અધિકાર*
(iii) *વિકાસ સાધવાનો અધિકાર*
(iv) *સહભાગી બનવાનો અધિકાર*

*આ અધિકારો આજના વિશ્વમાં બાળઉછેર અંગેના સામાજિક ધોરણો અને મૂલ્યો છે. બાળકો આ અધિકારો ભોગવી શકે તેવું સામાજિક પર્યાવરણ સર્જવું આવશ્યક બને છે, કારણ કે અસંખ્ય બાળકો આ અધિકારોના ભોગવટાથી વંચિત રહે છે.*

### 6.2.3 બાળકો માટે બંધારણીય જોગવાઈઓ

*ભારતના બંધારણમાં બાળકોની તરફેણમાં નીચેની જોગવાઈઓ થઈ છે :*

- *બંધારણની કલમ-21ક થી 6થી 14 વર્ષની વય સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે રાજ્ય કાયદાથી જોગવાઈ કરી શકે છે.*
- *બંધારણની કલમ-45થી છ વર્ષથી ઓછી વયના બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમિયાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ થઈ છે.*

- બંધારણની કલમ-51.6(ડ)થી માતા-પિતાએ અથવા વાલીએ, 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી તે નાગરિક તરીકે તેમની મૂળભૂત ફરજ છે.
- બંધારણની કલમ-23થી મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- બંધારણની કલમ-24થી ચૌદ વર્ષથી નીચેની વયના બાળકને કોઈ કારખાનામાં કે ખાણમાં કામે રાખવા ઉપર તેમજ બીજા કોઈ જોખમવાળા કામમાં રોકવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- બંધારણની કલમ-39(ચ)અનુસાર બાળકોની કુમળી વયનો દુરુપયોગ ન થાય તેવી નીતિ રાજ્ય અખત્યાર કરશે.
- બંધારણની કલમ-39(A) અનુસાર બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય અને ગૌરવભરી સ્થિતિમાં વિકસવાની તકો અને સગવડો આપવામાં આવે અને બાળકો તથા કિશોરોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે તેવી નીતિ રાજ્ય અખત્યાર કરશે.

બાળકોની તરફેણમાં થયેલી આ બંધારણીય જોગવાઈઓને મૂર્તિમંત કરવા માટે બાળકો અંગેના વિભિન્ન કાયદા ઘડીને અમલમાં મૂકવામાં આવ્યાં છે, જે અનુગામી મુદ્દાથી સ્પષ્ટ થશે.

### 6.2.4 બાળકો અંગેના કાયદા

બાળકોના વિકાસ અને કલ્યાણને લગતા વિભિન્ન કાયદા ઘડીને અમલમાં મૂકવામાં આવ્યાં છે. આ કાયદાનો સંક્ષિપ્ત પરિચય અહીં આપ્યો છે.

- **બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર કાનૂન, 2009**

86માં બંધારણીય સુધારા, કાનૂન 2002થી બંધારણમાં કલમ-21ક ઉમેરવામાં આવી છે. આ કલમ અનુસાર રાજ્ય, છથી ચૌદ વર્ષની વય સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે રાજ્ય કાયદાથી નક્કી કરે તેવી રીતે જોગવાઈ કરશે. આ બંધારણીય સુધારા કાનૂનથી છથી ચૌદ અધિકાર પ્રાપ્ત થયો છે. આ મૂળભૂત અધિકારને યોગ્ય કાનૂની સ્થાન આપવા માટે 4-ઓગસ્ટ 2009ના રોજ સંસદ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ, 2009 પસાર કર્યો અને તે 29 ઓગસ્ટ 2009ના રોજ ભારતના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ કાયદો (રાઈટ ટુ એજ્યુકેશન-RTE) દરેક બાળકને ઔપચારિક શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર પૂરો પાડે છે. આ કાયદો 1લી એપ્રિલ 2010થી અમલમાં આવ્યો છે. આ કાયદો 6 થી 14 વર્ષની વયજૂથના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવા હકદાર બનાવે છે. સર્વશિક્ષા અભિયાનમાં આ કાયદાનું વિશેષ મહત્ત્વ છે. આ કાયદાને ફળદાયી બનાવવા માટે રહેઠાણ વિસ્તારોની નજીક

શાળાઓ સ્થાપવાનું અને તેમાં શૈક્ષણિક સુવિધાઓ તથા શિક્ષકો પૂરા પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાયદાના અમલીકરણમાં નબળા અને વંચિત સમૂહો જેવાં કે અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતી સમુદાયોના બાળકો ઉપર ખાસ લક્ષ આપવામાં આવે છે. અર્થાત્ આ કાયદાના અમલીકરણથી આ નબળા અને વંચિત સમૂહોના બાળકો લક્ષ્ય સમૂહો છે.

સંયુક્ત રાષ્ટ્રોના સંમેલનમાં ઘોષિત થયેલા બાળકોના અધિકારોના દસ્તાવેજ મુજબ બાળકને પોતાનો વિકાસ સાધવાનો અધિકાર છે. આ અધિકારમાં શિક્ષણ મેળવવાનો, રમત-ગમત, સાર-સંભાળ, સામાજિક સલામતી, ફુરસદ, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો વગેરે અધિકારોનો સમાવેશ થાય છે. રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સહભાગીપણું શિક્ષણનું અંગ છે. 6-14 વર્ષની વય જૂથના બાળકોને શિક્ષણ એટલે પ્રાથમિક શિક્ષણ. પ્રાથમિક શિક્ષણ મફત મળવાથી નબળા અને વંચિત સમૂહો માટે અગત્યનું બની રહે છે.

પ્રાથમિક શિક્ષણ પાયાનું મૂળભૂત શિક્ષણ છે. શિક્ષણ અને વિજ્ઞાનની સમગ્ર ઈમારત પ્રાથમિક શિક્ષણ ઉપર રચાયેલી છે. બાળકને પ્રાથમિક શિક્ષણ આપવું એટલે ધોરણ-1 થી 7 કે 8 સુધીનું શિક્ષણ આપવું. બાળકને પ્રાથમિક શિક્ષણ મળી જાય તો તે આપમેળે પોતાનો અને કુટુંબનો વિકાસ સાધવા અને દેશના વિકાસમાં પ્રદાન આપવા શક્તિમાન બની શકે છે. પ્રાથમિક શિક્ષણ મેળવવાથી બાળકમાં વધુ આગળનું શિક્ષણ મેળવવાની ઈચ્છા પેદા થાય છે. આથી પ્રાથમિક શિક્ષણ પાયાનું અને મૂળભૂત બની રહે છે. આથી RTEનો અમલ અગત્યનો બની રહે છે. ખાસ કરીને શિક્ષણની અગત્ય ન સમજતા લોકોનો અને નબળા તથા ગરીબ વર્ગના લોકોના વિકાસ અને કલ્યાણ માટે આ કાયદો અગત્યનો બની રહે છે.

- **કમિશન અને પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ, 2005**

આ બાળકોના વિવિધ અધિકારો જેવાં કે જીવિત રહેવાનો અધિકાર, આરોગ્ય, પોષણ, સારસંભાળ, રક્ષણ મેળવવાનો અધિકારો, શોષણ મુક્તિ, અમાનવીય વ્યવહારમાંથી મુક્તિ, અણધાર્યા પ્રસંગે રક્ષણ, શિક્ષણ, સલામતી, મનોરંજન વગેરે અધિકારોને રક્ષણ પુરું પાડે છે. આ કાયદાની જોગવાઈ મુજબ બાળ અધિકારોના રક્ષણ માટે નેશનલ કમિશનની રચના કરવામાં આવી છે. આ કમિશન બાળકોના અધિકારોનો યોગ્ય અમલ કરાવવાની તથા બાળકોને લગતા કાયદાનો તથા કાર્યક્રમોનો અસરકારક અમલ કરાવવાની કામગીરી સાથે સંકળાયેલ છે. મિશનનું ધ્યેય ભારતમાં બાળઅધિકારોને રક્ષણ આપવાનું સુરક્ષા કરવાની તથા તેના અમલને વેગ આપવાનું છે.

- **ઈન્ફન્ટ મિલ્ક સબસ્ટિટ્યૂટ્સ, ફીડીંગ બોટલ્સ એન્ડ ઈન્ફન્ટ ફૂડ એક્ટ, 1992**

  *આ કાયદો બાળકોના આહાર અને પોષણ સંબંધી વૈકલ્પિક ઉત્પાદન, પૂરવઠો અને વિતરણનું નિયમન કરે છે.*

- **જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, 2000**

  *આ કાયદો બાળ અપરાધીની સંભાળ અને રક્ષણની જોગવાઈ કરે છે.*

1986*માં જુવેનાઈલ જસ્ટિસ એક્ટ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ કાયદામાં સુધારો કરીને જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એક્ટ,* 2000) *અમલમાં મૂકવામાં આવ્યો. આ કાયદો કાયદા સાથે સંઘર્ષમાં હોય તેવાં કુમળી વયના બાળકો અને સંભાળ તથા રક્ષણની જરૂરિયાત હોય તેવા બાળકોને લગતો પ્રાથમિક કાયદો છે.*

- **પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીઝ એક્ટ, 2012**

  *આ કાયદો બાળકોનો દુરુપયોગ થતો અટકાવવા માટેનો ખાસ કાયદો છે. આ કાયદામાં* 18 *વર્ષની નીચેની વયની વ્યક્તિને બાળક ગણવામાં આવેલ છે. આ કાયદો પુરુષ બાળક અને સ્ત્રી બાળક એમ બંનેને સમાન સુરક્ષા પૂરી પાડે છે. આ કાયદાથી ગુનાની ગંભીરતા અનુસાર સાદી સજાથી માંડીને કઠોર સજાની જોગવાઈ થઈ છે અને કોર્ટ દંડ પણ કરી શકે છે. બાળકના હિતોને લક્ષમાં રાખીને આ કાયદાથી ખાસ અદાલત સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે તેમજ પૂરાવાની નોંધ અને ગુનાની તપાસ માટે મૈત્રીપૂર્ણ કાર્યવાહી કરવાની તથા ઝડપી કાર્યવાહી ચલાવવાની જોગવાઈ થઈ છે.*

- **બાળમજૂરી (નિયંત્રણ અને નિયમન) કાનૂન, 1986**

  *બાળકો અંગેની બંધારણીય જોગવાઈને અનુલક્ષીને* 1986*માં બાળમજૂરી નિયંત્રણ અને નિયમન કાનૂન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદો બાળમજૂરોને બાળમજૂરીમાંથી મુક્ત કરી શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ મેળવવાની તક પૂરી પાડે છે.*

*બાળકે તેની બાલ્યાવસ્થામાં અર્થઉપાર્જન તરીકે નોકરી કરવાની આર્થિક ભૂમિકા ભજવવાની હોતી નથી. આ ભૂમિકા પુખ્ત વયની વ્યક્તિઓની છે. બાલ્યકાળના વરસોમાં દરેક બાળકે શિક્ષણ મેળવવાની અને પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની એટલે કે વિદ્યાર્થી તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. મા-બાપ તથા સમાજે અને રાજ્યે બાળકને તેની આ ભૂમિકા ભજવવાની એટલે કે શિક્ષણ મેળવવાની તક પૂરી પાડી તે માટે સાનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડવાની હોય છે.*

*બાળમજૂરો અને બાળમજૂરીની ઘટના આધુનિક સમાજમાં બાળઅધિકારોની અવગણના અને સામાજિક વિચલન સૂચવે છે. બાલ્યાવસ્થામાં વ્યક્તિને શાળા અને રમતગમત તથા સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ છોડીને અસાલમતી, શોષણ,*

અમાનવીય વ્યવહાર અને ત્રાસનો ભોગ બનવા નોકરી-રોજગારીમાં જોડાવા મજબૂર થવું પડે એ સ્થિતિ બાળકોના શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસમાં અવરોધક બને છે. બાળકોને કુમળી વયે થકવી નાખનારાં મજૂરી કામમાં જોડાઈ જવા મજબૂર બનવું પડે તે બાળકોને તેમના અધિકારોના ભોગવટાથી વંચિત બનાવનારી સ્થિતિ છે.

1986નો બાળમજૂરી નિયંત્રણ અને નિયમન કાનૂન મુજબ 14 વર્ષની ઉંમર પૂરી ન કરી હોય એવી વ્યક્તિને બાળક ગણવામાં આવેલ છે. અને 14 વર્ષની નીચેની નોકરી કરતી વ્યક્તિને બાળમજૂર ગણવામાં આવેલ છે. એટલે આવી વ્યક્તિની નોકરી દ્વારા થતી અર્થ ઉપાર્જનની પ્રવૃત્તિ બાળમૂજરી ગણાય.

આ કાયદાનો હેતુ કેટલાક જોખમી વ્યવસાયો અને પ્રવૃત્તિઓમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકવાનો તથા કેટલીક નોકરીઓમાં બાળકોની કામની પરિસ્થિતિનું નિયમન કરવાનો છે.

આ કાયદો 14 વર્ષથી નીચેના વયના બાળકોનો ઘોષિત કરવામાં આવેલા જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદો બિનજોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં બાળકોની રોજગારીનું નિયમન કરે છે. 16 વ્યવસાયો અને 65 પ્રક્રિયાઓને જોખમી તરીકે જાહેર કરવામાં આવેલ છે. આવા વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કેટલાંક પ્રતિબંધિત વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં સાદડી વણાટ, મકાન અને બાંધકામ, ઈંટની ભઠ્ઠીઓ, હોઝિયરીની વસ્તુઓનું ઉત્પાદન, ઘરેલુ નોકર તરીકેનું કામ, ચાની દુકાનમાં કામ, રસ્તા પરની ખાણીપીણી વગેરેનો સમાવેશ થાય છે. બાળમજૂરી અંગેની ટેકનિકલ સલાહકાર સમિતિની ભલામણને આધારે 2008માં જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં ઉમેરો કરવામાં આવ્યો છે. તેમાં વધુ પડતી ગરમી અને વધુ પડતી ઠંડી ફેંકતો વ્યવસાય, તેમજ મિકેનાઈઝડ ફિશિંગ, ફૂડ પ્રોસેસિંગ, બેવરિજ ઈન્ડસ્ટ્રી, વેરહાઉસિંગ, પેન્સિલ ઈન્ડસ્ટ્રી, સ્ટોન ગ્રાઈન્ડિંગ, પથ્થરની ખાણો વગેરે પ્રક્રિયાઓને આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત 2010થી સર્કસ અને હાથીની સંભાળ એ બે વ્યવસાયોમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ કાયદાનો ભંગ કરનાર માલિકને સજા અને દંડ કરવાની જોગવાઈ થઈ છે. આ કાયદાનો ભંગ કરનાર માલિક સામે કોઈપણ વ્યક્તિ કોર્ટમાં ફરિયાદ કરી શકે છે.

આ કાયદાની જોગવાઈ મુજબ જોખમી વ્યવસાય-પ્રક્રિયામાં નોકરી કરતા બાળકોને મુક્ત કરાવીને તેઓનું પુનર્વસન કરવાની વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. બાળકોને નોકરીમાંથી છોડાવીને તેઓને ખાસ સ્કૂલ્સમાં મૂકવામાં આવે છે. ખાસ સ્કૂલોમાં તેઓને શિક્ષણ વ્યવસાયિક તાલીમ, મધ્યાહ્ન ભોજન, સ્ટાઈપેન્ડ, બાળસંભાર વગેરે

સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ભારતમાં દસ હજારથી વધુ ખાસ શાળાઓ Special Schools છે અને તેમાં પાંચ લાખ બાળકો નોંધાયેલાં છે.

### 6.2.5 બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ

ભારત સરકારે 2013માં બાળકો માટેની નવી રાષ્ટ્રીય નીતિ અપનાવી. આ નવી નીતિ દેશમાં બધા બાળકોને તેમના અધિકારો પ્રાપ્ત થાય તે પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની પુનઃઘોષણા કરે છે.

આ નવી નીતિમાં 18 વર્ષની નીચેની વયની દરેક વ્યક્તિને બાળક ગણવામાં આવે છે. આ નીતિ બાળપણને જીવનનો એક અંતર્ગત ભાગ ગણે છે. તેમજ બાળપણને તેનું એક આગવું મહત્ત્વ રહેલું છે તે બાબત સ્વીકારે છે. આ નીતિ મુજબ બાળકોના સંવાદિતાપૂર્ણ વિકાસ અને રક્ષણ માટે દીર્ઘકાલીન, ટકાઉ, બહુવિભાગીય, સુગ્રથિત અને સમાવેશક અભિગમ આવશ્યક છે.

બાળકો અંગેની નવી રાષ્ટ્રીય નીતિ માર્ગદર્શક સિદ્ધાંતો પૂરા પાડે છે. આ માર્ગદર્શક સિદ્ધાંતોને રાષ્ટ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારે બાળકોને અસર કરતા તેમના કાર્યક્રમો અને યોજનામાં અનુસરવાના રહે છે. ચાવીરૂપ કેટલાંક સિદ્ધાંતોમાં બાળકને જીવનનો અધિકાર, અસ્તિત્ત્વનો અધિકાર, વિકાસનો અધિકાર, શિક્ષણ, રક્ષણ અને સહભાગીપણાનો અદિકાર, ભેદભાવ વિના બધા બાળકોને સમાન અધિકારો, બાળકોને સ્પર્શતા બધા કાર્યક્રમોમાં અને નિર્ણયોમાં બાળકના હિતને પાયાનું ગણવું તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે સંવાદિતાપૂર્ણ કૌટુંબિક પર્યાવરણનો સમાવેશ થાય છે.

આ નવી નીતિ મુજબ અસ્તિત્ત્વ, સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ, વિકાસ, રક્ષણ અને સહભાગીપણાને દરેક બાળકના ઈન્કાર ન કરી શકાય તેવા અધિકારો છે અને આ અધિકારોને ચાવીરૂપ અગ્રતા આપવા ઉપર ભાર મુકાયો છે.

બાળકો માટેની નવી રાષ્ટ્રીય નીતિને અનુલક્ષીને બાળકોના કલ્યાણ માટે નીચેની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

- **સંકલિત બાળવિકાસ સેવા યોજના**

  આ યોજના 1975માં શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના હેતુ આ મુજબ છે :

- છ વર્ષની નીચેના બાળકોનું તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાનું પોષણ અને આરોગ્ય સ્તર સુધારવું.
- બાળકના માનસિક, શારીરિક અને સામાજિક વિકાસનો પાયો નાંખવો.
- મૃત્યુ, અનારોગ્ય, અપપોષણ અને અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવાના કિસ્સામાં ઘટાડો કરવો.

- બાળકના વિકાસને વેગ આપવા માટે વિવિધ વિભાગો વચ્ચે નીતિ અને અમલનું અસરકારક સંકલન કરવું.
- યોગ્ય સ્વાસ્થ્ય અને પોષણનું શિક્ષણ દ્વારા બાળકના આરોગ્ય અને પોષણની જરૂરિયાતનું ધ્યાન રાખવાની માતાની ક્ષમતા વધારવી.

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત 6 વર્ષથી નીચેની વયના બાળકને તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓને નીચેની સેવા પૂરી પાડવામાં આવે છે.

- પૂરક પોષણ
- પોષણ અને સ્વાસ્થ્ય શિક્ષણ
- પ્રિ-સ્કૂલ, અનૌપચારિક શિક્ષણ
- રસીકરણ
- હેલ્થ ચેકઅપ
- તજ્જ્ઞ સેવા

2005 સુધી આ યોજનામાં દેશના 50 ટકા રહેઠાણ વિસ્તારોને આવરી લેવામાં આવ્યાં હતાં. ત્યારબાદ 2005-06 થી 2008-09 સુધીના સમયગાળામાં ત્રણ તબક્કામાં આ યોજના વિસ્તારવામાં આવી છે અને દેશના બધા રહેઠાણ વિસ્તારોને આવરી લેવાયા છે.

આ યોજના દેશની 14 લાખ આંગણવાડી કેન્દ્રો સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. 2013 સુધીમાં આ યોજના અંતર્ગતના 7025 પ્રોજેક્ટ અને 13.31 લાખ આંગણવાડી કેન્દ્રો કાર્યરત બન્યાં છે. આંગણવાડીનું સાર્વત્રિકરણ થનાર છે, જેમાં દરેક રહેઠાણ વિસ્તારને આ યોજનામાં આવરી લેવાનાર છે. અને તેમાં અનુસૂચિત જાતિ, આદિજાતિ અને લઘુમતી રહેઠાણ વિસ્તારો ઉપર લક્ષ આપવામાં આવનાર છે.

2012માં સંકલિત બાળવિકાસ યોજનાનું પુનઃઘડતર કરવામાં આવ્યું છે. આ પુનઃઘડતર કરેલી યોજનાની ચાવીરૂપ ખાસિયતો આ મુજબ છે :

- 3 વર્ષથી નીચેની વયના બાળકો ઉપર અને ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી માતા ઉપર ખાસ લક્ષ આપવું.
- સંભાળ અને પોષણ, કાઉન્સેલિંગ સેવા તથા ખૂબ જ ઓછું વજનવાળા બાળકોની સંભાળ સેવાઓ મજબૂત બનાવવી.
- વધારાના આંગણવાડી કાર્યકર કમ ન્યુટ્રિશન કાઉન્સેલરની જોગવાઈ કરવી, જેથી 3 વર્ષની નીચેની વયના બાળક ઉપર વધુ ધ્યાન આપી શકાય. તેમજ ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાના કુટુંબનો સંપર્ક, સંભાળ અને પોષણ સંબંધી સલાહ માર્ગદર્શન પુરું પાડી શકાય.
- બાળસંભાળ અને શિક્ષણ ઉપર લક્ષ આપવું.

- *જિલ્લા, બ્લોક અને શિક્ષણ ઉપર લક્ષ આપવું.*
- *જિલ્લા, બ્લોક અને ગામ કક્ષાએ સંસ્થાકીય કાર્યક્રમોને કેન્દ્રાનુગામી બનાવવા.*
- *સ્થાનિક કક્ષાએ સમુદાયની ભાગીદારી.*
- *આંગણવાડી કેન્દ્રોમાં મકાનમાં સુધારણા કરવી.*
- *માહિતી અને સંચાર ટેકનોલોજીની તાલીમ અને ઉપયોગ.*

*આમ, સંકલિત બાળવિકાસ સેવા યોજનાને પરિણામલક્ષી બનાવવા પ્રયાસો થાય છે. આ ઉપરાંત સંકલિત બાળવિકાસ સેવા યોજનાતંત્રને મજબૂત બનાવવાનો તથા પોષણ સુધારણા માટેનો પ્રોજેક્ટ* 2013*માં હાથ ધરવામાં આવ્યો છે.*

- **કામ કરતી માતાઓના બાળકો માટે ઘોડિયાઘર યોજના**

*માસિક બાર હજાર રૂપિયાથી ઓછી આવક ધરાવતા કુટુંબોમાં* 0-6 *વર્ષની વયજૂથના બાળકોને ડેકેર સુવિધા પૂરી પાડવા માટે રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના બાળકોને સલામત સ્થળ પૂરું પાડે છે. તેમજ તેમાં બાળકોને પૂરક પોષણ, પ્રિ-સ્કૂલ શિક્ષણ અને તત્કાલ આરોગ્ય સંભાળ પૂરી પાડવામાં આવે છે.*

- **સંકલિત બાળ સુરક્ષા યોજના**

2009-10*માં આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના દ્વારા મુશ્કેલ સંજોગોમાં મૂકાયેલા બાળકોની સુખાકારીમાં સુધારો કરવામાં આવે છે. તેમજ તેમના સંજોગોમાં રહેલી મુશ્કેલીઓ ઘટાડવામાં આવે છે અને બાળકોનો દુરુપયોગ, અવગણના, શોષણ, ત્યાગ અને માબાપથી બાળકોના અલગ નિવાસ તરફ દોરી જતાં સંજોગો દૂર કરવા પગલાં લેવામાં આવે છે.*

*આ યોજના દ્વારા સંભાળ અને સુરક્ષાની જરૂરીયાતવાળા બાળકોને, કાનૂન સાથે સંઘર્ષમાં આવેલા બાળકોને તેમજ સંજોગોના ભોગ બને તેવા બાળકોને અટકાયતી સેવાઓ, સંભાળ સેવાઓ અને પુનર્વસન સેવાઓ પૂરી પાડવામાં આવે છે.*

- **ચાઈલ્ડ લાઈન સેવાઓ**

*દુર્દશામાં મુકાયેલા બાળકો માટે* 24 *કલાક ટોલ ફ્રી ટેલિફોન સેવા* (1098) *પૂરી પાડવામાં આવે છે. હાલમાં દેશના* 276 *શહેરો/જીલ્લામાં ચાઈલ્ડ લાઈન કાર્યરત છે.*

- **કામ કરતા બાળકોના કલ્યાણ માટેની યોજના**

2005*થી સંભાળ અને સુરક્ષાની જરૂરિયાત ધરાવતા કામ કરતા બાળકોના કલ્યાણ માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના દ્વારા આવા બાળકોને અનૌપચારિક શિક્ષણ આપવામાં આવે છે અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે, જેથી તેઓ શિક્ષણના મુખ્યપ્રવાહમાં જોડાઈ શકે. આ યોજના દ્વારા કામ કરતા બાળકોને*

*ભાવિ શોષણથી બચાવી લેવામાં આવે છે. આ યોજના અંતર્ગત કામ કરતી બિનસરકારી સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.*

- **ધનલક્ષ્મી યોજના**

2008*માં કન્યાઓ માટે શરતી કેશ ટ્રાન્સફર યોજના પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાને ધનલક્ષ્મી નામ આપવામાં આવ્યું છે. આ યોજના પાછળ બે હેતુઓ રહેલાં છે. એક, કન્યાનું શિક્ષણ ચાલુ રાખવા અને કન્યાને શિક્ષિત બનાવવા માટે કન્યાના કુટુંબને નાણાંકીય પ્રોત્સાહન પૂરું પાડવું, બીજું, કન્યા પ્રત્યે કુટુંબના વલણમાં પરિવર્તન લાવવું. આ બે હેતુ કન્યાને જોવાની કુટુંબની દૃષ્ટિમાં બદલાવ લાવશે. કુટુંબ પુત્રીને બોજારૂપ જોવાને બદલે અસ્કયામત તરીકે જોવા લાગશે એવી ધારણા બાંધવામાં આવી છે. આ યોજના આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઓડિસા, ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશ રાજ્યોના અગિયાર બ્લોક્સમાં અમલમાં મૂકવામાં આવી છે.*

- **બાળ એવોર્ડ યોજના**

*બાળકલ્યાણ અને વિકાસ ક્ષેત્રે વિભિન્ન બાળ એવોર્ડ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.*

- 1996*માં વિશિષ્ટ સિદ્ધિ બદલ રાષ્ટ્રીય બાળ એવોર્ડ યોજના શરૂ કરવામાં આવી છે.* 4-15 *વર્ષની વયજૂથના બાળકે કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવી હોય તે આ એવોર્ડને પાત્ર બને છે. શિક્ષણ, કળા, સંસ્કૃતિ, રમતગમત વગેરે ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોની કદર કરવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત દર વર્ષે એક ગોલ્ડ મેડલ અને* 35 *સિલ્વર મેડલ એનાયત કરવામાં આવે છે.*
- 1979*માં બાળકલ્યાણ માટે નેશનલ એવોર્ડ શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ બાળકલ્યાણના ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરનાર ત્રણ વ્યક્તિઓને અને પાંચ સંસ્થાઓને એવોર્ડ અપાય છે. તેમાં વ્યક્તિને એક લાખ રૂપિયા અને સંસ્થાને* 3 *લાખ રૂપિયાનો એવોર્ડ અપાય છે.*
- 1994*માં રાજીવ ગાંધી બાળ સેવા એવોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. બાળકો માટે વિશિષ્ટ સેવા પ્રદાન કરનારની કદર માટે આ એવોર્ડ શરૂ કરવામાં આવેલ છે. બાળવિકાસ, બાળકલ્યાણ અને બાળસુરક્ષાના ક્ષેત્રમાં વિશિષ્ટ કામ કરનાર ત્રણ વ્યક્તિને એવોર્ડ અપાય છે. એવોર્ડની રકમ એક લાખ રૂપિયા હોય છે.*

## 6.3 બાળમજૂરીના કારણો અને કલ્યાણ માટેની યોજનાઓ

*આ વિભાગમાં ભારતમાં બાળમજૂરીના વિભાવનાત્મક પાસાની ચર્ચા કરી છે અને તેની પશ્ચાદ્‌ભૂમિકાની પણ ચર્ચા કરી છે.*

### 6.3.1 બાળમજૂરીની વ્યાખ્યા

*ભારતની વસ્તી ગણતરી પ્રમાણે (બાળક)* 14 *વર્ષની નીચેની વયનો હોય અને દિવસના મોટાભાગના સમયમાં જે કામ કરતો હોય તેને બાળમજૂર તરીકે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવે છે. 'બાળક'ની વ્યાખ્યા અંગે સર્વસંમતિ જોવા મળતી નથી.* 1989*માં 'બાળકના હક્કો' પરના યુનોના કન્વેન્શનમાં બાળકની વ્યાખ્યાની ટોચની વય* 18 *ગણવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન,* 15 *વર્ષ નીચેની વયના હોય તેમને બાળક ગણે છે. ભારતમાં* 14 *વર્ષની ઉપરની વયના બાળકોને રોજગાર-મજૂરી કરવા માટેની પર્યાપ્ત વયના ગણવામાં આવ્યા છે.*

### 6.3.2 બાળમજૂરીનો અંદાજ

*બાળમજૂરી પરના અંદાજો ઘણાં ભિન્ન છે.* 1981*ની વસ્તી ગણતરી પ્રમાણે* 135.9 *લાખ બાળકો રોજગારમાં જોડાયેલા છે જે એકંદર* 14 *વર્ષથી નીચેની વયના બાળકોની વસ્તીના* 75.8 *ટકા થાય છે. અને દેશોમાંના એકંદર રોજગારીમાં પડેલી વ્યક્તિઓના* 6 *ટકા થાય છે. નેશનલ સેમ્પલ સર્વેના* 32*માં રાઉન્ડના અંદાજ પ્રમાણે લગભગ* 173.6 *લાખ બાળકો રોજગારીમાં છે. શ્રમ મિનિસ્ટ્રીએ કરાવેલો અને ઓપરેસન્સ રિસર્ચ ગ્રુપે* (1985) *કરેલા અભ્યાસ પ્રમાણે કામ (શ્રમ) કરતા બાળકોની સંખ્યા* 4.40 *લાખ અંદાજવામાં આવેલી. સાંપ્રત સમયમાં થયેલા અભ્યાસો પણ સૂચવે છે કે ભારતમાં* 44.5 *લાખ બાળ મજૂરો છે અને તેમાંના લગભગ* 75 *લાખ બંધવા મજૂરો છે. બીજા એક અંદાજ પ્રમાણે એશિયન લેબર મોનિટરના અંદાજ પ્રમાણે, ભારતના દરેક ત્રીજા ઘરમાં* 5-14 *વય જૂથમાંનું કામ (શ્રમ) કરતું બાળક છે. વિભિન્ન અભ્યાસોમાં ખૂબ જ તફાવતો હોઈ બાળ મજૂરોનો ચોક્કસ અંદાજ બાંધવો મુશ્કેલ બને છે.*

*બાળ મજૂરોનું મોટું પ્રમાણ અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરે છે અને ઘણાં બધાં તો ઘરના ખેતર કે ઉદ્યોગમાં કામ કરતા સ્વરોજગાર છે. ગ્રામીણ વિસ્તારોમાં બાળકોનું રોજગારમાં ભાગીદારીનું પ્રમાણ શહેર વિસ્તાર કરતા ત્રણ ગણું વધુ છે.* 1981*ની વસ્તી ગણતરી પ્રમાણે વર્ષના મોટાભાગના મહિનાઓમાં ગ્રામીણ વિસ્તારોમાં* 67 *લાખ બાળકો અને* 35 *લાખ બાલિકાઓ મુખ્ય કામ કરનાર તરીકે નોંધાયેલા છે. તેમની રોજગારમાં ભાગીદારીનો દર* 9.2 *ટકા બાળક માટે અને* 5.3 *ટકા બાલિકા માટે હતો જ તેમાં ગૌણ શ્રમિક તરીકે કામ કરતા બાળકોનો ઉમેરો કરવામાં આવે તો શ્રમ ભાગીદારીનો આંક બાળક માટે* 10 *ટકા અને બાલિકામાટે* 7.6 *ટકા થાય. બીજા શબ્દોમાં કહીએ તો ગ્રામીણ વિસ્તારોમાં, નગર વિસ્તારની સરખામણીએ બાળકોની રોજગારમાં સહભાગિતા નોંધપાત્ર રીતે મહત્ત્વપૂર્ણ છે. નગર વિસ્તારોમાં મુખ્ય અને ગૌણ કમાનાર તરીકે બાળમજૂરોનો સરવાળો કરીએ તો* 5-14 *વય જૂથમાં બાળક માટે* 3.6 *ટકા અને બાલિકા માટે* 1.3 *ટકા જેટલો થાય.*

*સૂકા રણ જેવાને અર્ધવેરાન એવા વિસ્તારોમાં, જ્યાં કુટુંબોમાં પરંપરાગત વરસાદી ખેતીની વ્યવસ્થામાં મહત્તમ સંસાધનોને 3-4 વરસાદની મોસમમાં ઉપયોગમાં લેવા પડે છે, ત્યાં બાળમજૂરોનું પ્રદાન ખૂબ મહત્ત્વપૂર્ણ રહે છે. ખૂબ મોટા પ્રમાણમાં બાળ મજૂરો ચીજવસ્તુ એકત્ર કરવાના કામમાં એટલે કે ચારો, બળતણ, જંગલી નાની મોટી ઉપજ ઈત્યાદિ એકઠી કરી લાવવામાં જોડાયેલા હોય છે. ઋતુ પ્રમાણે શ્રમની વધઘટ પામતી માંગની પહોંચી વળવાની અનુકૂલનાત્મક પદ્ધતિઓમાં બાળ મજૂરી એક અંતર્ગત ભાગ છે. આવા સંજોગો મોટે ભાગે બાળકોને ભણવા માટે શાળાએ જવા માટે પ્રોત્સાહક હોતા નથી અને બાલિકાઓ માટે આ વધુ સાચું હોય છે. પણ આ બાલ શ્રમિકોનો ચોક્કસ અંદાજ મેળવવું ખૂબ કઠિન છે.*

### 6.3.3 બાળમજૂરોમાં સાક્ષરતાનું પ્રમાણ

*મોટા ભાગના અભ્યાસોએ દર્શાવ્યું છે કે રોજગાર સહભાગિતાનું પ્રમાણ અને શિક્ષણ સ્તર વચ્ચે ગાઢ સહસંબંધ છે. ગ્રામીણ વિસ્તારોમાં મજૂરી કે કામ કરતાં માત્ર 4.1 ટકા બાળક અને 2.2 ટકા બાલિકાઓ શિક્ષણ ધરાવતા હતા. તેવી જ રીતે નગર વિસ્તારોમાં મજૂરી કામો કરતા બાળકોમાંના 7 ટકા બાળક અને 2.5 ટકા બાલિકાઓ શિક્ષણ ધરાવતા હતા. આ બાળકોને શાળાએ નહીં મોકલવાનું મુખ્ય કારણ એ હોય છે કે બાળકોને શાળાએ મોકલે તો તેમની કમાણી કે રોજી જતી કરવી પડે.*

### 6.3.4 બાળમજૂરોની સામાજિક-આર્થિક પશ્ચાદ્‌ભૂમિકા

*ભારતમાં ગ્રામીણ અને નગર વિસ્તારોમાં ગરીબીનું સ્વરૂપ અને પ્રમાણ કેવા છે તે વિશે આગળ અભ્યાસક્રમમાં ભણી ગયા છો. ભારતમાં ગરીબીની સમસ્યા સામાજિક વર્ગો અને જ્ઞાતિઓના સંદર્ભમાં વર્ણવવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં, જમીનવિહોણા ખેતમજૂરો, સીમાન્ત ખેડૂતો અને કારીગરોનો ગરીબ કુટુંબોમાં સમાવેશ થતો હોય છે. જમીનવિહોણા ખેતમજૂરો મોટા પ્રમાણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાંથી આવતા હોય છે. નગર વિસ્તારોમાં, ગરીબ લોકો ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય છે અથવા કાચા કામચલાઉ ઊભા કરેલા ઝૂંપડામાં કે ફૂટપાથ પર રહેતા હોય છે. ભારતમાં ગરીબીની સમસ્યાને તેના કદ કે પ્રમાણના સંદર્ભમાં પણ જોવામાં આવી છે. ઔપચારિક ઓફિસોમાં દર્શાવેલ આંકડા પ્રમાણે 40 ટકા લોકો દારૂણ ગરીબીમાં રહે છે. ગ્રામીણ ગરીબો ત્યાં આજીવિકા પ્રાપ્ત ન કરી શકતા હોઈ, નગર વિસ્તારોમાં કામની શોધમાં સ્થળાંતર કરતા હોય છે. શહેરી વિસ્તારોની તાસીર બદલાઈ રહી છે. કેમ કે અહીં 400 લાખ લોકો, જેમાં 60 લાખ બાળકો છે, તો સ્લમ વિસ્તાર (ઝૂંપડપટ્ટી)માં રહે છે. આવા વધુ ગરીબ કુટુંબોમાંના લાખો બાળકો ગામડામાં કે નગરમાં રહેતા હોય તો નાની વયે જ કામ કરવા મજબૂર બને છે. કેમ કે તે દ્વારા જ કુટુંબની અપૂરતી આવકને ટેકો મળી રહે છે. ગરીબ ઘરો તો બાળમજૂરીને અસ્તિત્વ ટકાવી રાખવા માટેની પ્રયુક્તિ તરીકે વાપરે છે. આમ આખા વિશ્વમાં સૌથી વધુ બાળમજૂરોની સંખ્યા ભારતમાં વસે છે.*

### 6.3.5 બાળમજૂરી માટેના કારણો અને સંજોગો

*આપણે ઉપર જોયું તેમ બધા જ પ્રકારના કામોમાં બાળકો રોજગારના કામ કરતાં હોય છે. ગામડા ને શહેરોમાં તેઓ કેવા કેવા પ્રકારના કામો કરતાં હોય છે તે જોઈએ.*

#### 6.3.5.1 ગ્રામીણ વિસ્તારો

*અહીં બાળકો, વેતન મજૂર, સ્વરોજગાર કરતાં મજૂર અને વિના વેતન ઘરમાં કામમાં મદદ કરનાર તરીકે કામ કરતા હોય છે. ગ્રામ વિસ્તારોમાં, ઢોરોને ચરાવવા લઈ જવામાં, ખેતીવાડીના કામોમાં, ઘરમાં થતા કુટિર ઉદ્યોગોમાં (વણાટકામ કે કામગીરી કામ) બાળકો કામે લાગેલા હોય છે. નેશનલ સેમ્પલ સર્વે* (1971) *આ પ્રમાણે* 61 *ભિન્ન ખેતીવાડી આબોહવાવાળા વિસ્તારોમાંના* 16,800 *ઘરમાંથી એકત્ર કરી છે. માહિતીઓમાં જોવા મળ્યું છે કે એક પણ કુટુંબ સહેજ પણ જમીનની માલિકી ધરાવતું ન હતું.*

*તેમની માહિતીના પૃથક્કરણમાંથી જોવા મળ્યું છે કે ભારતના વિભિન્ન ક્ષેત્રોમાં પ્રવર્તમાન બાળમજૂરીનો આધાર નીચેની બાબતો પર હતો :*

(i) *અનુસૂચિત જાતિઓની વસ્તીનું ઊંચું પ્રમાણ*
(ii) *સ્ત્રી સાક્ષરતાનું નીચું પ્રમાણ*
(iii) *પુખ્તવયના મજૂરોને નીચા વેતનના દર*
(iv) *જમીન ધારણનું નાનું નહિવત્ પ્રમાણ*
(v) *ઘરમાં થતા ગૃહઉદ્યોગ*

*સ્ત્રી કામદારોને વેતનના દર ઊંચા આપવામાં આવતા હતા ત્યાં બાલિકાઓનું મજૂરીમાં ઓછી ભાગીદારી હતી. કેમ કે તેમના ઘરમાંના રોજીંદા કામો કરવા માટે ઘેર જ રાખવામાં આવતી હતી. આમ નેશનલ સેંપલ સર્વેક્ષણના અભ્યાસમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે પુખ્ત સ્ત્રીના કામ તથા કામના સંજોગમાં સુધારણા કરવામાં આવે અને બાળકોની રોજગારીનો વિકલ્પ પૂરો પાડવામાં આવે તો બાળમજૂરી ઘટાડી શકાય. ઘણા અભ્યાસોએ દર્શાવ્યું છે કે ગ્રામીણ વિસ્તારોમાં બાળમજૂરોની સંખ્યા મોટી હોય છે અને મોટાભાગનાં બાળમજૂરો જમીનવિહોણા ખેતમજૂરોના કુટુંબોમાંથી ખેતી અને પશુપાલન કરતાં કુટુંબમાંથી તેમજ ઘરમાં જ ઉદ્યોગ, એટલે કે અનાજ-સફાઈ પ્રક્રિયાઓ, વણાટકામ, કારીગરી કામ, બીડી વાળવી, પાપડ વણવા ઈત્યાદિ કામ કરતાં કુટુંબોમાંથી આવેલા હતા.*

*બાળમજૂરોની માંગ પણ વય અને લીંગ પ્રમાણેના સાંસ્કૃતિક બાબતોને આધારે નક્કી થતાં તેમજ શ્રમવિભાજન પ્રમાણે નક્કી થતી હતી.* 10-14 *વય જૂથની બાલિકાઓ, તેજ વયના બાળકો કરતાં વધુ સખત શ્રમના કામો કરતી હતી.*

### 6.3.5.2 નગર વિસ્તારો

*શહેરના વિસ્તારોમાં બાળકો વેતન કામદાર મજૂર તરીકે નાના ઉદ્યોગમાં ઔદ્યોગિક એકમોમાં, વર્કશોપમાં જેવાં કે બીડી, દીવાસળી, ફટાકડા, કાચ અને બંગડીઓ બનાવતા, જાજમો વણતા, હેન્ડલુમના, હીરા ઉદ્યોગમાં હીરા પોલિશ કરવાના કામમાં, પ્લાસ્ટિકના ઉત્પાદનો બનાવતા, કાગળની કોથળીઓ બનાવતા, માછલી પ્રોસેસિંગના કામોમાં વેતન મજૂર તરીકે કામ કરે છે. ખૂબ જ કુમળી વયના બાળમજૂરોનું મોટું પ્રમાણ દીવાસળી અને ફટાકડા બનાવતા ઉદ્યોગ-કારખાનાઓમાં કામ કરે છે. બાળમજૂરો બાંધકામના કામોમાં, પથ્થરની ખાણોમાં, તથા માલ ભરવા તેમજ ઠાલવવાના કામોમાં મજૂરી કરતા હોય છે.*

*ધાબા કે રસ્તા (હાઈવે) પરના ખાણીપીણીના અને ચાના હોટલ-દુકાનોમાં રેસ્ટોરન્ટમાં તેઓ ચા અને નાસ્તા પીરસવાનું કામ કરે છે. દૂધ-શાકભાજી વેચે છે, ઘરઘાટી કે ઘરકામ કરનાર તરીકે, ગાડી-મોટરો સાફ કરનાર તરીકે તથા છાપા વહેંચતા ફેરિયા તરીકે કામ કરે છે. સ્લમઝૂંપડા વિસ્તારના બાળકો હમાલ તરીકે કે છૂટક મજૂર તરીકે પણ કામ કરે છે.*

*ગામડામાં તેમજ શહેર વિસ્તારોમાં અવેતન કુટુંબના કમાણી કામોમાં મદદનીશ તરીકે બાળકો કામ કરતાં હોય છે. માલિકોના ઘરમાંના કામો કરે છે, કોન્ટ્રેક્ટ મજૂરીનું કામ કુટુંબના બધા સભ્યો કરે ત્યારે તેમાં બાળકો પણ કામ કરતાં હોય છે, ઉધડ કામ અથવા છૂટક (પીસ રેટ) પર કામ કરે છે. કુટુંબના પોતાના ખેતરમાં કે નાના ગૃહઉદ્યોગમાં કામ કરે છે. અહીં બાળકના કામની કોઈ ગણના નથી તેને ઘરમાં થતા આવા કમાણી કામ માટે પૈસા મળતા નથી. મોટેભાગે ઘરમાં થતું કામ ઓછું શોષણકારી ગણવામાં આવે છે પણ ઘણીવાર, કુટુંબમાં થતા કામમાં પણ બાળકોનો દુરૂપયોગ થાય છે અને મુશ્કેલ સ્થિતિ સંજોગમાં તેની પાસે કામ લેવામાં આવે છે.*

*દેશના વિભિન્ન ભાગોમાં થયેલા સર્વેક્ષણોમાં જોવા મળે છે કે અચૂકપણે બધે જ બાળમજૂરો ઘણા વધુ કલાક વેતન કામો કરે છે, અને તેમને ઓછા વેતન મળે છે. તેમને ઘણી બધી જગાએ કામ કરવું પડતું હોય છે તેમ જ અમાનવીય કાર્ય સંજોગમાં અને જિંદગીની સુરક્ષાના ભારોભાર અભાવમાં પણ કામ કરવું પડે છે.*

*હાલમાં થયેલા એક અભ્યાસમાં દર્શાવ્યું છે કે નગર અને મહાનગરમાં કામ કરતા નોંધપાત્ર સંખ્યાના બાળમજૂરો તો 'શેરીના બાળકો' હોય છે. આ બાળકોને ઘર હોતાં જ નથી, અને તેઓ ફૂટપાથ પર જ રહેતા હોય છે. માત્ર દિલ્હીમાં જ બે લાખ બાળકો વસે છે તેમાંના આશરે ચાર લાખ બાળ મજૂરો છે અને તેમાંના 1.5 લાખ તો રસ્તા પર જ શેરીમાં (રહેતા) બાળકો છે. ઘણી વાર ગ્રામીણ વિસ્તારોમાંનો પ્રતિકૂળ જીવન સંજોગ અને ઘર (કુટુંબ)માંના સંઘર્ષ બાળકોને ભાગી જવા પ્રેરે છે.*

*ભાગેડુ અને નિરાધાર રસ્તા પરના બાળકો એ બાળ મજૂરોનું સૌથી વધુ જોખમી-અરક્ષિત જૂથ છે. તે બાળઅહેવાલોનો એક મહાનગરમાંના અભ્યાસમાં એવું જોવા મળ્યું હતું કે તેમનામાંના મોટાભાગના ટૂંકી આવકવાળા વિશાળ કુટુંબમાંથી આવ્યાં હતાં. તેમના ઘર છોડવા પાછળનું એક મહત્ત્વનું કારણ હતું હિંસા કે મારઝૂડ. તેઓ મોટે ભાગે તો ફૂટપાથ પર સુઈ રહેતા અથવા રેલ્વેના પ્લેટફોર્મ પર ઉંઘ લેતા હતા. આપણા દેશના મોટા ભાગના બાળ મજૂરો એવા સંજોગોમાં જીવે છે કે તેમને કામ કરવાની ફરજ જ પડે છે. તેઓ માત્ર પોતાના અસ્તિત્ત્વ માટે જ કામ કરતા હોતા નથી, પણ તેમના કુટુંબના અસ્તિત્ત્વ-આજીવિકા માટે મજૂરી કરતા હોય છે. આમ છતાં, તેઓ તદ્દન અસ્વાસ્થ્યપ્રદ અને અસલામત કાર્ય સંજોગોમાં, માણસના સર્વાંગી વિકાસ માટે તદ્દન પ્રતિકૂળ કહેવાય તેવા સંજોગમાં કામ કરે છે. તેઓ મોટે ભાગે અભણ જ રહે છે અને માંદા-માયકાંગલા બાળ રહે છે. આજના બાળકોએ આવતીકાલના રાષ્ટ્રના નાગરિકો છે. તેઓ અશિક્ષિત, ભગ્નાશ, સ્વાસ્થ્ય વિહોણા નાગરિકો તરીકે મુક્ત બનતા હોય છે.*

*ઉપર દર્શાવ્યું તેમ, બાળ મજૂરો ગરીબ આર્થિક સ્થિતિવાળા ઘરોમાંથી આવે છે. તેઓ એટલી નજીવી આવક કમાતા હોય છે કે તેમની પોતાની જરૂરિયાતો તેઓ સંતોષી શકતા નથી. આથી ઘણા બધા કુમળી વયે જ અસામાજિક પ્રવૃત્તિઓ કરતા થઈ ગયા છે. નગર વિસ્તારોમાં, તેમની ગરીબી, અસલામતિ અને અજ્ઞાનતાનો લાભ લઈને, ઘણા બધા સંગઠિત અસામાજિક-ગુનાહિત તત્ત્વો બાળકોનો તેમના હેતુઓ માટે ઉપયોગ કરતા હોય છે. આથી, ઘણા બધા આવા બાળકો તેમનું બાળપણ નિરાશામાં વિતાવે છે અને લાંબેગાળે, તેમાંના ઘણા નિરાધાર બાળકો બની જતા હોય છે.*

*દરેક રાજ્ય, એક કલ્યાણકારી સંસ્થા હોઈ, બાળમજૂરી અટકાવવા માટેના કેટલાક પગલાં લે છે, તેમજ બાળકોના સ્વાસ્થ્ય-સુખાકારી માટેના પગલાં પણ લે છે. આથી જ, આની બધી જોગવાઈઓને પણ જાણવી-સમજવી જોઈએ. હવે પછીના વિભાગોમાં તેમનો ખ્યાલ કરીશું.*

### 6.3.6 બાળમજૂરીની નાબૂદી માટે બંધારણીય જોગવાઈઓ અને સરકારી નીતિઓ

*સ્વાતંત્ર્યોત્તર ભારતમાં બાળકોના પ્રશ્ન પરત્ત્વે કેટલાક સંસ્થાકીય પગલાં લેવામાં આવ્યા છે, તેમનો ટૂંકમાં ખ્યાલ કરીએ.*

#### (1) બંધારણીય જોગવાઈઓ (Constitutional Provisions)

*બાળમજૂરીની નાબૂદી અને તેના પર નિયમન (નિયંત્રણો) પર છેલ્લા કેટલાંક દસકાઓથી ધ્યાન આપવામાં આવ્યું છે. બંધારણની આર્ટિકલ (કલમ) 24 અન્વયે, 14 વર્ષની નીચેની વયના કોઈ પણ બાળકને ફેક્ટરી કે ખાણમાં કામ પર લઈ શકાશે નહીં કે જોખમી રોજગાર પર કામે રાખી શકાશે નહીં. રાજ્યની નીતિઓ અંગેના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 39 ઈ અને એફ પ્રમાણે, કામદારોના સ્ત્રીઓ-પુરુષો અને નાની વયના બાળકોના સ્વાસ્થ્ય અને તાકાતનો, કુમળી વયના બાળકોનો કોઈ દુરૂપયોગ નહીં થાય તેની બાંહેધરી આપે છે,*

તેમજ સ્વાસ્થ્યપ્રદ વાતાવરણમાં બાળકોને વિકસવાની તકો અને અનુકૂળતાઓ આપવામાં આવશે, શોષણથી તેમનું રક્ષણ કરવામાં આવશે. બંધારણમાં એવી પણ જોગવાઈ છે કે જે અન્વયે રાજ્ય, 14 વર્ષની વય સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ તેની શરૂઆત કરે ત્યારથી દસ વર્ષના ગાળામાં આપવાનો પ્રબંધ કરવાની કોશિષ કરશે.

**(2) બાળમજૂરો પરની સમિતિ (Committee on Child Labour)**

નેશનલ કમિશન ઓફ લેબર (1969)નો હેવાલમાં તેમજ બાળ મજૂરી પરની સમિતિ (1981)નો હેવાલમાં ભારતમાં બાળમજૂરીના કારણો અને પરિણામોની તપાસ કરવામાં આવી છે. બાળમજૂરી પરના કમિશનના હેવાલને (1981) અનુસરીને, સરકારે બાળમજૂરી પર શ્રમ મંત્રાલયમાં એક ખાસ કેન્દ્રીય સલાહકાર બોર્ડની નિમણૂક કરી છે. આ બોર્ડ, પ્રવર્તમાન કાયદાઓના અમલીકરણનું મૂલ્યાંકન કરે છે અને વધુ કાયદાકીય અને કલ્યાણકારી પગલાં સૂચવે છે; તેવી જ રીતે કયા ઉદ્યોગો વ્યવસાયોમાંથી બાળમજૂરી નાબૂદ કરવાની જરૂર છે તે દર્શાવે છે.

1975માં, બાળકો માટેની રાષ્ટ્રીય નીતિનો ઠરાવ અપનાવાયો ત્યાર બાદ, રાષ્ટ્રીય બાળકો માટેનું બોર્ડ રચવામાં આવ્યું તેનું ધ્યેય, બાળકોની સમસ્યાઓ પરત્વે જાગૃતિકરણ વધારવાનું, તેમજ બાળકો માટેના શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલ્યાણકારી કાર્યક્રમોની સમાલોચના કરવાનું નક્કી થયું છે.

**(3) બાળમજૂરો માટેના કાયદા કાનૂન (Legislations on Child Labour)**

1981માં, બાળકોને કારખાનાઓમાં રોજગાર પર રાખવા પર નિયંત્રણ મૂકતો પહેલવહેલો કાયદો પસાર કરવામાં આવ્યો. 1881ના ભારતીય ફેક્ટરીઓ માટેના કાયદા અન્વયે બાળકને રોજગાર પર રાખવા માટેની વય ઓછામાં ઓછી ૭ વર્ષની હોવી જરૂરી બને છે તેમજ નવ થી વધુ કલાક બાળકોને કામ પર ન રોકી શકાય તેમ દર્શાવે છે. આ કાયદમાં બાળકને 1891માં કરવામાં આવેલ સુધારા પ્રમાણે, રોજગાર પર રાખવા માટેની વય ઓછામાં ઓછી નવ વર્ષની ઠરાવી અને સાતથી વધુ કલાક બાળકને કામ પર ન રાખી શકાય તેમ નક્કી થયું. 1948નો કારખાનાનો કાયદો 14 વર્ષની નીચેની વયના બાળકોને રોજગાર પર રાખવાનો પ્રતિબંધ કરે છે.

1986નો બાળમજૂરી (પ્રતિબંધક અને નિયમન મૂકતો) ધારો એ પહેલો વ્યવસ્થિત વિષદ કાનૂન છે જે 14 વર્ષની નીચેની ઉંમરના અને અમુક કિસ્સાઓમાં 15 વર્ષની નીચેની ઉંમરના બાળકોને, ખાસ તો સંગઠિત ક્ષેત્રના ઉદ્યોગોમાં અને કેટલાક જોખમી ઉદ્યોગ-વ્યવસાયોમાં, જેવાં કે બીડી વાળવી, જાજમ વણવા, કાપડનું રંગાટી કામ તથા વણાટકામ કરવું, દીવાસળી બનાવવી, સ્ફોટક પદાર્થો અને ફટાકડા બનાવવા, સાબુ બનાવવો, ચામડાને પકવવાનું કામ કરવું, બાંધકામ અને મકાન ચણતર ઉદ્યોગોમાં રોજગાર પર રાખવા સામે બંદી ફરમાવે છે. આમ છતાં, મોટા પ્રમાણમાં બાળકોને અનૌપચારિક ક્ષેત્રમાં રોજગાર પર જોતરવામાં આવે છે.

### (4) અમલીકરણની સમસ્યાઓ (Problems of Implementation)

80 ટકાથી વધુ મજૂરી કરતા બાળકો ખેતીવાડી ક્ષેત્રે ગામડાઓમાં કામ કરે છે. તેમાંના મોટી સંખ્યામાં બાળકો તો રોજગાર અને અસંગઠિત ક્ષેત્રે કામ કરતા હોય છે; જેવાં કે ઘરઘાટી, બીજાના ઘરોના લુગડાં-વાસણ, ઘર સફાઈના કામ, નાના ખીણીપીણી ચાની હાટડીઓમાં, બાંધકામ થતાં હોય તેમાં અથવા હમાલ તરીકે કામ કરે છે અને આ બધા કામો રક્ષણાત્મક કાયદામાંથી બાકાત રહે છે.

સરકાર એવો મત ધરાવે છે કે બાળમજૂરી સંપૂર્ણપણે નાબૂદ થઈ શકે તેમ નથી, પણ તેના પર નિયમન જરૂર મૂકી શકાય એમ છે. 1986નો કાયદો બાળ મજૂરની સમસ્યાઓ હલ કરવા માટે તદ્દન અપૂરતો છે. કેમ કે, આ સમસ્યાના મૂળ તો ગરીબીમાં પડેલા છે. 1986નો બાળકાયદો જોખમી ઉદ્યોગ-વ્યવસાયની પ્રક્રિયાઓમાં બાળકોને રોકવાની મનાઈ ફરમાવે છે. માલિકો સરળતાથી આ કાયદાનો ભંગ કરે છે; તેઓ કામે ચઢેલા બાળકોનું મસ્ટર જ રાખતા નથી અથવા તો નાના નાના એકમોમાં કામ વહેંચી નાંખે છે અથવા ઘરમાં બેસીને કામ કરવાનું સોંપે છે. મોટાભાગના બાળકો નાના કારખાનાઓમાં કામ કરતા હોય છે અને અહીં ફેક્ટરી એક્ટ લાગુ પડતો નથી હોતો. શિવકાશીની દીવાસળી બનાવનારા નાના કારખાનાઓમાં લગભગ 14 વર્ષની નીચેની ઉંમરની 40 હજાર બાલિકાઓ કામ કરે છે. પૂર્વ ઉત્તર પ્રદેશના જાજમ વણવાના ઉદ્યોગમાં એક બિનસરકારી અંદાજ પ્રમાણે 25 હજારથી વધુ બાળ મજૂરો કામ કરે છે, ગરીબીને કારણે ઘણાં બધાં આ બાળકો તો એકબીજેથી સ્થળાંતર કરીને આવેલાં છે. માલિકના દષ્ટિકોણથી જોઈએ તો બાળકો એ સસ્તી મજૂરીને વિનમ્ર મજૂરોનો મોટો સ્ત્રોત છે, અને એમને રોકનારને કોઈ બંધનો નથી. કેટલાંક માલિકો તો એવો દાવો કરે છે કે દયા સહાનુભૂતિને કારણે તેઓ બાળકને મજૂરીએ રાખે છે કેમ કે ગરીબ કુટુંબોમાં આથી પૂરક આવક મળે છે. તેઓ એવું માને છે કે બાળકોને જો મજૂરીએ ન જોતરવામાં આવે તો તેઓ અસામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ થશે અને ભૂખમરાનો ભોગ બનશે. બાળકોને મજૂરી પર રોકવાથી ઉત્પાદનની કિંમત નીચી રહે છે. (કેમ કે બાળકોને નીચાં વેતન આપવામાં આવે છે) અને નફાનું પ્રમાણ વધે છે.

કેટલીક ડોક્યુમેન્ટરી ફિલ્મો અને અન્વેષણાત્મક અહેવાલોએ દર્શાવ્યું છે કે ફિરોઝાબાદના કાચ અને બંગડીઓ બનાવતા કારખાનાંઓમાં, શિવકાશીના દીવાસળી અને ફટાકડા બનાવતા કારખાનાઓમાં, મિરઝાપુરના જાજમનું વણાટકામ કરતા ઉદ્યોગમાં બાળમજૂરોના થતા દુરૂપયોગને ખુલ્લો પાડી દર્શાવ્યો છે. હાલમાં સુપ્રિમ કોર્ટે તેના શકવર્તી ચુકાદામાં બીડી ઉત્પાદન કરતા એકમોમાં બાળકોને મજૂરીએ રાખવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. કાનૂન છે તેમ છતાં, બાળ મજૂરોનું શોષણ ચાલુ રહ્યું છે.

## 6.4 સારાંશ

*ભારતમાં બાળ મજૂરોની સમસ્યા ગરીબીની સમસ્યા સાથે સંકળાયેલી છે. જમીનવિહોણા ખેતમજૂરો, સીમાન્ત ખેડૂતો અને કારીગરો તથા સ્થળાંતરિત કુટુંબોમાંથી મોટાભાગના બાળમજૂરો આવતા હોય છે. બાળમજૂરોના પ્રમાણનો આધારભૂત રીતે અંદાજ બાંધી શકાયો નથી. આમ છતાં, ગરીબ કુટુંબો-ઘરોમાં બાળમજૂરીનો અસ્તિત્ત્વ ટકાવવા માટેની રણનીતિ તરીકે ઉપયોગ થતો હોય છે. વેતન કામદાર તરીકે, સ્વરોજગાર કરનાર, એટલે કે વિવિધ ચીજવસ્તુઓ છૂટક વેચનાર તરીકેના કામ કરતાં હોય છે. દિવાસળી, ફટાકડા, કાચ અને બંગડીઓ, જાજમ ઈત્યાદિ બનાવતા જોખમી વ્યવસાય ઉદ્યોગોમાં બાળમજૂરો કામે રોકાયેલાં છે, અને કાયદા આવા કામો પર બાળકોને રોકવા પર પ્રતિબંધ મૂકે છે, તેની ધરાર ઉપેક્ષા થતી હોય છે.*

*શિક્ષણ, સ્વાસ્થ્ય સંભાળ, પોષણ, વધુ સારું જીવનધોરણ દેશના લાખો વંચિત બાળકોને ઉપલબ્ધ બનાવવા એ એક સૌથી મોટો પડકાર છે. આ બધા પાસાંઓનો આ એકમમાં ખ્યાલ કરવામાં આવ્યો છે અને ભારતમાં બાળમજૂરોની સામાજિક પશ્ચાદ્‌ભૂમિકા, બાળમજૂરોનું પ્રમાણ અને સ્વરૂપ ઈત્યાદિનો ખ્યાલ કર્યો છે. વળી, ભારતમાં બાળમજૂરી નાબૂદ કરવાના ઉદ્દેશથી બંધારણીય અને કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવે છે તેમની પણ ચર્ચા આ એકમમાં કરી છે. અંતમાં, બાળમજૂરોની જરૂરિયાતોને પહોંચી વળવાના પડકારો પણ ચર્ચામાં આવરી લીધી છે.*

## 6.5 સંદર્ભસૂચિ


(1) Gupta, M. (1987). Young Hands at Work : Child Labour in India. Atmaram and Sons Publications, New Delhi.

(2) UNICEF (1990). Development Goals and Strategic for Children in the 1990s. A UNICEF Policy Review : New York.

(3) *ભારતમાં સામાજિક સમસ્યાઓ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

(4) Jagan Shankar (Ed.) : Social Problems and Welfare in India.

(5) *જે. કે. દવે* (2014-15). *સામાજિક કાનૂનીકરણ અને સમાજકલ્યાણ, અનડા પ્રકાશન, અમદાવાદ.*

(6) Ahuja, R. (1992). Social Problems in India, Rawat Publications : New Delhi.

## 6.6 તમારી પ્રગતિ ચકાસો

**મોટા પ્રશ્નોના જવાબ આપો.**

**(1) બાળક એટલે શું ? બાળકોના વિકાસ અને કલ્યાણને લગતા વિભિન્ન કાયદા વિશે વિસ્તારથી જણાવો.**

**(2) બાળકોના કલ્યાણ માટેની યોજનાઓનો પરિચય આપો.**

**(3) બાળમજૂરીની વ્યાખ્યા આપી બાળમજૂરી માટેના કારણો અને સંજોગો વિશે સમજાવો.**

.......................................................................................

.......................................................................................

(4) બાળમજૂરીની નાબૂદી માટે બંધારણીય જોગવાઈઓ અને સરકારી નીતિઓની ચર્ચા કરો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 6.7 ટૂંકનોંધ લખો

**(1)** બાળકોના કલ્યાણ અને વિકાસને લગતા વિભિન્ન કાયદા

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

**(2)** બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

**(3)** બાળમજૂરી માટેના કારણો

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

**(4) બાળમજૂરીનો અંદાજ અને સામાજિક-આર્થિક પાશ્ચાદ્‌ભૂમિકા**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(5) બાળમજૂરીની નાબૂદી માટે બંધારણીય જોગવાઈઓ અને સરકારી નીતિઓ**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

## 6.8 બહુવિકલ્પવાળા પ્રશ્નો

**(1) ................ માં સંયુક્ત રાષ્ટ્રોના સંમેલનમાં 'બાળકો જ વિશ્વનું ભાવિ છે'** *તેમ* **કહેવામાં આવ્યું.**

(A) 1980 (B) 1984
(C) 1989 (D) 1994

**(2) બાળમજૂરી નિયંત્રણને લગતા ................ ના કાયદામાં 14 વર્ષની ઉંમર** *પૂરી* **ન થઈ હોય એવી વ્યક્તિને બાળક ગણવામાં આવે છે.**

(A) 1980 (B) 1982
(C) 1984 (D) 1986

**(3) રાઈટ ટુ એજ્યુકેશન-RTE કાયદો ................ થી અમલમાં આવ્યો.**

(A) 2002 (B) 2004
(C) 2006 (D) 2010

**(4) જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ................ માં અમલમાં મૂકવામાં આવ્યો હતો.**

(A) 1986 (B) 2000
(C) 2010 (D) 2020

(5) **સંકલિત બાળવિકાસ સેવા યોજના ................ માં શરૂ કરવામાં આવી** *હતી.*

(A) 1965 (B) 1975
(C) 1985 (D) 1995

**જવાબો :**

(1) (C) 1989
(2) (D) 1986
(3) (D)2010
(4) (A) 1986
(5) (B) 1975

# એકમ - 7 સામાજિક કાનૂનીકરણ અને સ્ત્રીઓના અધિકારો

**:: રૂપરેખા ::**


**7.0 ઉદ્દેશો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 સ્ત્રીઓ માટે બંધારણીય જોગવાઈઓ**

**7.3 સ્ત્રીઓના કાનૂની અધિકારો**

**7.4 સ્ત્રીઓ અંગેના સામાજિક કાયદા**

**7.4.1 ભરણપોષણને લગતા કાયદા**

**7.4.2 વારસા હકો, ઉત્તરાધિકાર-મિલકત અધિકારને લગતા કાયદા**

**7.4.3 સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા કાયદા**

**7.4.4 સ્ત્રીઓને ખાસ લાભો પૂરા પાડતા કાયદા**

**7.4.5 સ્ત્રીઓના કલ્યાણ માટેની યોજનાઓ**

**7.5 સારાંશ**

**7.6 સંદર્ભસૂચિ**

**7.7 તમારી પ્રગતિ ચકાસો-મોટા પ્રશ્નોના જવાબ આપો**

**7.8 ટૂંકનોંધ લખો**

**7.9 બહુવિકલ્પવાળા પ્રશ્નો**


## 7.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસબાદ તમે-*

- *સ્ત્રીઓ માટેની બંધારણીય જોગવાઈઓ વિશે જાણી શકશો.*
- *સ્ત્રીઓના કાનૂની અધિકારો વિશે સમજી શકશો.*
- *સ્ત્રીઓ અંગેના સામાજિક કાયદાઓ અંતર્ગત લગ્ન અને છૂટાછેડા અંગેના કાયદા, ભરણપોષણને લગતા કાયદા, વારસા હકો, ઉત્તરાધિકાર-મિલકત અધિકારને લગતા કાયદા, સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા કાયદાઓ, સ્ત્રીઓને ખાસ લાભો પૂરાં પાડતા કાયદા અને સ્ત્રીઓના કલ્યાણ માટેની યોજનાઓ વિશેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરશો.*

## 7.1 પ્રસ્તાવના

*સમાજમાં એક જાતિ તરીકે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવ અને અસમાનતાઓ રહેલાં છે. વ્યક્તિ પુરુષ જાતિની છે કે સ્ત્રી જાતિની છે તેવા તફાવતના આધારે થતા ભેદભાવને લિંગભેદ કહેવાય. લિંગભેદ, સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાઓ ઊભી કરે છે. લિંગભેદના કારણે સ્ત્રી-પુરુષના દરજ્જા, ભૂમિકા અને બદલામાં અસમાનતા રહેલી છે. પુરુષો જે અધિકારો ભોગવે છે અને ભૂમિકાઓ ભજવે છે તેવા અધિકારો અને ભૂમિકાઓથી સ્ત્રીઓ પરંપરાથી વંચિત રહેવા પામી તેમજ સમાન ભૂમિકા ભજવવા બદલના વેતન કે બદલામાં પણ સ્ત્રી-પુરુષ અસમાનતા ઊભી થવા પામી. આથી સમાજમાં સ્ત્રીઓ નબળા વર્ગની ગણાવા લાગી. સ્ત્રી ઉપર પુરુષનું વર્ચસ્વ, તાબેદારી, સ્ત્રીનું દમન અને શોષણની ઘટનાઓના મૂળમાં લિંગભેદ રહેલો છે.*

*દેશની વસ્તીમાં 50 ટકા સ્ત્રીઓ છે. સ્ત્રીઓ પુરુષો જેટલું જ એક અગત્યનું માનવ સંસાધન છે, જે કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પ્રદાન આપવાની ક્ષમતા ધરાવે છે. ભારતના બંધારણમાં બધાં જ પ્રકારના ભેદભાવનો નિષેધ ફરમાવ્યો છે. તેમાં લિંગભેદ પર પણ નિષેધનો સમાવેશ થાય છે અને સમાનતા સ્થાપવામાં આવી છે. ભારતનું બંધારણ સ્ત્રીઓનો એક વર્ગ તરીકે સ્વીકાર કરે છે, સ્ત્રી સંબંધી અસમર્થતાઓની નાબૂદી કરે છે, સ્ત્રીઓની તરફદારી કરતી જોગવાઈ કરે છે તેમજ સ્ત્રીઓની તરફેણ કરતા ખાસ કાયદા ઘડવાની જોગવાઈ કરે છે. આથી બંધારણીય જોગવાઈઓને અનુલક્ષીને સ્ત્રીઓને સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રોમાં અધિકારો આપતા, રક્ષણ આપતા તેમજ સ્ત્રીઓના કલ્યાણ સંબંધી કાયદા ઘડીને અમલમાં મૂકવામાં આવ્યાં છે, જે અનુગામી મુદ્દાઓ પરથી સ્પષ્ટ થશે.*

## 7.2 સ્ત્રીઓ માટે બંધારણીય જોગવાઈઓ

- *ભારતના બંધારણની કલમ-14થી કાયદા સમક્ષ સમાનતાની અને સમાન રક્ષણની જોગવાઈ થઈ છે.*
- *બંધારણની કલમ-15 લિંગના આધારે કરાતા ભેદભાવનો નિષેધ ફરમાવે છે. તેમજ સ્ત્રીઓ અને બાળકો માટે રાજ્ય ખાસ જોગવાઈ કરી શકે છે.*
- *બંધારણની કલમ-16થી જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા સ્થાપવામાં આવી છે અને તેમાં લિંગના કારણે ભેદભાવો કરી શકાશે નહીં તેવી સ્પષ્ટ જોગવાઈ થઈ છે.*
- *બંધારણની કલમ સર્વનાગરિકોને વાણી સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર આપે છે. તેમજ જીવન અને શરીર સ્વાતંત્ર્યના રક્ષણની જોગવાઈ કરે છે.*
- *બંધારણની કલમ-23થી મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.*

- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલમ-39માં નીચે મુજબની જોગવાઈ થઈ છે :

  પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પુરતું સાધન મેળવવાનો હક રહે, પુરુષો અને સ્ત્રીઓ બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે, પુરુષ અને સ્ત્રી કામદારોને આરોગ્ય અને શક્તિનો દુરુપયોગ ન થાય, સમાન ન્યાય અને આર્થિક કે અન્ય અસમર્થતાના સંજોગોમાં મફત કાનૂની સહાય મળી રહે તેવી નીતિ રાજ્ય અખત્યાર કરશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.
- કલમ-42 અનુસાર કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ સિદ્ધ કરવા માટે અને પ્રસુતિ સહાયતા માટે રાજ્ય જોગવાઈ કરશે.

આમ, ભારતનું બંધારણ સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપિત કરે છે અને સ્ત્રી-પુરુષ બંનેના સમાન મૂળભૂત અધિકારો પૂરા પાડે છે. સ્ત્રીઓની એક વર્ગ તરીકે સ્વીકૃતિ અને સ્ત્રીસંબંધી અસમર્થતાઓની નાબૂદીની જોગવાઈ કરે છે. તેમજ સ્ત્રીઓ તરફી ખાસ કાયદા ઘડી શકાય અને સ્ત્રીઓને રક્ષણ આપવા ખાસ કાયદા ઘડી શકાય તેવી જોગવાઈ કરે છે. અહીં સ્ત્રીઓના વિભિન્ન કાનૂની અધિકારોનો સંક્ષિપ્ત ખ્યાલ આપીને સ્ત્રીઓ અને સામાજિક કાયદાના મુદ્દા હેઠળ વિભિન્ન સામાજિક કાયદાનું નિરૂપણ કર્યું છે.

## 7.3 સ્ત્રીઓના કાનૂની અધિકારો

ભારતમાં સ્ત્રીઓને બંધારણથી મળેલા અધિકારોને મૂર્ત સ્વરૂપ આપવા માટે લગ્ન, મિલકત, વારસો, વ્યવસાય, શિક્ષણ, રાજકારણના ક્ષેત્રમાં વિભિન્ન કાનૂની અધિકારો મળ્યાં છે.

- **લગ્ન સંબંધિત અધિકારો**

  લગ્ન સંબંધિત સ્ત્રીઓના અધિકારો નીચે મુજબ છે :

  - 18 વર્ષની ઉંમર પૂરી થયા બાદ જીવનસાથીની મુક્ત પસંદગીનો એટલે કે સ્વયં પસંદગી લગ્નનો અધિકાર
  - વિધવા સ્ત્રીને પુનર્લગ્નનો અધિકાર
  - છૂટાછેડા મેળવવાનો અધિકાર
  - દત્તક પુત્ર-પુત્રી લેવાનો અધિકાર
  - અલગ નિવાસ કરતી કે ત્યક્તાસ્ત્રીને પતિ પાસે ભરણપોષણ મેળવવાનો અધિકાર
  - સ્ત્રીને લગ્નજીવનમાં સુરક્ષાનો અધિકાર
  - તબીબી ગર્ભપાતનો અધિકાર
- **મિલકત અને વારસને લગતા અધિકાર**
  - સ્ત્રીને તેની પોતાની કમાણી અને મિલકત પર અધિકાર
  - પિતાની મિલકતમાં પુત્ર જેટલો જ વારસા અધિકાર

- *પુત્ર-પુત્રીનો સમાન વારસા અધિકાર*
- *વિધવા સ્ત્રીને મૃતપતિની મિલકતનો વારસો મેળવવાનો અધિકાર*

- **વ્યવસાયક્ષેત્રમાં સ્ત્રીના અધિકારો**
  - *સ્ત્રીને નોકરી, વ્યવસાય કે ધંધો કરવાનો અધિકાર*
  - *કાર્યસ્થળે સલામતીનો અધિકાર*
  - *સમાન કામ બદલ સમાન વેતનનો અધિકાર*
  - *નિયમ મુજબ નોકરીમાં અનામત બેઠકનો લાભ મેળવવાનો અધિકાર*
- **શિક્ષણ સંબંધી સ્ત્રીના અધિકાર**
  - *પ્રાથમિક શિક્ષણનો અધિકાર*
  - *નિયમ મુજબ ફી માફી, શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક સુવિધાનો અધિકાર*
  - *નિયમ મુજબ શિક્ષણ સંસ્થામાં અનામત બેઠકનો લાભ મેળવવાનો અધિકાર*
- **રાજકીય ક્ષેત્રમાં સ્ત્રીના અધિકાર**
  - *ચૂંટણીમાં પુખ્તવય મતાધિકાર*
  - *ગ્રામ પંચાયતથી માંડીને સંસદ સુધીના તમામ ક્ષેત્રમાં ઉમેદવારી કરવાનો અને લોકપ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવવાનો તથા હોદ્દો ધારણ કરવાનો અધિકાર*
  - *જે તે રાજકીય ક્ષેત્રમાં નિયમ મુજબ બેઠકો અને હોદ્દામાં અનામતનો લાભ મેળવવાનો અધિકાર.*
  - *વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો, શાંતિપૂર્વક એકઠા થવાનો, મંડળ રચવાનો તેમજ અધિકારો માટે દેખાવો યોજવાનો અધિકાર.*
- **રક્ષણ સંબંધિત સ્ત્રીઓના અધિકાર**
  - *દહેજપ્રથાનો ભોગ બનેલ સ્ત્રી કે પક્ષને અદાલતમાં દાદ માગવાનો અધિકાર. સ્ત્રી સંગઠનો પણ આવો અધિકાર ધરાવે છે.*
  - *જાતીય સતામણી, અનૈતિક વેપાર, ફરજિયાત વેશ્યાવૃત્તિ, અપહરણ, બળાત્કાર, અત્યાચાર, ઘરેલુ હિંસા વગેરે સામે કાનૂની અને પોલીસ રક્ષણ મેળવવાનો અધિકાર.*
  - *સ્ત્રીની અશ્લિલ રજૂઆત સામે રક્ષણ મેળવવાનો અધિકાર.*
  - *સતીપ્રથા પ્રતિબંધક કાનૂન સ્ત્રીના જીવન જીવવાના અધિકારને સુરક્ષિત રાખે છે.*

- **ન્યાય સંબંધી સ્ત્રીના અધિકાર**

  - *નબળા વર્ગની સ્ત્રીઓને લગ્ન, મિલકત અને કૌટુંબિક બાબતોમાં કાનૂની સહાય મેળવવાનો અધિકાર.*
  - *સ્ત્રી ગુનેગારની તપાસ, ધરપકડ માટે મહિલા પોલિસ માગવાનો અધિકાર.*

- **કલ્યાણ સંબંધિત અધિકાર**

    - *કાયદાની જોગવાઈ મુજબ કાર્યસ્થળે પોતાના બાળક માટે ઘોડિયા ઘર કે બાળસંભાળની વ્યવસ્થાનો અધિકાર.*
    - *સ્ત્રી કામદારોને પ્રસૂતિ, માંદગી, ગર્ભપાત જેવા કિસ્સામાં લાભો મેળવવાનો અધિકાર.*
    - *સમાન કામ બદલ સમાન વેતન માગવાનો અધિકાર.*
    - *કુટુંબ અદાલતનો લાભ મેળવવાનો અધિકાર.*
    - *નબળા વર્ગની સ્ત્રીને મફત અને અધિકૃત કાનૂની સેવા મેળવવાનો અધિકાર.*

*આમ, ભારતનું બંધારણ તેમજ વિભિન્ન કાનૂની જોગવાઈઓ દ્વારા સ્ત્રી-પુરુષને સમાન અધિકારો આપવા ઉપરાંત સ્ત્રીઓને કેટલાક વિશિષ્ટ અધિકારો આપે છે, જેમાં સ્ત્રી તરફી હકારાત્મક ભેદભાવ વ્યક્ત થાય છે. પરંતુ સ્ત્રીઓ માટેની બંધારણીય અને કાનૂની જોગવાઈઓથી સ્ત્રીઓને મળેલા કાનૂની અધિકારો ભોગવવામાં તેમણે ઘણા અવરોધો નડે છે. આ અવરોધો સામાજિક રચનાતંત્રમાં રહેલા છે.*

## 7.4 સ્ત્રીઓ અંગેના સામાજિક કાયદા

*સ્ત્રીઓની તરફેણમાં બંધારણીય જોગવાઈઓને અનુલક્ષીને લગ્ન અને છૂટાછેડા, ભરણપોષણ, વારસાહકોને લગતા કાયદા તેમજ સ્ત્રીઓને રક્ષણ આપતા અને સ્ત્રીઓના કલ્યાણને લગતા કાયદા અમલમાં મૂકવામાં આવ્યાં છે. આ વિભિન્ન કાયદાનો પરિચય અહીં આપ્યો છે.*

### ❖ લગ્ન અને છૂટાછેડાને લગતા કાયદા

*ભારતના વિભિન્ન ધર્મના લોકોને લાગુ પડતા લગ્ન અને છૂટાછેડા વગેરેને લગતા કાયદા સંહિતાબદ્ધ (codified) થયેલા છે. આ કાયદાની સંક્ષિપ્ત સમજ અહીં આપી છે.*

- **સ્પેશિયલ મેરેજ ઍક્ટ, 1954 (**The Special Marriage Act 1954)

*સ્પેશ્યલ મેરેજ ઍક્ટ,* 1954 *હેઠળ થતા લગ્ન સિવિલ મેરેજ ગણાય છે. આ કાયદો બિનસાંપ્રદાયિક છે અને તે પતિ-પત્ની બંનેને સમાન અધિકાર આપે છે તેમજ આ કાયદાની જોગવાઈ અનુસાર પારસ્પરિક સંમતિથી છૂટાછેડા મેળવી શકાય છે, એ દૃષ્ટિએ આ કાયદો ક્રાંતિકારી છે. આ કાયદો લગ્ન અને લગ્નના રજીસ્ટ્રેશનનું ખાસ સ્વરૂપ પુરું પાડે છે.*

**અમલનું ક્ષેત્રે :** 1954*નો સ્પેશિયલ મેરેજ ઍક્ટ જમ્મુ અને કાશ્મીરને બાદ કરતા સમગ્ર ભારતના નાગરિકોને લાગુ પડે છે. પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં નિવાસ કરતા ભારતના*

*નાગરિકોને લાગુ પડે છે. પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં નિવાસ કરતા ભારતના નાગરિકોને લાગુ પડે છે.*

**સ્પેશિયલ મેરેજ ઍક્ટમાં આવરી લેવાયેલી બાબતો :** *આ કાયદો લગ્નની કાદેસરતા, શરતો, લગ્નની સોગંદવિધિ, દાંપત્ય અધિકારોનું પુનઃસ્થાપન, ન્યાયિક પૃથગ્વાસ, છૂટાછેડા અંગેની જોગવાઈઓ જેવી બાબતોને આવરી લે છે.*

**લગ્નની કાયદેસરતા માટેની શરતો :** *સ્પેશિયલ મેરેજ ઍક્ટ,* 1954*ની કલમ-*4 *અનુસાર કોઈપણ સ્ત્રી અને પુરુષ નીચેની શારતોને આધીન લગ્નસંબંધથી જોડાઈ શકે છે :*

(1) *લગ્નગ્રંથિથી જોડાનાર સ્ત્રી કે પુરુષને પતિ કે પત્ની હયાત કે જીવંત ન હોય.*
(2) *લગ્ન સમયે બેમાંથી એકેય પક્ષ વાજબી સંમતિ આપવા અસમર્થ ન હોય.*
(3) *વાજબી સંમતિ આપવા સમર્થ હોય પરંતુ લગ્ન અને પ્રજોત્પાદન માટે અસમર્થ હોય તેટલા પ્રમાણમાં માનસિક રીતે અસ્વસ્થ ન હોય.*
(4) *લગ્ન કરનાર પુરુષે* 21 *વર્ષની અને સ્ત્રીએ* 18 *વર્ષની વય પૂરી કરી હોય.*
(5) *લગ્ન કરનાર સ્ત્રી-પુરુષ નિષેધાત્મક સંબંધોની કક્ષામાં આવતા ન હોય.*
*ઉપરની શરતો પરિપૂર્ણ થતી હોય તો તેવા લગ્ન આ કાયદા હેઠળ કાયદેસરના બને છે.*

**લગ્નની સોગંદ વિધિ :** *આ કાયદા હેઠળ લગ્ન કરવા માટે કોઈ ધાર્મિક વિધિની આવશ્યકતા નથી. પરંતુ મેરેજ ઓફિસર સમક્ષ લગ્ન કરનાર સ્ત્રી-પુરુષ તેઓ પતિ-પત્ની તરીકે કાયદેસર રીતે જોડાય છે તેવી સોગંદવિધિ કરવાની રહે છે. આવી સોગંદવિધિ વખતે ત્રણ સાક્ષીની આવશ્યકતા રહે છે. આ માટે નિયત ફોર્મ હોય છે. તે ફોર્મ લગ્ન કરનાર સ્ત્રી-પુરુષે ભરવાનું હોય છે. તેમાં તેમની તથા સાક્ષીની સહી કરવાની હોય છે. મેરેજ ઓફિસર આ ફોર્મની વિગતોની ચકાસણી કરીને કાઉન્ટર સાઈન કરે છે. લગ્ન અંગેની આ સોગંદવિધિ મેરેજ ઓફિસરની કચેરીમાં ત્રણ સાક્ષીની હાજરીમાં કરવાની હોય છે. આ સાક્ષીઓએ તેમાં પોતાની સહી કરવાની હોય છે. સોગંદવિધિ માત્ર અમો બંને કાયદેસરનાં પતિ-પત્ની તરીકે જોડાઈએ છીએ. એ મતલબની હોય છે.* (I, (A), take thee (B), to be my lawful wife or husband) *એટલે કે હું તેને મારી કાયદેસરની પત્ની તરીકે સ્વીકારું છું, હું તેને મારા કાયદેસરના પતિ તરીકે સ્વીકારું છું. આ રીતે લગ્ન કરનાર પુરુષ અને સ્ત્રી પરસ્પરના કાયદેસરનાં પતિ અને પત્ની તરીકેનો સ્વીકાર કરે એજ લગ્નની સોગંદવિધિ છે. આમાં કોઈ ધાર્મિક વિધિ નથી હોતી.*

**લગ્નનું પ્રમાણપત્ર અને રજિસ્ટ્રેશન :** *લગ્ન અંગેની સોગંદવિધિ પૂર્ણ થયેથી મેરેજ ઓફિસર લગ્ન કરનાર પક્ષને લગ્ન અંગેનું પ્રમાણપત્ર આપે છે. આ પ્રમાણપત્ર મેરેજ સર્ટિફિકેટ બુકમાં લગ્નના પુરાવા તરીકે રાખવામાં આવે છે અને લગ્નનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. લગ્નનું પ્રમાણપત્ર અને રજિસ્ટ્રેશન લગ્નનો વિશ્વસનીય અને આધારભૂત પુરાવો છે. પ્રમાણપત્ર અને જિસ્ટ્રેશન લગ્નની કાદેસરતા તેમજ બાળકોની*

*કાયદેસરતા અને વારસા અધિકારોને સુરક્ષિત રાખે છે. આ કાયદા હેઠળ લગ્ન કરનાર વ્યક્તિઓના મિલકત અને વારસા અંગેના અધિકારો સુરક્ષિત રહે છે. આ કાયદા અનુસાર વિભિન્ન ધર્મના સ્ત્રી-પુરુષ પણ તેમના લગ્નની નોંધણી કરાવી શકે છે. અન્ય કોઈપણ સ્વરૂપે લગ્ન કર્યા હોય તો પણ આ કાયદા હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ દૃષ્ટિએ કાયદો બિનસાંપ્રદાયિક છે.*

**દાંપત્યજીવનના અધિકારોનું પુનઃસ્થાપન :** *પતિ કે પત્ની વાજબી કારણ વિના ત્યાગ કરે (પતિ તેની પત્નીનો ત્યાગ કરે કે પત્ની તેના પતિનો ત્યાગ કરે) તે સ્થિતિ દાંપત્યજીવનના અધિકારોનું ભંગાણ સૂચવે છે. ત્યાગ કરનાર સામાપક્ષને તેના દાંપત્યજીવનના અધિકારથી વંચિત બનાવે છે. આવા સંજોગોમાં અસંતુષ્ટ પક્ષ પોતાના દાંપત્યજીવનના અધિકારો ભોગવવા માટે અદાલતમાં દાવો કરી શકે છે. અદાલત બંને પક્ષની રજૂઆતો લક્ષમાં લઈને પોતાને સંતોષ થાય તો અદાલત દાંપત્યજીવનના અધિકારોનું પુનઃસ્થાપન* (Retribution of Conjugal Rights) *કરવાનો હુકમ કરે છે.*

**ન્યાયિક પૃથગ્વાસ :** *દાંપત્યજીવનના અધિકારોનું પુનઃસ્થાપના કરવાનો હુકમ નિષ્ફળ જાય તેવા સંજોગોમાં સામાપક્ષનો ત્યાગ કરનાર (પતિ કે પત્ની) ન્યાયિક પૃથગ્વાસ* (Judicial Separation) *માટે અદાલતમાં દાવો કરી શકે છે. અદાલત દ્વારા જ્યારે પતિ-પત્નીને એકબીજાથી અલગ નિવાસ કરવાની મંજૂરી આપવામાં આવે ત્યારે તેને ન્યાયિક પૃથગ્વાસ કહેવાય. દાવાની વિગતોની ચકાસણીને અંતે અદાલતને સંતોષ થાય તો તે ન્યાયિક પૃથગ્વાસનો હુકમ કરે છે.*

*ન્યાયિક પૃથગ્વાસથી લગ્નસંબંધનો અંત આવતો નથી પરંતુ પતિ-પત્ની એકબીજા સાથે લગ્નના અધિકારો ભોગવવામાંથી બાકાત રહે છે. ન્યાયિક પૃથગ્વાસ એકબીજાને સમજદારીપૂર્વક વિચારવાની તક પૂરી પાડે છે. પરંતુ વ્યવહારમાં તે છૂટાછેડા માટેની પૂર્વ અવસ્થા બની રહે છે.*

**છૂટાછેડા :** *પતિ કે પત્ની નીચેના સંજોગોમાં છૂટાછેડા* (Divorce) *માટે અદાલતમાં દાવો માંડી શકે છે :*

- *બે વર્ષથી ત્યાગ કર્યો હોય.*
- *સાત કે તેથી વધુ વર્ષથી જેલમાં હોય.*
- *લગ્ન સંબંધથી જોડાયા બાદ ક્રૂરતા આચરવામાં આવતી હોય.*
- *અસાધ્ય મનોરોગ હોય, જેથી સહનિવાસ શક્ય ન હોય.*
- *જાતીય ચેપી રોગથી ગ્રસ્ત હોય. (વેનરલ ડિસિઝ)*
- *સાત વર્ષ કે તેથી વધુ સમયથી જીવંત હોવાના સમાચાર ન હોય.*

**પારસ્પરિક સંમતિથી છૂટાછેડા :** 1954*ના સ્પેશિયલ મેરેજ ઍક્ટની કલમ* 28 *અનુસાર પારસ્પરિક સંમતિ* (Mutual Consent)*થી છૂટાછેડા મેળવી શકાય તેવી જોગવાઈ છે.*

*પતિ-પત્ની એક વર્ષ કે તેથી વધુ સમયથી એકબીજાથી અલગ રહેતા હોય, તેઓ બંને એકબીજા સાથે રહેવા શક્તિમાન નથી તેવા કારણોસર તેઓ બંને પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો છે કે તે માટે સંમતિ સાધી છે તેવી રજૂઆત સાથે અદાલતમાં માગણી કરી શકે છે. છૂટાછેડા માટેની આ જોગવાઈ ક્રાંતિકારી છે. આવી જોગવાઈ 1955ના હિન્દુ લગનધારામાં પણ દાખલ કરવામાં આવી છે.*

**સ્પેશિયલ મેરેજ ઍક્ટ, 1954ની અસરો :** *સ્પેશિયલ મેરેજ ઍક્ટ હેઠળ લગ્નની કાયદેસરતા માટેની શરતો, લગ્ન માટેની સોગંદવિધિ તેમજ રજિસ્ટ્રેશન તથા છૂટાછેડા માટેની જોગવાઈઓ જોતાં જણાશે કે આ કાયદો સ્ત્રી-પુરુષને સમાન લગ્ન અધિકારો બક્ષે છે. આ કાયદા હેઠળ ભરણપોષણ અને સગીરવયના બાળકોના શિક્ષણ માટે અદાલતમાં દાદ માગી શકાય છે.*

*ડૉ.નીરા દેસાઈએ નોંધ્યું છે તેમ બ્રિટિશ શાસન પછી જે પરિવર્તનો આવ્યાં. તેમાં ઓગણીસમી સદીમાં એક નવી જરૂરિયાત ઊભી થઈ હતી કે પર જ્ઞાતિ કે પરકોમના પુરુષ-સ્ત્રી જો લગ્ન કરવા ઈચ્છતા હોય તો શું કરવું ? તે સમયે આવાં લગ્નો ઉપર ધાર્મિક-સામાજિક પ્રતિબંધ હતો. આથી 1872માં સ્પેશ્યલ મેરેજ ઍક્ટ પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદાઅનુસાર જુદી જુદી બે કોમની વ્યક્તિઓ લગ્ન સંબંધથી જોડાઈ શકતી હતી, પરંતુ તેમાં લગ્ન કરનાર સ્ત્રી-પુરુષે એવી જાહેરાત કરવી પડતી હતી કે "અમે કોઈ ધર્મમાં માનતા નથી." આથી આ કાયદો આંતરજ્ઞાતીય કે આંતરધર્મીય લગ્ન માટે બહુ સફળ થઈ શક્યો નહીં. આથી સ્વતંત્ર ભારતમાં 1872નો મૂળકાયદો રદ કરવામાં આવ્યો અને તેના સ્થાને "સ્પેશિયલ મેરેજ ઍક્ટ, 1954" અમલમાં મૂકવામાં આવ્યો. આ કાયદામાં અમે કોઈ ધર્મમાં માનતા નથી એવી જાહેરાતની કોઈ શરત મૂકવામાં આવી નથી. આ કાયદાની મહત્ત્વની ખાસિયત એ છે કે તે બબિનસાંપ્રદાયિક છે : બધા ભારતીય નાગરિકો આ કાયદા હેઠળ લગ્ન કરી શકે છે. આ કાયદા હેઠળના લગ્ન સિવિલ મેરેજ ગણાય છે.*

- *આ કાયદો આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નને કાનૂની સમર્થન પૂરું પાડે છે.*
- *આ કાયદો બિનસાંપ્રદાયિક મૂલ્યોનું પ્રસ્થાપન કરીને જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વિશાળ બનાવે છે.*
- *આ કાયદો બાળલગ્ન પર પ્રતિબંધ મૂકે છે તેમજ એક સાથી લગ્નનો આદર્શ પ્રસ્થાપિત કરે છે.*
- *આ કાયદા હેઠળ લગ્ન માટે કોઈ ધાર્મિક વિધિની આવશ્યકતા નથી.*
- *આ કાયદો સ્ત્રી-પુરુષને લગ્ન અને છૂટાછેડા અંગેના સમાન અધિકારો આપે છે.*
- *આ કાયદા અનુસાર લગ્ન કરનાર વ્યક્તિઓના મિલકત અને વારસા અંગેના અધિકારો સુરક્ષિત રહે છે.*

- *આ કાયદા અનુસાર લગ્ન અંગત અધિકાર છે અને તે સ્ત્રી-પુરુષને સ્વપસંદગી લગ્ન કે પ્રેમલગ્નની તક પૂરી પાડે છે તેમજ જીવનસાથીની પસંદગીનું સ્વાંતત્ર્ય બક્ષે છે.*

- **હિન્દુ લગ્ન ધારો, 1955 (The Hindu Marriage Act, 1955)**

1955*નો હિન્દુ લગ્ન ધારો લાગુ પાડીને હિન્દુઓમાં પ્રવર્તતા રિવાજગત લગ્નનાં ધોરણોનું સંહિતાકરણ કરવાનો પ્રયાસ થયો છે.*

**(i) હિન્દુ લગ્ન ધારાનું અમલ- ક્ષેત્ર**

*આ કાયદો હિંદુઓ તેમજ બૌદ્ધો, શીખો, જૈનોને લાગુ પાડવામાં આવ્યો છે. આ ઉપરાંત આ કાયદો જેઓ ધર્મથી મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી કે જ્યૂઝ નથી તેવા લોકોને પણ લાગુ પડે છે. આ કાયદો કોઈપણ અનુસૂચિત આદિજાતિને લાગુ પડતો નથી, સિવાય કે કેન્દ્ર સરકારે જાહેરનામા દ્વારા તેઓને લાગુ પાડ્યો હોય. આ કાયદો દાદરાનગર હવેલી, પોંડિચેરી તેમજ સિક્કિમમાં પણ લાગુ પાડવામાં આવ્યો છે.*

**(ii) હિન્દુ લગ્ન ધારામાં આવરી લેવામાં આવેલી બાબતો**

*આ કાયદો લગ્નવિધિ અને હિન્દુ લગ્નની કાયદેસરતાની શરતો, દાંપત્ય અધિકારોનું પુનઃસ્થાપન, ન્યાયિક પૃથગ્વાસ અને છૂટાછેડા તેમજ અન્ય સંબંધિત બાબતોને આવરી લે છે.*

**હિન્દુ લગ્ન માટેની શરતો :** *હિન્દુ લગ્ન માટેની શરતો* (Conditions of Hindu Marriage) *નીચે મુજબ છે :*

(1) *લગ્ન સમયે પુરુષની ઉંમર* 21 *વર્ષ અને સ્ત્રીની ઉંમર* 18 *વર્ષની પૂરી થયેલી હોય.*

(2) *લગ્નથી જોડાનાર સ્ત્રી-પુરુષ એકબીજાના સપિંડ ન હોય, સિવાય કે બન્ને વચ્ચેના લગ્ન રિવાજ કે પરંપરા માન્ય હોય.*

(3) *હિન્દુ જ્ઞાતિ સમૂહોની પોતાની જાતી કે પંચો દ્વારા થયેલ લગ્નના સામાજિક બંધારણનું પાલન કરવાનું રહે છે.*

*ઉપરની શરતો પરિપૂર્ણ થતી હોય તેવા લગ્ન કાયદેસર બને છે.*

**(iii) હિન્દુ લગ્ન ધારો, 1955ની અસરો**

*હિન્દુ લગ્નની કાયદેસરતા સ્થાપિત કરતી શરતો, લગ્નવિધિ તેમજ છૂટાછેડાની જોગવાઈ પરથી જણાશે કે હિન્દુ લગ્ન ધારો,*

- *દ્વિપત્ની, બહુપતિ અને બહુપતિપ્રથા પર પ્રતિબંધ મૂકી એકસાથી લગ્નને કાયદેસરતા બક્ષે છે તથા એકપતિ-પત્ની લગ્નનો આદર્શ સ્થાપિત કરે છે.*
- *બાળલગ્ન પર પ્રતિબંધ મૂકી પુખ્તવયના લગ્નને કાયદેસરતા બક્ષે છે.*
- *રિવાજગત લગ્નવિધિ અને જીવનસાથીની પસંદગીના કેટલાક નિષેધાત્મક નિયમો અને સપિંડ નિષેધોને રિવાજ કે પરંપરાની મર્યાદામાં માન્ય રાખે છે.*

- અનુલોમ અને પ્રતિલોમ લગ્નને કાનૂની માન્યતા પ્રદાન થઈ છે. આંતરજ્ઞાતીય લગ્નને કાનૂની માન્યતા મળી છે.
- આ કાયદા અનુસાર આંતરજ્ઞાતીય લગ્નોને પરિણામે થતાં સંતાનો હિન્દુ ગણાય છે અને તેમના મિલકત તથા વારસઅધિકારો સુરક્ષિત રહે છે.
- જ્ઞાતિ, ગોત્ર અને પ્રવરના પ્રતિબંધનોનો અંત આવે છે.
- લગ્નવિચ્છેદ થઈ શકે. પરસ્પર સંમતિથી પણ છૂટાછેડા મળી શકે છે.
- લગ્ન એક અંગત અધિકાર બન્યો છે. પરિણીત તરીકેનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે કુટુંબ કે સમુદાયની સ્વીકૃતિ એ કોઈ પૂર્વ શરત રહી નથી.
- લગ્ન બાદ વર-વધૂ સમુદાય કે સ્થાનિક લોકો જાણે તે રીતે દાંપત્ય જીવન જીવી શકે છે. બંધારણ અર્પિત સમાનતાના અધિકાર અનુસાર લગ્ન દ્વારા પુરુષ અને સ્ત્રી કુટુંબની સભ્ય બને છે અને તેઓ પરિણીત યુગલ તરીકેના સામાજિક દરજ્જાના હક્કદાર બને છે.
- લગ્ન અને છૂટાછેડા અંગેના અધિકારોની બાબતમાં સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપિત થાય છે.
- જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વ્યાપક બનાવે છે તેમજ સ્વપસંદગી લગ્ન કે પ્રેમલગ્નની તક પૂરી પાડે છે. સાથીની પસંદગીનું સ્વાતંત્ર્ય બક્ષે છે.

### (iv) લગ્નવિધિ તરીકે સપ્તપદી વિધિનું સાતત્ય

હિન્દુ લગ્ન ધારાની કલમ-7 મુજબ લગ્નની કાયદેસરતા માટે સપ્તપદી વિધિ અને પ્રમાણિલકાગત વિધિ આવશ્યક ગણવામાં આવી છે. હિન્દુ લગ્ન માત્ર દીવાની કરાર નથી. પરંતુ તે દીવાની કરારથી વિશેષ એક સંસ્કાર છે. દીવાની કરાર એ અર્થમાં કે આ કાયદા અનુસાર છૂટાછેડા મેળવી શકાય છે. પરંપરાગત હિન્દુ લગ્નમાં લગ્ન વિચ્છેદની જોગવાઈ ન હતી, તે ભવોભવનું બંધન ગણાતું, પરંતુ આ કાયદા અનુસાર હિન્દુ લગ્ન ભવોભવનું બંધન ન રહેતાં કેટલાંક સંજોગોમાં છૂટાછેડા મેળવી શકાય છે. પરંતુ સાથોસાથ સપ્તપદીની ધાર્મિકવિધિ આવશ્યક ગણવામાં આવી છે તે અર્થમાં હિન્દુ લગ્ન સંસ્કાર પણ છે, જેમાં પરંપરાનું સાતત્ય જોવા મળે છે.

કાયદા અનુસાર જ્યાં પ્રણાલિકા અનુસાર લગ્નવિધિમાં સપ્તપદીનો સમાવેશ થતો હોય ત્યાં સપ્તપદીની વિધિ પૂર્ણ થયેથી લગ્નપૂર્ણ અને બંધનકર્તા બને છે. હિન્દુ લગ્નના કાયદા અનુસાર લગ્નની કાયદેસરતા સ્થાપિત કરવા તેમજ બંધનરૂપ બનાવવા માટે ધાર્મિક-વિધિવિધાન આવશ્યક છે. આ ધાર્મિક વિધિવિધાનમાં પવિત્ર અગ્નિ સમક્ષ સોગંદ (Invocation) કે પ્રાર્થના અને સપ્તપદીનો સમાવેશ થાય છે. આ દૃષ્ટિએ જોતાં હિન્દુ લગ્ન એક પવિત્ર સંસ્કાર છે. આ સંસ્કારવિધિ રિવાજગત ધાર્મિકવિધિ છે અને તે લગ્નની કાયદેસરતા માટે

*ફરજિયાત છે. પરંતુ લગ્ન કરનાર પક્ષોના રિવાજ અને પ્રણાલિકા મુજબ લગ્નની કાયદેસરતા માટે સપ્તપદી અનિવાર્ય ન હોય ત્યાં સપ્તપદી વિના પણ લગ્ન કાયદેસરનું અને બંધનકર્તા બની શકે છે. લગ્નસંબંધથી જોડાનાર સ્ત્રી કે પુરુષ એમ કોઈપણ પક્ષની રિવાજગત પ્રણાલિકાગત વિધિ થઈ શકે છે. આવા વિધિવિધાનમાં જ્યાં સપ્તપદીનો સમાવેશ થતો હોય ત્યાં વર અને કન્યા સંયુક્ત રીતે પવિત્ર અગ્નિ ફરતા સાત પગલાં પૂરા કરે એટલે લગ્ન પૂર્ણ અને બંધનકર્તા બને છે. લગ્નવિધિ એટલે વર કે વધૂ પક્ષના ધર્મ દ્વારા પ્રસ્થાપિત અને માન્ય વિધી. આવી વિધિપૂર્ણ થતાં લગ્ન કાયદેસરનું અને બંધનકર્તા બને છે.*

**(v) હિન્દુ લગ્નની નોંધણી**

*હિન્દુ લગ્ન ધારાની જોગવાઈ અનુસાર લગ્નની નોંધણી* (Registration) *જરૂરી છે. લગ્નવિધિથી જોડાયેલ યુગલે તેમના લગ્નની સાબિતીને સુગમ બનાવવાના હેતુથી રાજ્ય સરકારના લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવા માટેના નિયમો અનુસાર લગ્ન બાદ નિયત સમયમર્યાદામાં લગ્નની નોંધણી કરાવવી આવશ્યક છે. રાજ્ય સરકાર લગ્ન નોંધણીને ફરજિયાત બનાવી શકે છે અને સંબંધિત વ્યક્તિ નિયત ફી ભરીને તેની સર્ટિફાઈડ નકલ મેળવી શકે છે.*

**(vi) દાંપત્યજીવનના અધિકારોની પુનઃસ્થાપના**

*લગ્ન બાદ પતિ, પત્ની કે બંને દાંપત્યજીવનમાં અનુકૂલન સાધવામાં નિષ્ફળ જાય અને દાંપત્યજીવનના અધિકારોનો ભોગવટો ભાંગી પડે કે એકબીજાના દાંપત્યજીવનના અધિકારોના ભોગવટાનો અનાદાર થાય તેવા સંજોગોમાં પતિ વાજબીકારણ વિના પત્નીનો ત્યાગ કરે કે પત્ની વાજબીકારણ વિના પતિનો ત્યાગ કરે તેવું બનતું હોય છે. આવા સંજોગોમાં અસંતુષ્ટ પક્ષ (પતિ કે પત્ની) દાંપત્યજીવનના અધિકારો ભોગવવા માટે કોર્ટમાં દાવો કરી શકે છે. કાયદો આવી જોગવાઈ સ્ત્રી અને પુરુષ બંનેને સમાન રીતે પૂરી પાડે છે.*

*દાવામાં રજૂ થયેલા આક્ષેપો અંગે અદાલત તપાસ કરે છે, બંને પક્ષની રજૂઆત લક્ષમાં લઈને અદાલતને એમ જણાય કે દાવો કરનાર પક્ષ દાંપત્યજીવનનું પુનઃસ્થાપન કરવાની તેમજ દાંપત્યજીવનના અધિકારો ભોગવવાની પ્રમાણિક ઈચ્છા કે શુભ દાનત ધરાવે છે તો અદાલત દાંપત્યજીવનના અધિકારોની પુનઃસ્થાપના માટેનો હુકમ કરી શકે છે.*

**(vii) ન્યાયિક પૃથગ્વાસ**

*દાંપત્યજીવનના અધિકારોના ભોગવટા માટેનો દાવો અદાલતમાં ચાલતો હોય તે દરમિયાન એકબીજાથી અલગ નિવાસ કરતા પતિ કે પત્નીને ભરણપોષણ માટે દર મહિને વાજબી રકમ ચૂકવવાનો અદાલત હુકમ કરી શકે છે. અલગ નિવાસની પરિસ્થિતિમાં પતિ-પત્ની વચ્ચે સુમેળ સધાવાની શક્યતા*

*રહેલી છે અને છૂટાછેડા-લગ્નવિચ્છેદની શક્યતા પણ રહેલી છે. અલગ નિવાસની પ્રારંભિક અવસ્થામાં બંને પક્ષનાં સગાવહાલાં, મિત્રો, સામાજિક કાર્ય કરતી સંસ્થા, વકીલ વગેરે દ્વારા એક યા બીજી રીતે પતિ-પત્ની વચ્ચે સુમેળ સાધવા અને સમાધાન સાધવા કે રાબેતા મુજબના દાંપત્ય સંબંધોનું પુનઃસ્થાપન કરવાના પ્રયાસ થતા રહે છે. આવા પ્રયાસોના પરિણામે કેટલાક કિસ્સામાં તેમની વચ્ચે સમાધાન શક્ય બને છે. પરંતુ આવા પ્રયાસો નિષ્ફળ જાય તો બંને કે બેમાંથી કોઈ પક્ષ કાનૂની ઉપાયનો આશ્રય લઈ શકે છે. આ માટે પતિ અને પત્ની બંનેને અધિકાર મળેલો છે. કાનૂની રાહે ન્યાયની અદાલત દ્વારા પૃથગ્વાસનો અધિકાર મેળવવામાં આવે ત્યારે તેને ન્યાયિક પૃથગ્વાસ કહેવાય.*

*ન્યાયિક પૃથગ્વાસ માટેની કાનૂની જોગવાઈ – આ કાયદાની જોગવાઈ અનુસાર પતિ કે પત્ની નીચેનાં કારણોસર ન્યાયિક પૃથગ્વાસ માટેનો દાવો માંડી શકે છે :*

(1) *લગ્ન બાદ પોતાની પત્ની કે પતિ સિવાયની વ્યક્તિ સાથેના જાતીય સંબંધ.*
(2) *સામો પક્ષ ક્રૂરતા દાખવતો હોય.*
(3) *દાવો માંડ્યાના બે વર્ષ પહેલાંથી દાવેદારનો સામા પક્ષે ત્યાગ કર્યો હોય.*
(4) *સામો પક્ષ ધર્માંતર કરવાથી બિનબિંદુ બની ગયેલ હોય.*
(5) *સામો પક્ષ અસાધ્ય માનસિક રોગથી પીડાતો હોય કે જેથી તેની સાથે રહી શકાય તેમ ન હોય.*
(6) *સામો પક્ષ જીવલેણ અને અસાધ્ય રક્તપિત્તના રોગથી પીડાતો હોય.*
(7) *સામો પક્ષ ચેપી જીવલેણ રોગથી પીડાતો હોય.*
(8) *સામા પક્ષે સંન્યાસ લીધો હોય.*
(9) *સામો પક્ષ છેલ્લા સાત વર્ષથી જીવિત હોવાના સમાચાર ન હોય.*

### (viii) છૂટાછેડા માટેની જોગવાઈ

*પતિ કે પત્ની બેમાંથી કોઈ પક્ષ નીચેના કારણોસર છૂટાછેડાનો દાવો માંડી શકે છેઃ*

(1) *ન્યાયિક પૃથગ્વાસનો હુકમ થયા બાદ એક વર્ષ કે તેથી વધુ સમયથી પતિ-પત્ની હોય તે રીતે સહનિવાસ કર્યો ન હોય.*
(2) *દાંપત્યજીવનના અધિકારના પુનઃસ્થાપનનો હુકમ થયા બાદ એક વર્ષ કે તેથી વધુ સમયથી દાંપત્યજીવનના અધિકારોનું પુનઃસ્થાપન થયું ન હોય.*

*આ ઉપરાંત પત્ની પણ નીચેનાં કારણોસર છૂટાછેડાનો દાવો માંડી શકે છે :*

(1) આ કાયદો અલમમાં આવ્યા પહેલાં થયેલા લગ્નના કોઈપણ કિસ્સામાં પતિએ બીજું લગ્ન કર્યું હોય કે લગ્ન પહેલાં પતિની બીજી પત્ની હયાત હોય તેમજ દાવો માંડતી વખતે એ બીજી પત્ની હયાત હોય.

(2) લગ્ન થયા ત્યારથી પતિ બળાત્કાર, સમલિંગી સંબંધ કે પશુગમનથી ગુનાઈત હોય.

હિન્દુલગ્નના કાયદામાં તેમજ સ્પેશ્યલ મેરેજ ઍક્ટમાં છૂટાછેડાની કેટલીક સમાન જોગવાઈ છે, જેમાં વ્યભિચાર, ત્યાગ, ક્રૂરતા, માનસિક અસ્વસ્થતા, કુષ્ઠરોગ, વેનરલ ડિસિઝ, સાત વર્ષથી હયાત હોવાના સમાચાર ન હોય તથા પારસ્પરિક સંમતિનો સમાવેશ થાય છે.

## (ix) પારસ્પરિક સંમતિથી છૂટાછેડા

છૂટાછેડા માટેનો કેસ અદાલતમાં ચાલતો હોય તે દરમિયાન બંને પક્ષકારો વચ્ચેની સમજૂતી દ્વારા પારસ્પરિક સંમતિ (Mutual Consent)થી સમાધાનના રૂપમાં છૂટાછેડા માટેની અરજી આ કાયદાની કલમ-13(બી) હેઠળ થઈ શકે છે. પરસ્પર સંમતિ દ્વારા છૂટાછેડાની જોગવાઈ 1976ના સુધારાથી કરવામાં આવી છે. બંને પક્ષકારોને સાંભળીને તથા તપાસ કરીને અદાલતને સંતોષ થાય તો અદાલત છૂટાછેડાનો હુકમ કરે છે. અલગ નિવાસ કરે, પૃથગ્વાસ, છૂટાછેડા જેવી લાંબી અદાલતી કાર્યવાહીમાંથી મુક્તિ મેળવવામાં પારસ્પરિક સંમતિની જોગવાઈ 1954ના સ્પેશિયલ મેરેજ ઍક્ટ, 1954ની જોગવાઈ સાથે સુસંગત છે.

## (x) રાહત અને ભરણપોષણ

ત્યક્તાવસ્થા અને અલગ નિવાસ તેમજ ન્યાયિક પૃથગ્વાસ અને છૂટાછેડાના કિસ્સામાં સ્ત્રીને આર્થિક રાહત અને ભરણપોષણ મેળવવાનો અધિકાર મળ્યો છે. વિશિષ્ટ સંજોગોમાં પતિને પણ પત્ની પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે.

દાંપત્યજીવનના અધિકારોની પુનઃસ્થાપના માટે અદાલતનો હુકમ અને ન્યાયિક પૃથગ્વાસની જોગવાઈ પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષને સમાધાનમાં ફેરવવા માટેની તક પૂરી પાડે છે. પૃથગ્વાસથી બંને વચ્ચે ઊભું થતું ભૌતિક અંતર એકબીજાને સમજદારીપૂર્વક વિચારવાની તક પૂરી પાડે છે. સૈદ્ધાંતિક રીતે આ સાચું છે, પરંતુ વ્યવહારમાં બંને વચ્ચેનું સામાજિક અંતર, અણગમા અને પૂર્વગ્રહ વધુ તીવ્ર બનતા હોય છે. આવા સંજોગોમાં દુઃખી દાંપત્યજીવનનો અંત લાવવાના અંતિમ ઉપાય તરીકે છૂટાછેડા અનિવાર્ય બની રહે છે. છૂટાછેડાથી સ્ત્રી-પુરુષ બંને માટે પુનર્લગ્ન દ્વારા સુખી જીવનનો માર્ગ મોકળો બને છે. છૂટાછેડાની સ્ત્રીજીવન પર કેટલીક વિપરિત અસરો પડે છે અને કેટલાંક નવાં પ્રશ્નો પણ ઊભા થાય છે. સ્ત્રી અને પુરુષ બંને માટે અનુકૂલનના પ્રશ્નો પેદા થાય છે, જે પુનર્લગ્નના વિકલ્પમાં જાતીયજીવનના નવા માર્ગો તરફ દોરી જાય તેવા સંજોગો પેદા કરે છે. આમ છતાં, આધુનિક સમયમાં છૂટાછેડા અનિવાર્ય ઈષ્ટ તરીકે સ્વીકૃત બનવા લાગ્યાં છે.

*'પારસ્પરિક સંમતિ'થી છૂટાછેડા મેળવવાની નવી જોગવાઈ છૂટાછેડાને સરળ બનાવવાના પ્રયાસમાં આ સ્વીકૃતિનું પ્રતિબિંબ પડે છે.*

- **ભારતીય ખ્રિસ્તી લગ્ન કાનૂન, 1872 (**Indian Christian Marriage Act,1872**)**

*ભારતના ખ્રિસ્તી સમુદાય માટે લગ્ન અને છૂટાછેડાની જોગવાઈ 1872ના ભારતીય ખ્રિસ્તી લગ્ન કાનૂન 1872 અને 1869ના છૂટાછેડાના કાયદાથી થયેલી છે.*

**(i) લગ્ન અંગેની જોગવાઈ**

- *લગ્ન સંબંધથી જોડાનાર સ્ત્રી-પુરુષ પુખ્તવયના હોવા જોઈએ.*
- *લગ્ન સંબંધથી જોડાનાર વ્યક્તિઓને પત્ની કે પતિ હયાત હોવા જોઈએ નહીં.*
- *ભારતીય ખ્રિસ્તી લગ્નનું સર્ટિફિકેટ આપનાર અધિકૃત હોય તેવા રાજ્ય સરકારે નિમેલા મેરેજ રજીસ્ટ્રારની હાજરીમાં લગ્નગ્રંથીથી જોડાઈ શકાય છે.*
- *લગ્નગ્રંથિથી જોડાતી વખતે બંને પક્ષના બે સાક્ષીની હાજરી આવશ્યક છે. આ સાક્ષીની હાજરીમાં લગ્નસંબંધથી જોડાનાર સ્ત્રી-પુરુષે ઈશ્વરની હાજરીમાં અને જીસસ ક્રાઈસ્ટના નામે એવા સોગંદ લેવાના હોય છે કે અમે બંને કાયદેસર રીતે પતિ-પત્ની તરીકે જોડાઈએ છીએ.*

*લગ્ન સંબંધથી જોડાનાર સ્ત્રી કે પુરુષ કે બંને ખ્રિસ્તી હોય તેઓ ભારતીય ખ્રિસ્તી લગ્નના કાયદા હેઠળ લગ્ન કરી શકે છે. આ માટે નીચેની જોગવાઈઓ છે.*

- *ખ્રિસ્તી ધર્મની દીક્ષા દીધી હોય તેવા પાદરી દ્વારા ચર્ચના નિયમો, વિધિઓ અને રિવાજો મુજબ લગ્નથી જોડાઈ શકાય છે.*
- *આ કાયદાથી માન્ય હોય તેવા ખ્રિસ્તી ધર્મના પાદરી પાસે લગ્નવિધિથી જોડાઈ શકે છે.*
- *આ કાયદા હેઠળ નિમાયેલા મેરેજ રજીસ્ટ્રારની હાજરીમાં લગ્નગ્રંથીથી જોડાઈ શકે છે.*
- *આ કાયદાથી માન્ય થઈ હોય તેવી વ્યક્તિ ભારતીય ખ્રિસ્તીઓ વચ્ચેના લગ્નનું સર્ટિફિકેટ આપી શકે છે. લગ્નનું સર્ટિફિકેટ મેરેજ રજીસ્ટ્રાર આપી શકે છે.*

**(ii) છૂટાછેડા માટેની જોગવાઈ**

*છૂટાછેડાની કાનૂની જોગવાઈઓ અનુસાર નીચેના સંજોગોમાં છૂટાછેડા મેળવી શકાય છે :*

- *પતિએ ધર્માંતર કર્યું હોય અને બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યું હોય તો પત્ની છૂટાછેડા મેળવી શકે છે.*

  *અથવા*

- *પતિએ નિકટના રક્તસંબંધી સાથે વ્યભિચાર કર્યો હોય,*

- *વ્યભિચાર સાથે બીજી પત્ની કરી હોય,*
- *બળાત્કાર, સમલિંગી સંબંધ કે પશુગમન કર્યું હોય,*
- *ક્રૂરતા દાખવી હોય.*

*ઉપરના સંજોગોમાં પત્ની તેના પતિને છૂટાછેડા આપવાને પાત્ર બને છે. તેમજ વાજબી કારણ વિના ત્યાગ કર્યો હોય અને વ્યભિચાર કર્યો હોય તેવા સંજોગોમાં પત્ની છૂટાછેડા મેળવી શકે છે.*

1869*ના છૂટાછેડાના કાયદામાં* 2001*માં સુધારો કરવામાં આવ્યાં છે. આ સુધારાથી છૂટાછેડાની બાબતમાં સ્ત્રી વિરુદ્ધની જોગવાઈઓ દૂર કરવામાં આવી છે અને પારસ્પરિક સંમતિથી છૂટાછેડા મેળવી શકાય છે તેમજ ભરણપોષણ અને સગીરવયના બાળકોના શિક્ષણ માટે અદાલતમાં દાદ માગી શકે છે.*

- **મુસ્લિમ લગ્ન અને છૂટાછેડાનો કાયદો -** 1939*નો મુસ્લિમ લગ્નવિચ્છેદનો કાયદો* (Dissolution of Muslim Marriage Act, 1939) *તથા તે પૈકી ભારત સરકાર દ્વારા વખતોવખત કાયદાઓમાં સુધારો વધારો કરી છુટાછેડાની જોગવાઈ કાયદાને આધીન સરકાર દ્વારા અમલી થતી હોય છે.*

- **પારસી લગ્ન અને છૂટાછેડાનો કાયદો, 1936 (Parsi Marriage and Divorce Act, 1936)**

*ભારતમાં પારસીઓના લગ્નનું નિયમન* 1936*ના પારસીલગ્ન અને છૂટાછેડાના કાયદા દ્વારા થાય છે. આ કાયદા અનુસાર પારસી એટલે પારસી જરથુસ્ટ. જરથુસ્ટ ધર્મ પાળનાર વ્યક્તિ જરથુસ્ટ કહેવાય છે.*

*પારસીઓમાં એકસાથી લગ્નપ્રથા છે. પારસી લગ્નને કાયદેસરતા બક્ષવા માટે નીચેની શરતો પરિપૂર્ણ થવી જરૂરી છે.*

(i) *લગ્ન સંબંધથી જોડાનાર સ્ત્રી-પુરુષ કાયદામાં નિયત થયા અનુસારની લોહીની સગાઈ ધરાવતા ન હોવા જોઈએ.*

(ii) *લગ્ન સંબંધથી જોડાનાર સ્ત્રી-પુરુષની ઉંમર* 21 *વર્ષની પૂરી થયેલી હોવી જોઈએ.*

(iii) *લગ્નમાં ધાર્મિક વિધિ આવશ્યક છે. આ ધાર્મિક વિધિ પારસી પુરોહિત દ્વારા થાય છે. આ વિધિ 'આશીર્વાદ' વિધિ તરીકે ઓળખાય છે. લગ્નવિધિ વખતે બે પારસી સાક્ષીની હાજરી જરૂરી છે.*

*આ શરતો અનુસારના લગ્ન કાયદેસરના લગ્ન ગણાય છે. કાયદા અનુસાર લગ્નનું રજીસ્ટ્રેશન કરાવવું તથા લગ્નનું સર્ટિફિકેટ મેળવવું આવશ્યક ગણાય છે.*

*પારસીઓમાં છૂટાછેડા માટે નીચેની જોગવાઈઓ છે. નીચેનામાંથી એક કે વધુ સંજોગોમાં છૂટાછેડા મળી શકે છે.*

**(i)** *લગ્નસંબંધથી જોડાયા બાદ એક વર્ષ સુધીમાં દાંપત્યજીવન ભોગવ્યું ન હોય કે દાંપત્ય ભોગવવાના અધિકારનો અનાદર કરવામાં આવ્યો હોય.*

**(ii)** *લગ્ન વખતે મનની અસ્થિરતા હોય અને છૂટાછેડાનો દાવો કરતી વખતે પણ આવી અસ્થિરતા ચાલુ હોય.*

**(iii)** *લગ્ન સમયે અન્ય પુરુષ દ્વારા ગર્ભવતી બનેલી હોય.*

**(iv)** *વ્યભિચાર, બળાત્કાર, કુદરત વિરોધી જાતીય કૃત્ય.*

**(v)** *પત્નીને વેશ્યા બનવા ફરજ પાડવામાં આવી હોય.*

**(vi)** *વેનરલ ડીસીઝ*

**(vii)** 3 *વર્ષથી ત્યાગ કર્યો હોય.*

**(viii)** *ઈન્ડિયન પીનલ કોડના ગુના બદલ સાત કે વધુ વર્ષની સજા થઈ હોય.*

*આ કાયદાની જોગવાઈ અનુસાર ન્યાયિક પૃથગ્વાસ મેળવી શકાય છે અને દાંપત્યજીવનના અધિકારોનું પુનઃસ્થાપન કરવા માટે અદાલતમાં દાદ માંગી શકાય છે.*

*પત્ની કોઈ પર્યાપ્ત સ્વતંત્ર આવક ધરાવતી ન હોય તો નિર્વાહ માટે અદાલતમાં દાવો માંડી શકે છે. અદાલતને વાજબી લાગે તેટલી રકમ ભરણપોષણ માટે અપાવી શકે છે. છૂટાછેડા મેળવ્યા બાદ સ્ત્રી-પુરુષ પતિ-પત્ની મટી જાય છે અને તેઓ પુનર્લગ્ન કરી શકે છે.*

- **યહૂદી (Jews) લગ્ન અને છૂટાછેડા**

*યહૂદી લગ્ન માટેનો કાયદો સંહિતાબદ્ધ થયો નથી. આજે પણ યહૂદીઓમાં લગ્ન અને છૂટાછેડાનું નિયમન તેઓના ધાર્મિક કાયદા અનુસાર થાય છે. યહૂદીઓ લગ્નને સિવિલ કોન્ટ્રાક્ટ ગણતા નથી. તેઓ લગ્નને સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધોને પવિત્ર ફરજો ગણે છે. વ્યભિચાર કે ક્રૂરતાના કારણસર અદાલત દ્વારા છૂટાછેડા મેળવી શકાય છે. તેઓમાં એકસાથી લગ્નપ્રથા છે.*

- **શીખ લગ્ન**

*શીખલગ્નનું નિયમન આનંદ મેરેજ (એમેન્ડમેન્ટ) એક્ટ* 2012 *દ્વારા થાય છે.* 2012*નો આ કાયદો* 1909*ના આનંદ મેરેજ ઍક્ટમાં સુધારો કરેલો કાયદો છે.* 1909*નો આનંદ મેરેજ ઍક્ટ શીખોના લગ્ન અધિકારોની કાયદેસરતા સ્થાપિત કરવા માટે અમલમાં મૂકવામાં આવ્યો હતો. શીખોના લગ્ન અધિકારને આનંદ તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદામાં લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવાની જોગવાઈ નહોતી.* 1955*ના હિંદુ લગ્નની વ્યાખ્યામાં શીખને આવરી લેવામાં આવ્યાં છે. શીખ લોકોની લગ્નવિધિ અનુસાર શીખોમાં લગ્ન યોજાય છે. શીખ લગ્નવિધિને આનંદ કહેવામાં આવે છે. શીખલગ્ન*

*રિવાજગત વિધિથી પણ થાય છે. હિંદુલગ્નના કાયદા મુજબ લગ્નનું રજિસ્ટ્રેશન જરૂરી છે. 1909ના આનંદ મેરેજ ઍક્ટમાં સુધારો કરીને આનંદમેરેજ ઍક્ટ (એમેન્ડમેન્ટ) 2018 અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદાથી આનંદલગ્નોનું રજિસ્ટ્રેશન કરવાની જોગવાઈ કરવામાં આવી છે, જે સામાન્ય રીતે આનંદકરજ તરીકે ઓળખાય છે.*

### 7.4.1 ભરણપોષણ (Maintenance)ને લગતા કાયદા

*પત્નીનું ભરણપોષણ કરવાની પતિની જવાબદારી લગ્નના દરજ્જામાંથી ઉદ્ભવે છે. ભરણપોષણનો અધિકાર અંગત કાયદાનો એક ભાગ છે.*

*1974ના કૉડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર હેઠળ પત્ની અને આધારિત બાળકોને ભરણપોષણનો અધિકાર મળ્યો છે. આ ઉપરાંત નિરાધાર માબાપ અને છૂટાછેડા લીધેલી સ્ત્રીને પણ ભરણપોષણનો અધિકાર મળ્યો છે.*

*પત્નીના ભરણપોષણની રકમનો આધાર પતિના આવકના સાધનો ઉપર રહેલો છે. આધારિત વ્યક્તિઓના ભરણપોષણની રકમ માસિક પાંચસો રૂપિયા સુધી મર્યાદિત હતી. પરંતુ કૉડમાં 2001ના સુધારાથી આ મર્યાદા દૂર કરવામાં આવી છે. આ રીતે કૉડમાં ભરણપોષણના અધિકારનો સમાવેશ થયો છે. જોકે, છૂટાછેડા લીધેલી જે સ્ત્રીઓ રિવાજગત અંગત કાયદા હેઠળ ભરણપોષણની રકમ મેળવે છે, તેવી સ્ત્રીઓ કૉડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર હેઠળ ભરણપોષણનો દાવો કરી શકતી નથી.*

*હિંદુ કાયદા હેઠળ પત્નીને તેના પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ જો તે પાવિત્ર્યના માર્ગથી વિચલિત થાય તો તે ભરણપોષણ મેળવવાનો અધિકાર ગુમાવે છે.*

*હિંદુ એડપ્શન્સ એન્ડ મેઈન્ટેનન્સ ઍક્ટ, 1956માં પત્નીના ભરણપોષણનો અધિકાર સંહિતાબદ્ધ થયો છે. ભરણપોષણની રકમ નક્કી કરવામાં અદાલત પતિની સ્થિતિ અને જવાબદારીઓ વગેરે વિવિધ પરિબળો લક્ષમાં લે છે. પતિથી અલગ રહેવાનું પત્નીનું વર્તન વાજબી છે કે કેમ તે બાબત પણ ન્યાયાધીશ લક્ષમાં લે છે. કૉડમાં વાજબી કારણો નિયત થયેલાં છે.*

*પતિ કે પત્ની પાસે પોતાની ટેકારૂપ સ્વતંત્ર આવક ન હોય તેવા કિસ્સામાં અદાલતમાં દાવો ચાલતો હોય તે દરમિયાન ભરણપોષણ અને દાવાનું ખર્ચ પતિ કે પત્નીએ ભોગવવાનુ રહે છે. કાયમી ભરણપોષણ ચૂકવવા માટે પણ આ નિયમ લાગુ પડે છે. આથી જણાશે કે આ કાયદા અનુસાર પત્નીને પતિ પાસેથી અને પતિને પત્ની પાસેથી ભરણપોષણનો અધિકાર છે. ભરણપોષણનો અધિકાર સમાનતા અને ન્યાયના સિદ્ધાંત ઉપર રચાયેલો છે. પતિ કે પત્નીમાંથી જે ભરણપોષણને પાત્ર હોય તે ભરણપોષણ મેળવવા હકદાર છે.*

*ભરણપોષણને લગતો આ કાયદો કાયદાની અમુક શરતોને આધીન રહીને*

- *હિંદુ પત્નીને તેના પતિ પાસેથી જીવનભર ભરણપોષણ મેળવવાનો હક આપે છે.*
- *હિંદુ પત્નીને તેના પતિથી અલગ રહેવાનો તેમજ પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો હક આપે છે.*
- *વિધવા પુત્રવધૂને તેના મૃતપતિની મિલકતમાંથી કે મૃતપતિના પિતા કે માતાની મિલકતમાંથી કે પુત્ર પાસેથી ભરણપોષણ મેળવવાનો હક આપે છે.*
- *કાયદેસરના કે ગેરકાયદેસરના સગીર બાળકોને ભરણપોષણનો હક આપે છે.*
- *વૃદ્ધ કે નિરાધાર મા-બાપનું ભરણપોષણ કરવાની જવાબદારી પુત્રની ગણવામાં આવી છે.*

*મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ ઓન ડિવોર્સ) એક્ટ,* 1986 *છૂટાછેડાવાળી મુસ્લિમ સ્ત્રીના અધિકારોને રક્ષણ પૂરું પાડે છે.*

*પારસી મેરેજ એન્ડ ડિવોર્સ ઍક્ટ,* 1936 *પત્નીના ભરણપોષણના અધિકારને સ્વીકૃતિ આપે છે. આ કાયદો અદાલતમાં દાવો ચાલતો હોય તે દરમિયાન ભરણપોષણ તેમજ કાયમી ભરણપોષણના અધિકારનો સ્વીકાર કરે છે. અદાલતમાં ભરણપોષણનો દાવો ચાલતો હોય તે દરમિયાન પતિની કુલ આવકનો પાંચમો ભાગ પત્નીને ભરણપોષણ માટે મળી શકે છે. કાયમી ભરણપોષણની રકમ નક્કી કરવામાં અદાલત પતિની આર્થિક ક્ષમતા, પત્નીની પોતાની મિલકત તથા બંને પક્ષની વર્તણૂંકને લક્ષમાં લે છે અને તેના આધારે ભરણપોષણ માટે વાજબી રકમ નક્કી કરે છે અને તે અંગેનો હુકમ કરે છે. પત્ની પાવિત્ર્ય જાળવે અને અપરિણીત રહે ત્યાં સુધી ભરણપોષણ માટે અદાલતે કરેલો હુકમ અમલમાં રહે છે.*

*ખ્રિસ્તી પત્નીના ભરણપોષણના અધિકારોનું નિયમન* 1869*ના ડિવોર્સ ઍક્ટ દ્વારા થાય છે. આ કાયદો પત્નીને ભરણપોષણનો અધિકાર આપે છે.*

*ભરણપોષણની જોગવાઈ પારસી કાયદા જેવી જ છે. ખ્રિસ્તી સ્ત્રી માટે અદાલતમાં કેસ ચાલતો હોય તે દરમિયાન ભરણપોષણ નક્કી કરવામાં તેમજ કાયમી ભરણપોષણ નક્કી કરવામાં અદાલતે લક્ષમાં લેવાની બાબતો સમાન છે.*

### 7.4.2 વારસા હકો (Succession) ઉત્તરાધિકાર-મિલકત અધિકારને લગતા કાયદા

*વારસા હકો નક્કી કરતો કાયદો સૌપ્રથમ* 1925*માં અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ કાયદો એટલે ઈન્ડિયન સકસેસન એક્ટ* 1925. *આ કાયદામાં તે સમયે વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામનાર અને વસિયતનામું કરીને મૃત્યુ પામનાર વ્યક્તિના મિલકતના વારસા અંગે પ્રવર્તતા નિયમોનું સંકલન કરવામાં આવ્યું હતું. એ સમયે મિલકતના વારસા હકો એટલે કે ઉત્તરાધિકાર અંગે બે પદ્ધતિઓ પ્રવર્તતી હતી.*

*એક પદ્ધતિ ભારતીય ખ્રિસ્તીઓ, યહૂદીઓ તથા સ્પેશ્યલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરનારને લગતી હતી.*

*બીજી પદ્ધતિ પારસીઓના વારસા હકોને લગતી હતી.*

*પહેલી પદ્ધતિ અનુસાર વ્યક્તિ વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામી હોય તેવા કિસ્સામાં વિધવાને મિલકતનો એક તૃતીયાંશ ભાગ મળતો અને બાકીના બે તૃતીયાંશ હિસ્સો સીધી લીટીના વંશજોને મળતો.*

*વિધવાના વારસા હકો સુધારવાના હેતુથી આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી કે વસિયતનામું કર્યા વિના વ્યક્તિ મૃત્યુ પામી હોય અને તેની કુલ સંપત્તિ રૂપિયા પાંચ હજારથી વધુ ન હોય અને નિઃસંતાન હોય તો એ બધી મિલકત વિધવાને વારસામાં મળતી અને કુલ સંપત્તિ પાંચ હજાર રૂપિયાથી વધુ હોય તો વધારાની રકમ ઉપર ચાર ટકા વ્યાજ ચૂકવીને બાકીની રકમ તેને વારસામાં મળતી. આમ, વિધવાના વારસા હકો મર્યાદિત કરવામાં આવ્યાં હતાં.*

*પારસીઓને લાગુ પડતી બીજી પદ્ધતિ મુજબ વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામનારના કિસ્સામાં લાગુ પડે છે. આ પદ્ધતિમાં ઈન્ડિયન સકસેસન (એમેન્ડમેન્ટ) ઍક્ટ,* 1991 *દ્વારા સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારેલા કાયદા અનુસાર પિતા કે માતાના મૃત્યુ બાદ તેમની મિલકત પુત્રો અને પુત્રીઓને સમાન હિસ્સો મળે તેવી જોગવાઈ કરવામાં આવી. આ ઉપરાંત એવી જોગવાઈ કરવામાં આવી કે કોઈ પારસી વ્યક્તિ વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામે તેવા સંજોગોમાં તેની વિધવા કે વિધૂર તથા બાળકોને સમાન હિસ્સો મળે. કોઈ પારસી વ્યક્તિ તેની માતા કે પિતા કે બન્નેને તથા બાળકોને મૂકીને મૃત્યુ પામે તેવા કિસ્સામાં દરેક બાળકને મળતા હિસ્સાનો અર્ધો ભાગ જેટલો હિસ્સો મા-બાપને મળે.*

*ઈન્ડિયન સકસેનન (એમેન્ડમેન્ટ) ઍક્ટ,* 2002*ની જોગવાઈઓ દ્વારા વારસાની બાબતમાં વિધવા પ્રત્યેના ભેદભાવ દૂર કરવામાં આવ્યા છે. આ સુધારો અન્ય સમુદાયો સહિત ખ્રિસ્તીઓને પણ લાગુ પાડવામાં આવ્યો છે.*

*હિંદુઓમાં વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામનાર સંબંધિત કાયદાને હિંદુ સકસેસન ઍક્ટ,* 1956*માં સંહિતાબદ્ધ કરવામાં આવ્યો છે.*

- *આ કાયદો એટલે કે હિંદુ વારસાધારાની જોગવાઈ મુજબ સ્ત્રી તેની બધી જ મિલકતની માલિક બને છે.*
- *વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામનારની મિલકતનો વારસો મેળવવાની બાબતમાં સ્ત્રીના પુરુષ સમકક્ષ અધિકારને સ્વીકૃતિ મળી છે.*
- *આ કાયદાથી સ્ત્રીને કુટુંબની મિલકતમાં હિસ્સો મેળવવાનો પુત્રની સમકક્ષ અધિકાર મળ્યો છે.*
- *આ કાયદાથી મળેલી મિલકત ઉપર સ્ત્રીને માલિકીહક પ્રાપ્ત થાય છે.*

- આ કાયદામાં 2005થી થયેલા સુધારા અનુસાર સંયુક્ત હિંદુ કુટુંબમાં સહવારસ પુત્રીને સમાન હિસ્સો મળે તેવી જોગવાઈ થઈ છે.
- હિંદુ સ્ત્રીના મિલકત અધિકારો સંબંધિત 1956નો હિંદુ વારસાધારો એક ક્રાંતિકારી પગલું ગણાયું છે.

વિભિન્ન ધાર્મિક સમુદાયોને લાગુ પડતા અંગત કાયદાઓમાં લગ્ન અને છૂટાછેડા, ભરણપોષણ અને વારસાહકો પરિભાષિત થયા છે. તેમાં સ્ત્રીનો દરજ્જો વ્યક્ત થાય છે; જે પરથી જણાશે કે અંગત કાયદાઓમાં વિભિન્ન ધાર્મિક સમુદાયોમાં સ્ત્રીઓના હકોમાં તફાવતો રહેલાં છે. સ્પેશ્યલ મેરેજ ઍક્ટ સ્ત્રી-પુરુષને લગ્ન અને છૂટાછેડાના સમાન હકો આપે છે. હિંદુ લગ્નનો કાયદો અને વારસાધારો તથા ભરણપોષણનો કાયદો હિંદુ સ્ત્રીને પુરુષને સમાન અધિકાર આપે છે. પરંતુ અન્ય ધાર્મિક સમુદાયોમાં આ બાબતમાં વિષમતા છે.

### 7.4.3 સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા કાયદા

પરંપરાથી ચાલી આવતી કેટલીક પ્રથાઓ સ્ત્રીના અધિકાર, વિકાસ અને જીવનમાર્ગમાં અવરોધક બની છે. આવી કેટલીક પ્રથાઓ પ્રવર્તમાન મૂલ્યો અનુસાર, દૂષણ સમાન ગણાતી હોવાથી તેમજ સ્ત્રી-પુરુષ સમાનતાના માર્ગમાં અવરોધક બનતી હોવાથી આવાં દૂષણો સામે તેમજ સ્ત્રી પરના અત્યાચાર સામે સ્ત્રીને રક્ષણ પૂરું પાડવા અવારનવાર કાનૂનો અમલમાં મૂકવામાં આવ્યા છે. આવા કાયદા દ્વારા સ્ત્રીને રક્ષણ પૂરું પાડી અધિકારો ભોગવવા શક્તિમાન બનાવવા માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું છે. આવા કેટલાક અગત્યના કાયદા નીચે મુજબ છે :

- દહેજ પ્રથા સ્ત્રીના ગૌરવને હણનારી પ્રથા છે. દહેજ પ્રથા પ્રતિબંધક કાનૂન-1961 અમલમાં મૂકવામાં આવ્યો. 1986માં આ કાયદામાં સુધારો કરવામાં આવ્યો. આ કાયદા અનુસાર દહેજ આપવો કે લેવો કે તેમાં મદદ કરવી તે સજાપાત્ર ગુનો બને છે. દહેજપ્રથાનો ભોગ બનેલ પક્ષ કોર્ટમાં જઈ શકે છે તેમજ સ્ત્રી સંગઠનોને પણ આવો અધિકાર આપવામાં આવ્યો છે. 1872નો પૂરાવાનો કાયદો તેમજ ફોજદારી ધારાની સેક્સન-304-બી આ કાયદાને અસરકારક બનાવવા માટે લાગુ પાડવામાં આવી છે.
- ભારતનો ફોજદારી કાયદો (અપરાધને લગતો કાયદો) વ્યક્તિગત સલામતી, વ્યક્તિગત સ્વાતંત્ર્ય, મિલકત, કીર્તિ વગેરે બાબતમાં સ્ત્રી-પુરુષને સમાન રક્ષણ પૂરું પાડે છે. આમ છતાં આ કાયદો સ્ત્રીને વિશેષ રક્ષણ આપે છે, જેમ કે આ કાયદો બળાત્કારના કિસ્સામાં દંડ કે જેલ કે બંને પ્રકારની સજાની જોગવાઈ કરે છે, સ્ત્રીના અપહરણને ગંભીર ગુનો ગણે છે, બાલિકાને રક્ષણ આપે છે; અપમાનજનક વર્તનથી પજવણી અને જાતીયસતામણી સજાપાત્ર ગુનો ગણે છે. બદનામીના કિસ્સામાં સ્ત્રીવતી અન્ય વ્યક્તિ ફરિયાદ કરી શકે છે. આમ સ્ત્રીને રક્ષણ પૂરું પાડવા માટે પુરુષની સરખામણીમાં તેને વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત

*સ્ત્રીને ભગાડી જવી, ગેરકાયદે જાતીયસંબંધ બાંધવો, પુરુષ બીજું લગ્ન કરે, વ્યભિચાર કરે, સ્ત્રીને લલચાવવામાં આવે, તેવા બધાં સંજોગોમાં સ્ત્રીને રક્ષણ મળે છે.*

- 1986*નો સુધારેલો અનૈતિક વેપાર અટકાયત કાનૂન સ્ત્રીને જાતીય શોષણ સામે રક્ષણ પૂરું પાડે છે.*
- 1971*નો તબીબ ગર્ભપાત કાનૂન સ્ત્રીને પોતાનું જીવન અને ગૌરવ સુરક્ષિત રાખવાનો અધિકાર આપે છે.*
- 1976*નો સ્ત્રીભ્રૂણ હત્યા અટકાયત કાનૂન સ્ત્રીના જન્મ લેવાના અધિકારને રક્ષણ પૂરું પાડે છે.*
- 1976*નો સમાનવેતન ધારો વેતનની બાબતમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ દૂર કરે છે. આ કાયદો સમાન કામ બદલ સ્ત્રીને પુરુષ કરતાં ઓછું વેતન આપવા પર પ્રતિબંધ મૂકે છે.*
- 1983*ના સુધારેલા ફોજદારી કાયદાથી બળાત્કારને નિયંત્રિત કરવાની જોગવાઈ થઈ છે. આ કાયદો સ્ત્રીને તેનું ચારિત્ર્યને સુરક્ષિત રાખવાનો અધિકાર આપે છે.*
- 1929*નો બાળલગ્ન પ્રતિબંધક કાનૂન, જેમાં વખતોવખત સુધારા થયા છે. તે સ્ત્રીને જીવનસાથીની પસંદગીની તેમજ શિક્ષણ મેળવવાના અધિકાર ભોગવવાની તક પૂરી પાડે છે.* 2006*થી સુધારવામાં આવેલ બાળલગ્ન પ્રતિબંધક કાયદો બાળલગ્નની અટકાયત કરે છે. અને આ કાયદાનો ભંગ કરનારને વધુ સજાની જોગવાઈ થઈ છે. તેમજ બાળલગ્ન અટકાવવા માટે રાજ્યમાં પ્રોહિબિશન ઓફિસરની નિમણૂક કરવાની જોગવાઈ થઈ છે.*
- 1987*નો કમિશન ઓફ સતી (પ્રિવેન્શન) ઍક્ટ વિધવા સ્ત્રીના જીવવાના અધિકારને સુરક્ષિત રાખે છે. તેમજ તેનો આ અધિકાર ઝૂંટવી લેવા સામે રક્ષમ પૂરું પાડે છે.*
- 1986*નો સ્ત્રીની અશ્લીલ રજૂઆત પર પ્રતિબંધ મૂકતો કાનૂન જાહેર નૈતિક ધોરણ જાળવવાની સાથે સ્ત્રીને અપમાનજનક રીતે કે હલકી પાડે તે રીતે નારીદેહને નિરૂપવા ઉપર પ્રતિબંધ મૂકે છે. તે સ્ત્રીને એક માનવવ્યક્તિ તરીકે ગૌરવ આપવાના પ્રયાસ સમાન છે આથી આ કાયદો સ્ત્રીને સમાજમાં તેનું માનભર્યું સ્થાન જાળવી રાખવા માટે રક્ષણ પૂરું પાડે છે.*
- 2005*ના ઘરેલું હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ઘરમાં કે કુટુંબમાં સ્ત્રીને શારીરિક, માનસિક, જાતીય અને આર્થિક હિંસા સામે રક્ષણ આપે છે. આ કાયદો સ્ત્રીઓના બંધારણીય અને માનવઅધિકારોનું રક્ષણ કરે છે. ઘરેલું હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓ માટે સુરક્ષિત આશ્રયગૃહોની, તબીબી સુવિધા પૂરી પાડવાની, સેવાઓ પૂરી પાડવાની નાણાકીય રાહત અને વળતર આપવાની તેમજ સલાહ-માર્ગદર્શન પૂરું પાડવાની જોગવાઈ કરે છે.*
- *કાર્યસ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી (અટકાયત, નિયંત્રણ અને ઈલાજ) અધિનિયમ-*2013 *દરેક સ્ત્રીને સલામત અને જાતીય સતામણી મુક્ત પર્યાવરણ પૂરું*

*પાડવાના પ્રયત્નરૂપ છે. તે બિલ જાહેર અને ખાનગી વિભાગના બધા કાર્યસ્થળોને આવરી લે છે. સુપ્રિમ કોર્ટે જાતીય સતામણી અટકાવવા માટે માર્ગદર્શક સૂચનાઓ અને ધોરણો પૂરાં પાડ્યાં છે. જે કાનૂની રીતે બંધનકર્તા છે. બધા કાર્ય સ્થળોએ તેનો ચુસ્ત રીતે અમલ કરવાનો રહે છે.*

*નેશનલ કમિશન ફોર વિમેન એક્ટ* 1990*થી સ્ત્રીઓ માટે રાષ્ટ્રીય પંચ નીમવામાં આવ્યું છે. આ પંચ દેશમાં સ્ત્રીઓ માટે કાનૂની સુરક્ષાની જોગવાઈઓનું તથા સ્ત્રીઓના હિતોનું રક્ષણ કરે છે. આ પંચ પલટાતી પરિસ્થિતિને લક્ષમાં રાખીને સ્ત્રી સંબંધિત વિવિધ કાયદા-ઘરેલું હિંસા, દહેજ, બળાત્કાર, જાતીય સતામણી, ઓનર કિલિંગ, બાળકો અને સ્ત્રીઓનો વેપાર, અધિકારોથી સ્ત્રીઓને વંચિત રાખવી, દહેજમૃત્યુ, ખૂન, જાતીય હૂમલો, સ્ત્રી પર એસિડ ફેંકવો, કાર્યસ્થળે સતામણી- વગેરે સંબંધિત કાયદા અને પ્રશ્નોની સમીક્ષા કરી કાનૂન સુધારણા અને અમલ અંગે ભલામણો કરવાની કામગીરી કરે છે.*

### 7.4.4 સ્ત્રીઓને ખાસ લાભો પૂરા પાડતા કાયદા

*ભારતના બંધારણમાં સ્ત્રીઓ અને પુરુષોને સમાન અધિકારો મળ્યાં છે. પરંતુ વાસ્તવિક જીવનમાં સ્ત્રી-પુરુષ અસમાનતા પ્રવર્તે છે. આથી સ્ત્રીઓને ખાસ લાભો* (Special Benefits) *પૂરા પાડતા કાયદાની સહાયથી સ્ત્રીઓના સૈદ્ધાંતિક અને વાસ્તવિક દરજ્જા વચ્ચેનું અંતર ઘટાડવા અને તે દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતાને સાકાર કરવાના પ્રયાસો થાય છે. આ કાયદા સ્ત્રીઓના કલ્યાણને લગતા છે. આ કાયદાના અમલ દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતાને સાકાર કરવાના પ્રયાસો થાય છે.*

*સ્ત્રીઓને ખાસ લાભો આપતા મુખ્ય કાનૂનો આ પ્રમાણે છે :*

- 1948*નો લઘુત્તમ વેતનનો કાયદો સ્ત્રી-પુરુષ બંનેને સમાન રીતે લાગુ પડે છે. લઘુતમ વેતનનો આ કાયદો અસંગઠિત વિભાગના કામદારોનું તેમની નિરક્ષરતા અને સોદાશક્તિના અભાવમાં શોષણ ન થાય તે માટે લાગુ પાડવામાં આવ્યો છે. આ કાયદાથી સ્ત્રી-પુરુષને સમાનવેતનની જોગવાઈ થઈ છે.*
- 1976*ના સમાન વેતનધારાથી સમાન સ્વરૂપના સમાન કામ બદલ સ્ત્રી-પુરુષને સમાન વેતન ચૂકવવાની જોગવાઈ કરે છે. આ કાયદો ગ્રામીણ અને શહેરી વિસ્તારના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રી કામદારોના વેતન અને કાર્ય પરિસ્થિતિ સુધારવા માટે, તેઓના કૌશલ્યોમાં વૃદ્ધિ કરવા માટે અને તે દ્વારા વધુ સારી રોજગારી મેળવવા શક્તિમાન બને તે હેતુથી અમલમાં મૂકવામાં આવ્યો છે.*

*આ કાયદાથી સ્ત્રીઓને તેમના હકો, સ્ત્રી સંબંધિત યોજનાઓ અને કાર્યક્રમોને લગતું શિક્ષણ આપવાની જોગવાઈ થઈ છે.*

- 2008*નો અસંગઠિત કામદારોની સામાજિક સલામતીને લગતો કાયદો અસંગઠિત ક્ષેત્રના કામદારોની સામાજિક સલામતી અને કલ્યાણની જોગવાઈ કરે છે. આ*

*કાયદામાં લઘુતમ વેતન, વળતર, માતૃત્વના લાભો, કાર્ય પરિસ્થિતિની જોગવાઈ થઈ છે. આ કાયદો અન્ય સમાન જોગવાઈઓ ઉપરાંત સ્ત્રીઓ માટે વિશેષ લાભોની જોગવાઈ કરે છે, જેમ કે આરોગ્ય અને માતૃત્વના લાભો, સ્ત્રીઓનું પર્યાપ્ત પ્રતિનિધિત્વ વગેરે.*

- 1961*નો મેટરનિટી બેનિફિટ એક્ટ એક સામાજિક કાયદો છે. આ કાયદો કામ કરતી સ્ત્રીઓના કલ્યાણમાં વૃદ્ધિ કરવાના હેતુથી અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદો પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ બાદ અમુક સમય સુધી ગર્ભવતી સ્ત્રીને કામ કરવા પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદો પ્રસૂતિની રજાઓ અને કેટલાક નાણાકીય લાભોની જોગવાઈ કરે છે. ગર્ભાવસ્થાના કારણે સ્ત્રીની કામ પર ગેરહાજરી બદલ તેને નોકરીમાંથી છૂટી કરી શકાતી નથી. આ કાયદામાં* 2008*માં થયેલા સુધારા અનુસાર મેડિકલ બોનસ આપવાની જોગવાઈ થઈ છે.*
- *કામદાર વીમાને લગતા* 1948*ના કાયદા હેઠળ વીમાદાર સ્ત્રી કામદારોને માંદગી, પ્રસૂતિ, ઈજાના પ્રસંગોમાં વીમાના લાભો પૂરા પાડે છે અને તે કારણે વેતનના નુકસાન બદલ વળતરની જોગવાઈ કરે છે.*

*રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત લાભાર્થીઓને માટે સ્માર્ટકાર્ડ યોજના અમલમાં મૂકવામાં આવી છે. તેમાં ગરીબવર્ગની સ્ત્રીઓને આવરી લેવામાં આવી છે.*

- 1995*ની કામદાર પેન્શનલ યોજના હેઠળ વિધવા સ્ત્રીને પેન્શન મળી શકે છે.*
- 1988*ના બેનામી ટ્રાન્ઝેક્શન પ્રતિબંધ કાનૂનની જોગવાઈથી બેનામી મિલકતની હેરાફેરી ઉપર મુકાયેલા પ્રતિબંધમાંથી સ્ત્રીને મુક્તિ આપવામાં આવી છે. એટલે કે, કોઈપણ વ્યક્તિએ તેની પત્ની કે અપરિણીત પુત્રીના નામે મિલકત ખરીદી હોય તો તેવી મિલકતને આ કાયદાના પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. અહીં એમ માની લેવામાં આવ્યું છે કે આવી મિલકત પત્ની કે અપરિણીત પુત્રીના લાભાર્થે ખરીદવામાં આવી છે.*
- 1984*ના કુટુંબ અદાલતના કાયદાથી રાજ્ય સરકાર માટે દરેક શહેરમાં કુટુંબ અદાલત સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદા અનુસાર સ્ત્રીને ઝડપી ન્યાય મળે, લગ્નસંસ્થાને રક્ષણ મળે તથા તેની જાળવણી થાય તેમજ બાળકોનું કલ્યાણ થાય તે સ્વરૂપની કુટુંબ અદાલત રચવાની જોગવાઈ છે. એટલું જ નહીં પણ તેમાં પુરાવાના નિયમો અને કાર્યપ્રણાલિકા સરળ બનાવવામાં આવી છે.*
- 1987*ના કાનૂની સેવા સંબંધી કાયદાથી નબળા વર્ગના સ્ત્રી-પુરુષોને મફત અને અધિકૃત કાનૂની સેવાઓનો લાભ મળે તેવી જોગવાઈ કરવામાં આવી છે. ન્યાય માટેની સમાન તક પૂરી પાડવા અને આર્થિક કે અન્ય પ્રકારની અસમર્થતા ધરાવતા કોઈપણ નાગરિકને ન્યાય મેળવી આપવા માટે આ કાનૂન અમલમાં મૂકાયો છે. આ કાયદો કાનૂનીશિક્ષણ કાર્યક્રમની પણ જોગવાઈ કરે છે, એટલું જ નહીં પણ સ્ત્રીઓ*

અને નબળાવર્ગના લોકોને તેમના હક્કો, લાભો અને વિશિષ્ટ અધિકારોની જાણકારી મળે તે માટેના કાનૂનીશિક્ષણની પણ જોગવાઈ કરે છે.

- લોક અદાલત દ્વારા દાંપત્યજીવન અને વળતર સંબંધી ઝઘડાનો ઉકેલ કઈ રીતે લાવવો તે અંગેનું શિક્ષણ મળે તે માટે આ કાયદાથી કાનૂની સહાય શિબિરની જોગવાઈ કરવામાં આવી છે.
- ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટર્સ સ્થાપવામાં આવ્યાં છે. અત્યાચારોનો ભોગ બનેલી તેમજ કૌટુંબિક વિસંવાદિતાની સમસ્યાથી પીડિત, સમાજથી તિરસ્કૃત થયેલી સ્ત્રીઓને અનુકૂલન સાધવામાં સહાયરૂપ બને અને તેઓ તેમની સમસ્યાઓથી મુક્ત બને તથા તેઓનું પુનર્વસન થાય તે માટે આ સેન્ટર્સ દ્વારા સલાહ-માર્ગદર્શન સેવા પૂરી પાડવામાં આવે છે.

**સ્ત્રીઓ અને બાળકોનું કલ્યાણ (Welfare of Women and Children)**

2006માં સ્ત્રીઓ અને બાળવિકાસને લગતું એક અલગ મંત્રાલય અસ્તિત્વમાં આવ્યું. આ મંત્રાલયનો મુખ્ય હેતુ સ્ત્રીઓ અને બાળકો માટેના રાજ્યના પગલાંમાં રહેલું અંતર દૂર કરવાનો, જેન્ડર સમાનતા સર્જવાનો તથા સ્ત્રીઓ બાળકેન્દ્રી કાયદા, નીતિઓ અને કાર્યક્રમોને વેગ આપવાનો છે. સ્ત્રીઓ અને બાળવિકાસ મંત્રાલય સ્ત્રીઓ અને બાળકોના અધિકારોને તથા તેઓને લગતી બાબતોને આગળ વધારવાની તેમજ તેમના અસ્તિત્વ, રક્ષણ, વિકાસ અને ભાગીદારીને સમગ્ર રીતે વેગ આપવાની જવાબદારી સંભાળે છે.

મંત્રાલય સ્ત્રીઓને ગૌરવપૂર્ણ જીવન જીવવા અને હિંસા મુક્ત અને ભેદભાવયુક્ત પર્યાવરણમાં વિકાસમાં સમાન ભાગીદારી તરીકે પ્રદાન આપવા શક્તિમાન બનાવવાની તેમજ સલામત અને સુરક્ષિત પર્યાવરણમાં વૃદ્ધિ અને વિકાસ માટેની તકો સાથે બાળકોનો યોગ્ય રીતે ઉછેર થાય તેવી દૃષ્ટિ ધરાવે છે.

- **સ્ત્રીઓ અંગે મંત્રાલયનું મિશન આ પ્રમાણે છે :**

- નીતિઓ અને કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓના સામાજિક અને આર્થિક સશક્તિકરણમાં વૃદ્ધિ કરવી.
- સ્ત્રીઓમાં તેમના અધિકારો અંગે જાગૃતિ સર્જવી,
- સ્ત્રીઓને તેમના અધિકારો ભોગવવા અને તેમની સુષુપ્તશક્તિઓનો પૂર્ણ વિકાસ સાધવા શક્તિમાન બનાવવા માટે સંસ્થાકીય અને કાનૂની આધાર પૂરો પાડવો.

- **બાળકો અંગે મંત્રાલયનું મિશન આ પ્રમાણે છે :**

- નીતિઓ અને કાર્યક્રમો દ્વારા બાળકોના વિકાસ, સંભાળ અને રક્ષણને સુરક્ષિત બનાવવા.
- બાળકોમાં તેમના અધિકારો અંગે જાગૃતિ ફેલાવવી.

- *બાળકોને તેમની સુષુપ્ત શક્તિઓનો વૃદ્ધિ-વિકાસ સાધવા શક્તિમાન બનાવવા માટે તેઓને શિક્ષણ, પોષણ અને સંસ્થાકીય તથા કાનૂની આધાર પૂરો પાડવો.*

- **સ્ત્રીઓ માટેની નીતિ :**

*2001માં સ્ત્રીઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી. આ નીતિ સ્ત્રીઓની પ્રગતિ, વિકાસ અને શક્તિકરણ કરવાનું ધ્યેય ધરાવે છે. આ નીતિ સ્ત્રીઓ સામેના ભેદભાવોની નાબૂદી, કાનૂની વ્યવસ્થાને આવરી લેતી સંસ્થાઓનું મજબૂતીકરણ, જેન્ડર સમાનતા, આરોગ્ય સંભાળ અને અન્ય સેવાઓ, નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી માટે સમાન તકો તથા વિકાસ પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી માટે સમાન તકો તથા વિકાસ પ્રક્રિયામાં જેન્ડર સમન્વાય વગેરે સાથે સંકળાયેલ છે. સ્ત્રીઓના સશક્તિકરણ માટેની આ રાષ્ટ્રીય નીતિને અનુલક્ષીને નીતિઓ, કાર્યક્રમોમાં સ્ત્રીઓને કેન્દ્રમાં રાખવામાં આવે છે.*

*જેન્ડર સમાનતાનું ધ્યેય પ્રાપ્ત કરવા માટે સરકારે સ્ત્રીઓનું સમગ્રદર્શી સશક્તિકરણ કરવા ઘણાં પગલાં લીધાં છે. આ ધ્યેયને લક્ષમાં રાખીને આયોજન પ્રક્રિયામાં કલ્યાણ અભિમુખ અભિગમમાંથી વિકાસ યોજનામાં સ્ત્રી કેન્દ્રી અભિગમ અપનાવવામાં આવ્યો છે.*

### 7.4.5 સ્ત્રીઓના કલ્યાણ માટેની યોજનાઓ

*ઉપર્યુક્ત દૃષ્ટિ, મિશન અને નીતિને અનુલક્ષીને સ્ત્રીઓના કલ્યાણ-વિકાસ માટે વિભિન્ન યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જે નીચે મુજબ છે :*

- **સબળા યોજના**

*કિશોરાવસ્થાની કન્યાઓના સશક્તિકરણ માટે રાજીવ ગાંધી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાને સબળા યોજના તરીકે ઓળખવામાં આવી છે. સબળા યોજના 2010-11માં શરૂ કરવામાં આવી છે. યોજના દેશના 205 જિલ્લામાં પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવી છે.*

*આ યોજનાનું ધ્યેય 11-18 વર્ષના વયજૂથની કિશોરાવસ્થાની કન્યાઓનો સમગ્રદર્શી વિકાસ સાધવાનું ધ્યેય ધરાવે છે.*

*સબળા યોજનાના બે ઘટકો છે : એક પોષણનું ઘટક અને બીજું બિનપોષણ ઘટક.*

*પોષણના ઘટકમાં શાળામાં ન જતી 11-14 વર્ષના વયજૂથની કન્યાઓને તેમજ 14-18 વર્ષના વયજૂથની શાળામાં જતી અને ન જતી કન્યાઓને અનાજના સ્વરૂપમાં કે રાંધેલા ગરમ ખોરાક આપવામાં આવે છે. દરેક કન્યાને દરરોજ 600 કેલેરિઝ અને 18-20 ગ્રામ પ્રોટીન તથા અન્ય કેટલાંક તત્વો વર્ષમાં 300 દિવસ આપવામાં આવે છે. આ*

*સ્વરૂપનું પોષણ ઘટક કિશોરાવસ્થાની કન્યાઓના આરોગ્ય અને પોષણ સ્થિતિમાં સુધારો કરે છે.*

*બિનપોષણ ઘટક વિકાસની જરૂરિયાતો પૂરી પાડે છે. તેમાં* 11-18 *વયજૂથની શાળામાં ન જતી કન્યાઓના આરોગ્યનું ચેકઅપ કરવામાં આવે છે. તેમજ તજજ્ઞ સેવાઓ, અને પોષણ તથા સ્વાસ્થ્ય શિક્ષણ આપવામાં આવે છે. તેમજ કિશોરીઓને પ્રજોત્પાદક જાતીય સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન, જીવન કૌશલ્ય શિક્ષણ, જાહેર સેવાઓની ઉપલબ્ધિ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. તથા* 16-18 *વર્ષના વયજૂથની કન્યાઓને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે.* 2013-14*માં આ યોજના અંતર્ગત એક કરોડ કિશોરીઓને પોષણ પૂરું પાડવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું.*

- **માતૃત્વ સહયોગ યોજના**

2010*માં ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના શરૂ કરવામાં આવી. આ યોજના ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ માટેની શરતી કેશ ટ્રાન્સફર યોજના છે. આ યોજના ગર્ભવતી અને બાળઉછેર કરતી માતાઓના સ્વાસ્થ્ય અને પોષણમાં સુધારો કરવા માટે રોકડ નાણા સ્વરૂપમાં પ્રોત્સાહન આપવામાં આવે છે. આ યોજના ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને પ્રસૂતિપૂર્વે પ્રસૂતિ બાદ ગુમાવેલા વજનને સમતોલ કરવા માટેનો એક પ્રયાસ છે. તેમાં ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીને સમયાન્તરે ત્રણ હપ્તામાં રૂપિયા* 4000/- *આપવામાં આવે છે. આ યોજના મુજબ* 19 *વર્ષ અને તેથી વધુ વયની ગર્ભવતી સ્ત્રીને પ્રથમ બે જીવિત જન્મ માટે પાત્ર ગણવામાં આવે છે. તેમાં લાભાર્થીને નામે બેંક કે પોસ્ટ ઓફિસ દ્વારા નાણા ટ્રાન્સફર કરવામાં આવે છે.*

- **સ્ત્રીઓ માટે તાલીમ અને રોજગાર કાર્યક્રમ**

1986-87*માં સ્ત્રીઓ માટે તાલીમ અને રોજગારનો આધાર પૂરો પાડવા માટેની યોજના શરૂ કરવામાં આવી. આ યોજના દ્વારા સ્ત્રીઓના જૂથ રચી તેઓને રોજગારી માટે કૌશલ્યોની તાલીમ આપવામાં આવે છે, બજાર સાથેનું જોડાણ ગોઠવી દેવાય છે, આધારરૂપ સેવાઓ અને ધીરાણ આપવામાં આવે છે. આરોગ્ય સંભાળ, સાક્ષરતા અને અન્ય માહિતી પૂરી પાડવામાં આવે છે.*

*આ યોજનામાં રોજગારીના* 10 *પરંપરાગત વિભાગોને આવરી લેવામાં આવ્યાં છે, જેમાં કૃષિ, પશુપાલન, ડેરી, માછીમારી, હેન્ડલૂમ્સ, હેન્ડિક્રાફ્ટસ, ખાદી અને ગ્રામોદ્યોગ, ખરાબાની જમીનનો વિકાસ, સામાજિક વનીકરણનો સમાવેશ થાય છે. આ વ્યવસાયોને લગતા આવશ્યક કૌશલ્યોની તાલીમ દ્વારા સ્ત્રીઓની ઉત્પાદકતા અને આવકમાં વધારો કરવાનો પ્રયાસ થાય છે.*

- **પ્રિયદર્શિની પ્રોજેક્ટ**

*આ પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે સ્ત્રીઓના સશક્તિકરણ અને રોજગારી માટે અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ઉત્તરપ્રદેશના પાંચ જીલ્લામાં ફેલાયેલા 13 બ્લોક્સમાં તથા બિહારના બે જિલ્લામાં અમલમાં મૂકવામાં આવ્યો છે.*

*આ કાર્યક્રમ વંચિત સમૂહોની સ્ત્રીઓ અને કિશોરાવસ્થાની કન્યાઓના આર્થિક અને સામાજિક સશક્તિકરણનું ધ્યેય ધરાવે છે. તેમાં આવી લાભાર્થી સ્ત્રીઓ અને કન્યાઓના સ્વસહાય જૂથો રચીને તેઓને જીવનનિર્વાહની વધુ સારી તકો પૂરી પાડવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ 6 હજારથી વધુ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે અને તેમાં 75 હજારથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યાં છે.*

- **સ્વાધાર યોજના**

*આ યોજના 2001-02માં શરૂ કરવામાં આવી છે. આ યોજના દ્વારા મુશ્કેલ સંજોગોમાં મુકાયેલી અને કુટુંબમાં સામાજિક-આર્થિક આધાર વિનાની સ્ત્રીઓને સમગ્રદર્શી અને સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આવી સ્ત્રીઓમાં તેમના કુટુંબો દ્વારા ત્યજાયેલી વિધવાઓ (જેઓ મુખ્યત્વે વૃંદાવન અને કાશી જેવા ધાર્મિક સ્થળોમાં રહે છે) જેલમાંથી મુક્ત કરાયેલા સ્ત્રી કેદીઓ, કુદરતી આફતનો ભોગ બનવાથી ઘરવિહોણી બનેલી સ્ત્રીઓ, માનવ વેપારનો ભોગ બનેલી સ્ત્રીઓ અને કન્યાઓ, વેશ્યાગૃહમાંથી ભાગી છૂટેલી સ્ત્રીઓ, આતંકવાદી હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓ, મનોરોગી સ્ત્રીઓ તેમજ કુટુંબથી ત્યજાયેલી એચઆઈવી/એઈડ્સગ્રસ્ત સ્ત્રીઓનો સમાવેશ થાય છે.*

*આવી નિરાધાર સ્ત્રીઓને આધાર પૂરો પાડીને સ્વાવલંબી બનાવવા માટેની – સ્વાધાર બનાવવા માટેની આ યોજના છે. આ યોજનામાં ખોરાક, પોષાક, રહેઠાણ, આરોગ્ય સંભાળ, સલાહ-માર્ગદર્શન અને કાનૂની સહાય, સામાજિક અને આર્થિક પુનર્વસન સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આવી સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવે છે. જાગ્રતિ કેળવવામાં આવે છે. તેઓને કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે. દેશમાં 311 સ્વાધાર હોમ્સ કાર્યરત છે.*

- **શોર્ટ સ્ટે હોમ્સ યોજના**

*આ યોજનામાં સ્વૈચ્છિક સંગઠનો દ્વારા ઘરવિહોણી સ્ત્રીઓ અને કન્યાઓને હંગામી રહેઠાણ, ભરણપોષણ અને પુનર્વસન સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત જરૂરિયાતમંદ સ્ત્રીઓ અને કન્યાઓને 6 માસથી 3 વર્ષ સુધી હંગામી ધોરણે આશ્રય આપવામાં આવે છે. આ દરમિયાન તેઓને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે, કૌશલ્ય વિકાસ કરવામાં આવે છે. આ દ્વારા તેઓને આર્થિક રીતે સ્વતંત્ર અને સ્વનિર્ભર બનાવવામાં આવે છે. 2012-13માં દેશમાં 315 જેટલા શોર્ટ સ્ટે હોમ્સની ૨૨ હજારથી વધુ સ્ત્રીઓને આ યોજનાનો લાભ મળ્યો હતો.*

- **વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ યોજના**

*આ યોજના 1972-73થી શરૂ કરવામાં આવી છે. આ યોજના રોજગાર બજારમાં સ્ત્રીઓની ગતિશીલતા વધારવા તથા સ્ત્રીઓને યોગ્ય, સલામતી અને બિનખર્ચાળ રહેઠાણ સુવિધા પૂરી પાડવા અમલમાં મૂકી છે. જે સ્ત્રીઓ તેમના હોમટાઉનથી દૂર રહેતી હોય તેવી સ્ત્રીઓને કામ કરવા શક્તિમાન બનાવવા માટે સરકારે આ યોજના અમલમાં મૂકી છે. દેશમાં કામ કરતી સ્ત્રીઓ માટેની 902 હોસ્ટેલ્સ છે. તેમાં 67 હજારથી વધુ સ્ત્રીઓ અને હોસ્ટેલ સાથે જોડાયેલ 334 ડે સેન્ટર્સમાં લગભગ 9 હજાર બાળકોને આવી રહેઠાણની સુવિધા ઉપલબ્ધ બની છે.*

- **સ્ત્રીઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય મિશન યોજના**

*આ યોજના 2010માં અમલમાં મૂકવામાં આવી છે. સમગ્ર રીતે સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાની દૃષ્ટિથી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત 2012-15 માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે તેમાં સ્ત્રીઓના સશક્તિકરણ માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.*

*આ યોજના અંતર્ગત ગ્રામકક્ષાએ સ્ત્રી કેન્દ્રો ઊભા કરવામાં આવે છે. આ સ્ત્રી કેન્દ્રોને પૂર્ણ શક્તિ કેન્દ્રો તરીકે ઓળખવામાં આવ્યાં છે. આ કેન્દ્રો દ્વારા સ્ત્રીઓને સેવાઓ પૂરી પાડવામાં આવી છે. તેમાં કેન્દ્ર માટે વિલેજ કોઓર્ડિનેટર રાખવામાં આવે છે, જે સ્ત્રીના પ્રશ્નો સંભાળે છે અને તેને વાચા આપે છે. આ વિલેજ કોઓર્ડિનેટરનું જીવનસૂત્ર- 'હમ સુનેંગે નારી કી બાતેં ' છે.*

*પૂર્ણશક્તિ કેન્દ્રો સ્ત્રીઓને સરકારી યોજનાઓ, સેવાઓ અને કાર્યક્રમોને લગતી માહિતી પૂરી પાડે છે, કાનૂની અધિકારો અંગે જાગૃતિ કેળવે છે, આરોગ્ય, શિક્ષણ અને રોજગારીને લગતાં કાર્યક્રમો અને સેવાઓની ઉપલબ્ધિને સુગમ બનાવે છે. સ્ત્રીઓમાં નેતૃત્વ શક્તિ કેળવવામાં આવે છે, વિભિન્ન સંસાધનોની પ્રાપ્તિ માટે સ્ત્રીઓને સંગઠિત કરવામાં આવે છે. તેમજ વિભિન્ન વિભાગોની સેવાઓ મેળવવા માટેનું સંકલન કરવામાં આવે છે.*

*આ મિશન ઘટતું જતું બાળલિંગપ્રમાણ, સ્ત્રીઓ સામેની હિંસા, બાળલગ્ન, જેન્ડર મેઈનસ્ટ્રિમિંગ, શિક્ષણ અધિકાર હેઠળ પ્રાથમિક શાળામાં કન્યાઓની પ્રવેશ નોંધણી, સ્ત્રીઓ અને કન્યાઓને વંચિતપણાની પાર્શ્વભૂમિમાંથી બહાર લાવી તેઓનો મુખ્યપ્રવાહમાં સમાવેશ કરવો, તેમજ સ્ત્રીઓ અને કન્યાઓના વેપાર જેવા પ્રશ્નો ઉપર લક્ષ આપે છે.*

- **ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટર્સ**

*અત્યાચાર, કૌટુંબિક કુમેળ, સામાજિક બહિષ્કારનો ભોગ બનેલી સ્ત્રીઓને ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટર્સ દ્વારા માર્ગદર્શન, રક્ષણ અને પુનર્વસનની સેવાઓ પૂરી*

*પાડવામાં આવે છે.* 2012-13*માં* 2 *લાખ* 60 *હજારથી વધુ સ્ત્રીઓને આ કેન્દ્રોનો લાભ મળ્યો હતો.*

- **સ્ત્રીઓ માટે શિક્ષણના સંક્ષિપ્ત અભ્યાસક્રમની યોજના**

*આ યોજના મુખ્યપ્રવાહની શાળામાં જોડાઈ શકી ન હોય અને ઔપચારિક શાળામાંથી અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હોય તેવી પ્રૌઢ કન્યાઓ અને સ્ત્રીઓ માટે શરૂ કરવામાં આવ્યો હતો. આ યોજનામાં આદિવાસી, ડુંગરાળ અને પછાત વિસ્તારોને અગ્રતા આપવામાં આવે છે. આ યોજનામાં* 15 *વર્ષથી ઉપરની કન્યાઓ અને સ્ત્રીઓને શિક્ષણની તકો પૂરી પાડવામાં આવે છે તેની સાથોસાથ કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે. અભ્યાસક્રમનું વિષયવસ્તુ જરૂરિયાત આધારિત હોય છે.* 2012-13*માં* 540 *જેટલા અભ્યાસક્રમો મંજૂર કરવામાં આવ્યાં હતાં અને તેમાં* 13,500 *સ્ત્રીઓને લાભ મળ્યો હતો.*

- **અવેરનેસ જનરેશન પ્રોગ્રામ**

*આ યોજનાનું ધ્યેય ગ્રામીણ અને ગરીબ સ્ત્રીઓની જરૂરિયાતો પારખવાનું અને વિકાસ અને સંબંધિત અન્ય કાર્યક્રમોમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારી વધારવાનું છે. સ્ત્રીનો દરજ્જો, સ્ત્રીઓ અને કાનૂન, સ્ત્રીઓ અને આરોગ્ય, સમુદાયનું આરોગ્ય, સ્ત્રીઓ માટે ટેક્નોલોજી, પર્યાવરણ અને અર્થવ્યવસ્થા જેવા પ્રશ્નોને આ કાર્યક્રમમાં આવરી લેવામાં આવે છે. આ કાર્યક્રમમાં જાગૃતિ પેદા કરતા કેમ્પ્સ દ્વારા સ્ત્રીઓમાં વિભિન્ન પ્રશ્નો વિશે જાગૃતિ કેળવવામાં આવે છે. તેમજ વિકાસ પ્રક્રિયા અને નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી વધારવામાં આવે છે.* 2012-13*માં* 9 *હજારથી વધુ કેમ્પ્સ યોજવામાં આવ્યાં હતાં અને તેમાં* 2 *લાખ* 25 *હજારથી વધુ સ્ત્રીઓએ લાભ મેળવ્યો હતો.*

- **સ્ત્રીશક્તિ પુરસ્કાર યોજના**

*સામાજિક વિકાસના ક્ષેત્રમાં વ્યક્તિગત સ્ત્રીઓની સિદ્ધિઓની કદર તરીકે ભારત સરકારે સ્ત્રીશક્તિ પુરસ્કાર તરીકે ઓળખાતા છ રાષ્ટ્રીય એવોર્ડ્સ એનાયત કરવાની યોજના સ્થાપિત કરી છે. આ યોજના અંતર્ગત ત્રણ લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવે છે. તેમજ ભારતીય ઈતિહાસમાં હિંમત અને ચારિત્ર્યમાં શ્રેષ્ઠ સ્ત્રીઓના નામે એક પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. આવી શ્રેષ્ઠ સ્ત્રીઓમાં દેવી અહલ્યાબાઈ હોલકર, કન્નાગી, માતા જીજીબાઈ, રાણી ગૈડેનલ્યુ ઝેલિયાંગ, રાણી લક્ષ્મીબાઈ અને રાણી રૂદ્રમ્માદેવીનો સમાવેશ થાય છે.*

## 7.5 સારાંશ

*સમાજમાં એક જાતિ તરીકે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવ અને અસમાનતાઓ રહેલી છે. દેશની વસ્તીમાં* 50 *ટકા સ્ત્રીઓ છે. સ્ત્રીઓ પુરુષો જેટલું જ*

એક અગત્યનું માનવ સંસાધન છે, જે કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પ્રદાન આપવાની ક્ષમતા ધરાવે છે. ભારતના બંધારણમાં બધાં જ પ્રકારના ભેદભાવનો નિષેધ ફરમાવ્યો છે. તેમાં લિંગ ભેદ પર પણ નિષેધનો સમાવેશ થાય છે અને સમાનતા સ્થાપવામાં આવી છે. બંધારણીય જોગવાઈઓને અનુલક્ષીને સ્ત્રીઓને સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રોમાં અધિકારો આપતા, રક્ષણ આપતા તેમજ સ્ત્રીઓના કલ્યાણ સંબંધી કાયદા ઘડીને અમલમાં મૂકવામાં આવ્યા છે, ભારતમાં સ્ત્રીઓને બંધારણથી મળેલા અધિકારો મૂર્ત સ્વરૂપ આપવા માટે લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકત, વારસો, વ્યવસાય, શિક્ષણ, રાજકારણના ક્ષેત્રમાં વિભિન્ન કાનૂની અધિકારો મળ્યા છે અને સ્ત્રીઓના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

## 7.6 સંદર્ભ સૂચિ


(1) ગાંધી બી. એમ. : મહિલાઓ અને કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, બીજી આવૃત્તિ-2000, અમદાવાદ.

(2) હરિભક્ત જી. એસ. : લગ્ન, છૂટાછેડા અને ભરણપોષણ, પુનહલ લો હાઉસ, બીજી આવૃત્તિ-2012-2013, અમદાવાદ.

(3) પટેલ, તારાબેન : ભારતીય સમાજ વ્યવસ્થા, ધી ન્યુ ઓર્ડર બુક કંપની, પ્રથમ આવૃત્તિ-1961, અમદાવાદ.

(4) રાવલ ચંદ્રિકા : જેન્ડર અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-2010, અમદાવાદ.

(5) રાવલ ચંદ્રિકા : જેન્ડર અને વિકાસ, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-2012, અમદાવાદ.

(6) ગુપ્તા કમલેશકુમાર : મહિલા સશક્તિકરણ, બુક એન ક્લેવ, પ્રથમ સંસ્કરણ-2005, જયપુર (હિન્દી)

(7) લવાનિયા એમ. એમ. અને શશી કે જૈન : ભારતીય સામાજિક વ્યવસ્થા, રિસર્ચ પબ્લિકેશન, દ્વિતીય સંસ્કરણ-2009, જયપુર.

(8) દવે કે. જે. (2014-15) : સામાજિક કાનૂનીકરણ અને સમાજકલ્યાણ, અનડા પ્રકાશન, અમદાવાદ.

(9) Ahuja, Ram, 1992 : 'Social Problems in India', Rawat Publications, New Delhi.

(10) Jagan Shankar (Ed.) : Social Problems and Welfare in India.

(11) સોરઠિયા જયશ્રી (2016) : કુટુંબ કલ્યાણ અને સલાહ માર્ગદર્શન, અનડા પ્રકાશન, અમદાવાદ.

## 7.7 તમારી પ્રગતિ ચકાસો

**મોટા પ્રશ્નોના જવાબ આપો.**

**(1) સ્ત્રીઓના કાનૂની અધિકારોનો પરિચય આપો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(2) સ્ત્રીઓના સામાજિક કાયદા અંતર્ગત સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954ની ચર્ચા કરો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(3) હિન્દુ લગ્ન ધારો, 1955ની વિસ્તૃત ચર્ચા કરો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(4)** **ભરણપોષણને લગતા કાયદાઓની ચર્ચા કરો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(5)** **વારસા હકો, ઉત્તરાધિકાર-મિલકત અધિકારને લગતા કાયદાઓ વિશે જણાવો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(6)** **સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા કાયદાઓની ચર્ચા કરો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(7) સ્ત્રીઓને ખાસ લાભો પૂરા પાડતાં કાયદાઓ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(8) સ્ત્રીઓના કલ્યાણ-વિકાસ માટેની યોજનાઓનું વર્ણન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 7.8 ટૂંકનોંધ લખો

(1) સ્ત્રીઓ માટે બંધારણીય જોગવાઈઓ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) સ્ત્રીઓના કાનૂની અધિકારો

..........................................................................................

..........................................................................................

..........................................................................................

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(3) ભારતીય ખ્રિસ્તી લગ્ન કાનૂન, 1872**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(4) પારસી લગ્ન અને છૂટાછેડાનો કાયદો, 1936**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(5) વારસા હકો, ઉત્તરાધિકાર-મિલકત અધિકારને લગતા કાયદાઓ**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(6) સ્ત્રીઓને ખાસ લાભો પૂરા પાડતા કાયદાઓ**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(7) સ્ત્રીઓને રક્ષણ પુરું પાડતાં કાયદાઓ**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

**(8)** **સ્ત્રીઓના કલ્યાણ-વિકાસ માટેની યોજનાઓ**

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

………………………………………………………………………………

## 7.9 બહુવિકલ્પવાળા પ્રશ્નો

**(1)** **દેશની વસ્તીમાં ………….. ટકા સ્ત્રીઓ છે.**

(A) 40 (B) 45

(C) 50 (D) 55

**(2)** **સ્પેશ્યલ મેરેજ એક્ટ ………….. હેઠળ થતા લગ્ન સિવિલ મેરેજ ગણાય છે.**

(A) 1954 (B) 1955

(C) 1956 (D) 1960

**(3)** **ભારતમાં પારસીઓના લગ્નનું નિયમન ………….. ના પારસીલગ્ન અને છૂટાછેડાના કાયદા દ્વારા થાય છે.**

(A) 1930 (B) 1936

(C) 1940 (D) 1946

**(4)** **શીખ લગ્નનું નિયમન આનંદ મેરેજ (એમેન્ડમેન્ટ) એક્ટ ……. દ્વારા થાય છે.**

(A) 2010 (B) 2011

(C) 2011 (D) 2013

**(5)** **વારસા હકો નક્કી કરતો કાયદો (ઈન્ડિયન સકસેસન એક્ટ) સૌપ્રથમ ………….. માં અમલમાં મૂકવામાં આવ્યો હતો.**

(A) 1920 (B) 1922

(C) 1924 (D) 1925

**જવાબો**

(1) (C) 50

(2) (A) 1954

(3) (B) 1936

(4) (C) 2012

(5) (D) 1925

એકમ - 8

# લોકો માટેની કલ્યાણકારી યોજનાઓ – શૈક્ષણિક, આરોગ્ય, રોજગાર અને કલ્યાણ પ્રવૃત્તિઓ

:: રૂપરેખા ::


**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 સમાજકલ્યાણની જરૂરિયાતો એટલે શું ?**

**8.2.1 ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ**

**8.2.2 પૂર્ણ રોજગારી**

**8.2.3 સ્વાસ્થ્ય સંભાવની જરૂરિયાતો**

**8.3 સારાંશ**

**8.4 સંદર્ભસૂચિ**

**8.5 તમારી પ્રગતિ ચકાસો**

**મોટા પ્રશ્નોના જવાબ આપો**

**8.6 ટૂંકનોંધ લખો**

**8.7 બહુવિકલ્પવાળા પ્રશ્નો**


## 8.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણની વધુ સમજ મેળવવા માટે લોકો માટેની કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત ચર્ચા કરી છે. આ એકમના અભ્યાસ બાદ તમે-*

- *ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈઓ વિશે જાણી શકશો.*
- *પૂર્ણ રોજગારી માટેની બંધારણીય જોગવાઈઓ જાણી શકશો અને પૂર્ણ રોજગારી પૂરી પાડવાની જુદી-જુદી રીતો વિશે સમજણ પ્રાપ્ત કરશો.*
- *સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય સંભાળ એટલે શું ? ભારતમાં આરોગ્યની સ્થિતિ અને તેની અસર, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આરોગ્ય સ્તરમાં સુધારો, સ્વાસ્થ્ય સંભાળની વર્તમાન સ્થિતિ, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ* (2002) *વગેરે આરોગ્ય સંબંધિત માહિતી સમજાવી શકશો.*

## 8.1 પ્રસ્તાવના

*સમાજ કલ્યાણની જરૂરિયાતો સ્થિર નથી પરંતુ સમયના વહેણમાં તે બદલાતી રહે છે. આથી સમાજ કલ્યાણનો ખ્યાલ અને અભિગમ પણ બદલાતાં રહે છે.*

*ભારત સ્વતંત્ર થયું ત્યારે દેશમાં 75 ટકા લોકો ગરીબ અને ઋણગ્રસ્ત હતાં. લગભગ 85 ટકા લોકો નિરક્ષર હતાં. આદિવાસીઓ સામાજિક-આર્થિક પછાતપણું ધરાવતા હતા. પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં નીચેના સ્તરની જ્ઞાતિઓ સામાજિક-આર્થિક પછાતપણું ધરાવતી હતી અને હિંદુ સમાજવ્યવસ્થામાં અસ્પૃશ્યતા પ્રવર્તતી હતી. 'અસ્પૃશ્ય' મનાતી જ્ઞાતિઓ અનેકવિધ નિર્યોગ્યતાઓનો ભોગ બની હતી. આદિવાસીઓ અને કહેવાતા અસ્પૃશ્યો સામાન્ય નાગરિક અધિકારોના ભોગવટાથી વંચિત રહેવા પામ્યા હતા. શિક્ષણ, રોજગારી અને રાજકીય ક્ષેત્રોમાં તેઓ અધિકારો ભોગવતા અશક્ત હતા. સમાજના અન્ય વિભાગોની સરખામણીમાં તેઓમાં ગરીબી, ઋણગ્રસ્તતા અને નિરક્ષરતાની સમસ્યા વધુ વ્યાપક, ગંભીર અને જટિલ હતી.*

*પરંપરાના પ્રભાવ હેઠળ ભારતીય નારીનો દરજ્જો સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પુરુષો કરતાં નીચો હતો. લૈંગિક અસમાનતા અને પુરુષના પ્રભુત્વની પરંપરા હેઠળ સ્ત્રીનું જીવન ઘરની ચાર દીવાલ પૂરતું સીમિત હતું. પુરુષના આધિપત્ય નીચે સ્ત્રી તાબેદારીપૂર્ણ જીવન જીવતી. ઘણી સામાજિક પ્રથાઓ દ્વારા સ્ત્રીઓ પરાધીન બની ગઈ હતી. તેઓ જાહેર જીવન અને નાગરિક અધિકારોથી વંચિત બની ગઈ હતી.*

*બાળકો પાસે ઘરકામ અને આર્થિક પ્રવૃત્તિ કરાવવાને લીધે તેઓ શિક્ષણના અધિકાર અને વિકાસની તકોથી વંચિત રહેવા પામતાં. તેમાં કન્યાજન્મ અને ઉછેરની અવગણના કરતી અનેક પ્રથાઓ પ્રચલિત હતી. બાળકો, સ્ત્રીઓ અને પછાતવર્ગના લોકોનું તેમજ મજૂરોનું વ્યાપક શોષણ થતું. અનાથો, વિકલાંગો, વૃદ્ધો વગેરેની ઉપેક્ષા થતી. તેઓ દયનીય સ્થિતિમાં જીવન જીવતાં.*

*બ્રિટિશ અમલ દ્વારા કાયદા દ્વારા અને સામાજિક-ધાર્મિક સુધારણા પ્રવૃત્તિઓ દ્વારા આવી સમસ્યાગ્રસ્ત લોકોની સ્થિતિ સુધારવા મર્યાદિત પ્રયાસો થયા હતા. પરંતુ આ અને આવી અન્ય સમસ્યાઓ ઉત્તરોત્તર વધુ વ્યાપક, ગંભીર અને જટિલ બનતી ગઈ તેમજ નવી સમસ્યાઓ પણ પેદા થતી ગઈ. ભારતના બંધારણના ઘડવૈયાઓ આવી સમસ્યાઓથી પીડિત લોકોની સ્થિતિથી ચિંતિત હતા. આથી તેઓને સ્વાતંત્ર્ય, સમાનતા, સામાજિક ન્યાય, માનવગૌરવ જેવા માનવઅધિકારોની દૃષ્ટિએ ભારતના લોકોના સામાજિક કલ્યાણની આવશ્યકતા જણાઈ. તેમણે દીર્ઘદૃષ્ટિ દાખવીને ભારતના બંધારણમા મોટાભાગના માનવ અધિકારોને આવરી લીધા. બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા રાજ્યોને લોકકલ્યાણમાં વૃદ્ધિ કરવા અને તે માટે પગલાં લેવા સૂચવ્યું. રાજ્યોને પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને જરૂરિયાતમંદ લોકોને કામ, શિક્ષણ અને*

અમુક પ્રસંગે જાહેર સહાયનો હક મળી રહે તેવી વ્યવસ્થા કરવા સૂચવ્યું. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોની કાળજી લેવા તેમજ સામાજિક ન્યાય અને શોષણ સામે રક્ષણ પૂરું પાડવા સૂચવ્યું. અસ્પૃશ્યતાની નાબૂદીની ઘોષણા કરવામાં આવી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદની વિકાસની પ્રક્રિયામાં નવી સમસ્યાઓ પેદા થવા લાગી. વિકાસના લાભો મેળવવા અન્ય પછાતવર્ગોએ પણ પોતાની માગણીઓ આગળ ધરી. આથી તેઓને પણ સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં આવરી લેવાનું આવશ્યક બન્યું. સામાજિક વિઘટનની પ્રક્રિયાઓમાં લઘુમતીઓનો પ્રશ્ન ઊભો થયો. કૌટુંબિક વિઘટનની પ્રક્રિયામાં વૃદ્ધજનો, નશીલાં દ્રવ્યોના વ્યસનીઓ અને વિકલાંગો અને એઈડ્સગ્રસ્તોની સમસ્યાઓ વ્યાપક અને ગંભીર બનવા લાગી. ઉપભોક્તાવાદી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ ઘરેલું હિંસા, એઈડ્સ, સ્ત્રીઓ પરના અત્યાચારો, સ્ત્રીઓનું જાતીય શોષણ, પર્યાવરણને લગતી સમસ્યાઓ વ્યાપક અને ગંભીર બનવા લાગી. સમાજજીવનનાં ઘણાં ક્ષેત્રોમાં માનવ અધિકારના ભંગની સમસ્યા પેદા થવા લાગી. આથી આ બધાં ક્ષેત્રોમાં પણ લોકકલ્યાણની આવશ્યકતા ઊભી થવા પામી. પ્રારંભિક તબક્કે સામાજિક કલ્યાણ માટે મૂળભૂત ઉપચાર અને સુરક્ષા સેવાઓ પૂરી પાડવામાં આવતાં. સમસ્યાઓની જટિલતા, વ્યાપકતા અને ગંભીરતાને લક્ષમાં લેતાં આ અભિગમો અસરકારક નીવડ્યા નહીં. આથી સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓને વધુ પરિણામલક્ષી બનાવવા વિકાસલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો અને હવે સામાજિક ન્યાય અને સશક્તિકરણનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

ભારતના લોકોના કલ્યાણની જરૂરિયાતો બદલાતી રહી છે. એક સમયે જેઓ પછાતવર્ગમાં ગણાતા ન હતા તેમાંના ઘણા હવે પછાતવર્ગમાં ગણાવા લાગ્યાં છે. એક સમયે જેઓ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ થતા ન હતા તેમાંના મોટાભાગના હવે અનુસૂચિત જાતિમાં સમાવેશ પામ્યા છે. જેઓ અનુસૂચિત આદિજાતિના ગણાતા ન હતા તેમાંના ઘણા અનુસૂચિત આદિજાતિમાં સમાવિષ્ટ થયા છે. આમ, અનુસૂચિતોની અને પછાતોની યાદી લાંબી બનતી ગઈ છે. હવે બિનઅનુસૂચિત જ્ઞાતિઓમાંથી અમુક જ્ઞાતિઓ પોતાને આર્થિક પાયા પર પછાત ગણી અનામતના લાભો માટેની માંગણીઓ કરવા લાગી છે. આ ઉપરાંત એઈડ્સગ્રસ્તો, વૃદ્ધો, નશીલાં દ્રવ્યોના વ્યસનીઓ વગેરે તેમજ સ્ત્રીઓની નવી સમસ્યાઓ ઉદ્ભવતાં આવી સમસ્યાથી પીડાતાં લોકોના સામાજિક કલ્યાણની જરૂરિયાતો ઊભી થવા પામી છે.

આથી જણાશે કે બદલાતા જતાં સામાજિક, આર્થિક અને રાજકીય સંજોગોમાં સમાજ કલ્યાણનો ખ્યાલ અને તેના ઘટકો બદલાતા રહે છે. આ ઘટના સમાજ કલ્યાણના ખ્યાલની ગતિશીલતા દર્શાવે છે. સમાજ કલ્યાણની આવશ્યકતાઓ સ્થિર નથી પરંતુ ગતિશીલ છે. તેની સાથોસાથ સમાજ કલ્યાણની વિભાવના અને અભિગમ પણ બદલાતાં

*રહે છે. 'સહાય'ને બદલે 'સ્વ-સહાય' પર તેમજ ઉપચાર અને સુરક્ષા, સેવા તેમજ વિકાસને બદલે સામાજિક ન્યાય અને સશક્તિકરણ, ટકાઉ વિકાસ ઉપર ભાર મૂકાવા લાગ્યો છે. સશક્તિકરણનો ખ્યાલ સ્ત્રી-સશક્તિકરણ, નબળા અને વંચિત સમૂહોનું સશક્તિકરણ અને લોકસશક્તિકરણને આવરી લે છે.*

*અહીં સમાજ કલ્યાણની જરૂરિયાતોનો ખ્યાલ આપીને નબળા અને વંચિત સમૂહોના કલ્યાણની સમજૂતી આપી છે.*

## 8.2 સમાજકલ્યાણની જરૂરિયાતો (Social Welfare Needs) એટલે શું ?

*સમાજ કલ્યાણનાં ધ્યેયો તકની સમાનતા, સામાજિક સલામતી, સામાજિક ન્યાય અને લઘુત્તમ જીવનધોરણની પ્રાપ્તિ માટે સમાજના બધા વર્ગોના અને તેમાં ખાસ કરીને સમાજના નબળા અને વંચિત સમૂહોની મૂળભૂત ભૌતિક અને સામાજિક જરૂરિયાતો પૂરી પાડવી અનિવાર્ય બની રહે છે. રોજગારી અને રહેઠાણ જેવી ભૌતિક જરૂરિયાતોની પરિપૂર્તિ થતાં તેઓ આરોગ્ય અને શિક્ષણ જેવી સામાજિક સેવાઓ મેળવવા શક્તિમાન બની શકે. પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરેલી વ્યક્તિઓ તેમની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા શક્તિમાન બને છે. એટલે શિક્ષણ બધી જ ભૌતિક અને સામાજિક જરૂરિયાતો સંતોષવા શક્તિમાન બનાવે છે. એક સમય એવો હતો કે સમાજ કલ્યાણની જરૂરિયાત તરીકે શિક્ષણનું મૂલ્ય ન હતું, પરંતુ આધુનિક યુગમાં શિક્ષણ સામાજિક, આર્થિક, રાજકીય સશક્તિકરણનું અગત્યનું સાધન છે. તે સામાજિક ગતિશીલતાનું દ્વાર છે, આજીવિકા પૂરી પાડતું સાધન છે. તે વ્યક્તિના સર્વતોમુખી વિકાસનું સાધન છે. આથી જ વર્તમાન યુગના કોઈ પણ સમાજમાં સાક્ષરતાના પ્રમાણ પરથી તે સમાજની સભ્યતાનો સ્તર નક્કી કરવામાં આવે છે. આ દૃષ્ટિએ સમાજ કલ્યાણની જરૂરિયાતો નીચે મુજબ છે :*

(1) *ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ*
(2) *પૂર્ણ રોજગારી*
(3) *સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો*

*ઉપર્યુક્ત જરૂરિયાતોનો વિગતે ખ્યાલ મેળવીએ.*

### 8.2.1 ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ (Provision of Compulsory Primary Education)

1951*માં ભારતમાં શિક્ષણનું પ્રમાણ* 17 *ટકાથી ઓછું હતું. તેમાં શિક્ષિત પુરુષોની ટકાવારી* 25 *ટકાથી ઓછી હતી અને શિક્ષિત સ્ત્રીઓની ટકાવારી* 8 *ટકાથી ઓછી હતી.* 1951*માં* 6 *થી* 14 *વર્ષની વયના* 2 *કરોડ* 23 *લાખ બાળકો પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવતાં હતાં. આમ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું અને તેમાં પુરુષ શિક્ષણ કરતાં સ્ત્રી શિક્ષણ નોંધપાત્ર રીતે ઓછું હતું. ભારતના સ્વાતંત્ર્યની પૂર્વ સંધ્યાએ શિક્ષણની કક્ષા આનાથી પણ ઊતરતી કક્ષાની હતી. આ સ્થિતિ સ્વતંત્ર ભારતના બંધારણના*

*ઘડવૈયાઓને ચિંતાજનક જણાઈ. આથી બંધારણના રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરવામાં આવી.*

*સ્વાતંત્ર્ય પછીના છ દાયકાના આર્થિક-સામાજિક વિકાસના કાર્યક્રમોના અમલ પછી શિક્ષણનો વિકાસ થયો પરંતુ તે સંતોષજનક રહ્યો નથી. ભારતમાં 2011ની સાલમાં વસતિના 74 ટકાથી વધુ લોકો શિક્ષિત છે તેમાં 82 ટકાથી વધુ પુરુષો અને 65 ટકાથી વધુ સ્ત્રીઓ શિક્ષિત છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના છ દાયકા બાદ પણ દેશની 26 ટકા વસતિ નિરક્ષર છે અને તેમાં 18 ટકા પુરુષો અને 34 ટકાથી વધુ સ્ત્રીઓ નિરક્ષર છે. આમ, પુરુષ કરતાં સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. પુરુષ-સ્ત્રી સાક્ષરતા વચ્ચે 16 ટકાથી વધુ અંતર છે. 6-14 વર્ષની વયજૂથના ઘણાં બાળકો પ્રાથમિક શાળાઓમાં દાખલ થયા છે. તેમાંથી શાળામાં હાજરી આપતાં બાળકોનું પ્રમાણ 66 ટકા છે. શાળા છોડી જતાં બાળકોનું ઊંચું પ્રમાણ અને તેમાં કન્યા કેળવણીનું નીચું પ્રમાણ આજે પણ ચિંતાનો વિષય છે. આથી સરકારે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અંગેનો ખરડો (93મો બંધારણીય સુધારો) રજૂ કર્યો.*

**(i) બંધારણીય જોગવાઈ :** *ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલમ-45થી તમામ બાળકોને તેમની ચૌદ વર્ષની વય પૂરી થાય ત્યાર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈનો ઘણાં રાજ્યોએ અમલ કરી પ્રાથમિક શિક્ષણને વેગ આપવા પ્રયત્ન થયો. પરંતુ ભારતમાં વ્યાપક ગરીબી અને પછાતપણાને લીધે પ્રાથમિક શિક્ષણનો વેગ સંતોષકારક રહ્યો નથી.*

**(ii) 1976નો બંધારણીય સુધારો :** 1976 *પહેલાં શિક્ષણ સંપૂર્ણપણે રાજ્યોની જવાબદારી હતી.* 1976*ના બંધારણીય સુધારાથી શિક્ષણને બંધારણની સાતમી અનુસૂચિની સમવર્તી યાદીમાં સમાવવામાં આવ્યું. આ સુધારાથી સંઘ સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે શિક્ષણ અંગેની જવાબદારીમાં નવી ભાગીદારીની આવશ્યકતા ઊભી થઈ. જોકે, શિક્ષણ અંગેની રાજ્યોની જવાબદારી અને ભૂમિકામાં કોઈ ફેરફાર થયો નથી પરંતુ સંઘ સરકારે શિક્ષણના રાષ્ટ્રીય અને સુગ્રથનાત્મક પાસાંને દૃઢ કરવાની, શિક્ષણની ગુણવત્તા અને ધોરણો જાળવવાની તેમજ દેશની શૈક્ષણિક જરૂરિયાતોની દેખરેખ રાખવાની વિશાળ જવાબદારી સ્વીકારી છે. આથી કેન્દ્ર સરકાર શિક્ષણની નીતિ અને કાર્યક્રમોના ઘડતરમાં આગેવાની લે છે.*

**(iii) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ :** 1986*માં શિક્ષણની રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી અને પગલાં અંગેનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો.* 2020*માં આ નીતિ સુધારવામાં આવી.* 2020*ની સુધારેલી શિક્ષણનીતિમાં પ્રાથમિક શિક્ષણ અંગે નીચેના પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.*

- *શિક્ષણમાં એકરૂપતા લાવવી.*
- *પ્રાથમિક શાળામાં સાર્વત્રિક પ્રવેશ આપવો.*

- *પ્રવેશ પામેલા બાળકોને શાળામાં ટકાવી રાખવા એટલે કે તેઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી ન દે તે જોવું.*
- *પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા જાળવવી.*
- *કન્યા કેળવણી ઉપર ખાસ ભાર મૂકવો.*
- *દરેક જિલ્લામાં નવોદય વિદ્યાલયો શરૂ કરવા.*
- *માધ્યમિક શિક્ષણનું વ્યાવસાયિકરણ કરવું.*
- *ઉચ્ચ શિક્ષણમાં જ્ઞાનનું અને આંતરવિદ્યાકીય સંશોધનનું સંયોજન કરવું.*
- *રાજ્યોમાં વધુ ઓપન યુનિવર્સિટીઓ શરૂ કરવી.*
- *ટેકનિકલ શિક્ષણની અખિલ ભારતીય પરિષદ મજબૂત બનાવવી.*
- *રમતગમત, શારીરિક શિક્ષણ અને યોગશિક્ષણને પ્રોત્સાહન આપવું.*
- *અસરકારક મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવી.*

*આ રીતે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણનો સ્વીકાર રાષ્ટ્રીય ધ્યેય તરીકે થયો.*

**(iv) નવમી પંચવર્ષીય યોજના (1997-2002) :** *નવમી પંચવર્ષીય યોજના અનુસાર સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ એટલે* 6 *થી* 14 *વર્ષ સુધીના તમામ બાળકોને શાળા પ્રવેશ આપવો અર્થાત્ સાર્વત્રિક શાળા પ્રવેશ. દાખલ થયેલા બધા બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરું કરે તે માટે પ્રયાસ કરવા. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અને સાર્વત્રિક સિદ્ધિનું ધ્યેય રાખવામાં આવ્યું. કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોને પરિણામે દેશની* 94 *ટકા ગ્રામીણ વસતિને તેમના રહેઠાણના એક કિલોમીટરના વિસ્તારમાં પ્રાથમિક શાળા (ધોરણ-*1 *થી* 5 *વયજૂથ* 6-11*) પૂરી પાડવામાં આવી. અને ઉચ્ચ પ્રાથમિક શાળા (ધોરણ-*6 *થી* 8 *વયજૂથ* 11-14*) ગ્રામ વિસ્તારની* 84 *ટકા વસતિને તેમના રહેઠાણથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં પૂરી પાડવામાં આવી.*

**(v) પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટેનાં પગલાં :** *પ્રાથમિક શિક્ષણ વાસ્તવિક રીતે સાર્વત્રિક બને તે માટે એટલે કે* 6 *થી* 14 *વર્ષ સુધીનાં તમામ બાળકો તેમનું ધોરણ-*1 *થી* 8 *સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે કેટલાંક અગત્યના પગલાં યોજ્યા. આ પગલામાં વાલીઓમાં જાગૃતિ, સમુદાયોની સામેલગીરી, આર્થિક પ્રોત્સાહનો, શાળાની ભૌતિક સુવિધામાં સુધારો, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ, મધ્યાહન ભોજન યોજના, વૈકલ્પિક શિક્ષણ, શિક્ષકોને તાલીમ, સર્વ શિક્ષા અભિયાનનો સમાવેશ થાય છે.*

**(vi) શિક્ષણનો મૂળભૂત અધિકાર :** 2002*ના બંધારણ કાનૂન (*86*મો સુધારો)થી* 6 *થી* 14 *વર્ષના વયજૂથના બધા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવાની જોગવાઈ માટે મૂળભૂત અધિકારોમાં કલમ-*21*-એ ઉમેરવામાં આવી છે. આ જોગવાઈને અનુલક્ષીને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો કાનૂન* 2006 *પસાર કરવામાં આવ્યો અને તે એપ્રિલ-*2010*થી અમલમાં મૂકવામાં આવ્યો છે.*

*નાગરિકોની મૂળભૂત ફરજો અંગેની બંધારણની કલમ-51(એ)માં નવો ઉમેરો કર્યો છે. આ ઉમેરા મુજબ 6-14 વર્ષની વચ્ચેની ઉંમરના બાળકને શિક્ષણ માટેની તક પૂરી પાડવાની ફરજ માબાપ કે વાલીની ગણવામાં આવી છે.*

**(vii) સર્વશિક્ષા અભિયાન :** *ઓક્ટોબર 1998માં યોજાયેલી રાજ્ય શિક્ષણ મંત્રીઓની પરિષદે કરેલી ભલામણોના આધારે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને કાર્યાન્વિત કરવા 'સર્વશિક્ષા અભિયાન' યોજના ઘડવામાં આવી. આ યોજના 2001-02માં શરૂ કરવામાં આવી. સર્વશિક્ષા અભિયાન દુનિયાનો મોટામાં મોટો કાર્યક્રમ છે. તેમાં*

- *6-14 વર્ષની વયનાં સર્વ બાળકોને શાળા શિક્ષણમાં આવરી લેવાં પ્રયાસ થાય છે;*
- *આ બાળકો પાંચમાં ધોરણ સુધીનું શિક્ષણ પૂરું કરે તેવી ગોઠવણ કરવામાં આવે છે;*
- *આ સર્વ બાળકો 8માં ધોરણ સુધીનું શિક્ષણ પૂરું કરે તે ધ્યાન રાખવામાં આવે છે;*
- *જીવન શિક્ષણ ઉપર ભાર મૂકી સંતોષકારક ગુણવત્તાવાળું શિક્ષણ સર્વશિક્ષા અભિયાનમાં આપવા પર ભાર મુકાય છે; તેમાં છોકરા-છોકરીના શિક્ષણનું અંતર દૂર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.*

*સર્વશિક્ષા અભિયાનમાં સમગ્ર દેશને આવરી લેવામાં આવ્યો છે અને તેમાં કન્યાઓની, અનુસૂચિત જાતિઓની, આદિજાતિઓની તેમજ વિપરિત સંજોગોમાં જીવન જીવતાં બીજાં બાળકોની શિક્ષણની જરૂરિયાતો ઉપર ખાસ લક્ષ આપવામાં આવે છે. રાજ્યો તથા સંઘ પ્રદેશોની સરકારને સર્વશિક્ષા અભિયાન માટે આર્થિક સહાય અપાય છે. સર્વશિક્ષા અભિયાનમાં 1.1 મિલિયન રહેઠાણ વિસ્તારોમાં 192 મિલિયન બાળકોની શૈક્ષણિક જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે.*

**(viii) જનશાળા કાર્યક્રમ :** *ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રોની પાંચ વૈશ્વિક સંસ્થાઓના સહયોગથી જનશાળા કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. આ કાર્યક્રમ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અભિયાનને ટેકો પૂરો પાડે છે. તેમાં ખાસ કરીને વંચિત સમૂહો, છેવાડાના સમૂહો, અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ, લઘુમતીઓનાં બાળકો, કામ કરતાં બાળકો, ખાસ જરૂરિયાતમંદ બાળકો અને કન્યાઓને આવરી લેવામાં આવે છે. આ કાર્યક્રમ સમુદાય આધારિત છે. રાષ્ટ્રીય બાલભવન દ્વારા સમાજના નબળા વર્ગના 5-16 વર્ષની વય જૂથનાં બાળકોમાં સર્જનાત્મક કળા, ફોટોગ્રાફી, શારીરિક પ્રવૃત્તિઓ, વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વગેરે દ્વારા સર્વાંગી વિકાસ ઉપર ભાર મૂકાય છે. દસમી પંચવર્ષીય યોજનાનું એક ધ્યેય સર્વશિક્ષા અભિયાનનું છે. દસમી યોજના અનુસાર શિક્ષણનો હેતુ બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. તેમાં શ્રમનું ગૌરવ અને વ્યાવસાયિક શિક્ષણનો પ્રારંભ પ્રાથમિક શિક્ષણથી જ કરવાની દૃષ્ટિ રાખવામાં આવી છે. દેશમાં 179 બાલભવનો અને બાળકેન્દ્રો કાર્યરત છે. દેશનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું ચિલ્ડ્રન્સ ક્રિએટિવ સેન્ટર મોરેશિયસમાં કાર્યરત છે. આ કેન્દ્ર રાષ્ટ્રીય બાલભવન ઢબનું છે.*

**(ix) મહિલા સામખ્ય કાર્યક્રમ :** *મહિલા સામખ્ય કાર્યક્રમ દ્વારા ગ્રામીણ સ્ત્રીઓ અને કન્યાઓને શિક્ષણ મેળવવામાં નડતા અવરોધો દૂર કરવા પ્રયાસ થાય છે. આવા અવરોધોમાં અલગતા, જીવનનિર્વાહનો સંઘર્ષ, આત્મવિશ્વાસનો અભાવ, દમનકારી સામાજિક રિવાજોનો સમાવેશ થાય છે. મહિલા સામખ્ય કાર્યક્રમમાં ગ્રામીણ સમાજની સીમાંત સમૂહોમાં કન્યા કેળવણી માટે જાગૃતિ અને સમજ કેળવવાનો પ્રયાસ થાય છે.*

**(x)** *અનુસૂચિત જાતિ, આદિજાતિ અને લઘુમતીઓની કન્યાઓને પ્રાથમિક શિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ 3353 જેટલા શૈક્ષણિક રીતે પછાત વિસ્તારોમાં 442 જિલ્લાની 4.12 કરોડ કન્યાઓને આવરી લેવામાં આવી છે.*

**(xi)** *અનુસૂચિત જાતિ, આદિજાતિ, અન્ય પછાતવર્ગો, મુસ્લિમ સમુદાયોની અને બીપીએલ કન્યાઓ માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો સ્થાપવામાં આવ્યા છે, જે રહેઠાણની સુવિધાવાળી અપર પ્રાયમરી શાળાઓ છે.*

**(xii)** *મધ્યાહન ભોજન યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના દુનિયામાં સ્કૂલ ફીડિંગનો મોટામાં મોટો કાર્યક્રમ છે. તેમાં દેશની 12.12 લાખ પ્રાથમિક શાળાઓના 10.44 કરોડ બાળકોને આવરી લેવામાં આવ્યાં છે. આ કાર્યક્રમથી શાળામાં બાળકોની હાજરી વધી છે તેમજ શાળા શિક્ષણ ચાલુ રહેવા ઉપરાંત સામાજિક અને જેન્ડર સમન્યાયમાં પ્રદાન આપે છે. આ કાર્યક્રમથી શાળામાં પ્રવેશ નોંધણીમાં તેમજ શિક્ષણના સાતત્યમાં વૃદ્ધિ થઈ છે.*

**(xiii)** *સંપૂર્ણ સાક્ષર સમાજનું સર્જન કરવા માટે પ્રૌઢ શિક્ષણનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. સાક્ષર ભારત યોજના 2009માં અમલમાં મૂકવામાં આવી છે. તેમાં કાર્યાત્મક સાક્ષરતા આપવામાં આવે છે. નૂતન સાક્ષર પ્રૌઢો પાયાની સાક્ષરતા પછી ઔપચારિક શાળા શિક્ષણની સમકક્ષતા પ્રાપ્ત કરે તે માટે પ્રયાસ કરવામાં આવે છે તેમજ તેઓને આવક મેળવી આપે અને જીવન પરિસ્થિતિમાં સુધારો થાય તેવા કૌશલ્યનો વિકાસ કરવામાં આવે છે. તેઓને જનશિક્ષણ સંસ્થાનો દ્વારા વ્યાવસાયિક તાલીમ અપાય છે.*

### 8.2.2 પૂર્ણ રોજગારી (Full Employment)

*માનવી પ્રવૃત્તિશીલ સામાજિક પ્રાણી છે. તેને ભરણપોષણ માટે આજીવિકાનું સાધન ઉપલબ્ધ બનાવવું આવશ્યક છે. પૂર્ણરોજગારી આજીવિકાનું સાધન આવક પૂરી પાડવા ઉપરાંત માનવીના સામાજિક-આર્થિક દરજ્જાનું મહત્ત્વનું પરિબળ છે. પ્રાથમિક અને ગૌણ જરૂરિયાતોની પરિપૂર્તિનો આધારસ્થંભ છે. આથી કામ કરવાની ઈચ્છા અને શક્તિ ધરાવતી વ્યક્તિને જો પૂર્ણ રોજગારી પ્રાપ્ત ન થતી હોય તો તેની વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર ઉપર વિપરીત અસર થવા પામે છે. પૂર્ણ રોજગારી સામાજિક કલ્યાણની પાયાની જરૂરિયાત છે.*

**(i) પૂર્ણ રોજગારી એટલે શું ? :** *પૂર્ણ રોજગારી એટલે આજીવિકાનું પર્યાપ્ત સાધન, જેના દ્વારા જીવનનિર્વાહ અને ગૌરવપૂર્ણ જીવનધોરણની ખાતરી મળતી હોય. લઘુતમ જીવન ધોરણ માટે પૂરતી આવક પ્રાપ્ત થઈ શકે તેટલું કામ મળે તેને પૂર્ણ રોજગારી કહેવાય. કામ શોધતી બધી પુખ્તવયની વ્યક્તિઓને રોજગારી મળે તે પૂરતું નથી. પરંતુ તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તેવી આવક પ્રાપ્ત કરી આપતી પૂર્ણ રોજગારી મેળવી શકે તે માટેની તકો ઊભી કરવાની જરૂર છે કારણ કે પૂર્ણ રોજગારી સમાજ કલ્યાણની પાયાની જરૂરિયાત છે.*

**(ii) બંધારણીય જોગવાઈ :** *બંધારણના રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતમાં કલમ-*31*(ક) અનુસાર રાજ્ય એવી નીતિ અખત્યાર કરશે કે જેથી પુરુષો અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન હક રહે. કલમ-*41 *અનુસાર રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને નાગરિકોને કામનો હક મળી રહે તેમ કરવા કાર્યસાધક જોગવાઈ કરશે. કલમ* 43 *મુજબ રાજ્ય ઘટતા કાયદા કરીને કે આર્થિક વ્યવસ્થા દ્વારા તમામ કામદારોને કામ, નિર્વાહ-વેતન તેમજ શિષ્ટ જીવનધોરણની ખાતરી આપતી કામની પરિસ્થિતિ સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરશે.*

**(iii) ગરીબી અને બેકારીની સ્થિતિ :** *પ્રો. અહમદને ટાંકીને ડૉ. દેસાઈએ નોંધ્યું છે તેમ* 1936*માં પરિસ્થિતિ એવી હતી કે* 75 *ટકા ખેડૂતો પેટનો ખાડો પૂરવા અસમર્થ હતા અને* 80 *ટકા ખેડૂતો ખેતીની ઊપજમાં પોતાનું દેવું ચૂકવી શકે તેવાં રહ્યાં નહોતા. આ માહિતી ભારતના સ્વાતંત્ર્ય પૂર્વેના દાયકા પહેલાંની ગરીબી અને શોષણનું વ્યાપક અને ગંભીર ચિત્ર રજૂ કરે છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીની વિભિન્ન પંચવર્ષીય યોજના બાદ પણ આજે ભારતમાં* 29 *ટકાથી વધુ લોકો ગરીબ છે. તેમાં શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ વધુ છે. ભારતના ગરીબ અને વંચિત સમૂહોમાં ઋણ ગ્રસ્તતાનું પ્રમાણ પણ ઊંચું છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં બેકારી અને અર્ધબેકારી પણ વ્યાપક છે.*

*નાના અને સીમાંત ખેડૂતો ગરીબ વર્ગના છે. તેઓ દેવામાં ડૂબેલાં હોય છે અને કુટુંબના ભરણપોષણ માટે બાળકોને પણ મજૂરીએ મોકલે છે. આથી બાળકો શિક્ષણથી વંચિત રહેવા પામે છે.*

*ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં શિક્ષિતો અને અશિક્ષોતોમાં વ્યાપક બેકારી છે.* 2001*ની સાલને અંતે* 4 *કરોડ* 19 *લાખથી વધુ વ્યક્તિઓ નોકરી માટે રોજગાર કચેરીમાં નોંધાયેલાં હતા.* 2001 *વસતિ ગણતરી મુજબ દેશમાં* 31 *કરોડથી વધુ સીમાંત કામદારો છે. તેમાં* 23 *કરોડ ગ્રામીણ વિસ્તારમાં અને* 8 *કરોડ શહેરી વિસ્તારમાં છે. આવા સીમાંત કામદારો પણ ગરીબીની સ્થિતિમાં છે. આ સમગ્ર સ્થિતિ કામ શોધતી બધી પુખ્તવયની વ્યક્તિઓને પૂર્ણ રોજગારી પૂરી પાડવાની આવશ્યકતા ઉપર પ્રકાશ પાડે છે.* 2010*ની સાલના*

*અંતે 3 કરોડ 88 લાખ વ્યક્તિઓ નોકરી માટે રોજગાર કચેરીમાં નોંધાયેલ હતી. આમ, શિક્ષિત અને અશિક્ષિત અને અશિક્ષિત બેકારીનો પ્રશ્ન છે.*

**(iv)** **પૂર્ણ રોજગારી પૂરી પાડવાની રીતો :** *સમાનતા અને સામાજિક ન્યાયની દૃષ્ટિએ જોતાં ગરીબો અને વંચિત લોકોની આવકમાં પર્યાપ્ત વૃદ્ધિ થાય તે માટે કામ શોધતી વ્યક્તિઓને પૂર્ણ રોજગારી પૂરી પાડવાની જરૂરિયાત રહેલી છે. આયોજન પંચે દસમી પંચવર્ષીય યોજનાના અભિગમ પેપરમાં પૂર્ણ રોજગારી પૂરી પાડવાની ઘણી રીતો દર્શાવી છે. જે નીચે મુજબ આલેખી શકાય :*

- **ઝડપી કૃષિ વિકાસ :** *ભારતની મોટાભાગની વસતિ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. ગ્રામીણ વિસ્તાર મુખ્યત્વે કૃષિ વ્યવસાય સાથે સંબંધ ધરાવે છે. ગ્રામીણ વિસ્તારમાં મુખ્યત્વે ખેતમજૂરીનું પ્રાધાન્ય હોય છે અને મોટાભાગની સ્ત્રી કામદારો કૃષિકામમાં રોકાયેલી હોય છે. આથી કૃષિ ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષ સમાનતાના ધોરણે પૂર્ણ રોજગારીની આવશ્યકતા છે. ગ્રામીણ ક્ષેત્રમાં ઝડપી કૃષિ વિકાસ દ્વારા વધુ આવકવાળી રોજગારી તકો ઊભી થઈ શકે.*
- **નવાં કૌશલ્યો :** *હાલની વસતિમાં નોંધપાત્ર સંખ્યાના કામદારો જીવનનિર્વાહ માટે આવશ્યક વેતનથી પણ ઓછું વેતન મેળવે છે. આથી માત્ર નિર્વાહલક્ષી રોજગારી નહીં પરંતુ ગૌરવપૂર્ણ જીવન જીવી શકાય તેવી વધુ આવક મેળવી આપતી પૂર્ણ રોજગારીની તકો ઊભી કરવાની અને પૂરી પાડવાની જરૂર છે. ગરીબો અને વંચિતો આવી તકો મેળવી શકે તે માટે તેમનામાં આવશ્યક નવાં કૌશલ્યો વિકસાવવાં જરૂરી છે. સાથોસાથ શ્રમબજારમાં હજુ ટકી રહેલી બાળમજૂરી નાબૂદ કરવા જુદા જુદા વિસ્તારનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતા બાળમજૂરોને આલેખી કાઢી તેમનું પુનઃસ્થાપન કરવાની જરૂર છે જેથી તેમના સ્થાને કામ મેળવવા ઈચ્છતી વ્યક્તિઓ કામ મેળવી શકે અને મુક્ત થયેલા બાળમજૂરો શિક્ષણનો લાભ મેળવી શકે.*
- **જળ સંસાધનોનું નિર્માણ :** *સમગ્ર દેશની ખેતીની જમીનમાં એકથી વધુ પાકો લેવાનું શક્ય છે. પરંતુ સિંચાઈ માટે પાણીનો પ્રશ્ન છે. આ પ્રશ્ન હલ કરવા માટે વરસાદી પાણીનો અર્થપૂર્ણ ઉપયોગ કરવા માટેના જળ સંસાધનોનું નિર્માણ કરવાની જરૂર છે. તેમજ વહી જતાં અને વેડફાતા પાણીની સમસ્યા હલ કરવાની આવશ્યકતા છે. સિંચાઈ યોજનાઓ પાછળ વિપુલ ખર્ચ થઈ ચૂક્યું છે અને ખર્ચના પ્રમાણમાં સિંચાઈ સુવિધા અલ્પ રહેવા પામી છે. દેશમાં હાલ માત્ર 40 ટકા ખેતીની જમીનમાં સિંચાઈ સુવિધા છે. આથી દેશની નાણાકીય તંગી જોતાં લોક ભાગીદારીથી વરસાદી પાણીનો અર્થપૂર્ણ સંચય થાય તેવા જળસંસાધનોનું નિર્માણ કરવાની જરૂર છે. આવાં સાધનોનું નિર્માણ પૂર્ણરોજગારી પૂરી પાડવામાં મહત્ત્વનો ફાળો આપી શકે.*

- **ટેકારૂપ સાધનો :** *ગ્રામીણ વિસ્તારમાં ખેતી અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓને ટેકારૂપ બને તેવા રસ્તા, વીજળી અને પાણીનાં સાધનો ઊભાં કરવાની જરૂર છે. તેમજ ગ્રામીણ વિસ્તાર સાથે બંધબેસતાં હોય તેવા ગ્રામીણ ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આવાં સાધનો રોજગારીની તકો વધારવામાં, પૂર્ણ રોજગારી પૂરી પાડવામાં તેમજ આજીવિકાનાં વૈકલ્પિક કે પૂરક સાધનો ઊભાં કરવામાં સહાયરૂપ બની શકે છે. આવાં સાધનો દ્વારા ગ્રામીણ વિસ્તારમાં ખાનગી તેમજ સામુદાયિક સંપત્તિનું સર્જન પણ થઈ શકે.*
- **કૃષિ યંત્રવિજ્ઞાનના વિકાસની આવશ્યકતા :** *પૂર્ણ રોજગારી અને પર્યાપ્ત આવક મેળવી આપવામાં સહાયરૂપ બને તેવા કૃષિ યંત્રવિજ્ઞાનના વિકાસની આવશ્યકતા રહેલી છે. આ દ્વારા ખેડૂત, ખેતમજૂર અને ખેતરની ઉત્પાદકતામાં વૃદ્ધિ થઈ શકે. કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ કરવામાં સહાયરૂપ બને તેવાં કૃષિ સંશોધનો તેમજ મંદ કે નિષ્ક્રિય બની ગયેલા કૃષિ વિસ્તરણ કાર્યક્રમોને સક્રિય તથા અસરકારક બનાવવાની જરૂર છે. સ્ત્રીઓને સક્રિય તથા અસરકારક બનાવવાની જરૂર છે. તેમાં ખાસ કરીને સ્ત્રીઓને જરૂરિયાતો પૂરી પાડી શકાય તેવાં સંશોધનો, યંત્રવિજ્ઞાન તથા વિસ્તરણ સેવા વિસ્તારવાની આવશ્યકતા છે. વિશેષ કરીને નાના અને સીમાંત ખેડૂતો તેના લાભો મેળવી શકે તેવી સ્થિતિનું નિર્માણ કરવાની આવશ્યકતા છે. એટલું જ નહીં પરંતુ જમીન અને ખેડૂતની ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય તે માટેના પગલાં લેવાની જરૂર છે ?*
- **આજીવિકાનાં સાધનો વિકસાવવાં :** *પશુપાલન, ડેરીઉદ્યોગ, મરઘાંઉછેર અને નાના ઉદ્યોગો દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારના ગરીબો અને વંચિતો માટે આજીવિકાનાં સાધનો વિકસાવવાની જરૂર છે. આ માટે આવશ્યક યંત્રવિજ્ઞાન, પ્રક્રિયાઓ અને બજારની ગોઠવણો પણ જરૂર બને છે. આની સાથોસાથ પશુસંવર્ધન કાર્યક્રમો દ્વારા ગ્રામીણ વિસ્તારના લોકોને આજીવિકાનું સાધન પુરું પાડી શકાય.*
- **આર્થિક વિકાસ અને પર્યાવરણની સુરક્ષા સહગામી બનાવવી :** *પર્યાવરણનો વિનાશ કરતો વિકાસ ગરીબી, બેરોજગારી અને રોગો પેદા કરે છે. પર્યાવરણનો વિનાશ દ્વારા થતા વિકાસથી ગરીબોનાં સાધનો અમીરોના હાથમાં જાય છે. આથી આર્થિક વિકાસ અને પર્યાવરણની સુરક્ષા સહગામી બનાવવાની આવશ્યકતા છે.*

*બધા પ્રકારનો આર્થિક વિકાસ ગરીબી નિવારણમાં ફાળો આપતો નથી. ભોપાલ દુર્ઘટના અને તેના જેવી બીજી માનવ સર્જિત દુર્ઘટનાઓ, નદીઓનું પ્રદૂષણ. જળસ્ત્રોતોનું શોષણ વગેરે વિનાશાત્મક વિકાસ છે. વળી, જંગલોનો વિનાશ, ડેમો, મોટા ઉદ્યોગ વગેરેને લીધે અસંખ્ય લોકોના વિસ્થાપનથી લોકોની આજીવિકાનું સાધન ઝુંટવાઈ જવા પામે છે. તેઓ ભૌતિક રીતે જ નહીં પરંતુ સામાજિક, માનસિક અને સામુદાયિક રીતે વિસ્થાપિત થાય છે. વિસ્થાપનથી*

*લોકોની આજીવિકાનું સાધન ઝુંટવાઈ જવા પામે છે. તેઓ ભૌતિક રીતે જ નહીં પરંતુ સામાજિક, માનસિક અને સામુદાયિક રીતે વિસ્થાપિત થાય છે. વિસ્થાપનથી લોકોની આજીવિકાનું સાધન ઝુંટવાઈ જવા પામે છે. તેઓ ભૌતિક રીતે જનહીં પરંતુ સામાજિક, માનસિક અને સામુદાયિક રીતે વિસ્થાપિત થાય છે. વિસ્થાપન દ્વારા થતો વિકાસ ગરીબીમાં વધારો કરે છે અને ગરીબીને વધુ ગંભીર બનાવે છે. વળી તેનાથી પર્યાવરણનું અધઃપતન થાય છે, જેનો ભોગ ગરીબો બને છે. તેમાંય ખાસ કરીને તેનો વિશેષ ભોગ ગરીબ સ્ત્રીઓ અને બાળકો બને છે. વિસ્થાપિતોનાં બાળકો શિક્ષણથી વંચિત રહેવા પામે છે. ગરીબ લોકો જીવનનિર્વાહ માટે કુદરત ઉપર આધાર રાખે છે. જંગલોના વિનાશના પરિણામે ગરીબ સ્ત્રીઓને બળતણ માટે ભટકવું પડે છે. પાણીના બગાડ અને ખેતીમાં પાણીના વધુ પડતા વપરાશથી ભૂગર્ભ જળ ઊંડાં જાય છે અને પાણીની તંગી પેદા થાય છે. પરિણામે સ્ત્રીઓએ ઘરવપરાશ માટેનું પાણી દૂરદૂરથી લાવવું પડે છે. ઘાસચારા માટે પણ સ્ત્રીઓએ ભટકવું પડે છે. આમ સમય અને શક્તિનો વ્યય થાય છે. સ્ત્રીએ આ કામ કરવું પડતું ન હોત તો તે આવક મેળવી આપતું કોઈ કામ કરી શકત. બળતણ, પાણી અને ઘાસચારા માટે સ્ત્રી ઘર બહાર જાય છે ત્યારે ઘરની અને નાના ભાઈ-બહેનની દેખરેખ રાખવાનું કામ ભણવાની ઉંમરના સંતાનને સોંપે છે. પરિણામે તે બાળક શિક્ષણથી વંચિત રહે છે. આથી આર્થિક વિકાસ અને પર્યાવરણની સુરક્ષા સહભાગી બનાવવાની આવશ્યકતા છે.*

- **વનનીતિમાં ફેરફારની આવશ્યકતા :** *જંગલ વિસ્તારમાં રહેતા ગરીબોને આવક પેદા થાય તે રીતે સરકારી બિનખેડાણ જમીનમાં તેમજ ગરીબોની બિનખેડાણ જમીન ઉપર સામાજિક વનીકરણને પ્રોત્સાહન આપવું જરૂરી છે. જંગલની જમીનના પર્યાપ્ત ઉપર સામાજિક વનીકરણને પ્રોત્સાહન આપવું જરૂરી છે. જંગલની જમીનના પર્યાપ્ત ઉપયોગને પ્રોત્સાહન મળે અને વન પેદાશોને પર્યાપ્ત બજાર મળે તે માટે વન નીતિમાં ફેરફાર કરવો આવશ્યક છે. સમયના વહેણમાં વનનીતિ બદલવામાં આવી છે અને તેમાં આદિજાતિઓને તેમના વનઅધિકારો મળવા લાગ્યાં છે.*

*આદિવાસી સમુદાયમાં સ્ત્રીઓ તેમના કુટુંબના ભરણપોષણ માટે જંગલ ઉપર આધાર રાખે છે. જંગલ પરના તેમના પરંપરાગત હક્કોને રક્ષણ આપી જંગલની પેદાશો સ્ત્રીઓ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવી આવશ્યક છે. આવી વ્યવસ્થા આદિવાસી સ્ત્રીઓનું સશક્તિકરણ કરવામાં તેમજ જંગલોને સજીવન કરવામાં ઉપયોગી બની શકે તેમ છે. આદિવાસી સ્ત્રીઓને સંચાલક, ખાદ્ય સંકલક, રોજી કમાનાર અને ઉત્પાદક તરીકે સ્વીકૃતિ મળવી જરૂરી છે. વન નીતિ (ફોરેસ્ટ પોલીસી) આ દૃષ્ટિએ ઘડાય અને અમલમાં મુકાય તે જરૂરી છે. આ ઉપરાંત વનીકરણ અને ટેકનોલોજીનું અદ્યતીકરણ કરવાની આવશ્યકતા રહેલી છે. આદિવાસી વિસ્તારના કારીગરોને જંગલનું લાકડું, વાંસ વગેરે*

*આવશ્યકતા મુજબ ઉપલબ્ધ બનાવવું જરૂરી છે. ઔષધીય વનસ્પતિને અગ્રતા આપવી, ઉત્પાદક રોજગારી પેદા થાય, ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય, નવી પેદાશો ઉપલબ્ધ બને તથા વન્ય પેદાશો માટેનું નવું બજાર ઊભું થાય તે માટેના પ્રયાસ કરવા જરૂરી છે. વન પેદાશોમાં સ્પર્ધાનું તત્ત્વ દાખલ કરવાની જરૂર છે. આદિવાસી વિસ્તારોમાં પ્રોસેસિંગ એકમો ઊભા કરવા જોઈએ. આદિવાસીઓ અને સ્થાનિક જૂથો દ્વારા આવા એકમો ઊભા થાય અને તેમાં વનવિભાગ સહાયક તરીકેની ભૂમિકા ભજવે તે જરૂરી છે. હવે આવી બધી કામગીરી અને ફેરફારો કરવામાં આવી રહ્યાં છે.*

- **સરકારી નિયમોનું ઉલ્લંઘન નિયંત્રિત કરવાની જરૂર :** *વેતન રોજગારી અપ્રાપ્ત છે. સ્ત્રી કામદારોને ઓછું વેતન મળે છે. રોજગારીમાં સ્ત્રીઓ માટેની અનામતની ટકાવારી જળવાય તે જરૂરી છે.*

### 8.2.3 સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો (Health Care Needs)

*સમાજ કલ્યાણની એક મહત્ત્વની જરૂરિયાત ભારતની વસતિની સ્વાસ્થ્ય સંભાળને લગતી છે. વિકસિત દેશોની સરખામણીમાં ભારતના લોકોનું આરોગ્ય સ્તર નીચું છે. ભારતમાં બિનગરીબો કરતાં ગરીબોનું, સાધન-સંપન્ન લોકો કરતાં વંચિત સમૂહોનું, શહેરીજનો કરતાં ગ્રામજનોનું, પુરુષો કરતાં સ્ત્રીઓનું અને બાળકોનું આરોગ્ય સ્તર નીચું છે. બાળ મરણનું ઊંચું પ્રમાણ, ખોરાકજન્ય અને પાણીજન્ય રોગોનું ઊંચું પ્રમાણ, વ્યાપક ગંદકી વગેરે ભારતની વસતિના નીચા આરોગ્ય સ્તરના સૂચક છે. સ્વાસ્થ્ય સેવાઓ, કુટુંબ કલ્યાણ અને પોષણ સેવાઓ દ્વારા આરોગ્ય સ્તર સુધારી શકાય. ખાસ કરીને ભારતના નબળા અને વંચિત સમૂહોના સ્વાસ્થ્ય સંભાળની જરૂરિયાતો પૂરી પાડવી તેમજ જાહેર આરોગ્ય સુધારવું તે આવશ્યક છે. આ આવશ્યકતા પૂરી પાડવાના કાર્યક્રમો અમલમાં મૂકાઈ રહ્યાં છે.*

**(i) સ્વાસ્થ્ય અર્થાત્ આરોગ્ય એટલે શું ? :** *સ્વાસ્થ્ય અર્થાત્ આરોગ્ય એટલે રોગો અને ખોડખાંપણનો અભાવ તેમજ શારીરિક, માનસિક અને સામાજિક રીતે સંતોષકારક સ્થિતિ. આવી સ્થિતિને સંતોષકારક આરોગ્ય-દરજ્જો કહેવાય. સંતોષકારક આરોગ્ય-દરજ્જો વ્યક્તિ, કુટુંબ અને રાષ્ટ્રની સંપત્તિ છે. વ્યક્તિની ઉત્પાદકતાનો આધાર તેનું આરોગ્ય છે.*

*આરોગ્ય એટલે તન અને મનની સ્વસ્થ સ્થિતિ. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર 'શારીરિક, માનસિક અને સામાજિક રીતે સંપૂર્ણપણે સંતોષકારક સ્થિતિને આરોગ્ય કહેવાય.'*

*ગ્રામીણ અને નગર વિકાસનું એક પાસું સંપત્તિ સર્જન કરે છે અને સંપત્તિનો સર્જક માણસ છે. માણસનું આરોગ્ય સંપત્તિ સર્જનનું મહત્ત્વનું સાધન છે. આથી કહેવાયું છે કે આરોગ્ય જળવાય તો માણસ લાંબી જિંદગી જીવી શકે અને સ્ફુર્તિથી પોતાનું કામ કરી શકે, તેની ઉત્પાદકતા ઊંચી રહેવા પામે.*

*અનારોગ્ય કે બીમારી કે રોગિષ્ઠપણું માણસના તન, મન અને વ્યક્તિત્વ પર વિપરિત અસર કરે છે અને કામ કરવાની શક્તિ ગુમાવે છે અથવા તેની ઉત્પાદકતા નીચી રહેવા પામે છે, તેમજ સમાજ માટેનાં જરૂરી કાર્યોમાં અવરોધ પેદા થાય છે. સમાજમાં વ્યક્તિગત અને જાહેર આરોગ્યનું સ્તર નીચું હોય તો તે ગ્રામીણ અને નગર વિકાસની પ્રક્રિયામાં અવરોધરૂપ બને છે.*

**(ii) સ્વાસ્થ્ય સંભાળ એટલે શું ? :** *સ્વાસ્થ્ય સંભાળ એટલે વ્યક્તિનું આરોગ્ય બગડે કે રોગનો ભોગ બને કે અકસ્માતનો ભોગ બને ત્યારે તેના ઉપચાર અને સારવાર માટેની તબીબી સુવિધાઓ અને સેવાઓ પૂરી પાડવી તેમજ સ્વાસ્થ્યની જાળવણી થાય પરિસ્થિતિનું નિર્માણ કરવું, જેમાં પીવાનું શુદ્ધ પાણી, પોષણયુક્ત આહાર, ગંદકી નાબૂદી અને સ્વચ્છતા પ્રબંધ, બિનચેપી અને ચેપી રોગો સામે રક્ષણ વગેરે સમાવેશ થાય છે.*

**(iii) બંધારણ અને આરોગ્ય સેવાઓ :** *જાહેર આરોગ્ય અને સ્વચ્છતા પ્રબંધ રાજ્યનો વિષય છે. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને તેમની આ કામગીરી કરવામાં સહાયક ભૂમિકા ભજવે છે. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલમ 47 અનુસાર રાજ્યમાં લોકોના પોષણની કક્ષા અને જીવનધોરણ ઊંચા લાવવાં અને જાહેર આરોગ્ય સુધારવું, તેને રાજ્ય પોતાની પ્રાથમિક ફરજોમાં ગણશે અને ખાસ કરીને રાજ્ય, ઔષધોના હેતુ સિવાય, માદક પીણાંના તેમજ આરોગ્યને હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરશે. બંધારણની સમિતી અનુસૂચિની રાજ્ય યાદી અનુસાર જાહેર આરોગ્ય અને સફાઈ, હોસ્પિટલો અને દવાખાનાં રાજ્યનો વિષય છે. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને આરોગ્ય નીતિનું ઘડતર, ચેપી અને બિનચેપી રોગોનું નિયંત્રણ, તબીબી શિક્ષણ, ઔષધ નિયંત્રણ, ખોરાકમાં ભેળસેળ અટકાયત, વસતિ નિયંત્રણ, બાળક અને માતાની સલામતી તેમજ રસીકરણ કાર્યક્રમોમાં સહાયક બને છે.*

**(iv) ભારતમાં આરોગ્યની સ્થિતિ અને તેની અસર :** *તન અને મનના આરોગ્યનો ઘણોખરો આધાર આહાર અને પોષણ ઉપર રહેલો છે. આહારનું બંધારણ અને ગુણવત્તા આરોગ્ય ઉપર અસર કરે છે. આરોગ્યની જાળવણી માટે પર્યાપ્ત અને સમતોલ અર્થાત્ દૈનિક 2300 થી 2400 કેલરી મળી રહે એટલો અને એવો ખોરાક મળવો જોઈએ. ખોરાકી વસ્તુઓ પ્રોટીન, કેલ્શિયમ, વિટામિનો, ખનીજ તત્ત્વો, ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ વગેરે યોગ્ય પ્રમાણમાં મળી રહે તો પૂરતું પોષણ મળ્યું કહેવાય. સમતોલ આહાર મળે તો વ્યક્તિ પોતાનું આરોગ્ય જાળવી શકે અને પોષકતત્ત્વોના અભાવે કે અલ્પ પોષણના કારણે થતા રોગોથી બચી શકે. તેની સાથોસાથ પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે પણ રોગમુક્ત રહેવા માટે જરૂરી છે. પરંતુ ભારતમાં સરેરાશ વ્યક્તિને પર્યાપ્ત પોષ્ટિક આહાર અને પીવાનું શુદ્ધ પાણી મળતું નથી. ભારતમાં અપૂરતું પોષણ મેળવતા લોકોની સંખ્યા વિશાળ છે.*

ગ્રામીણ અને નગર સમાજમાં લગભગ 26 ટકા લોકો ગરીબ છે તેઓ અલ્પપોષણ અને અપપોષણને લીધે રોગોનો ભોગ બને છે. ઘણાં ગ્રામીણ અને નગર સમુદાયોમાં પીવાના શુદ્ધ પાણીની સમસ્યા છે. વિપરીત આહાર, ભેળસેળયુક્ત આહાર, ઠંડો અને વાસી ખોરાક, ખુલ્લો ખોરાક આરોગ્યને હાનિ કરે છે. ડૉ. ગોરેના અભ્યાસમાં જણાયું હતું કે સ્ત્રીની તાબેદારીની સાંસ્કૃતિક પ્રથાને લીધે પુરુષો જમી લે પછી સ્ત્રીઓ જમે છે, આથી સ્ત્રીઓને પ્રમાણમાં ખોરાક ઓછો મળે છે. વળી, ધાર્મિક માન્યતાઓ અને રિવાજગત ઉપવાસ અને એકટાણાથી અલ્પપોષણ અને અપપોષણમાં વધારો થાય છે, જે શરીરમાં જુદા જુદા પ્રકારની ખામીઓ પેદા કરે છે અને ખામીજન્ય રોગો પેદા કરે છે.

ગ્રામીણ અને નગર વિસ્તારોમાં ઘણાં લોકોની રહેઠાણની પરિસ્થિતિ બિનઆરોગ્યપ્રદ હોય છે. નગરોના ગંદા વસવાટો, ગીચ લત્તાઓ બિનઆરોગ્યપ્રદ હોય છે. ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગના લોકોનાં મકાનો સાંકડાં અને બિનસ્વાસ્થ્યપ્રદ તથા અસુવિધાજનક હોય છે, હવા-ઉજાસનો અભાવ હોય છે, સંડાસ, પાણી-ગટરની યોગ્ય વ્યવસ્થા હોતી નથી. મકાનની આસપાસ ગંદુ પાણી ફેલાયેલું હોય છે, કચરો અને ગંદકી સામાન્ય હોય છે. આથી પ્રદૂષિત હવા, પાણી મળે છે અને મચ્છરજન્ય રોગો પેદા થાય છે જે આરોગ્ય ઉપર વિપરીત અસર કરે છે અને વાતાવરણજન્ય રોગો પેદા કરે છે.

ભારતના લોકોનું આરોગ્ય સ્તર 1947 સુધી ઘણું નીચું હતું. વ્યાપક ગરીબી, બેકારી, નિરક્ષરતા પ્રવર્તતી હતી. ડૉક્ટરી સારવાર, દવાખાનાં, નર્સો, જીવનરક્ષક દવાઓ વગેરે લોકોને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતાં નહોતાં. ગામડાંઓમાં તો ડૉક્ટરો, દવા અને દવાખાનાની સગવડ નહિવત હતી. 1947 સુધી લોકોનું સરેરાશ આયુષ્ય માત્ર 32 વર્ષ હતું. વિદેશી સરકાર લોકોની આરોગ્યની સમસ્યાઓ પ્રત્યે ઉદાસીન હતી. ગંદકી, મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ, પીવાના ચોખ્ખા પાણીની અછત વગેરે કારણોસર લોકો અનેક રોગોનો ભોગ બનતા. બાળમરણ અને માતૃમરણનું પ્રમાણ પણ ઘણું ઊંચું હતું. શિતળા, પ્લેગ, કોલેરા જેવા રોગોમાં અસંખ્ય માણસોના મરણ છતાં આરોગ્ય સુધારણા પરત્વે બ્રિટિશ સરકારે ખાસ લક્ષ આપ્યું નહોતું.

બાળકોનું અનારોગ્ય તેના શૈક્ષણિક દરજ્જા ઉપર વિપરીત અસર કરે છે. તે બાળકની શૈક્ષણિક સિદ્ધિને મંદ પાડે છે અને અન્ય અધિકારોના ભોગવટાથી વંચિત રાખે છે. બાળક તેના નીચા આરોગ્યસ્તરને લીધે પર્યાપ્ત જીવનધોરણ જાળવવા અક્ષમ બને છે. પોતાની સામાજિક ઓળખ ઊભી કરવામાં અવરોધ અનુભવે છે અને પોતાનો વિકાસ કરવાના અધિકારથી વંચિત રહેવા પામે છે. તેનામાં આવશ્યક કૌશલ્યો વિકસતા નથી અને પોતાની જાત અંગેનો ખ્યાલ તંદુરસ્ત બાળકોની તુલનામાં અપરિપક્વ રહેવા પામે છે. નીચા

*આરોગ્યસ્તરને લીધે બાળક લઘુતાગ્રંથિથી પીડાવા લાગે છે અને રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેમાં સહભાગી બની શકતું નથી. અને તેની ઉત્પાદકતા પણ નીચી રહેવા પામે છે. એ જ રીતે સ્ત્રીનું અનારોગ્ય સમગ્ર કુટુંબની જીવન પરિસ્થિતિ ઉપર વિપરિત અસર કરે છે કારણ કે સ્ત્રી કુટુંબ જીવનની ધરી છે. બાળકો સહિત સ્ત્રીઓ અને પુરુષોનું અનારોગ્ય દેશના આર્થિક-સામાજીક વિકાસ ઉપર વિપરીત અસર કરે છે. વિકાસનું એક પાસું સંપત્તિ સર્જન છે અને સંપત્તિનો સર્જક માણસ છે અને બાળકો ભારતનું ભવિષ્ય છે. આથી માણસનું આરોગ્ય સંપત્તિ સર્જનનું મહત્ત્વનુ સાધન છે. આથી જ* 'Health is Wealth' *કહેવાયું છે.*

**(v) સ્વાંતત્ર્ય પ્રાપ્તિ બાદ આરોગ્ય સ્તરમાં સુધારો :** *ભારતને સ્વાતંત્ર્ય મળ્યા બાદ જાહેર આરોગ્ય ક્ષેત્રે દેશે નોંધપાત્ર પ્રગતિ કરી છે. બંધારણમાં આરોગ્યને રાજ્યના વિષય તરીકે મૂકવામાં આવ્યો છે. આમ છતાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ માટે વિવિધ સ્વરૂપે મદદ કરે છે. ભારતને સ્વાતંત્ર્ય મળ્યું ત્યારે મૃત્યુદર પ્રત્યેક* 1000*ની વસ્તીએ* 27.4 *હતો તે* 1998*માં ઘટીને* 9 *થયો છે. એ જ રીતે બાળમરણનો દર પ્રતિ* 1000*ની વસ્તીએ* 134 *હતો તે ઘટવા લાગ્યો છે. આયુષ્યની ધારણા* 32 *વર્ષ હતી તે વધીને આશરે વધીને* 65 *વર્ષ જેટલી થઈ છે. રક્તપિત્ત, પોલિયો, નવજાતિ શિશુઓને થતા ધનુર્વાના રોગ, આયોડિનની ખામીથી થતા રોગો વગેરેમાંથી મુક્ત થવા માટે દેશ સ્થિર રીતે આગળ વધી રહ્યો છે. ભારત હવે પોલિયો મુક્ત દેશ બન્યો છે.*

*મોટા રોગોથી થતાં મૃત્યુ અને માંદગીનું પ્રમાણ ઘટાડવા માટે અનેક રાષ્ટ્રીય કક્ષાના કેન્દ્ર સરકાર દ્વારા પ્રેરિત આરોગ્ય કાર્યક્રમો હાથ ધરવામાં આવેલા છે. આવા મહત્ત્વના કાર્યક્રમોમાં મેલેરિયા નાબૂદી, અંધત્વ નિવારણ, એઈડ્ઝ અને જાતીય રોગોનું નિયંત્રણ, રક્તપિત્ત અને ટી.બી.નાબૂદી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હૃદયના રોગો અને ડાયાબિટીઝ જેવા રોગોના ઉપચાર અને સારવાર માટે પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.*

*રાષ્ટ્રીય એન્ટી-મલેરિયા પ્રોગ્રામ એ વિશ્વનો સૌથી વિશાળ આરોગ્ય કાર્યક્રમ છે. આ કાર્યક્રમને મેલેરિયા નિયંત્રણમાં સારી એવી સફળતા મળી છે. અન્ય રોગો જેવા કે ફિલેરિયા, ડેન્ગ્યુ, આયોડિનની ખામીથી થતા રોગો, માનસિક રોગો, કેન્સર, હૃદય અને ફેફસાના રોગો વગેરેના ઉપચાર અને નિવારણ માટે અનેક કાર્યક્રમો ચલાવવામાં આવે છે. પ્રસૂતા સ્ત્રીઓ, ગરીબ કુટુંબનાં બાળકો, નવજાત શિશુઓ વગેરેને પોષણદાયક આહાર પૂરો પાડવાની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. દેશમાં વિશાળ પાયા પર દવા ઉદ્યોગ વિકસાવવામાં આવ્યો છે અને તેમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ વધતો રહ્યો છે. આરોગ્ય જાળવણીની સુવિધાઓમાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે. મેડિકલ શિક્ષણ*

*આપતી તથા નર્સ અને મિડવાઈફને તાલીમ પૂરી પાડતી સંસ્થાઓમાં સારી પેઠે વધારો થયો છે. મેડિકલ કોલેજોની સંખ્યામાં વધારો થયો છે. જિલ્લા કક્ષાની અને સબ-ડિવિઝનલ હોસ્પિટલોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. ગામડાંઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે, જેમાંથી ગ્રામીણ લોકોને માંદગી વખતે સારવાર અને દવાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત અનેક પ્રકારની નવી જીવનરક્ષક દવાઓ અને રસીઓ દેશમાં બનાવવામાં આવે છે તથા વિદેશોમાંથી આયાત પણ કરવામાં આવે છે. શિક્ષણના વિકાસના કારણે લોકોમાં પણ હેલ્થ પ્રત્યેની જાગૃતિમાં વધારો થયો છે. આમ, સમગ્ર રીતે જોતાં સ્વાતંત્ર્ય પહેલાના સમયની તુલનામાં સ્વાતંત્ર્ય બાદ આરોગ્ય ક્ષેત્રે ઘણો સુધારો નોંધાયો છે. ઘટી રહેલું મરણપ્રમાણ, બાળમરણ પ્રમાણ, માતૃમરણ પ્રમાણ તથા વધી રહેલું આયુષ્ય તેનો પુરાવો છે.*

*આરોગ્ય ક્ષેત્રે એટલો વિકાસ થવા છતાં દેશની વસ્તીના પ્રમાણમાં તે અપૂરતો છે. આ ઉપરાંત વિકસિત દેશોની તુલનામાં હજી ભારતના લોકોનું આરોગ્યસ્તર નીચું છે. હજી દેશમાં કરોડો લોકોને પૂરતો પોષણદાયક ખોરાક મળતો નથી. પીવાનું શુદ્ધ પાણી બધી વસ્તીને પુરું પાડી શકાતું નથી. ઉદ્યોગો અને શહેરોમાં બિનઆયોજિત વિકાસના કારણે પ્રદૂષણમાં તીવ્ર વધારો થયો છે, જેની લોકોના આરોગ્ય સ્તર પર વિપરીત અસરો પડે છે. મોટાં શહેરોમાં હૃદય અને ફેફસાંના રોગોના પ્રમાણમાં થતા વધારા માટે કેટલેક અંશે પ્રદૂષણ કાણભૂત છે. દેશમાં 29 કરોડ લોકો હજી ગરીબી રેખા નીચે જીવે છે. તેઓને માંદગીમાં મોંઘી દવાઓ અને સારવાર લેવાનું ખર્ચ પોષાતું નથી. આ એકંદરે જોતાં દેશમાં છેલ્લાં 50 વરસોમાં આરોગ્ય સ્તરમાં સારો સુધારો થવા છતાં વિકસિત દેશોની તુલનામાં આરોગ્ય સ્તર નીચું છે અને લોકો આરોગ્યની સમસ્યાઓથી પીડાય છે. શહેરોની તુલનામાં ગામડામાં તબીબી સુવિધાઓ પ્રમાણમાં અલ્પ છે. પુરુષો કરતા સ્ત્રીઓના આરોગ્યનું સ્તર નીચું છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં એઈડ્સ જેવા રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. આરોગ્યનું સ્તર નીચું અને વ્યાપક રોગો લોકોની કાર્યશક્તિ ઘટાડે છે જે આર્થિક વિકાસ ઉપર વિપરીત અસર કરે છે. આરોગ્ય સુધારણા અને ચેપી રોગોના અટકાયત અને નિયંત્રણ પાછળ જંગી રકમ ખર્ચ કરવી પડે છે જે ગ્રામીણ અને નગર વિકાસમાં અવરોધરૂપ બને છે.*

**(vi) સ્વાસ્થ્ય સંભાળની વર્તમાન સ્થિતિ :** *સ્વાસ્થ્ય સંભાળના પગલાને લીધે માતૃમરણ અને બાળમરણમાં ઝડપી ઘટાડો થયો છે. પરંતુ ચેપી અને બિનચેપી રોગો તથા પોષણની સમસ્યાઓ ગંભીર છે. પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના બાળકોનું પોષણસ્તર ઊંચું લાવવામાં સંભાવનાઓ રહેલી છે. નિયત ધોરણો મુજબ આ યોજનાનો અમલ થતો નથી. રાજ્ય સરકારો માટે નાણાંની તંગીને કારણે આ યોજનામાં રાજ્યની બધી પ્રાથમિક શાળાઓને આવરી લેવાનું શક્ય ન હોય તો*

*માત્ર પછાત અને આદિવાસી વિસ્તારોની બધા પ્રાથમિક શાળાઓને આ યોજનાનો નિયત ધોરણો અનુસાર અમલ થાય તો વધારાના પૂરક પોષણની તીવ્ર જરૂરિયાતવાળા બાળકોને લાભાન્વિત બનાવી શકાય. આ યોજનાને અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે આવો ફેરફાર આવશ્યક બન્યો છે.*

*સમગ્ર દેશમાં સ્વાસ્થ્ય સંભાળના ધોરણો અને માળખું તથા તબીબી સ્ટાફ સમાન હોવા છતાં સ્વાસ્થ્ય સેવાઓની ઉપલબ્ધિ અને ઉપયોગમાં તફાવતો છે. આથી દેશની વસતિના આરોગ્ય સ્તરમાં પણ તફાવતો છે. આરોગ્ય સેવાઓનું ત્રિસ્તરીય માળખું ઊભું કરવામાં આવ્યું છે. હવે પંચાયતી રાજની સંસ્થાઓને સત્તા સોંપવામાં આવી છે તેથી જાહેર સ્વાસ્થ્ય સંભાળ પૂરી પાડવાની સ્થાનિક જવાબદારી રહે છે. સ્વાસ્થ્ય સેવા અંગેની કામગીરીનો પ્રશ્ન સ્થાનિક રીતે હલ કરી શકશે એવી ધારણા બાંધવામાં આવી છે.*

**(vii) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ :** 2002*ની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિનો મુખ્ય હેતુ જાહેર આરોગ્ય વ્યવસ્થાના વિકેન્દ્રીકરણ દ્વારા વસતિમાં સ્વાસ્થ્યના સ્વીકાર ધોરણની જાળવણી કરવાનો છે. આ હેતુ સિદ્ધ કરવા માટે જે વિસ્તારોમાં આરોગ્યનું સ્તર નીચું હોય તે વિસ્તારોમાં નવી આરોગ્ય સંસ્થા સ્થાપવામાં આવે છે; પ્રવર્તમાન આરોગ્ય સંસ્થાઓનું ધોરણ ઊંચું લઈ જવામાં આવે છે; સૌને સમાનતાના ધોરણે સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ બને તેવી વ્યવસ્થા કરવામાં આવે છે; એટલે કે 'સર્વ માટે આરોગ્ય'ની નીતિ અપનાવી છે. અને કેન્દ્ર સરકારની આર્થિક સહાય દ્વારા રાજ્ય સરકારો જાહેર સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડી શકે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.*

*જાહેર સ્વાસ્થ્યનું ધોરણ ઊંચું લઈ જવામાં કેન્દ્ર સરકારની ચાવીરૂપ ભૂમિકા જાહેર સ્વાસ્થ્ય માટે બજેટમાં નાણાકીય જોગવાઈ કરવાની છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમના બજેટમાં સ્વાસ્થ્ય સેવાઓ માટે નાણાંકીય જોગવાઈ કરે છે. પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ અને સુવિધાઓ વિસ્તારવા માટેની નીતિમાં સમાનતાને અગ્રતા આપવામાં આવી છે. એટલે કે 'સર્વ માટે આરોગ્ય'ને અગ્રતા અપાય છે. જાહેર આરોગ્ય માટે બજેટમાં થયેલી નાણાંકીય જોગવાઈની* 55 *ટકા રકમ પ્રાથમિક આરોગ્ય માટે ઉપયોગમાં લેવાનું રહે છે. આ ઉપરાંત કેન્દ્રના ભંડોળમાંથી આવશ્યક દવાઓની જોગવાઈ કરવામાં આવી છે.*

*આરોગ્ય નીતિના અમલમાં કેન્દ્રાનુગામી અભિગમ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ અભિગમ મુજબ રાષ્ટ્રના આરોગ્ય કાર્યક્રમોને ક્રમે ક્રમે રાજ્ય સરકારોના વિકેન્દ્રિત જાહેર આરોગ્ય તંત્ર દ્વારા તેમજ રાજ્ય અને જિલ્લાની સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવે તે બાબત પર ભાર મૂકવામાં આવે છે. જાહેર આરોગ્ય તંત્રનો પરિણામલક્ષી ઉપયોગ કરવા માટે જુદાં જુદાં ક્ષેત્રોના બધા આરોગ્ય કાર્યક્રમો ધીમે ધીમે એક જ ક્ષેત્રમાં કેન્દ્રિત થાય તે બાબત*

*પર ભાર મૂકવામાં આવ્યો છે. આમ, આરોગ્ય સેવાઓને પરિણામલક્ષી બનાવવા માટે કેન્દ્રાનુગામી અભિગમ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વધુમાં સ્વાસ્થ્ય સેવાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિક સમાજના અન્ય સભ્યોની ભાગીદારી પણ સ્વીકારવામાં આવી છે.*

*આ નીતિના અસરકારક અમલ માટે પીવાનું શુદ્ધ પાણી, મૂળભૂત સફાઈ, શુદ્ધ પર્યાવરણ, લઘુત્તમ પોષણ વગેરે અંગે પૂરક પ્રયાસો તેમજ શાસનના ધોરણમાં સુધારો આવશ્યક બની રહે છે. આવશ્યક પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ સેવા, રોગ નિયંત્રણ સેવા અને કુટુંબ કલ્યાણ સેવાઓ જરૂરિયાતમંદ લોકોને મફત ઉપલબ્ધ બને તે માટે કરવાનું ઉચિત બનાવામાં આવ્યું છે.*

### 8.2.4 રહેઠાણની જરૂરિયાતો (Housing Needs)

*રહેઠાણ એટલે કે ઘર માનવીની પાયાની જરૂરિયાત છે. ઘર એ માનવીના રોજિંદા જીવનનું એકમ છે તે લાગણીઓ, ભાવનાઓ અને પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. ઘર એ કુટુંબનું નિવાસસ્થળ છે. તે સહરહેઠાણ અને સહભોજી એકમ છે. તે ઉત્પાદન, પ્રજોત્પાદન અને બાળકના પ્રાથમિક સમાજીકરણનું કાર્ય કરતું સ્થળ છે.*

*ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસતાં કુટુંબોની સરખામણીમાં રહેઠાણનાં મકાનોની અપર્યાપ્તતા છે. ઘણા લોકો ઘરબાર વગર જીવન જીવે છે. ઘણાં લોકો કુટુંબના સભ્યો માટે રહેણાંકની સંકડાશમાં જીવન જીવે છે. ઘણા લોકો નાગરિક જીવનની સુવિધાઓ (પાણી, વીજળી, સંડાસ, બાથરૂમ)ના અભાવવાળા અને માનવજીવન માટે અયોગ્ય રહેઠાણોમાં જીવન વિતાવે છે તો ઘણા લોકો નાગરિક જીવનની અલ્પ સુવિધાવાળા મકાનોમાં જીવન જીવે છે. ભારતના ગામડામાં રહેઠાણની સમસ્યાનું ગંભીર ચિત્ર રજૂ કરે છે. રહેઠાણ માનવીની પાયાની જરૂરિયાત છે. રહેઠાણની સમસ્યાનો ભોગ બનેલી વસતિના સામાજિક કલ્યાણ માટે તેમનાં રહેઠાણની જરૂરિયાતો પૂરી પાડવી આવશ્યક છે, તે વિના તેઓ સમાનતા અને ન્યાયપૂર્ણ જીવન જીવવા શક્તિમાન બની શકે નહીં.*

- **રહેઠાણની જરૂરિયાતના સંખ્યાત્મક અને ગુણાત્મક પાસાં :** *ભારતમાં વસતિના પ્રમાણમાં રહેઠાણના મકાનોની તંગી છે. આ પ્રશ્ન વસ્તી વિસ્ફોટ સાથે સંબંધ ધરાવે છે. રહેઠાણનાં મકાનોની તંગી સંખ્યાત્મક અને ગુણાત્મક સ્વરૂપની છે. એક અંદાજ મુજબ ભારતમાં માત્ર વસતિ વૃદ્ધિના કારણે એક હજારની વસતિએ દર વર્ષે પાંચ નવાં રહેઠાણોની જરૂરિયાત છે. આની સામે દર વર્ષે એક હજારની વસતિએ ચાર નવાં મકાનો બંધાય છે. આમ, જરૂરિયાત કરતાં ઓછાં મકાનો બંધાતાં હોવાથી મકાનોની તંગી રહેવા પામે છે.*

ભારતમાં ભૌતિક અને નાગરિક સુવિધાની દૃષ્ટિએ વિષમતા રહેલી છે. ખુલ્લી જગ્યાનો રહેઠાણ તરીકે ઉપયોગથી માંડીને સવિશેષ નાગરિક સુવિધાવાળાં વિશાળ અને વૈભવી રહેઠાણો જોવા મળે છે. ગુજરાત પ્રમાણમાં વિકસિત રાજ્ય ગણાય છે છતાં રહેઠાણનો તીવ્ર પ્રશ્ન છે. આના પરથી અન્ય રાજ્યો અને તેમાં ખાસ કરીને ગુજરાત કરતાં ઓછા વિકસિત રાજ્યોમાં રહેઠાણના પ્રશ્નની તીવ્રતાનો અંદાજ લાવી શકશે. રહેઠાણના કદ અને ગિરદી વચ્ચે તેમજ રહેઠાણના કદ અને નાગરિક સુવિધાઓ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. રહેઠાણોની આવી ભૌતિક અને ગુણાત્મક સ્વરૂપની વિષમતા, સમાનતા અને ન્યાયની દૃષ્ટિએ ચિંતાજનક ગણી શકાય. તે સંપત્તિના અસમાન વિતરણ અને શોષણ ઉપર પ્રકાશ પાડે છે. આવી વિષમતાનો ભોગ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો, નિમ્ન આવક જૂથો, અનુસૂચિત જાતિ અને આદિજાતિ તથા અન્ય વંચિત સમૂહોના લોકો બનેલા છે. આવા સમૂહોના રહેઠાણની જરૂરિયાતો પૂરી પાડવી આવશ્યક છે.

- **રહેઠાણની નીતિ અને યોજનાઓ :** 1954થી રહેઠાણ યોજનાઓ અમલમાં મુકાતી આવી છે. રહેઠાણ એ રાજ્યના કાર્યક્ષેત્રમાં છે. આમ છતાં કેન્દ્ર સરકાર ખાસ કરીને સમાજના નબળા વર્ગોના સામાજિક રહેઠાણ માટેની યોજનાઓ અંગેની નીતિના ઘડતરની જવાબદારી અદા કરે છે. વિભિન્ન યોજનાઓ દ્વારા રહેઠાણ પૂરું પાડવા પ્રયત્ન થયો છે પરંતુ તે ખૂબ જ સીધો અને મર્યાદિત રહ્યો છે. 1981 સુધીના ગાળામાં દર વર્ષે એક હજારની વસતિએ ચાર મકાનો બાંધી શક્યા છે.

1998માં રહેઠાણ અંગેની વિસ્તૃત નીતિ ઘડવામાં આવી છે. રાષ્ટ્રીય કાર્યસૂચિમાં 'Housing for all'ને અગ્રતા આપવામાં આવી છે. તેમાં ખાસ કરીને નબળા અને વંચિત સમૂહોની રહેઠાણની જરૂરિયાતો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. 'હાઉસીંગ ફોર ઓલ' કાર્યક્રમ મુજબ દર વર્ષે 20 લાખ વધારાનાં રહેઠાણોનું નિર્માણ કરવાનું સૂચવાયું છે. આ યોજનામાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો, નિમ્ન આવક જૂથના લોકો, અનુસૂચિત જાતિ અને આદિજાતિ તથા વંચિત સમૂહોને રહેઠાણની સુવિધા મળે તે ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. દર વર્ષે નવા બંધાનારા 20 લાખ મકાનોમાંથી 13 લાખ મકાનો ગ્રામીણ વિસ્તારોમાં અને 7 લાખ મકાનો શહેરી વિસ્તારોમાં બાંધવાનું સૂચવાયું છે. રહેઠાણની જરૂરિયાતો પૂરી પાડવા માટે વિભિન્ન આવાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેની વિગતવાર સમજૂતી ક-રહેઠાણની જરૂરિયાતોના મુદ્દા હેઠળ આપી છે.

## 8.3 સારાંશ

સમાજ કલ્યાણના ધ્યેયો તકની સમાનતા, સામાજિક સલામતી, સામાજિક ન્યાય અને લઘુત્તમ જીવનધોરણની પ્રાપ્તિ માટે સમાજના બધા વર્ગોના અને તેમાં ખાસ કરીને સમાજના નબળા અને વંચિત સમૂહોની મૂળભૂત, ભૌતિક અને સામાજિક જરૂરિયાતો પૂરી

*પાડવી અનિવાર્ય રહે છે. રોજગાર અને રહેઠાણ જેવી ભૌતિક જરૂરિયાતોની પરિપૂર્તિ થતાં તેઓ આરોગ્ય અને શિક્ષણ જેવી સામાજિક સેવાઓ મેળવવા શક્તિમાન બની શકે છે. શિક્ષણ પ્રાપ્ત કરેલી વ્યક્તિઓ તેમની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા શક્તિમાન બને છે. આ બાબતોને ધ્યાને રાખી આ એકમમાં સમાજ કલ્યાણની જરૂરિયાતો તરીકે ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ, પૂર્ણ રોજગારી, સ્વાસ્થ્ય સંભાળ જેવા મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે.*

## 8.4 સંદર્ભસૂચિ


(1) Jagan Shankar (Ed.) : Social Problems and Welfare in India.
(2) Ahuja, Ram (1992). Social Problems in India, Rawat Publications.
(3) *દવે, જે. કે.* (2012-2013) : *આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, અનડા પ્રકાશન, અમદાવાદ.*
(4) *દવે, જે. કે.* (2011-2012) : *સામાજિક કલ્યાણ, અનડા પ્રકાશન, અમદાવાદ.*
(5) Govt. of India, Social Welfare of India, Publication Division.
(6) *પટેલ, મફતલાલ* (1998) : *માનવ અધિકાર સંરક્ષણ.*


## 8.5 તમારી પ્રગતિ ચકાસો

**મોટા પ્રશ્નોના જવાબ આપો.**

**(1) સમાજકલ્યાણની જરૂરિયાતો એટલે શું ? ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ વિશે વિસ્તારપૂર્વક જણાવો.**

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

**(2) પૂર્ણ રોજગારી એટલે શું ? પૂર્ણ રોજગારી પૂરી પાડવાની રીતોનું વર્ણન કરો.**

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**(3) સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય સંભાળ એટલે શું ? ભારતમાં આરોગ્યની સ્થિતિ અને તેની અસરો જણાવો.**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**(4) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આરોગ્ય સ્તરમાં થયેલા સુધારાની ચર્ચા કરો.**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**(5) સ્વાસ્થ્ય સંભાળની વર્તમાન સ્થિતિનું વર્ણન કરી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ, 2002ની ચર્ચા કરો.**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

## 8.6 ટૂંકનોંધ લખો.

**(1) લોકો માટેની કલ્યાણકારી યોજનાઓ**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(2) સર્વશિક્ષા અભિયાન**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(3) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(4) પૂર્ણ રોજગારી પૂરી પાડવાની રીતો**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

**(5) ભારતમાં આરોગ્યની સ્થિતિ અને તેની અસરો**

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

..........................................................................................

..........................................................................................

**(6) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આરોગ્ય સ્તરમાં થયેલો સુધારો**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(7) સ્વાસ્થ્ય સંભાળની વર્તમાન સ્થિતિ**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 8.7 બહુવિકલ્પવાળા પ્રશ્નો

**(6) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ ................ માં ઘડવામાં આવી.**

(A) 1986 (B) 1996

(C) 2006 (D) 2020

**(7) સાક્ષર ભારત યોજના ................ માં અમલમાં મૂકવામાં આવી.**

(A) 2005 (B) 2009

(C) 2015 (D) 2019

**(8) આરોગ્યની જાળવણી માટે દૈનિક ................ કેલરી મળી રહે એટલો *ખોરાક* મળવો જોઈએ.**

(A) 2200 *થી* 2300 (B) 2300 *થી* 2400

(C) 2300 (D) 2400

**(9) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ ................ માં અમલમાં મૂકવામાં આવી.**

(A) 2000 (B) 2002

(C) 2004 (D) 2006

**જવાબો**

(1) (A) 1986

(2) (B) 2009

(3) (B) 2300 *થી* 2400

(4) (B) 2002

* * *

**સંપાદક:**

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. પરેશ ચૌહાણ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. જયેશ પરમાર** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ:**

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ** (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પરામર્શન (વિષય):**

**પ્રો.(ડૉ.) જે. સી. પટેલ** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

**ડૉ. નીતિન જાદવ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સરકારી વિનયન કોલેજ, અમીરગઢ, બનાસકાંઠા.

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શન (ભાષા):**

**પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.



**પ્રકાશક:**

**ડૉ. ભાવિન ત્રિવેદી** કુલસચિવ (કાર્યકારી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2022 (પ્રથમ આવૃત્તિ)**

**ISBN NO:** **978-93-5598-276-6**



: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

B.A./ B.A. (Hons.) સમાજશાસ્ત્ર

સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ

SOCM-309

SOMJ-401/SOMN-401

વિભાગ

# 2

## સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ


| | | |
|---|---|---|
| એકમ- 9 | સમાજમાં દિવ્યાંગો સંબંધી કાનૂની જોગવાઈઓ | 01 |
| એકમ-10 | સમાજમાં કામદાર સંબંધી કાનૂની જોગવાઈઓ | 23 |
| એકમ-11 | અનુસૂચિત જાતિનો અર્થ, અસ્પૃશ્યતા અપરાધ કાનૂન | 41 |
| એકમ-12 | અનુસૂચિત જાતિ માટે અનામત નીતિ અને વિકાસ | 52 |
| એકમ-13 | અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે બંધારણીય જોગવાઈઓ | 66 |
| એકમ-14 | અનુસૂચિત જનજાતિ માટે બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થા સંવિધાનની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ | 83 |
| એકમ-15 | અનુસૂચિત આદિજાતિ માટે બંધારણમાં અનામત નીતિ અને વિકાસ | 100 |
| એકમ-16 | અન્ય પછાતવર્ગો માટે નિમાયેલ પંચ : (1) બક્ષીપંચ (2) મંડલપંચ અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ | 124 |
| એકમ-17 | માનવ અધિકારોનો અર્થ- હેતુઓ, મહત્ત્વ, યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારો | 141 |


## વંચિત સમૂહો માટેની કલ્યાણકારી નીતિઓ – 2

| એકમ - 9 | સમાજમાં દિવ્યાંગો સંબંધી કાનૂની જોગવાઈઓ |
|---|---|

:: રૂપરેખા ::

**9.0** ઉદ્દેશો

**9.1** પ્રસ્તાવના

**9.2** દિવ્યાંગનો અર્થ

**9.3** ભારતનું બંધારણ અને દિવ્યાંગ લોકોનો દરજ્જો

**9.4** દિવ્યાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓ

**9.5** ગુજરાતમાં દિવ્યાંગો માટેની કલ્યાણ યોજનાઓ

**9.6** સારાંશ

**9.7** તમારી પ્રગતિ ચકાસો

**9.8** બહુવિકલ્પિય પ્રશ્નો

**9.9** સ્વાધ્યાયના પ્રશ્નો

**9.10** ચાવીરૂપ શબ્દો

**9.11** સંદર્ભ સૂચિ

## 9.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસબાદ વિધ્યાર્થીઓ સમાજમાં દિવ્યાંગો સંબંધી કાનૂની જોગવાઈઓ વિશે જાણશે. ભારત તેમજ ગુજરાતમાં દિવ્યાંગો સબંધિત કાનૂનો અને યોજનાઓ વિશે સમજ મેળવશે.*

## 9.1 પ્રસ્તાવના

*ભારતનું બંધારણ તેના તમામ નાગરિકો માટે સમાનતા, સ્વતંત્રતા ન્યાય અને ગૌરવને સુનિશ્ચિત કરે છે. તાજેતરના વર્ષોમાં દિવ્યાંગો તરફ સમાજનાં વલણ બદલાઈ રહ્યું છે. એવું માનવામાં આવે છે કે જો અક્ષમ લોકોને સમાન તક આપવામાં આવે તો વધુ સારી રીતે ગુણવત્તાસભર જિંદગી જીવી શકે છે. ભારત દેશમાં દરેક વ્યક્તિ સમાન નથી, કોઈ અમીર તો કોઈ ગરીબ કોઈ શ્યામવર્ણ તો કોઈ ઘઉંવર્ણ તેમજ કોઈ સારી શારીરિક ક્ષમતાઓ ધરાવતો કોઈ શારીરિક રીતે ખોડખાપણવાળો હોય. પરંતુ બંધારણે આપેલાં હક મુજબ ભારતના તમામ નાગરિકો સમાન છે દરેક નાગરિકને સમાન દ્રષ્ટિએ જોવામાં આવે*

છે. મહત્ત્વની બાબત એ છે કે આપણા સમાજમાં જે વર્ગ દિવ્યાંગ તરીકે ઓળખાય છે, તેને આપણો સમાજ કંઈક અલગ જ દૃષ્ટિએ જુએ છે.

શારીરિક - માનસિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિને દિવ્યાંગ કહેવાય. દિવ્યાંગપણું એ વૈશ્વિક સમસ્યા છે. ભારતમાં 1991માં વસતિના 1.9 ટકા લોકો દિવ્યાંગ હતા. એટલે કે 16.15 મિલિયન દિવ્યાંગ હતા. અને દર વર્ષે અંદાજે 7.5 લાખનો તેમાં વધારો થાય છે. ભારતમાં 2001ની વસતિ ગણતરી અનુસાર 2.19 કરોડ લોકો દિવ્યાંગતાનો ભોગ બન્યા છે. જે કુલ વસ્તીનો 2.13 ટકા ભાગ છે. 75 ટકા અપંગ લોકો ગ્રામીણ વિસ્તારમાં રહે છે. અને 49 ટકા અપંગ લોકો શિક્ષિત છે અને 34 ટકા રોજગારી મેળવે છે.

3 ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં દિવ્યાંગ લોકોનો આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવામાં અને દિવ્યાંગોને મદદ કરવામાં યુનાઈટેડ નેશનની મહત્ત્વની ભૂમિકા છે. 1981ના વર્ષને દિવ્યાંગ કલ્યાણ વર્ષ તરીકે ઉજવવામાં આવે છે. સુગમ્ય ભારત અભિયાન અથવા એક્સેસિબલ ઈન્ડિયા ઝુંબેશ 3 ડિસેમ્બરના રોજ ભારતના વડાપ્રધાન દ્વારા વિજ્ઞાન ભવન દિલ્હી ખાતે શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાન દ્વારા 27 ડિસેમ્બર 2016 માં તેમનો રેડિયો કાર્યક્રમ મનકીબાત દરમિયાન કહ્યું હતું કે શારીરિક રીતે પડકાર વાળા લોકો પાસે દેવી ક્ષમતા હોય છે અને તેમના માટે દિવ્યાંગ ની જગ્યાએ દિવ્યાંગ શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

## 9.2 દિવ્યાંગનો અર્થ

દિવ્યાંગ એટલે "દિવ્ય અંગ" અર્થાત જેની પાસે જેના અંગ – ઉપાંગોમાં અદભૂત શક્તિ રહેલી છે તેવી વ્યક્તિ. શારીરિક રીતે ભલે સક્ષમ ન હોય પરંતુ પોતાના આત્મબળથી તેઓ ધારે તે કરી શકે છે. તે એક સામાન્ય સ્વરૂપ ની વ્યક્તિ જેવું જ કામ કરી શકે છે.

દિવ્યાંગ એટલે ખંડિત કે અસમર્થ અંગો, જેમાં હાથ, પગ, આંખ, કાન, નાક, અને મગજ વગેરે. આવા કોઈ એક કે વધુ અંગોની ખોડ ખાંપણ ધરાવતી વ્યક્તિને દિવ્યાંગ કહેવાય. અંધજન, બહેરા, મૂંગા અને મંદબુદ્ધિની વ્યક્તિઓને દિવ્યાંગ કહેવામાં આવે છે. સંક્ષેપમાં કહીએ તો શારીરિક કે માનસિક કે બંને પ્રકારની ખોડખાંપણ ધરાવતી વ્યક્તિને દિવ્યાંગ કહેવાય.

કાનૂની વ્યાખ્યા મુજબ : તબીબી સત્તા મંડળ દ્વારા પ્રમાણિત 40 ટકાથી ઓછી ન હોય તેવી દિવ્યાંગતાથી પીડાતી વ્યક્તિને દિવ્યાંગ (દિવ્યાંગ) કહેવાય .

શારીરિક કે માનસિક કે બંને પ્રકારની ખોડખાંપણની સ્થિતિ અને તેનાં પરિણામોને દિવ્યાંગતા કહેવાય. દિવ્યાંગતાની માત્રા હોય છે. દિવ્યાંગતાની માત્રા 40 ટકાથી માંડીને 100 ટકા સુધીની હોય છે. એટલે કે દિવ્યાંગતો આંશિક કે પૂર્ણ હોય રોકે

*છે, એક કે વધુ અંગની દિવ્યાંગતા પણ હોય છે. દિવ્યાંગોના કલ્યાણ કે તેમના વિશિષ્ટ અધિકારોમાં દિવ્યાંગતાની માત્રા લક્ષ્યમાં લેવામાં આવે છે. શારીરિક - માનસિક ખોડખાંપણની સ્થિતિ વ્યક્તિને સામાન્ય જીવન જીવવામાં અવરોધરૂપ બને છે. તે વ્યક્તિને હલનચલન કરવામાં, જોવામાં, સાંભળવામાં અવરોધક બને છે. અલ્પવિકસિત મગજને લીધે માનસિક વિકાસની અલ્પતા કે અભાવ મંદબુદ્ધિમાં પરિણમે છે. મંદબુદ્ધિપણું ઘટનાને સમજવામાં અવરોધક બને છે તેથી સંપર્ક - વ્યવહાર મુશ્કેલ બને છે. આમ, શારીરિક - માનસિક ખોડખાંપણની સ્થિતિ વ્યક્તિને તેની સામાન્ય શારીરિક- સામાજિક – આર્થિક વ્યવહારો કરવામાં અસમર્થ બનાવી દે છે. આવી અસમર્થતા વ્યક્તિને પરાવલંબી બનાવે છે, વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અભાવ પેદા કરે છે અને કુટુંબ તથા સમાજમાં સહભાગી બનવા અશક્તિમાન બનાવે છે. પરિણામે દિવ્યાંગ વ્યક્તિ તેના કુટુંબ અને સમાજથી અલગ પડી જાય છે, કુટુંબ અને સમાજનો તેના પ્રત્યેનો વ્યવહાર બદલાઈ જાય છે. કુટુંબ અને સમાજમાં તેના માનવી તરીકેના અધિકારોનો અનાદર થાય છે અને અધિકાર મળે તો પણ અધિકારોના વંચિત રહેવા પામે છે. દિવ્યાંગતા વ્યક્તિને નબળા વર્ગમાં મૂકી દે છે અને સમાજમાં દિવ્યાંગોની ગણતરી નબળા વર્ગ તરીકે થાય છે. આથી તેઓના કલ્યાણ માટે વિશેષ ભાર મુકાવા લાગ્યો છે.*

1995*ના દિવ્યાંગ ધારા મુજબ અંધત્વ, ઓછી દ્રષ્ટિ, મટી ગયેલો રક્તપિત્ત પણ હાથ કે પગમાં સંવેદનશીલતાનો અભાવ, શ્રવણ ખામી, હાડકાની ખોડખાંપણ, માનસિક ખોડ અને માનસિક બીમારીને દિવ્યાંગતા તરીકે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ છે.*

*સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા અનુસાર શારીરિક કે માનસિક ખામીને કારણે પોતાની જાતે સંપૂર્ણપણે કે આંશિક રીતે સામાન્ય વ્યક્તિગત અને / અથવા સામાજિક જીવનની જરૂરિયાતો પૂરી પાડવા અશક્ત હોય તેવી કોઈ પણ વ્યક્તિને દિવ્યાંગ વ્યક્તિ કહેવાય .*

## 9.3 ભારતનું બંધારણ અને દિવ્યાંગ લોકોનો દરજ્જો

*ભારતના બંધારણથી સર્વ નાગરિકોને સમાનતાના ધોરણે મૂળભૂત અધિકારો મળ્યા છે, નબળા વર્ગ તરીકે દિવ્યાંગ લોકોના કલ્યાણ માટેની જોગવાઈ થઈ છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર રાજ્ય, પોતાની આર્થિક શકિત અને વિકાસની મર્યાદામાં રહીને અપંગતાના પ્રસંગે જાહેર સહાયનો હક મળી રહે તેમ કરવા કાર્યસાધક જોગવાઈ કરશે. બંધારણની કલમ* 243 *(ય) સૂચિત બારમી અનુસૂચિમાં નગરપાલિકાઓએ દિવ્યાંગ અને મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ સહિત સમાજના નબળા વર્ગોના હિતોનું રક્ષણ માટેની જોગવાઈ કરવાનો નિર્દેશ થયો છે. કલમ* 243 *(જ) સૂચિત અગિયારમી અનુસૂચિમાં પંચાયતોએ દિવ્યાંગ અને મંદબુદ્ધિવાળી વ્યક્તિઓના કલ્યાણ સહિત સમાજકલ્યાણ માટેની જોગવાઈ કરવાનો નિર્દેશ થયો છે.*

## 9.4 દિવ્યાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓ

*દ્રષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિવિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ-બહેનો તથા વિધવા બહેનો અનાથ બાળકો માટેની ગુજરાત ભારત સરકારની કલ્યાણકારી યોજનાઓ ગુજરાત સરકારે અને ભારત સરકારે સમાજના દરેક વર્ગના લોકો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે અને તેમાં સમયાંતરે વધુ ઉદારતા બતાવી વધુ લોકોને આવરી લીધા છે. દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે અને વિકાસની મુખ્યધારામાં તેમની સહભાગિતાને સુનિશ્ચિત કરવા માટે વિવિધ કાયદાઓમાં વિવિધ જોગવાઈઓ થઈ છે.*

❖ **દિવ્યાંગ વ્યક્તિઓ સબંધિત કાયદાઓ**

1. *દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ તથા સંપર્ણ ભાગીદારી) ધારો* - 1995. The Person with disabilities (Equal opportunities, protection of rights and full participation) Act, 1995
2. *સ્વ-લીનતા, મગજનો પક્ષઘાત, મંદબુદ્ધિ અને બહુવિધ દિવ્યાંગતા પીડિતવ્યક્તિના કલ્યાણ માટેના રાષ્ટ્રીય ટ્રસ્ટ અંગેનો ધારો,* 1999 (The National Trust for the welfare of persons with Autism, Cerebral Palisy, Mental R$^{a}$ardation And Multiple Disabilities"Act (Act 44 of 1999).
3. *માનસિક આરોગ્ય ધારો* - 1987 The Mental health Act, 1987
4. *ભારતીય પુનર્વસન પરિષદ ધારો* 1992 The Rehabilitation council of india Act, 1992
5. *અક્ષમતાઓ અધિનિયમ,* 2016 The Rights of persons with disabilities Act, 2016
6. *માનસિક આરોગ્યલક્ષી અધિનિયમ* 2017 The Mental Healthcare yuõx, 2017

### 1. દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) ધારો-1995.

*સામાન્ય રીતે આ કાયદો દિવ્યાંગતા ધારો કે પછી પીડબલ્યુ.ડી. એક્ટ તરીકે ઓળખાય છે. આ અધિનિયમ, દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણની નેમ ધરાવે છે. સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા જેવા ત્રણ શબ્દ પ્રયોગ જ કાયદાના ઈરાદા વિશે સ્વયં બધુ જ કહી દે છે. દિવ્યાંગ વ્યક્તિને સમાન તકો મળતી થાય, તેમની સહભાગિતા વધે અને બીજી તરફ તમામ પ્રકારના ભેદભાવના વલણનો છેદ ઉડે તે પ્રકારની જોગવાઈઓ અમલી બનાવવા કાયદામાં પ્રયાસ થયો છે.*

*ભારતની સંસદે દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો-* 1995 *ઘડ્યો છે અને તે* 7-*ફેબ્રુઆરી,* 1996*થી અમલમાં આવ્યો છે. આ કાયદો દિવ્યાંગ વ્યક્તિઓને સમાન તકો પૂરી પાડવા માટે, તેમના અધિકારોનું રક્ષણ*

*કરવા માટે તથા તેમને સંપૂર્ણ સહભાગિતા પૂરી પાડવા માટેની એક પહેલ છે કે જેથી સમાજમાં તેમનો સમાવેશ થઈ શકે તથા તેઓ તેમના અધિકારો મેળવી શકે. દિવ્યાંગ વ્યક્તિઓનું સશક્તિકરણ અને તેમને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા તે આ કાયદાનો ઉદ્દેશ છે. કાયદાનું નિયમન અને અમલ કરનાર તંત્ર, દિવ્યાંગતા રોકથામ, શિક્ષણ, રોજગારી, હકારાત્મક પગલાં, ભેદભાવવિહિન અભિગમ, સંશોધન અને માનવશક્તિ વિકાસ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટેની સંસ્થાઓને માન્યતા સંબંધી વ્યાપક જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે.*

### ❖ દિવ્યાંગ ધારો, 1995 અને દિવ્યાંગ લોકોનો દરજજો

1992*માં એશિયા અને પેસિફિક વિસ્તારના આર્થિક અને સામાજિક પંચની સભાએ દિવ્યાંગ લોકોની પૂર્ણ ભાગીદારી અને સમાનતાની જાહેરાત કરી. ભારતે આ જાહેરાતનો સ્વીકાર કર્યો અને તેને અનુલક્ષીને ભારતની કેન્દ્ર સરકારે* 1995*માં દિવ્યાંગ ધારો ઘડ્યો. દિવ્યાંગ ધારાથી દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર ધરાવતા દિવ્યાંગોને નીચે મુજબનો અધિકારી મળે છે.*

**1. પુનર્વસનનો અધિકાર :** *આ ધારાથી દિવ્યાંગ લોકોને પુનર્વસનનો અધિકાર મળ્યો છે, કાનૂની વ્યાખ્યા મુજબ દિવ્યાંગ વ્યક્તિઓને તેમની મહત્તમ બૌદ્ધિક, માનસિક, શારીરિક કે સામાજિક કાર્ય કરવાનો સ્તરે પહોંચાડવા અને જાળવવામાં સક્ષમ બનાવવો માટેની પ્રક્રિયા એટલે પુનર્વસન.*

**2. શિક્ષણનો અધિકાર :** *પ્રત્યેક દિવ્યાંગ બાળક* 18 *વર્ષનું થાય ત્યાં સુધી યોગ્ય પર્યાવરણમાં નિઃશુલ્ક શિક્ષણ મેળવવાનો અધિકાર છે, દિવ્યાંગ બાળકોને આ અધિકાર ભોગવવા તક પ્રાપ્ત થાય તે માટે દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે ખાસ શાળા સ્થાપવાની અને તેમાં દિવ્યાંગ બાળકને સગવડ મળે તેવી જોગવાઇ કરવામાં આવી છે. તેમજ દિવ્યાંગ બાળકો માટેની ખાસ શાળાઓને વ્યાવસાયિક તાલીમની સુવિધાઓથી સુસજ્જ કરવા પ્રયત્ન થાય છે. દરેક દિવ્યાંગ બાળકોને તેઓના શિક્ષણ માટે આવશ્યક ખાસ પુસ્તકો અને સાધનો નિઃશુલ્ક મેળવવાનો અધિકાર મળ્યો છે. આ ઉપરાંત શાળામાં હાજરી આપવા પરિવહન સુવિધા, પુસ્તકો, ગણવેશ અને અન્ય સામગ્રી પૂરી પાડવાની તથા શિષ્યવૃત્તિની જોગવાઈ કરવામાં આવી છે. નેત્રહીન તથા ઓછી દ્રષ્ટિવાળા વિદ્યાર્થીઓને શિક્ષણ સંસ્થાઓમાં લહિયા પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે. તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં દિવ્યાંગો માટે* 3 *ટકાથી ઓછી નહીં તેટલી જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવે છે. આ રીતે દિવ્યાંગ બાળકોને શિક્ષણ સંબંધી વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યાં છે.*

**3. રોજગાર સંબંધી અધિકાર :** *દિવ્યાંગ વ્યક્તિઓનું પરાવલંબન દૂર થાય અને આર્થિક રીતે આત્મનિર્ભર બની શકે તે માટે દિવ્યાંગોને રોજગારીના ક્ષેત્રમાં વિશિષ્ટ અધિકારો*

*આપવામાં આવ્યાં છે. દિવ્યાંગ બાળકો માટેની શાળાઓ માટે તાલીમબદ્ધ માનવશક્તિ વિકસાવવા શિક્ષક તાલીમ સંસ્થા સ્થાપવાની જોગવાઈ કરવામાં આવે છે. આવી યોજનાઓમાં દિવ્યાંગ તાલીમ અને કલ્યાણ, ભરતી વખતે ઉપલી વય મર્યાદામાં છૂટછાટ, રોજગારનું નિયમન વગેરેનો સમાવેશ થાય છે. આમ દિવ્યાંગ વ્યક્તિઓ આત્મનિર્ભર બની પોતાનો તેમજ કુટુંબનો વિકાસ સાધવા સક્ષમ બને તેમજ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા સમર્થ બને તે ઢબે દિવ્યાંગોનું સશક્તીકરણ માટેની કાનૂની જોગવાઈ કરવામાં આવી છે.*

**4. નવાં સહાયક ઉપકરણો અને સાધનોની સગવડ :** *દિવ્યાંગ બાળકોને શિક્ષણમાં સમાન તકો આપવા જરૂરી હોય એવાં નવાં સહાયક ઉપકરણો અને સાધનોની તેમજ અન્ય વસ્તુઓ બનાવવા અને વિકસાવવાની વ્યવસ્થા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત તેમના વિકાસના માર્ગમાં નડતા અવરોધો દૂર કરવાની જોગવાઈ થઈ છે. અપંગ વ્યક્તિઓને નોકરીએ રાખવામાં આવ્યાં છે એવા સ્થળોમાં દિવ્યાંગતા જન્માવે નહીં તેવા પર્યાવરણનું સર્જન કરવાની જોગવાઈ થઈ છે.*

**5. પરિવહનમાં સુગમતા માટેની જોગવાઈ :** *દિવ્યાંગ વ્યક્તિઓ સુગમતાથી મુસાફરી કરી શકે અને મુસાફરી કરવામાં અનુકૂળતા રહે તેવી વ્યવસ્થાનું સર્જન કરવા માટે રેલ્વે, વહાણ, વિમાનો વગેરેમાં સગવડો ઊભી કરવા માટેની જોગવાઈ થઈ છે. એ જ રીતે રસ્તા પર સલામતીપૂર્વક ચાલવામાં સુગમતા રહે તેવી વ્યવસ્થાઓ ઊભી કરવાની જોગવાઈ થઈ છે. આવી સુગમતાઓમાં બ્રેઈલ પ્રતીકો, શ્રાવ્ય સંકેતો, યોગ્ય પ્રકારના સંડાસો, યોગ્ય સ્થળોએ ચેતવણી સૂચક પ્રતીકો, વગેરેનો સમાવેશ થાય છે. આવી જોગવાઈ પાછળનો હેતુ દિવ્યાંગોની અલિપ્તતા દૂર કરી તેઓની અવરજવર તથા મુસાફરીમાં નડતાં અવરોધો દૂર કરી તેમને સુગમતા રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનો છે.*

**6. સામાજિક સુરક્ષાની જોગવાઈ :** *દિવ્યાંગ ધારાથી સરકાર અને સ્થાનિક સત્તા મંડળોએ તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને તમામ દિવ્યાંગોનું પુનર્વસન હાથ ધરવાની જોગવાઈ કરવામાં આવી છે. સામાજિક સુરક્ષાની જોગવાઈઓમાં દિવ્યાંગ કર્મચારીના લાભાર્થે વીમા યોજના, વૈકલ્પિક સુરક્ષા યોજના, બેકારી ભથ્થાનો સમાવેશ થાય છે.*

**7. ગંભીર દિવ્યાંગતાવાળી વ્યકિતઓ માટેની સંસ્થાઓ :** *આ જોગવાઈ અનુસાર સરકાર તેને યોગ્ય જણાય તેવા સ્થળે ગંભીર દિવ્યાંગતાવાળી વ્યક્તિઓ માટે સંસ્થા સ્થાપે અને ચલાવે છે. સરકારના મતે કોઈ સંસ્થા ગંભીર દિવ્યાંગતાવાળી વ્યક્તિઓના પુનર્વસન માટે યોગ્ય જણાય તો તેવી સંસ્થાને સરકાર માન્યતા આપી શકે છે. ગંભીર દિવ્યાંગતાવાળી વ્યક્તિ એટલે 80 ટકા કે તેથી વધુ કે, એક કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.*

**8. દિવ્યાંગ વ્યકિતઓ માટેની સંસ્થાને માન્યતા :** *દિવ્યાંગ ધારાથી દિવ્યાંગ લોકો માટેની સંખ્યા માપવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ હોય એવી સવલતો ધરાવતી હોય અને ધોરણો જાળવવાની સ્થિતિમાં હોય તેવી સંસ્થાને સરકારી માન્યતા આપવાની જોગવાઈ થઈ છે.*

**9. દિવ્યાંગ વ્યક્તિઓ માટે મુખ્ય કમિશનરની નિમણૂક :** *દિવ્યાંગ ધારાના હેતુસર દિવ્યાંગ વ્યક્તિો માટે મુખ્ય કમિશનરની નિમણૂક કરવાની જોગવાઈ કરવામાં આવી છે. મુખ્ય કમિશનર દિવ્યાંગોના કલ્યાણ માટેના નાણા ભંડોળના ઉપયોગનું નિયંત્રણ કરે છે અને દિવ્યાંગોને મળેલ અધિકારો અને ઉપલબ્ધ સવલતો જાળવવા માટે પગલાં લેવાનાં કાર્યો કરે છે.*

**10. દિવ્યાંગોના અધિકારોને રક્ષણ :** *દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ અને અધિકારોના રક્ષણ માટે અમલમાં મૂકવામાં આવેલા કાયદા, નિયમો, ઉપનિયમો, ધારાધોરણો, હુકમ કે સૂચનાઓનો ભંગ થાય કે તેમાં અમલીકરણનો અભાવ હોય તેવા સંજોગોમાં જે તે સત્તામંડળ પાસે તેની રજૂઆત કરવાનો અધિકાર દિવ્યાંગોને આપવામાં આવ્યો છે એટલે કે દિવ્યાંગ વ્યકિતઓના અધિકારોનો ભંગ થતો હોય તો તેની સામે ફરિયાદ કરવાનો અને ન્યાય મેળવવાનો અધિકાર દિવ્યાંગોને આપવામાં આવ્યો છે. તેમજ દિવ્યાંગોના અધિકારોનો ભંગ કરનારને ભારતીય દંડ સંહિતા અનુસાર સજા કરી શકે છે. અહી કમિશનર અદાલતના ન્યાયાધીશ તરીકે ન્યાયકાર્ય કરે છે. આ રીતે કાયદા દ્વારા દિવ્યાંગોના અધિકારોને રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે.*

**11. સંશોધન અને માનવશક્તિ વિકાસ માટે સહાય :** *દિવ્યાંગ ધારાથી દિવ્યાંગતા નિવારણ. સમુદાય આધારિત પુનર્વસન, સહાયક સાધનો, દિવ્યાંગોને અનુરૂપ વ્યવસાયોની તારવણી, કચેરીઓ અને કારખાનાઓમાં સ્થળ સુધારણા અંગે સંશોધનોને પ્રોત્સાહનો અને મદદ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ માટે વિશ્વવિદ્યાલયોને સંશોધન હાથ ધરવા માટે નાણાકીય પ્રોત્સાહનો આપવાની જોગવાઈ કરવામાં આવી છે.*

**12. સામાજિક સ્વીકૃતિ :** *સમાજના લોકોને દિવ્યાંગતાના પ્રશ્ને જાણકારી થાય, લોકજાગૃતિ આવે અને દિવ્યાંગોને સામાજિક સ્વીકૃતિ મળે તે દૃષ્ટિથી દર વર્ષે વિશ્વ અંધદિન (14મી સપ્ટેમ્બર), વિશ્વ અપંગ દિન (3જી ડિસેમ્બર), વિશ્વ માનસિક દિવ્યાંગ દિન (8મી ડિસેમ્બર) ઊજવવામાં આવે છે. જુદા જુદા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિઓને એવોર્ડ આપવામાં આવે છે અને તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવે છે, દિવ્યાંગજનોમાં રહેલી કાર્યકુશાળતાની રાજ્યકક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધાઓ યોજાય છે. આથી દિવ્યાંગોમાં આત્મવિશ્વાસ વિકસે છે અને સામાજિક સ્વીકૃતિ પામે છે.*

**2. સ્વ-લીનતા, મગજનો પક્ષઘાત, મંદબુદ્ધિ અને બહુવિધ દિવ્યાંગતા પીડિતવ્યક્તિના કલ્યાણ માટેના રાષ્ટ્રીય ટ્રસ્ટ અંગેનો ધારો, 1999 (The National Trust for the welfare of persons with Autism, Cerebral Palisy, Mental Rardation And Multiple Disabilities"Act (Act 44 of 1999).**

*બહુદિવ્યાંગતા નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળ આવરી લેવાયેલ દિવ્યાંગતા*

**1. અંધત્વ / દૃષ્ટિહીનતા :** *એવી સ્થિતિનો સંદર્ભ સૂચવે છે. જ્યાં વ્યક્તિ નીચેની સ્થિતિઓમાંથી કોઈ એકથી પીડાતી હોય,એટલે કે : (અ) દ્રષ્ટિનો સંપૂર્ણ અભાવ; અથવા (બ) સુધારક કાચ મૂકેલી સારી આંખની દૃષ્ટિની સક્ષમતા 6/60 અથવા 20/200 (સ્નેલન)થી વધુ ન હોય; અથવા (ક) દ્રષ્ટિના ક્ષેત્રની મર્યાદા સામેની દિશામાં 20 અંશ જેટલી અથવા તેથી વધુ ખરાબ હોય;*

**2. અલ્પ દૃષ્ટિ વ્યક્તિ:** *અલ્પ દૃષ્ટિ એટલે સારવાર અથવા પ્રમાણિક વકીભવનના ક્ષતિ સુધારા પછી પણ દૃષ્ટિની કામગીરીમાં ક્ષતિ હોય તેવી વ્યક્તિ, પરંતુ જે યથાયોગ્ય સહાયક ઉપકરણ સાથે દ્રષ્ટિનો કાર્યના આયોજન અને અમલ માટે ઉપયોગ કરે છે અથવા ઉપયોગ કરવાને સક્ષમ છે.*

**3. રક્તપિત :** *રોગમાંથી સાજી થયેલ વ્યક્તિ એટલે કોઈ પણ વ્યક્તિ જે રક્તપિત્તથી સાજો થયેલો છે, પરંતુ*

- *હાથ અને પગમાં સંવેદનના લોપ ઉપરાંત આંખ અને આંખની પાંપણોનો સંવેદન લોપ અને હળવો આંશિક લકવો પરંતુ કોઈ પ્રગટ કુરૂપતા નહીં;*
- *પ્રગટ કુરૂપતા અને હળવો આંશિક લકવો પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવા રોકાણ થઈ શકે તેવું તેમના હાથ અને પગોમાં પૂરતું હલનચલન હોવું;*
- *અંતિમ કક્ષાની શારીરિક કુરૂપતા તેમજ વધેલી વય જે તેને ઉપજાઉ વ્યવસાય કરવા અટકાવે, તેનાથી પીડાતી હોય અને અભિવ્યક્તિ "રક્તપિત્ત સાજો થઈ ગયેલ'નું અર્થઘટન આ સંદર્ભમાં કરવું;*

**4. શ્રવણ ક્ષતિ:** *એટલે સંભાષણ (વાતચીત)ના ધ્વનિ આવર્તનોની મર્યાદામાં સારા કાનમાં 60 ડેસિબલ્સ કે તેથી વધુનું નુકસાન થવું*

**5. અસ્થિવિષયક:** *દિવ્યાંગતા એટલે અવયવોના હલનચલનના ઘણા બધા નક્કર પ્રતિબંધ તરફ દોરી જતી હાડકાં, સાંધા અને સ્નાયુઓની અસમર્થતા અથવા મગજના લકવાનું કોઈ સ્વરૂપ; 'મગજનો લકવો' (સેરેબ્રલ પાલ્સી) એટલે પ્રસવ પૂર્વે પ્રસવ દરમિયાન કે શિશુ વિકાસના સમય દરમિયાન મગજનો હુમલો અથવા ઈજા થવાને કારણે નીપજેલી અતિ અસામાન્ય હલનચલન અંકુશની અંગસ્થિતિનું લક્ષણ હોય તેવી વ્યક્તિની બિન-પ્રગતિશીલ સ્થિતિઓનો સમૂહ.*

**6. મંદબુદ્ધિતા/ માનસિક વિકાસઃ** *રૂંધાવો એટલે વ્યક્તિના મનના વિકાસની થંભી ગયેલી અથવા અપૂર્ણ સ્થિતિ જે વિશેષ રીતે બુદ્ધિના સામાન્ય કરતાં ઓછી હોવાનું લક્ષણ ધરાવતી હોય (બુદ્ધિની ઉપસામાન્યતાનું લક્ષણ ધરાવતી હોય)*

**7. માનસિક માંદગીઃ** *એટલે માનસિક વિકાસના રૂંધાવા (મંદબુદ્ધિતા) સિવાયની કોઈ માનસિક વિસંવાદી સ્થિતિ; દિવ્યાંગ વ્યક્તિ એટલે તબીબી સત્તા મંડળ દ્વારા પ્રમાણિત કર્યા મુજબની 40 ટકા કરતા ઓછી નહીં એવી દિવ્યાંગતાથી પીડાતી કોઈ પણ વ્યક્તિ; ગંભીર દિવ્યાંગતાવાળી વ્યક્તિ એટલે એક અથવા વધુ દિવ્યાંગતાઓના 80 ટકા અપંગ અથવા વધુ ટકા હોય તેવી વ્યક્તિ.*

**3. માનસિક આરોગ્ય અધિનિયમ, 1987 The Mental health Act, 1987 (22 મી, મે 1987) માનસિક રીતે બિમાર વ્યક્તિઓની સારવાર અને સંભાળ સંબંધિત કાયદાને એકીકૃત અને સુધારણા માટેનો કાયદો.**

*આ કાનૂનમાં માનસિક આરોગ્ય અધિકારીઓ માનિસરોગના દવાખાના અને સાયક્યિાટ્રિક નર્સિંગ હોમ્સ લાયસન્સ માટેની અરજી, લાયસન્સની મંજૂરી અથવા ઈનકાર. લાઈસન્સનો સમયગાળો અને નવીકરણ, માનસિક હોસ્પિટલ અને મનોચિકિત્સા નર્સિંગ હોમની જાળવણી, મનોચિકિત્સાની હોસ્પિટલો અને માનસિક નર્સિંગ હોમ્સનું નિરીક્ષણ અને દર્દીઓની મુલાકાત, વગેરે નો સમાવેશ કરવામાં આવે છે.*

*શિક્ષણશાસ્ત્રમાં એડમિશન અને નિશ્ચિતતા હોસ્પિટલ અથવા સાયક્યિાટ્રિક નર્સિંગ હોમ સ્વૈચ્છિક ધોરણે પ્રવેશ આપવો. કોઈપણ વ્યક્તિ (સગીર નથી), જે પોતાને માનસિક રીતે બીમાર વ્યક્તિ અને ઈચ્છાઓ માને છે. સારવાર માટે કોઈ માનસિક હોસ્પિટલમાં અથવા માનસિક નર્સિંગ હોમમાં દાખલ કરવા વિનંતી કરી શકે છે. સ્વૈચ્છિક દર્દી તરીકે પ્રવેશ માટે પ્રભારી તબીબી અધિકારી. અમુક વિશેષ સંજોગોમાં માનસિક બીમાર વ્યક્તિઓનું પ્રવેશ બાબતે કોઈપણ માનસિક રીતે બીમાર વ્યક્તિ, જે પ્રવેશવા માટે પોતાની તૈયારી બતાવતો નથી અથવા અસમર્થ છે. સ્વૈચ્છિક દર્દી, દાખલ કરી શકાય છે, અને મનોચિકિત્સાના હોસ્પિટલમાં અથવા માનસિક ચિકિત્સામાં એક દર્દી તરીકે રાખવામાં આવી શકે છે. કોઈ સંબંધી અથવા માનસિક બીમાર મિત્ર દ્વારા તે વતી કરવામાં આવેલી અરજી પર નર્સિંગ હોમ વ્યક્તિ જો ઈન્ચાર્જ તબીબી અધિકારી સંતુષ્ટ હોય કે માનસિક બીમાર વ્યક્તિના હિતમાં છે. માનસિક ચિકિત્સા નર્સિંગ હોમ ઈનપેશન્ટ તરીકે, સિવાય કે નેવું દિવસ કરતાં વધુ સમયગાળા માટે આ કાયદાની અન્ય જોગવાઈઓ સાથે. (2) પેટા કલમ (1) હેઠળની દરેક અરજી નિયત ફોર્મમાં રહેશે અને તેની સાથે રહેશે બે મેડિકલ સર્ટિફિકેટ દ્વારા, બે મેડિકલ પ્રેક્ટિશનરો પાસેથી, જેમનામાંથી એક મેડિકલ હશે સરકારની સેવામાં પ્રેક્ટિશનર, અસર કરે છે કે આવી માનસિક બીમાર વ્યક્તિની સ્થિતિ એવું છે કે તેને મનોચિકિત્સાના દર્દી તરીકે નિરીક્ષણ અને સારવાર હેઠળ રાખવું જોઈએ.*

*હોસ્પિટલ અથવા માનસિક નર્સિંગ હોમ. પૂરી પાડવામાં આવેલ તબીબી અધિકારી, માનસિક હોસ્પિટલ અથવા માનસિક નર્સિંગ હોમના પ્રભારી સંબંધિત, જો તે સંતોષ છે કે તેમ કરવું યોગ્ય છે, તો માનસિક બીમાર વ્યક્તિ દ્વારા તેની તપાસ કરવામાં આવે છે.*

*માનસિક બીમાર વ્યક્તિની સંપત્તિના સંચાલન માટે સંબંધિત અધિકારીઓની નિમણૂક* (1) *જ્યાં માનસિક રીતે બીમાર વ્યક્તિની મિલકત, જે તેના સંચાલન માટે સક્ષમ છે, તે કરી શકે છે હાલના અમલીકરણ માટે કોઈપણ કાયદા હેઠળ વોર્ડની કોર્ટ દ્વારા ચાર્જ સંભાળવો વોર્ડની અદાલતને આવી સંપત્તિનો હવાલો સંભાળવાનો અધિકાર છે અને ત્યાં ટકી ન શકે આવા કાયદામાં સમાયેલ કંઈપણ, વોર્ડની કોર્ટ આવી સંપત્તિના સંચાલનને ધારે છે તે કાયદા અનુસાર.* (2) *જ્યાં માનસિક રીતે બિમાર વ્યક્તિની સંપત્તિ હોય છે* (3) *જ્યાં માનસિક રીતે બિમાર વ્યક્તિની સંપત્તિનું સંચાલન સંપૂર્ણ અથવા સોંપવામાં આવી શકતું નથી જમીનના ભાગમાં અથવા જમીનના કોઈપણ રસ માટે જે વોર્ડની કોર્ટ દ્વારા ચાર્જ ન લઈ શકે, તે જિલ્લાના કલેક્ટરની સંમતિ મેળવ્યા બાદ, જેમાં જમીન છે સ્થિત, કલેક્ટરને તે વ્યક્તિ અને તેના મિલકત અથવા વ્યાજના આવા ભાગનો હવાલો લેવા માટે નિર્દેશ તેમાં માનસિક રીતે બીમાર વ્યક્તિ તરીકેની જગ્યા વોર્ડની કોર્ટ દ્વારા ચાર્જ ન લઈ શકાય વોર્ડ અથવા પેટા કલમ હેઠળ કલેક્ટરને* (1) *અથવા પેટા પેટા* (2) *કેસ હોઈ શકે છે, જિલ્લા કોર્ટ આવી સંપત્તિના મેનેજર બનવા માટે કોઈપણ યોગ્ય વ્યક્તિની નિમણૂક કરશે.*

## 4. ભારતીય પુનર્વસન પરિષદ ધારો 1992 The Rehabilitation councilof India Act, 1992

*ભારતીય પુનર્વસન પરિષદ (આર.સી.આઈ)ની સ્થાપના* 1986*માં રજિસ્ટર્ડ સોસાયટી તરીકે કરવામાં આવી હતી. સપ્ટેમ્બર,* 1992*ના રોજ સંસદ દ્વારા આરસીઆઈ એક્ટ લાગુ કરવામાં આવ્યો હતો અને તે* 22 *જૂન* 1993*ના રોજ એક કાયદાકીય સંસ્થા બની હતી. આ કાયદાને સંસદ દ્વારા* 2000*માં સુધારવામાં આવ્યો હતો. આરસીઆઈને અપાયેલો આદેશ અપંગ વ્યક્તિઓને અપાયેલી સેવાઓનું નિયમન અને દેખરેખ રાખવાનો છે, સિલેબીને માનક બનાવવાનો છે અને પુનર્વસન અને વિશેષ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત તમામ લાયક વ્યાવસાયિકો અને કર્મચારીઓનું કેન્દ્રીય પુનર્વસન રજિસ્ટર જાળવવું છે. આ કાયદામાં અપંગ વ્યક્તિઓને સેવાઓ પહોંચાડતા અયોગ્ય વ્યક્તિઓ સામે શિક્ષાત્મક પગલાંની પણ ભલામણ કરવામાં આવી છે.*

*ભારત પુનર્વસન કાઉન્સિલ* (R.C.I) *સર્વોચ્ચ છે. તે ભારતની એકમાત્ર વૈધાનિક સમિતિ છે કે જેને સેન્ટ્રલ રિહેબિલિટેશન રજિસ્ટરની જાળવણી કરવી જરૂરી છે, જેમાં મુખ્યત્વે લક્ષ્યાંકિત સમુદાયો માટે તાલીમ અને શૈક્ષણિક કાર્યક્રમોનું સંચાલન અને વિતરણ કરનારા તમામ લાયક વ્યાવસાયિકોની વિગતો દસ્તાવેજ કરવામાં આવે છે. ભારતના પુનર્વસન પરિષદ (સુધારા) અધિનિયમની રજૂઆત કરવામાં આવી અને પરિણામે ભારત*

*સરકાર દ્વારા સૂચિત. આ સુધારો અગાઉના રિહેબિલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા એક્ટ, 1992 હેઠળ અપાયેલી વ્યક્તિઓ (સમાન તકો, અધિકારનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ, 1995, હેઠળના મોટા અધિનિયમની જોગવાઈ હેઠળની વ્યાખ્યાઓ અને ચર્ચાઓ કરી છે. કાઉન્સિલે અહેવાલ મુજબ ભારત ભરમાં આવા 12,000 જેટલા વ્યાવસાયિકોની નોંધણી કરી છે.*

❖ **આરસીઆઈના ઉદ્દેશો**

- *અપંગ વ્યક્તિઓના પુનર્વસન ક્ષેત્રે તાલીમ નીતિઓ અને કાર્યક્રમોનું નિયમન કરવું.*
- *અપંગ વ્યક્તિઓ સાથે વ્યવહાર કરતા વ્યાવસાયિકો માટે પ્રશિક્ષણ અભ્યાસક્રમોનું માનકીકરણ લાવવા*
- *અપંગ લોકો સાથે વ્યવહાર કરતા વ્યાવસાયિકો / કર્મચારીઓની વિવિધ કેટેગરીના શિક્ષણ અને તાલીમના ન્યૂનતમ ધોરણો સૂચવવા.*
- *આ તાલીમ સંસ્થાઓમાં આ ધોરણોને દેશભરમાં સમાનરૂપે નિયમન કરવું.*
- *દિવ્યાંગોના પુનર્વસન ક્ષેત્રે માસ્ટર ડિગ્રી / બેચલર ડિગ્રી / પી.જી. ડિપ્લોમા / ડિપ્લોમા / પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ / સંસ્થાઓ / યુનિવર્સિટીઓને માન્યતા આપવી.*
- *પરસ્પરના આધારે વિદેશી યુનિવર્સિટીઓ / સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ ડિગ્રી / ડિપ્લોમા / પ્રમાણપત્ર માન્ય કરવું.*
- *પુનર્વસન અને વિશેષ શિક્ષણના સંશોધનને પ્રોત્સાહન આપવું.*
- *વ્યાવસાયિકો / કર્મચારીઓની નોંધણી માટે કેન્દ્રીય પુનર્વસન નોંધણી જાળવવું.*
- *ભારત અને વિદેશની સંસ્થાઓથી અપંગ લોકોના પુનર્વસન ક્ષેત્રે શિક્ષણ અને તાલીમ પર નિયમિત ધોરણે માહિતી એકઠી કરવા.*
- *અપંગતા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ સાથે સહયોગ દ્વારા પુનર્વસન અને વિશેષ શિક્ષણ ક્ષેત્રે સતત શિક્ષણને પ્રોત્સાહન આપવું.*
- *વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્રોને માનવશક્તિ વિકાસ કેન્દ્રો તરીકે માન્યતા આપવી.*
- *વ્યાવસાયિક પ્રશિક્ષકો અને વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્રોમાં કાર્યરત અન્ય કર્મચારીઓની નોંધણી કરવી.*
- *અપંગતા પર રાષ્ટ્રીય સંસ્થાઓ અને સર્વોચ્ચ સંસ્થાઓને માનવ શક્તિ વિકાસ કેન્દ્રો તરીકે માન્યતા આપવી.*
- *સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળ અપંગતા પર રાષ્ટ્રીય સંસ્થાઓ અને સર્વોચ્ચ સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓની નોંધણી.*

## 5. અક્ષમતાઓ અધિનિયમ, 2016 THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016

*આ અધિનિયમમાં દિવ્યાંગોનું સમુદાય જીવન, દિવ્યાંગોનો રેકોર્ડ જાળવણી, દિવ્યાંગોને સામાજિક સુરક્ષા, દિવ્યાંગોના આરોગ્યસંભાળ, દિવ્યાંગો માટે વીમા યોજનાઓ, દિવ્યાંગોનું પુનર્વસન, દિવ્યાંગો સબંધિત સંશોધન અને વિકાસ, દિવ્યાંગો માટે રમતગમતની પ્રવૃત્તિઓ, અપંગ બાળકો માટે નિઃ શુલ્ક શિક્ષણ, દિવ્યાંગોને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આરક્ષણ, દિવ્યાંગોને ખાનગી ક્ષેત્રમાં નોકરીદાતાઓને પ્રોત્સાહન, દિવ્યાંગોને વિશેષ રોજગાર વિનિમય, દિવ્યાંગો માટે વિશેષ યોજનાઓ અને વિકાસ કાર્યક્રમો, જાગૃતિ અભિયાન, અપંગતા અંગેના કેન્દ્રિય સલાહકાર મંડળની રચના, અપંગતા અંગેના સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડની બેઠકો, અપંગતા અંગે કેન્દ્રીય સલાહકાર મંડળના કાર્યો, અપંગતા અંગે રાજ્ય સલાહકાર મંડળ, અયોગ્યતા, અપંગતા અંગે રાજ્ય સલાહકાર બોર્ડની બેઠકો, અપંગતા અંગે રાજ્ય સલાહકાર મંડળની કામગીરી, અપંગતા અંગેની જિલ્લા કક્ષાની સમિતિ, અપંગ વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય ભંડોળ, અપંગ વ્યક્તિઓ માટે રાજ્ય નિધિ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.*

*અપંગ મહિલાઓ અને બાળકો તેમના અધિકારનો આનંદ માણે તેની ખાતરી કરવા પગલાં લેશે. અપંગ વ્યક્તિઓને સમુદાયમાં રહેવાનો અધિકાર હશે. ક્રૂરતા અને અમાનવીય વર્તનથી રક્ષણ માટે અપંગ વ્યક્તિઓને ત્રાસ, ક્રૂર, અમાનુષી અથવા અધોગતિથી બચાવવાનાં પગલાં અને સારવાર લેવાનો અધિકાર. અપંગતા ધરાવતા કોઈપણ વ્યક્તિ વિના કોઈપણ સંશોધનનો વિષય રહેશે નહીં.*

*અપંગ વ્યક્તિઓને તમામ પ્રકારના દુરૂપયોગ, હિંસા અને શોષણથી બચાવવાનાં પગલાં અને તે જ અટકાવવા, અને કાનૂની ઉપાય કરો લોકોમાં જાગૃતિ લાવવા અને માહિતી ઉપલબ્ધ કરાવવી. અપંગ વ્યક્તિને રક્ષણાત્મક કસ્ટડી આપવા માટે, જો આવી વ્યક્તિ ઈચ્છે છે;*

*આ કાયદાની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવા અથવા અન્ય કોઈપણ કાયદા હેઠળ ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. સુરક્ષા અને સલામતી માટે અપંગ વ્યક્તિઓને સમાન સુરક્ષા અને સલામતી હશે, જોખમ, સશસ્ત્ર સંઘર્ષ, માનવતાવાદી કટોકટી અને કુદરતી આફતોની પરિસ્થિતિઓથી રક્ષણ. અપંગતાવાળા કોઈપણ બાળકને તેના અથવા તેના માતાપિતાથી અલગ કરવામાં આવશે નહીં સક્ષમ કોર્ટના આદેશ સિવાય, જો જરૂરી હોય તો બાળકના શ્રેષ્ઠ હિતમાં અપંગતાના આધારે કરી શકાય. દિવ્યાંગોને પ્રજનન અને કુટુંબ યોજના સંબંધિત યોગ્ય માહિતીની જાણ કરશે. અપંગતા ધરાવતા કોઈપણ વ્યક્તિ કોઈપણ તબીબી પ્રક્રિયાને આધિન રહેશે નહીં જે વંધ્યત્વ તરફ દોરી જાય છે.*

*ભારતનું ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચ સુનિશ્ચિત કરવું જોઈએ કે તમામ મતદાન મથકો અપંગ વ્યક્તિઓ અને તેનાથી સંબંધિત તમામ ચૂંટણી પ્રક્રિયા સરળતાથી*

*સમજી શકાય તેવું છે અને તેમના દ્વારા સુલભ છે. કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ, ઓથોરિટી, કમિશન અથવા કોઈપણ અન્ય સંસ્થા પાસે પહોંચવાના અધિકારનો ઉપયોગ કરવા માટે સક્ષમ અપંગતાના આધારે ભેદભાવ વિના ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક અથવા તપાસની શક્તિ છે.*

*કાનૂની ક્ષમતા અપંગ વ્યક્તિઓ સ્થાવર અથવા સ્થાવર મિલકતની માલિકી અથવા વારસો મેળવવા, અન્ય લોકો સાથે સમાન, તેમનું નાણાકીય નિયંત્રણ કરવાનો અધિકાર છે. વાલીપણા માટેની જોગવાઈ પણ છે. બીજા કોઈપણ કાયદામાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં આ કાયદાની શરૂઆતની તારીખથી અને તે સમયથી અમલમાં રહેવાનો સમય, જ્યાં જિલ્લા અદાલત અથવા કોઈપણ નિયુક્ત અધિકાર, રાજ્ય સરકાર દ્વારા સૂચિત મુજબ, દિવ્યાંગ વ્યક્તિ, જેની પૂરતો અને યોગ્ય ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. પરંતુ કાયદાકીય રીતે બંધનકર્તા નિર્ણયો લેવામાં અસમર્થ હોઈ શકે છે, તેમના વતી કાયદેસર રીતે બંધનકર્તા નિર્ણય લેવા માટે મર્યાદિત વાલીને વધુ ટેકો પૂરો પાડ્યો છે. રાજ્ય સરકાર દ્વારા સૂચવવામાં આવી હોય તેવી રીતે, વ્યક્તિ સાથે પરામર્શ પૂરી પાડવામાં આવેલ કે જિલ્લા અદાલત અથવા નિયુક્ત ઓથોરિટી, હોઈ શકે, આપી શકે. દિવ્યાંગ વ્યક્તિને આવા ટેકાની જરૂર હોય અથવા જ્યાં મર્યાદિત વાલીપણા હોય તેને ટેકો આપવો.*

*શૈક્ષણિક સંસ્થાઓની ફરજ યોગ્ય સરકાર અને સ્થાનિક અધિકારીઓએ પ્રયત્ન કરો કે બધી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેમને નાણાં પૂરા પાડવામાં આવે છે અથવા માન્યતા આપવામાં આવે છે જેનો સમાવેશ થાય છે. શિક્ષક તાલીમ સંસ્થાઓની પૂરતી સંખ્યા સ્થાપિત કરવા, શાળા શિક્ષણના તમામ સ્તરે સમાવિષ્ટ શિક્ષણને ટેકો આપવા માટે વ્યાવસાયિકો અને કર્મચારીઓને તાલીમ આપવી. વ્યાવસાયિક તાલીમ અને સ્વરોજગાર સુવિધાઓ અને સહાય માટે રાહત દરે લોનની જોગવાઈ સહિતની યોજનાઓ અને કાર્યક્રમો દિવ્યાંગો માટે રોજગાર ખાસ કરીને તેમની વ્યાવસાયિક તાલીમ અને સ્વરોજગાર માટે કુશળતા તાલીમ યોજનાઓ અને કાર્યક્રમો, અપંગ વ્યક્તિઓ દ્વારા બનાવેલા ઉત્પાદનોનું માર્કેટિંગ કે પોત્સાહન આપવું. રોજગારમાં ભેદભાવ નહીં.*
https://www.indiacode.nic.in/handle/123456789/2155?sam_handle=123456789/1362

## 6. માનસિક આરોગ્યલક્ષી અધિનિયમ 2017 The Mental Healthcare yuõx, 2017

*27 માર્ચ, 2017ના રોજ, લોકસભાએ એક સર્વાનુમતે નિર્ણયમાં માનસિક આરોગ્યસંભાળ અધિનિયમ 2017 પસાર કર્યો હતો જે રાજ્યસભામાં ઓગસ્ટ 2016માં પસાર થયો હતો અને એપ્રિલ 2017ના રોજ ભારતના માનનીય રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. વિચારસરણી, મૂડ, દ્રષ્ટિ, અભિગમ, અથવા મેમરીની નોંધપાત્ર અવ્યવસ્થા જે ચુકાદા અથવા જીવનની સામાન્ય માંગને પહોંચી વળવાની ક્ષમતા, આલ્કોહોલ અને ડ્રગ્સના દુરૂપયોગ સાથે સંકળાયેલી માનસિક પરિસ્થિતિઓને બગાડે છે."*

*આ અધિનિયમ અસ્તિત્વમાં રહેલી માનસિક સ્થિતિને બચાવે છે / રદ કરે છે. માનસિક રીતે બીમાર વ્યક્તિના હકને માન્યતા ન આપવા અને આવા ખતરનાક દર્દીઓને અલગ પાડવાનો રસ્તો તૈયાર કરવા માટે હેલ્થકેર એક્ટ 1987ની વ્યાપક ટીકા થઈ હતી. આ કૃત્ય 309 ભારતીય દંડ સંહિતાને પલટાવ્યું છે જે માનસિક રીતે બીમાર વ્યક્તિ દ્વારા તેઓ આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવાના ગુનામાં છે. આ કાયદાની બીજી ખાસિયત એ છે કે માનસિક બીમારીથી પીડાતા વ્યક્તિના હકોનું રક્ષણ કરવું અને તેના દ્વારા સારવાર માટે અને આગોતરા નિર્દેશન દ્વારા તેના કેસોની સુવિધા કરવી; તેની માંદગી માટે કેવી રીતે સારવાર લેવા માંગે છે.*

❖ **મેન્ટલ હેલ્થકેર બિલ હેઠળ વિવિધ જોગવાઈઓ નીચે મુજબ છે.**

*દરેક વ્યક્તિને માનસિક આરોગ્યસંભાળ સેવાઓનો વપરાશ કરવાનો અધિકાર હશે. આવી સેવાઓ સારી ગુણવત્તાવાળી, અનુકૂળ, સસ્તું અને સુલભ હોવી જોઈએ. આ કાયદામાં આવા લોકોને અમાનવીય વર્તનથી બચાવવા, નિઃશુલ્ક કાનૂની સેવાઓ અને તેમના તબીબી રેકોર્ડ્સની કેસો  મેળવવા અને જોગવાઈઓમાં ખામીઓની સ્થિતિમાં ફરિયાદ કરવાનો અધિકાર છે.*

*આ માનસિક રીતે બીમાર વ્યક્તિને જરૂરી બીમારીની સારવાર માટે ઈચ્છુક રીતે અને તેણી / તેણીના નિયુક્ત પ્રતિનિધિ કોણ હશે તેના તરફ અગાઉથી નિર્દેશ આપવાનો અધિકાર ધરાવે છે. આ નિર્દેશની તપાસ તબીબી વ્યવસાયી દ્વારા કરવી પડશે.*

*માનસિક આરોગ્ય સંસ્થાઓ સરકારે રાષ્ટ્રીય સ્તરે સેન્ટ્રલ મેન્ટલ હેલ્થ ઓથોરિટી અને દરેક રાજ્યમાં સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટીની સ્થાપના કરવાની રહેશે. બધા માનસિક આરોગ્ય વ્યાવસાયિકો (ક્લિનિકલ સાયકોલોજિસ્ટ્સ, માનસિક આરોગ્ય નર્સો અને માનસિક આરોગ્ય કાર્યકર) અને દરેક માનસિક આરોગ્ય સંસ્થાને આ અધિકાર સાથે નોંધણી કરાવી લેવી પડશે. આ સંસ્થાઓ*

- *તમામ માનસિક આરોગ્ય મથકોનું રજિસ્ટર, નિરીક્ષણ અને જાળવણી કરશે*
- *આવા મથકો માટે ગુણવત્તા અને સેવાની જોગવાઈના ધોરણો વિકસાવવા;*
- *માનસિક આરોગ્ય વ્યવસાયિકોનું રજિસ્ટર જાળવવું;*
- *કાયદાની જોગવાઈઓ અંગે કાયદા અમલીકરણ અધિકારીઓ અને માનસિક આરોગ્ય વ્યવસાયિકોને તાલીમ આપવી;*
- *સેવાઓની જોગવાઈમાં ઉણપ વિશે ફરિયાદો પ્રાપ્ત થાય છે; અને*
- *માનસિક આરોગ્ય સંબંધિત બાબતો પર સરકારને સલાહ આપે છે.*

*માનસિક રીતે બીમાર વ્યક્તિ દ્વારા આપઘાતના પ્રયાસને ઘોષણા આપે છે. આત્મહત્યાના પ્રયાસનું પુનરાવર્તન ન થાય તેની ખાતરી કરવા માટે આવા વ્યક્તિનું પુનર્વસન કરવાની સરકાર પર ફરજ પણ લાદવામાં આવે છે. માનસિક બીમારીવાળા*

*વ્યક્તિને માંસપેશીઓના આરામ અને એનેસ્થેસિયાના ઉપયોગ વિના ઈલેક્ટ્રોકન્વલ્સિવ થેરેપી (ઇસીટી) ઉપચાર કરવામાં આવશે નહીં. તદુપરાંત, સગીર લોકો માટે ઈસીટી ઉપચાર કરવામાં આવશે નહીં.*

*અન્ય એજન્સીઓની જવાબદારીમાં કોઈ પોલીસ સ્ટેશનનો હવાલો આપતો પોલીસ અધિકારી મેજિસ્ટ્રેટને જાણ કરશે માનસિક રીતે બીમાર વ્યક્તિની સારવાર કરવામાં આવે છે અથવા તેની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. કોઈ પણ ભટકતા વ્યકિતની સુરક્ષા હેઠળ પોલીસ સ્ટેશનનો હવાલો લેતા પોલીસ અધિકારી પર ફરજ પણ લાદવામાં આવે છે. આવા વ્યક્તિને તબીબી અધિકારી દ્વારા પરીક્ષાને આધીન રહેશે અને આવી પરીક્ષાને આધારે માનસિક આરોગ્ય મથામણમાં દાખલ કરવામાં આવશે અથવા તેના નિવાસસ્થાને લઈ જવામાં આવશે.*

*નાણાકીય સજા આ કાયદા હેઠળ જોગવાઈઓનો ભંગ કરવા બદલ સજા 6 મહિના સુધીની કેદ અથવા રૂ. 10,000 એક અથવા બંને. પુનરાવર્તિત અપરાધીઓને 2 વર્ષ સુધીની જેલ અથવા રૂ. 50,000 – 5 લાખ અથવા બંને.*

*આ અધિનિયમ બધા માટે માનસિક આરોગ્ય સેવાઓ માટે સશક્ત બનાવે છે. આ અધિકાર એ સુનિશ્ચિત કરવા માટેનો છે કે સેવાઓ સુલભ, સસ્તી અને સારી ગુણવત્તાની હોય. તે દેશના દરેક જિલ્લામાં માનસિક આરોગ્ય સેવાઓની સ્થાપના અને ઉપલબ્ધ થવાની જોગવાઈને પણ આદેશ આપે છે. જો કે, જિલ્લા અને પેટા વિભાગોના સ્તરે પહેલેથી જ અપૂરતા તબીબી માળખાં હોવાને કારણે, કેન્દ્ર સરકાર ખર્ચ લાવવા માટે બજેટના મોટા ભાગની ફાળવણી નહીં કરે ત્યાં સુધી રાજ્ય સરકારો દ્વારા આર્થિક ભારણ ઉઠાવવામાં આવશે.*

*જે દર્દીઓને તેમની પોતાની સારવારના કેટલાક પાસાઓ નક્કી કરવા માટે વધુ શક્તિ આપે છે, તે પશ્ચિમમાંથી લેવામાં આવી છે. તેમ છતાં, વિકસિત દેશોથી વિપરીત, સ્થાનિક માનસિક સ્વાસ્થ્ય સંસાધનો અને ભારતમાં માનસિક બીમારી વિશે જાગૃતિનો અભાવ જેવા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યાં નથી. માનસિક રીતે બીમાર વ્યક્તિઓ કે જેઓ ગંભીર માનસિક વિકારથી પીડાય છે, તેઓ હંમેશાં યોગ્ય નિર્ણયો લેવાની ક્ષમતાનો અભાવ ધરાવે છે અને હંમેશા તેમના વતી બોલવા માટે કોઈ સંબંધી હોતા નથી. આવી સ્થિતિમાં, ચિકિત્સકની સારવાર લેવી તે નિર્ણય લેવાનું શ્રેષ્ઠ છે કારણ કે દર્દીઓ અથવા તેમના નામાંકિત પ્રતિનિધિઓને માનસિક આરોગ્ય અને માનસિક બિમારી વિશે મર્યાદિત હોય છે. તેથી, ચિકિત્સક દ્રષ્ટિકોણથી, આ નવું નિર્દેશન માનસિક રૂપે બીમાર વ્યક્તિઓના પ્રવેશના સમયને ચોક્કસપણે લંબાવશે.*

*આ અધિનિયમ સમુદાયના જીવનના અધિકારને પણ માન્ય રાખે છે; ગૌરવ સાથે જીવવાનો અધિકાર; ક્રૂર, અમાનુષી અથવા અપમાનજનક સારવારથી રક્ષણ; શારીરિક*

માંદગીવાળા વ્યક્તિઓની સમાન સારવાર, અન્ય અધિકારો અને આચાર સંબંધિત સંબંધિત માહિતી મેળવવાનો અધિકાર; ગુપ્તતાનો અધિકાર; તેમના મૂળભૂત તબીબી રેકોર્ડ્સને કેસો કરવાનો અધિકાર; વ્યક્તિગત સંપર્કો અને વાતચીતનો અધિકાર; કાનૂની સહાયતાનો અધિકાર; અને સંભાળ, સારવાર અને સેવાઓની જોગવાઈની ખામી સામે આશ્રય. જો કે, કાયદા હેઠળ જવાબદારીઓને પૂર્ણ કરવા માટે જરૂરી ખર્ચનો અંદાજ ઉપલબ્ધ નથી.

આ અધિનિયમ, બેઘર વ્યક્તિઓ માટે અથવા ગરીબી રેખા (બી.પી.એલ.) ની નીચેના લોકો માટે મફત ગુણવત્તાવાળી સારવારની ખાતરી આપે છે, ભલે તેઓ પાસે બીપીએલ કાર્ડ નથી. આપણા દેશમાં, જ્યાં માનસિક બીમારીને હતાશા સમાન ગણવામાં આવે છે, સરકાર પર નાણાકીય ભારણ ખૂબ વધારે હશે. નાણાકીય વર્ષ 2017-18 માટે, ભારતમાં કુલ સ્થાનિક ઉત્પાદના 1.2% ના સૂચિત આરોગ્ય ખર્ચ. તે વિશ્વના સૌથી નીચામાં છે. ભારત માનસિક આરોગ્ય સંભાળ માટે તેના આરોગ્ય બજેટમાં 0.06% ખર્ચ કરે છે, મોટાભાગના વિકસિત દેશો 2011ના ડબ્લ્યુએચઓના અહેવાલ મુજબ માનસિક આરોગ્ય સંશોધન, માળખાગત સુવિધાઓ, માળખાઓ અને કાર્યબળ પર તેમના બજેટોના 4% કરતા વધારે ખર્ચ કરે છે.

આપઘાતનું નવું પરિચય કરાયેલ ઘોષણા એ ચોક્કસપણે આવકાર્ય પગલું છે. આ બિલના દુરૂપયોગની ઘણી સંભાવના હોઈ શકે છે. જો કે, દહેજથી સંબંધિત બર્નિંગ / હત્યાના પ્રયાસના કિસ્સાઓમાં, આત્મહત્યાના પ્રયાસ તરીકે વળી શકાય છે અને જરૂરી ધ્યાન આપવાની બાંહેધરી આપશે નહીં.

ભારત જેવા વિકાસશીલ દેશોમાં, માનસિક બીમારીવાળા વ્યક્તિઓ અને તેમની પરિસ્થિતિઓ સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક પરિબળો દ્વારા વિકસિત થઈ રહી છે, જેમ કે આરોગ્યસંભાળની પહોંચનો અભાવ, અંધશ્રદ્ધા, જાગૃતિનો અભાવ, કલંક અને ભેદભાવ. આ પરિબળોને ધ્યાનમાં લેવા કોઈ જોગવાઈઓને નિર્દેશિત કરતું નથી. માનસિક આરોગ્યસંભાળ બિલ નિવારણ અને પ્રારંભિક દખલ અંગે વધુ પ્રદાન કરતું નથી.

## 9.5 ગુજરાતમાં દિવ્યાંગો માટેની કલ્યાણ યોજનાઓ

દિવ્યાંગ વ્યક્તિઓને તેમના જિલ્લાની સિવિલ હોસ્પિટલોમાંથી દિવ્યાંગતા - અપંગતા અંગેનો દાખલો પ્રમાણપત્રો આપવામાં આવે છે. આ દાખલામાં વ્યક્તિ કેટલા ટકા અને ક્યા પ્રકારની દિવ્યાંગતા ધરાવે છે તે દર્શાવવામાં આવ્યું હોય છે. અપંગતા અંગેનો દાખલો ધરાવનાર વ્યક્તિને તેમના જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તરફથી ઓળખપત્ર આપવામાં આવે છે. દિવ્યાંગ વ્યક્તિઓ આ ઓળખપત્ર રજૂ કરી વિવિધ યોજનાઓનો લાભ મેળવી શકે છે. ગુજરાતમાં દિવ્યાંગ વ્યક્તિઓના લાભાર્થે શિક્ષણ સંબંધી, રોજગારલક્ષી, આર્થિક સહાય, સાધન- સહાય, મુસાફરી વગેરેને લગતી

*વિભિન્ન યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ બધી યોજનાઓ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓનું પુનર્વસન કરવા પ્રયાસો થાય છે.*

❖ **શિક્ષણ સંબંધી યોજનાઓ :**

**દિવ્યાંગ વ્યક્તિઓ માટે શિક્ષણ સંબંધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. યોજનાઓ નીચે મુજબ છે. :-**

- *સંકલિત શિક્ષણ યોજના*
- *શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બેઠકો*
- *શિષ્યવૃત્તિ*
- *પરીક્ષામાં લહિયાની મદદ*
- *ઉચ્ચ શિક્ષણ સહાય યોજના*
- *સંત સુરદાસ યોજના*

❖ **રોજગારલક્ષી યોજનાઓ :**

*દિવ્યાંગ માટે વિભિન્ન રોજગારલક્ષી કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે, જે નીચે મુજબ છે.*

- *સરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓ*
- *વયમર્યાદામાં છૂટછાટ*
- *સ્પર્ધાત્મક પરીક્ષાની ફી માફી*
- *કારખાનામાં અનામત*
- *શિક્ષક તરીકેની પસંદગીમાં અગ્રતા*
- *અપંગ વ્યક્તિઓને ટેલિફોન બૂથ*
- *શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના*

❖ **આર્થિક સહાય માટેની યોજનાઓ :**

1997*માં રાષ્ટ્રીય દિવ્યાંગ આર્થિક સહાય અને વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. દિવ્યાંગ વ્યક્તિઓના લાભાર્થે નીચેની આર્થિક સહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. નિયમો અને શરતોને આધીન રહીને ધિરાણ સહાય આપવામાં આવે છે.*

- *સ્વરોજગારી*
- *દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોને સહાય*
- *ઉચ્ચતર અભ્યાસ કે વ્યાવસાયિક તાલીમ માટે સહાય*
- *સાધનો બનાવવા ધિરાણ સહાય*
- *નિપુણતા તથા ઔદ્યોગિક સાહસના વિકાસ માટે સહાય*
- *માનસિક દિવ્યાંગો માટે સ્વરોજગારી ઊભી કરવા માટેની યોજના*

❖ **રાહત યોજનાઓ :**

- *રાહતદરથી જમીન*
- *વાહન - મકાન બાંધકામ પેશગી*
- *દિવ્યાંગ વ્યક્તિઓને મુસાફરી ભાડામાં રાહત*
- *અંધ વ્યકિતને ટેલિફોનમાં અગ્રતા અને ભાડામાં રાહત*
- *વ્યવસાય વેરામાંથી મુક્તિ*
- *આવકવેરા અંગે લાભદાયી કપાતો*

❖ **સાધન સહાય યોજના :**

*સામાજિક સુરક્ષા સંબંધી યોજના આ યોજનાઓ નીચે મુજબ છે,*

- *સુદામા ગૌરવનિધિ યોજના*
- *ફેમિલી પેન્શન*
- *મકાન માટે અનામત*

## 9.6 સારાંશ

*દિવ્યાંગોને સહાનુભૂતિ, તક તાલીમ, રોજગાર અને રચનાત્મક દષ્ટિકોણની જરૂર છે. સમુદાય આધારિત પુનર્વસન અને વિવિધ કલ્યાણ યોજનાઓ આ જરૂરિયાતો પૂરી પાડવાની સંભાવના ધરાવે છે. શિક્ષણ, રોજગાર, આર્થિક સહાય, રાહત, સાધન - સહાય, સામાજિક સુરક્ષા, પારિતોષિક અને સ્પર્ધા યોજનાઓ દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવામાં, તેમનામાં આત્મવિશ્વાસ કેળવવામાં તેમજ સમાજમાં તેમની ભાગીદારી વિકસાવવામાં અને અલિપ્તતા દૂર કરવામાં ફાળો આપે છે. સમાજમાં લોકોને અપંગતાની પ્રશ્ન જાણકારી થાય તથા લોકજાગૃતિ કેળવાય એ માટે દર વર્ષે વિશ્વ અંધજન દિન ( 14મી સપ્ટેમ્બર), વિશ્વ અપંગદિન ( 3જી ડિસેમ્બર) અને વિશ્વ માનસિક દિવ્યાંગ દિન (8મી ડિસેમ્બર) ઊજવવામાં આવે છે. ગુજરાતમાં અપંગોની 11, સરકારી સંસ્થાઓ છે. દિવ્યાંગોના કલ્યાણ અને પુનર્વસન માટે કાર્ય કરતી 125 સ્વૈચ્છિક સંસ્થાઓ છે. દિવ્યાંગોને માર્ગદર્શન આપતા 19 મેગેઝિનોનું પ્રકાશન થાય છે. દિવ્યાંગોના કલ્યાણ માટેનું સરકારી તંત્ર ગોઠવાયેલું છે. આ બધી સંસ્થાઓ અને તંત્ર, દિવ્યાંગજનોના પુનર્વસન કરવામાં પોતાનું યોગદાન આપે છે.*

## 9.7 તમારી પ્રગતિ ચકાસો

1. *દિવ્યાંગનો અર્થ જણાવો.*

..............................................................................................

..............................................................................................

..............................................................................................

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

2. *ભારતનું બંધારણ અને દિવ્યાંગ લોકોનો દરજ્જો જણાવો.*

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

3. *દિવ્યાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓના નામ જણાવો.*

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

*4. ગુજરાતમાં દિવ્યાંગો માટેની કલ્યાણ યોજનાઓ વિશે ચર્ચા કરો.*

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 9.8 બહુવિકલ્પિય પ્રશ્નો

**1. ભારતમાં વિશ્વ અંધદિન ક્યારે મનાવવામાં આવે છે.**

*(અ)* 14 *સપ્ટેમ્બર* *(બ)* 18 *ફેબ્રુઆરી (ક)* 8 *ડિસેમ્બર (ડ)* 5 *જૂન*

**2. ભારતમાં 1991માં વસતિના કેટલા ટકા લોકો દિવ્યાંગ હતા.**

*(અ)* 2.9 *ટકા* *(બ)* 1.9 *(ક)* 8.9 *ટકા* *(ડ)* 4.9 *ટકા*

**3. ભારતની સંસદે દિવ્યાંગ વ્યક્તિઓ ધારો - 1995 ઘડ્યો છે અને તે ક્યાં વર્ષથી અમલમાં આવ્યો છે.**

*(અ)* 1995 *(બ)* 1998 *(ક)* 2000 *(ડ)* 1996

**4. વિશ્વ માનસિક દિવ્યાંગ દિન ક્યારે ઊજવવામાં આવે છે.**

*(અ)* 7 *ઓગસ્ટ* *(બ)* 12 *માર્ચ* *(ક)* 8 *ડિસેમ્બર* *(ડ)* 5 *ફેબ્રુઆરી*

**5. ક્યાં વર્ષ રાષ્ટ્રીય દિવ્યાંગ આર્થિક સહાય અને વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે.**

*(અ)* 1995 *(બ)* 1987 *(ક)* 1997 *(ડ)* 1985

**જવાબ**

1. (અ) 14, *સપ્ટેમ્બર*
2. (બ) 1.9 *ટકા*
3. (ડ) 1996
4. (ક) 8 *ડિસેમ્બર*
5. (ક) 1997

## 9.9 સ્વાધ્યાયના પ્રશ્નો

1. *દિવ્યાંગનો એટલે શું? જણાવો.*

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

2. *ભારતમાં દિવ્યાંગ લોકોનો દરજ્જો પર ટૂંકનોંધ લખો.*

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

3. *દિવ્યાંગ ધારો, 1995 અને દિવ્યાંગ લોકોનો દરજ્જો વિશે ચર્ચા કરો.*

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

4. *ભારતમાં દિવ્યાંગોના કાયદાઓ વિશે વિગતવાર ચર્ચા કરો.*

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

## 9.10 ચાવીરૂપ શબ્દો

**દિવ્યાંગ એટલે :** *"દિવ્ય અંગ" અર્થાત જેની પાસે જેના અંગ – ઉપાંગોમાં અદભૂત શક્તિ રહેલી છે તેવી વ્યક્તિ.*

## 9.11 સંદર્ભ સૂચિ


1. https://www.indiacode.nic.in
2. https://www.indiacode.nic.in/handle/123456789/2155?sam_handle=123456789/1362
3. https://www.indiacode.nic.in/handle/123456789/1951?sam_handle=123456789/1362
4. https://www.indiacode.nic.in/handle/123456789/2249?sam_handle=123456789/132
5. https://www.indiacode.nic.in/handle/123456789/1977?sam_handle=123456789/1362
6. http://patnahighcourt.gov.in/bslsa/pdf/ActsRules/3
7. https://www.voiceofsap.org/wp-content/uploads/essay_submission/Inclusive-Soci[a]y-for-Divyang-My-Dream-1538414929
8. https://sje.gujarat.gov.in/
9. https://sje.gujarat.gov.in/DSD/showpage.aspx?contentid=1563&lang=Gujarati
10. https://gu.vikaspedia.in/
11. *દિવ્યાંગ ધારો* 1995, *ગુજરાત સરકાર, માહિતી ખાતું,*
12. *એ, જે, શાહ અને જે, કે, દવે* (2009-10), *સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનાડા બુક ડીપો, અમદાવાદ.*

# એકમ - 10 સમાજમાં કામદાર સંબંધી કાનૂની જોગવાઈઓ

:: રૂપરેખા ::

**10.0** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** સમાજમાં કામદાર સંબંધી કાનૂની જોગવાઈઓ

**10.3** ગુજરાત સરકારની કામદારો માટેની યોજનાઓ

**10.4** સારાંશ

**10.5** તમારી પ્રગતિ ચકાસો

**10.6** બહુવિકલ્પિય પ્રશ્નો

**10.7** સ્વાધ્યાયના પ્રશ્નો

**10.8** ચાવીરૂપ શબ્દો

**10.9** સંદર્ભ સૂચિ

## 10.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ સમાજમાં કામદારો સંબંધી કાનૂની જોગવાઈઓ વિશે જાણશે. ભારત તેમજ ગુજરાતમાં કામદારો સબંધિત કાનૂનો અને યોજનાઓ વિશે સમજ મેળવશે.*

## 10.1 પ્રસ્તાવના

*ભારતની સામાજિક નીતિ દેશના બધા જ લોકોને સુરક્ષા અને સલામતી પૂરી પાડવાની જોગવાઈ સાથે સંબંધિત છે. વિવિધ કાયદાઓ દ્વારા સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના કામદારોને તેમજ યોજનાઓ દ્વારા લોકોને સલામતી અને સુરક્ષા પુરી પાડવામાં આવે છે. રોજગારી આજીવિકાનું સાધન છે. માનવીને તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આજીવિકાનું પર્યાપ્ત સાધન એટલે કે પૂર્ણરોજગારી ઉપલબ્ધ બને તે જરૂરી છે. રોજગારી અને કામદારોને લગતા કાયદામાં વખતોવખત સુધારા થતા રહ્યાં હોય છે. આ સુધારા પાછળનો મુખ્ય હેતુ કામદારોના હિતોનું રક્ષણ કરવાનો અને કામદારાનું કલ્યાણ કરવાનો છે.*

## 10.2 સમાજમાં કામદાર સંબંધી કાનૂની જોગવાઈઓ

*ભારતમાં કામદારો સંબંધિત બંધારણીય જોગવાઈ, કાયદાઓ અને યોજનાઓ નીચે મુજબ છે.*

- *બંધારણની કલમ* 23(1) *મુજબ વેઠ તેમજ તેના જેવી બળજબરીથી કરાવાતી બીજી કોઈ પ્રકારની મજૂરી  પ્રતિબંધ. આ જોગવાઈનું ઉલંઘન કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુનો ગણાશે.*
- *બંધારણની કલમ* 24 *અનુસાર* 14 *વર્ષથી નીચેની વયના બાળકને કોઈપણ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહીં તેમજ બીજા કોઈ જોખમવાળા કામમાં રોકી શકાશે નહીં.*
- *બંધારણની કલમ* 39 *મુજબ રાજય, પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પર્યાપ્ત સાધન મેળવવાનો સમાન હક રહે, પુરુષો અને સ્ત્રીઓ બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે એવી નીતિ અખત્યાર કરશે.*
- *બંધારણની કલમ* 41 *મુજબ રાજય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની વેતનનો મર્યાદામાં રહીને કામનો હક મળી રહે તેવી જોગવાઈ કરશે.*
- *બંધારણની કલમ* 42 *મુજબ કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ સિદ્ધ કરવા અને પ્રસૂતિ સહાયતા માટે રાજય જોગવાઈ કરશે.*

**આ ઉપરાંત નીચે મુજબના કાયદાઓ અને યોજનાઓ છે.**

(1) *એમ્પ્લોઈઝ કોમ્પેન્સેશન એક્ટ* 1923
(2) *વેતન ચૂકવણીનો કાયદો,* 1936
(3) *લઘુત્તમવેતનનો કાયદો,* 1948
(4) *ફેક્ટરીઝ એક્ટ* 1948
(5) *કર્મચારીઓની રાજ્ય વીમો અધિનિયમ,* 1948
(6) *પ્લાન્ટેશ ન્સ લેબર એક્ટ* 1951
(7) *માઈન્સ એક્ટ* 1952
(8) *કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ્સ અને પરચુરણ જોગવાઈઓ અધિનિયમ* 1952
(9) *ગોદી કામદારોની સલામતી સ્વાસ્થ્યને કલ્યાણને લગતો કાયદો* 1956
(10) *બોનસ ફાળવણી ધારો,* 1965
(11) *મેટરનિટી બેનિફિટ એક્ટ* 1961
(12) *કોન્ટેકટ લેબર એક્ટ,* 1970
(13) *પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટ* 1972
(14) *બંધવા મજૂર પ્રથા (નાબૂદી) કાયદો,* 1976
(15) *સમાન વેતનધારો,* 1976
(16) *એમ્પ્લોઈઝ ડિપોઝિટ પર* linked insurance scheme 1976
(17) *એમ્પ્લોય પેન્શન સ્કીમ* 1995
(18) *રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી એક્ટ,* 2005
(19) *રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના* 2007.
(20) *અસંગઠિત ક્ષેત્રના કામદારોની સલામતી કાયદો* 2008

(21) *ઔદ્યોગિક સંબંધ કોડ બિલ*, 2020

(22) *અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં કામદારો માટે પ્રધાનમંત્રી શ્રમ યોગી માન-ધનયોજના*

**( 1 ) એમ્પ્લોઈઝ કોમ્પેન્સેશન એક્ટ 1923**

*સામાજિક સલામતીના ક્ષેત્રમાં આ કાયદો એક જૂનો કાયદો છે. આ કાયદો કામદારોને કામ દરમિયાન કોઈ બીજા અને અકસ્માત થાય અમુક વ્યાવસાયિક રોગ થાય અને તેનાથી કામદાર કામ કરવા કે અપંગ બને તે મૃત્યુ પામે તેવા કિસ્સામાં કામદારો અને તેમના આધારિત અને વળતરની જોગવાઈ કરે છે. તેમ જ કાયદાથી નિયત થયેલ અમુક કામ કરતી વ્યક્તિઓને લાગુ પડે છે. આ કાયદો કારખાના ખાણ બાગાયત બાંધકામ તેમજ અમુક અન્ય જોખમી વ્યવસાયમાં કામ કરતા કામદારોને લાગુ પડે છે. આ કાયદાની જોગવાઇ મુજબ કાયમી સંપૂર્ણ અપંગતા કે મૃત્યુના કિસ્સામાં અનુક્રમે* 1 *લાખ* 40 *હજાર રૂપિયા અને* 1 *લાખ* 20 *હજાર રૂપિયાનું લઘુત્તમ વળતર આપવાની જોગવાઈ થઈ છે. મૃત્યુ બદલ મહત્તમ* 9.4 *લાખ રૂપિયા અને કાયમી સંપૂર્ણ અપંગતા બદલ* 10.97 *લાખ રૂપિયાનું વળતર અસરગસ્ત વ્યક્તિની ઉંમર અને વેતનને ધને રાખીને આપવામાં આવે છે.*

**( 2 ) વેતન ચૂકવણીનો કાયદો, 1936**

*આ કાયદો કામદારોને સમયસર વેતન ચૂકવણીની ખાતરી આપે છે. તેમજ વેતનમાંથી બિનઅધિકૃત કપાત કરવામાં ન આવે તેવી જોગવાઈ કરે છે. નિયત ઉદ્યોગગૃહો અને સેવા ઉદ્યોગોને આ કાયદો લાગુ પડે છે.* 2012*થી આ કાયદો માસિક વેતન* 18000*થી ઓછું વેતન મેળવતા હોય તેવા કામદારોને લાગુ પડે છે. સ્ત્રીઓને કાનૂની સમાનતા પૂરી પાડવા માટે* 2009*ના વેતન નિયમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. આ નિયમો અનુસાર કામદારોને તેમના કુટુંબના સભ્યને નોમિની તરીકે નીમવાની જોગવાઈ થઈ છે.*

**( 3 ) લઘુત્તમવેતનનો કાયદો, 1948**

*આ કાયદો મુખ્યત્વે અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરોના હિતોની સુરક્ષા માટે અમલમાં મૂકવામાં આવ્યો હતો. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરોમાં સામાન્ય રીતે નિરક્ષરતા હોય છે અને તેઓમાં સોદાશક્તિનો અભાવ હોય છે. આથી તેઓ શોષણનો ભોગ બને તેવા આ કાયદો મજૂરોને લઘુત્તમવેતન આપવા ફરજ પાડે છે અને મજૂરોને શોષણ સામે રક્ષણ આપે છે. બળજબરી આ કાયદાની જોગવાઈ મુજબ ફુગાવો અને મોંઘવારીના પરિબળોને લક્ષમાં રાખે છે. વખતોવખત લઘુતમ વેતનમાં સુધારો કરવામાં આવે છે. આ કાયદો સ્ત્રી - પુરુષ વચ્ચે ભેદભાવ રાખતો નથી. કાયદાની બધી કે જોગવાઈઓ સ્ત્રી - પુરુષ બંનેને સમાન રીતે લાગુ પડે છે. સમગ્ર રાષ્ટ્રમાં લઘુત્તમવેતનો*

*એક સમાન ન હોવાથી તળિયાના લઘુત્તમ વેતનનો ખ્યાલ દાખલ કરવામાં આવ્યો છે. આ ખ્યાલને અનુલક્ષીને દૈનિક લઘુત્તમ વેતનમાં વખતોવખત સુધારો કરવામાં આવે છે.* 2011*થી તળિયાનું લઘુત્તમગણાશે. રોજગારીના ક્ષેત્રોમાં તળિયાનું લઘુતમ વેતન દૈનિક રૂપિયા* 115*થી ઓછું ન હોય ધ્યાન રાખવાની સૂચના આપવામાં આવે છે.*

**( 4 ) ફેક્ટરીઝ એક્ટ 1948**

*આ કાયદા કારખાનામાં કામ કરતા કામદારોની સુરક્ષા આરોગ્ય અને કલ્યાણ સંબંધિત વિભિન્ન બાબતોનું નિયમન કરે છે આ કેન્દ્રીય કાયદાનું ધ્યેય કારખાનામાં કામ કરતા કામદારોને ઔદ્યોગિક વ્યવસાયિક જોખમ સામે રક્ષણ પૂરું પાડે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો આ કાયદાની જોગવાઈનો અમલ કરવા માટે નિયમો ઘડે છે અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર દ્વારા તેનું પાલન કરાવે છે.*

*આ કાયદા દ્વારા પુખ્ત વયના કામદારો માટે અઠવાડિયાના* 48 *કલાકનું કામ નક્કી કરવામાં આવ્યું હોય છે.* 14*વર્ષની નીચેની વયના બાળકોને કારખાનામાં કામે રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અમુક જોખમી પ્રક્રિયાઓમાં સ્ત્રીઓને કામ પર મૂકવા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાયદાથી* 1000 *કામદારો કે વધુ કામદારો અથવા* 500 *કામદારો કે વધુ કામદારો વાળા કારખાનામાં અનુક્રમે ચીફ ઓફિસર અને વેલ્ફેર ઓફિસર નીમવા ની જોગવાઈ થઈ છે. આ કાયદામાં* 1987*માં સુધારો કરવામાં આવ્યો છે આ સુધારાથી જોખમી પ્રક્રિયાઓની બાબતમાં કારખાનાના માલિકોને જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે તેમજ ફરજો નક્કી કરવામાં આવી છે જેના ભંગ બદલ કારખાનાના માલિકને સજા કરવાની જોગવાઈ થઈ છે.*

**( 5 ) કર્મચારીઓના રાજ્ય વીમા અધિનિયમ, 1948**

*માંદગી, પ્રસૂતિ કિસ્સામાં કર્મચારીઓને ચોક્કસ લાભની જોગવાઈ માટેનો કાયદો છે. 'રોજગાર ઈજા' અને તેના સંબંધમાં કેટલીક અન્ય બાબતોની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે માંદગીના કિસ્સામાં કર્મચારીઓને ચોક્કસ ફાયદાઓ આપવા એ યોગ્ય છે, પ્રસૂતિ અને રોજગારની ઈજા અને સંબંધમાં અન્ય કેટલીક બાબતો માટેની જોગવાઈ આ કાયદામાં જોવા મળે છે. આ કાયદો વીજળીનો ઉપયોગ કરતાં ઋતુગત કારખાનાઓમાં તેમજ* 10 *કે વધુ કામદારોવાળા કારખાના તથા વીજ વપરાશ ન કરતાં કારખાનાઓને કે જેમાં વીસ કે વધુ વ્યક્તિઓ કામ કરતી હોય તેવા કારખાનાઓને લાગુ પડે છે.* 2010 *ની સાલથી આ કાયદો પંદર હજારથી વધુ વેતન મેળવતા ન હોય તેવા કામદારોને આવરી લે છે. આ કાયદો માંદગી માતૃત્વ રોજગારી દરમિયાન ઈજા અને ઈજાથી કામદારના મૃત્યુના કિસ્સામાં કામદારના આધારિતોને પેન્શન આપવાની જોગવાઈ કરે છે. આ કાયદા હેઠળ ઈમાનદાર વ્યક્તિને* 2005*થી અમલમાં આવેલી રાજીવ ગાંધી શ્રમિક કલ્યાણ યોજનાથી બેરોજગારી ભથ્થું આપવાની જોગવાઈ થઈ છે. કારખાનું બંધ થાય, કામદારોને છૂટા કરવામાં આવે, તે કામદાર કાયમી રીતે કામ કરવા અક્ષમ બની*

*જાય તેવા કિસ્સામાં 3 વર્ષ સુધી બેરોજગારી ભથ્થું આપવાની જોગવાઈ થઈ છે. આ કાયદાના લાભાર્થીઓને સંખ્યા 6.64 કરોડ જેટલી છે.*

**( 6 ) પ્લાન્ટેશન્સ લેબર એક્ટ 1951**

*આ કાયદો બગીચામાં કામ કરતાં મજૂરોના કલ્યાણ માટેની જોગવાઈઓ કરે છે. તેમજ કાર્ય પરિસ્થિતિનું નિયમન કરે છે. આ કાયદામાં સુધારો કરીને સુધારેલા પ્લાન્ટેશન લેબર એક્ટ 2010માં અમલ કરવામાં આવ્યો છે. આ સુધારેલા કાયદાથી કામદારોની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે તે મુજબ માસિક રૂપિયા 10,000 સુધીનું વેતન આપવા મેળવનારની ગણવામાં આવે છે. અને તે દ્વારા પુરુષનું કુટુંબ અને સ્ત્રીનું એવો ભેદ નાબૂદ કરવામાં આવ્યો છે. આ કાયદાથી બગીચામાં કામ કરતા કામદારોની સલામતી અને વ્યાવસાયિક સબંધી બાબતોને આવરી લેવામાં આવી છે. આ કાયદાથી 14 વર્ષની નીચેના વયના બાળકોને બગીચામાં કામ પર રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ જ બધા જ કામદારોને તબીબી સુવિધાની જોગવાઈ કરવામાં આવી છે.*

**( 7 ) માઈન્સ એક્ટ 1952**

*ખાણમાં કામ કરતા કામદાર કામદારોની સલામતી સ્વાસ્થ્યને કલ્યાણની જોગવાઈ આ કાયદાથી કરવામાં આવી છે.*

**( 8 ) કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ્સ અને પરચુરણ જોગવાઈઓ અધિનિયમ 1952 (The Employees provident fund and miscellaneous provisions act 1952)**

*આ કાયદો કામદારોને પ્રોવિડન્ટ ફંડ્સ અને ડિપોઝિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ સ્વરૂપે નાણાકીય સલામતી પૂરી પાડે છે. આ કાયદો જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે. 186 ઉદ્યોગ અને સંસ્થાઓને આવરી લે છે. ફંડ યોજના 1952થી ફરજીયાત બચત દ્વારા કામદારોને નાણાકીય સલામતી પૂરી પાડે છે. દર મહિને છ હજાર પાંચસો રૂપિયાથી વધુ વેતન ન હોય તેવા કામદારોને આવરી લે છે. 1990 પછીથી કામદારોને કારખાનામાં નોકરીમાં જોડાયા તારીખ થી જ ફંડના સભ્ય બની રહે છે. 2010ની સ્થિતિએ અનુસાર 70 લાખથી વધુ કારખાના અને સંસ્થાઓને આવરી લેવાયા હતા અને કુલ 695 લાખથી વધુ સભ્યો હતા.*

**( 9 ) ગોદી કામદારોની સલામતી અને સ્વાસ્થ્ય કલ્યાણને લગતો કાયદો 1956**

*આ કાયદો 1986 થી અમલમાં મૂકવામાં આવ્યું આ કાયદાનો અમલ દેશના બધા મુખ્ય બંદરો પર કરવામાં આવે છે.*

**( 10 ) બોનસ ફાળવણી ધારો, 1965**

*આ કાયદો 20 કે તેથી વધુ વ્યક્તિ કામ કરતી હોય તેવા કારખાનામાં અને સંસ્થામાં નોકરિયાતોને પગાર ઉપરાંત વર્ષમાં એક વખત બક્ષિસ સ્વરૂપે બોનસ ચૂકવવાની*

*જોગવાઈ કરવામાં આવી છે. 2007થી સુધારવામાં આવેલા આ કાયદા મુજબ માસિક રૂપિયા 10,000 સુધીના વેતન મેળવતા કામદારોને બોનસ ચૂકવવામાં આવે છે. લઘુતમ બોનસની રકમ વાર્ષિક વેતનના 8.33 ટકા રાખવામાં આવે છે.*

**( 11 ) મેટરનિટી બેનિફિટ એક્ટ 1961**

*આ કાયદો કામ કરતી સ્ત્રીઓના કલ્યાણ વૃધ્ધિ કરતો સામાજીક કાયદો છે. આ કાયદો ગર્ભવતી સ્ત્રીઓને પ્રસ્તુતિ પૂર્વે અને પ્રસૂતિ બાદ અમુક સમય સુધી કામ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ કાયદો પ્રસુતિની રજા માટે અને અમુક નાણાંકીય લાભોની જોગવાઈ કરે છે. આ કાયદો 12 અઠવાડિયા માતૃત્વ લાભ આપે છે. તેમાં પ્રસૂતિ પૂર્વે 6 અઠવાડિયા અને પ્રસૂતિ બાદ ૬ અઠવાડિયાનો સમાવેશ થાય છે. 2008માં આ કાયદામાં સુધારો કરવામાં આવ્યો. તે મુજબ મેડિકલ બોનસ આપવાની જોગવાઈ થઈ છે.*

**( 12 ) કોન્ટ્રેક્ટ લેબર એક્ટ, 1970**

*વિભિન્ન કુશળ અને અર્ધકુશળ કામો માટે મોટાભાગના ઉદ્યોગોમાં કોન્ટ્રેક્ટ લેબર નિમવાની પ્રથા પ્રચલિત છે. કૃષિ અને કૃષિસંબંધિત કામોમાં તેમજ અમુક અંશે સેવા વિભાગમાં કોન્ટ્રેક્ટ લેબર એવી વ્યક્તિ છે, જેને કોન્ટ્રેક્ટર દ્વારા ભાડે રાખવામાં આવેલ છે, તેના કોમોની દેખરેખ રાખવામાં આવે છે, કરારબદ્ધ કરવામાં આવે છે તેમજ કરારથી નિયત થયેલ મહેનતાણું ચૂકવવામાં આવે છે અને કોન્ટ્રેક્ટરને તેનો ઉપયોગ કરનારે નિયત વળતર આપવામાં આવે છે. કોન્ટ્રેક્ટર એ માલિક અને મજૂર વચ્ચેનો એજન્ટ - વચેટિયો માણસ છે. આમાં કામ કરનાર વ્યક્તિની પરિસ્થિતિ અસંતોષકારક હોય છે. આથી કોન્ટ્રેક્ટ લેબર પ્રથાનું નિયમન અને કોન્ટ્રેક્ટ લેબર પ્રથામાં મજૂરોનું શોષણ થાય છે, તેમના કામ અને જીવન નીચેની બદી દૂર કરવા માટે 1970નો કાયદો ઘડવામાં આવ્યો અને તે 10-2-1971થી આ કાયદો અમુક સંસ્થાઓમાં કોન્ટ્રેક્ટ લેબરની રોજગારીનું નિયમન કરે છે. તેમજ તેમના કામ અને જીવન પરિસ્થિતિના અમુક સંજોગો નાબૂદ કરવા માટે જોગવાઈ કરે છે. આ કાયદો કેન્દ્ર અને રાજ્ય સરકારોને કોન્ટ્રેક્ટ લેબર રોજગારી પર નિષેધ વિભાગો મુકવાની સત્તા આપે છે. સાથોસાથ કટોકટીના સંજોગોમાં તેમાં અપવાદ માન્ય રાખવાની સત્તા આપે છે. કેન્દ્ર સરકારે જુદા જુદા ક્ષેત્રોમાં જુદી જુદી કક્ષાના ક્રમમાં કોન્ટ્રેક્ટ લેબરથી રોજગારી આપવા ઉપર નિષેધ મૂકતી 81 જેટલી અધિસૂચનાઓ જાહેર કરી છે.*

**( 13 ) પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી 1972**

*કારખાનામાં, ખાણ, બગીચા, બંદરો, રેલવે, મોટર ટ્રાન્સપોર્ટ કંપની વગેરેને લાગુ પડે છે. આ યોજના મુજબ કામદારોને તેમની નિવૃત્તિ વખતે, તેણે નોકરીના પૂરા કરેલાં વર્ષો માટે વર્ષ દીઠ 15 દિવસનું વેતન રૂ 10 લાખની મર્યાદામાં ચૂકવવામાં આવે છે. આ રકમ ગ્રેજ્યુટી તરીકે ઓળખાય છે.*

**( 14 ) બંધવા મજૂર પ્રથા (નાબૂદી) કાયદો, 1976**

*સમાજના અમુક વર્ગમાં ઋણગ્રસ્તતાને કારણે બંધવા મજૂર પ્રથા પ્રચલિત બની હતી. આ પ્રથાથી આર્થિક રીતે નબળા, અસહાય એવા નબળા વર્ગના લોકોનું શોષણ થતું હતું. આ પ્રથા એક પ્રકારની વેઠપ્રથા છે. તેમાં મજૂરે ધિરાણ આપનાર માલિકના ખેતરનું ખેતીકામ ફરજિયાત કરવું પડતું. ધિરાણના બદલામાં ધિરાણ લેનાર મજૂરી કામ કરવા બંધાયેલો રહેતો.* 1975*માં રાષ્ટ્રપતિએ એક વટહુકમ દ્વારા વેઠિયા મજૂર પ્રથાને ગેરકાનૂની જોગવાઈઓ જાહેર કરી અને બંધવા મજૂરોને મુક્ત કરવાની ઘોષણા કરી. ત્યારબાદ આ વટહુકમના સ્થાને બંધવા મજૂર પ્રથા (નાબૂદી) કાયદો,* 1976*માં અમલમાં મૂકવામાં આવ્યો. આ કાયદાનો ભંગ કરવા બદલ* 3 *વર્ષની જેલ અને રૂપિયા* 2000 *દંડ કરવાની જોગવાઈ થઈ છે. આ કાયદા હેઠળ બંધવા મજૂરોની ઓળખ કરવાની અને તેઓને મુક્ત કરવાની તેમજ મુક્ત કરવામાં આવેલા બંધવા મજૂરોનું પુનર્વસન અને સલામતીની જવાબદારી સંબંધિત રાજ્ય સરકારને સોંપવામાં આવી છે.*

**( 15 ) સમાન વેતનધારો, 1976**

*પુરુષ અને સ્ત્રીના વેતનના ભેદભાવ દૂર કરવા માટે આ કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદાથી કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સમાન સ્વરૂપના કામ બદલ સ્ત્રી અને પુરુષને સમાનવેતન. ભરતી અને નોકરીની શરતોમાં લૈંગિક ભેદભાવનો નિષેધ. આ કાયદો સ્ત્રી કામદારોને રક્ષણ પૂરું પાડવા અને શોષણ અટકાવવા માટે અમલમાં મૂકવામાં આવ્યો છે.*

**( 16 ) એમ્પ્લોઈઝ ડિપોઝિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ સ્કીમ 1976**

*કામદારોને મહત્ત્વની સામાજિક સલામતી પૂરી પાડે છે. આ યોજનાના સભ્યોને તેના મૃત્યુના કિસ્સામાં લમસમ લાભ પુરા પાડે છે. આ યોજના મુજબ કામદારના ફંડની જમા રકમ ઉપરાંત વધારાની રકમ ચૂકવવામાં આવે છે.* 2011*થી લાભની રકમ* 1,30,000 *કરવામાં આવી છે.*

**( 17 ) એમ્પ્લોય પેન્શન સ્કીમ 1995**

*આ યોજના* 1995*થી અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો ધ્યેય કામદારોને વૃદ્ધાવસ્થામાં આર્થિક સલામતી પૂરી પાડવાનો છે. આ યોજનામાં* 2013*ની સ્થિતિ મુજબ* 761.71 *લાખ સભ્યો હતા. આ યોજના મુજબ સભ્યપદ ફરજિયાત છે. અને દસ વર્ષની નોકરી બાદ કામદાર પેન્શન પાત્ર બને છે. આ યોજનામાં જોડાયેલ સભ્યો અને તેમના કુટુંબીઓને કેટલાક લાભો પૂરા પાડવામાં આવે છે. જેમાં માસિક પેન્શન, કાયમી સંપૂર્ણ ક્ષમતા પેન્શન, વિધવા - વિધુરને પેન્શન, બાળકોને પેન્શન, દિવ્યાંગ બાળકોને પેન્શન, નોમિની પેન્શન, આધારિત પિતા-માતાને પેન્શન આપવામાં આવે છે. આ*

યોજનામાં કામદારોને પ્રોવિડન્ટ ફંડમાં ફાળો 8.33 ટકા હોય છે. અને કામદારના વેતનના 1.16 ટકા ફાળો કેન્દ્ર સરકારનો હોય છે.

**( 18 ) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી એક્ટ, 2005**

આ કાયદો 2006માં અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદાનો મુખ્ય હેતુ વેતન રોજગારી પૂરી પાડવાનો છે. આ કાયદો ગામડામાં વર્ષ દરમિયાન 100 દિવસનો રોજગાર મેળવવાનો અધિકાર બક્ષે છે.

**( 19 ) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના 2007**

આ યોજના અસંગઠિત ક્ષેત્રમાં 2007માં ગરીબી રેખા હેઠળના કુટુંબો માટે દાખલ કરવામાં આવી અને 2008થી તેનો અમલ શરૂ થયો. આ યોજના હેઠળ બી.પી.એલ કુટુંબની સ્માર્ટ કાર્ડ આધારિત કેશલેસ હેલ્થ ઈન્સ્યોરન્સ આપવામાં આવે છે. ઈન્સ્યોરન્સની રકમ વાર્ષિક 30,000 રૂપિયા હોય છે. આ યોજનાની ખાસિયતો નીચે મુજબ છે.

- વિમાનના વાર્ષિક પ્રિમિયમના 75 ટકા રકમનો ફાળો કેન્દ્ર સરકારનો અને 25 ટકા રકમનો ફાળો રાજ્ય સરકારનો રહે છે.
- લાભાર્થીઓને સ્માર્ટ કાર્ડ આપવામાં આવે છે.
- બધા રોગોને આવરી લેવામાં આવે છે.
- વીમાની રકમમાં દવાખાનાનો ખર્ચ સારવારનો ખર્ચ અને માતૃત્વના લાભોનો સમાવેશ થાય છે.
- વીમા માટે વય મર્યાદા નથી આથી સિનિયર સિટીઝનોને પણ આવરી લેવામાં આવે છે.

2013થી આ યોજના દેશના 28 રાજ્યોમાં અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છે. આ યોજના હેઠળ 3.50 કરોડથી વધુ સ્માર્ટકાર્ડ વહેંચવામાં આવ્યા છે. જે દેશના 459 જિલ્લાને આવરી લે છે.

**( 20 ) અસંગઠિત ક્ષેત્રના કામદારોની સલામતી કાયદો 2008**

અસંગઠિત ક્ષેત્રમાં દસથી ઓછા કામદારો ધરાવતા હોય તેવા ઉત્પાદન વેચાણ કે સેવા પૂરી પાડતા સાહસોને વ્યક્તિઓની માલિકીના સ્વરોજગાર ધરાવતા કામદારોનો સમાવેશ થાય છે. અસંગઠિત કામદારોમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોનો ઘર આધારિત કામદારોનો સ્વરોજગાર કામદારોનો તેમજ કોઈ પણ કાયદા દ્વારા આવરી લેવાયેલા ન હોય તેવા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારો નો સમાવેશ થાય છે અસંગઠિત ક્ષેત્રના કામદારો ને સલામતી અને કલ્યાણને લગતા વિવિધ કાયદાઓ અમલમાં મુકાયા છે તેવા અસંગઠિત કામદારોની સલામતી કાળ 2008 એક નવું પરિણામ

*ઉમેરાય છે કારણ કે આ કાયદો કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રીય સલામતી બોર્ડ તેમજ રાજ્યકક્ષાએ રાજ્ય સલામતી બોર્ડની રચના કરવાની જોગવાઈ કરે છે.*

*આ બોર્ડ અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે સામાજિક સલામતી યોજનાઓનું ઘડતર કરવાની ભલામણ કરે છે રાષ્ટ્રીય સામાજિક સલામતી બોર્ડ, ભિન્ન સામાજીક સલામતી યોજનાઓની ભલામણ કરે છે આવી યોજનાઓમાં જીવનનીયોગ્યતાઓ, આરોગ્ય માતૃત્વના લાભો, વૃદ્ધાવસ્થામાં રક્ષણ વગેરે નો સમાવેશ થાય છે. રાજ્ય સામાજિક સલામતી બોર્ડ પ્રોવિડન્ટ રોજગારી દરમિયાન, ઈજાફા લાભો, રહેઠાણ, બાળકોનું શિક્ષણ, કામદારોની કૌશલ્ય વૃધ્ધિ, અંત્યેષ્ટિ વિધિ માટે સહાય, વગેરેને લગતી કલ્યાણ યોજનાઓની ભલામણ કરે છે. કાયદાની જોગવાઈ અનુલક્ષીને 2009માં રાષ્ટ્રીય સામાજિક સલામતી બોર્ડની રચના કરવામાં આવી. આ બોર્ડ અસંગઠિત કામદારો માટે સામાજિક સલામતી યોજનાઓની ભલામણ કરી છે. આ યોજનામાં નીચે મુજબનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, જનશ્રી વીમા યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ આસ્થા પેન્શન યોજના.*

**( 21 ) ઔદ્યોગિક સંબંધ કોડ બિલ, 2020**

*કેન્દ્ર સરકારે લોકસભામાં ઔદ્યોગિક સંબંધ કોડ બિલ 2020 રજૂ કર્યું છે. મજૂરો પર આ બિલની જોગવાઈઓની અસર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બિલ ઉપરાંત શ્રમ અને રોજગાર મંત્રી દ્વારા સોશિયલ સિક્યુરિટી કોડ, 2020 અને વ્યાવસાયિક સલામતી આરોગ્ય અને કાર્યકારી સ્થિત કોડ 2020 સહિત અન્ય બે લેબર કોડ બિલો પણ રજૂ કર્યા છે. ઔદ્યોગિક સંબંધ કોડ બિલ 2020 વિશે ઔદ્યોગિકસંબંધ સંહિતા બિલ 2020માં સરકારે હડતાલ પર ઉતરવાના કામદારોના હક મર્યાદિત કરવા માટેની કેટલીક જોગવાઈઓ કરી છે. આ સિવાય ખરડામાં ઓછામાં ઓછા 300 કામદારો સાથેના ઔદ્યોગિક મથકોને બંધ, છટણી અને એકમ બંધ કરતા પહેલાં કેન્દ્ર કે રાજ્ય સરકારની પરવાનગી લેવાની રહેશે, જ્યારે આ મર્યાદા પહેલા 100 કામદારો સુધીની હતી.*

*આ નવા નિયમથી નોકરીદાતાઓને કામદારોને નોકરી પર રાખવા અને ફરીથી નોકરી આપવા માટે વધુ છૂટ મળશે અને તે કોઈપણ સમયે કામદારોને છૂટા કરી શકશે, જે કામદારોની સામે રોજગારની અસલામતી તરફ દોરી જશે. ઔદ્યોગિક સંબંધ સંહિતા બિલ મુજબ 300 કરતાં ઓછાં કામદારો ધરાવતાં ઔદ્યોગિક મથકોએ સ્થાયી હુકમો તૈયાર કરવા જરૂરી નથી. જ્યારે અગાઉ 100થી ઓછા કામદારો ધરાવતા મથકોને આ છૂટ આપવામાં આવી હતી. સ્થાયી ઔદ્યોગિક મથકોમાં કાર્યરત કામદારોના આચરણના નિયમો સાથે સંબંધિત છે. સ્થાયી હુકમમાં નિયુક્તિ કરનાર ઔપચારિક રીતે પોતાના એકમમાં કાર્યની સ્થિતિને વ્યાખ્યાયિત કરે છે.*

*ઔદ્યોગિક સંબંધ કોડ બિલ 2020 સંબંધિત ચિંતાઓ સ્થાયી આદેશ, રજૂઆત પર મર્યાદા બદલવાથી, 300થી ઓછા કામદારો ધરાવતાં નાના મથકોમાં કામ કરતાં લોકોના મજૂર અધિકારોને નોંધપાત્ર અસર થશે. નિષ્ણાતોના મત મુજબ આ નિયમ દ્વારા ઔદ્યોગિક સંસ્થાઓ કામદારો માટે મનસ્વી સેવાની શરતો રજૂ કરી શકશે. નિષ્ણાતોના મતે આવી મર્યાદા વધારવાનો હુકમ સંપૂર્ણપણે બિનજરૂરી છે અને તે બતાવે છે કે સરકાર નોકરીદાતાઓ - અને મોટી કંપનીઓ લોકોને નોકરીમાં લેવા અને પાછા કાઢવામાં વધુ રાહત આપવાનો પ્રયાસ કરી રહી છે, જે સ્પષ્ટ કરે છે કે તેની અસર શ્રમ અધિકારો પર જોવા મળશે. ઔદ્યોગિક સંબંધ કોડ બિલમાં કાયદેસર રીતે હડતાલનું આયોજન કરવા માટે નવી જોગવાઈઓ પણ રજૂ કરવામાં આવી હતી. બિલ મુજબ ઔદ્યોગિક સ્થાપનામાં કામ કરનાર કોઈ પણ વ્યક્તિ 60 દિવસની સૂચના વિના કાયદેસર રીતે હડતાલનું આયોજન કરી શકશે નહીં. આ સિવાય કાયદાકીય : - કાર્યવાહી દરમિયાન અને 60 દિવસના સમયગાળા સુધી આવી કાર્યવાહીના સમાપન પછી 'રાષ્ટ્રીય ઔદ્યોગિક ટ્રિબ્યુનલ' અથવા અન્ય કોઇ ટ્રિબ્યુનલ સમક્ષ કોઈ હડતાલનું આયોજન કરી શકાશે નહીં. આમ હડતાલનું આયોજન કરતાં પહેલાં કાયદેસર રીતે અનુમતિપાત્ર સમયમર્યાદા લંબાવવી કામદારો માટે મોટા પ્રમાણમાં હડતાલનું આયોજન કરવું અશક્ય બનાવશે. આ બિલને ભેદભાવકારક માનવામાં આવે છે, કારણ કે ઔદ્યોગિક મથકોમાં કામ કરતી મહિલા કામદારો માટે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નથી.*
https://pib.gov.in/PressReleasePage.aspx?PRID=1658388

**(22) અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં કામદારો માટે પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધનયોજના**

*ભારત સરકાર, શ્રમ અને રોજગાર મંત્રાલય, શ્રમ કલ્યાણ સંગઠન, નવી દિલ્હીએ અસંગઠિત ક્ષેત્રના  કામદારો માટે વૃદ્ધાવસ્થાના રક્ષણની ખાતરી કરવા માટે પ્રધાનમંત્રી શ્રમ યોગી માન-ધનયોજના* (PM-SYM*). આ યોજના* 15 *મી ફેબ્રુઆરી* 2019 *થી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી છે. જેની માહિતી જનસેવા કેન્દ્રો (*CSC*) પરથી પ્રાપ્ત થશે. અસંગઠિત કામદારો મોટેભાગે ઘર આધારિત કામો, શેરી વિક્રેતાઓ, મધ્યાહન ભોજનના કામદારો, કૂલી, ઈંટ ભઠ્ઠાવાળા કામદારો, મોચી, ઘરઘાટી, ધોબી, રીક્ષા ખેંચનાર, જમીનવિહોણા મજૂરો, પોતાના ખાતા કામદારો, કૃષિ કામદારો, બાંધકામ કામદારો, બીડીના કામદારો, હાથ વણાટ કામદારો, ચામડાના કામદારો, સિનેમા કામદારો, ખાણ કામદારો અને સમાન અન્ય વ્યવસાયો જેની માસિક આવક રૂ.* 15,000 / *- પ્રતિ મહિના અથવા તેનાથી ઓછું અને* 18-40 *વર્ષની વય જૂથ છે. તેમને નવી પેન્શન સ્કીમ (એનપીએસ), કર્મચારી સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ઇએસઆઈસી) યોજના અથવા કર્મચારી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (ઈપીએફઓ) હેઠળ આવરી લેવાયેલ નથી. વધુમાં તેઓ આવકવેરો ચુકવનાર ન હોવો જોઈએ.*

*બિનસંગઠિત કામદારો જનસેવા કેન્દ્રો (CSC) દ્વારા નોંધણી કરી શકાશે, જેમની પાસે આધાર કાર્ડ અને બચત બેંક ખાતું / જન ધન ખાતા નંબર હોય. નોંધણી માટે જનસેવા કેન્દ્રો (CSC) માં જતી વખતે, નોંધણી માટે આધાર કાર્ડ, બેંક પાસબુક અને પ્રારંભિક યોગદાન રકમ રોકડમાં સાથે રાખવાની રહેશે. યોજનાનો લાભ લેવા માંગતા અસંગઠિત કામદારો તેમની નજીકના જનસેવા કેન્દ્રોની મુલાકાત લેશે. નજીકના જનસેવા કેન્દ્ર (CSC) શોધવા માટે, કૃપા કરીને locator.csccloud.in ની મુલાકાત લો. યોજનાની વિગતો અને યોજના માટેની પાત્રતા અને પ્રક્રિયા, જન સુવિધા કેન્દ્ર,એલ.આઈ.સી ની વેબસાઈટ અને શ્રમ અને રોજગાર મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. લાભાર્થીઓ જિલ્લા શ્રમ કચેરીઓ, એલઆઈસી કચેરીઓ, સેન્ટ્રલ લેબર ઑફિસો, ઈપીએફ અને ઈએસઆઈસી ઑફિસની મુલાકાત લઈ શકે છે.*

## 10.3 ગુજરાત સરકારની કામદારો માટેની યોજનાઓ

*ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગુજરાત સરકાર. શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોના વિકાસ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવા માટે અને તે માટેના નાણાં પુરા પાડવા માટે ભૂતપૂર્વ મુંબઈ રાજ્યે તા. 17-06-1953 ના રોજ ધી બોમ્બે લેબર વેલ્ફેર ફંડ એક્ટ 1953ની રચના કરવામાં આવી. આ અધિનિયમની કલમ-4 નીચે સ્થપાયેલ શ્રમયોગી કલ્યાણ ફંડનો વહીવટ કરવા મુંબઈ શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી. સને 1960માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં સને 1961ના ગુજરાત અધિનિયમની 47ની કલમ 4(ક) થી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી. જે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના નિયંત્રણ હેઠળ કાર્યરત છે. ધી બોમ્બે લેબર વેલ્ફેર ફંડ એક્ટ - 1953 ની કલમ 7 માં થયેલ જોગવાઈ મુજબ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમયોગીઓના કલ્યાણ અર્થે નિમ્નલિખિત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં વાંચનાલયો અને ગ્રંથાલયો સહિત સામુદાયિક શૈક્ષણિક કેન્દ્રો ચલાવવા, સામુદાયિક જરૂરિયાતો, રમત ગમત ના કાર્યક્રમો, પ્રવાસ પર્યટન અને વિહારધામ, મનોરંજન અને આનંદ પ્રમોદના બીજા પ્રકારો, સ્ત્રીઓ અને બેરોજગાર વ્યક્તિઓ માટે ગૃહઉદ્યોગો અને સહાયક વ્યવસાયો, સામાજિક પ્રકારની સામુદાયિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.*

**(1) હોમ ટાઉન સ્કીમ (HOME TOWN SCHEME) :** *ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની હરણફાળ દોડને ધ્યાને લેતાં કેટલાક પરપ્રાંતથી આજીવિકા માટે આવતા હોય છે. આવા મોટા ભાગના કામદારો પોતાના વતનથી દૂર રહેતાં હોય છે. સામાજિક કે આકસ્મિક કારણસર શ્રમયોગીઓને પોતાનાવતનમાં જવા-આવવા આર્થિક ભારણ ટૂંકા પગારમાં સરભર થઈ શકતું નથી. આથી શ્રમયોગી બે વર્ષમાં એકવાર પોતાના હોમટાઉન જઈ શકે તે માટેની યોજના છે.*

**(2) ઉચ્ચ શિક્ષણ સહાય યોજના :** *શ્રમયોગીઓના બાળકોને ઉંચ્ચતર શિક્ષણના ખર્ચના ભારણને ઓછું કરવા ઉંચ્ચતર શિક્ષણ સહાય યોજના શરૂ કરલ છે. એમ.બી.બી.એસ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી* 15000 *અને આયુર્વેદિક/હોમયોપેથિક/ફીઝીયોથેરાપી/ ફામસી તથા મિકેનીક/ ઈલેક્ટ્રીક / સીવીલ/ ઈલેક્ટ્રીકલ જેવા કોઈપણ ઈજનેર ડિગ્રી કોર્ષ તથા સી.એ/આઈ.સી. ડબલ્યુ.એ/ આઈ.સી.એફ.એ./ સી.એસ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને* 7500 *સહાય મળવાપાત્ર રહશે.*

**(3) પ્રસૂતિ સહાય અને બેટી બચાવો યોજના :** *શ્રમયોગી મહિલા અથવા પુરુષ શ્રમયોગીઓની પત્નીને પ્રસૂતી થાય ત્યારે દવા, હોસ્પિટલ ખર્ચ, પૌષ્ટિક આહાર ખર્ચ વગેરે માટે થતાં ખર્ચમાં સહાય આપવાની યોજના છે. આ યોજનામાં પ્રસૂતિ સમયે* 5,000*ની આર્થિક સહાય. અને પ્રસૂતિ દરમિયાન પુત્રી જન્મ થાય તો બેટી બચાવો યોજના અંતર્ગત* 2500 *રૂપિયાનું વધારનું પ્રોત્સાહન આપવામાં આવે છે.*

**(4) મહિલા શ્રમયોગી લગ્ન સહાય યોજના :** *મહિલા શ્રમયોગીઓનાં પોતાનાં લગ્ન થાય તેવા કિસ્સામાં "કન્યાદાન" સ્વરૂપે રૂપિયા* 5100/- *ની રોકડ સહાય આપવામાં આવે છે.*

**(5) મોબાઈલ મેડિકલ વાન યોજના :** *ઔદ્યોગિકવિસ્તારો/ વસાહતોમાં શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોના આરોગ્યની જાળવણી તથા સુખાકારી માટે વિના મૂલ્યે તબીબી તપાસ અને પ્રાથમિક તબીબી સારવારની સુવિધા આપવામાં આવે છે. મોબાઈલ મેડિકલ વાન પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ઔદ્યોગિક વિસ્તારો / વસાહતોમાં જઈ સારવાર આપે છે. મોબાઈલ વાનમાં ડોક્ટર, પેરા મેડિકલ, ફાર્મૉસીસ્ટ, પરિચારિકા નિષ્ણાત સ્ટાફ દ્વારા તબીબી સારવાર સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલ માં કુલ* 13 *મેડિકલ વાન દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવે છે. હાલમાં અમદાવાદ, મહસાણા, વડોદરા, અંક્લેશ્વર, સુરત, વાપી, ગાંધીધામ, મોરબી, ભાવનગર, હિંમતનગર, ખેડા, આણંદ, વલસાડ અને રાજકોટ ખાતેના ઔદ્યોગિક વિસ્તારો માટે મેડિકલ વાન કાર્યરત છે. લેબોરટરી તપાસમાં ડાયાબીટીસ, મલેરીયા, પ્રેગ્નેન્સી ટેસ્ટ, બ્લડ કાઉન્ટ, હિમોગ્લોબિન વગેરેની ચકાસણી તેમજ જરૂરિયાત મુજબ વિના મૂલ્ય દવા પૂરી પાડવી અને જરૂર જણાય તો નિષ્ણાત ડોક્ટરને રેફરન્સ પણ આપવામાં આવે છે.*

**(6) યોગ કેન્દ્ર :** *સંસ્થામાં કામ કરતાં શ્રમયોગીઓની સંખ્યાને ધ્યાને લઈ યોગ કેન્દ્ર શરૂ કરવા આર્થિક સહાય આપવામાં આવે છે. એક યોગમેટ ખરીદ કરવા માટે* 400 *રૂપિયા તથા યોગ શિક્ષકના મેહેનતાણા માટે સહાય આપવામાં આવે છે.* 200 *થી* 750 *શ્રમયોગીઓ માટે* 75 *યોગમેટ,* 750 *થી* 1000 *શ્રમયોગીઓ માટે* 100 *યોગમેટ,* 1001 *થી* 1500 *શ્રમયોગીઓ માટે* 125 *યોગમેટ,* 1501 *થી* 2000 *શ્રમયોગીઓ માટે* 200 *યોગમેટ,* 2001 *થી વધુ શ્રમયોગીઓ માટે* 250 *યોગમેટ માટે સહાય આપવામાં છે.*

**(7) શિશુ વિહાર અને ગણવેશ યોજના :** *જ્યારે શ્રમયોગી પતિ અથવા પત્ની રોજગાર અર્થે જાય ત્યારે તેઓના બાળકોને સારસંભાળ તથા તેઓને ગમ્મત સાથે જ્ઞાન, પૌષ્ટિક આહાર મળી રહે તથા બાળકોના સર્વાંગી વિકાસ માટે શિશુ વિહાર યોજના વિવિધ શ્રમયોગી કેન્દ્રો ચલાવવામાં આવે છે. મોન્ટેસરી પદ્ધતિથી પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે અને તેમાં શ્રમયોગીઓના 3 થી 6 વર્ષના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. શિશુ વિહારમાં પ્રવેશ મેળવનાર બાળકોને દર વર્ષે બે જોડી ગણવેશ, સ્લેટ, પેન સહિતની અભ્યાસ કીટ વિના મૂલ્યે આપવામાં આવે છે. શ્રમયોગી કેન્દ્રો ખાતે ચાલતા શિશુ વિહારમાં અભ્યાસ કરતા બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ વિના મૂલ્યે નામાંકિત શાળાઓમાં પ્રવેશ માટે પ્રયત્નો કરવામાં આવે છે.*

**(8) શૈક્ષણિક પુરસ્કાર યોજના :** *ગુજરાત શ્રમયોગી બોર્ડ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ હાથ ધરવામાં આવે છે તે અંતર્ગત શ્રમયોગીઓના બાળકોને ભણવામાં ઉત્સાહ ઉમંગ વધે અને તે થકી ઉચ્ચ શિક્ષણ મળે તે માટ પ્રોત્સાહન આપવા શૈક્ષણિક પુરસ્કાર યોજના અમલમાં મુકેલ છે. શ્રમયોગીઓના બાળકો ધોરણ 10 તથા ધોરણ 12 માં 70 કે તેથી વધુ ટકાવારીથી ઉતીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક પુરસ્કાર યોજનાનો લાભ મળે છે. તેમણે ધોરણ 10 માં 2500 રૂપિયા અને ધોરણ 12 માં 5000 રૂપિયાનો આર્થિક પુરસ્કાર આપવામાં આવે છે.*

**(9) શ્રમયોગી અકસ્માત સહાય યોજના :** *સંસ્થાઓના શ્રમયોગીઓને તેમના કામના સમય દરમિયાન કામના સ્થળ ઉપર દુર્ઘટના થાય અને તેના કારણે અપંગ થાય તેવા કિસ્સાઓમાં આર્થિક સહાય આપવામાં આવે છે. શારીરિક રીતે 40% થી 70% તેમજ 70%થી વધુ ડિસેબિલિટી માટે સિવિલ સર્જન/ મેડિકલ ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કર્યાથી શ્રમયોગીને અનુક્રમે 25,000/- અને 50,000/- આર્થિક સહાય, જે પૈકી સંસ્થા દ્વારા કાયદાકીય રીતે ચૂકવવા પાત્ર રકમ સિવાય આ યોજના અંતર્ગત સંસ્થા દ્વારા 40% થી 70% ડિસેબિલિટીના કિસ્સામાં સંસ્થાના માલિક દ્વારા રૂપિયા 12,500.00 તથા 70% થી વધુ ડિસેબિલિટીના કિસ્સામાં રૂપિયા 25,000.00 ચૂકવાયા બાદ બોર્ડ દ્વારા સહાયની રકમ ચૂકવાનું કરવામાં આવે છે.*

**(10) શ્રમયોગી પ્રવાસન યોજના :** *શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને ધાર્મિક તથા જોવાલાયક સ્થળોએ પ્રવાસ પર્યટનો દ્વારા જીવનમાં આનંદ, ઉલ્લાસમાં વધારો થાય તે માટેની યોજના છે. ગુજરાત અને ગુજરાત બહાર દેશમાં 6,000 કિલોમીટરની મર્યાદામાં ફેમિલી સાથે પ્રવાસ કંપનીમાં કામ કરતા શ્રમયોગીઓને ગૃપ પ્રવાસની પણ સગવડતા આપવામાં આવે છે. પ્રવાસ સ્થળે જવા અને પરત આવતા થયેલ વાહન ભાડાની ચુકવણીમાં (એસ.ટી./રેલવે ભાડાની મયાદામાં) ચૂકવામાં આવે છે. એક રાત્રિ રોકાણ માટે વ્યક્તિ દીઠ રૂપિયા 300/-ની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે. ગુજરાત બહાર પ્રવાસ દરમિયાન એક રાત્રિ રોકાણ માટે વ્યક્તિ દીઠ રૂપિયા 5,00/-ની મર્યાદામાં*

*આર્થિક સહાય આપવામાં આવે છે, વર્તમાન સમયે ગુજરાત અને ગુજરાત બહારના ધાર્મિક અને પ્રવાસ માટેના 57 સ્થળોની યાદી આપેલ છે.*

**(11) શ્રમયોગી મહિલા વાહન વ્યાજ સબસીડી :** *મહિલા શ્રમયોગી દ્વારા 75000/- સુધીનાં ટુ- વ્હીલર લોનથી ખરીદવામાં આવે તો લોન ઉપર કુલ વ્યાજની રકમમાં સહાય રૂપ થવા માટ 5000/- વ્યાજ પેટ સહાય આપવામાં આવે છે. સહાયની રકમ બેંકનું વ્યાજ સ્ટેટમેન્ટ રજૂ કરવાથી બેંકમાં જ જમા કરાવવામાં આવશે.*

**(12) શ્રમયોગીઓના બાળકો માટે રમત-ગમત/ સાંસ્કૃતિક કાર્યક્રમ સ્પર્ધામાં ભાગ લેવા પોત્સાહન યોજના :** *શ્રમયોગીઓના બાળકોમાં ખેલ પ્રતિભા તથા કલાત્મક રુચિ વિકસિત થાય અને તાલુકા/ જિલ્લા/ રાજ્ય સ્તરે ભાગ લેવા બાળકોને પ્રોત્સાહન મળે તથા રાજ્યને સારા ખેલાડીઓ/કલાકારો મળે તે હેતુસર યોજના. તાલુકા સ્તરે 5,000/-, જિલ્લા સ્તરે 10,000/- તથા રાજ્ય સ્તરે 15,000/- તથા દેશ લેવલ પર 20,000/- ની આર્થિક સહાય આપવામાં આવે છે.*

**(13) સ્પર્ધાત્મક તાલીમ યોજના :** *ગુજરાત શ્રમયોગી બોર્ડ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ હાથ ધરવામાં આવે છે તેમાં આજના સમયની માંગ પ્રમાણે અને આધુનિકરણને ધ્યાનમાં લઈને નવા અભિગમને બોર્ડ દ્વારા શ્રમયોગી તાલીમ યોજના અમલ કરવામાં આવી છે. શ્રમયોગી તેમજ તેમના આશ્રિતોને શૈક્ષણિક અને વ્યાવસાયલક્ષી પ્રવૃત્તિઓના ભાગ રૂપે તાલીમ યોજનાનો લાભ લઈ શકે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર, બેંક, વીમા નિગમો જેવી જાહેર સંસ્થાઓમાં ભરતી પૂર્વે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે શ્રમયોગી અને તેમના આશ્રિતોને ટોકન ફી થી પરીક્ષાલક્ષી તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થીઓને પ્રમાણિક્તા અને કાર્યનિષ્ઠાની વિશેષ તાલીમ અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા લાભાર્થીઓને વિના મૂલ્યે તાલીમ આપવામાં આવે છે.*

**(14) સ્વચ્છ ભારત – જાહેર શૌચાલય યોજના :** *જાહેર શૌચાલય સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જી.આઈ.ડી.સી વિસ્તારમાં શ્રમયોગી વસાહતોમાં જાહેર શૌચાલય બનાવવા શૌચાલય માટે જમીન ફાળવણી તથા શૌચાલય જાળવણીની જવાબદારી જી.આઈ.ડી.સી. એસોસીએશન દ્વારા પ્રતિ જાહેર શૌચાલય માટે 4 લાખની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. તેમજ વ્યક્તિગત શૌચાલય માટે શ્રમયોગીઓને રહેઠાણના સ્થળે શૌચાલય બનાવવા રૂપિયા 8000 ની આર્થિક સહાય આપવામાં આવે છે.*

**(15) હોમ લોન વ્યાજ સબસીડી યોજના :** *હોમ લોન વ્યાજ સબિસડી યોજનામાં માસિક રૂપિયા 35,000/- સુધીના પગારદાર શ્રમયોગીનો સમાવેશ થાય છે. રૂપિયા 30.00 લાખ સુધીના મકાનની ખરીદી પર આ યોજનાનો લાભ મળે છે. લોનની અવધિ 15 વર્ષ કે તેથી વધુ સમય માટે હોય છે. લોનની રકમના 1% વ્યાજ સબિસડી ત્રણ વર્ષ સુધીની હોય છે.*

બેન્ક દ્વારા વ્યાજની રકમ ભરપાઈ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપ્યાથી વ્યાજ સબસિડીની ચુકવણી થાય. લોન શેડ્યુલ બેન્ક / NBS માંથી જ મેળવેલી હોવી જોઈએ. સરકારીશ્રી દ્વારા આપવામાં આવતી વ્યાજ સબસિડી ઉપરાંતની વધારાની સબિસડી મકાનના દસ્તાવેજની તારીખથી એક વર્ષની અંદર અરજી દાખલ કરી શકાશે.

## 10.4 શારાંશ

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, સામાજિક અસમાનતા, શોષણ, ભેદભાવ અને અન્ય પીડિત વ્યક્તિઓને પ્રત્યેક સમયે ન્યાય સમાનન્યાય વ્યવહારને સુનિશ્ચિત કરે છે. આ મંત્રાલયનું સમાજ સુરક્ષા બ્યુરો, નીચેના લોકોની જરૂરિયાતો પ્રબંધ કરે છે. જેમાં ઉપેક્ષિત અને સીમાંત વ્યક્તિઓ, ત્યજેલા, રહેઠાણ અને વસ્તુથી વંચિત વ્યક્તિઓ, ઉપેક્ષિત અને બાળ અપરાધીઓ જેઓને સંભાળ અને સુરક્ષાની જરૂર છે.

નશીલાં દ્રવ્યોના વ્યસનીઓ લોકો સન્માનપૂર્વક જીવન જીવી શકે તથા ઉપયોગી નાગરિકો બની શકે તે માટે સમાજ સુરક્ષા દ્વારા આવશ્યક નીતિઓ અને કાર્યક્રમ અમલમાં મૂકે છે. આ પ્રક્રિયામાં સમાજ સુરક્ષા મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તે સ્વૈચ્છિક પગલાંને પ્રોત્સાહન આપે છે. નશીલાં દ્રવ્યોના વ્યસનીઓના પુનર્વસન માટેની યોજના અંતર્ગત સ્વૈચ્છિક સંગઠનો અને નશીલા દ્રવ્યોના વ્યસનીઓને માટે થતાં ખર્ચના 90 ટકા રકમ આપવામાં આવે છે, ઉત્તર પૂર્વના રાજ્યો જમ્મુ અને કાશ્મીર તથા સિક્કિમમાં આવી કામગીરી બદલ સંગઠનોને 95 ટકા રકમ અનુદાન તરીકે આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા સેવા માટે ઉચિત સંગઠનોને સહાય આપવામાં આવે છે. જે નીચે મુજબ છે. સેક્સ વર્કર્સના બાળકોના પુનર્વસન માટે ઘણા કાર્યક્રમોનો આધાર પૂરો પાડવામાં આવે છે. વિધવાઓના પુનઃસ્થાપન માટે આ પ્રોજેક્ટને આધારે સહાય પૂરી પાડવામાં આવે છે. શારીરિક હિંસા અને જાતીય દુરુપયોગનો ભોગ બનેલ પીડિત બાળકો અને સ્ત્રીઓને સલામત માર્ગદર્શન તથા આધાર પૂરો પાડવામાં આવે છે.

## 10.5 તમારી પ્રગતિ ચકાસો

1. કામદાર સંબંધી કાયદાઓના નામ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. *કામદારો માટેની યોજનાઓ જણાવો.*

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 10.6 બહુવિકલ્પિય પ્રશ્નો

**1. ફેક્ટરીઝ એક્ટ 1948ને ક્યારે સુધારવામાં આવ્યો છે.**

*(અ)* 1985 *(બ)* 1987 *(ક)* 1975 *(ડ)* 1988

**2. કયા કાયદા અનુસાર 14 વર્ષની નીચેની વયના બાળકોને કારખાનામાં કામે રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.**

*(અ) અસંગઠિત ક્ષેત્રના કામદારોની સલામતી કાયદો*

*(બ) ફેક્ટરીઝ એક્ટ*

*(ક) માઈન્સ એક્ટ*

*(ડ) ઔદ્યોગિક સંબંધ કોડ બિલ*

**3. મહિલા શ્રમયોગીઓનાં પોતાનાં લગ્ન થાય તેવા કિસ્સામાં "કયાદાન'' સ્વરૂપે કેટલા રૂપિયાની રોકડ સહાય આપવામાં આવે છે.**

*(અ)* 5100 *(બ)* 3000 *(ક)* 7500 *(ડ)* 10000

**જવાબ .**

1. *(બ)* 1987
2. *(બ) ફેક્ટરીઝ એક્ટ*
3. *(અ)* 5100

## 10.7 સ્વાધ્યાયના પ્રશ્નો

1. *સમાજમાં કામદાર સંબંધી કાનૂની જોગવાઈઓની ચર્ચા કરો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. *ગુજરાત સરકારની કામદારો માટેની યોજનાઓ જણાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 10.8 ચાવીરૂપ શબ્દો

**કામદાર :-** *કામદાર એટલે એવી વ્યક્તિ કે જે સીધી અથવા કોઈ કોન્ટ્રકટર અથવા એજન્સી દ્વારા મુખ્ય વ્યક્તિની જાણ કે જાણ વગર વેતન કે વેતન વગર ઉત્પાદન પ્રક્રિયામાં અથવા ઉત્પાદન પ્રક્રિયા માટે વપરાતી મશીનરી કે તે સ્થળની સાફસૂફી કરવાની નોકરીમાં રાખવામાં આવી હોય અથવા તે ઉત્પાદન પ્રક્રિયાની કોઈપણ પ્રકારની અનુષંગીક કાર્ય માટે અથવા ઉત્પાદન પ્રક્રિયાના વિષય સાથે સંકળાયેલ હોય.*

**લઘુતમ વેતનઃ-** *લઘુત્તમ વેતન એ રોકડ ચુકવણીની રકમ છે જેનો ઉપયોગ વેતન ચૂકવવા માટે થાય છે. તે કાયદા દ્વારા સ્થાપિત થયેલ છે*

## 10.9 સંદર્ભ સૂચિ

1. https://www.indiacode.nic.in
2. https://sje.gujarat.gov.in
3. https://gu.vikaspedia.in
4. https://glwbgujarat.in
5. https://pib.gov.in
6. *એ. જી. શાહ અને જે. કે. દવે (*2009-10*), સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનડા બૂક ડિપો, અમદાવાદ.*

# એકમ - 11 અનુસૂચિત જાતિનો અર્થ, અસ્પૃશ્યતા અપરાધ કાનૂન

:: રૂપરેખા ::

**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** અનુસૂચિત જાતિનો અર્થ

**11.3** અસ્પૃશ્યતા અપરાધ કાનૂન

**11.4** સારાંશ

**11.5** તમારી પ્રગતિ ચકાસો

**11.6** ચાવીરૂપ શબ્દો

**11.7** સંદર્ભ સુચિ

**11.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 11.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,*

- *અનુસૂચિત જાતિનો અર્થ સમજી શકશો.*
- *અનુસૂચિત જાતિની યાદી વિષયક નોંધ વિશે જાણી શકશો.*
- *અસ્પૃશ્યતા અપરાધ કાનૂન વિશે માહિતગાર થશો.*

## 11.1 પ્રસ્તાવના

*ભારતીય સમાજવ્યવસ્થામાં ઉચ્ચ વર્ગનાં લોકો સિવાય અન્ય બધા જ વર્ગના મધ્યમ અને નિમ્ન વર્ગ તથા જ્ઞાતિના લોકો સદીઓથી શોષણ, દમન, પીડાનો ભોગ બનતા આવ્યા છે. તેમાં મુખ્યત્વે બધાજ વર્ગની મહિલાઓ, બાળકોનો સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત સૌથી વધુ પીડિત વર્ગ પૈકી અનુસૂચિત જાતિના લોકો છે. આજના આધુનિક યુગમાં પણ ક્યાંકને ક્યાંક તેઓ સાથે અસ્પૃશ્યતા અને આભડછેટ રાખવામાં આવે છે. આ પ્રકારની અસમાનતા દૂર કરવાના પ્રયત્ન સ્વરૂપે ભારતીય બંધારણીય જોગવાઈઓઅમલમાં મુકવામાં આવેલ છે. તે અનુસાર અનુસુચિત જાતિના લોકો સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવે તો ભેદભાવ રાખનાર વ્યક્તિ દંડને પાત્ર બને છે. જેની વિસ્તૃત ચર્ચા પ્રસ્તુત એકમમાં કરવામાં આવેલ છે.*

## 11.2 અનુસૂચિત જાતિનો અર્થ

*ભારતીય સંવિધાનનાં ભાગ-19 અનુચ્છેદ – 366નાં ક્રમ 23માં દર્શાવ્યા મુજબ, "અનુસૂચિ" એટલે આ સંવિધાનની અનુસૂચિ; અને 24માં દર્શાવ્યા મુજબ "અનુસૂચિત જાતિઓ" એટલે સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ 341 હેઠળ અનુસૂચિત જાતિઓ તરીકે ગણાયેલી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓ અથવા એવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓ જૂથો કે તેમની અંદરના જૂથો.*

*ભારતીય સંવિધાનનાં ભાગ-16 અનુચ્છેદ – 341(1) મુજબ, કઈ જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓને અથવા જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓના કયા ભાગોને અથવા તેની અંદરના કયા જૂથોને, યથાપ્રસંગ, કોઈ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર સંબંધમાં આ સંવિધાનના હેતુઓ માટે અનુસૂચિત, જાતિઓ ગણવી તે રાષ્ટ્રપતિ ઈચ્છે તો રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર માટે પરંતુ રાજ્યની બાબતમાં તેના રાજ્યપાલ સાથે વિચાર વિનિમય કરીને રાજપત્રિત જાહેરનામાંથી નિર્દિષ્ટ કરી શકશે. (ભારતનું સંવિધાન –* 2011)

❖ **અસ્પૃશ્ય અંગેનો ઐતિહાસિક સંદર્ભ :-**

*ભારતની પ્રથમ સામાન્ય વસ્તી ગણતરી બ્રિટિશ ભારતમાં 1881ના વર્ષમાં કરવામાં આવી હતી. જુદી-જુદી જ્ઞાતિઓ અને સંપ્રદાયોની યાદી બનાવીને તેઓની સંખ્યાનો સરવાળો કરીને ભારતની વસ્તીનો કુલ આંકડો મેળવ્યા સિવાય 1881ની વસ્તી ગણતરીમાં કશું કરવામાં આવ્યું ન હતું. હિંદુ જ્ઞાતિઓને ઊંચી અથવા નીચી જ્ઞાતિઓમાં કે સ્પૃશ્ય અને અસ્પૃશ્ય જ્ઞાતિઓમાં વર્ગીકૃત કરવાનો તેમાં કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. ભારતની બીજી સામાન્ય વસ્તી ગણતરી કમિશને સૌ પ્રથમવાર જ્ઞાતિ અને વંશ અને શ્રેણીના આધારે વસ્તીને વર્ગીકૃત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ એ તો કેવળ એક પ્રયાસ જ હતો. ભારતની ત્રીજી વસ્તી ગણતરી 1901માં કરવામાં આવી હતી. આ વસ્તીગણતરી વખતે દેશી લોકમત દ્વારા માન્ય કરાયા પ્રમાણેના "સામાજિક અગ્રતાક્રમ દ્વારા વર્ગીકરણ" એ નામનો વર્ગીકરણનો નવો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો હતો. આની સામે ઉચ્ચજ્ઞાતિના હિંદુઓએ વસ્તી ગણતરીના અહેવાલમાં જ્ઞાતિ દ્વારા ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. તેમાં જ્ઞાતિ અંગેના પ્રશ્નને બાકાત રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 9- પાનાં નં- 6).*

*જો કે વસ્તી ગણતરી કમિશને આ બાબતની કશી અસર થઈ ન હતી અને જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી ખૂબ જ જરૂરી હતી.*

*ઈ.સ. 1911માં વસ્તી ગણતરી સુપરિટેન્ડન્ટેએ અસ્પૃશ્યો તરીકે નક્કી કરવા માટે કુલ દસ કસોટીઓ નિયત કરવામાં આવી હતી. જેમાં જાતિઓ અને જનજાતિઓની*

અલગ વસ્તી ગણતરી કરવાની હતી. (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 9- પાનાં નં. – 8).

આમ, ઈ.સ. 1911માં વસ્તી ગણતરીથી અસ્પૃશ્યોની વસ્તીની સુનિશ્ચિતતા શરુ થઈ. ઈ.સ. 1921 અને 1931ની વસ્તી ગણતરીથી જ આ જ દિશામાં પ્રયત્નો ચાલુ રાખવામાં આવ્યા હતા. સાથે ઈ.સ. 1930માં ભારતમાં આવેલા સાયમન કમિશનના અહેવાલમાં એવું દર્શાવવામાં આવ્યું કે બ્રિટીશ ભારતમાં અસ્પૃશ્યોની કુલ વસ્તી 4.45 કરોડ હતી (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 9- પાનાં નં. -8). આઝાદી પછી ઈ.સ. 1951માં વસ્તીગણતરી કમિશને બહાર પાડેલા પત્રકમાં અનુસૂચિત જાતિઓની વસ્તી 513 લાખ આપેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં અનુસૂચિત જાતિઓની વસ્તી કુલ 462 લાખ હતી અને શહેરી વિસ્તારોમાં તેઓની વસ્તી ૫૧ લાખ જેટલી હતી. ડૉ.બાબાસાહેબ આંબેડકરના મત મુજબ, ગુલામી અને અસ્પૃશ્યતાના સાપેક્ષ ગુણદોષોની બાબતમાં સામ્ય આરોપનો જવાબ આપવાનો શ્રેષ્ઠ ઈલાજ એ છે કે પ્રાચીન રોમમાં અને આધુનિક અમેરિકામાં ગુલામી જે રીતે અસ્તિત્વમાં હતી તેની સાથે અસ્પૃશ્યતાની તુલના કરવી અને તફાવત સમજાવવો. પ્રાચીન રોમમાં અને આધુનિક અમેરિકાની ગુલામી સાથે એમની તુલના કરવી જોઈએ. તેમના મત મુજબ, ગુલામી સ્થાયી ન હતી. પરંતુ અસ્પૃશ્યતા ફરજિયાત કરી દેવામાં આવી હતી. કોઈ વ્યક્તિને પોતાનો ગુલામ બનાવવાની પરવાનગી આપવામાં આવે છે છતાં જો બીજી વ્યક્તિ ગુલામ થવા માંગતી ન હોય તો તેમને ફરજ પડાતી નથી. પરંતુ અસ્પૃશ્યને કોઈ વિકલ્પ નથી. એકવાર એ અસ્પૃશ્ય જન્મ્યો કે તે અસ્પૃશ્યતાના તમામ દૂષણનો ભોગ બની જાય છે.ગુલામીના કાયદામાં મુક્તિની છૂટ રહેતી. એકવાર ગુલામ થયો એટલે હંમેશા જ ગુલામ થયો એવું ગુલામનું ભાગ્ય ન હતું. અસ્પૃશ્યતામાં તો કશો છૂટકારો જ નથી. એકવાર અસ્પૃશ્ય તે હંમેશાનો અસ્પૃશ્ય ગણાય છે. (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 9- પાનાં નં – 19).

ખેતી પ્રધાન દેશમાં ખેતી જીવન નિર્વાહનું એક મુખ્ય સાધન બની શકે છે. પરંતુ આજીવિકા કમાવવાનું આ એક સાધન અસ્પૃશ્યો માટે ખુલ્લું નથી. આમ થવાના ઘણા બધા કારણો છે. સૌ પ્રથમ તો તેઓ જમીન ખરીદી શકતા નથી. બીજું અસ્પૃશ્ય પાસે નાણા હોય તો પણ જમીન ખરીદવાની તેને તક મળતી નથી. ઘણા સ્થળે જમીન ખરીદવા માટે અસ્પૃશ્ય તૈયાર થાય એ હિન્દુઓને ગમતું નથી, કારણ કે એમ કરીને અસ્પૃશ્યો હિન્દુઓની બહાર થઈ જવાનો તેઓને ડર હોય છે. અસ્પૃશ્ય જો આવું હિંમતભર્યું કામ કરે તો તેની સામે હિંદુઓ ગુસ્સે થાય એટલું જ નહી, તેને શિક્ષા પણ કરે અને તે સહેલાઈથી વ્હોરી લે. કેટલાક સ્થળે તો તેઓ કાયદા દ્વારા જ જમીન ખરીદવા માટે અશક્તિમાન થઈ જતા હોય છે. (ચાતુર્વર્ણ બહારઃ પ્રકરણમાંથી – પાનાં નં. – 29).

ભારતીય અંગેના સાચા ચિત્ર વિશે ડૉ. આંબેડકર જણાવે છે કે, આ પ્રજાસત્તાકમાં લોકશાહીને સ્થાન નથી. સમાનતાને કશો અવકાશ નથી. ભારતીય ગામ પ્રજાસત્તાકની

નકારાત્મક બાબત છે. જો તે પ્રજાસત્તાક છે તો તે સ્પૃશ્યોનું પ્રજાસત્તાક છે. સ્પૃશ્યો દ્વારા પ્રજાસત્તાક છે અને સ્પૃશ્યો માટેનું પ્રજાસત્તાક છે. આ પ્રજાસત્તાક હિંદુઓનું સામ્રાજ્ય છે અને અસ્પૃશ્યો પરનું શાસન છે. અસ્પૃશ્યોના શોષણ માટેનું હિંદુઓનો વસાહતવાદ છે. અસ્પૃશ્યોને કશા અધિકારો નથી. તેઓએ તો માત્ર રાહ જોવાની, સેવા કરવાની અને તાબેદારી ઉઠાવવાની હોય છે. તેઓએ કાં તો જીવવાનું હોય છે યા તો મરી જવાનું હોય છે. તેઓ ગામ બહાર હોવાથી તેઓને કશા અધિકારો હોતા નથી. તેઓ હિંદુઓના દાયરાની બહાર હોય છે. આ એક દુચક્ર હોય છે પરંતુ આ હકીકત છે અને તેને નકારી શકાય એમ નથી.

ભારતીય હિંદુ સમાજ વ્યવસ્થામાં પ્રાચીન ચાતુર્વણ્યની વ્યવસ્થાને કારણે શુદ્ર વર્ગને માટે અસંખ્ય પ્રતિબંધો અને ભયાનક સજાઓ અપાય તેવા નિયમો પુરોહિત વર્ગ દ્વારા બનાવવામાં આવ્યા છે. (આંબેડકરજીના અક્ષરદેહ ભાગ નંબર – 9)માં શા માટે ગેરકાયદેસરતા કાયદેસર છે? તે પ્રકરણમાં દર્શાવ્યા મુજબ, "એમ કહેવાય છે કે, જે સમાજ માટે પ્રાચીન કાયદા ઘડનારાઓએ તેઓના વટહુકમો નિયત કર્યા તેમાં બે ભાગ હતા. એક ભાગમાં એવા લોકો હતા કે જેઓ ચાતુર્વણ્યની પદ્ધતિની અંદર આવી જતા હોય. બીજા ભાગમાં એવા લોકો હતા કે જેઓ ચાતુર્વણ્યના વ્યાપની બહાર હતા. મનુસ્મૃતિમાં તેઓને બાહ્ય એટલે કે ચાતુર્વણ્યની બહાર આવેલા કહેવામાં આવે છે. એવી નોંધ છે કે આ નીચી જ્ઞાતિઓ ચાતુર્વણ્યની પદ્ધતિની અંદર સમાવિષ્ટ થતાં.ચાર વર્ગો – બ્રાહ્મણો-ક્ષત્રિયો-વૈશ્યો-શુદ્રો વચ્ચેના આંતરલગ્નોના વંશજનું પરિણામ છે. ચાતુર્વણ્યની અંદર જેઓ હતા તેઓને લગતા વટહુકમો અત્યાર સુધી આપવામાં આવ્યા છે. ચાતુર્વણ્યની બહાર જેઓ હતા અથવા જેઓને નીચી જ્ઞાતિઓના ગણવામાં આવતા હતા તેઓને લગતા વટહુકમો બહુ થોડા છે એમ કહેવું વિચિત્ર છે. તે ભલે થોડાક જ હોય તેમ છતાં તેઓના કારણે તેઓને પાપનો એકરાર કરવાનો એટલો ટૂંકો સમય મળતો હતો કે વટહુકમોની વધુ વિગતવાર સંહિતા માટે કોઈને કશી જરૂર રહેતી નહિ (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ: 9– પાના નં – 92-93)

ડૉ. બાબાસાહેબ આંબેડકર અસ્પૃશ્યતા અંગેના ખ્યાલમાં ગુલામો અને દાસવર્ગ અસ્પૃશ્ય જેવા જ વર્ગો વિશ્વના સમાજોમાં પણ અસ્તિત્વમાં હતા, તેમ જણાવે છે. જેમાં પ્રાચીન રોમનું ઉદાહરણ આપીને જણાવે છે કે…

**પ્રાચીન રોમની વસ્તી પાંચ વર્ગોમાં વિભાજીત હતી –**

1. કુલીન
2. અકુલીન
3. આશ્રિતો
4. ગુલામો
5. મુક્ત માનવીઓ

*ઉપરોક્ત પ્રકારોમાંથી ધનિક રોમન પોતાના ગુલામોને બેદરકારી બદલ ભયંકર યાતનાઓ આપી સજા કરતા હતા. એ જ રીતે ઈ.સ.*1086*માં અંગ્રેજ સમાજમાં ઈંગ્લેન્ડની ભૂમિમાં જુદા જુદા પ્રકારના લાખો માનવીઓ અમુક્ત હતા અથવા ગુલામો હતા. (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 9, *પાના નં-* 96, 97 )

❖ **અસ્પૃશ્યો કોણ હતા? અને તેઓ કેવી રીતે અસ્પૃશ્ય બન્યા? :-**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર, અસ્પૃશ્યતા અંગેનો ખ્યાલ* (Who were the Shudras and how they became Fourth Varna in Indo-Aryan Sociay? – *ડૉ. બી. આર. આંબેડકર) ગ્રંથમાં આપતા જણાવે છે કે શું સંસારમાં કેવળ હિંદુઓ જ છે જે અસ્પૃશ્યતામાં માને છે? જો બિન હિંદુઓમાં પણ અછૂતપણું હોય તો બિનહિંદુઓના અછૂતપણામાં અને હિંદુઓના અછૂતપણામાં ભિન્નતા કઈ બાબતની છે? (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 14, *પાના નં*-14). *'અછૂતપણું' શબ્દ વિશે પ્રાચીન અને આરંભિક સમાજ શું સમજતો હતો? આ અંગેનો સૌ કોઈનો એક જ મત હોવાનો કે, અછૂતપણાનો આધાર – ગંદકી, અપવિત્રતા અને અસ્પૃશ્ય થઈ જવાની કલ્પના અને એનાથી મુક્ત થવાની રીતો અને સાધનો સાથે છે.*

*પ્રારંભિક મનુષ્યમાં એવો વિશ્વાસ હતો કે, 'અપવિત્રતા' એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં પણ પ્રવેશી શકે છે. પ્રારંભિક મનુષ્યોની એવી માન્યતા હતી કે, વિશેષ અવસ્થાઓમાં અને વિશેષ સમયે જેમ કે, ખાવું.. પીવું.. વગેરે પ્રાકૃતિક કૃત્યો કરતી વખતે અપવિત્રતાનું સંક્રમણ થાય છે. જે ઘટનાઓને પ્રારંભિક મુજબ અપવિત્રતા ગણતો હતો. (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 14, *પાનાં નં.* 15)

*'પવિત્રતા'ની ભાવનાનો સંબંધ કેવળ વસ્તુઓના સંદર્ભમાં જ ન હતો. લોકોના કેટલાક વિશિષ્ટ વર્ગો હતા. જેમને પણ પવિત્ર માનવામાં આવતા હતા. કોઈ આવી વ્યક્તિ અપવિત્ર વ્યક્તિઓનો સ્પર્શ કરી બેસે તો એને કારણે પવિત્ર વ્યક્તિ અપવિત્ર બનતી હતી (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 14, *પાનાં નં.* 18).

*ડૉ. આંબેડકરના મત મુજબ, હિંદુઓમાં પણ પ્રારંભિક સમાજમાં કે પ્રાચીન સમાજમાં અન્ય લોકોની જેમ જ પવિત્રતાની કલ્પના અને માન્યતામાં ભેદ જોવા મળતો નથી. હિંદુઓ પણ અપવિત્રતાની માન્યતાને સ્વીકારતા હતા. મનુસ્મૃતિને આધારે તે બાબતો સ્પષ્ટ થાય છે. મનુએ શારીરિક અપવિત્રતાની સાથે માનસિક અપવિત્રતા એમ બંનેનો સ્વીકાર કર્યો છે (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 14, *પાનાં નં.* 26). *પવિત્રતાના ઉદ્દેશથી મનુએ અપવિત્રતાના વિષયને ત્રણ વિભાગોમાં વિભાજીત કર્યો છે.*

1. *શારીરિક અપવિત્રતા*
2. *માનસિક અપવિત્રતા*
3. *નૈતિક અપવિત્રતા*

ડૉ. બાબાસાહેબ આંબેડકરના મત મુજબ, એક એવી અસ્પૃશ્યતા હિંદુઓ આચરતા હતા. જેનો હું ઉલ્લેખ કરવા માંગુ છું અને તે, છે. કેટલીક જાતિઓનું "વંશાનુગત અછૂતપણું" આ જાતિઓની સંખ્યા એટલી વિપુલ છે કે સામાન્ય માણસ ધારે તો પણ સરળતાથી એની યાદી બનાવી શકે નહીં (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 14, પાનાં નં. 30).

ઈ.સ. 1935માં ભારત સરકારે આ પ્રકારની સૂચિ તૈયાર કરી છે. જેને ઈ.સ. 1935માં ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ – 1935 હેઠળ કાઢવામાં આવેલ આજ્ઞાપત્રની સાથે સાંકળી લેવામાં આવી છે. આ લાંબી સૂચિ ૯ ભાગોમાં વિભાજિત છે. એક ભાગ એક પ્રાંત સાથે સંબંધિત છે. જેમાં જે-તે પ્રાંતની જાતિઓ અથવા નસલો અથવા સમૂહોને જે સમગ્ર પ્રાંતમાં કે પ્રાંતના કેટલાક ભાગમાં અછૂત માનવામાં આવે છે. જેમાં હિંદુઓએ કેટલીક જાતિઓની વિશાળ સંખ્યાને વંશાનુગત અછૂત (Hereditary Untouchables) માની છે. જેમાં કુલ 429 જાતિઓને સમાવવામાં આવી છે. જો આ બધાની સંખ્યાનો સરવાળો કરવામાં આવે તો લગભગ 15-16 કરોડ લોકોને હિંદુઓએ એવી સ્થિતિમાં મુક્યા છે કે એમના સ્પર્શમાત્રથી અપવિત્ર બની જવાય છે, એવું માન્યું છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના મત મુજબ, "એ વાત તો સ્પષ્ટ છે કે પ્રારંભિક અને પ્રાચીન સમાજમાં અછૂતપણું અસ્તિત્વ ધરાવતું હતું. એની તુલના ભારતવ્યાપી કરોડો લોકોને માથે ઠોકી બેસાડેલી 'વંશપરંપરાગત અસ્પૃશ્યતા' સાથે કરવામાં આવે છે." (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 14., પાનાં નં. 42). હિંદુઓમાં અને બિનહિંદુઓમાં અસ્પૃશ્યતા અંગેના વિચારોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોમાં કેટલાક ઉદાહરણો આપીને તે સમજાવવાનો પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે. જેમાં 'અછૂતપણું' શબ્દ, પ્રાચીન અને આરંભિક સમજ શું સમજતો હતો? તે અંગે વિવિધ ઉદાહરણોમાં જોઈએ તો, આરંભિક મનુષ્ય વિશ્વાસ કરતો હતો કે,

1. કેટલીક વિશેષ ઘટનાઓ ઘટિત થવાને કારણે
2. કેટલીક વિશેષ વસ્તુઓનો સ્પર્શ થવાને કારણે
3. કેટલીક વ્યક્તિવિશેષનો સ્પર્શ થવાને કારણે અસ્પૃશ્યતા પેદા થાય છે. (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ 14, પાનાં નં. 15).

વિવિધ ઉદાહરણોમાં અમેરિકાની જાતિઓ, ઓસ્ટ્રેલિયા, પૂર્વ આફ્રિકા જેવા વિસ્તારોમાં સ્ત્રીઓને વિવાહની અપવિત્રતામાંથી બચાવી રાખવા માટે કેટલીક માન્યતાઓ આધારિત રીવાજો અમલી હતા. પ્રારંભિક સમાજમાં 'મૃત્યુ' સૌથી વધુ અપવિત્ર માનવામાં આવતું હતું. પોલિનેશિયા, યુગાંડા, ટોંગા દ્રીપસમૂહ જેવા વિસ્તારોમાં પણ પવિત્રતા અને અપવિત્રતાના ખ્યાલ સાથે જીવન જીવનારો સમૂહ તે સમયે અસ્તિત્વમાં હતો. આમ, પ્રારંભિક સમાજમાં અપવિત્રતાને કારણે 'અલગતા' આચરવાનો અને રાખવાનો રીવાજ હતો. એ જ રીતે જો પ્રારંભિક સમાજ પછી પ્રાચીન સમાજ અંગે જોઈએ તો અપવિત્રતાની

*કલ્પના પ્રારંભિક સમાજની કલ્પનાથી વિશેષ ભિન્ન હતી નહી. તેના સ્રોત અને કારણોમાં ક્યાંક ક્યાંક ભિન્નતા જોવા મળતી. ઈજિપ્ત, ગ્રીસ, રોમ જેવા દેશોમાં વિવિધ પ્રકારે પવિત્ર અને અપવિત્રતાના પાયા પર સામાજિક-ધાર્મિક વ્યવહારનું આચરણ થતું હતું.*

*હિંદુ સમાજ વ્યવસ્થામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મનુસ્મૃતિના ઉદાહરણો આપ્યા છે. જેમાં મનુએ શારીરિક 'અપવિત્રતા'ની સાથે 'માનસિક અપવિત્રતા' એમ બન્નેનો સ્વીકાર કર્યો છે. જન્મ, મૃત્યુ, માસિક ધર્મ અંગે અપવિત્રતાના ખ્યાલ સાથે જોડવામાં આવેલ હતો. મૃત્યુ અંગેની 'અપવિત્રતા'માં મનુએ રક્ત સંબંધ અનુસાર પોતાના સંબંધીઓ, દૂરના સંબંધીઓ પણ 'મૃત્યુ' સમયે અપવિત્ર ગણાતા હતા. જેમાં આચાર્ય, આચાર્યપુત્ર, આચાર્ય પત્ની, શિષ્ય, સહપાઠી, રાજા મિત્ર, પરિવારના લોકો, મૃતદેહને લઈને જનારા ડાઘુઓ, મૃતદેહને સ્પર્શ કરનારા અન્ય લોકો પણ અપવિત્રતા સંબંધિત ખ્યાલમાં આવી જતા હતા. ઈ.સ.* 1947*માં ભારત આઝાદ થયું અને નબળા સમૂહો માટે ભારતીય સંવિધાન સભાએ સૌથી વધુ ચિંતા કરી. પછાતપણું, અછૂતપણું એ બધી સમસ્યાઓ ના રહે તે માટે બંધારણ સભાએ વિવિધ અનુચ્છેદ બનાવી ભારતીય સંવિધાનમાં તેની વ્યવસ્થા કરવામાં આવી અને આઝાદ ભારતમાં રાજપત્રિત અનુસુચિઓ તૈયાર કરી આ અછૂતપણાનો ભોગ બનેલ જ્ઞાતિઓને સુચિબદ્ધ કરવામાં આવી અને તેમના વિકાસ અને રક્ષણ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથઃ* 14, *પાનાં નં* – 27-31).

- ❖ **અનુસૂચિત જાતિની યાદીમાં નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિ સંલગ્ન સ્પેશિયલ સૂચિમાં અત્યાર સુધીમાં 36 જેટલા અનુસૂચિત જાતિ સમૂહો તથા પેટાસમૂહોની યાદી બહાર પાડેલ છે. જે વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. (માહિતીનો સ્રોત : નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત સરકાર)**

## 11.4 અસ્પૃશ્યતા અપરાધ કાનૂન

*અસ્પૃશ્યતા અપરાધ કાનૂન અંગેની કાનૂની બાબતો સરકારનાં રાજપત્રમાં દર્શાવેલ તમામ કાનૂની જોગવાઈઓ નીચે મુજબ છે.*

- (https://legislative.gov.in/sites/default/files/GA1955-22.pdf )

*ભારતીય બંધારણીય જોગવાઈ અનુસાર, અનુસુચિત જાતિના વ્યક્તિઓ સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવે તો તેઓ દંડને પાત્ર બને છે. તે વિશે કાયદાકીય બાબતોને વધુ વિસ્તારથી સમજીએ –*

- ❖ *ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ અથવા જન્મ સ્થળના આધારે ભેદભાવ પર પ્રતિબંધ* (Prohibition of discrimination on grounds of religion, race, caste, sex or place of birth) —

1. *ભારતીય બંધારણના અનુચ્છેદ-17 અનુસાર અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવેલ છે.અને કોઈ પણ રૂપમાં એના આચરણની મનાઈ કરવામાં આવેલ છે.અને 'અસ્પૃશ્યતા'માંથી ઉદ્દભવતી કોઈ પણ નિર્યોગ્યતા લાગુ પાડવી તે, કાયદા અનુસાર તે શિક્ષાપાત્ર ગુનો ગણાય છે.*

❖ *અસ્પૃશ્યતાની હિમાયત કરવા અને પાળવા માટે, તે અંગે ઊભી થતી કોઈપણ બાધાનું પાલન કરાવવા માટે અને તેને લગતી બાબતો અંગે શિક્ષા ઠરાવવા માટેના અધિનિયમની બાબતો નીચે મુજબ છે.*
**(સંદર્ભ – ભારતનો રાજપત્ર – 14 જાન્યુઆરી 1989) :-**

*જે કોઈ વ્યક્તિ અસ્પૃશ્યતાને કારણે હોસ્પિટલ, દવાખાનું, શૈક્ષણિક સંસ્થા અથવા કોઈ છાત્રાલય વગેરેમાં દાખલ કરવાની ના પાડે, માલ વેચવાની અથવા સેવા આપવાની ના પાડે, "અસ્પૃશ્યતા"માંથી ઊભા થતા બીજા ગુના કરે, ગેરકાયદેસર ફરજીયાત મજુરીમાં અસ્પૃશ્યતાનું પાલન કરાવે, અમુક પ્રસંગે લાયન્સો રદ કરવા અથવા મોકૂફ કરાવે, સરકારે આપેલ ગ્રાન્ટ પાછી ખેંચી લે અથવા મોકૂફ રાખે, ગુનાનું દુષ્પ્રેરણ આચરે વગેરે. આવી બાબતોમાં સામુહિક દંડ કરવાની રાજ્ય સરકારની સત્તાની જોગવાઈ કરવામાં આવેલ છે.*

*ઉપર્યુક્ત કોઈપણ બાધાનું પાલન કરાવે તો, તે વ્યક્તિને એક મહિના કરતાં ઓછી ન હોય અને છ મહિના કરતાં વધારે ન હોય તેટલી મુદતની કેદની અને ઓછામાં ઓછા એકસો રૂપિયા અને વધારેમાં વધારે પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. (સોર્સ : નાગરિક હક રક્ષણ અધિનિયમ – 1955, ભારતનું રાજપત્ર)*

## 11.5 સારાંશ

*ભારતીય સમાજમાં અનુસુચિત જાતિના વિકાસ અને ઉત્થાન માટે વિવિધ કાયદા, કાનૂન, અદાલતો, અનામતની જોગવાઈઓ ભારતીય બંધારણમાં કરવામાં આવી છે. છતાં ભારતીય સમાજમાં આજે પણ આભડછેટ, અસ્પૃશ્યતા જોવા મળે છે, જેનું ગંભીર પરિણામ સમાજ ભોગવે છે તથા નવી જ સામાજિક સમસ્યાઓને જન્માવે છે. તેના નિવારણ અર્થે અસ્પૃશ્યતા અપરાધ કાનૂનની જોગવાઈ પણ અમલમાં મુકાયેલ છે. જે પ્રસ્તુત એકમમાં જોઈ શકાય છે.*

## 11.6 તમારી પ્રગતિ ચકાસો.

**(અ) નીચે આપેલ પ્રશ્નોનાં ઉત્તર દસ લાઈનમાં આપો.**

1. *અનુસૂચિત જાતિનો અર્થ સવિસ્તાર સમજાવો.*

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

2. *ઐતિહાસિક સંદર્ભમાં અસ્પૃશ્યતા અંગેની સમસ્યાની બાબતો વર્ણવો.*

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

3. *અસ્પૃશ્યતા અપરાધ કાનૂન વિષે ટૂંકનોંધ લખો.*

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

…………………………………………………………………………………

……………………………………………………………………………

……………………………………………………………………………

……………………………………………………………………………

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. **ભારતીય સંવિધાનનાં ભાગ-19 અનુચ્છેદ ___________ નાં ક્રમ 23 દર્શાવ્યા મુજબ, ''અનુસૂચિ'' એટલે આ સંવિધાનની અનુસૂચિ.**

   *(અ)* 367 *(બ)* 366 *(ક)* 368 *(ડ)* 369
2. **ભારતીય સંવિધાનનાં ભાગ-19 અનુચ્છેદ – 366નાં ક્રમ 24માં દર્શાવ્યા મુજબ ''અનુસૂચિત જાતિઓ'' એટલે સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ ___________ હેઠળ અનુસૂચિત જાતિઓ તરીકે ગણાયેલી જ્ઞાતિઓ.**

   *(અ)* 340 *(બ)* 342 *(ક)* 341 *(ડ)* 343
3. **ભારતની પ્રથમ સામાન્ય વસ્તી ગણતરી ___________ ના વર્ષમાં કરવામાં આવી હતી.**

   *(અ)* 1881 *(બ)* 1880 *(ક)* 1885 *(ડ)* 1883
4. **પ્રાચીન રોમની વસ્તી ___________ વર્ગોમાં વિભાજીત હતી.**

   *(અ) કુલીન અને અકુલીન (બ) આશ્રિતો અને ગુલામો*

   *(ક) મુક્ત માનવીઓ (ડ) ઉપરોક્ત તમામ*
5. **ભારતીય બંધારણના અનુચ્છેદ ___________ અનુસાર અસ્પૃશ્યતા નાબૂદ કરવમાં આવેલ છે.**

   *(અ)* 15 *(બ)* 16 *(ક)* 17 *(ડ)* 18

## 11.7 ચાવીરૂપ શબ્દો

1. **અનુસૂચિ** - *ભારતીય સંવિધાનનાં ભાગ*-19 *અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 23 *દર્શાવ્યા મુજબ, ''અનુસૂચિ'' એટલે આ સંવિધાનની અનુસૂચિ.*
2. **અનુસૂચિત જાતિ** - *ભારતીય સંવિધાનનાં ભાગ*-19 *અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 24*માં દર્શાવ્યા મુજબ ''અનુસૂચિત જાતિઓ'' એટલે સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ* 341 *હેઠળ અનુસૂચિત જાતિઓ તરીકે ગણાયેલી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓ અથવા એવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો કે તેમની અંદરના જૂથો.*

## 11.8 સંદર્ભ સુચિ


1. *'અસ્પૃશ્યો ભારતની બહિષ્કૃત વસાહતોના વર્ણ બહારના લોકો' ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 9, *ડૉ. આંબેડકર ફાઉન્ડેશન કલ્યાણ મંત્રાલય ન્યુ દિલ્હી અને રમત ગમત યુવા અને સાંસ્કૃતિક*

*પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* – 1997 - http://drambedkarwritings.gov.in/upload/uploadfiles/files/Gujarati_Writings_and_Speeches_Vol9.pdf

2. *'અસ્પૃશ્યો કોણ હતા? અને તેઓ અસ્પૃશ્યો કેવી રીતે બન્યા?' ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ:* 14, *ડૉ. આંબેડકર ફાઉન્ડેશન કલ્યાણ મંત્રાલય ન્યુ દિલ્હી અને રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર*–1998 - http://drambedkarwritings.gov.in/upload/uploadfiles/files/Gujarati_Writings_and_Speeches_Vol14.pdf
3. *ભારતનું સંવિધાન* (2011), *ભારત સરકાર વિધિ અને ન્યાય મંત્રાલય (ચતુર્થ આવૃત્તિ) નવી દિલ્હી*
4. **राष्ट्रीय पिछड़ा वर्ग आयोग अधिनियम – 1993**
5. Government of India [01. 2.] Act, 1935 - " the scheduled castes " means such castes, races or tribes or parts of or groups within castes, races or tribes, being castes, races, tribes, parts or groups which appear to His Majesty in Council to correspond to the classes of persons formerly known as " the depressed classes", as His Majesty in Council may specify.
6. FIRST SCHEDULE. 5, 18, 308. COMPOSITION OF THE FEDERAL LEGISLATURE. PART I. REPRESENTATIVES OF BRITISH INDIA - https://www.legislation.gov.uk/ukpga/1935/2/pdfs/ukpga_19350002_en.pdf
7. https://legislative.gov.in/sites/default/files/GA1955-22.pdf
8. https://legislative.gov.in/sites/default/files/GA1989-33.pdf
9. https://legislative.gov.in/sites/default/files/GA1955-22.pdf
10. https://legislative.gov.in/sites/default/files/H195522.pdf
11. https://legislative.gov.in/sites/default/files/constitution_india_gujarati_18122017.pdf
12. https://legislative.gov.in/constitution-of-india
13. http://drambedkarwritings.gov.in/upload/uploadfiles/files/Gujarati_Writings_and_Speeches_Vol9.pdf

## 11.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. *(બ)* 366
2. *(ક)* 341
3. *(અ)* 1881
4. *(ડ) ઉપરોક્ત તમામ*
5. *(ક)* 17

**એકમ - 12**

## અનુસૂચિત જાતિ માટે અનામત નીતિ અને વિકાસ

**:: રૂપરેખા ::**

**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 અનુસૂચિત જાતિનો અર્થ**

**12.3 અનુસૂચિત જાતિ જનસંખ્યા પ્રમાણ**

**12.4 અનામત નીતિ અને વિકાસ**

**12.5 સારાંશ**

**12.6 તમારી પ્રગતિ ચકાસો**

**12.7 ચાવીરૂપ શબ્દો**

**12.8 સંદર્ભ સુચિ**

**12.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

### 12.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *અનુસૂચિત જાતિનો અર્થ સમજી શકશો.*
- *અનુસૂચિત જાતિઓની વસ્તી અંગેની માહિતી મેળવી શકશો.*
- *અનામત નીતિ અને વિકાસ વિષયક માહિતી મેળવી શકશો.*

### 12.1 પ્રસ્તાવના

*ભારતમાં અનુસૂચિત જાતિઓની જનગણના ભારત સરકારના વસ્તી ગણતરી-* 2011 *મુજબ કુલ વસ્તી* 20.14 *કરોડ છે જે કુલ વસ્તીના* 16.6 *ટકા થાય છે.ભારતનો આ વસ્તી સમૂહ ઐતિહાસિક દ્રષ્ટીએ જોઈએ તો સામજિક અને શૈક્ષણિક રીતે પ્રભાવી જ્ઞાતિઓ દ્વારા ભયંકર અસ્તિત્વ અને ઓળખની સમસ્યાઓ સહનકરી અને અનુસૂચિત જાતિ સમૂહના પ્રતિનિધિ તરીકે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના સતત અને અવિરત પ્રયત્નોને કારણે આ સમૂહને સામાજિક, શૈક્ષણિક અને રાજકીય પ્રતિનિધિત્વ મળ્યું સાથે નોકરીઓમાં અનામત દ્વારા પ્રતિનિધિત્વ મળવાથી અનુસૂચિત જાતિ સમૂહ રાજ્ય અને કેન્દ્ર સરકારની નોકરીઓ માં પ્રતિનિધિત્વ વસ્તીની ટકાવારીના પ્રમાણમાં મળ્યું.*

## 12.2 અનુસૂચિત જાતિનો અર્થ

*ભારતીય સંવિધાનનાં ભાગ-16 અનુચ્છેદ – 341 (1) મુજબ, કઈ જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓને અથવા જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓના કયા ભાગોને અથવા તેની અંદરના કયા જૂથોને, યથાપ્રસંગ, કોઈ રાજ્ય ચઅથવા સંઘ રાજ્યક્ષેત્રૃ સંબંધમાં આ સંવિધાનના હેતુઓ માટે અનુસૂચિત, જાતિઓ ગણવી તે રાષ્ટ્રપતિ ચતે રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રૃ માટે પરંતુ રાજ્યની બાબતમાં તેના રાજ્યપાલ સાથે વિચારવિનિમય કરીને રાજપત્રિત જાહેરનામાથી નિર્દિષ્ટ કરી શકશે. (ભારતનું સંવિધાન –*2011*).*

**અનુસૂચિત જાતિ જનસંખ્યા પ્રમાણ ગુજરાત- Census – 2011**

| ક્રમ | રાજ્ય | ગ્રામ્ય | | | શહેરી | | | કુલ | | | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જિલ્લો | વ્યક્તિઓ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિઓ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિઓ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| **1.** | ગુજરાત | **2180441** | **1127423** | **1053018** | **1412274** | **738860** | **673414** | **3592715** | **1866283** | **1726432** | **7.09** |
| **2.** | કચ્છ | 132435 | 68039 | 64396 | 53497 | 27955 | 25542 | 185932 | 95994 | 89938 | 11.74 |
| **3.** | બનાસકાંઠા | 239947 | 124471 | 115476 | 31537 | 16528 | 15009 | 271484 | 140999 | 130485 | 10.84 |
| **4.** | પાટણ | 91956 | 48011 | 43945 | 24923 | 13012 | 11911 | 116879 | 61023 | 55856 | 9.88 |
| **5.** | મહેસાણા | 116688 | 60969 | 55719 | 31909 | 16741 | 15168 | 148597 | 77710 | 70887 | 8.09 |
| **6.** | સાબરકાંઠા | 157006 | 80687 | 76319 | 16319 | 8425 | 7894 | 173325 | 89112 | 84213 | 8.32 |
| **7.** | ગાંધીનગર | 51203 | 26713 | 24490 | 64752 | 34043 | 30709 | 115955 | 60756 | 55199 | 8.69 |
| **8.** | અમદાવાદ | 125184 | 66059 | 59125 | 495581 | 262200 | 233381 | 620765 | 328259 | 292506 | 10.67 |
| **9.** | સુરેન્દ્રનગર | 123515 | 64252 | 59263 | 42696 | 22261 | 20435 | 166211 | 86513 | 79698 | 10.97 |
| **10.** | રાજકોટ | 140500 | 72766 | 67734 | 103864 | 53915 | 49949 | 244364 | 126681 | 117683 | 7.71 |
| **11.** | જામનગર | 86460 | 44502 | 41958 | 68359 | 35373 | 32986 | 154819 | 79875 | 74944 | 8.13 |
| **12.** | પોરબંદર | 26673 | 13731 | 12942 | 21560 | 11094 | 10466 | 48233 | 24825 | 23408 | 8.98 |
| **13.** | જુનાગઢ | 190486 | 97913 | 92573 | 45138 | 23391 | 21747 | 235624 | 121304 | 114320 | 9.62 |
| **14.** | અમરેલી | 95864 | 48972 | 46892 | 19626 | 10174 | 9452 | 115490 | 59146 | 56344 | 8.29 |
| **15.** | ભાવનગર | 87207 | 44589 | 42618 | 54921 | 28425 | 26496 | 142128 | 73014 | 69114 | 5.76 |
| **16.** | આણંદ | 74302 | 39360 | 34942 | 24183 | 12642 | 11541 | 98485 | 52002 | 46483 | 5.3 |
| **17.** | ખેડા | 84733 | 44212 | 40521 | 21378 | 11112 | 10266 | 106111 | 55324 | 50787 | 5.24 |
| **18.** | પંચમહાલ | 77767 | 39774 | 37993 | 14725 | 7609 | 7116 | 92492 | 47383 | 45109 | 4.57 |
| **19.** | દાહોદ | 25642 | 12922 | 12720 | 7242 | 3698 | 3544 | 32884 | 16620 | 16264 | 2.01 |
| **20.** | વડોદરા | 94296 | 49097 | 45199 | 109989 | 57400 | 52589 | 204285 | 106497 | 97788 | 5.61 |
| **21.** | નર્મદા | 6914 | 3554 | 3360 | 3124 | 1625 | 1499 | 10038 | 5179 | 4859 | 1.95 |
| **22.** | ભરૂચ | 41163 | 21191 | 19972 | 20328 | 10517 | 9811 | 61491 | 31708 | 29783 | 4.49 |
| **23.** | સુરત | 64082 | 32400 | 31682 | 105242 | 54630 | 50612 | 169324 | 87030 | 82294 | 3.39 |
| **24.** | ડાંગ | 921 | 464 | 457 | 0 | 0 | 0 | 921 | 464 | 457 | 0.49 |
| **25.** | નવસારી | 20448 | 10134 | 10314 | 19126 | 9803 | 9323 | 39574 | 19937 | 19637 | 3.22 |
| **26.** | વલસાડ | 25049 | 12641 | 12408 | 12255 | 6287 | 5968 | 37304 | 18928 | 18376 | 2.64 |

**(Source-https://sje.gujarat.gov.in/dscw/Scheduled-Caste-Population-2011?lang=Gujarati )**

## 12.3 અનામત નીતિ દ્વારા પ્રતિનિધિત્વ અને વિકાસ

*ભારતીય બંધારણીય જોગવાઈ અનુસાર, અનુસૂચિત જાતિના લોકો સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવે તો તેઓ દંડને પાત્ર બને છે. ભારતીય બંધારણમાં નીચે મુજબના અનુચ્છેદ પ્રમાણે નીચેની જોગવાઈ કરવામાં આવી છે. તે વિશે મુદ્દાસર સમજીએ –*

❖ **ધર્મ, જાતિ, જાતિ, લિંગ અથવા જન્મ સ્થળના આધારે ભેદભાવ પર પ્રતિબંધ (Prohibition of discrimination on grounds of religion, race, caste, sex or place of birth)-**

1. *ભારતીય બંધારણના અનુચ્છેદ* 15(1) *માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર " કોઈ નાગરિકની સામે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન અથવા એમના કોઈ કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ."*
2. *ભારતીય બંધારણના અનુચ્છેદ* 15(5) *અનુસાર, સામાજિક શૈક્ષણિક રીતે પછાત નાગરીકોના કોઈ વર્ગોના ઉત્કર્ષ અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે કાયદાથી, ખાસ જોગવાઈઓ કરવામાં જ્યાં સુધી આવી ખાસ જોગવાઈઓ અનુચ્છેદ* 30*ના ખંડ* (1) *માં ઉલ્લેખેલ લઘુમતીઓની શિક્ષણ સંસ્થાઓ સિવાયની રાજ્ય દ્વારા સહાયિત અથવા બિન – સહાયિત ખાનગી શિક્ષણ સંસ્થાઓ સહિતની શિક્ષણ સંસ્થાઓમાં તેમને પ્રવેશને સંબંધિત છે ત્યાં સુધી રાજ્યને આ અનુચ્છેદમાંના અથવા અનુચ્છેદ* 19*ના ખંડ* (1) *ના પેટા ખંડ (જ) માંના કોઈ મજકુરથી બાધ આવશે નહિ.*
3. *ભારતીય બંધારણના અનુચ્છેદ* 16(1) *અનુસાર રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા ઉપર નિમણૂક અંગેની બાબતમાં તમામ નાગરીકો માટે તકની સમાનતા રહેશે. ભારતીય બંધારણના અનુચ્છેદ* 16(4ક) *અનુસાર રાજ્યના અભિપ્રાય મુજબ રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમને પુરતું પ્રતિનિધિત્વ મળ્યું ના હોય તેવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓની તરફેણમાં રાજ્ય હેઠળની સેવાઓમાં (કોઈ પણ વર્ગ અથવા વર્ગોની જગ્યાઓ ઉપર પારિમાણિક પ્રવરતા સહિત,બઢતી આપવાની બાબતમાં) અનામત રાખવા માટેની કોઈ પણ જોગવાઈ કરવામાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકુરથી બાધ આવશે નહિ.*
4. *ભારતીય બંધારણના અનુચ્છેદ*-17 *અનુસાર અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવેલ છે.અને કોઈ પણ રૂપમાં એના આચરણની મનાઈ કરવામાં આવેલ છે.અને 'અસ્પૃશ્યતા'માંથી ઉદભવતી કોઈ પણ નીર્યોગ્યતા લાગુ પાડવી તે કાયદા અનુસાર તે શિક્ષાપાત્ર ગુનો ગણાય છે.*
5. *ભારતીય બંધારણના અનુચ્છેદ*- 46 *અનુસાર નબળા વર્ગોના લોકોના અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના શૈક્ષણિક અને આર્થિક*

હિતોની અભિવૃદ્ધિ રાજ્ય વિશેષ કાળજીથી કરશે અને સામાજિક ન્યાય અને તમામ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

6. ભારતીય બંધારણના અનુચ્છેદ-239(ખ) મુજબ દિલ્લી રાજ્યની વિધાનસભામાં બેઠકોની કુલ સંખ્યા પૈકી અનુસૂચિત જાતિઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
7. ભારતીય બંધારણના અનુચ્છેદ- 243 ઘ (1) મુજબ દરેક પંચાયતમાં અનુસૂચિત જાતિઓ માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ જે 1/3 બેઠકો થી ઓછી બેઠકો હોવી જોઈએ નહિ સાથે મહિલાઓમાટે નક્કી કરાયેલ ટકાવારી મુજબ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
8. ભારતીય બંધારણના અનુચ્છેદ- 243 બ અન્વયે દરેક નગરપાલિકામાં અનુસૂચિત જાતિઓ માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ જેની સંખ્યા કુલ બેઠકો પૈકી 1/3 જેટલી હોવી જોઈએ.
9. ભારતીય બંધારણના અનુચ્છેદ- 230 મુજબ લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
10. ભારતીય બંધારણના અનુચ્છેદ- 332 અનુસાર રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
11. ભારતીય બંધારણના અનુચ્છેદ- 334 અનુસાર અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે લોકસભા અને રાજ્યોની વિધાનસભામાં અનામત બેઠકો માટે અને ખાસ પ્રતિનિધિત્વ માટેની મર્યાદા નક્કી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
12. ભારતીય બંધારણના અનુચ્છેદ- 335 અનુસાર સંઘના અથવા રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગાઓ નિમણૂક કરતી વખતે વહીવટી કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે અનુસૂચિત જાતિઓના સભ્યોનાદાવા વિચારણામાં લેવામાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.
13. ભારતીય બંધારણના અનુચ્છેદ 338 માં અનુસૂચિત જાતિઓ માટે રાષ્ટ્રીય આયોગની રચના કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
14. કલમ - 46 અનુસાર અનુસૂચિત જાતિના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે ખાસ કાળજી લેવાની અને એમના શોષણ સામે રક્ષણ આપવામાં આવેલ છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય બંધારણના અનુચ્છેદ 341(1) અન્વયે 26 રાજ્યો અને 6 કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નીચે પ્રમાણેના અનુસૂચિત જાતિઓ માટેના ગેઝેટ બહાર પાડેલ છે.

1. સંવિધાન (અનુસૂચિત જાતિ) આદેશ,1950
2. સંવિધાન (અનુસૂચિત જાતિ) (સંઘ રાજ્ય ક્ષેત્ર)આદેશ,1951

3. *સંવિધાન (જમ્મુ અને કાશ્મીર)અનુસૂચિત જાતિ આદેશ,*1956
4. *સંવિધાન (દાદરા અને નગર હવેલી)અનુસૂચિત જાતિ આદેશ,*1962
5. *સંવિધાન (પોંડિચેરી)અનુસૂચિત જાતિ આદેશ,*1964
6. *સંવિધાન (સિક્કિમ)અનુસૂચિત જાતિ આદેશ,*1978

*ભારત સરકાર દ્વારાઆદેશ આપવામાં આવ્યો છે કે રાજ્ય અને કેન્દ્રીય મંત્રાલયો તથા તેના વિભાગો વખતો વખત અનુસૂચિત જાતિઓની જન ગણનાને ધ્યાનમાં રાખીને વિભાગની મુખ્ય યોજનાઓના અમુક ટકા વિકાસનો હિસ્સો અનુસૂચિત જાતિઓ માટે ફાળવે જેથી તેમના સામાજિક- આર્થિક વિકાસ માટે અનુકુળ સંસાધન ઉપલબ્ધ થાય વર્ષ* 2017-18*થી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના* 38 *જેટલા મંત્રાલયો તથા વિભાગોને સંબંધિત અનુસૂચિત જાતિઓના કલ્યાણ સંબંધિત વિકાસ સંબંધિત કાર્ય પોતાના* DAPS *અંતર્ગત સંચાલન અને દેખરેખ રાખવાની કામગીરી સોપવામાં આવી છે.જેમાં અનુસૂચિત જાતિ કલ્યાણ માટે અહેવાલ વર્ષ* 2019-2020 72936.62 *કરોડ રૂપિયાથી વધારી વર્ષ* 2020-2021 *માં* 83256.62 *કરોડ રૂપિયા કરી દેવામાં આવેલ છે.જે કુલ બજેટમાં* 14.15 *ટકા વધારા સાથે છે.*

❖ **અનુસૂચિત જાતિઓ માટે વિકાસ લક્ષી યોજનાઓઃ**

**ફેલોશીપ યોજનાઃ**

*ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓના ઉચ્ચ શિક્ષણમાં વધારો થાય અને વ્યાપ વધે તે માટે ફેલોશીપ યોજના અમલી કરવામાં આવેલ છે જેમાં અહેવાલ* 2021 *મુજબ વર્ષ વાર વિદ્યાર્થીઓને આપવામાં આવેલી ફેલોશીપ નીચે મુજબ છે.*

**Budget Estimate and Expenditure & Beneficiaries under National Fellowship for SC Students**

| Year | Budget Allocation (Rs. in crore) | Fund Release (Rs. in crore) | Fellowships awarded Total |
|---|---|---|---|
| 2014-15 | 200.00 | 148.84 | 2000 |
| 2015-16 | 209.55 | 200.55 | 2000 |
| 2016-17 | 200.00 | 196.00 | 2000 |
| 2017-18 | 230.00 | 225.40 | 2000 |
| 2018-19 | 300.00 | 255.81 | 2000 |
| 2019-20 | 360.00 | 246.66 | 2000 |
| 2020-21 | 300.00 | 119.00 | 4029* |
| 2021-22 | 300.00 | 77.39# | awaited |

(**Resource-** https://socialjustice.gov.in/writereaddata/UploadFile/66961650351779.pdf)

**માળખાકીય વિકાસઃ હોસ્ટેલ સુવિધાઓઃ**

| Physical and Financial performance for Girls and Boys Hostels under BJRCY | | | | |
|---|---|---|---|---|
| **Girls** | | **Hostels** | | |
| **Year** | **Budget Estimates** | **Actual Expenditure** | **No. of hostels sanctioned** | **No. of beneficiaries** |
| 2016-17 | 40.00 | 30.0998 | 17 | 1250 |
| 2017-18 | 150.00 | 70.01 | 17 | 1700 |
| 2018-19 | 155.45 | 23.11 | 12 | 954 |
| 2019-20 | 107.76* | 16.34 | 06 | 55 |
| 2020-21 | 30.00* | 53.81 | 22 | 2900 |
| 2021-22(Ason 10.12.2021) | 36.00 | 1.36 | 0 | 0 |
| **Boys Hostels** | | | | |
| 2016-17 | 5.00 | 4.90 | 12 | 700 |
| 2017-18 | 5.00 | 4.90 | 1 | 100 |
| 2018-19 | 5.00 | 13.45 | 15 | 1000 |
| 2019-20 | 107.76* | 8.65 | 5 | 450 |
| 2020-21 | 30.00 | 2.58 | 2 | 350 |
| 2021-22(As on 10.12.2021) | 36.00 | 0 | 0 | 0 |

*seprate allocation for SC girls and SC boys hostels has not been made for the year 2019-20, 2020-21 and 2021-22.State-wise details of Central assistance released and beneficiaries covered.

(સંદર્ભ- **https://socialjustice.gov.in/writereaddata/UploadFile/66961650351779.pdf)**

*સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફ્રિ- કોચિંગ યોજના : રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જ્ઞાતિઓ માટે જાહેર નોકરીઓની સ્પર્ધાત્મક તૈયારીઓ માટે ફ્રી કોચિંગ ની વ્યવસ્થાઓ કરતી હોય છે જે સરકાર ના સંબંધિત વિભાગો દ્વારા આ યોજના અમલી થતી હોય છે.*

❖ **જાહેર નોકરીઓ માટે રોસ્ટર આધારિત અનામતનીતિઃ**

*રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જાહેર નોકરીઓમાં અનુસૂચિત જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે રોસ્ટર આધારિત અનામત નીતિઓ અમલી કરેલી હોય છે જેમાં ટકાવારીની અમલવારી સરકારના વખતો વખતના ઠરાવો નિયમો આધારિત અમલી કરવામાં આવેલી હોય છે.*

*અનુસૂચિત જાતિ માટે નોકરીમાં અનામતને લગતી રાજ્ય સરકારની નીતિના ઘડતરની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. જયારે આ*

*નીતિના અમલીકરણ/મોનિટરિંગની કામગીરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા કરવામાં આવે છે.શ્રી આર.કે.સભરવાલા વિરુધ્ધ પંજાબ સરકાર અને અન્યના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા અનુસાર સરકારી સેવાઓમાં ખાલી જગ્યા આધારિત રોસ્ટરના સ્થાને જગ્યા આધારિત રોસ્ટર અમલમાં આવતા તે મુજબ સામાન્ય વહીવટ વિભાગના  તા.*8-3-1999, *તા.*5-9-2000 *ના ઠરાવથી જરૂરી હુકમો બહાર પાડવામાં આવ્યા છે.રાજય કક્ષાએ સીધી ભરતીથી ભરવાની થતી વર્ગ-*1 *થી વર્ગ-*4 *ની જગ્યાઓમાં અનુસૂચિત જાતિ માટે* 7 *ટકા, પ્રમાણે અને બઢતીથી ભરવાની થતી વર્ગ-*1 *થી વર્ગ-*4*ની જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ માટે* 7 *ટકા, છે. જયારે જિલ્લા કક્ષાએ વર્ગ-*3 *અને વર્ગ-*4 *માટે જે તે જિલ્લાની વસતિને ધ્યાને લઇ જે તે જિલ્લાની ટકાવારી મુજબ રોસ્ટર ક્રમાંકો નિયત કરવામાં આવેલા છે. .સામાન્ય વહીવટ વિભાગના તા.*22-4-83 *ના ઠરાવ ક્રમાંકઃપવસ-*1183-825-*ગ.*3 *મુજબ રોસ્ટર રજીસ્ટરનો નમૂનો બહાર પાડવામાં આવેલ છે*

*દરેક વિભાગમાં વહીવટી કામગીરી સંભાળતા અધિકારીને તે વિભાગ અને વિભાગ હેઠળના વહીવટી નિયંત્રણ હેઠળના બધા ખાતા/કચેરીઓના મહેકમ અને સેવાઓમાં અ.જા, અ.જ.જા, સા.શૈ.પ.વર્ગ તેમજ શા.ખો.ખા.ના ઉમેદવારોના પ્રતિનિધિત્વને લગતી બાબતો અંગે સંપર્ક અધિકારી તરીકે કામગીરી બજાવવા નિયુક્ત  કરવામા આવે છે. રોસ્ટર રજીસ્ટરની વાર્ષિક તપાસણી કરવી એ સંપર્ક અધિકારીની ફરજો પૈકીની એક ફરજ છે.*

**(સંદર્ભ-સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગુજરાત સરકાર)**
**(https://sje.gujarat.gov.in/information/1536)**

### ❖ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનઃ

*ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની સોસાયટી રજીસ્ટ્રેશન એકટ* 1860 *હેઠળ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની તા.* 05-05-75 *થી રચના કરવામાં આવી.  આ નિગમની રચના કરવાનો મૂળભૂત ઉદ્દેશ અનુસૂચિત જાતિઓનો સંપૂર્ણ રીતે વિકાસ થાય અને સમાજમાં તેઓ માનભર્યુ જીવન જીવી શકે તે માટે સુવિધાઓ પુરી પાડવાનો* 22 *નવેમ્બર-*1979 *માં નિગમના માળખાનું સને* 1956 *ના ભારતીય કંપની ધારા હેઠળ સરકારશ્રીના એક જાહેર સાહસ તરીકે રૂપાંતર કરીને ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર તરીકે રૂ.* 15.00 *કરોડની શેરમૂડી સાથે અસ્તિત્વમાં આવ્યું.  ત્યારબાદ ગુજરાત વિધાનસભામાં પસાર થયેલ સને* 1985*માં ગુજરાત શિડયુલ્ડ કાસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન એકટ-*1985*(ગુજરાતનો* 1985*નો* 10 *મો) હેઠળ સમાજ કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.* 6-7-96*ના જાહેરનામાથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની ગાંધીનગરની તા.* 15-8-96 *થી સ્ટેચ્યુટરી કોર્પોરેશન તરીકેની રચના થઇ. આમ અનુસૂચિત જાતિ*

*સમાજના વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સતત વિકાસ લક્ષી પ્રયત્નો થઈ રહ્યા છે.*

*ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ ભારતના લોકકલ્યાણના હેતુલક્ષી બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો અને જોગવાઈઓમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને રાષ્ટ્રના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની જોગવાઈ કરી છે. બંધારણના અનુચ્છેદ 46મા દર્શાવ્યા મુજબ રાષ્ટ્રના/સમાજના નબળા વર્ગોના અને ખાસ કરીને અનુ. જાતિ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક હેતુની અભિવૃદ્ધિ માટે રાજ્ય વિશેષ કાળજીથી કરશે. તદનુસાર ગુજરાત રાજ્ય માં અનુ. જાતિઓના સર્વાંગી વિકાસની અનેકવિધ યોજનાઓ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું કરી રહ્યું છે.*

*અનુસૂચિત જાતિની યોજનાઓ નીચેના વિકાસલક્ષી જૂથોમાં આવે છે:*

1. *શિક્ષણ યોજનાઓ.*
2. *આર્થિક ઉત્કર્ષની યોજનાઓ.*
3. *સ્વાસ્થ્ય, આવાસ નિર્માણ યોજનાઓ.*
4. *અન્ય કલ્યાણ યોજનાઓ.*

- **શિક્ષણ યોજનાઓઃ રાજ્ય સરકાર દ્વારા હાલમાં નીચે મુજબની યોજનાઓ અનુસૂચિત જાતિ કલ્યાણના શૈક્ષણિક વિકાસ માટે અમલી થઈ રહેલ છે.**

1 *અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને પ્રિ.એસ.એસ.સી.શિષ્યવૃત્તિ. (પરિક્ષિતલાલ મજમુદાર શિષ્યવૃત્તિ)(બીસીકે-2/71)*

2 *આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થી ઓને સહાય (અપગ્રેડેશન) (બીસીકે-2બી)*

3 *ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ માટે અનુ. જાતિના વિદ્યાર્થીઓને આર્થિક સહાય (બીસીકે-3)*

4 *સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીઓનાબાળકોને પૂર્વ સ.એસ.સી.શિષ્યવૃત્તિ (મુનિ મેતરાજ શિષ્યવૃત્તિ)*

5 *અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકારની પોસ્ટ-SSC શિષ્યવૃત્તિ (ભગવાન બુધ્ધ શિષ્યવૃત્તિ)*

6 *અનુસૂચિત જાતિની ધોરણ 9માં અભ્યાસ કરતી કન્યાઓને મફત સાયકલ (સરસ્વતી સાધના યોજના)*

7 *અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની પોસ્ટ-SSC શિષ્યવૃત્તિ (બીસીકે-6.1)*

8 *ધોરણ 11 અને 12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થી ઓને ખાનગી ટ્યુશન સહાય*

9 ધોરણ 11 અને 12 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય

10 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફુડબિલ સહાય (બીસીકે-10)

11 અનુસૂચિત જાતિના M.phil & Ph.D. ના વિદ્યાર્થીઓને મહાનિબંધ માટે સહાય (બીસીકે-11)

12 મેડિકલ, એન્જીનિયરીગ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થી ઓને સાધન ખરીદવા સહાય

13 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આઈ.ટી.આઈ. તથા વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ (બીસીકે-13)

14 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પાઈલોટ તાલીમ માટે લોન સહાય

15 વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર લોન

16 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

17 અનુસૂચિતજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ(વંદનીય સંતશ્રી વાસીયાદાદા શિષ્યવૃત્તિ

18 સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન યોજના

19 પછાતવર્ગના છોકરાઓ માટેનાં છાત્રાલયોના મકાન બાંધકામ માટે સહાયક અનુદાન

20 પછાત વર્ગની કન્યાઓ માટેનાં છાત્રાલયોના મકાન બાંધકામ માટે સહાયક અનુદાન

21 સહાયક અનુદાન મેળવતા અને સરકારી છાત્રાલયોને વધારાનાં શિક્ષણ કેન્દ્રો

22 સરકારી કુમાર / કન્યાઓ માટેનાં સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ

23 કુમાર માટે સરકારી છાત્રાલયોના મકાનનું બાંધકામ

24 સરકારી મકાનો, છાત્રાલયો અને નિવાસી શાળાઓ વગેરેની સુધારણા અને આધુનિકીકરણ

25 કન્યાઓ માટે સરકારી છાત્રાલયોનું બાંધકામ

26 શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના

27 મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા યોજના

28 ધોરણ 10 અને 12 માં રાજ્યઅનેજિલ્લાકક્ષાએ ઉચ્ચક્રમ મેળવનાર અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને ખાસ પ્રોત્સાહક સહાય.

29 ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ, સંતશ્રી કબીર અનુસૂચિત જાતિ સાહિત્ય એવોડ

30 અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારશ્રીની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ

31 બીસીકે-આઈ.આઈ.એમ., સેપ્ટ, નીફ્ટ, સેપ્ટ, એન.એલ.યુ. પરીક્ષાની તૈયારી માટે તાલીમ સહાય

32 ટેલેન્ટ પુલ યોજના

33 ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી ઓને જ્ઈઈ-નઈઈ ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ ફી

34 અનુસૂચિત જાતિના ધો.12 વિદ્યાર્થી ઓને વિના મૂલ્યે ટેબ્લેટ
(સંદર્ભઃ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત સરકાર)
(https://sje.gujarat.gov.in/dscw/Educational)

## ❖ આર્થિક વિકાસ માટે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ

1 કુટીર ઉદ્યોગો અને સ્વરોજગારી માનવ ગરિમા યોજના માટે નાણાકીય સહાય.

2 ડૉ. પી. જી. સોલંકીએ વકીલોને નાણાકીય સહાય યોજના - સ્ટાઈપેન્ડ.

3 ડૉ. પી. જી. સોલંકી એમ.એસ. / એમ.ડી.ડૉકટર્સને સર્જિકલ નર્સિંગહોમ / દવાખાનું શરૂ કરવા નાણાકીય સહાય.

4 ડૉ. પી. જી. સોલંકી, કાયદા સ્નાતકોને લોન સહાય

5 અનુ.જાતિની મેડિકલ ડીગ્રી એમ.બી.બી.એસ, બી.એચ.એ.એમ.,બીએ.એમ.એસ, બી.ડી.એસ(ડેન્ટલ) તથા હોમિ અંગેની યોજના.

6 મહિલાઓ માટે સિવણ કેન્દ્રો.

7 તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો શરૂ કરવાં અને ચલાવવાં.

8 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પૂર્વપરીક્ષા તાલીમ કેન્દ્રો અને સંલગ્ન વ્યવસાય માટે સહાય.

9 અનુસૂચિત જાતિના યુવાનો/યુવતીઓને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ તાલીમની યોજના.

10 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર તાલીમ માટે નાણાકીય સહાય.

11 અનુસૂચિત જાતિના સ્નાતક લાયકાત ધરાવતા ઉમેદવારોને એરહોસ્ટેસ,ટ્રાવેલ અને હોસ્પિટાલિટી મેનેજમેન્ટ

12 આઈ.એ.એસ., આઈ.પી.એસ. અભ્યાસક્રમ સંલગ્ન સેવાઓ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માટેની શિષ્યવૃતિ સહાય

13 ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને અન્ય વ્યવસાયો હેઠળ તકનિકી અભ્યાસક્રમોના તાલીમાર્થીઓ માટે છાત્રવૃત્તિ

14 ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર

15 અનુસૂચિત જાતિ અતિપછાત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર

16 ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

17 શેરમૂડી સફાઈદાર કામદાર વિકાસ નિગમ

18 નાના ઉદ્યોગ સાહસિકોને ધંધા/વ્યવસાયનું સ્થળ ખરીદવા નાણાકીય લોન સામે વ્યાજ સહાય

19 *ખેતીની જમીન ખરીદવા માટે અનુસૂચિત જાતિના ખેડૂતોને નાણાકીય સહાય*

20 BCK HS *સંત શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજના* SCW 11

**સંદર્ભ:** *નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત સરકાર*
https://sje.gujarat.gov.in/dscw/Economic-Upliftment

❖ **આરોગ્ય આવાસ અને અન્ય યોજનાઓ:**

1 *કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના*

2 *ડાં.આંબેડકર ભવનોનો નિભાવ અને વિકાસ*

3 *આંબેડકર ભવનમાં બાંધકામમાં સુધારા વધારા*

4 *ગૃહ નિર્માણ માટે વ્યક્તિગત ધોરણે નાણાકીય સહાય (ડૉ. આંબેડકર આવાસ યોજના)*

5 *શહેરી વિસ્તારોમાં ગૃહ નિર્માણ માટે નાણાંકીય સહાય (ડૉ. આંબેડકર આવાસ યોજના)*

6 *વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, વણકર સાધુ, અનુસૂચિત જાતિ બાવા, તુરી-તુરીબારોટ, ગરો-ગરોડા,*

7 *ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપવા નાણાકીય સહાય.*

8 *અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઈના મામેરા માટે નાણાકીય સહાય.*

9 *માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહ લગ્ન યોજના*

10 *સમાજ શિક્ષણ શિબિર*

11 *નાગરિક એકમ / વહીવટ*

12 *નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ* 1955 *અને અત્યાચાર નિવારણ અધિનિયમ* 1989 *હેઠળ વીર મેઘમાયા ખાસ*

13 *અનુસૂચિત જાતિઓ માટે સંશોધન એકમ*

14 *સત્યવાદી રાજા હરિચંદ્ર મરણોત્તર સહાય યોજના(અંત્યેષ્ઠિ સહાય)*

15 *બીજરૂપ અંદાજપત્ર-સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના*

**(સંદર્ભ:નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત સરકાર )**
(https://sje.gujarat.gov.in/dscw/Health-housing-construction-and-other)

❖ **ગરીબી નાબૂદી કાર્યક્રમ:**

1 *પૂર્વ એસ. એસ. સી.ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિની યોજના (ગરીબી નિવારણ કાર્યક્રમ)*

2 *સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન યોજના (ગરીબી નિવારણ કાર્યક્રમ)*

3 *શહેરી વિસ્તારમાં નાના ઉદ્યોગ સાહસિકોને નાણાંકિય સહાય-દુકાન (ગરીબી નિવારણ કાર્યક્રમ)*

4 *કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના*
*(ગરીબી નિવારણ કાર્યક્રમ)*

5 *સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે નાણાંકીય સહાય*
*(ગુ.સ.કા.વિ.નિ.)*

**(સંદર્ભઃનિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત સરકાર)**
(https://sje.gujarat.gov.in/dscw/Poverty-Eradication-Program)

## 12.4 સારાંશઃ

*અનુસૂચિત જાતિઓનો સંપૂર્ણ રીતે વિકાસ થાય અને સમાજમાં તેઓ માનભર્યુ જીવન જીવી શકે, તે માટે સરકાર દ્વારા અને તેમના વિભાગો દ્વારા વખતો વખત નાણાકીય જોગવાઈઓ માનવવિકાસ આંક અને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય માનાંકો ને ધ્યાનમાં રાખીને કલ્યાણકારી,સુરક્ષાલક્ષી યોજનાઓ સરકાર અમલી કરતી હોય છે જેમાં સમાજમાં વિકાસ થી વંચિત રહી ગયેલા સમૂહો ને અન્ય વિકસિત જ્ઞાતિ સમૂહોની સમક્ષ વિકાસ થાય.*

## 12.5 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નોનાં દસ લીટીમાં જવાબ આપો.**

1. *અનુસૂચિત જાતિની બંધારણીય વ્યાખ્યા સમજાવો.*

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

2. *અનુસૂચિત જાતિ સમૂહોનો પરિચય આપતી નોંધ તૈયાર કરો.*

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

3. *અનામત નીતિ અને વિકાસ વિશે સવિસ્તાર સમજૂતી આપો.*

………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………
………………………………………………………………………………………

## 12.6 ચાવીરૂપ શબ્દો

1. **અનુસૂચિ** - *ભારતીય સંવિધાનનાં ભાગ*-19 *અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 23 *દર્શાવ્યા મુજબ, "અનુસૂચિ" એટલે આ સંવિધાનની અનુસૂચિ.*
2. **અનુસૂચિત જાતિ** - *ભારતીય સંવિધાનનાં ભાગ*-19 *અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 24*માં દર્શાવ્યા મુજબ "અનુસૂચિત જાતિઓ" એટલે સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ* 341 *હેઠળ અનુસૂચિત જાતિઓ તરીકે ગણાયેલી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓ અથવા એવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો કે તેમની અંદરના જૂથો.*

## 12.7 સંદર્ભ સૂચિ


1. घुर्ये जी. एस. (2018), *'भारत में जाति एवं प्रजाति'*, सेज पब्लिकेशन नई दिल्ली
2. *ભારતનું સંવિધાન* (2011), *ભારત સરકાર વિધિ અને ન્યાય મંત્રાલય (ચતુર્થ આવૃત્તિ) નવી દિલ્હી*
3. *અનુસૂચિત જાતિ જનસંખ્યા પ્રમાણ* - Census – 2011 https://sje.gujarat.gov.in/dscw/Scheduled-Caste-Population-2011?lang=Gujarati

4. https://sje.gujarat.gov.in/dscw/information/1620
5. *સંદર્ભ- સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ભારત સરકાર અહેવાલ-*
2021
6. https://socialjustice.gov.in/writereaddata/UploadFile/9454165
0352782.pdf

**એકમ - 13**

# અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે બંધારણીય જોગવાઈઓ

**:: રૂપરેખા ::**

**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે બંધારણીય જોગવાઈઓ**

**13.3 સારાંશ**

**13.4 તમારી પ્રગતિ ચકાસો**

**13.5 ચાવીરૂપ શબ્દો**

**13.6 સંદર્ભ સૂચિ**

**13.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 13.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *અનુસૂચિત જાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે બંધારણીય જોગવાઈઓ વિશે માહિતી મેળવી શકશો.*
- *અત્યાચારના કિસ્સાઓમાં રાજ્ય સરકારના વિવિધ ઠરાવ/નિયમો અંગેની માહિતી મેળવી શકશો.*

## 13.1 પ્રસ્તાવના

*બિનસાંપ્રદાયિક ભારતીય સમાજમાં અનેક વર્ગો, સમુદાયો, જૂથો પૈકી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ એક એવો સમુદાય છે કે જે સદીઓથી અનેક અત્યાચાર, દમન, પીડા, શોષણનો ભોગ બનતો જ આવ્યો છે. આધુનિક ભારતીય સમાજમાં બંધારણીય જોગવાઈઓને કારણે અનેક અત્યાચારોમાં ઘટાડો તો થયો જ છે પરંતુ નાબુદ થયો નથી. આથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓને અત્યાચાર સામે રક્ષણ મળી રહે તે માટે કાયદા, કાનૂન, અધિનિયમ, જોગવાઈઓ અમલમાં મુકાયેલ છે. જેની ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં કરેલ છે.*

## 13.2 અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે બંધારણીય જોગવાઈઓ

*ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર થતા અત્યાચારોના નિવારણ અર્થે કરવામાં આવેલ જોગવાઈઓ નીચે મુજબ છે:-*

### 13.2.1 અત્યાચારના કિસ્સાઓમાં રાજય બહાર વસતા વ્યક્તિઓ માટેની જોગવાઈ

*અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વ્યક્તિ ઉપર અત્યાચાર આચરનાર વ્યકિત ઉપર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,*1989 *હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે, તથા અત્યાચારનો ભોગ બનનાર વ્યકિતને સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.* 18/11/95 *ના ઠરાવની જોગવાઈ મુજબ નાણાંકીય સહાય આપવમાં આવે છે. અનુસૂચિત જાતિના લોકો અત્યાચારનો ભોગ બને તો, નાણાકીય સહાય આપવામાં આવતી નથી.*

### 13.2.2 અત્યાચારના કેસોમાં કન્વીકશન (Conviction) રેટ વધારવા માટે ખાનગી વકીલ રાખવાની છૂટ આપવાની જોગવાઈ.

*અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ* 1989, *હેઠળના કેસોમાં ફરિયાદી પક્ષે સરકારી વકીલ રાખવાની જોગવાઈ છે. પરંતુ સરકારી વકીલશ્રી પાસે કાર્યભારણ વધારે હોઈ, આવા બનાવોમાં કાર્યક્ષમતા દાખવી શકતા ન હાઈ, છેલ્લા વર્ષોના આંકડા જોતાં નાસાબિત કેસોની સરખામણીમાં સાબિત કેસોની ટકાવારી અન્ય રાજ્યોની સરખામણીમાં નહિવત રહેતી હોવાથી સાબિત કેસોની ટકાવારી ઊંચી આવે કન્વીક્શન* (Conviction) *રેટમાં વધારો થાય તે હેતુસર તેમજ અત્યાચાર ધારાનો અસરકારક અમલ થાય તે હેતુસર આવા બનાવોમાં ફરિયાદીને ખાનગી વકીલ રાખવાની છૂટ આપવા તેમજ તે અંગે થનાર વકીલાત ફી ની ચૂકવણી કરવાની યોજના અમલમાં મુકવાની સહાયની જોગવાઈ આપવામાં આવેલ છે.*

*ઠરાવનાં સંદર્ભમાં જોઈએ તો, અત્યાચારના કેસોમાં કન્વીક્શન* (Conviction) *રેટના વધારા માટે ખાનગી વકીલ રાખવાની પ્રસ્તુત નવી બાબતને નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી જોગવાઈ કરવામાં આવેલ છે.*

1. *ફરિયાદી પોતે ખાનગી વકીલ રાખવા ઈચ્છે તો તેને આ યોજનાનો લાભ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી મારફત મળી શકશે.*
2. *આ યોજનામાં ફરિયાદીશ્રીને ખરેખર ખાનગી વકીલને ચૂકવવાની થતી ફી તથા સરકારશ્રી તરફથી મળનાર સહાય, એ બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર રહેશે.*
3. *આ સહાય કેસના આરંભમાં* 50 *ટકા રકમ તથા બાકીની* 50 *ટકા રકમ ચૂકાદો આવ્યા પછી ચૂકવવાની રહેશે.*

4. આ યોજનામાં જે ખાનગી વકીલ રાખવામાં આવે તે ક્રિમીનલ લાઈનના કેસ લડવાના ઓછામાં ઓછા 10 વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ,
5. આ યોજનામાં અનુસૂચિત જાતિના હોય તેવા ખાનગી વકીલને પ્રથમ પસંદગી આપવાની રહેશે. આમછતાં, ફરિયાદી તેની પસંદગી પ્રમાણે ખાનગી વકીલ રોકી શકશે.
6. આ યોજનામાં ખૂનના બનાવ માટે ખાનગી વકીલ માટે વખતોવખત નાણાંકીય જોગવાઈ.
7. આ યોજનામાં બળાત્કારના બનાવ માટે ખાનગી વકીલ માટે વખતોવખત નાણાંકીય જોગવાઈ.
8. વર્ષ 2013-14ના બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
9. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે,
10. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ બાબત તરીકે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે વર્ષ-2013-2014 હેઠળ કરાયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

### 13.2.3 અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ, સાક્ષીઓને ચૂકવવામાં આવતા પ્રવાસ ભથ્થુ/નિર્વાહ ભથ્થામાં વધારો આપવાની જોગવાઈ.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અ.નિ) અધિનિયમ-1989 અનુસાર અત્યાચારનો ભોગ બનેલ વ્યકિતઓને તેના અથવા તેઓનો આશ્રિત અને સાક્ષીઓને પ્રવાસ ભથ્થું અને નિર્વાહ ભથ્થું આપવા અંગેની યોજના તા. 20/10/99ના ઠરાવથી અમલમાં હતી. આ સહાયમાં વધારો કરવા અંગે નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃર તા.29/10/2013 અન્વયેના પત્રથી વર્ષ 2014-15 ના અંદાજપત્રમાં રુ. 12.00 લાખની જોગવાઈ કરવા નવી બાબત રજૂ કરવામાં આવેલ છે.

### 13.2.4 અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વ્યક્તિઓ પર થતા અત્યાચાર સામે આપવામાં આવતી નાણાંકીય સહાય વિષયક જોગવાઈ.

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ તાઃ16/10/1982થી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વ્યક્તિઓ પર થતા અત્યાચાર સામે સહાય આપવાનો પદ્ધતિ નિયત કરી તે મુજબ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

*આ બાબતમાં અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,*1989 *ના પ્રકરણઃ૨ ની કલમ*-3.1*માં અત્યાચારની પરિભાષા " અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ" નક્કી કરવામાં આવી છે. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.*16/10/1982*ના ઠરાવમાં ઉલ્લેખ છે કે, આ નાણાકીય સહાય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વ્યક્તિઓ પોતાની જ જાતિ વચ્ચેના અંદરોઅંદરના અથડામણના બનાવોમાંથી નુકશાન થાય તો તેને મળવાપાત્ર થશે નહી. આ જોગવાઈમાં અંદરોઅંદરની અથડામણના કેસોનો અર્થ એવો છે કે, જે ગુનામાં બધા આરોપીઓ અનુસૂચિત જાતિ/જનજાતિઓના હોય અને ભોગ બનનાર પણ અનુસૂચિત જાતિ/જનજાતિના હોય તેવા કેસોમાં અંદરોઅંદરની અથડામણ ગણી સહાય ચુકવવાની રહેતી નથી.*

*અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,*1989*ના પ્રકરણઃ૨ કલમ*-3(1) *ની જોગવાઈ મુજબ " અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ" નો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, અનુસૂચિત જાતિ/જનજાતિઓ પરના અત્યાચારના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ હોય તો આવા કિસ્સાઓમાં આ બનાવો/ગુનાઓ અંદરોઅંદરની અથડામણ નહીં ગણતા તાઃ*18/11/1995 *ના ઠરાવથી નિયત થયેલ દરો મુજબ નાણાકીય સહાય આપવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે."*

### 13.2.5 અનુસૂચિત જાતિના/જનજાતિઓ પરના અત્યાચારો સામે અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવાની જોગવાઈ.

*અનુસૂચિત જાતિઓ/જનજાતિઓ સિવાયના વ્યક્તિઓ દ્વારા થતા અત્યાચારના કિસ્સામાં જુદા જુદા પ્રકારના ઠરાવથી જુદા જુદા દરે નાણાકીય સહાય આપવાની જોગવાઈ સરકાર દ્વારા કરવામાં આવે છે.*

*તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓ પરના અત્યાચારો અટકાવવાનો અધિનિયમ*-1989(1989*નો* 33*મો) ની કલમ*-23 *પેટા કલમ*-1 *ની સત્તા અન્વયે ભારત સરકારે તા.* 23-12-2011*ની અધિસૂચનાથી અત્યાચારો સામે અપાતી નાણાકીય સહાય દરોમાં વખતો વખત જોગવાઈ કરવામાં આવે છે. જેમાં સહાયના નવા દરો સને* 2012-2013 *ના વર્ષથી આ જોગવાઈ અન્વયે કેટલીક મહત્ત્વની શરતો તેમા ઉમેરવામાં આવે છે.*

### 13.2.6 અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજા જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989.

*અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો વિરૂધ્ધના અત્યાચારના ગુના થતા અટકાવવા માટે આવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે વિશેષ ન્યાયાલયે માટેની અને આવા ગુનાના ભોગ બનેલી વ્યકિતઓના રાહત અને પુનરૂત્થાન માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા માટેના અધિનિયમ જે બનાવવામાં આવ્યો છે તેને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,* 1989 *તરીકે ઓળખવામાં આવે છે.*

*જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના કોઈ પણ વ્યક્તિને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સિવાયના વ્યક્તિઓ દ્વારા સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાઓમાં દર્શાવેલ મુદ્દાઓ આધારિત બાબતોમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે. જેમાં અત્યાચાર નિવારણ સંબંધિત કચેરીઓની પણ વિવિધ ભૂમિકાઓ નક્કી કરવામાં આવી છે જેમાં વિશેષ ન્યાયાલયોની ભૂમિકા ખુબ મહત્ત્વની છે.*

*અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓનો અર્થ, સંવિધાનની કલમ* 366*ના ખંડ* (24) *અને ખંડ* (25) *હેઠળ અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે સમૂહો માટેનો અત્યાચાર નો ભોગ બનવું નહિ પડે તેના રક્ષણ માટે આ કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં આ સમૂહોને આ અધિનિયમ અન્વયે કરવામાં આવેલા અર્થઘટનો મુજબના અત્યાચારો થાય ત્યારે અત્યાચાર કરનાર વ્યક્તિને આ કાયદા હેઠળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,* 1973 *મુજબની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. અત્યાચારોના ગુનાઓ સંબધિત આ કાયદાની જોગવાઈ અન્વયે અત્યાચારના ગુનાઓ અંગેની બાબતો નીચે મુજબ છે,*

*અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત,—*

(1) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઈ અખાદ્ય અથવા ઘૃણાસ્પદ પદાર્થ પીવા અથવા ખાવા માટે જબરદસ્તી કરે;*

(2) *પાણીનાં મળ-મૂત્ર, બગડી ગયેલા પદાર્થ, પશુના મડદાં, અથવા અન્ય કોઈ ઘૃણાસ્પદ પદાર્થ તેની જગામાં કે પડોશમાં ગમે ત્યાં નાંખી દઈને, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને હાનિ, અપમાન કે ત્રાસ કરવાના આશયથી કૃત્ય કરે;*

(3) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની કોઈ વ્યકિતના શરીર પરનાં કપડાં બળપૂર્વક ઉતારે અથવા નગ્ન કરીને અથવા તેનો ચહેરો કે શરીર રંગીને પરેડ કરાવે અથવા તેના જેવું માનવગૌરવનું અપમાન થાય તેવું કોઈ કૃત્ય કરે;*

(4) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યની માલિકીની અથવા તેને ફાળવેલી અથવા એવા સભ્ય કોઈ યોગ્ય સત્તાધિકારીએ ફાળવવા માટે જાહેર કરેલી કોઈ જમીનનો ગેરકાયદે ભોગવટો કરે અથવા તેમાં ખેતી કરે અથવા તેને ફાળવેલી જમીન નામફેર કરાવી લે;

(5) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને તેની જમીન કે જગ્યાના કબજામાંથી ગેરકાયદે હટાવે અથવા કોઈ જમીન, જગ્યા અથવા પાણી બાબતે તેના હકોના ભોગવટામાં દખલગીરી કરે;

(6) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને, સરકારે નિશ્ચિત કરેલ જાહેર હેતુઓ માટેની કોઈ ફરજિયાત સેવા સિવાય, વેઠ અથવા તેવા પ્રકારની બીજી બળજબરી પૂર્વકની કે બંધનમુક્ત મજૂરી કરવાની ફરજ પાડે અથવા લલચાવે;

(7) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઈ અમુક ઉમેદવારને મત ન આપવા કે આપવા અથવા કાયદાથી જોગવાઈ કરેલી હોય તે સિવાયની બીજી રીતે મત આપવા દબાણ કરે અથવા ધાક ધમકી આપે;

(8) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્ય સામે ખોટો, દ્વેષપૂર્ણ અથવા ત્રાસદાયક દાવો અથવા ફોજદારી કે અન્ય કાનૂની કાર્યવાહી શરૂ કરે;

(9) કોઈ રાજ્ય સેવકને ખોટી અથવા તુચ્છ માહિતી આપે અને તે દ્વારા એવા રાજ્યસેવકને તેની કાયદેસરની સત્તાનો ઉપયોગ અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હાનિ અથવા ત્રાસ આપવા માટે કરાવે;

(10) લોકોની દષ્ટિમાં આવી જતા કોઈ સ્થળે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હલકા પાડવાના આશયથી ઈરાદા પૂર્વક અપમાનિત કરે અથવા ધાકધમકી આપે;

(11) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જાતિની કોઈ સ્ત્રીને અપમાનિત કરવા કે તેની આબરૂ લેવાના ઈરાદાથી તેણીના પર હુમલો કરે કે બળપ્રયોગ કરે;

(12) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિતજાતિની સ્ત્રીની ઈચ્છા ઉપર આધિપત્ય ધરાવવાની સ્થિતિમાં હોવાને કારણે તેવી સ્થિતિને અન્યથા તેણી સંમત થઈ ન હોત તેવી રીતે જાતિય શોષણ માટે ઉપયોગ કરે;

(13) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો સામાન્ય રીતે ઉપયોગ કરતા હોય તેવા ઝરાના, જળાશયના અથવા અન્ય કોઈ જલસ્થાનના પાણીને દૂષિત કરે અથવા મેલું કરે જેથી કરીને સામાન્ય રીતે તેઓ ઉપયોગ કરતા હોય તે હેતુ માટે પાણી ઓછુ લાયક બને;

(14) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યનો, જાહેર આશ્રય સ્થાનમાં આવવા જવાના કોઈ રૂઢિગત હકનો ઈકાર કરે અથવા જે જાહેર આશ્રય સ્થાનમાં જનતાના કે તેના કોઈ ભાગના અન્ય સભ્યોને તેનો

*ઉપયોગ કરવાનો કે આવવા-જવાનો હક હોય તે જાહેર આશ્રય સ્થાનનો ઉપયોગ કરવામાં કે આવવા જવામાં તેને અટકાવી શકાય તે માટે તેવા સભ્યને અડચણ કરે;*

(15) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને તેનું ઘર, ગામ અથવા તેવી બીજા નિવાસસ્થાનની જગ્યા છોડવા દબાણ કરે અથવા છોડાવે, તે વ્યક્તિને છ મહિના કરતાં ઓછી નહિ પણ પાંચ વર્ષ સુધીની મુદતની કેદની અને દંડની સજાને પાત્ર થશે.*

❖ **અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત -**

(1) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા તેથી આજીવન કાયદાથી મૃત્યુ દંડના હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને, ખોટો પુરાવો આપે અથવા ઊભા કરે તેને આજીવન કેદની અને દંડની સજા થશે; અને જો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ નિર્દોષ સભ્યને, એવા ખોટા અને ઊભા કરેલા પુરાવાને પરિણામે દોષિત ઠેરવવામાં આવે અને ફાંસી આપવામાં આવે તો, જે વ્યકિત એવો ખોટો પુરાવા આપે કે ઊભો કરે તેને મોતની સજા કરવામાં આવશે,*

(2) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને મૃત્યુદંડની સજાને પાત્ર ન હોય પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની સજાને પાત્ર હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને ખોટો પુરાવો આપે અથવા ઊભા કરે તેને છ મહિના કરતાં ઓછી નહિ તેટલી પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે;*

(3) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યની કોઈ મિલકતને નુકસાન કરવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી મિલકતને નુક્સાન થશે એમ જાણીને આગથી અથવા કોઈ સ્ફોટક પદાર્થથી બગાડ કરે તેને છ મહિના કરતાં ઓછી નહિ તેટલી પરનું સાત વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષા થશે;*

(4) *અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય, સામાન્યતઃ જે મકાનનો પ્રાર્થના પૂજાના સ્થળ તરીકે અથવા માનવ-રહેઠાણ માટેના સ્થળ તરીકે અથવા શિસ્તની જાવણી માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોય તેવા કોઈ મકાનનો નાશ કરવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી તે મકાનનો*

*નાશ થશે. એમ જાણીને આગ અથવા કોઈ સ્ફોટક પદાર્થથી ઉપદ્રવ કરે તેને આજીવન કેદની અને દંડની શિક્ષા થશે;*

(5) *કોઈ વ્યકિત અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય છે અથવા કોઈ મિલકત તેવી કોઈ સભ્યની માલિકોની છે એ કારણસર તેવી વ્યક્તિ કે મિલકત વિરૂધ્ધ, દશ વર્ષની મુદતની અથવા વધુ મુદતની કેદની સજાને પાત્ર ભારતના ફોજદારી અધિનિયમ હેઠળના કોઈ ગુના કરે તેન, આજીવન કેદની અને દંડની શિક્ષા થશે*

(6) *આ પ્રકરણ હેઠળ ગુનો કરવામાં આવ્યો છે એમ જાણતા હોવા છતાં અથવા એમ માનવાને કારણ હોવા છતાં કાનૂની શિક્ષામાંથી ગુનગારને બચાવવાના ઈરાદાથી તે ગુનો કર્યાનો પુરાવો નષ્ટ કરે અથવા તેવા ઈરાદાથી પોતે ખોટો હોવાનું જાણતો હોય અથવા માનતો હોય તેવી ગુના સંબંધી કોઈ માહિતી આપે તેને તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે.*

(7) *રાજય સેવક હોવા છતાં આ કલમ હેઠળ કોઈ ગુનો કરે તેને એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પરંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે.*

- ❖ *જે કોઈ વ્યક્તિ, અનુસૂચિત જાતિ થવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય, તે, આ અધિનિયમ હેઠળ પોતે બજાવવાની જરૂરી હોય તેવી પોતાની ફરજોમાં જાણીજોઈને ગફલત કરે તેને, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પરંતુ એક વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા થશે.*
- ❖ *જે કોઈ વ્યકિત, આ ગુના માટે અગાઉ દોષિત ઠરી હોય તે દ્વિતીય ગુના અથવા દ્વિતીય ગુના પછીના કોઈ ગુના માટે દોષિત ઠરે, તેને એક વર્ષ કરતાં ઓછી નહિ પરંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે.*
- ❖ *આ કાયદાની અન્ય જોગવાઈઓને આધીન રહીને, ભારતના ફોજદારી અધિનિયમની કલમ* 34 *પ્રકરણ* 3, *પ્ર.*-4, *પ્રકરણ*-5, *પ્રકરણ*-5*ક, કલમ* 149 *અને પ્રકરણ* 23*ની જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી ભારતના ફોજદારી અધિનિયમના હેતુઓ માટે તે લાગુ પડે છે તે રીતે, આ અધિનિયમના હેતુઓ માટે લાગુ પડશે.*

### ❖ અમુક વ્યક્તિઓની મિલકત સરકારે દાખલ કરવા બાબતની જોગવાઈ

(1) *કોઈ વ્યકિત, આ પ્રકરણ હેઠળ શિક્ષાનેપાત્ર કોઈ ગુના માટે દોષિત ઠરે ત્યારે, વિશેષ ન્યાયાલય, કોઈ શિક્ષાનો નિર્ણય કરવા ઉપરાંત, લેખિતમાં હુકમ કરીને એમ જાહેર કરી શકશે કે તે ગુનો કરવામાં ઉપયોગમાં લેવાઈ જાય તેવી તે વ્યકિતની જંગમ અથવા સ્થાવર અથવા બંને મિલકત સરકાર દાખલ થયેલી ગણાશે.*

(2) *કોઈ વ્યક્તિ, આ પ્રકરણ હેઠળના ગુના પૈકી કોઈ ગુના માટે આરોપી હોય ત્યારે, તેના ઈન્સાફ કરનાર વિશેષ ન્યાયાલય એવા હુકમ ફરમાવી શકશે કે તે વ્યક્તિની માલિકીની તમામ અથવા તે પૈકીની અમુક જંગમ કે સ્થાવર અથવા બંને મિલકત આવી ઈન્સાફી કાર્યવાહીની મુદત દરમિયાન, ટાંચમાં લેવી અને એવી ઈન્સાફી કાર્યવાહી દોષિત પૂરવાર કરવામાં પરિણમે ત્યારે, તેવી રીતે ટાંચમાં લીધેલી મિલકત, આ પ્રકરણ હેઠળ કરેલા કોઈ દંડની વસૂલાતના હેતુસારુ જરૂરી હોય તેટલે સુધી સરકાર દાખલ થવાને પાત્ર થશે.*

❖ **ગુનાઓ સંબંધી અનુમાનઃ**

**આ પ્રકરણ હેઠળના ગુના માટેની ફોજદારી કાર્યવાહીમાં, એમ પુરવાર થાય તો,**

*(ક) આરોપીને આ પ્રકરણ હેઠળના ગુના માટે જેના પર તહોમત હોય અથવા ગુના કર્યાની વાજબી આશંકા હોય તેવી વ્યક્તિને કોઈ નાણાંકીય મદદ કરી હતી તે વિશેષ ન્યાયાલયે વિરૂધ્ધનું પુરવાર થાય તે સિવાય, એવું અનુમાન કરવું જોઈશે કે એવી વ્યક્તિએ ગુના કરવામાં મદદ કરી હતી;*

*(ખ) આ પ્રકરણ હેઠળ વ્યક્તિઓના જુથે ગુનો કર્યો હતો અને એમ પુરવાર થાય કે કરવામાં આવેલો ગુનો જમીન અથવા અન્ય કોઈ બાબત સંબંધીની કોઈ ચાલુ તકરારના પારિણામિક હતો તો એમ માની લેવામાં આવશે કે સમાન ઈરાદો પાર પાડવા અથવા સમાન ધ્યેયને અમલમાં મૂક્યો માટે ગુનો કરવામાં આવ્યો હતો.*

❖ **સત્તા સોંપણી બાબતની જોગવાઈ**

1. *કોડમાં અથવા આ અધિનિયમની અન્ય કોઈ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, તેમ કરવાનું જરૂરી અથવા ઈષ્ટ ગણે છે તો..*
   *(ક) આ અધિનિયમ હેઠળના કોઈ ગુના નિવારવા અને પહોંચી વળવા માટે, અથવા*
   *(ખ) આ અધિનિયમ હેઠળના કોઈ કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે,*

*કોઈ જિલ્લામાં કે તેના ભાગમાં રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, રાજ્ય સરકારના કોઈ અધિકારીને એવા જિલ્લામાં કે તેના કોઈ ભાગમાં કોડ હેઠળ અથવા યથાપ્રસંગ એવા કેસ અથવા કેસના વર્ગ કે જૂથ માટેની પોલીસ અધિકાર વાપરી શકે તેવી સત્તા અને ખાસ કરીને, ધરપકડ, તપાસની અને વિશેષ ન્યાયાલય સમક્ષ વ્યક્તિઓ સામે કામ ચલાવવા માટેની સત્તા સોંપી શકશે.*

2. *પોલીસના તમામ અધિકારીઓએ અને સરકારના અન્ય તમામ અધિકારીઓએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ, યોજના કે હુકમની જોગવાઈઓના અમલ કરવામાં, પેટા-કલમ* (1)*માં ઉલ્લેખેલ અધિકારીને મદદ કરવી જોઈશે.*
3. *કોડની જોગવાઈઓ, શક્ય હોય ત્યાં સુધી, પેટા-કલમ* (1) *હેઠળ અધિકારીએ વાપરવાની સત્તા બાબતમાં લાગુ પડશે.*

❖ **હદપાર કરવા બાબતઃગુનો કરવાનો સંભવ હોય તે વ્યક્તિને દુર કરવા બાબતની જોગવાઈ;**

1. *ફરિયાદ અથવા પોલીસ રિપોર્ટ ઉપરથી, વિશેષ ન્યાયાલયને એમ ખાતરી થાય કે સંવિધાનની કલમ* 244*માં ઉલ્લેખિત અનુસૂચિત વિસ્તારો અથવા આદિજાતિ વિસ્તારોમાં સમાવિષ્ટ કોઈ વિસ્તારમાં કોઈ વ્યકિત ગુનો કરે એવો સંભવ છે ત્યારે, તે ન્યાયાલય હુકમ કરીને તે વ્યકિતને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારની હદ બહાર, તેવા માર્ગે અને તેવા સમયની અંદર જતા રહેવા માટે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બે વર્ષથી વધુ નહિ તેટલી મુદત સુધી, જે વિસ્તારમાંથી તેને દૂર જતા રહેવાનું ફરમાવ્યું હતું તે વિસ્તારમાં પાછા નહિ કરવા માટે ફરમાવી શકશે.*
2. *વિશેષ ન્યાયાલય, પેટા-કલમ* (1) *હેઠળના હુકમ સાથે, તે, પેટા કલમ હેઠળ ફરમાવેલ વ્યકિતને જે કારણસર સદર હુકમ  કરવામાં આવેલ હોય તેનાં કારણો જણાવશે.*
3. *વિશેષ ન્યાયાલય, એવા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર, જેની સામે એવો હુકમ  કરવામાં આવ્યો હોય તે વ્યકિતએ અથવા તેના વતી અન્ય કોઈ વ્યકિતએ રજૂઆત કર્યેથી કારણોની લેખિત નોંધ કરીને કરેલ હુકમ રદ કરી અથવા સુધારી શકશે.*

❖ **કોઈ વ્યક્તિ તેવા વિસ્તારમાંથી દુર ન થાય અને દુર કર્યા પછી ફરી દાખલ થાય ત્યારે;**

1. *જે વ્યકિતને, કોઈ વિસ્તારમાંથી દૂર થઈ જવા હેઠળ ફરમાન બહાર પાડ્યું હોય અને વિશેષ ન્યાયાલયની લેખિત પરવાનગી લીધી હોય  તે સિવાય,*

   *(ક)  ફરમાવ્યા પ્રમાણે પોતે દૂર ન થાય, અથવા*

   *(ખ)  પોતે તેવી રીતે દૂર થઈ પણ હુકમમાં જણાવેલ મુદતની અંદર તેવા વિસ્તારમાં દાખલ થાય, ત્યારે, વિશેષ ન્યાયાલય, તે વ્યકિતની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહારના સ્થળે ખસેડશે.*
2. *વિશેષ ન્યાયાલય, લેખિત હુકમ કરીને, જેના સંબંધમાં કલમ  હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિતને જે વિસ્તારમાંથી તેને દૂર જવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે વિસ્તારમાં આ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કામચલાઉ*

મુદત માટે અને તેવી શરતોને અધીન રહીને, પાછા ફરવાની પરવાનગી આપી શકશે અને મૂકેલી શરતોના ઉચિત પાલન માટે જામીન સહિત કે જામીન વિનાનું બોન્ડ કરી આપવા તેને ફરમાવી શકશે.

3. વિશેષ ન્યાયાલય કોઈપણ સમયે આવી પરવાનગી રદ કરી શકશે.
4. જે કોઈ વ્યકિત, જે વિસ્તારમાંથી તેને દૂર કરવા ફરમાવાયું હતું તે વિસ્તારમાં એવી પરવાનગીથી પાછી ફરે તે વ્યકિતએ, તેના ઉપર મૂકવામાં આવેલી શરતોનું પાલન કરવું પડશે અને જે કામચલાઉ મુદત માટે તેને પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી હતી તે કામચલાઉ મુદત પૂરી થયેથી અથવા આવી કામચલાઉ મુદત પૂરી થયા પહેલાં એવી પરવાનગી રદ થયેથી એવા વિસ્તારમાંથી પોતે દૂર થવું જોઈશે અને નવી પરવાનગી વિના, નિર્દિષ્ટ કરેલ, પૂરી નહિ થયેલી બાકીની મુદતની અંદર તે વિસ્તારમાં દાખલ થવું, જોઈશે નહિ.
5. જો કોઈ વ્યક્તિ, મૂકવામાં આવેલી કોઈ શરતોનું પાલન કરવામાં અથવા તદ્દનુસાર પાતે દૂર થવામાં ચૂક કરે અથવા તેવી રીતે પાતે દૂર થઈ હોવા છતાં નવી પરવાનગી વિના એવા વિસ્તારમાં દાખલ થાય અથવા પાછી ફરે તો વિશેષ ન્યાયાલય, તેની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહાર આવેલા સ્થળે તેને ખસેડાવશે.
6. **(1)** કલમ 10 હેઠળ જેની વિરૂધ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક વ્યકિતએ, આવશ્યક લાગે તો, પોલીસ અધિકારી મારફતે તેના માપ અને ફોટોગ્રાફ લેવાનું વિશેષ ન્યાયાલય ફરમાવે તે તેણે તેમ કરવા દેવું જોઈશે.

   **(2)** પેટા-કલમ (1)માં ઉલ્લેખેલી વ્યકિતને, પોતાનાં માપ કે ફોટોગ્રાફ લેવડાવવાની ફરજ પાડવામાં આવી હોય ત્યારે એવાં માપ કે ફોટોગ્રાફ લેવા દેવામાં પ્રતિકાર કરે અથવા ઈન્કાર કરે ત્યારે, તે લેવા માટે જરૂરી તમામ ઉપાયો યાજવામાં આવે તે કાયદેસર ગણાશે.

   **(3)** પેટા-કલમ (2) હેઠળ માપ કે ફોટોગ્રાફ લેવામાં પ્રતિકાર કે ઈન્કાર કરવો તે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ 186 હેઠળ ગુનો ગણાશે.

   **(4)** કલમ 10 હેઠળનો હુકમ ઉઠાવી લેવામાં આવે ત્યારે પેટા-કલમ (2) હેઠળ લેવામાં આવેલ તમામ માપ અને કોટોગ્રાફનો (નેગેટિવ સહિત) નાશ કરવા અથવા જેની વિરુધ્ધ એવો હુકમ કરવામાં આવ્યો. હોય તે વ્યકિતને તે આપી દેવા.
7. કલમ 10 હેઠળ વિશેષ ન્યાયાલયના હુકમનું ઉલ્લંઘન કરનાર કોઈ વ્યકિત, એક વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે,
8. નાગરિક હક રક્ષણ અધિનિયમ, 1955ની કલમ 10 કની જોગવાઈઓ, શક્ય હોય ત્યાં સુધી, સામૂહિક દંડ નાંખવા અને વસૂલ કરવાના હેતુ માટે અને આ અધિનિયમ હેઠળ સંકળાયેલી અન્ય તમામ બાબતો માટે લાગુ પડશે.

9. **(1)** *જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા બીજા કોઈ વહીવટી મેજિસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીને, માહિતી મળતાં અને પાતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી, એમ માનવાને કારણ હોય કે પોતાની હકૂમતમાંની સ્થાનિક હદોમાંના કોઈ સ્થળમાં રહેતી અથવા અવારનવાર મુલાકાત લેતી, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યકિત અથવા વ્યકિતઓનું જૂથ આ અધિનિયમ હેઠળના ગુના કરે એવો સંભવ છે અથવા તેણે કોઈ ગુના કરવાની ધમકી આપી છે અને પોતાનો એવો અભિપ્રાય હોય કે કાર્યવાહી કરવા માટે પૂરતાં કારણ છે, ત્યારે એવા વિસ્તારને અત્યાચારના વલણવાળા વિસ્તાર તરીકે તે જાહેર કરી શકશે અને શાંતિ રાખવા અને જાહેર વ્યવસ્થા તથા વાતાવરણની જળવણી માટે જરૂરી કાર્યવાહી કરી શકશે અને પ્રતિબંધક પગલા લઈ શકશે.*

**(2)** *રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, જે રીતે અત્યાચાર અટકાવવા માટે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યોમાં સલામતીની લાગણી પુનઃસ્થાપિત કરવા માટે, પેટા-કલમ* (1)*માં ઉલ્લેખેલ અધિકારીઓએ, એવી યોજના કે યોજનાઓમાં નિર્દિષ્ટ કરેલાં યોગ્ય પગલાં લેવા જોઈશે તે રીત નિર્દિષ્ટ કરતી એક અથવા વધુ યોજનાઓ કરી શકશે.*

10. *કોડની કલમ* 438*નો કોઈ મુજકુર, આ નિધિનયમ હેઠળ ગુના કર્મોના તહોમત ઉપરથી, કોઈ વ્યકિતની ધરપકડ માટેની સંડોવણી થતી હોય તેવા કોઈ કેસના સંબંધમાં લાગુ પડશે નહિ.*
11. *કોડની કલમ* 360*ની જોગવાઈઓ અને ગુનેગાર પ્રોબેશન અધિનિયમ,* 1958*ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળના ગુના કરવા બદલ દોષિત જણાયેલ, અઢાર વર્ષથી ઉપરની ઉંમરની કોઈ વ્યકિતને લાગુ પડશે નહિ.*
12. *આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં તેની સાથે અસંગત કોઈપણ મજકુર હોય અથવા એવા કોઈ કાયદાની રૂએ અમલમાં હોય તેવા કોઈ રિવાજ, પ્રથા અથવા કોઈ લેખ હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલી બનશે.*

❖ **અત્યાચારનો ભોગ બનેલ વ્યકિતઓ ન્યાય મેળવી શકે તે માટે કાનૂની સહાય સહિત પૂરતી સગવડો માટેની જોગવાઈ :-**

1. *ગુનાના અન્વેષણ અને ઈન્સાફી કાર્યવાહી દરમિયાન, અત્યાચારનો ભોગ બનેલી વ્યકિતઓ સહિત, સાક્ષીઓના મુસાફરી અને ખોરાકી ખર્ચ માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.*

2. *અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓના આર્થિક અને સામાજિક પુનરૂત્થાન માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.*
3. *જોગવાઈઓના ઉલ્લંઘન માટેની ફરિયાદી કાર્યવાહી ઉપર દેખરેખ શરૂ કરવા અને રાખવા માટે અધિકારીઓની નિમણૂક કરવામાં આવેલ છે.*
4. *એવા પગલાં લેવાની ગોઠવણ કરવામાં અને અમલ કરવામાં રાજ્ય સરકારને સહાય કરવા માટે તે સરકાર ને યોગ્ય લાગે તેવી યોગ્ય કક્ષાએ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.*
5. *જોગવાઈઓનો વધુ સારો અમલ કરવા માટેનાં પગલાં સૂચવવા માટે, આ અધિનયમની જોગવાઈઓની કાર્યરીતિની મુદતે-મુદતે મોજણી માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.*
6. *જ્યાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો અત્યાચારનો ભોગ બનવાનો સંભવ હોય કે વિસ્તારોની ઓળખ અને એવા સભ્યોની સલામતી નિશ્ચિત કરી શકાય તેવાં પગલાં લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે.*

## 13.3 સારાંશ

*સામાજિક, ધાર્મિક, શારીરિક અને જાતિગત રીતે અશુદ્ધ, નિમ્ન ગણાતા લોકોનું સમાજનાં ઉચ્ચ વર્ગનાં લોકો દ્વારા સતત શોષણ થતું આવ્યું છે. આ ઉપરાંત જાહેર જીવનના સંસાધનો અને સેવાઓનો ઉપયોગ કરવા અને જીવનના તમામ ક્ષેત્રોમાં તેમની સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે. તદ્દનુસાર, તેઓ વિવિધ પ્રકારના શોષણ, અપમાન અને હિંસા તેમજ અસ્પૃશ્યતાની અપમાનજનક પ્રથાઓનો સામનો કરે છે. ભારતીય સમાજમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં લોકો પ્રત્યે અલગાવ રાખવામાં આવ્યો છે તેમાય ખાસ કરીને અનુસૂચિત જાતિ અને જનજાતિઓની મહિલાઓ બેવડું શોષણ કરતી રહી છે. અનુસૂચિત જાતિ અને જનજાતિ સમુદાયના લોકો તેમજ મહિલાઓ જાતીય શોષણ સામે સંવેદનશીલ અને શક્તિહીન હતી. આથી અનુસૂચિત જાતિ અને આદિજાતિ સમુદાયો સાથે થતા અત્યાચારોનાં નિવારણ અર્થે અનેક કાયદાકીય જોગવાઈઓ અમલમાં મુકાયેલ છે.*

## 13.4 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નોના દસ લીટીમાં ઉત્તર આપો.**

1. *અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે બંધારણીય જોગવાઈઓ વિશે સવિસ્તાર સમજાવો.*

..............................................................................................

..............................................................................................

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

2. *અત્યાચારના કિસ્સાઓમાં રાજય બહાર વસતા  વ્યક્તિઓ માટેની યોજનાઓ જણાવો.*

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

3. *અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓને માટે સરકાર દ્વારા કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.*

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

5. *અનુસૂચિત જાતિના/જનજાતિઓ પરના અત્યાચારોનાં ભોગ બનેલ વ્યક્તિઓ માટેની સરકારની યોજનાઓ વિશે જાણાવો.*

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

6. *અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,* 1989 *વિશે મુદ્દાસર માહિતી લખો.*

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

**1. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વ્યક્તિ ઉપર અત્યાચાર આચરનાર વ્યકિત ઉપર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ______________ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.**

*(અ)* 1989 *(બ)* 1990 *(ક)* 1991 *(ડ)* 1992

**2. ______________ નો ભોગ બનેલ વ્યકિતઓને તેના અથવા તેઓનો આશ્રિત અને સાક્ષીઓને પ્રવાસ ભથ્થુ અને નિર્વાહ ભથ્થુ આપવા અંગેની યોજના તા. 20/10/99ના ઠરાવથી અમલમાં હતી.**

*(અ) બળાત્કાર (બ) જાતીય સતામણી (ક) અત્યાચાર (ડ) ઘરેલું હિંસા*

**3. ભારત સરકારે તા. 23-12-2011ની અધીસૂચનાથી અત્યાચારો સામે અપાતી ____________ સહાય દરોમાં વધારો કરવામાં આવેલ છે.**

*(અ) લોન* *(બ) કાઉન્સેલિંગ* *(ક) અ અને બ*
*(ડ) નાણાકીય*

**4. નાગરિક હક રક્ષણ અધિનિયમ, ____________ થી અમલમાં મુકાયો.**

*(અ)* 1954 *(બ)* 1955 *(ક)* 1956 *(ડ)* 1957

**5.** *કલમ ____________ હેઠળ જેની વિરૂધ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક* **વ્યકિતએ, આવશ્યક લાગે તો, પોલીસ અધિકારી મારફતે તેના માપ અને ફોટોગ્રાફ લેવાનું વિશેષ ન્યાયાલય ફરમાવે તે તેણે તેમ કરવા દેવું જોઈશે.**

*(અ)* 8 *(બ)* 9 *(ક)* 10 *(ડ)* 11

## 13.5 ચાવીરૂપ શબ્દો

1. **અનુસૂચિ** - *ભારતીય સંવિધાનનાં ભાગ*-19 *અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 23 *દર્શાવ્યા મુજબ, "અનુસૂચિ" એટલે આ સંવિધાનની અનુસૂચિ.*
2. **અનુસૂચિત જાતિ** - *ભારતીય સંવિધાનનાં ભાગ*-19 *અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 24*માં દર્શાવ્યા મુજબ "અનુસૂચિત જાતિઓ" એટલે સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ ૩૪૧ હેઠળ અનુસૂચિત જાતિઓ તરીકે ગણાયેલી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓ અથવા એવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો કે તેમની અંદરના જૂથો.*
3. **અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 :-** *અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો વિરૂધ્ધના અત્યાચારના ગુના થતા અટકાવવા માટે જોગવાઈ કરવા માટેનો અધિનિયમ.*

## 13.6 સંદર્ભ સુચિ


1. *'અત્યાચારના કિસ્સાઓમાં રાજય બહાર વસતા વ્યક્તિઓને લાભ આપવા બાબત', ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઠરાવ ક્રમાંક-પરચ*-102010-899872-*હ સચિવાલય, ગાંધીનગર*
2. *'અત્યાચારના કેસોમાં કન્વિક્શન* (Conviction) *રેટ વધારવા માટે ખાનગી વકીલ રાખવાની છૂટ આપવા બાબત', ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઠરાવ ક્રર્માંકઃ હસલ*/102012/*નબા.*1/744626/ *સચિવાલય, ગાંધીનગર. તારીખઃ* 16/05/2013.
3. *'અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ ,સાક્ષીઓને ચૂકવવામાં આવતા પ્રવાસ ભથ્થું /નિર્વાહ ભથ્થામાં વધારો કરવા બાબત', ગુજરાત સરકાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંકઃ હસલ*/102013/746680/*હ સચિવાલય, ગાંધીનગર, તારીખઃ* 31/7/2014

4. *ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, પરિપત્ર ક્રમાંકઃ પરચ*/102010/899872/*હ સચિવાલય, ગાંધીનગર :* 24/02/2014
5. *ગુજરાત સરકાર, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઠરાવ ક્રમાંકઃ હસલ*/102012/73631/*હ સચિવાલય, ગાંધીનગર તારીખઃ* 20 APR 2017
6. *ભારતનું રાજપત્ર, અસાધારણ* GAZETTE OF INDIA, EXTRAORDINARY 11*મી સપ્ટેમ્બર,* 1989 (*સન* 1993*ના ડિસેમ્બર મહિનાની* 31*મી તારીખે અમલ પ્રમાણે)*
7. https://legislative.gov.in/sites/default/files/GA1989-33.pdf

## 13.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

### (બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરોના જવાબો.

1. *(અ)* 1989
2. *(ક) અત્યાચાર*
3. *(ડ) નાણાકીય*
4. *(બ)* 1955
5. *(ક)* 10

# એકમ - 14

# અનુસૂચિત જનજાતિ માટે બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થા સંવિધાનની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ

:: રૂપરેખા ::

**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થા

**14.3** બંધારણની પાંચમી અનુસૂચિ

**14.4** બંધારણની છઠ્ઠી અનુસૂચિ

**14.5** સારાંશ

**14.6** તમારી પ્રગતિ ચકાસો

**14.7** ચાવીરૂપ શબ્દો

**14.8** સંદર્ભ સુચિ

**14.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 14.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ પ્રકરણના અભ્યાસ પછી તમે....*

- *બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થા વિશે સમજી શકશો.*
- *બંધારણની પાંચમી અનુસૂચિ વિશે જાણી શકશો.*
- *બંધારણની છઠ્ઠી અનુસૂચિ વિશે જાણી શકશો.*

## 14.1 પ્રસ્તાવના

*આદિવાસીઓનું પ્રાકૃતિક જીવન આદિવાસીઓની વસાહતો જમીન ઉપજાઉ હોય, પાણીની સુવિધા, બળતણના લાકડા, આબોહવા આરોગ્યપ્રદ હોય, ખાસ કરીને નદી, ડુંગરાળપ્રદેશ, જંગલ વિસ્તાર અને પ્રાકૃતિક રીતે આરોગ્યની સુવિધા મળી રહે એવા વિસ્તારમાં વસવાટ કરતાં હોય છે.*

*આદિવાસીઓનું જીવન નદી, ઝરણા, વ્રુક્ષો, વનઔષધિઓ, વન્યપ્રાણીઓ, જીવજંતુ, ડુંગરો, જીવન પ્રકૃતિ છે. પાલતું પશુ પંખી સાથે આધ્યાત્મિક વ્યવહાર, જીવન સંબંધો સાથે જોડાયેલું આદિવાસીઆનું પ્રાકૃતિક દેવસ્થાનો અને આધ્યાત્મિક જીવન પ્રણાલી ખુબજ આગવી હોય છે. આદિવાસીઓ કુદરત આધારિત જીવન રચના સાથે અનુબંધ સાધી જીવે છે.*

❖ **આદિવાસીઓની કબીલાઈ જીવન વ્યવસ્થા અને સામાજિક સંબંધઃ**

*આદિવાસીઓની કબીલાઈ સામુદાયિક વ્યવસ્થા એવી રીતની રચાયેલી હોય છે કે જે અલગ અલગ સમૂહોમાં જોવા મળે છે. કોકણી, ગામીત, ઢોડીયા, નાયકા, ચૌધરી, વસાવા, ભીલ, કાથોડી, કોલઘા, પઢાર,કોટવાળીયા જેવા 25 જેટલા અલગ-અલગ આદિવાસી સમૂહો વસવાટ કરે છે.આ વ્યવસ્થા અદિવાસિયતનું મહત્ત્વ ધરાવતી હોય છે. અદિવાસીઓની કબીલાઈ જીવન  વ્યવસ્થા તેમના પરમ્પરાગત સામાજિક સંબંધો સાથે પેઢી દર પેઢી જોડાયેલી હોય છે. વિવિધ જરૂરિયાતોની પુરતી માટે ગામમાં રહેતા લોકોએ એકબીજા ઉપર આધાર રાખવો પડે છે. એક જાતિસમૂહના અન્ય જાતિસમૂહ સાથેના જે સબંધો જોવા મળે છે એ સામાજિક- સાંસ્કૃતિક રીતે જોડાયેલા હોય છે.*

❖ **આદિવાસીઓની વસાહતમાં ઘરોની રચના અને કુદરત સાથેનો અનુબંધઃ**

*આદિવાસીઓનો ઘરોની રચનામાં જોઈએ તો કુદરતી આફતો સામે રક્ષણ મળી રહે એ પ્રમાણે નિશ્ચિત ભૌગોલિક પ્રદેશમાં વસવાટ થયેલોે કરતા જોવા મળે છે. કુદરતી આબોહવાની અસર મુજબ એમના ઘરોનું બાંધકામ હોય છે. ઘરોમાં માંટી, વાંસ, ટકાઉ લાકડું, ખોદકામ માટેના સાધનો, ઉઠવા-બેસવા માટે ઓટલીઓ, લીપવામાં છાણ-માટીનો ઉપયોગ, પોતાના પશુ- પક્ષીઓ રહેઠાણની પણ ચિંતા કરીને આદિવાસીઓ ઘરોની રચના પોતે પોતાના ખેતરમાં કામ કરતો હોય કે પોતાના વાડામાં કામ કરતો હોય પણ એ સહેલાઈથી અનુકુળતાથી કાળજી રાખી શકે એવા ઘરોની રચના એમના પરંપરગત વ્યવહારમાં ચાલી આવતા. રહેઠાણમાં રહે છે. સંયુક્ત કુટુંબ વાળા રહેઠાણમાં પોતાનાં પુત્ર કે પુત્રીને લગ્ન બાદ પોતાના જ નજીકના વિસ્તારમાં  પોતાના જીવન વ્યવહારને અનુકુળ રહે એ માટે ઘર બાંધી આપવામાં આવે છે. આ ઘરોના બાંધકામ માટે આખું ગામ એમાં  સહકાર આપી યુવાનો વડીલો ભેગા થઈ મદદ કરે  છે. નાણાકીય વ્યવહાર ઓછો હોવાને કારણે પોતાનું ઘર ઊભું કરવામાં આર્થિક  તંગી ભોગવતા કુટુંબોને મુશ્કેલી નડતી નથી. આ આદિવાસિયત અત્યારે ગુજરાતના અનુસૂચિત વિસ્તારોમાં ક્યાંક-ક્યાંક ટકેલી જોવા મળે છે.*

❖ **સાંસ્કૃતિક સંબંધો—જન્મ, મૃત્યુ, લગ્ન અને સગાઈ- સંબંધોઃ**

*આદિવાસીઓમાં સાંસ્કૃતિક સંબંધો જન્મ, લગ્ન, મૃત્યુ અને સગાઈ સંબંધો સાથે ગાઢ પણે જોડાયેલા જોવા મળે છે. પ્રત્યેક માનવસમાજ માં જન્મથી માંડી મૃત્યુ સુધી અનેક સંસ્કારો આવે છે. વ્યક્તિના જીવનના પ્રત્યેક તબક્કે આનંદ શોક થાય છે. ત્યારે સંસ્કૃતિ પ્રમાણે વિવિધ વિધિઓ કરવામાં આવે છે.આદિવાસીઓની આવી વિશિષ્ટ  વિધિઓ, રીત રિવાજો એક સમાજને બીજા સમાજથી જુદા પાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ વિવિધ સંસ્કારોની સાથે આદિવાસી માનવ જન્મ લે છે અને સાંસ્કૃતિક સંબંધો સાથે જીવે છે અને મૃત્યુ પામે છે.આવા વિભિન્ન સંસ્કારો સાથે આદિવાસી સંબંધો જોડાયેલા છે.*

❖ **આદિવાસીઓની ન્યાય પ્રણાલીઃ**

*સામુદાયિક જીવન વ્યવસ્થામાં બધા જાતિપંચો ભેગા મળીને સામાજિક, સાંસ્કૃતિક આર્થિક, ધાર્મિક, નિર્ણયો લેતા હોય છે. આદિવાસી ન્યાય પ્રણાલીમાં જાતિપંચોનો આગેવાનને પટેલ-મુખી અથવા કારભારી તરીકે ઓળખવમાં આવે છે. જે તે સમાજ વ્યવસ્થામાં પહેલા નિર્ણય લે એ પછી તે પરંપરાગતકાયદો બને છે. જયારે બિન આદિવાસી સમાજમાં પહેલા કાયદો બનેલો હોય તો એ પછી નિર્ણય લેવામાં આવે છે.*

❖ **આદિવાસી સમુદાયનું નદીઓ સાથે જોડાયેલું જીવનઃ**

*આદિવાસીઓના નદીઓ સાથેના સંબંધો માનવસમાજની શરૂઆતથી રહ્યા છે. આદિવાસીઓનું જીવન નિર્વાહ નદીઓ આધારિત જોવા મળે છે. નદી આદિવાસી જીવન રચનાની સ્ત્રોત છે. તેમનું મોટા ભાગનું જીવન નદી શાથે જોડાયેલું પાલતું પશુ ચરવા, પાણી પીવડાવવા સાથે નદીને પવિત્ર ગણી એમની પૂજા પણ કરે છે. આદિવાસી ઓના જીવનમાં ઉપયોગી પાણી નદી માંથી મેળવી જીવન ગુજારતા જોવા મળે છે. તેઓ નદીમાંથી મળતા માછલા અને ખાવા લાયક ચીજ વસ્તુ નદીમાંથી જરૂર હોય એટલી જ મેળવતા હોય છે. આમ નદી તેમના માટે એક પ્રાકૃતિક મહત્ત્વ ધરાવે છે.*

❖ **પર્વતો, અને જંગલ સાથે જોડાયેલું આદિવાસી સમુદાયનું જીવનઃ**

*આદિવાસીઓ મોટે ભાગે પર્વતીય ગિરિમાળા ક્ષેત્રોમાં વસવાટ કરતા જોવા મળે છે જેમકે ભારતમાં હિમાલયના પર્વતીય વિસ્તારથી લઈને ઉત્તર-પૂર્વના પહાડી વિસ્તારોમાં તેઓનો વસવાટ જોવા મળે છે તથા પશ્ચિમ ભારતમાં અરવલ્લી ગિરિમાળા,સાતપુડા ગિરિમાળા, વિન્ધ્યાચળ ગિરિમાળા અને સહ્યાદ્રી ગિરિમાળા જેવા વિસ્તારોમાં આદિવાસીઓના રહેઠાણ અને વસવાટ જોવા મળે છે. દક્ષિણ ભારતના પ્રદેશોમાં નીલગીરીના પર્વતીય પ્રદેશોમાં વસવાટ જોવા મળે છે. આદિવાસીઓ પર્વતીય પ્રદેશની આબોહવા પ્રમાણે તેઓનું સાંસ્કૃતિક જીવન જીવતા હોય છે.*

*આદિવાસીઓનું જંગલ સાથેનું આનુબંધ એ હજારો વર્ષોથી ચાલી આવતી જીવન પરંપરા છે.સાથે ખોરાક એકત્ર કરવો, વૃક્ષોમાં આધ્યાત્મિક દૈવી ખ્યાલની ભગત પરંપરા સાથે, આયુર્વેદિક ઉપચાર અને જડીબુટ્ટીઓ,વન્ય પેદાશો એકત્ર કરી, વન્ય સંપદા અને પશુ-પક્ષીઓ સાથેનુ સહજીવન એ હજારો વર્ષોથી વિકસેલી પરંપરા છે.*

## 14.2 બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થા

*ભારતીય સંવિધાનમાં વિશિષ્ઠ જીવનશૈલી અને કુદરતી તત્વોને આધીન સમાજવ્યવસ્થાવાળી આ સમાજસંરચનાને ટકાવી રાખવા માટે આદિવાસીઓને વિશિષ્ટ સ્થાન અને અલગ સ્વાયત્તા આપવમાં આવી. જેમાં ઈ.સ.1935ના ભારત સાસન અધિનિયમથી લઈને આઝાદ ભારતના સંવિધાનમાં પણ વિશેષ વ્યવસ્થા કરીને*

*આદિવાસીઓની આ કુદરતી જીવન વ્યવવસ્થા વાળી રચનાને બંધારણીય સ્વરૂપ આપવમાં આવ્યું આ બાબતને ધ્યાનમાં રાખી સંવિધાનની અનુસૂચિ - 5 અને સંવિધાનની અનુસૂચિ-6 ની જોગવાઈ કરવામાં આવી છે.*

*આપણે પેપર- 5 ના એકમ-4 માં ભણી ગયા છીએ પરંતુ અમુક મુદ્દાઓ અને બંધારણીય બાબતો બદલાતી ના હોવાથી ફરીથી આ એકમમાં અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. બ્રિટીશ ભારતમાં આદિવાસી વિસ્તારોમાં બાહ્ય લોકોના આક્રમણ સામે આદિવાસીઓએ હમેશા વિરોધ નોધાવી સસસ્ત્ર વિરોધ કરી અટકાવવાનો પ્રયત્ન કરવમાં આવ્યો હતો જેમાં આદિવાસીઓનું બલિદાન ખુબ રહ્યું અને એ પરિસ્થિતિ નિર્માણ થતા જ બ્રિટીશ સંશોધકો સર્વેયરોના સંશોધનના કારણે આદિવાસીઓની ગણતંત્રાત્મક વ્યવસ્થા જોઈ ઈ.સ.1874 માં શિડ્યુલ્ડ ડિસ્ટ્રીક્ટ એક્ટ બનાવવામાં આવ્યો. અને પાછળથી ઈ.સ.1935માં ભારત સાસન અધિનિયમ અમલી થયો. આ આધીનીયમમાં જે આદિવાસી વિસ્તારો માટે જોગવાઈ કરવામાં આવી તેમાં એક્સ્લુડેડ અને પાર્શીઅલી એક્સ્લુડેડ વિસ્તારો તરીકેની જોગવાઈ કરવામાં આવી. જે દ્વારા શાશન ક્ષેત્રથી સ્વાયત્ત વ્યવસ્થાનું આયોજન કરવમાં આવ્યું. આમ ઈ.સ.1935 માં ભારત સાસન અધિનિયમના ચેપ્ટર નંબર-5 ની કલમ 91 અને કલમ 92 માં આ વિસ્તારો માટેની બંધારણીય વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું (સંદર્ભ- ઈ.સ.1935 ના ભારત સાસન અધિનિયમના ચેપ્ટર નંબર-5 ની કલમ 91 અને કલમ 92).*

❖ **અનુચ્છેદ 342 પ્રમાણે અનુસૂચિત જનજાતિઓની ઓળખનો અર્થ નીચે મુજબ છે,**

*રાષ્ટ્રપતિ કોઈપણ રાજ્ય અથવા સંઘ શાસિત ક્ષેત્રોના સંબંધમાં અને જ્યાં એ રાજ્ય છે ત્યાંના રાજ્યપાલની સલાહથી લોકઅધિસૂચના દ્વારા તે જનજાતિઓ કે જનજાતિ સમુદાયો અથવા જનજાતિઓ કે જનજાતિસમુદાયોના ભાગો અથવા તેના જૂથોને નિર્દિષ્ટ કરી શકશે. જેને આ સંવિધાનના પ્રયોજન માટે યથાસ્થિતિ તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના સંબંધમાં અનુસૂચિત જનજાતિ ગણવામાં આવશે.*

❖ **અનુસૂચિત વિસ્તારોઃ**

*અનુસૂચિત વિસ્તારો એટલે ભારતના રાષ્ટ્રપતિ હુકમ કરીને જે અનુસૂચિત વિસ્તારો જાહેર કરે તે વિસ્તારો.આ અનુસૂચિત વિસ્તારોને રાષ્ટ્રપતિ કોઈ પણ સમયે હુકમ કરીને જાહેર કરી શકાશે કે સમગ્ર અનુસૂચિત વિસ્તાર અથવા તેનો કોઈ નિર્દિષ્ટ કરેલો ભાગ અનુસૂચિત વિસ્તાર અથવા એવા વિસ્તારનો ભાગ રહેશે નહિ. તથા રાજ્યના રાજ્યપાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી તે રાજ્યના કોઈ પણ અનુસૂચિત વિસ્તારનું ક્ષેત્ર વધારી શકશે. તેમાં સીમાઓ સરખી કરવા પુરતોજ ફેરફાર કરી શકશે. વધુમાં કોઈ રાજ્યની સીમાઓમાં ફેરફાર થતા અથવા કોઈ નવું રાજ્ય સંઘમાં દાખલ થતા*

કે તેની સ્થાપના થતા કોઈ રાજ્યમાં સમાવિષ્ટ ન હોય તેવા રાજ્યક્ષેત્રને અનુસૂચિત વિસ્તાર તરીકે અથવા તેના ભાગ તરીકે જાહેર કરીશકશે તેવી જોગવાઈ કરવમાં આવી છે.

## 14.3 બંધારણની પાંચમી અનુસૂચિ

ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિમાં કુલ 9 રાજ્યોને અનુસૂચિત ક્ષેત્રોવાળા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે. બંધારણની કલમ 244(1) મુજબ રાષ્ટ્રપતિને સત્તા આપવામાં આવી છે કે દરેક રાજ્યના ગવર્નરો સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્યોના અનુસૂચિત વિસ્તારો ઘોષિત કરી શકે છે. બંધારણની પાંચમી અનુસૂચિતમાં નવ રાજ્યોને સમાવવામાં આવ્યા છે,

(1) આંધ્રપ્રદેશ
(2) હિમાચલ પ્રદેશ
(3) ગુજરાત
(4) ઓરિસ્સા
(5) રાજસ્થાન
(6) મહારાષ્ટ્ર
(7) છત્તીસગઢ
(8) મધ્યપ્રદેશ
(9) ઝારખંડ

73મા બંધારણીય સુધારા અંતર્ગત દેશના સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં જે પરિવર્તન આવ્યું એ અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ અંદર્ગત જે કંઈપણ કાર્ય થઈ રહ્યું છે તેને તપાસવા માટે તથા નવી ભલામણો માટે મધ્યપ્રદેશના આદિવાસી નેતા ભૂતપૂર્વ સાંસદ દિલીપસિંહ ભૂરિયાની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકારે એક સમિતિની રચના કરી અને આ સમિતિએ આદિવાસી વિસ્તારો માટે કેન્દ્ર સરકારને કેટલીક ભલામણો કરી અને એ અંતર્ગત ભારતીય સંસદે ડિસેમ્બર 1996માં પંચાયતમાં જોગવાઈ

(અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) 1996 માં બંધારણીય કાયદો બનાવવામાં આવ્યો. અને દરેક રાજ્ય ને પોતાના આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ માટે એક વર્ષમાં જ કાયદો ઘડવાની સૂચના આપી.

ઈ.સ. 1996માં અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ અધિનિયમ 1996 ના કાયદા હેઠળ કેન્દ્ર સરકારની સૂચના અન્વયે ગુજરાત સરકારે ખરેખર ઈ.સ. 1997માં આવો કાયદો કરવાનો હતો. પરંતુ તેને બદલે ગુજરાતે આદિવાસી વિસ્તારો માટે જુલાઈ 1998 સુધીમાં એક કાયદો ઘડ્યો છે. તેમાં ગુજરાત પંચાયત સુધારા ધારો 1998 ગુજરાતના 12 જિલ્લાના 43 તાલુકામાં આ કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. ભારતના બંધારણની જોગવાઈ અનુસાર ગુજરાતના આ આદિવાસી વિસ્તારો અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર

કરાયેલા છે. ગુજરાતમાં 1991ની વસ્તી ગણતરી પ્રમાણે આદિવાસીઓની સંખ્યા 95 લાખ હતી જે કુલ વસ્તીના 15% થાય છે.ગુજરાત પંચાયત વ્યવસ્થામાં સરકાર પોતાના અધિકારો સુપ્રત કરી દે અને યોગ્ય સત્તાધિકારી જાહેર કરે એટલે સરકારનું કામ પુરું થાય. પરંતુ પંચાયતને આપેલ અધિકાર ભોગવવા પંચાયત અવારનવાર મળી શકે નહિ. અધિકારી માટે વહીવટી જવાબદારી ઉપરાંત કાયદા અને નિયમોથી જે જવાબદારીઓ આવે તે પંચાયતીરાજમાં એટલી બધી થાય છે કે તેણે બોજો હળવો કરવા પણ અધિકારો બીજાને સોપવા પડે. અને ઠરાવમાં કચાસ રાખે તો ન સોંપેલાં કાર્યો અને સત્તાઓ કલમ-145 તથા 123(14) અને 92(11) મુજબ પંચાયતે પોતે જ કરવાં પડે. શિડ્યુલ એરિયામાં પંચાયત ધારો આવા સામાન્ય કાયદાથી આગળ જાય છે. અને ધારામાં સ્પષ્ટ રીતે કલમ 271ની જોગવાઈથી પ્રાપ્ત થયેલ અધિકારો બીજાને આપી શકે તેવી સરળતા કાયદાથી કરી છે. એટલે કે રીડેલીગેશન કાયદેસર બનાવ્યું.

❖ **PESA ACT 1996 ;**

ગુજરાત સરકાર દ્વારા PESA ACT-1996 નું અમલી કરણ તારીખ 13મી જુલાઈ 1998 ના ગુજરાતના રાજપત્રમાં આદિવાસી વિસ્તારો માટે આ અનુસૂચિની જોગવાઈઓને આધીન જાહેર કરવામાં આવ્યું જેમાં વિવિધ અધિકારો ગ્રામસભાને આપવામાં આવ્યા.જેમાં મુખ્ય જોગવાઈઓ જોઈએ તો,

(1) ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો,તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીત સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવાની જોગવાઈ છે.

(2) ગ્રામસભાએ સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ,કાર્યક્રમો,અને પરિયોજનાઓ ગ્રામ અમલ કરે તે પહેલા એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ અમલમાં કરવી જોઈશે. વધુમાં અનુસૂચિત વિસ્તારમાંના સ્થાનિક વિસ્તારમાંના સંબંધમાં ભલામણ કરતી વખતે એવી ખાતરી કરવી જોઈશે કે તે સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓનો સમૂહ અથવા નાના ગામ અથવા નાના ગામોનો સમૂહોનો બનેલો છે. અને પ્રણાલીઓ અને રીવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે છે. તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો ગ્રામ, તાલુકા તથા જીલ્લા પંચાયતની બેઠકોની સંખ્યા અડધા કરતા ઓછી થવી જોઈએ નહિ. ગ્રામ,તાલુકા તથા જીલ્લા પંચાયતની બેઠકોમાં આદિજાતિ વિસ્તારોમાં સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખ અને જીલ્લા પંચાયત પ્રમુખના હોદાઓ આદિજાતિના સભ્ય માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. તથા વહીવટી બાબતોના નિર્ણયમાં ગ્રામસભાની શક્તિઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## ❖ PESA ACT માર્ગદર્શિકા 2017

*ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો,* 2017 *બનાવવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના આદિવાસી બહુલ ક્ષેત્રો કે જે અનુસૂચિત વિસ્તારો તરીકે ઓળખવમાં આવે છે જે ભારતીય બંધારણના અનુચ્છેદ* 244(1) *માં જાહેર કરાયેલ ક્ષેત્ર કે જે ગુજરાતના પંદર જીલ્લાઓ અને તેના તાલુકાઓ આવરી લે છે ગુજરાત સરકાર દ્વારા પેસા કાયદાની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને આદિવાસી ક્ષેત્રોમાં વહીવટી વ્યવસ્થા સારી રીતે ચાલે અને આદિવાસીઓના સામાજિક સાંસ્કૃતિક જીવનને અનુરૂપ વ્યવસ્થા બની તે માટે સરકાર દ્વારા ગયા વર્ષોમાં વર્ષ* 2017*ની આદિવાસી વિસ્તારોની ત્રિ- સ્તરીય પંચાયતો માટે પ્રસાસનની વ્યવસ્થાઓ અમલી થયેલ છે. તે જાહેરનામાંની મુખ્ય બાબતોનો અભ્યાસ કરીએ.*

(1) *આ નિયમો ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડ્યા બાબત) નિયમો,* 2017 *કહેવાય છે.*

(2) *તે આ અધિનિયમ અમલમાં હોય તેવા રાજ્યમાંના તમામ અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે.*

(3) *તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.*

(4) *આ અધિનિયમોમાં સરકાર દ્વારા જિલ્લા વિકાસ અધિકારી, મામલતદારને સત્તાધારી અધિકારીઓ જાહેર કરેલ છે.*

*ઉપરોક્ત પંચાયતી રાજની વ્યવસ્થામાં ગુજરાત પંચાયત અધિનિયમ,* 1993*માં જે વહીવટી વ્યવસ્થા કરવામાં આવેલ છે તેજોગવાઈઓ આધારિત રાજ્યના આ આદિવાસી બહુલ ક્ષેત્રોના અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભાને પણ કેટલીક સત્તાઓ આપવામાં આવેલ છે.*

## ❖ ગ્રામસભાની રચના અને તેના કાર્યોના મુખ્ય મુદ્દાઓ જોઈએ કે જે આ અધિનિયમમાં જોગવાઈ કરવામાં આવેલ છે :-

- *ગ્રામસભાની રચના ગામ સ્તરે પંચાયત માટેની મતદાર યાદીમાં જેમના નામોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તમામ લોકો, તે ગામની ગ્રામસભાના સભ્યો રહેશે.*
- *પંચાયત, ગ્રામસભાની કારોબારી સમિતિ હોવા બાબત*
- *પંચાયતમાં એકથી વધુ ગામ સભા હોય તેવી પરિસ્થિતિમાં, પંચાયતના સેક્રેટરી, તમામ ગ્રામસભાના સેક્રેટરી ગણાશે અને તેઓ અધિનિયમ અને તે હેઠળના નિયમો પ્રમાણે બેઠકો બોલાવવા માટે જવાબદાર રહેશે.*

- *પંચાયતની કચેરી એ ગ્રામસભાની કચેરી ગણાશે. પંચાયતમાં એકથી વધુ ગ્રામસભા હોય, તો દરેક ગ્રામસભાને તેની પોતાની કચેરી જાહેર મકાનો, સાર્વજનિક સભાખંડ, શાળા અથવા જાહેર જનતા જ્યાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકે તેવા કોઈ સ્થળે રહેશે અને આવું કોઈ સ્થળ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં, સામાન્ય વ્યક્તિના મકાન (ઘર)માં રહેશે. પરંતુ આવી કચેરી માટે કોઈપણ સ્વરૂપમાં કોઈ ભાડું ચૂકવવું જોઈશે નહિ.*
- *પંચાયતના સેક્રેટરી, રેકર્ડની સુરક્ષિત કસ્ટડી માટે જવાબદાર રહેશે, જે (રેકર્ડ) પંચાયતની કચેરી ખાતે રાખી શકાશે.*

### ❖ ગ્રામસભાના કાર્યો.

*અધિનિયમની કલમ 94માં નિર્દિષ્ટ કરેલી ફરજો અને કાર્યો ઉપરાંત, ગ્રામસભા, સરકાર દ્વારા અપાયેલા આદેશો, હોય તો, તેને અધીન રહીને, નીચેના કાર્યો કરશેઃ*

(1) *અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળની પંચાયતની સત્તા અને તેના કાર્યોના સંબંધમાં અને ખાસ કરીને અધિનિયમની અનુસૂચિ-1માં નિર્દિષ્ટ કરેલી બાબતોના સંબંધમાં પંચાયત અને તાલુકા અથવા જિલ્લા પંચાયતના સત્તાધિકારીઓ અને સરકાર સાથે ચર્ચા કરવી અને તેમને ભલામણો કરવી;*

(2) *પંચાયત દ્વારા અંદાજપત્ર પ્રસાર કરવામાં આવે તે પહેલા, અંદાજપત્રમાં, યોગ્ય જણાય તેવા કોઈ સુધારાની વિચારણા કરવી અને તે અંગે ભલામણો કરવી;*

(3) *જરૂરી હોય, તો ચાલુ વર્ષના અંદાજપત્રમાં પુનર્વિનિયોગ સૂચવવો;*

(4) *લોકકલ્યાણ અર્થે મહત્તમ લાભો મેળવવા માટે, પંચાયતના અંદાજપત્રમાંથી તેમજ સરકારી વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા અથવા જિલ્લા પંચાયતના પોતાના ફંડો વગેરે જેવા બીજા વિવિધ પ્રકારના સ્ત્રોતોમાંથી, આગામી વર્ષ માટેના વિકાસ કાર્યો અને યોજનાઓની વિચારણા કરવી, તે અંગે સૂચન કરવા અને તે મંજૂર કરવા;*

(5) *કાર્યો અને યોજનાઓ અને તેના સ્થળોનો અગ્રતાક્રમ નક્કી કરવો;*

(6) *પંચાયત અથવા સ્થાનિક અધિકારીઓએ નક્કી કરેલી વ્યક્તિઓમાંથી, અગ્રતાક્રમ પ્રમાણે, વિવિધ ગરીબી નિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓ નક્કી કરવા;*

(7) *ગૌણ ખનિજોના ઉત્ખનનની પરવાનગી માટેના સ્થળો અંગે વિચારણા કરવી અને તે અંગે અભિપ્રાય આપવો;*

(8) *ગામમાં મોટી પરિયોજનાઓના કિસ્સામાં, પુનઃસ્થાપન અંગેની સમસ્યાઓ અને કાર્યક્રમો વિચારણા કરવી અને ભલામણ કરવી;*

(9) લોકો દ્વારા અનુભવ કરાતી મુશ્કેલીઓના સંબંધમાં વિચારણા કરવી અને તે અંગે ભલામણ કરવી;

(10) જાહેર જનતાને વિવિધ સામૂહિક અને લાભાર્થીલક્ષી યોજનાઓ અંગે માહિતગાર કરવી;

(11) પંચાયતના સેક્રેટરી, ગ્રામસેવક, શાળાઓના આચાર્ય, આરોગ્ય કાર્યકરો, વાજબી ભાવની દુકાન ચલાવનાર, સહકારી મંડળીના સેક્રેટરી, આંગણવાડી અથવા બાલવાડી કાર્યકર, સિંચાઈ, જાહેર બાંધકામો અને વિદ્યુત કંપનીઓના કર્મચારી જેવા ગ્રામ સ્તરના વિવિધ કર્મચારીઓના કાર્યની સમીક્ષા કરવી.

(12) આગ, પૂર, ધરતીકંપ વગેરે જેવી કોઈ કુદરતી આફતના સંબંધમાં આપત્તિ ઉપશમન યોજનાની દર વર્ષે સમીક્ષા કરવી અને તેમાં સુધારા કરવા અને આવી આફતની અસર ઓછી કરવા માટે અને તેનાથી અસર પામેલ વ્યકિતઓને તાત્કાલિક રાહત આપવા માટે અગાઉથી તમામ રક્ષણાત્મક પગલાં લેવા.

(13) પ્રતિકૂળ સંજોગોમાં લોકોને સહાય કરવા માટે, જાન-માલ, આરોગ્ય અને પાક વીમા યોજનાઓ વિશે પ્રચાર કરવો અને તે અંગે લોકોને સલાહ આપવી;

(14) સમાજલક્ષી ઓડિટ માટે નીચેની બાબતોના સંબંધમાં પંચાયત પાસેથી અહેવાલ મેળવવા અને તેની સમીક્ષા કરવી અને તે અંગે ભલામણો કરવી:

1. મંજૂર થયેલા, ચાલુ બાંધકામ અને યોજનાઓ અને મળેલા અને ખર્ચેલા ફંડ,
2. ગરીબી નિવારણ યોજનાઓ જેવી કે

(ક) વાજબી ભાવની દુકાનથી રાહત દરે અનાજ વગેરેનું જાહેર વિતરણ;
(ખ) મધ્યાહન ભોજન;
(ગ) અંત્યોદય યોજના;
(ઘ) વૃદ્ધાવસ્થા પેન્શન યોજના
(ચ) સંકલિત બાળ વિકાસ યોજના;
(છ) સગર્ભાવસ્થા લાભ યોજના;
(જ) મફત કાનૂની સહાય યોજના
(ઝ) નબળા વર્ગો માટે પ્લોટની ફાળવણી અને ગૃહનિર્માણ

3. અછત, પૂર અને ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન ચાલુ કરેલ રાહત યોજનાઓ;
4. ગરીબી નિવારણ માટે ગ્રામવિકાસ વિભાગની વિવિધ યોજનાઓ;
5. સમાજના નબળા વર્ગોના લાભ માટેની વિવિધ વિભાગોની બીજી યોજનાઓ જેવી કે વિધવા પેન્શન, શાળાના ગણવેશ, પુસ્તકો અને રોકડ શિષ્યવૃત્તિ વગેરે;

6. *સ્માર્ટ ગામ* (Smart Village), *પ્રાથમિક શાળા, નાગરિક પુરવઠા (વાજબી ભાવની દુકાન), સામાજિક ન્યાય, પાણી અને સફાઈ, મધ્યાહન ભોજન વગેરે જેવા વિવિધ કાર્યક્રમોનો અમલ કરતી સમિતિઓની કામગીરી અને પ્રગતિ.*

(15) *કૂવા, તળાવ, ઝરણા જેવા નાના જળાશયોનું આયોજન અને વ્યવસ્થાપન કરવું અને ચેક ડેમ (આડ બંધ) અને વોટરશેડ અને જળ સંરક્ષણની યોજનાઓ જેવી વિવિધ પદ્ધતિઓથી જળસ્ત્રોતો સમૃદ્ધ કરવા માટેનાં તમામ પલાં લેવાં;*

(16) *તમામ સામાજિક ક્ષેત્રોમાંની સ્થાનિક સંસ્થાઓ અને તેમાંના કર્મચારીઓની દેખરેખ રાખવી.*

(17) *સમાજના તમામ વર્ગોમાં એકતા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવું;*

(18) *સામુદાયિક કલ્યાણ કાર્યક્રમો અને જાહેર કામો માટે રોકડ, વસ્તુ અથવા શ્રમ સ્વરૂપે સ્વૈચ્છિક યોગદાન આપવાને લગતી કામગીરી સક્રિય કરવી;*

(19) *પંચાયત, સહકારી મંડળીઓના વેરા, ફી અને મહેસૂલી લેણાંની વસૂલાતના કેસોની સમીક્ષા કરવી અને બેઠકમાં કસૂરદારોના નામ જાહેર કરવા;*

(20) *કાયદા અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવી અને જરૂરી જણાય, તો ગ્રામ્ય સ્વયંસેવક દળ અથવા ગૃહરક્ષક દળ ઊભું કરવા માટે પગલાં લેવાં;*

(21) *જરૂરી જણાય, તો ખોરાક, ઘાસચારો, પીવાના પાણી, રોકડ નિભાવ-સહાય, રાહત કાર્યો વગેરેને લગતાં રાહતના પગલાંઓની સમીક્ષા કરવી;*

(22) *સરકારી અથવા પંચાયતની જમીન (ગામતળ - ગોચર) વગેરે પરના દબાણ અને અનધિકૃત બાંધકામની સ્થિતિની સમીક્ષા કરવી અને નિર્ધારીત સમયના સામુદાયિક પ્રયત્નોના કાર્યક્રમોથી અથવા કાયદાકીય પગલાં દ્વારા તેને દૂર કરવા અને નિયંત્રિત કરવાનાં પગલાં લેવાં;*

(23) *કુદરતી સાધનસંપત્તિ અને પર્યાવરણની જાળવણી કરવી, તેનું સંરક્ષણ કરવું અને તેનો વિકાસ કરવો;*

(24) *ગામના રહેવાસીઓના કલ્યાણને પ્રોત્સાહન આપે તેવા બીજા કોઈ કાર્યો કરવા;*

(25) *જે કાયદાની જોગવાઈઓ, રૂઢિગત કાયદા, સામાજિક અને ધાર્મિક પ્રથા, પરંપરાગત વ્યવસ્થા (વહીવટ), પ્રથા અથવા સામુદાયિક (સાર્વજનિક) સાધનસંપત્તિ સાથે અસંગત હોય તેવા કાયદામાં સુધારા સૂચિત કરવા અને આદિજાતિ સંસ્કૃતિને જાળવવી અને નિભાવવી;*

(26) *સરકાર અથવા તાલુકા અથવા જિલ્લા પંચાયત દ્વારા સોંપવામાં આવે તેવું બીજું કોઈ કાર્ય.*

- *શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ લાવવાની કામગીરી*
- *પરસ્પર સંમતિથી (મૈત્રીભાવથી) વિવાદોનું નિવારણ લાવવું.*
- *શાંતિ અને સલામતી દળ (સંગઠન)*

- *ગુજરાત પંચાયતની જોગવાઈઓ અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ગ્રામસભાએ કરવાની લાભાર્થીઓની ઓળખ કરવાની રહેશે.*
- *ખર્ચનું પ્રમાણપત્ર પંચાયતે પોતે હાથ ધરેલા કાર્યો માટે, ગ્રામસભા પાસેથી તમામ ફંડના ઉપયોગ અંગેનું પ્રમાણીકરણ મેળવવું જોઈશે.*
- *સામાજિક ક્ષેત્રની સમીક્ષા*
- *સાધનસંપત્તિનો સરકારના નિયમો મુજબનો પરંપરાગત ઉપયોગ*
- *જમીનનું ધોવાણ થતું અટકાવવાની દેખરેખ*
- *જમીન વ્યવસ્થાપન*
- *જમીન સંપાદન કરતાં પહેલાં પરામર્શન કરવું જરૂરી*
- *સિંચાઈનું વ્યવસ્થાપન*
- *નાના જળાશયોનું વ્યવસ્થાપન*
- *અન્ય સામુદાયિક અસ્કયામતોનું વ્યવસ્થાપન*
- *બીજ અને અનાજ ભંડાર (કોઠાર)*
- *ગ્રામસભા શ્રમ દળ માટે આયોજન કરવા બાબત*
- *ગામ બહાર લઈ જવાયેલા કામદારો રોજિંદા કામો માટે કામદારોને ગામ બહાર લઈ જતી તમામ વ્યક્તિઓ માટે, ગ્રામસભાને કાર્યનું સ્વરૂપ અને તેની શરતો નિર્દિષ્ટ કરતી લેખિત અથવા મૌખિક સમજૂતી અંગેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનું અને ગ્રામસભાને જાણ કરવાનું ફરજિયાત રહેશે.*
- *ગ્રામ હાટ ઉપર નિયંત્રણ અને હાટનું વ્યવસ્થાપન*
- *અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોના ખોદકામ અને તેના ઉપયોગ માટે ગ્રામસભા પૂર્વ ભલામણ જરૂરી રહેશે*
- *ગૌણ ખનીજ માટે ખાણ- પટ્ટા માટે* (1) *વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો,* 2010 *અનુસાર, સક્ષમ સત્તાધિકારી, ગ્રામસભાની પૂર્વભલામણો લીધા પછી, અનુસૂચિત વિસ્તાર હેઠળ આવેલા ગૌણ ખનિજ માટે ખાણ-પટો આપી શકે છે.*
- *અનુસૂચિત વિસ્તારોમાં, ખાણકામ, ફક્ત અનુસૂચિત જાતિના લોકોને અને તે વિસ્તારમાં રહેતા સ્થાનિક વ્યક્તિઓને જ ફાળવવો જોઈશે.*
- *વ્યસનમુક્તિ સંબંધિત પગલાં.*
- *અંધશ્રદ્ધા અને જાદુ વિષયક બાબતો ઉપર ગ્રામસભાની જાહેર બેઠકમાં વિચાર વિમર્શ કરવો જોઈશે.*
- *પંચાયત સેક્રેટરીએ, સંબંધિત સદર હેઠળ પંચાયત હિસાબોના ભાગ તરીકે ગ્રામસભાના આવક અને ખર્ચના હિસાબની જાળવણી કરવી જોઈશે*
- *પંચાયત અને ગ્રામસભાનો તમામ રેકર્ડ તમામ સભ્યોને જોવા માટે ખુલ્લો રહેશે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજય સરકારે મુકરર કરેલા સત્તાધિકારીને નિરીક્ષણ, ચકાસણી માટે તે (રેકર્ડ) ઉપલબ્ધ કરાવવા જોઈશે.*

- *ચાર મહિનાથી વધારે નહિ તેટલા મધ્યવર્તી સમયગાળામાં ગ્રામસભાની સાધારણ બેઠકો દરેક ત્રિમાસમાં ઓછામાં ઓછી એક વખત યોજવી જોઈશે. દરેક નાણાકીય વર્ષમાં પ્રથમ સાધારણ સભા, કલમ 94ની પેટા-કલમ (1)માં ફરમાવ્યા પ્રમાણે, તેમાં દર્શાવેલ કામકાજ માટે અને આ નિયમો અનુસાર વર્ષની શરૂઆતના બે મહીનાની અંદર યોજવી જોઈશે.*
- *જે સભ્ય બેઠકમાં, પંચાયતના વહીવટ અને કામકાજ અથવા ગામના વિકાસને લગતો કોઈ પ્રશ્ન પૂછવા ઈચ્છતાં હોય તેમણે તે પ્રશ્ન, બેઠકની તારીખના ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલા, સરપંચને અથવા સેક્રેટરીને મોકલવો જોઇશે અથવા તે (સભ્ય), અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની પરવાનગીથી બેઠકના સમયે પ્રશ્ન પૂછી શકશે.*
- *અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, કોઈ પ્રસ્તાવ ઉપરની ચર્ચા સમાપ્ત થયેથી અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને કોઈપણ સમયે એવી ખાતરી થાય કે, તે પ્રસ્તાવ ઉપર પૂરેપૂરી ચર્ચા કરવામાં આવી છે, ત્યારે બેઠકના મત માટે તે પ્રસ્તાવ રજૂ કરી શકશે.*
- *બેઠકની કાર્યવાહીઓના રેકર્ડ સેક્રેટરીએ, બાંધેલાં પુસ્તકમાં, ગ્રામસભાની દરેક બેઠકની કાર્યનોંધની નોંધ ગુજરાતીમાં કરવી જોઈશે.*
- *દરેક ગ્રામસભા, તેની હકૂમતમાં પોતાના કાર્યો કરવા માટે સક્ષમ છે. પરંતુ બીજી ગ્રામસભાઓ સાથે*
- *કામ કરવું જરૂરી હોય તેવી સંસાધન (રિસોર્સ)ના વ્યવસ્થાપન, રસ્તાના બાંધકામ, વગેરે જેવી બાબતોમાં, સંબંધિત તમામ ગ્રામસભાઓ દ્વારા એક સંયુક્ત બેઠક યોજી શકાશે.*
- *સેક્રેટરીની ફરજોમાં સેક્રેટરીએ, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર ગ્રામસભાની બેઠકો બોલાવવા અને તેના યોગ્ય સંચાલન માટે તમામ પગલાં લેવા જોઈશે.*
- *ગ્રામસભાના અહેવાલો (રિપોર્ટ) તાલુકા વિકાસ અધિકારીએ, દર વર્ષના એપ્રિલ માસના અંત સુધીમાં, ગામ પ્રમાણે ગ્રામસભાના વાર્ષિક અહેવાલો (રિપોર્ટ) એકત્રિત કરવા જોઈશે અને ગામ પ્રમાણેની વિગતોનો તાલુકાનો એક એકત્રિત વાર્ષિક અહેવાલ (રિપોર્ટ, કામગીરી માટેના તેમના નિરિક્ષણ અને ટિપ્પણીઓ તથા સુધારા માટેના સૂચનો સાથે તૈયાર કરવો જોઈશે અને જૂન માસના અંત સુધીમાં તાલુકા પંચાયત અને જિલ્લા વિકાસ અધિકારીને તે સોંપવો જોઈશે.*
- *જિલ્લા વિકાસ અધિકારીએ, પેટા-નિયમ (1) હેઠળ, તાલુકા પ્રમાણે અહેવાલો (રિપોર્ટ) મળ્યેથી, તેને એકત્રિત કરવા અને તેમના નિરિક્ષણ અને સૂચનો ઉમેરવા જોઈશે અને જિલ્લા પંચાયતને અને વિકાસ કમિશનરને અને સેક્રેટરી, પંચાયત વિભાગ, ગુજરાત સરકાર-ને ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં રજૂ કરવા જોઈશે.*

## 14.4 બંધારણની છઠ્ઠી અનુસૂચિ

*ભારતીય સંવિધાનના ભાગ 10 માં અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો માટે જે બંધારણીય વહીવટની વ્યવસ્થા કરવામાં આવી છે તેમાં ભારતીય સંવિધાનની અનુચ્છેદ કલમ 244(2) માં દર્શાવ્યા મુજબ આસામ, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમના રાજ્યોમાંના વિસ્તારોના વહીવટને છઠ્ઠી અનુસૂચિની જોગવાઈ લાગુ કરવામાં આવી છે. જેમાં નીચે મુજબની બંધારણીય વ્યવસ્થા કરવામાં આવી છે.*

1. *સ્વયાત્ત જિલ્લાઓ અને સ્વાયત્ત પ્રદેશો*
2. *જિલ્લા કાઉન્સિલ અને પ્રાદેશિક કાઉન્સિલની રચના*
3. *જિલ્લા કાઉન્સિલ અને પ્રાદેશિક કાઉન્સિલની કાયદા કરવાની સત્તા*
4. *સ્વયાત્ત જિલ્લાઓ અને સ્વાયત્ત પ્રદેશોમાં ન્યાયનો વહીવટ*
5. *દીવાની કાર્યરીતિ અધિનિય,1908 અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ 1898 હેઠળ અમુક દાવા મુકાદ્દમા અને ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે પ્રાદેશિક અને જિલ્લા કાઉન્સિલને અને અમુક ન્યાયાલયો અને અધિકારીઓને સત્તાઓ આપવા બાબત*
6. *પ્રાથમિક શાળાઓ વગેરેની સ્થાપના કરવા માટે જિલ્લા કાઉન્સિલની સત્તા*
7. *જીલ્લા અને પ્રાદેશિક ફંડ*
8. *જમીન મહેસુલ આકારવાની અને વસુલ કરવાની અને કર નાખવાની સત્તા*
9. *ખનીજોની અજમાયશી તપાસ અથવા ખોદકામના હેતુમાટેના લાઈસન્સ અથવા પટ્ટા*
10. *બિન આદિજાતિની વ્યક્તિઓ દ્વારા થતી નાણાની ધીરધાર અને થતા વેપારના નિયંત્રણ માટે વિનિયમો કરવાની જિલ્લા કોઉંન્સીલોની સત્તા*
11. *આ અનુસૂચિ હેઠળ કરેલ કાયદા,નિયમો,અને વિનિયમોની પ્રસિદ્ધ*
12. *આસામ રાજ્યમાં સ્વાયત્ત જિલ્લાઓ અને સ્વાયત્ત પ્રદેશોને સંસદના અને આસામ રાજ્યના વિધાનમંડળના અધિનિયમો લાગુ પાડવા બાબત*
13. *વાર્ષિક નાણાકીય પત્રકમાં સ્વાયત્ત જિલ્લાઓને લગતા અંદાજીત આવક અને ખર્ચ અલગ દર્શાવવા બાબત*
14. *સ્વાયત્ત જિલ્લાઓના અને સ્વાયત્ત પ્રદેશોના વહીવટ અંગે તપાસ કરવા માટે અને તે વિષે રિપોર્ટ કરવા માટે કમિશનની નિમણુક*
15. *જિલ્લા અથવા પ્રાદેશીક કાઉન્સિલના કાર્યો અને ઠરાવો રદ કરવા અથવા મોકૂફ રાખવા બાબતની જોગવાઈ*
16. *જિલ્લા અથવા પ્રાદેશિક કાઉન્સિલનું વિસર્જન*
17. *સ્વાયત્ત જિલ્લાઓમાં મતદાર વિસ્તારોની રચના કરતી વખતે જિલ્લાઓમાંથી અમુક વિસ્તારો બાકાત રાખવા બાબત જોગવાઈઓ*
18. *વચગાળાની જોગવાઈઓ*

19. આસામ,મેઘાલય,ત્રિપુરા અને મિઝોરમ રાજ્યના અંદરના વિસ્તારોમાટેની જોગવાઈઓ
20. અનુસૂચિમાં સુધારો કરવાની સંસદની સત્તાઓની જોગવાઈઓ.

આમ ઉપરોક્ત ભારતીય સંવિધાનની છઠ્ઠી અનુસૂચિવાળા પ્રદેશોમાં આદિવાસીઓની રૂઢી અને પરંપરા આધારિત જીવન જીવવાની ભારતીય બંધારણમાં સ્વાયત્ત આપવામાં આવી અને અલગ સ્વાયત્ત જિલ્લા પરિસદ બનાવી ભારતીય બંધારણે આદિવાસીઓના સામાજિક સાંસ્કૃતિક અધિકારોને જાળવી રાખવા સંરક્ષણ પૂરું પાડવામાં આવ્યું. સ્વાયત્ત જિલ્લા પરિષદના નામો નીચે મુજબ છે. જેનો અભ્યાસ કરવાથી વધારે ખ્યાલ આવશે.

(1) ઉત્તર કછાર પહાડી જિલ્લો
(2) કાર્બી આંગ લાંગ જિલ્લો
(3) બોડોલેન્ડ પ્રાદેશિક વિસ્તાર જિલ્લો
(4) ખાસી પહાડી જિલ્લો
(5) જેન્તિયા પહાડી જિલ્લો
(6) ગારો પહાડી જિલ્લો
(7) ત્રિપુરા આદિજાતિ વિસ્તાર જિલ્લો
(8) ચકમા જિલ્લો
(9) મારા જિલ્લો
(10) લઈ જિલ્લો

## 14.5 સારાંશ

ભારતીય મૂળના લોકો આદિવાસીઓ ગણાય છે. પ્રાચીન સમયમાં આદિવાસીઓ રખડતું, ભટકતું જીવન જીવતા હતા. આધુનિક સમયના અનુસૂચિત જનજાતિના લોકો સભ્ય સમાજનો એક ભાગ બની ચુક્યા હોવા છતાં પ્રકૃતિને તથા અન્ય જીવોને સાચવી અને જાળવી રાખ્યા છે, ઓળખ અને સંસ્કૃતિને જાળવી રાખી છે. જો કે, તેઓ અનેક સામાજિક સમસ્યાઓનો સામનો કરી જ રહ્યા છે, આથી ભારતીય બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવી છે. જે અન્વયે તેઓનું સામાજિક, સામુદાયિક, સાંસ્કૃતિક રક્ષણ શક્ય બન્યું છે.

## 14.6 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નોનાં ઉત્તર દસ લીટીમાં આપો.**

1. બંધારણમાં સ્વાયત્ત અનુશાસન વ્યવસ્થા વિશે સવિસ્તાર સમજાવો.

……………………………………………………………………………………

……………………………………………………………………………………

……………………………………………………………………………………

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

2. *બંધારણની પાંચમી અનુસૂચિ વિશે ચર્ચા કરો.*

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

3. *બંધારણની છઠ્ઠી અનુસૂચિ વિશે નોંધ લખો.*

…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………
…………………………………………………………………………………

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

**1. ઈ.સ.____________ માં શિડ્યુલ્ડ ડિસ્ટ્રીક્ટ એક્ટ બનાવવામાં આવ્યો.**

*(અ)* 1874 *(બ)* 1875 *(ક)* 1876 *(ડ)* 1877

2. **ઈ.સ. ___________ ના ભારત સાસન અધિનિયમના ચેપ્ટર નંબર-5 ની કલમ 91 અને કલમ 92 માં આ વિસ્તારોમાટેની બંધારણીય વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું.**

*(અ)* 1955 *(બ)* 1945 *(ક)* 1925 *(ડ)* 1935

3. **ગુજરાત સરકાર દ્વારા ___________ 1996 નું અમલી કરણ તારીખ 13મી જુલાઈ 1998 ના ગુજરાતના રાજપત્રમાં આદિવાસી વિસ્તારો માટે આ અનુસૂચિની જોગવાઈઓને આધીન જાહેર કરવમાં આવ્યું.**

*(અ) પંર શિડ્યુલ (બ)* 6th *શિડ્યુલ (ક)* PESA ACT *(ડ) એકેય નહી*

4. **ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિમાં ___________રાજ્યો સમાવિષ્ટ છે.**

*(અ) ગુજરાત (બ) ઓરિસ્સા (ક) રાજસ્થાન (ડ) ઉપર્યુક્ત બધા જ*

5. **ભારતીય બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં ___________રાજ્યો સમાવિષ્ટ છે.**

*(અ) આસામ (બ) મેઘાલય (ક) ત્રિપુરા (ડ) ઉપર્યુક્ત બધા જ*

## 14.7 ચાવીરૂપ શબ્દો

- **બંધારણીય :** *ભારતીય બંધારણ*
- **આદિવાસી વિસ્તારોઃ** *ભારતીય બંધારણમાં દર્શાવેલ અનુચ્છેદ* 244(1) *અને* 244(2)*માં દર્શાવેલ ક્ષેત્રો*
- **અનુચ્છેદ 342**: *ભારતીય બંધારણની કલમ* 342
- **પાંચમી અનુસૂચિઃ** *ભારતના બંધારણમાં દર્શાવેલ પાંચમી અનુસૂચિ*
- **છઠ્ઠી અનુસૂચિઃ** *ભારતના બંધારણમાં દર્શાવેલ છઠી અનુસૂચિ*
- **ગેઝેટઃ** *ભારત સરકારનો રાજપત્ર*
- **THE SCHEDULED AREAS:** *ભારતના બંધારણમાં દર્શાવેલ કલમ* 244(1) *અને કલમ* 244(2) *મુજબના વિસ્તારો કે જે અનુસૂચિત વિસ્તારો તરીકે ઓળખાય છે.*
- **PESA ACT 1996:** Panchayatiraj Extention to the Scheduled Area Act 1996*(અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ અધિનિયમ*1996.

## 14.8 સંદર્ભ સુચિ


1. *ભારતનું સંવિધાન (ચતુર્થ આવૃત્તિ,* 30 *એપ્રિલ,*2011 *સુધાર્યા પ્રમાણે)* 2011 *વૈધાનિક વિભાગ,વિધિ અને ન્યાય મંત્રાલય,ભારત સરકાર.*
2. *ગુજરાતનો રાજપત્ર* 13-07-1998 *વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,સચિવાલય,ગાંધીનગર.*
3. *છઠ્ઠી રિપોર્ટ* (1999-2000 *એવમ્* 2000 – 2001), *રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ આયોગ (હિન્દી આવૃત્તિ) , ભારત સરકાર.*

4. *શાહ રમેશ અને પ્રા. બલદેવ આગજા,* 73*મા બંધારણીય સુધારા પશ્ચાદ્ ભારતમાં પંચાયતીરાજ* (2002), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
5. *ઢેબર કમિશન અહેવાલ (અનુસૂચિત વિસ્તાર અને અનુસૂચિત જનજાતિઓના સંદર્ભમાં),* 2005, *આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ*-14
6. *પંચોલી રવિન્દ્ર, ઉપાધ્યાય ચંદ્રકાન્ત પ્રિમટીવ ટ્રાયબલ ગ્રૂપ ઑફ ગુજરાત- એ બેઝ લાઈન સર્વે (અંગ્રેજી)* 2010. *ટ્રાયબલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદ* – 380014.
7. *ગામીત મહેશ, પટેલ જે.સી.*(2013).*ટ્રાયબલ ડેવલોપમેન્ટ, પર્સપેક્ટિવ એન્ડ ઈસ્યુઝ*
8. *રજિસ્ટ્રાર જનરલ તથા સેન્સસ કમિશ્નરની કચેરી,* 2013-2014 *ભારત સરકાર ક*34, *સામાજિક – આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય,*
9. *સામાજિક ન્યાય અને અધિકારિતા (આદિજાતિકાસ) વિભાગ, સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્રમાંકઅજસ/*2013/20 *જુ.ઓ.આઈ/*23/*ચ તા.* 05-09-203*નો ઠરાવ.*
10. R.B. Lal (1996), Tribal Situation in Gujarat. Tribal Research & Training Institutes, Gujarat Vidyapith, Ahmedabad.
11. Sixth Schedule provisions as to the administration of Tribal areas in the States of Assam, Meghalaya, Tripura and Mizoram, The constitution of India, www. mdoner.gov.in
12. Planning for the Sixth Schedule areas, Report of the Expert Committee. (September – 2006), New Delhi, Ministry of Panchayatiraj Government of India.
13. Second Administrative reforms Commission fifth report State and district Administration. Govt. of India, 2009.

## 14.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *(અ)* 1874
2. *(ડ)* 1935
3. *(ક)* PESA ACT
4. *(ડ) ઉપર્યુક્ત બધા જ*
5. *(ડ) ઉપર્યુક્ત બધા જ*

## એકમ - 15 અનુસૂચિત આદિજાતિ માટે બંધારણમાં અનામત નીતિ અને વિકાસ

**:: રૂપરેખા ::**

**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 અનુસૂચિત આદિજાતિ માટે બંધારણમાં અનામત નીતિ અને વિકાસ**

**15.3 સારાંશ**

**15.4 તમારી પ્રગતિ ચકાસો**

**15.5 ચાવીરૂપ શબ્દો**

**15.6 સંદર્ભ સૂચિ**

**15.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

### 15.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસબાદ તમે,*

- *અનુસૂચિત જનજાતિના વિસ્તારો વિશે જાણી શકશો.*
- *અનુસૂચિત જનજાતિઓની જિલ્લાવાર વસ્તી વિશે જાણી શકશો.*
- *અનુસૂચિત જનજાતિઓ માટે અનામત નીતિ વિશે સમજી શકશો.*
- *અનુસૂચિત જનજાતિઓમાટે સરકારશ્રી ની વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમો વિશે સમજી શકશો.*

### 15.1 પ્રસ્તાવના

*અનુસૂચિત જનજાતિઓ એ દેશના મૂળવતનીઓ છે. તેમની સંસ્કૃતિ અલગ જ છે. તેઓ ભૌગોલિક રીતે છેવાડે વસે છે અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિ નબળી છે. સૈકાઓ સુધી આદિવાસી વસ્તિ તેમના જંગલમાં અને પર્વતીય વિસ્તારોમાં વસવાટને કારણે સામાન્ય વિકાસ પ્રક્રિયાના ક્ષેત્રમાંથી બહાર રહી ગયેલ છે.*

2011*ની વસતિ ગણતરી અનુસાર રાજ્યની કુલ વસતિ* 604.39*લાખ હતી જે પૈકી* 14.76% *એટલે કે* 89.17*લાખ આદિવાસી વસતિ હતી. અનુસૂચિત જનજાતિ સમુદાયોમાં હવે સાક્ષરતા દર વધીને* 62.5%*થયો છે.* 2001 *પછી આદિવાસી વસતીમાં સાક્ષરતા દર વધતો જ રહ્યો છે. અગાઉ જે ઘટ* 21.4% *હતી તે ઓછી થઈને* 15.4%*રહી છે. એ જરૂરી છે કે અનુસૂચિત જનજાતિઓમાં વિશેષતઃ અનુસૂચિત જનજાતિની*

*મહિલાઓમાં સાક્ષરતા દર હજી ઉંચો આવે. રાજ્યમાં આદિવાસીઓના કુલ 26 સમુદાયો (જાતિઓ) છે.*

*ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓ મોટેભાગે રાજ્યની પૂર્વીય સરહદ પરના વિસ્તારોમાં ઘનિષ્ટ રીતે વસવાટ કરે છે. આદિવાસી વિસ્તારમાં કુલ 48 તાલુકાઓ 15 પોકેસ્ટ અને 4 કલસ્ટર આવેલાં છે, જે 14 સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજનાને આવરી લે છે. આદિવાસી પેટા યોજનાના વહીવટ અને અમલ માટે સમગ્ર આદિવાસી વિસ્તારને 14 સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજનાઓમાં 14 જિલ્લાઓમાં વિભાજિત કરેલ છે.*

**આદિવાસીઓની જિલ્લા દીઠ વસતિ, 2011**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસતિ | અનુસૂચિતજનજાતિની વસતિ |
|---|---|---|---|
| 1. | અમદાવાદ | 72,14,225 | 89,138 |
| 2. | અમરેલી | 15,14,190 | 7,322 |
| 3. | આણંદ | 20,92,745 | 24,824 |
| 4. | બનાસકાંઠા | 31,20,506 | 2,84,155 |
| 5. | ભરૂચ | 15,51,019 | 4,88,194 |
| 6. | ભાવનગર | 28,80,365 | 9,110 |
| 7. | દાહોદ | 21,27,086 | 15,80,850 |
| 8. | ગાંધીનગર | 13,91,753 | 18,204 |
| 9. | જામનગર | 21,60,119 | 24,187 |
| 10. | જૂનાગઢ | 27,43,082 | 55,571 |
| 11. | કચ્છ | 20,92,371 | 24,228 |
| 12. | ખેડા | 22,99,885 | 40,336 |
| 13. | મહેસાણા | 20,35,064 | 9,392 |
| 14. | નર્મદા | 5,90,297 | 4,81,392 |
| 15. | નવસારી | 13,29,672 | 6,39,659 |
| 16. | પંચમહાલ | 23,90,776 | 7,21,604 |
| 17. | પાટણ | 13,43,734 | 13,303 |
| 18. | પોરબંદર | 5,85,449 | 13,039 |
| 19. | રાજકોટ | 38,04,558 | 24,017 |
| 20. | સાબરકાંઠા | 24,28,589 | 5,42,156 |
| 21. | સુરત | 60,81,322 | 8,56,952 |
| 22. | સુરેન્દ્રનગર | 17,56,268 | 21,453 |
| 23. | તાપી | 8,07,022 | 6,79,320 |
| 24. | ડાંગ | 2,28,291 | 2,16,073 |
| 25. | વડોદરા | 41,65,626 | 11,49,901 |
| 26. | વલસાડ | 17,05,678 | 9,02,794 |
| 27. | ગુજરાત રાજ્ય | 6,04,39,692 | 89,17,17 |

**(Resource: https://trti.gujarat.gov.in/district-wise-population?lang=Gujarati)**

ભારતીય બંધારણના અનુચ્છેદ 16(1)અનુસાર રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા ઉપર નિમણૂક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે. ભારતીય બંધારણના અનુચ્છેદ 16(4ક) અનુસાર રાજ્યના અભિપ્રાય મુજબ રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ના હોય તેવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની તરફેણમાં રાજ્ય હેઠળની સેવાઓમાં (કોઈ પણ વર્ગ અથવા વર્ગોની જગ્યાઓ ઉપર પારિમાણિક પ્રવરતા સહીત,બઢતી આપવાની બાબતમાં) અનામત રાખવા માટેની કોઈ પણ જોગવાઈ કરવામાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકુરથી બાધ આવશે નહિ.

અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો માટે નોકરીમાં અનામતને લગતી રાજ્ય સરકારની નીતિના ઘડતરની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જ્યારે આ નીતિના અમલીકરણ/મોનિટરિંગની કામગીરી સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ  દ્વારા કરવામાં આવે છે. શ્રી આર.કે.સભરવાલા વિરુધ્ધ પંજાબ સરકાર અને અન્યના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા અનુસાર સરકારી સેવાઓમાં ખાલી જગ્યા આધારિત રોસ્ટરના સ્થાને જગ્યા આધારિત રોસ્ટર અમલમાં આવતા તે મુજબ સામાન્ય વહીવટ વિભાગના તા.8-3-1999, તા.5-9-2000ના ઠરાવથી જરૂરી હુકમો બહાર પાડવામાં આવ્યા છે. રાજ્ય કક્ષાએ સીધી ભરતીથી ભરવાની થતી વર્ગ-1થી વર્ગ-4ની જગ્યાઓમાં અનુસુચિત જનજાતિ માટે 15 ટકા પ્રમાણે જ્યારે બઢતીથી ભરવાની થતી વર્ગ-1થી વર્ગ-4ની જગ્યાઓ માટે અનુસૂચિત જનજાતિ માટે 15 ટકા પ્રમાણે રોસ્ટર ક્રમાંકો નિયત કરવામાં આવેલા છે. જ્યારે જિલ્લા કક્ષાએ વર્ગ-3 અને વર્ગ-4માટે જે તે જિલ્લાની વસતિને ધ્યાને લઈ જે તે જિલ્લાની ટકાવારી મુજબ રોસ્ટર ક્રમાંકો નિયત કરવામાં આવેલા છે.

## 15.2 અનુસૂચિ આદિજાતિ માટે બંધારણમાં અનામત નીતિ અને વિકાસ

આદિજાતિ વિકાસ માટે રાજ્યના વિભાગ દ્વારા નીચે મુજબની યોજનાઓ આધારિત મુદ્દાઓ પર આદિવાસી સમાજના વિકાસ કરવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ભારત સરકારની આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા રાજ્ય સરકારને રાજ્યની આદિજાતિ પેટા યોજના પર વધારાની સહાય તરીકે ચૂકવાય છે. કેન્દ્રીય સહાય માધ્યમનો મૂળ હેતુ કૃષિ, બાગાયતા અને પશુપાલન તથા સહકારના ક્ષેત્રે પરિવારલક્ષી આવક ઉભી  કરવા માટે યોજનાઓ અમલી કરવામાં આવે છે.

| **ક્રમ** | **યોજનાઓ** |
|---|---|
| 1 | સંકલિત ડેરી વિકાસ યોજના |
| 2 | સંકલિત પશુધન વિકાસ યોજના |
| 3 | BIAFદ્વારા સંકલિત પશુધન-વિકાસ કેન્દ્રનો વિકાસ |
| 4 | JK ટ્રસ્ટ ગ્રામ વિકાસ યોજના હસ્તકના સંકલિત પશુધન વિકાસ કેન્દ્રોનો વિકાસ |

5 *નરપશુ* (Heifer)*ઉછેર યોજના*

6 *વન અધિકાર અધિનિયમના લાભાર્થીઓનું દાવા પછી સહયોગી તરીકે મજબુતીકરણ*

7 *આદિવાસી વિસ્તારોમાં હાટ*

8 *ગુણવત્તાયુક્ત કૌશલ્ય તાલીમ કાર્યક્રમો*

9 *કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત શાકભાજી ઉત્પાદન*

10 *ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શાકભાજી એકત્રીકરણ અને ગ્રેડીંગ કેન્દ્રોની સ્થાપના*

11 *કીચન ગાર્ડન બનાવવાની તાલીમ*

12 *આદિવાસી વિસ્તારમાં મધમાખી ઉછેર યોજનાની દરખાસ્ત*

13 PAC*દ્વારા તા.* 26-3-2015*ની બેઠકમાં કુલ મંજૂર કરેલ રકમ*

14 *મૂડી અસ્કયામત માટેની ગ્રાન્ટ*

**(Source:https://comm-tribal.gujarat.gov.in/sca-to-tsp?lang=Gujarati)**

❖ **આદિવાસી વિકાસ માટેના મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ**

*આદિજાતિ વિકાસ વિભાગ ગુજરાત રાજ્ય આદિવાસી વિકાસ માટેના મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ તરીકે જાણીતી વનબંધુ કલ્યાણ યોજના* (VKY)*નો અમલ* 27 *ફેબ્રુઆરી,* 2007*ના દિવસથી એક વિશિષ્ટ મિશન તરીકે શરૂ કરવામાં આવ્યો. આદિજાતિ સમુદાયોના સંકલિત, સર્વાંગી અને સર્વ સમાવેશક વિકાસ માટે પ્રેરિત આ કાર્યક્રમના દસ મુદ્દા આ પ્રમાણે છેઃ*

❖ **રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજનાના મુખ્ય ચાવીરૂપ ઉદ્દેશો**

1. *રાજ્યના આદિવાસી વિસ્તારો અને રાજ્યના અન્ય વિસ્તારો વચ્ચે રહેલ આર્થિક અને સામાજિક અંતર દૂર કરવાનો સેતુરૂપ કાર્યક્રમનો પ્રયાસ.*
2. *આદિવાસી વિસ્તારોમાં માનવ વિકાસ સૂચકઅંકો તેમજ સામાજિક અને નાગરિક માળખાકીય સુવિધાઓનો વિકાસ.*
3. *આ કાર્યક્રમ ગુજરાત સરકાર, ભારત સરકાર અને ખાનગી ક્ષેત્રની વિવિધ યોજનાઓ માટેના ભંડોળનું સંયોજન કરવાની નેમ ધરાવે છે.*
4. *આદિવાસી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનાની દરમિયાનગીરીના નવતર અભિગમની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓનો ઉદ્દેશ વ્યાખ્યાયિત પરિણામો પ્રાપ્ત કરવાનો છે, જેમાં મુખ્ય ઝોક આદિવાસી વિસ્તારોમાં જે આપૂર્તિઓ* (inputs)*નું રોકાણ કરવામાં આવે તેની ગુણવત્તામાં સુધારો કરવા ઉપર તેમજ અધિકાર આધારિત અભિગમને પુરસ્કૃત કરવા પર છે.*

**1) રોજગારીની તકો**

*તમામ આદિવાસી પરિવારોની આવક બમણી કરવા જેવાં વધુ કેન્દ્રિતતા સ્થળાંતરિત પરિવારો અને વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિનો ભોગ બની શકે તેવાં આદિજાતિ જૂથો ઉપર રહેશે.જેની વ્યૂહરચના નીચે મુજબના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવમાં આવી છે.*

- *કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન વધારીને વધારે રોજગારી ઊભી કરવી*
- *પશુપાલન અને દૂધ ઉદ્યોગ આધારિત પ્રવૃત્તિઓ વિસ્તારવી*
- *આદિવાસી યુવકોને ગુણવત્તાયુક્ત કૌશલ્ય તાલીમ*
- *આધુનિક, વૈજ્ઞાનિક અને ટેકનિકલ સુવિધાઓનો વિકાસ કરી તેને આદિવાસી યુવકોની વધતી આજીવિકાની તકો સાથે જોડવી*
- *જેના કુટુંબના વડા મહિલા હોય તેવા પરિવારો માટે પસંદગી*

**2) ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ઉપર ઝોક**

*પાત્રતા ધરાવતી દરેક આદિવાસી બાળકની ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રતિની પહોંચ વિકસાવવી અને ઉચ્ચ શિક્ષણ ઉપર વિશેષ ઝોક રાખવો.*

- *દરેક તાલુકામાં વિજ્ઞાન વિષય સાથેની ઉચ્ચતર માધ્યમિક શાળા*
- *રાષ્ટ્રીય રીતે માન્યતા પ્રાપ્ત નિવાસી શાળાઓમાં 1000 આદિવાસી વિદ્યાર્થીઓની નોંધણી અને અનુસૂચિત જનજાતિઓ માટે પ્રતિભા કોશ (ટેલેન્ટ પૂલ)ની રચના*
- *દરેક આદિવાસી તાલુકામાં નવોદય અથવા એકલવ્ય પ્રકારની નિવાસી શાળાઓ અને તે શાળાઓને, ગુણવત્તાયુક્ત શહેરી શાળાઓ સાથેની તુલના કરી શકાય તેવી બનાવવી*
- *કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ 1000 છાત્રાલયો સ્થાપવાં, દૂર-સુદૂરના અને બાકી રહી ગયેલા તાલુકાઓની અંદર વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજો સ્થાપવી*
- *ઈજનેરી અને તબીબી કોલેજ, પોલિટેકનિક, નર્સિંગ કોલેજ અને આઈટીઆઈ સહિતમાં ઉત્કૃષ્ટ વિદ્યા ધામો શરૂ કરવા*

**3) આર્થિક વિકાસ**

*સ્થળાંતર કરવા આદિવાસી પરિવારો અને વિશિષ્ટ પરિસ્થિતિનો ભોગ બને તેવાં આદિવાસી જૂથો સહિતનાં તમામ આદિવાસી પરિવારોની આવક બેગણી થાય તેમ કરવું અને માર્ગો અને ઊર્જા જોડાણ સહિતની પાયાની સુવિધાઓ ગામડાંઓમાં ઉપલબ્ધ કરીને ગામડાંઓની આર્થિક પ્રગતિ સુલભ બનાવવી તે મુખ્ય હેતુ સાથે નીચે મુજબની બાબતો લક્ષમાં લેવામાં આવી છે.*

- નક્કી કરવામાં આવેલી આર્થિક પ્રવૃતિઓ માટે ક્લસ્ટર આધારિત અભિગમ અને બજાર જોડાણને અનુસરીને પ્રત્યેક તાલુકા માટે વાર્ષિક નાણાકીય ફાળવણી
- દૂર-સુદૂરનાં અનુસૂચિત જનજાતિના વિસ્તારોને નજીકનાં આર્થિક કેન્દ્રો સાથે જોડવા માટે રસ્તા, પાણી, પુરવઠા, સિંચાઈ અને તમામ આદિવાસી તાલુકાઓમાં વિદ્યુત પુરવઠો ઉપલબ્ધ કરવા સહિતના પાયાની માળખાકીય સુવિધાઓનો વિકાસ
- અનુસૂચિત જનજાતિનાં પરિવારોને સ્થાનિક કુદરતી સંસાધનોમાંથી વધુ લાભ મળે તે હેતુથી તેમાં સંસાધનોની મૂલ્યવૃદ્ધિ પ્રયાસો

## 4) આરોગ્ય

*આરોગ્યપ્રદ અને સ્વાસ્થ્યપૂર્ણ જીવન માટે આવશ્યક સુવિધાઓ પ્રતિની પહોંચ ઉપલબ્ધ કરવા દ્વારા તમામ આદિવાસી પરિવારોના સામાજિક-આર્થિક વિકાસ માટે સહયોગ પૂરો પાડી આદિવાસી સમાજ માટે આરોગ્ય લક્ષી સેવાઓ અમલી કરવાનું આયોજન છે.*

- અનુસૂચિત જનજાતિના તમામ પરિવારોને ચિરંજીવ યોજનાનો લાભ
- અનુસૂચિત જનજાતિનાં તમામ પરિવારો માટે વાર્ષિક આરોગ્ય તપાસ
- હૃદયરોગ સંબંધિત ઓપરેશન માટે ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને આર્થિક સહાય
- સિકલસેલ એનિમિયા, લેપ્ટોસ્પાયરોસિસ જેવા સ્થાનીય/ક્ષેત્રીય પ્રકારના રોગોના પ્રતિકાર માટે વિશેષ ઝુંબેશ
- સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓમાં તેમજ છ વરસથી ઓછી વયનાં બાળકોમાં કુપોષણ દૂર કરવા માટે યોજનાઓને અસરકારક બનાવવી

## 5) આવાસ

*નિશ્ચિત કરેલા સમયગાળામાં તમામ આદિવાસી સમાજના કુટુંબોને અનુસૂચિત જનજાતિના તમામ પરિવારો માટે આવાસ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરેલ છે.*

## 6) પીવાનું શુધ્ધ પાણી

*પીવાના શુધ્ધ પાણીની સલામતી ઉપલબ્ધ કરવા માટે તેમજ ગરીબીની સમસ્યા નીપટવા માટે તમામ આદિવાસી પરિવારોને પીવાના શુધ્ધ પાણી પ્રતિની પહોંચ ઉપલબ્ધ કરવી. તેમ આયોજન કરેલ છે.*

- નિશ્ચિત કરેલા સમયગાળામાં તમામ અનુસૂચિત જનજાતિનાં પરિવારો માટે શુધ્ધ, ખાતરીલાયક અને પૂરતું પીવાનું પાણી મળી રહે તેમ કરવાનું આયોજન.

- ઓછામાં ઓછા 25%અનુસૂચિત જનજાતિનાં પરિવારોને પાઈપ દ્વારા પૂરા પડાતા પાણી પ્રતિની પહોંચ ઉપલબ્ધ કરવી.

**7) સિંચાઈ**

સિંચાઈયુક્ત ખેતી તેમજ આધુનિક ખેત પધ્ધતિ માટેની તકો ઉપલબ્ધ કરીને તમામ આદિવાસી ખેડૂતોને ખેતીમાંથી જરૂરી આવક ઉપલબ્ધ કરાવવી.

- જૂથ સિંચાઈ યોજના ઉપર ઝોક
- જળસંચય યોજનાના આધાર પર જળસંચય માળખાનું નિર્માણ કરવું
- આદિવાસી વિસ્તારોમાં વધારે બંધપાળા (ચેકડેમ) બનાવવા
- ટપક સિંચાઈ પદ્ધતિને વેગ આપવા માટે નાણાકીય અને ટેકનિકલ સહાય ઉપલબ્ધ કરવી
- બંધના ઉપરવાસમાં પીવાના પાણી-સહ-સિંચાઈ પ્રાયોજનાઓ હાથ ધરવી
- નવી મધ્યમ કક્ષાની તેમજ લઘુ સિંચાઈ પ્રાયોજના વિચારવી
- પાણીના વૈજ્ઞાનિક રીતે ઉપયોગ અને વ્યવસ્થાપન ઉપર ઝોક

**8) સાર્વત્રિક વીજળીકરણ**

અનુસૂચિત જનજાતિઓનાં તમામ ગામો અને તમામ પરિવારોમાં સુધારેલ જીવનકક્ષા અને આર્થિક વિકાસ માટે સાર્વત્રિક વીજળીકરણ સુનિશ્ચિત બનાવવું.

- અત્યાર સુધી બાકી રહી ગયેલાં તમામ આવાસોમાં વીજળી જોડાણ પુરુ પાડવું.
- દૂર-સુદૂરના તેમજ છૂટક-છૂટક વસતા સમૂહોમાં સૂર્ય-ઊર્જા દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવી.
- ગરીબી રેખા નીચે જીવતાં તમામ પરિવારોને વિના મૂલ્યે વીજ – જોડાણ આપવું.

**9) તમામ ઋતુઓમાં ચાલે તેવા રસ્તાઓનું જોડાણ**

તમામ આદિવાસી પરિવારોની જીવનકક્ષામાં સુધાર લાવવા માટે આદિવાસી વિસ્તારોમાં સંપત્તિનું નિર્માણ વિકસાવવું.

- આદિવાસી વિસ્તારોના માર્ગોની ગુણવત્તામાં સુધારણા
- 250થી ઓછી વસતિ ધરાવતા તમામ રહેણાકીય સમૂહોને માર્ગોથી જોડવાં
- આદિવાસી વિસ્તારોમાં હયાત માર્ગોની મરામત માટે ખાસ ઝુંબેશ

**10) શહેરી વિકાસ**

આદિવાસી પરિવારોની આવકમાં વૃધ્ધિ માટે આદિવાસી નગરોને ગ્રોથ એંજિન (વૃધ્ધિના કેન્દ્રો) તરીકે વિકસાવવાં.

- આદિવાસી વિસ્તારોનાં 13 નગરોનો વૃધ્ધિકેન્દ્રો તરીકે વિકાસ કરવો

- આવતાં પાંચ  વર્ષની અંદર તમામ આદિવાસી તાલુકાઓને માર્ગ જોડાણથી જોડવા
- કન્યા સાક્ષરતા અંગે આદિજાતિ વિકાસ અંગેની યોજનાઓ
- આ યોજના ભારત સરકાર પુરસ્કૃત યોજના છે. રાજયમાં આદિજાતિ વિસ્તારમાં ઓછી સાક્ષરતા ધરાવતા તાલુકાઓમાં આદિજાતિની કન્યાઓનું શિક્ષણનું સ્તર ઊંચું આવે તે હેતુસર ભારતસરકારશ્રીના આદિજાતિ  બાબતોના મંત્રાલયે તા.1/4/2008થી "કન્યા નિવાસી શાળા" ની યોજના જાહેર કરેલ છે.
- ભારત સરકાર પુરસ્કૃત યોજના દ્વારા નક્કી કરેલ જિલ્લાઓમાં ઓછી સાક્ષરતા ધરાવતા તાલુકાઓમાં વસવાટ કરતી આદિજાતિ કન્યાઓનું શાળામાં 100% પ્રવેશ આપી સામાન્ય જ્ઞાતિની સ્ત્રીઓ અને આદિજાતિની સ્ત્રીઓ વચ્ચે સાક્ષરતા અંગેની જે ઉંડી ખાઈ છે તે ઓછી કરવાનો ઉદ્દેશ છે. સામાજિક-આર્થિક વિકાસમાં અસરકારક ભૂમિકા ભજવી તેના લાભો આદિવાસી કન્યાઓ સુધી પહોંચે તે માટે તેમનો સાક્ષરતા દર ઉંચો લાવવો જરૂરી છે.
- અલ્પ સાક્ષર કન્યા નિવાસી શાળા યોજનાનો અમલ 25%થી વધુ આદિજાતિ વસતી ધરાવતા જીલ્લાઓ જેમા સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ 35% કે તેથી ઓછું હોય તેવા જીલ્લામાં કરવામાં આવે છે.
- અલ્પ સાક્ષર કન્યા નિવાસી શાળાનો મુખ્ય ઉદ્દેશ આદિજાતિની કન્યાઓના સાક્ષરતા દર માં સુધારો લાવવાનો અને ડ્રોપ આઉટ અટકાવી કન્યાઓનો અભ્યાસ પૂર્ણ કરાવવાનો છે.
- આ યોજના અંતર્ગત આદિજાતિની કન્યાઓને રહેઠાણ સુવિધા સાથે ગુણવત્તા સભર શિક્ષણ આપવામા આવે છે તેમજ વિદ્યાર્થીનીઓની દરેક પ્રકારની પ્રાથમિક જરૂરિયાત પુરી પાડવામાં આવે છે. કન્યાઓમાં આત્મવિશ્વાસ કેળવવા શિક્ષણની સાથે વિવિધ પ્રકારની વોકેશનલ તાલીમ, એક્સપોઝર મુલાકાત, કમ્પ્યૂટર  શિક્ષણ, વિવિધ રમત-ગમત તાલીમ આપવામા આવે છે.
- અલ્પ સાક્ષર કન્યા નિવાસી શાળાઓની યોજના અંતર્ગત રિકરિંગ ખર્ચ પેટે વિદ્યાર્થીની દીઠ રૂ.27,100/-ફાળવવામાં આવે છે.
- વર્ષ 2015-16માં શૈક્ષણિક બાબતોને લગતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા શાળાઓને ફાળવવામાં આવતી રીકરીંગ ગ્રાન્ટમાં વિદ્યાર્થી દિઠ પ્રતિ વર્ષ રૂ. 10,000/- નો વધારો કરેલ છે.
- આ ઉપરાંત એક શાળાને દર પાંચ વર્ષે રૂ. 6,75,000/-નોન-રીકરીંગ ગ્રાન્ટ (વાસણ, ગાદલા, ફર્નિચર વગેરે માટે) ફાળવવામાં આવે છે.
- વિદ્યાર્થીનીઓને માસિક રૂ.100/-પ્રોત્સાહન પેટે ચુકવવામાં આવે છે.

- *હાલ માં 43અલ્પ સાક્ષર એક્લવ્ય કન્યા નિવાસી શાળાઓ કાર્યરત છે. આ તમામ શાળાઓનું સંચાલન 'ટ્રસ્ટ' તરીકે સોસાયટી દ્વારા કરવામાં આવે છે.*

(**સંદર્ભઃ** https://eklavya-education.gujarat.gov.in/girls-literacy-residential-school-glrs?lang=Gujarati)

❖ **ગુજરાત આદિજાતિ કોર્પોરેશન દ્વારા આદિવાસી વિકાસ માટે કરવામાં આવતી કામગીરી**

*ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન એક વૈધાનિક કોર્પોરેશન છે. જેની રચના ગુજરાત આદિજાતિ વિકાસ અધિનિયમ 1972(ગુજ.એક્ટ નં.5-1972) થી કરવામાં આવી છે. ગુજરાત સરકારના જાહેરનામાંથી આ કોર્પોરેશન સ્વાયત અસ્તિત્વમાં આવ્યું છે. તા. 24/12/1972ના રોજ મળેલ ડીરેકટરોના બોર્ડની પ્રથમ બેઠકથી કોર્પોરેશને કામકાજનો શુભારંભ કરેલ છે. કોર્પોરેશનની નીતી વિષયક બાબતોનો નિર્ણય નિયામક મંડળ દ્વારા નક્કી કરવામાં આવે છે.*

**નિયામક મંડળ –** *કોર્પોરેશન કુલ 9 સભ્યોનું બનેલું છે. જેમાં 6 ડિરેકટરશ્રીઓ બિન સરકારી તથા ૩ ડિરેકટરોશ્રી સરકારી હોય છે. 6 બિન સરકારી ડિરેકટરમાં 1 અધ્યક્ષશ્રી, 1 ઉપાધ્યક્ષશ્રી અને બાકીના 4 ડિરેકટરર્સ હોય છે. અને 3 સરકારી સભ્યમાં 1 કાર્યપાલક નિયામક, 1,નાયબ સચિવ (આદજાતિ) અને 1 નાણાંકીય સલાહકારનો સમાવેશ થાય છે. જેની નિમણુંક રાજય સરકારશ્રી તરફથી કરવામાં આવે છે.*

*કર્તવ્યો – અધિનિયમની કલમ 16(1)અનુસાર ગુજરાતમાં વસતા આદિજાતી લોકોને આર્થિક રીતે પગભર થવા લોન/ધિરાણ નું કાર્ય હાથ ધરે છે. અને કરેલ ધિરાણની વસુલાતની કામગીરી અને સંલગ્ન તમામ પ્રકારની કાર્યવાહી હાથ ધરે છે.*

**કાર્યક્ષેત્ર –** *ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ 1972 ની જોગવાઈ અનુસાર કોર્પોરેશનને સમગ્ર ગુજરાત રાજ્યની આદિજાતિ પ્રજાના સામાજીક અને આર્થિક કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્ર પ્રાપ્ત થયેલ છે. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના સને 1972માં કરવામાં આવેલ છે. કોર્પોરેશનની રચના વખતે સને 1972 માં ગુજરાતમાં આદિજાતિની વસ્તીમા અંદાજે 3734422 ની હતી. અને ગુજરાતમાં 9જીલ્લામાં પ્રાયોજના કચેરીઓ અસ્તિત્વમાં હતી. ત્યાર બાદ સને 2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં કુલ વસ્તી 60439692 છે. જેમાં આદિજાતિની સંખ્યા 8917174 ની છે. આમ અંદાજે 39વર્ષમાં આદિજાતિની સંખ્યામાં ઉત્તરોતર વધારો થયેલ છે. આમ કુલ વસ્તીના લગભગ 14.75ટકા વસ્તી આદિજાતિની થાય છે. અને હાલમાં ગુજરાતના કુલ 33 જીલ્લાઓમાં 14 જીલ્લામા પ્રાયોજના કચેરીઓ અસ્તિત્વમાં છે. જેમાં પાલનપુર, ખેડબ્રહમા, મોડાસા, લુણાવાડા, ગોધરા, દાહોદ, છોટાઉદેપુર, રાજપીપળા, ભરૂચ, માંડવી, સોનગઢ, વાંસદા, વલસાડ અને ડાંગનો સમાવેશ થાય છે. આ જીલ્લાઓમાં પ્રાયોજના વહીવટદારશ્રી મારફતે કોર્પોરેશનની કામગીરી કરવામાં આવે*

*છે. જ્યા કોર્પોરેશનના એક આસી. મેનેજર તથા એક કલાર્ક કોર્પોરેશનની કામગીરી કરે છે. જ્યારે બિનઆદિવાસી વિસ્તારમા તકેદારી અધિકારી (આદિજાતિ) મારફતે કોર્પોરેશનની કામગીરી કરવામાં આવે છે.*

*અધિનિયમની કલમ* 16(2)*અનુસાર રાજ્યમાં વસતા અનુસૂચિત જનજાતિના સભ્યોની સામાજીક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની પ્રાથમિક ફરજ અનુસાર પોતાની મેળે અથવા બોર્ડ મંજુર કરે તેવા અનુ. આદિજાતિના મંડળો અથવા તેવી બીજી એજન્સીઓના સહયોગથી અથવાતેમની મારફતે કૃષિ વિકાસ કાર્યક્રમ, માર્કેટીંગ પ્રક્રિયા, ખેતીના ઉત્પાદનનો પુરવઠો અને સ્ટોરેજ, લઘુઉદ્યોગો, મકાનોના બાંધકામ, હેરફેર અને રાજ્ય સરકાર આ અર્થે મંજુર કરે તેવી બીજી પ્રવૃતિઓનું આયોજન કરવાનું રહે છે. હાલમાં કોર્પોરેશન દ્વારા નીચેની યોજનાઓ અમલમાં છે.*

**(1) મૂડી ભંડોળ હેઠળ ધિરાણ :-**

*રાજ્ય સરકારશ્રી તરફથી કોર્પોરેશનની પ્રવૃતિ હાથ ધરવા માટે રૂ.*50 *કરોડનું મુડી ભંડોળ મંજુર કરવામાં આવેલ છે. જે સને* 2017 *માં વધારી રૂ.* 65 *કરોડ કરવામાં આવેલ છે. સદરહુ મુડી ભંડોળમાંથી કોર્પોરેશન જુદા જુદા* 39 *વિનિયમોની રચના કરી નીચે જણાવેલ વિવિધ યોજનાઓ હેઠળ* 9 *ટકા થી* 14 *ટકા ના વ્યાજના દરે ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરે છે.*

**(2) સહકારી મંડળીના સભ્યને વ્યક્તિગત ધિરાણઃ-**

*મુડી ભંડોળમાંથી કોર્પોરેશન આદિવાસી લોકો કે જેવો સહકારી મંડળી સંસ્થાના સભ્ય હોય તેઓને ખેતી વિષયક , પશુ પાલન તથા સ્વરોજગારી હેઠળ નીચે જણાવેલ વિવિધ હેતુ માટે સહકારી મંડળી મારફતે આવેલ ધિરાણ દરખાસ્તો મંજુરીનું કાર્ય હાથ ધરે છે. જે મુજબ નીચેના હેતુઓ જણાવેલ છે.* 1) *દુધાળા ઢોર* 2) *બળદગાડા* 4) *ઓઈલ એન્જીન* 5) *ઈલે.મોટર* 6)*મત્સ્યોધોગ (જાળનેટ બોટ)* 7) *ઘેટા-બકરા-સસલા યુનિટ* 8)*પાઈપ-લાઈન માટે* 9)*જુના કુવા ઉંડા કરવા* 10)*ખાંડ ઉધોગ સહકારી મંડળીના સભ્યો થવા શેર લોન* 11)*સ્વરોજગારી ના ઉધોગ ધંધા માટે મૂડી ભંડોળ યોજના હેઠળ કોર્પોરેશન દ્વારા કુલ* 39*વિનિયમો બનાવી તે હેઠળ સંસ્થાગત ધિરાણ આપવામાં આવે છે. વિનિયમોની વિગત આ સાથે સામે રાખેલ છે હાલમાં સંસ્થાગત ધિરાણની માંગણી/દરખાસ્ત હોઈ ધિરાણ કરવામાં આવેલ નથી.*

**(3) વ્યાજ રાહત યોજના :-**

*આ યોજનામાં રાજ્ય સરકારની ગેરંટી સામે રાષ્ટ્રિયકૃત બેક્રો પાસેથી લોન લઈ* 4 *ટકાના વ્યાજના દરે આદિજાતિ લોકોને નીચેના હેતુઓ માટે ધિરાણ કરવામાં આવેલ છે.* 1. *દૂધાળા ઢોર* 2.*બળદ* 3. *બળદગાડા* 4 .*મરઘાઉછેર* 5.*મત્સ્ય ઉદ્યોગ*

6 .ઓઈલ એન્જીન 7.ઈલેક્ટ્રીક મોટર 8. કુટિર ઉદ્યોગ. આ યોજના સને 1977-78માં શરૂ કરવામાં આવી અને સને 1992-93સુધી ચાલુ રહી ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શક સુચનાઓ મુજબ સંકલિત ગ્રામ વિકાસ એજન્સછી અને અન્ય સહાય આધારીત યોજનાઓ હેઠળના લાભાર્થીઓને આ યોજના હેઠળ ધિરાણ આપી શકાતું ના હોઈ ધીમે ધીમે આ યોજનામાં પુરતા પ્રમાણમાં લાભાર્થીનો પ્રતિસાદ ઓછો થવાને કારણે આ યોજના બંધ થયેલ છે.

**(4) NSTFDCની યોજનાઓઃ-**

કોર્પોરેશન ધ્વારા ઈતિહાસમાં સને 1992-93ના વર્ષમાં પ્રથમવાર ઘનિષ્ટ પ્રયાસો દ્વારા કેન્દ્ર સ્થિત રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ/જનજાતિ નાણાં વિકાસ કોર્પોરેશન ન્યુ **દિલ્હી**ની નાણાકીય મદદ મેળવવા માટે ડેરી યુનીટની રૂ. 250 લાખની દરખાસ્ત કરવામાં આવેલ અને લાભાર્થીદીઠ 4 ગાયો/ભેંસો મળી કુલ 2000 ગાયો/ભેંસો મંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ સને 1994-95માં આદિજાતિ ના લાભાર્થીઓ તરફથી જુદા જુદા પ્રકારના વાહનો મેળવવાની માંગને ધ્યાને લઈ મારૂતીવાન,એમ્બેસડર, ઓટોરિક્ષા બજાજ,ડીઝલ કેરિયર રિક્ષા, મિનીટ્રક 407 લટ્રેકટર, વીટ ટ્રોલી, ઓઈલ એન્જીજ/ઈલે.મોટર વિગરે હેતુઓ માટેધિરાણ કરવાનું શરૂ કરવામાં આવ્યું.

**(5) સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણઃ-**

કોર્પોરેશન તરફથી ફક્ત સહકારી મંડળીના આદિજાતિ સભ્યોને વિવિધ હેતુ માટે ધિરાણ કરવાની જોગવાઈ હતી.જેને કારણે જે આદિવાસી લોકોને સહકારી મંડળીના સભ્યો ન હતા તેઓ ધિરાણના લાભથી વંચિત રહેતા હતા જે અન્વયે રજૂઆત કરતા સરકારશ્રીએ જાહેરનામાં-ખ-શ-પ-ટી-ડી-સી-1095-1702-77તાઃ-5-9-1997ના રોજ વ્યક્તિગત ધિરાણની મંજુરી આપેલ છે. જેમાં આદિજાતિ લોકોની વાર્ષિક આવક મર્યાદા રૂ. 1 લાખ રાખવામાં આવેલ છે. રૂ.5 લાખ સુધીનું ધિરાણ નાના મોટા રોજગાર ધંધા ઉદ્યોગ માટે લોન ધિરાણ પુરૂં પાડવામાં આવે છે. હાલ 85 હેતુઓ માટે સ્વરોજગારી હેઠળ ધિરાણ કરવામાં આવે છે.

**(6) આઈ.ડી.પી.યોજના હેઠળ યોજનાઃ-**

આ યોજના વર્ષ 2007-08થી શરૂ કરવામાં આવેલ છે. યોજના હેઠળ આદિજાતિના લોકોને દુધાળા ઢોર ખરીદવા માટે યુનિટ દીઠ રૂા.20,000/-પ્રમાણે ધિરાણ મળવાપાત્ર છે. વ્યાજનો દર 4ટકા છે. સંબધિત જીલ્લા ડેરી (સંઘો) મારફતે ધિરાણ કરવામાં આવે છે.

**(7) અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેની શિક્ષારૂણ યોજના (NSTFDC):-**

*આ યોજના વર્ષ 2012-13થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના વિદ્યાર્થીઓને ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે NSTFDC દ્વારા રૂા.5 લાખની મર્યાદામાં ધિરાણ મળવાપાત્ર છે. વ્યાજનો દર 6 ટકા છે.*

**(8) વકીલ સહાયની યોજના :-**

*આ યોજના વર્ષ 2000-01થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો વ્યવસાય શરૂ કરવા માટે પ્રથમ વર્ષ માટે માસિક રૂા.1,000/-લેખે રૂા.12,000/-તથા બીજા વર્ષ માટે માસિક રૂા.800/-લેખે તથા રૂા.9,600/-તથા ત્રીજા વર્ષ માટે માસિક રૂા. 600/- લેખે રૂા. 7,200/-એમ મળીને કુલ રૂા. 28,800/-નું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે. સિનિયર વકીલને માસિક રૂા.500/-લેખે ત્રણ વર્ષ સુધી રૂા.18,000/-નું એલાઉન્સ આપવામાં આવે છે.*

**(9) કાયદા સ્નાતકોને વકીલાતની સ્વતંત્ર પ્રેકટીસ કરવા માટે નાણાકીય લોન/સહાયની યોજનાઃ-**

*આ યોજના વર્ષ 2000-01થી શરૂ કરવામાં આવેલ છે. યોજના હેઠળ આદિજાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની સ્વતંત્ર પ્રેકટીસ કરવા માટે લોન રૂા.5,000/-તથા સહાય રૂા.7,000/-એમ મળીને કુલ રૂા. 12,000/-મળવાપાત્ર છે. વ્યાજનો દર 4 ટકા છે.*

**(10) વિદેશ અભ્યાસ માટે નાણાકીય ધિરાણની યોજનાઃ-**

*આ યોજના વર્ષ 2000-01 થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના લાભાર્થીને કોઈપણ દેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે લોન આપવામાં આવે છે. સદર યોજના હેઠળ કોઈ આવક મર્યાદા નથી..રૂા.15 લાખ સુધી 4% ના વ્યાજના દરે આપવામાં આવે છે. તેમજ લાભાર્થીનો અભ્યાસ પૂર્ણ થયા બાદ છ માસ પછી એક સરખા 60 મસિક હપ્તામાં વ્યાજ સહિત વસુલાતની રકમ લાભાર્થીએ ભરપાઈ કરવાની રહે છે.*

**(11) કોર્મશિયલ પાયલોટના લાયસન્સની તાલીમ માટે નાણાંકીય ધિરાણની યોજનાઃ-**

*આ યોજના વર્ષ 2000-01 થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના વિદ્યાર્થીને સ્વદેશ તેમજ વિદેશમાં કોર્મશીયલ પાયલોટ ટ્રેનિંગ માટે લોન આપવામાં આવે છે. સદર યોજના હેઠળ કોઈ આવક મર્યાદા નથી. રૂ.25 લાખ સુધી 4% વ્યાજના દર થી ધિરાણ આપવામાં આવે છે. તેમજ લાભાર્થીને લોન ચુકવણી થયાની*

*તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત દસ વર્ષમાં મુદ્દલ અને બે વર્ષમાં વ્યાજ એમ બાર વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઈ કરવાની રહે છે.*

**(12) શિક્ષિત બેરોજગાર યુવાનોને પ્રેટ્રોલપંપ, ગેસ, કેરોસીન/ફૂડ વિતરણની એજન્સી માટે નાણાંકીયલોન/સહાય યોજનાઃ-**

*આ યોજના વર્ષ 2000-01થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના લાભાર્થીઓને શિક્ષિત બેરોજગાર યુવાનોને બેંક કે અન્ય નાણાકીય સંસ્થાના ધિરાણના 25ટકા અને મહત્તમ રૂા. 2,00,000/-સુધીની માર્જીનની લોન મળવાપાત્ર છે. વ્યાજનો દર 14 ટકા છે.*

**(13) ધોરણ-12 પછી એમ.બી.બી.એસના અભ્યાસક્રમમાં સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનેબધા સત્રની ફી ભરવા માટે લોનઃ-**

*આ યોજના વર્ષ 2014-15 થી શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર તરફથી ધોરણ-12પછી એમ.બી.બી.એસના અભ્યાસક્રમમાં સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને ફી નિર્ધારિણ સમિતિ ટ્યુશન ફી વખતોવખત નકકી કરે તે પ્રમાણે લોન આપવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.2.50લાખ છે. વિદ્યાર્થીનીઓ માટે કોઈ આવક મર્યાદા નથી.*

**(14) નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે લોન (બેંકેબલ યોજના) :-**

*આદિજાતિના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે બેંક દ્રારા શહેરી વિસ્તારમાં રૂા.10.00લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.5.00લાખની મર્યાદામાં લોન આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના 4 ટકા સુધી વ્યાજ સબસીડી તરીકે ચુકવવામાં આવે છે. મહત્તમ રૂા.15,000/- ની સબસીડી 3 વર્ષ દરમ્યાન ચુકવવામાં આવે છે.*

**(15) એમ.ડી.અથવા એમ.એસ.(પોસ્ટ ગ્રેજ્યુએટ) ડૉક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજનાઃ-**

*આ યોજના વર્ષ 2001-02થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના પોસ્ટ ગ્રેજ્યુએટ ડૉક્ટર્સને બેંક કે અન્ય નાણાકીય સંસ્થાના ધિરાણ સામે રૂા.1.50લાખના અધિકતમ ધિરાણના 25ટકા અને મહત્તમ રૂા.50,000/-ની મર્યાદામાં માર્જીનમની લોન મળવાપાત્ર છે. વ્યાજનો દર 4 ટકા છે.*

**(16) મેડિકલ ડીગ્રી (એમ.બી.બી.એસ, બી.એસ.એ.એમ., બી.એ.એમ.એસ., બી.ડી.એસ.) મેળવેલ ડૉક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજનાઃ-**

*આ યોજના વર્ષ* 2001-02*થી શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિના ડોક્ટરોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા.*40,000/-*અને સહાય રૂા.*25,000/-*મળવાપાત્ર છે. વ્યાજનો દર* 4 *ટકા છે.*

**(સંદર્ભઃગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરશન ગુજરાત સરકાર)**
**(https://adijatinigam.gujarat.gov.in/introduction)**

❖ **કાર્યપદ્ધતિ :**

*અધિનિયમની કલમ*-16 (1)*અનુસાર ગુજરાત રાજ્યમાં વસતાં આદિજાતિ સભ્યોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે. અધિનિયમ ની કલમ*-16 (2)*અનુસાર રાજ્યમાં વસતાં અનુસૂચિત જનજાતિના સભ્યો ની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની પ્રાથમિક ફરજ અનુસાર પોતાની મેળે અથવા બોર્ડ મંજૂર કરે તેવા અનુસૂચિત આદિજાતિ નાં મંડળો અથવા તેવી બીજી એજન્સીઓનાં સહયોગથી અથવા તેમની મારફતે કૃષિ વિકાસ કાર્યક્રમો, માર્કેટિંગ પ્રક્રિયા ખેતીના ઉત્પાદનનો પુરવઠો અને સ્ટોરેજ, લઘુઉદ્યોગ, મકાનોનાં બાંધકામ, હેરફેર અને રાજ્ય સરકાર આ અર્થે મંજૂર કરે તેવી બીજી પ્રવૃતિઓનું આયોજન કરવાની અને તે શરૂ કરવાની કામગીરી હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્ર પ્રાપ્ત થયેલ છે.જે અન્વયે હાલ નિગમ તરફથી નીચેની યોજનાઓ કાર્યરત છે.*

*સરકારશ્રી તરફથી મૂડી ભંડોળ પેટે રકમ ચુકવવામાં આવે છે જેમાંથી નીચેની યોજનાઓમાં કામગીરી કરવામાં આવે છે –*

(1) *મૂડી ભંડોળ હેઠળ ધિરાણ - આ યોજનામાં સહકારી મંડળી અને સહકારી મંડળીના સભ્યને વ્યકિતગત ધિરાણ કરવામાં આવે છે.*
(2) *સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણ*
(3) *શિક્ષિત બેરોજગાર યુવાનોને પ્રેટ્રોલપંપ, ગેસ, કેરોસીન/ફૂડ વિતરણની એજન્સી માટે નાણાકીય લોન/સહાય યોજના*
(4) *એમ.ડી.અથવા એમ.એસ.(પોસ્ટ ગ્રેજ્યુએટ) ડોક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજના*
(5) *મેડિકલ ડીગ્રી (એમ.બી.બી.એસ, બી.એસ.એ.એમ., બી.એ.એમ.એસ., બી.ડી.એસ.) મેળવેલ ડોક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજના.*

❖ **રાજય સરકાર દ્વારા નીચેની યોજનાઓ માટે દરવર્ષે ગ્રાન્ટ આપવામાં આવે છે.**

1 *વકીલ સહાયની યોજના*

2 *કાયદા સ્નાતકોને વકીલાતની સ્વતંત્ર પ્રેકટીસ કરવા માટે નાણાકીય લોન/સહાયની યોજના*

3 *વિદેશ અભ્યાસ માટે નાણાકીય ધિરાણની યોજના*

4 *કોર્મશિયેલ પાયલોટના લાયસન્સની તાલીમ માટે નાણાકીય ધિરાણની યોજના*

5 *ધોરણ*-12 *પછી એમ.બી.બી.એસના અભ્યાસક્રમમાં સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને બધા સત્રની ફી ભરવા માટે લોન*

6 *નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે લોન (બેક્રેબલ યોજના) આમ ઉપર મુજબની યોજનાઓ નો આદિજાતિના લોકોને નિગમ તરફથી લાભ આપવામાં આવે છે.*

❖ **કેન્દ્ર સરકારના નેશનલ શીડયુલ ટ્રાઈબ નાણાં વિકાસ નિગમ ન્યુ દિલ્હી ધ્વારા ગ્રાન્ટ મેળવી નીચેનીયોજનાઓ અમલમાં છે –**

(1) NSTFDC*ની યોજનાઓ-આદિજાતિના લાભાર્થીઓ તરફથી જુદા જુદા પ્રકારના વાહનો મેળવવાની માંગને ધ્યાને લઈ મારૂતીવાન, ઓટોરિક્ષા બજાજ,ડિઝલ કેરિયર રિક્ષા, મીનીટ્રક* 407, *ટ્રેકટર વિથ ટ્રોલી, ઓઈલ એન્જીન/ઈલે.મોટર વિગરે હેતુઓ માટેધિરાણ કરવાનું શરૂ કરવામાં આવ્યું.છે*
(2)*આઈ.ડી.પી.યોજના હેઠળ યોજનાઃ*-3)*અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેની શિક્ષારૂણ યોજના* (NSTFDC).
**(સંદર્ભઃ ગુજરાત આદિજાતિ કોર્પોરશન ગુજરાત સરકાર)**
**(https://adijatinigam.gujarat.gov.in/ass[a]s/downloads/Annual-2021-21.pdf)**

❖ **ગુજરાત આદિજાતિ કોર્પોરશનના આદિજાતિ વિકાસમાટે ની યોજનાઓ અને વિકાસ** *સંસ્થાગત ધિરાણ મૂડી ભંડોળમાંથી કોર્પોરેશન આદિવાસી વિસ્તારમાં આદિવાસી વ્યક્તિઓની બહુમતી ધરાવતી સંસ્થાઓને તેમના વિસ્તારમાં વિવિધ પ્રવૃતિ હાથ ધરવા માટે અને તેનો લાભ આદિવાસી વ્યક્તિઓને મળી રહે તે માટે નીચેના હેતુઓ માટે* 14*ના વ્યાજે ધિરાણ કરવામાં આવે છે.*

❖ *જીવન જરૂરી ચીજ /વસ્તુ તથા નિયંત્રણ હેઠળ ની ચીજ/ વસ્તુ ના વેચાણ માટે*

- *ગ્રાહક પ્રવૃતિ માટે ધિરાણ*
- *ખેત પેદાશની ખરીદ વેચાણ પ્રવૃત્તિ*
- *જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવા*
- *પિયત યોજના (ઉદ્દવહન સિંચાઈ)*
- *ઔદ્યોગિક મંડળીને મૂડી અને કામકાજના ભંડોળ માટે ધિરાણ*

- *ગોડાઉન બાંધકામ માટે મૂડી ધિરાણ*
- *સંસ્થાના કામકાજ માટે વાહન ખરીદવા ધિરાણ (ટ્રેક્ટર)*
- *સહકારી મંડળીના સભ્યને વ્યક્તિગત ધિરાણ મૂડી*
- *દૂધાળા ઢોર*
- *બળદગાડા*
- *ઓઈલ એન્જીન*
- *ઈલે. મોટર*
- *મત્સ્યોદ્યોગ (જાળનેટ બોટ)*
- *ઘેટા બકરાં-સસલાં યુનિટ*
- *પાઈપ-લાઈન માટે*
- *જૂના કૂવા ઊંડા કરવા*
- *ખાંડ ઉદ્યોગસહકારી મંડળીના સભ્ય થવા શેરલોન*
- *સ્વરોજગારીના ઉદ્યોગધંધા માટે.*

❖ **સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણ**

*કોર્પોરેશન તરફથી ફક્ત સહકારી મંડળીના આદિજાતિ સભ્યોને વિવિધ હેતુ માટે ધિરાણ કરવાની જોગવાઈ હતી જેને કારણે જે આદિવાસી વ્યક્તિઓ સહકારી મંડળીના સભ્ય ન હતા તેઓ ધિરાણના લાભથી વંચિત રહેતા હતા જે અન્વયે રજૂઆત કરતાં સરકારશ્રીએ જાહેરનામા -ખ-શ-૫-ટી-ડી-સી* 1095-1702-77-77 *તા.* 5-9-97*ના રોજ વ્યક્તિગત ધિરાણની મંજૂરી આપેલ છે. જે અન્વયે મૂડીભંડોળ જે આદિવાસી વ્યક્તિ વાર્ષિક એક લાખ* (1*લાખ)ની મર્યાદામાં આવક ધરાવે છે. તેઓની નીચે જણાવેલ હેતુ માટે યોજના અનુસાર રૂ .* 5 *લાખ સુધીનું ધિરાણ, નાના મોટા રોજગારધંધા ઉદ્યોગ માટે લોનનું ધિરાણ પૂરૂં પાડવામાં આવે છે.*

- *કડિયા કામ*
- *સુથારી કામ*
- *લુહારી કામ*
- *ઝેરોક્ષ મશીન*
- *દરજી કામ*
- *કરિયાણાની દુકાન*
- *પ્રોવિઝન સેટર્સ*
- *કમ્પ્યૂટર મશીન*
- *મંડપ ડેકોરેશન*
- *રસોઈના વાસણ*
- *ફોટો ફ્રેમનો ધંધો*

- સાયકલ રિપેરીંગ
- ફોટો સ્ટુડીઓ
- ઈલેક્ટ્રોનિક્સ સાધન
- ઘડિયાળ રીપેરીંગ
- સેન્ટીંગ કામના સાધનો
- વેલ્ડિંગ મશીન
- બેન્ડવાજા
- પાનનો ગલ્લો
- માઈક સેટ
- કંગન સ્ટોર્સ
- એગ્રો સર્વિસ સ્ટેશન
- એમ્બ્રોડરી મશીન
- સિમેન્ટની હોલ સેલ દુકાન
- મીની રાઈસ/દાળ મીલ
- સિરામીક
- ફરાસખાના
- પ્રિન્ટીંગ પ્રેસ
- સ્પેર પાર્ટ્સની દુકાન
- કાપડની દુકાન
- અનાજ દળવાની ઘંટી
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન આદિજાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન યોજના સરકારશ્રી દ્વારા કોર્પોરેશનને તબદિલ કરવામાં આવે છે આદિજાતિ પેટા વિસ્તારના વિદ્યાર્થીઓને જે તે વિસ્તારની આદિજાતિ વિભાગ હેઠળ ચાલતી પ્રાયોજના વહીવટદારશ્રીની ભલામણથી દરખાસ્ત મોકલવાની હોય છે.

- **કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/ટ્રેઈની પાયલોટ યોજનાઃ**

આદિજાતિઓ તાલીમ માટે લોન આ યોજના સરકારશ્રી દ્વારા કોર્પોરેશનને તબદીલ કરવામાં આવે છે. લોન આપ્યા તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત 10 વર્ષમાં મુદ્દલ અને 2 વર્ષમાં વ્યાજ એમ 12 વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઈ કરવાની હોય છે.

❖ **અનુસુચિત જનજાતિના કાયદાના સ્નાતકોને સહાય કરવાની યોજનાઃ**

*અનુસુચિત જનજાતિના કાયદાના સ્નાતકોને સહાય કરવાની યોજના સરકારશ્રી દ્વારા આદિજાતિ વિભાગ યોજના અમલી કરવામાં આવેલ છે. અનુસૂચિત જનજાતિના વ્યક્તિ કાયદાના સ્નાતક હોવા જોઈએ સિનિયર વકીલના હાથ નીચે પ્રેક્ટીસ કરતા હોવા જોઈએ, સાથે સિનિયર વકીલનો પ્રેક્ટીસનો ઓછામાં ઓછો 7 વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. આદિજાતિ પેટા વિસ્તાર સિવાયના લાભાર્થીએ તકેદારી અધિકારીશ્રી મારફત ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનને દરખાસ્ત રજૂ કરવાની હોય છે.*

❖ **ઈન્ટિગ્રેટેડ ડેરી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (આઈ.ડી.ડી.પી):**

*ઈન્ટિગ્રેટેડ ડેરી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (આઈ.ડી.ડી.પી) યોજના એન.એસ.ટી.એફ.ડી.સી. (નેશનલ શિડ્યુલટ્રાઈબ ફાયનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન) નવી દિલ્હી પુરસ્કૃત આ યોજના સને 2007-08 થી શરુ કરવામાં આવેલ છે.*

❖ **અનુસૂચિત જનજાતિના મેડિકલ ડિગ્રી મેળવેલ ડૉક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન/સહાયની યોજનાઃ**

*અનુસૂચિત જનજાતિના મેડિકલ ડિગ્રી મેળવેલ* **ડૉક્ટર્સને** *સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન/સહાયની યોજના. સને 2000-01થી સદર યોજના સરકારશ્રીએ કોર્પોરેશનને તબદીલ કરવામાં આવે છે. આ યોજનાનો લાભ અનુસુચિત જનજાતિના મેડિકલ ડિગ્રી ધરાવતા રજીસ્ટર્ડ પ્રેક્ટીસનરને જ આપવામાં આવશે. ઉડાણ અને સંતરામપાળ આદિજાતિ/ગ્રામ્ય વિસ્તારોમાં જ દવાખાનું ખોલનારને અગ્રતા આપવામાં આવે છે.*

❖ **અનુસૂચિત જનજાતિના એમ.ડી. અથવા એમ.એસ. (પોસ્ટ ગ્રેજ્યુએટ) ડૉક્ટર્સને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન/સહાયની યોજનાઃ**

*અનુસુચિત જનજાતિના એમ.ડી. અથવા એમ.એસ. (પોસ્ટ ગ્રેજ્યુએટ) ડૉક્ટર્સને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન/સહાયની યોજના. સને 2000-01થી સદર યોજના સરકારશ્રીએ કોર્પોરેશનને તબદીલ કરવામાં આવે છે.*

❖ **નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે નાણાકીય લોન/સહાયની યોજના.**

*નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે નાણાકીય લોન/સહાયની યોજના. સને 2000-01થી સદર યોજના સરકારશ્રીએ કોર્પોરેશન દ્વારા અમલી કરવામાં આવેછે.*

## ❖ મહિલા સશક્તિકરણ યોજનાઃ

*અરજદાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સભાસદ તથા બીપીએલ કુટુંબનો હોવો જોઈએ. આ યોજના હાલ ફક્ત પંચમહાલ ડેરી, બરોડા ડેરી, બનાસ ડેરી, સાબર ડેરી અને પીટીજી ગ્રુપ હેઠળ સુમુલ ડેરી તેમજ વાંસદા વસુધારા ડેરીની મંજુર થયેલ યોજના હેઠળ તે વિસ્તારના કલસ્ટર વિસ્તારના ગામોના લાભાર્થી જ આ યોજનામાં સાંકળવામાં આવેલ છે.*

**(સંદર્ભ- ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગુજરાત સરકાર https://adijatinigam.gujarat.gov.in/home?lang=Gujarati)**

## ❖ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ.સેગ) દ્વારા આદિજાતિ વિકાસ

*ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ.સેગ)ની રચના આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્યના તારીખ 5મી એપ્રિલ, 2007ના ઠરાવથી સ્થાપવામાં આવેલ સ્વાયત્ત સંસ્થા છે. ડિ.સેગ.ની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન અધિનિયમ 1860અને મુંબઈ પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ 1950 નીચે કરવામાં આવી છે અને તેના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ છે જેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક માળખાઓના વિકાસ માટે વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમનુ અમલીકરણ કરી, માનવ વિકાસ સૂચકઆંકમાં વધારો કરવો જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.*

- *રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો.*
- *આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો કરવો.*
- *કૃષિની ઉત્પાદક્તામાં વધારો કરવા માટે સિચાંઈની સગવડતા.*
- *વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા.*
- *શહેરી વિકાસ*

*ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી (ડિ-સેગ), આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગુજરાતના 4 આદિવાસી તાલુકાઓમાં પ્રાયોગિક ધોરણે ટેકનોલોજી આધારિત નાણા સમાવેશક પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે. બંધારણની કલમ 275(1)હેઠળ ભારત સરકારે ઉક્ત તાલુકાઓમાં નાણા સમાવેશક માટેની આ યોજના રાખેલ છે.*

**(સંદર્ભ- ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી (ડિ-સેગ), આદિજાતિ વિકાસ વિભાગ ગુજરાત સરકાર**
(https://dsag.gujarat.gov.in/technology-based-financial-inclusion-project?lang=Gujarati)

## ❖ આદિજાતિ વિકાસમાટે બંધારણની કલમ 275(1)હેઠળની ગ્રાન્ટઃ

*દેશની સંસદ, કાયદો ઘડીને દર વર્ષે ભારતના એકત્રિત ભંડોળમાંથી રાજ્યોને મહેસુલી આવક તરીકે ગ્રાન્ટ ઈન એઈડ સ્વરૂપે મંજૂર કરે જને સંસદ સહાય માટે આવશ્યક ગણે તે રકમ. આ રકમ રાજ્યે રાજ્યે અલગ હોઈ શકે.*

ભારતના એકત્રિત ભંડોળમાંથી રાજ્યની મહેસુલી આવક તરીકે ગ્રાન્ટ ઈન એઈડ સ્વરૂપે એવી મૂડી રૂપિયા અને આવર્તક રકમ ચૂકવવામાં આવશે. જે તે રાજ્યને ભારત સરકારની મંજૂરીથી તે રાજ્યની અંદર અનુસૂચિત જનજાતિઓના કલ્યાણલક્ષી કાર્યક્રમોને આગળ ધપાવવા તેમજ અનુસૂચિત જનજાતિઓનુ સ્તર ઊંચુ લાવવા અથવા અનુસૂચિત વિસ્તારોની અંદર વહિવટની કક્ષા ઊંચી લાવવા જેથી કરીને તે વિસ્તારોનું વહીવટીતંત્ર રાજ્યના અન્ય ભાગોનાં વહીવટીતંત્રની સમકક્ષ બની રહે, જેવા કાર્યક્રમો હાથ ધરે તે માટે ઉપયોગી બને.

(અ) વળી, ભારતના એકત્રિત ભંડોળમાંથી આસામ રાજ્યને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે તેની મહેસુલી આવક તરીકે એટલી મૂડી ખર્ચ અને આવર્તક રકમ ચૂકવાશે. જેટલી રકમ આ બંધારણના અમલમાં  આવેલ હોય. તેની તુરત જ પૂર્વેના બે વર્ષ દરમિયાન તે રાજ્ય તેની મહેસુલી આવક કરતા સરેરાશ જેટલો ખર્ચનો વધારો બંધારણની છઠ્ઠી અનુસૂચિના ફકરા 20ની સાથે જોડેલ ટેબલ1માં નિર્દિષ્ટ કરેલા આદિજાતિ વિસ્તારોના વહીવટી ખર્ચ માટે થયો હોય.

(બ) રાજ્યે ભારત સરકારની મંજૂરીથી સદર વિસ્તારોના વહીવટની કક્ષા તે રાજ્યના બાકીની વિસ્તારોના વહીવટની સમકક્ષ લઈ આવવા માટેની યોજનાઓ વિકસાવીને તે યોજના પાછળ જેટલુ પણ ખર્ચ કર્યું હોય.

(1-A)બંધારણની કલમ 244-Aનીચે સ્વાયત્ત રાજ્ય રચવા માટે - જો તે સ્વાયત્ત રાજ્ય માત્ર ઉપર દર્શાવ્યા પ્રકારના આદિવાસી વિસ્તારોનું જ બનેલુ હોય તો બીજી જોગવાઈની પેટા કલમ (1)ના પેટા ખંડ (અ)નીચે તે રકમ સ્વાયત્ત રાજ્યને ચુકવવી અને તે સ્વાયત્ત રાજ્યમાં બધા નહિ માત્ર અમુક જ આદિવાસી વિસ્તારો આવેલ હોય તો ભારતના રાષ્ટ્રપતિ જે પ્રમાણે આદેશ કરે તો તે પ્રમાણે રકમ તે સ્વાયત્ત રાજ્ય તથા આસામ રાજ્ય વચ્ચે વહેંચવી.

ભારતના એકત્રિત ભંડોળમાંથી તે સ્વાયત્ત રાજ્યોને ગ્રાન્ટ ઈન એઈડ સ્વરૂપે તેની મહેસુલી આવક તરીકે એટલી મૂડીખર્ચ અને આવર્તક રકમ ચૂકવાશે. જેટલી રકમ તે સ્વાયત્ત રાજ્યે ભારત સરકારની મંજૂરીથી સદર રાજ્યની વહીવટ કક્ષા આસામના રાજ્યની વહીવટની કક્ષા સમકક્ષ લઈ જવા માટે યોજનાઓ વિકસાવીને તે યોજનાઓ પાછળ જેટલુ પણ ખર્ચ કર્યું હોય.

જ્યા સુધી ભારતની સંસદ દ્વારા પેટા કલમ (1)નીચે એવી જોગવાઈ ન કરવામાં આવે ત્યાં સુધી તે પેટા કલમ નીચે સંસદમાં નિશ્ચિત કરેલ સત્તાઓનો ઉપયોગ રાષ્ટ્રપતિ હુકમો જારી કરવા માટે કરી શકાશે અને આ પેટા કલમ નીચે રાષ્ટ્રપતિશ્રીએ બહાર પાડેલ કોઈ પણ હુકમ ભારતની સંસદ જે જોગવાઈ કરે તેને આધીન રહેશે.પરંતુ જ્યારે કોઈ

*નાણા પંચ રચવામાં આવ્યું હોય ત્યારે રાષ્ટ્રપતિ આ પેટા કલમ નીચે નાણાં પંચની ભલામણો ધ્યાનમાં લીધા વિના કોઈ હુકમ જારી કરી શકશે નહિ.*

**(સંદર્ભ- આદિજાતિ વિકાસ કમિશ્નર ગુજરાત સરકાર <u>https://comm-tribal.gujarat.gov.in/grant-under-article-751? Lang = Gujarati</u>)**

## 15.3 સારાંશ

*ભારત દેશ વિકસિત દેશ થવા તરફ ગતિ કરી રહ્યો છે ત્યારે શહેરી વિકાસની સાથે સાથે ગ્રામીણ, પછાત વિસ્તારો અને ખાસ કરીને આદિવાસી વિસ્તારો તથા સમુદાયોનો વિકાસ થવો અત્યંત આવશ્યક છે. ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવતી યોજનાઓ સમગ્ર સમાજના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. જુદી-જુદી યોજનાઓની અસર આદિવાસી વિસ્તારો પર પણ પડી છે, આથી જ આદિવાસી સમુદાયનો વિકાસ ઝડપી બન્યો છે. તેમ છતાં વિકાસ પ્રક્રિયામાં કેટલીક મર્યાદાઓ પણ રહેલી છે, જેમ કે, પરંપરાગત આદિવાસી સંસ્કૃતિ નષ્ટ પામી રહી છે. આદિવાસી નીતિ તથા કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવાની સાથે-સાથે આદિવાસી સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે પ્રત્યનો કરવા આવશ્યક છે.*

## 15.4 તમારી પ્રગતિ ચકાસો.

**(અ) નીચે આપેલ પ્રશ્નોનાં ઉત્તર દસ લીટીમાં આપો.**

1. *વર્ષ* 2011 *મુજબ, કોઈપણ પાંચ જીલ્લાઓના આદિવાસીઓની વસ્તીનું પ્રમાણ દર્શાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2 રાજ્ય સરકારે આપેલ વનબંધુ કલ્યાણ યોજનાના મુખ્ય ચાવીરૂપ ઉદ્દેશો વિષે સવિસ્તાર સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. કન્યા સાક્ષરતા અંગેનો આદિજાતિ વિકાસ અંગેની યોજનાઓ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. ગુજરાત આદિજાતિ કોર્પોરેશન દ્વારા આદિવાસી વિકાસ માટે કરવામાં આવતી કામગીરી જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

....................................................................

....................................................................

....................................................................

5. *ગુજરાત આદિજાતી કોર્પોરેશનના આદિજાતિ વિકાસમાટે ની યોજનાઓ અને વિકાસ વિગતવાર સમજાવો.*

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

**2. ___________ ની વસતિ ગણતરી અનુસાર રાજ્યની કુલ વસતિ 604.39લાખ હતી**

*(અ)* 2021 *(બ)* 2011 *(ક)* 1991 *(ડ)* 1981

**1. આદિવાસી વિસ્તારમાં કુલ ___________ તાલુકાઓ 15 પોકેસ્ટ અને4કલસ્ટર આવેલાં છે.**

*(અ)* 50 *(બ)* 49 *(ક)* 48 *(ડ)* 47

**2. ભારતીય બંધારણના અનુચ્છેદ ___________ અનુસાર રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા ઉપર નિમણૂંક અંગેની બાબતમાં તમામ નાગરીકો માટે તકની સમાનતા રહેશે.**

*(અ)* 16 (1) *(બ)* 15 *(ક)* 15 (1) *(ડ)* 14

**3. ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયે ___________ થી "કન્યા નિવાસી શાળા" ની યોજના જાહેર કરેલ છે.**

*(અ)* 2002 *(બ)* 2004 *(ક)* 2006 *(ડ)* 2008

**4. ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ.સેગ)ની રચના આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ___________ ના ઠરાવથી સ્થાપવામાં આવેલ સ્વાયત્ત સંસ્થા છે.**

*(અ)* 2006 *(બ)* 2007 *(ક)* 2008 *(ડ)* 2009

## 15.5 ચાવીરૂપ શબ્દો

1. **અનુસૂચિ :-** *ભારતીય સંવિધાનનાં ભાગ-*19*અનુચ્છેદ* – 366*નાં ક્રમ* 23 *દર્શાવ્યા મુજબ, "અનુસૂચિ" એટલે આ સંવિધાનની અનુસૂચિ.*
2. **અનુસૂચિત વિસ્તારો :-** *ભારતીય બંધારણ મુજબ, એવા વિસ્તારો કે જેને રાષ્ટ્રપતિએ હુકમ જારી કરીને અનુસૂચિત વિસ્તારો તરીકે જાહેર કર્યા હોય.*
3. **આદિવાસી વિસ્તારો :-** *ભારતીય બંધારણ માં દર્શાવેલ અનુચ્છેદ* 244(1)*અને* 244(2)*માં દર્શાવેલ ક્ષેત્રો*
4. **અનુસુચિત જનજાતિઓ :-** *ભારતના બંધારણમાં આદિવાસીઓ તરીકે ઓળખાય છે.*

## 15.6 સંદર્ભ સુચિ


1. *આદિજાતિ વિકાસ કમિશ્નર ગુજરાત રાજ્ય, અનુસૂચિ આદિજાતિ માટે બંધારણમાં અનામત નીતિ*
2. *સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગુજરાત સરકાર*
3. vanbandhu_ten_point.pdf (gujarat.gov.in)
4. https://sje.gujarat.gov.in/ass[a]s/downloads/pripatr_3105_117_r.pdf
5. https://sje.gujarat.gov.in/ass[a]s/downloads/pripatr_3100_249_2.pdf
6. https://sje.gujarat.gov.in/information/1536


## 15.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરોનાં જવાબો.**

1. *(બ)* 2011
2. *(ક)* 48
3. *(અ)* 16(1)
4. *(ડ)* 2008
5. *(બ)* 2007

એકમ - 16

# અન્ય પછાતવર્ગો માટે નિમાયેલ પંચ : (1) બક્ષીપંચ (2) મંડલપંચ અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ

:: રૂપરેખા ::


16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 અન્ય પછાતવર્ગો – પરિભાષા

16.3 અન્ય પછાતવર્ગો માટે નિમાયેલ પંચ : (1) બક્ષીપંચ

(2) મંડલપંચ અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ

16.4 ગુજરાત રાજયની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદી

16.5 અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ

16.6 સારાંશ

16.7 તમારી પ્રગતિ ચકાસો

16.8 ચાવીરૂપ શબ્દો

16.9 સંદર્ભ સૂચિ

16.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 16.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,*

- *અન્ય પછાતવર્ગો વિશે જાણી શકશો.*
- *અન્ય પછાતવર્ગોના કમિશન-પંચ વિશે ખ્યાલ આવશે.*
- *અન્ય પછાતવર્ગોના બક્ષીપંચ વિશે જાણી શકશો.*
- *અન્ય પછાતવર્ગોના મંડલપંચ વિશે જાણી શકશો.*
- *ગુજરાતની અન્ય પછાતવર્ગોના સમૂહોને જાણી શકશો.*
- *અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસની પ્રક્રિયા વિશે જાણી શકશો.*

## 16.1 પ્રસ્તાવના

*આઝાદી પછી સંવિધાન સભાએ દેશમાં વહેલી તકે વર્ગ વિહીન અને જ્ઞાતિવિહીન સમાજની સ્થાપના થાય તેવું ધ્યેય રાખી મુખ્યત્વે અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ઉત્કર્ષ માટે વિશેષ ચિંતા કરીને ઐતિહાસિક અન્યાયને લક્ષમાં રાખીને ભારતીય બંધારણમાં તેના રક્ષણની*

*અને ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને પૂરતું પ્રતિનિધિત્વ મળી રહે તે માટે અનામતની વ્યવસ્થા કરવામાં આવી. સાથે-સાથે આ બે જૂથ સમૂહો ઉપરાંત ભારત અને ગુજરાતમાં ઘણી બધી બીજી જ્ઞાતિઓ એવી હતી જેમની શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય જ્ઞાતિઓની તુલનામાં વિકાસનું સ્તર પ્રમાણમાં ખૂબ જ ઓછું હતું. પરંતુ આઝાદી પછી તે બધી જ્ઞાતિઓના ઉત્કર્ષ માટે ભારતીય બંધારણમાં જોગવાઈ થઇ શકેલ ન હતી. ભારતીય બંધારણની કલમ 340માં અન્ય પછાત વર્ગો માટે વિશેષ ચિંતા કરીને ભારતીય સંવિધાન સભા દ્વારા પછાતવર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે આયોગની નિમણૂક કરવામાં આવી.*

1. *ભારતના રાજ્યક્ષેત્રની અંદર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની સ્થિતિ અને તેમણે વેઠવી પડતી મુશ્કેલીઓની તપાસ કરવા અને તેની મુશ્કેલી દૂર કરવા અને તેમની સ્થિતિના સુધારા માટે સંઘે અથવા કોઈ રાજ્યે લેવા જોઈતા કોઈ પગલાં વિશે અને સંઘે અથવા કોઈ રાજ્યે તે હેતુ માટે આપવા જોઈતા અનુદાન વિશે અને તેવા અનુદાન વિશે જે શરતો આપવી જોઈએ તે વિશે ભલામણો કરવા માટે રાષ્ટ્રપતિ હુકમ કરીને પોતાને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓનું આયોગ નિમી શકશે અને આવા આયોગની નિમણૂંક કરતા હુકમથી તે આયોગને અનુસરવાની કાર્યરીતિ મુકરર કરી શકશે.*
2. *એવી રીતે નિમેલું આયોગ તેને વિચારણા માટે સોપેલી બાબતોની તપાસ કરશે અને તેને જણાવેલી હકીકતો દર્શાવતો અને પોતાને યોગ્ય લાગે તેવી ભલામણો કરતો રિપોર્ટ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરશે.*
3. *એ રીતે રજુ થયેલા રીપોર્ટ ઉપર લેવામાં આવેલા પગલાની સમજૂતી આપતી યાદી સાથે રાષ્ટ્રપતિ તે રિપોર્ટની એક નકલ સંસદના દરેક ગ્રુપ સમક્ષ મૂકાવશે.*

**( સંદર્ભઃ ભારતનું સંવિધાન પાના નં. 125 )**

*ઉપરોક્ત જોગવાઈ અન્વયે અનુસુચિત જ્ઞાતિ અને અનુસુચિત જનજાતિઓ કરતા અલગ સામાજિક સમૂહ માટે સંભાળ રાખવા માટે ઈ.સ.1953ની 29જાન્યુઆરીએ કાકાસાહેબ કાલેલકર પંચની નિમણૂક કરી હતી તે નીચે મુજબ છે –*

*ભારત સરકારનું જાહેરનામું 70/53- પ્રસિદ્ધ તારીખ- 29 જાન્યુઆરી 1953માં કુલ 11સભ્યોવાળા પંચની નિમણૂક કરી –*

1. *શ્રી કાકાસાહેબ કાલેલકર - અધ્યક્ષ*
2. *શ્રી નારાયણ સદોબા કાજરોલકર*
3. *શ્રી ભીખાભાઈ*
4. *શ્રી શિવદયાલસિંહ ચોરાસિયા*
5. *શ્રી રાજેશ્વર પટેલ*
6. *શ્રી અબ્દુલ કય્યુમ અન્સારી*

7. શ્રી ટી. મેરિયપ્પા
8. શ્રી લાલા જગન્નાથ
9. શ્રી આત્માસિંહ નામધારી
10. શ્રી એન. આર. એમ. સ્વામી
11. શ્રી અરુણાંશુ દે.

*ઉપરોક્ત સભ્યો પૈકી શ્રી આત્મસિંહ નામધારી (લોકસભા) સભ્ય તારીખ - 7મી જાન્યુઆરી 1954નાં રોજ અવસાન પામ્યા. તેમની જગ્યાએ ડૉ.અનુપસિંહ (લોકસભાના સભ્ય)ને તારીખ - 27મી ફેબ્રુઆરી ઈ.સ.1954નાં રોજ નીમવામાં આવ્યા. બીજા સભ્ય લાલા જગન્નાથે અન્ય કામમાં જોડાવવા આ પંચમાંથી રાજીનામું આપ્યું અને તેમની જગ્યાએ શ્રી યો. ગો. શાહને તારીખ - 2ની ઓગષ્ટ 1954થી નીમવામાં આવ્યા. (સંદર્ભઃ 'પછાતવર્ગો વિશે બે મનનો' પાનાં નં. 2, 3)*

**પછાતવર્ગપંચની મુખ્ય કામગીરીઓ જોઈએ તો,**

(1) *સમગ્ર ભારતમાં દેશના લોકો પૈકી (બંધારણની કલમ 341 અને 342 અનુસાર પ્રકટ થયેલી જાહેરાતોમાં જણાવેલ અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરાંત) કોઈપણ વિભાગોને સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાતવર્ગો ગણવા માટે કયા ધોરણો સ્વીકારવા તે કરાવવું તેમાં તેમની કુલ સંખ્યાનો અંદાજ તથા તે જુદે જુદે સ્થળે કેટલી કેટલી સંખ્યામાં વસે છે? તેની વિગતો આપવી.*

(2) *આવા તમામ પછાતવર્ગોની સ્થિતિની તથા તેઓ કેવી મુશ્કેલીઓ વેઠે છે. તેની તપાસ કરવી અને નીચે મુજબના મુદ્દાઓ ઉપર ભલામણ કરવી.*

   **(અ)** *તેમની મુશ્કેલીઓ નિવારવા અથવા તેમની સ્થિતિ સુધારવા ભારત સરકારે અથવા કોઈપણ રાજ્યે કરવાની તજવીજ બાબત.*

   **(આ)** *ભારત સરકારે અથવા કોઈપણ રાજ્યે આપવાનું અનુદાન તથા તે અંગેની શરતો બાબત.*

(3) *હવે પછી જે બાબતો રાષ્ટ્રપતિ સોંપે તેની તપાસ કરવી.*

(4) *તપાસને પરિણામે જે હકીકતો મળે ટે તથા યોગ્ય ભલામણો સહિત રાષ્ટ્રપતિને અહેવાલ આપવો.*

*ઉપરોક્ત પંચની મુદત 31મી જાન્યુઆરી 1954 સુધીમાં રાષ્ટ્રપતિને સુપરત કરવાની તારીખ નક્કી કરવામાં આવી. પંચનું મુખ્યકાર્ય આપવામાં આવેલ સમયગાળા દરમિયાન તે સમયના કુલ 27 સભ્યોમાં ફરવાનું, મુલાકાતો ગોઠવવાની ચર્ચાઓ કરવાની, અન્ય પછાતવર્ગોમાં આવતી વિવિધ જ્ઞાતિઓના ઈતિહાસનું વિગતવાર સંશોધન કરવાનું જેવી બાબતો મુખ્ય હતી. સમગ્ર માહિતી એકઠી કરવા પ્રશ્નાવલી ઘડી*

*કાઢી તેના અરજીઓ અને જવાબો પણ મંગાવવાની મુદત અને તારીખ નક્કી કરવામાં આવી.*

*ઉપરોક્ત પંચની કામગીરી અનુસંધાને લોકોમાં થોડી જાગૃતિ પણ આવી સાથે તેઓને એવું પણ લાગ્યું કે તેમની સ્થિતિ સુધારી શકે છે અને તેઓ સમાજમાં યોગ્ય સ્થાન મેળવી રાષ્ટ્રની પ્રગતિની તમામ યોજનાઓમાં પોતાની હિસ્સેદારી મેળવશે તેવી આશા બંધાઈ હતી.*

## 16.2 અન્ય પછાતવર્ગો – પરિભાષા

*અન્ય પછાત વર્ગો એટલે એવા વર્ગો કે જેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે નબળા હોય.*

### ❖ અન્ય પછાત વર્ગો માટેના પંચની જોગવાઈ

*બંધારણની કલમ* 340 *મુજબ ભારતમાં અન્ય પછાત વર્ગો માટે બે પંચોની નિમણૂક કરવામાં આવી હતી પ્રથમ પંચ કાકા કાલેલકરની અધ્યક્ષતામાં* 1953*માં નિમાયું હતુ અને બીજું પંચ શ્રી બી.પી. મંડલની અધ્યક્ષતામાં* 1978*માં નિમાયુ હતું. ગુજરાત રાજ્યમાં પછાત વર્ગોની યાદી માટે વિવિધ પંચોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યામૂર્તિ શ્રી એ. આર. બક્ષીના અધ્યક્ષ સ્થાને* 1972*માં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના પંચની (બક્ષીપંચ)ની રચના કરવામાં આવી ત્યારબાદ* (1981)*માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સી. વી. રાણેની અધ્યક્ષતામાં પછાત વર્ગો માટે (રાણે પંચ)ના બીજા પંચની રચના કરવામાં આવી. આ પંચોની ભલામણોથી પછાતવર્ગોનાં ઉત્કર્ષ માટે, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે તથા આરોગ્ય અને વસવાટ સહિતની વિવિધ યોજનાઓ અમલમાં મુકી. રાણેપંચની ભલામણને આધારે પછાતવર્ગોને નોકરીમાં પ્રવેશવાની ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું સરકારે સ્વીકાર્યું.*

*આ પંચોની ભલામણ મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિની યાદીમાં* 30, *અનુસૂચિત જનજાતિમાં* 29,*વિચરતી જાતિઓ માટે* 28*રાજ્યની વિમુક્ત જાતિઓમાં* 12, *વિકસિતજાતિઓમાં (બક્ષીપંચ)માં* 127 *અને રાજ્યની લઘુમતી કોમની યાદીમાં પાંચ મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌધ અને પારસી અને ભાષાકીય લઘુમતીઓની યાદીમાં ત્રણ ઉર્દૂ, સિંધી અને મરાઠીનો સમાવેશ થાય છે આ સમુદાયના ખેત મજુર જમીન વિહોણા મુજર, પશુપાલન અને માછીમારી કરતાં સમુદાયનો સમાવેશ કર્યો છે. તદુપરાંત પરંપરાગત વ્યવસાય કરતા આર્થિક રીતે બેરોજગાર છે તેવા સામાજિક શૈક્ષણિક રીતે પછાત એવા મુસ્લિમ-ખ્રિસ્તીઓ તથા શીખો વગેરેનો પછાત વર્ગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.*

❖ **પછાત વર્ગો માટે ઉત્કર્ષ યોજનાઓ**

*પછાત વર્ગો માટે રચાયેલા પંચોની ભલામણઓથી પછાત વર્ગોના ઉત્કર્ષ માટે શૈક્ષણિક આર્થિક તેમજ આરોગ્ય અને વસવાટ સહિતની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે રાણે પંચની ભલામણ મુજબ પછાત વર્ગોને નોકરીઓમાં પ્રવેશવાની ઉંમરમાં પાંચ વર્ષની છુટછાટ આપવાનું સરકારે સ્વીકાર્યું. તેમના સામાજિક કલ્યાણ અને સામાજિક સુરક્ષા માટે તેમને સામાજના સામાન્ય પ્રવાહમાં સામેલ કરવા માટે અનામત નીતિ દાખલ કરવામાં આવી. આમ કચડાયેલા, લાભોથી વંચિત, આર્થિક, શૈક્ષણિક પછાત અવસ્થા ધરાવતાં સમૂહોને ઉચ્ચ જ્ઞાતિના લોકોની જેમ સમાન ન્યાય મળે તે આશયથી અનામત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.*

❖ **શિક્ષણ ક્ષેત્રે :**

*પછાત વર્ગના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે ટકાવારીમાં છૂટછાટ આપવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષણમાં 27 ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. સાથે-સાથે શિષ્યવૃત્તિ. ફી માફી, છાત્રાલયોમાં મફત રહેવાની સુવિધા વગેરે યોજના અમલમાં છે. વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે આવી જ સુવિધાઓ ઉચ્ચ શિક્ષણ માટે પણ અપાય છે. આમ અનામત અને અન્ય શૈક્ષણિક સુવિધાઓને પરિણામે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક દરજ્જો ઊંચો લઈ જવાની તક મળી છે.*

❖ **રોજગારી ક્ષેત્રે :**

*પછાત વર્ગના લોકોને નોકરીમાં બઢતીનો લાભ મળે તે હેતુથી નોકરીમાં અનામત દાખલ કરવામાં આવી. પછાત વર્ગના લોકો સરકારી નોકરીમાં પ્રવેશી શકે તે માટે નોકરીઓમાં અનામત વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓને ભરતીમાં અનામત અંગે કોઈ ખાસ વાંધો નથી પરંતુ બઢતીમાં રોસ્ટર અપનાવવાથી વાંધો હોવાનું જોવા મળે છે. આમ સરકારી નોકરીઓમાં 27 ટકા અનામત જગ્યાઓ રાખવામાં આવી છે.*

❖ **રાજકીય ક્ષેત્રે :**

*ભારતીય સમાજમાં જે તીવ્ર સામાજિક અસમાનતા હતી તેમાં સમાનતા લાવવાના તેમ જ રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનાવવાના હેતુથી નબળા વર્ગ, દલિતો તથા આદિવાસીઓને રાજકીય અનામત આપવામાં આવી છે. તેઓ પોતાના સમાજનું પ્રતિનિધિત્વ કરી સમાજના વિકાસમાં ફાળો આપી શકે છે. અનામત બેઠકોની ફાળવણી નિયમ અનુસાર રાજ્ય ચૂંટણીપંચે કરવાની છે અને ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી નિયમ 1994મુજબ અમલ કરવાનો છે. આ અધિકાર કલેક્ટરને આપેલ છે. ટૂંકમાં પંચાયત અને જિલ્લા પંચાયતમાં અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત બેઠકો રાખવાની જોગવાઈ કરી છે. એ જ રીતે 33% બેઠકો*

સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે ટૂંકમાં જ્ઞાતિ-જાતિ કે જન્મને આધારે સામાજિક આર્થિક, શૈક્ષણિક રીતે પછાત છે તેવા લોકોને આધુનિક ઔદ્યોગિક વિકાસમાં આધુનિક પ્રવાહમાં સામેલ કરવાના આશયથી અનામત વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે.

## 16.3 અન્ય પછાતવર્ગો માટે નિમાયેલ પંચ : (1) બક્ષીપંચ (2) મંડલપંચ અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ

### 1. બક્ષીપંચ:

1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ પૂર્વેથી પરાધીનતાને પડકાર ફેંકનાર જૂથોને બ્રિટીશ સલ્તનત અને દેશી રાજાઓ વખતોવખત ગુનાહિત ધારા યા વટહુકમ બહાર પાડી અંકુશિત કરતા હતા. આવાં જૂથોની અલગ નામાવલી રાખવામાં આવતી હતી. તેમને સામૂહિક દંડ થતો હતો તેમજ તેમને માટે સામૂહિક હાજરીની પ્રથાનો અમલ પણ શરૂ થયો હતો. આવાં કારણોથી અન્ય જાતિઓની વિગતો દર્શાવતા આલેખો પણ તૈયાર થયા હતા અને 1881થી આ આલેખોને સર્વસંગ્રહમાં સ્થાન આપવામાં આવ્યું હતું. તે દરમિયાન અસ્પૃશ્યો અને જંગલમાં વસતી જાતિઓના પ્રશ્નો સમજવાના પ્રયાસો શરૂ થયા હતા. 1919ના મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારામાં સૌપ્રથમ વાર ‘દલિતવર્ગ’ શબ્દપ્રયોગ કરવામાં આવ્યો. આ દલિતવર્ગ હેઠળ અસ્પૃશ્યો, આદિજાતિઓ અને તે સિવાયની અન્ય પછાત અને ગુનાહિત જાતિઓનો સમાવેશ થયો. 1924માં ગુનાહિત જાતિઓની સુધારણાનો અભિગમ અપનાવાયો. 1928માં ભારતીય સનદી સેવાના અધિકારીઓ. એચ. વી. સ્ટાર્ટના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં ડૉ. આંબેડકર અને અમૃતલાલ ઠક્કર(ઠક્કરબાપા)નો પણ સભ્ય તરીકે સમાવેશ થયો હતો. આ સમિતિના અહેવાલમાં સૌપ્રથમ વાર દલિત વર્ગ (Depressed Classes)નું વર્ગીકરણ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ – એમ બે વર્ગ પાડવામાં આવ્યા. અનુસૂચિત જાતિમાં મુખ્યત્વે વિવિધ પ્રકારના અસ્પૃશ્યોને સમાવવામાં આવ્યા. અનુસૂચિત જનજાતિમાં આદિવાસી અને પર્વતીય જાતિઓ(aboriginal and hill tribes)નો સમાવેશ કરવામાં આવ્યો. આ સિવાયના બાકી રહી ગયેલા પછાત વર્ગોને અન્ય પછાત જાતિઓ(Other Backward Classes)ના વર્ગમાં મૂકવામાં આવ્યા.

સ્વાતંત્ર્ય બાદ ગુનાહિત જાતિની ધારાઓ રદ કરવામાં આવી તેમજ પછાત જાતિઓના ઉત્થાનના પ્રયાસો શરૂ થયા. આ દરમિયાન બંધારણના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના આધારે વર્ગવિહીન સમાજરચનાની દિશામાં આગળ વધવા જ્ઞાતિજાતિના પ્રાધાન્યને રદ કરવામાં આવ્યું. 1959માં મુંબઈ રાજ્યમાં પછાત વર્ગો માટે ઉત્થાન-કાર્યક્રમો હાથ ધરાયા.

ભારતની સર્વોચ્ચ અદાલતના એક ચુકાદા મુજબ ‘અન્ય પછાત જાતિઓ’ની યાદી નક્કી કરવાનું કાર્ય રાજ્ય સરકારોનું હોવાથી તેને સુપરત કરવામાં આવ્યું. તદનુસાર

*ગુજરાત રાજ્યમાં વખતોવખત આ અંગેનાં પંચો નિમાયાં. ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ વડી અદાલતના ન્યાયમૂર્તિ એ. આર. બક્ષીના અધ્યક્ષપદે 1972માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના પંચની રચના કરવામાં આવી, જે બક્ષી પંચ તરીકે જાણીતું બનેલું. બક્ષી પંચે 1976માં સરકારને પોતાનો અહેવાલ સુપરત કર્યો. તેમાં 82 જ્ઞાતિ/કોમોને આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાવી હતી. આ પંચે તબીબી અને ઇજનેરી શિક્ષણસંસ્થાઓમાં 10% બેઠકો, રાજ્યની સરકારી સેવાઓના પહેલા અને બીજા વર્ગમાં 5% તથા ત્રીજા અને ચોથા વર્ગમાં 10% બેઠકો અનામત તરીકે ફાળવવાની ભલામણ કરી હતી. આમ, બક્ષી પંચની જ્ઞાતિઓ માટે તથા વર્ગીકૃત જાતિજનજાતિઓ માટે મળીને કુલ 31% જેટલી અનામત બેઠકો થઈ. 1978માં બાબુભાઈ જશભાઈ પટેલની નેતાગીરી હેઠળની જનતા પક્ષની સરકારે બક્ષી પંચની આ ભલામણો સ્વીકારીને તેમને તરત અમલમાં મૂકવાનાં પગલાં લીધાં. અનામત જોગવાઈના અમલ સામે ગુજરાતની મેડિકલ તથા ઇજનેરી કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓમાં અસંતોષ ઊભો થયો. તેમણે ગુજરાતની વડી અદાલતમાં બક્ષી પંચની જોગવાઈઓના અમલ સામે રિટ કરેલી, જે અદાલતે ફગાવી દીધી હતી.*

**(સંદર્ભઃ https://gujarativishwakosh.org/બક્ષી-પંચ/)**

**પંચના મૂળ નિમાયેલા સભ્યો –**

1. *શ્રી એ. આર. બક્ષી – હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ; પંચના અધ્યક્ષ*
2. *પ્રો. સી. એન. વકીલ – સભ્ય*
3. *ડૉ. તારાબહેન પટેલ – સભ્ય*
   **(સંદર્ભ – નાયક, ઠા. ભા. અને સોલંકી, સિદ્ધરાજ, પછાતવર્ગો વિશે 'બે મનનો', 1979)**

*બક્ષીપંચના મત મુજબ પછાતપણાનો સામાન્ય ખ્યાલની મુખ્ય વિગતોનું યોગ્ય શીર્ષક હેઠળ વિભાજન કરીયે તો તે નીચે પ્રમાણે કરી શકાય :*

(1) *સામાજિક દષ્ટિએ પછાતપણું*
(2) *શૈક્ષણિક દષ્ટિએ પછાતપણું*
(3) *આર્થિક રીતે પછાતપણું*
(4) *જ્ઞાતિ*
(5) *બીજાં એવાં અથવા સંબંધિત પરિબળો*

*"બક્ષીપંચે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત" મુદ્દાઓને આવરી લેતા, સર્વોચ્ચ અદાલતના બે કેસ — "એમ. આર. બાલાજી વિરુદ્ધ મૈસૂર રાજ્ય" અને "ચિત્રલેખા વિરુદ્ધ મૈસૂર રાજ્ય"ની વિગતવાર ચર્ચા કરી છે અને ખાસ નોંધ્યું છે કે રાજ્ય દ્વારા પછાત જાતિ કે જ્ઞાતિના સભ્યો માટે કઈ ખાસ જોગવાઈ કરવામાં આવી હોય, તો આવી કોઈ જોગવાઈ ભેદભાવ પાડનારી હતી તે કારણસર પડકારી શકાય નહીં.*

## ❖ સામાજિક પછાતપણું

*સામાજિક પછાતપણામાં સંખ્યાબંધ પરિબળો ભાગ ભજવે છે. સામાજિક પછાતપણું, ખામીભરી સમાજવ્યવસ્થા, કથળેલી અથવા જડ અપ્રગતિશીલ સમાજપ્રથાઓ, જૂના રિવાજો ને ચીટકી રહેવું, જીવનના પ્રણાલીગત તરીકા અને વ્યવસાય તથા અન્ય પ્રકારની સામાજિક રહેણીકરણીને કારણે છે. દા. ત. એક જૂથ અથવા કોમને, વારંવાર વસવાટ બદલવો પડે. એવા વ્યવસાયને કારણે ભટકતું જીવન જીવવા ટેવાઈ ગયેલ હાવાને પરિણામે કેટલીક સાંસ્કૃતિક અસરો ઝીલવાનો અવકાશ ઓછો રહે છે. ઉદાહરણ તરીકે વણજારનો ઉલ્લેખ કરી શકાય. તેઓ એક સ્થળેથી બીજે સ્થળે ભટકતા હોઈ એમની જરૂરિયાત સ્વાભાવિકપણે ઘણી ઓછી રહેવાની. એક જ સ્થળે કાયમી વસવાટના અભાવે એમનાં બાળકોને શિક્ષણની કોઈ તક મળી શકે નહિ. ભટકતા રહેવાની એમની ટેવોને કારણે એમણે પોતે અમુક પ્રકારનો અપ્રગતિશીલ તરીકો અપનાવ્યો છે, જે સ્થાયી ઢાંચામાં જડાઈ ગયો છે. પરિણામે તે જૂથ અથવા કોમમાં સામાજિક પછાતપણું ઊતરી આવે છે.*

*સંવિધાનની કલમ* 15(4)*માં સામાજિક પછાતપણા અંગેનો ખાસ ઉલ્લેખ હોવા છતાં, સંવિધાનમાં આ શબ્દની કાઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. "સામાજિક પછાતપણું" શબ્દનો વિસ્તૃત અર્થ થાય છે અને તેમાં સામાજિક જીવનને સ્પર્શતાં અનેકવિધ પાસાંનો સમાવેશ થઈ શકે. પણ સગવડ ખાતર વ્યાવસાયિક, શૈક્ષણિક વગેરે પાસાંની અલગ તારવણી કરી છે.*

## ❖ શૈક્ષણિક પછાતપણું

*સામાજિક પછાતપણાનું એક નિર્ણાયક પરિબળ નિરક્ષરતા છે. શૈક્ષણિક હકોની અપ્રાપ્યતા અને બાળકોમાં શિક્ષણ પ્રત્યે, કોમના પ્રતિકૂળ માનસિક વલણને કારણે એક જ પ્રકારના જીવનને તે કામ વળગી રહે છે. આમ આ વિષચક્ર શરૂ થાય છે, અને સામાજિક પછાતપણું કાયમી બનાવવા તરફ આગળ ધપે છે. સામાન્ય રીતે બીજા વિકસિત દેશોના અક્ષરજ્ઞાનના ધોરણની તુલના કરીએ ત્યારે ભારતમાં અક્ષરજ્ઞાનની ટકાવારી ઓછી છે. કોમ અથવા જૂથમાં પ્રવર્તતા અક્ષરજ્ઞાનની ટકાવારીથી શૈક્ષણિક દૃષ્ટિએ પછાતપણાનું માપ નીકળી શકે.*

*પછાત વર્ગોમાં અલ્પ પ્રમાણમાં અક્ષરજ્ઞાન હોવા માટેનાં ઘણાં કારણો છે. મુખ્ય કારણો ટૂંકમાં નીચે પ્રમાણે ગણી શકાય :*

(1) *પરંપરાગત વ્યવસાય કે જેમાં કોઈ પ્રકારના ખાસ શિક્ષણની જરૂર પડતી નથી.*
(2) *સામાજિક પરિસ્થિતિને કારણે શિક્ષણ માટેની પરંપરાગત ઉદાસીનતા.*
(3) *પેઢીગત વ્યવસાયના કૌશલ્યની પ્રાપ્તિ.*
(4) *ગરીબી તેમ જ કુટુંબની ઉપાર્જનશક્તિમાં બાળકોના ફાળાની જરૂરિયાત.*
(5) *વ્યવસાયનો પ્રકાર.*
(6) *માતાપિતાની નિરક્ષરતા.*

*એ પછીનો પ્રશ્ન એ છે કે શૈક્ષણિક પછાતપણું નક્કી કરવામાં કયું ધોરણ અપનાવવું જોઈ એ. સામાન્ય રીતે જોતાં આ માટે ધ્યાનમાં લેવા જેવી હકીકતો નીચે પ્રમાણે છેઃ*

(1) *રાજ્યમાં અક્ષરજ્ઞાનનું સામાન્ય ધોરણ.*
(2) *રાજ્યમાં અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં અક્ષરજ્ઞાનનાં ધોરણ અને ટકાવારી.*
(3) *વિચારણા હેઠળના ચાક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથમાં અક્ષરજ્ઞાનનાં ધારણુ અને ટકાવારી,*
(4) *વિચારણા હેઠળનાં ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સંબંધી શૈક્ષણિક ધોરણ,*
(5) *વિચારણા હેઠળનાં ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથની મહિલાઓમાં અક્ષરજ્ઞાન અને શિક્ષણ સંબંધી સ્થિતિ.*

## ❖ આર્થિક રીતે પછાતપણું

*પછાતપણા તરફ ધસડી જવામાં આર્થિક પરિબળો મહત્વનો ભાગ ભજવે છે. માબાપની ગરીબ સ્થિતિને લીધે એ કુટુંબનું બાળક નામપણથી જ આવક-ઉત્પાદનનું સાધન થઈ જાય છે. તેથી પ્રાથમિક તબક્કે જ એને શાળા છોડવી પડે છે. સામાજિક પછાતપણું મહદ અંશે ગરીબીનું પરિણામ છે. નાગરિકોના જે વર્ગો દુઃખદ રીતે ગરીબ છે તેઓ આપોઆપ સામાજિક રીતે પછાત થઈ જાય છે. તેઓ સમાજમાં મોભો ભોગવી શકતા નથી અને તેથી પછાતમાં સ્થાન મેળવીને સંતોષ મેળવવાનો રહે છે."*

*વંશપરંપરાગત વ્યવસાય અને સમૂહમાં વ્યવસાય કરવાના વલણને વળગી રહેતાં કેટલાંક જૂથો અથવા કામોનો ઉલ્લેખ કરી શકાય કે મોટા ભાગે તેઓ ચીલાચાલુ પદ્ધતિ ને વળગી રહે છે. પરિણામે એમનાં કામનાં સાધનો કે ટેકનિકમાં કોઈ સુધારણા થતી નથી અને તેથી તેમની કમાણીમાં પણ કોઈ વધારો થતો નથી. જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પૂરાં પાડવાની શક્તિ ધ્યાનમાં લીધા સિવાય જૂથના સભ્યો એક વ્યયસાયમાં ઝંપલાવે છે. દા. ત., રબારી અથવા ભરવાડ, પશુ ઉછેર અને દૂધ વેચવાનો વ્યવસાય કરે છે પણ તેઓ તેમાં કદી આધુનિક પદ્ધતિ દાખલ કરવાનું વિચારતા નથી. છરી-ચપ્પાની ધાર કાઢી ને જીવનનિર્વાહ કરતા સરાણિયાનું પણ. ઉદાહરણ આપી શકાય. આ પરંપરાગત વ્યવસાયથી તેઓ ગરીબી કક્ષાની આવક કરતાં પણ ઓછી આવક મેળવે છે છતાં પણ વધુ કાર્યક્ષમ અને વધુ વળતર આપે એવી પદ્ધતિ અપનાવવાનું વિચારતા નથી.* **(ઓલ ઈન્ડિયા રિપોર્ટર -1963 –સર્વોચ્ચ અદાલત પા. 649.)**

*શિક્ષણના અભાવે અથવા પછાતપણા માટેનાં અન્ય પરિબળોને કારણે ભારતમાં જે કમાણી કરવા માટે એક અગત્યનો વ્યવસાય છે. એ જાહેર સેવાઓમાં પછાત કોમોનું ઘણું ઓછું પ્રતિનિધિત્વ છે. સાંસ્કૃતિક ભૂમિકા અને પર્યાપ્ત વાતાવરણના અભાવે આ*

*કોમો વિકાસ માટેની તકોથી વંચિત રહી ગઈ છે અને ઉચ્ચ કામગીરી મેળવવામાં બીજી સુધરેલી ગણાતી કોમો સાથે સ્પર્ધા કરી શકતી નથી.*

**(સંદર્ભ – નાયક, ઠા. ભા. અને સોલંકી, સિદ્ધરાજ (સંપાદક, સહસંપાદક), 'બે મનનો', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, (1979)**

**2. મંડલ પંચ:**

*વર્ષ 1990માં કેન્દ્ર સરકારે દ્વિતીય પછાત વર્ગ પંચની એક ભલામણને અમલમાં મૂકી હતી. આ દ્વિતીય પછાત વર્ગ પંચને સામાન્ય રીતે મંડલ પંચ તરીકે ઓળખામાં આવે છે. એ ભલામણ હતી 'અધર બૅકવર્ડ ક્લાસ' (ઓબીસી)ના ઉમેદવારોને તમામ સરકારી નોકરીઓમાં 27 ટકા અનામત આપવાની. આ નિર્ણયના કારણે ભારતની અને ખાસ કરીને ઉત્તર ભારતની રાજનીતિ તદ્દન બદલાઈ ગઈ. આ પંચના અધ્યક્ષ હતા બિંદેશ્વરી પ્રસાદ મંડલ એટલે કે બી. પી. મંડલ. બી. પી. મંડલ ધારાસભ્ય, સાંસદ,અને બિહારના મુખ્ય પ્રધાન પણ બન્યા હતા. દ્વિતીય પછાત વર્ગ પંચના અધ્યક્ષ તરીકે તેમણે કરેલી ભલામણોને કારણે તેમને યાદ કરાય છે. મંડલ પંચની રચના 1977 બાદ કેન્દ્રમાં જનતા પાર્ટી-મોરારજી દેસાઈ – વડાપ્રધાનની સત્તા આવી. ડિસેમ્બર 1978માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો(અન્ય પછાત વર્ગો અથવા અધર બૅકવર્ડ ક્લાસિઝ – OBC)ની સ્થિતિની ચકાસણી કરવાનો નિર્ણય લીધો. જેથી પછાત વર્ગોના ઉત્કર્ષ, વિકાસ અને કલ્યાણ માટે જરૂરી ઉપાયો સૂચવવા માટે બિન્દેશ્વરીપ્રસાદ મંડલના અધ્યક્ષપદે પંચની રચના કરવામાં આવી. જે મંડલ પંચ તરીકે ઓળખાયું. બી. પી. મંડલ બિહારના મુખ્ય પ્રધાન તરીકે રહી ચૂક્યા હતા. તેઓ પછાત વર્ગના હિતોના તરફદાર પણ હતા. તેઓ માનતા કે પછાત વર્ગોને અનામત મળવી જોઈએ." મોરારજી દેસાઈની સરકારે પહેલી જાન્યુઆરી 1979ના રોજ મંડલ પંચની જાહેરાત કરી હતી. પંચે પોતાનો અહેવાલ પૂરો કરીને 31ડિસેમ્બર 1980ના રોજ સુપરત કર્યો. મંડલ પંચની ભલામણોના આધારે 1990માં ઓબીસી માટે 27 ટકા સરકારી નોકરીઓમાં અનામત જાહેર થઈ. શિક્ષણમાં સુધારા, જમીન સુધારણા, પરંપરાગત વ્યવસાય કરતી જ્ઞાતિઓને નવી ટેકનિક અને વેપાર માટે ધિરાણ આપવું, વગેરે ભલામણોનો તેમાં સમાવેશ થાય છે.*

(સંદર્ભ: **https://www.bbc.com/gujarati/india-46708971**)

## 16.4 ગુજરાત રાજયની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદી

*ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદી અત્યાર સુધીમાં કુલ 146 જેટલા જ્ઞાતિ સમૂહો અને તેના પેટાસમૂહો જાહેર કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા વખતોવખત આ સમૂહોમાં સંશોધન કરી યાદીમાં સુધારા-વધારા કરવામાં આવતા હોય છે. અત્યાર સુધીમાં ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ નામો સાથેની વિગતવાર સરકારી યાદી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત સરકારની વેબસાઈટ* (https://sje.gujarat.gov.in/ddcw/List-of-Socially-and-

Educationally-Backward-Classes-of-Gujarat-State) પર વધુ અભ્યાસ અને જાણકારી માટે જોઈ શકાય છે.

## 16.5 અન્ય પછાત વર્ગો માટે અનામત નીતિ અને વિકાસ

### ❖ શૈક્ષણિક યોજનાઓ:

સરકાર દ્વારા વખતો વખત અન્ય પછાતવર્ગો માટેના વિકાસમાટે સતત કાળજી રાખવામાં આવે છે જેમાં જોઈશું તો શૈક્ષણિક યોજનાઓ અમલી કરવામાં આવે છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે નવી યોજનાઓ દાખલ કરીને શૈક્ષણિક વિકાસને સતત પ્રોત્સાહન આપવામાં આવે છે. વર્ષ 2022 ની સ્થિતિ ગુજરાત સરકાર દ્વારા અમલી યોજાનાઓની યાદી નીચે મુજબ છે

1 પ્રિ. એસ.એસ. સી. શિષ્યવૃત્તિ
2 પ્રિ.એસ.એસ. સી. શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત)
3 કન્યાઓને પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ
4 મેડિકલ અને એન્જીનિયરિંગમાં અભ્યાસ કરતા વિઘાથીઓને ભોજન બીલમાં રાહત
5 મેડીકલ અને એન્જીનિયરિંગના સાધનો ખરીદવા નાણાકીય સહાય
6 કુમાર માટે પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ
7 છાત્રાલયમાં રહેતા સા. શૈ.પ. વ. ના વિદ્યાર્થીઓને પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ
8 લઘુમતીઓના વિદ્યાર્થીઓને પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ
9 ઉચ્ચત્તર માધ્યમિક ધો. 11અને ધો. 12 ના અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ
10 મેરિટ-કમ-મિન્સ શિષ્યવૃત્તિ
11 સેલ્ફ ફાઈનાન્સ કૉલેજલમાં અભ્યાસ કરતાં વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સહાય
12 તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ (આઈ.ટી.આઈ. સિવાય)
13 કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે નાણાંકીય લોન
14 ધો. 1 થી 8માં ભણતા બાળકોને બે જોડ ગણવેશ સહાય
15 મેડિકલ અને એન્જીનિયરિંગના વિદ્યાર્થીઓ માટે બુક બેંક
16 ધો. 10 અને ધો.12 ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ ક્રમમાં આવનારને વિદ્યાર્થીઓ માટે ઈનામી યોજનાઓ
17 ધો. 9 માં ભણતી કન્યાઓને સાયકલ
18 એમ.ફિલ અને પીએચ. ડી. ના અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ
19 વિદેશમાં અભ્યાસ અર્થે લોન

20 *આઈ.એ.એસ.અને આઈ.પી.એસ.ની તાલીમ માટે વૃત્તિકા*

21 *ધોરણ* 1 *થી* 10*માં ભણતા અ.પ. જાતિના વિદ્યાર્થીઓને પ્રિ. એસ.એસ.સી. શિષ્યવૃત્તિ*(50% *કે.પુ.યો)*

22 *ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના* (100 % *કે.પુ.યોજના)*

23 *મહિલા સિવણવર્ગો*

24 *ધોરણ* 11 *અને* 12*ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશનસહાય*

25 *ધોરણ*-12*વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને* NIIT, JEE, GUJCET, PMT *ની પરીક્ષાની માટે કોચિંગ*

26 *ધોરણ*-12 *વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને* IIM, CEFT, NIFT, NLU*ની પૂર્વ તૈયારી માટે કોચિંગ*

27 *વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પૂલયોજના*

**(સંદર્ભઃ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ,ગુજરાત સરકાર)**
( **https://sje.gujarat.gov.in/ddcw/Educational** )

❖ **આર્થિક વિકાસ માટેની યોજનાઓઃ( વર્ષ 2022 ની સ્થિતિએ)**

| **ક્રમ** | **આર્થિક વિકાસ માટેની યોજનાઓ** |
|---|---|
| 1 | *કુટીર ઉદ્યોગો સહિત સ્વરોજગારી માટે નાણાકીય સહાય* |
| 2 | *પછાતવર્ગના કલાકારોને કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાકીય સહાય* |
| 3 | *તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવુ* |
| 4 | *લેખકો/કવિઓને સાહિત્ય પ્રકાશન માટે નાણાકીય સહાય* |
| 5 | *કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય* |
| 6 | *પંડિત દિન દયાલ ઊપાધ્યાય આવાસ યોજના* |
| 7 | *સમાજ શિક્ષણ શિબિર* |
| 8 | *સા.શૈ.પ.વ. માટે ખાસ પ્લાન* |
| 9 | *સાત ફેરા સમૂહ લગ્ન માટે નાણાકીય સહાય* |
| 10 | *વિકસતી જાતિના પ્રચારકો* |
| 11 | *ઈન્ફોર્મેશન ટેકનોલોજી* |
| 12 | *પૂ. રવિશંકર મહારાજ એવોર્ડ* |
| 13 | *પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો* |
| 14 | *પછાતવર્ગના યુવાનોને કમ્પ્યૂટરની તાલીમ* |
| 15 | *સા.શૈ.પ.વ.ના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા નાણાકીય સહાય* |
| 16 | *મફત તબીબી સહાય* |

17 *કુંવરબાઈનું મામેરૂં*

18 *નાલંદા અવોર્ડ*

**(સંદર્ભઃ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ,ગુજરાત સરકાર )**

**(https://sje.gujarat.gov.in/ddcw/Economic-Upliftment)**

❖ **આવાસ નિર્માણ માટેની યોજનાઓ**

**ક્રમ આવાસ નિર્માણ**

1 *ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો*

2 *છોકરાઓ અને છોકરીઓ માટે ના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયના બાંધકામ માટે સહાયક અનુદાન*

3 *છોકરાઓ અને છોકરીઓ માટેના સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ*

4 *આશ્રમશાળાઓ*

5 *આદર્શ નિવાસી શાળાઓ*

**સંદર્ભઃ નિયામકશ્રી વિકસતી જાતી કલ્યાણ,ગુજરાત સરકાર**

**(https://sje.gujarat.gov.in/ddcw/Health-housing-construction-and-other )**

❖ **NTDNT (Nomadic Tribes and Denotified Tribes) યોજનાઓ :-**

1 *મુદ્દતી ટર્મ લોન- કૃષિ અને તે અંગેની પ્રવૃત્તિઓ , લઘુ ઉદ્યોગ, કલાકારીગરી અને વંશપરંપરાગત વ્યવસાય તેમજ સેવા પ્રકારના ધંધા/વ્યવસાય માટે વધુમાં વધુ રૂ.15,00,000/-સુધી લોન આપવામાં આવે છે.*

2 *મહિલા સમૃદ્ધિ યોજના(ફક્ત મહિલાઓ માટે) વિચરતી અને વિમુક્ત જાતિઓની મહિલાઓ માટે સ્વરોજગારી ઊભી કરવા માટે લક્ષ્યાંક જૂથની મહિલા તથા સ્વતંત્ર વ્યવસાય કરતી મહિલા ઉદ્યોગસાહસિકોને લઘુ ધિરાણયોજના.*

3 *ન્યુ સ્વર્ણિમયોજના (ફક્ત મહિલાઓ માટે) ગરીબી રેખા હેઠળ જીવનગુજારતી વિચરતી અને વિમુક્ત જાતિઓની મહિલાઓ માટે સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આર્થિક ઉત્કર્ષ સાધવા અંગેની ખાસનવી યોજના*

4 *માઈક્રોફાયનાન્સ યોજના (લઘુ ધિરાણ યોજના) નાના પાયા પર ધંધો/વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાય આપવામાં આવે છે. માઈક્રોફાયનાન્સયોજના*

5 *ન્યુ આકાંક્ષા યોજના (શૈક્ષણિક લોન) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ઉચ્ચ વ્યવસાયિક અને ટેકનિકલ શિક્ષણ મેળવવા માટેની લોન યોજના*

6 *વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ નાણાકીય યોજના અમલી કરવમાં આવે છે*

**(સંદર્ભઃ નિયામકશ્રી વિકસતી જાતી કલ્યાણ,ગુજરાત સરકાર)**

**(https://sje.gujarat.gov.in/ddcw/NTDNT-Schemes)**

## 16.6 સારાંશ

*અનેક જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય ધરાવતા ભારત દેશમાં સમાનતા, બંધુતા વિકસે તે માટે અનેક યોજનાઓ, આયોજનો, કાયદા-કાનૂન, કમિશન, પંચોની નિમણૂક કરવામાં આવેલ છે. ભારતીય સમાજ બિનસાંપ્રદાયિક, જ્ઞાતિ વિહીન, વર્ગવિહીન અને સમાનતા ધરાવતા સમાજની સ્થાપના થાય, તે ધ્યેયને સાર્થક કરવા માટે દબાયેલ, કચડાયેલ વર્ગ માટે અનામતની વ્યવસ્થા કરેલ છે. ખાસ કરીને અન્ય પછાત વર્ગોના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ઉત્કર્ષ માટે બક્ષી પંચ અને મંડલ પંચનું કાર્ય ઉમદા રહ્યું છે.*

## 16.7 તમારી પ્રગતિ ચકાસો

*(અ) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર દસ લીટીમાં લખો.*

1. *અન્ય પછાતવર્ગો – પરિભાષા ટૂંકમાં સમજાવો.*

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

2. *અન્ય પછાતવર્ગોની નિમણૂક કરવામાટે રચાયેલ બક્ષીપંચની સમજૂતી આપો.*

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

3. અન્ય પછાતવર્ગોની નિમણૂક કરવા માટે રચાયેલ મંડલપંચની સમજૂતી આપો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

4. ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદી આપો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

5. અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ સવિસ્તાર સમજાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. **ઈ.સ.__________ ની 29 જાન્યુઆરીએ કાકાસાહેબ કાલેલકર પંચની નિમણૂક કરી હતી.**

   *(અ)* 1951 *(બ)* 1952 *(ક)* 1953 *(ડ)* 1954

2. **__________એટલે એવા વર્ગો કે જેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે નબળા હોય.**

   *(અ)* SC *(બ)* ST *(ક)* OPEN *(ડ)* OBC

3. **__________ વર્ષમાં ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમૂર્તિ શ્રી આર.સી. માંકડની અધ્યક્ષતામાં પછાતપર્ગોનાં પંચની (માંકડ પંચ)ની નિમણૂક કરવામાં આવી.**

   *(અ)* 1987 *(બ)* 1988 *(ક)* 1989 *(ડ)* 1990

4. **__________વર્ષના મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારામાં સૌપ્રથમ વાર 'દલિતવર્ગ' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો.**

   *(અ)* 1920 *(બ)* 1919 *(ક)* 1915 *(ડ)* 1910

5. **મંડલ પંચની ભલામણોના આધારે 1990માં ઓબીસી માટે __________ ટકા સરકારી નોકરીઓમાં અનામત જાહેર થઈ.**

   *(અ)* 15 *(બ)* 10 *(ક)* 27 *(ડ)* 33

## 16.8 ચાવીરૂપ શબ્દો

1. **અન્ય પછાત વર્ગો :-** *જે વર્ગોનો સમાવેશ* OPEN, SC, ST*માં થતો નથી તે વર્ગમાં આવતા લોકો.*
2. **બક્ષી પંચ :-** 1972*માં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે રચાયેલ પંચ.*
3. **મંડલ પંચ :-** 1978*માં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે બિન્દેશ્વરીપ્રસાદ મંડલના અધ્યક્ષપદે રચાયેલ પંચ.*

## 16.9 સંદર્ભ સૂચિ


1. *દવે કાદંબરી અને ત્રિવેદી નલિની, સામાજીક કલ્યાણ અને સામાજીક કાનૂનીકરણ, પરીખ ઝાલા પ્રકાશન*
2. *શાહ જે. કે., ભારતીય સમાજનું માળખું, અનડા પ્રકાશન*
3. *દ્વિતીય વર્ષ બી.એ. પાઠ્યક્રમ*-203, *'ભારતમાં સામાજિક સમસ્યાઓ', એકમ*-7 *– 'લઘુમતીઓ, પછાતવર્ગો અને દલિત', ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
4. *નાયક, ઠા. ભા. અને સોલંકી, સિદ્ધરાજ (સંપાદક, સહસંપાદક), 'બે મનનો', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ,* (1979)
5. https://gujarativishwakosh.org/*બક્ષી-પંચ*/
6. https://www.bbc.com/gujarati/india-46708971

7. https://sje.gujarat.gov.in/ddcw/List-of-Socially-and-Educationally-Backward-Classes-of-Gujarat-State
8. https://sje.gujarat.gov.in/ddcw/Educational
9. https://sje.gujarat.gov.in/ddcw/Economic-Upliftment
10. https://sje.gujarat.gov.in/ddcw/Health-housing-construction-and-other
11. https://sje.gujarat.gov.in/ddcw/NTDNT-Schemes

## 16.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યાના જવાબો.**

1. *(ક)* 1953
2. *(ડ)* OBC
3. *(અ)* 1987
4. *(બ)* 1919
5. *(ક)* 27

# એકમ - 17 માનવ અધિકારોનો અર્થ- હેતુઓ, મહત્ત્વ, યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારો

:: રૂપરેખા ::


**17.0** ઉદ્દેશો

**17.1** પ્રસ્તાવના

**17.2** માનવ અધિકારોનો અર્થ

**17.3** માનવ અધિકારોનો હેતુઓ

**17.4** માનવ અધિકારોનું મહત્ત્વ

**17.5** યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારો

**17.6** સારાંશ

**17.7** તમારી પ્રગતિ ચકાસો

**17.8** ચાવીરૂપ શબ્દો

**17.9** સંદર્ભ સૂચિ

**17.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 17.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,*

- *માનવ અધિકારોનો અર્થ સમજી શકશો.*
- *માનવ અધિકારોનો હેતુઓથી માહિતગાર થઈ શકશો.*
- *માનવ અધિકારોનું મહત્ત્વ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજી શકશો.*
- *યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારો વિશે જાણી શકશો.*

## 17.1 પ્રસ્તાવના

*'માનવ અધિકારો' આ શાબ્દિક અર્થ પરથી જ સમજી શકાય છે કે, માનવ હોવાને કારણે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના માનવીને પ્રાપ્ત થતા અધિકારો એટલે માનવ અધિકારો. માનવીનાં પ્રાથમિક અને આવશ્યક અધિકારોની વિચારણા અનેક બૌદ્ધિકો, ચિંતકોએ કરી છે. ખાસ કરીને માનવ-અધિકારનાં મૂળ ગ્રીસના સ્ટોઈક ચિંતકોએ પ્રસ્તુત કરેલા 'પ્રાકૃતિક કાયદા'માં જોવા મળે છે. ઉપરાંત ટૉમસ એક્વાઈનસ, હ્યૂગો, ગ્રોશિયસ, સ્પિનોઝા, ફ્રાંસિસ બેકન, લૉક, વૉલ્તેર, મૉન્તેસ્ક અને રૂસો જેવા અનેક વિચારકો હતા, જેમણે વિવિધ દૃષ્ટિકોણથી માનવીય ગૌરવને બિરદાવ્યું છે.*

માનવીય મૂલ્યો વિકસે તથા માનવ અધિકારોને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી આ એકમમાં સમજીશું.

## 17.2 માનવ અધિકારોનો અર્થ :-

કોઈપણ માનવ વ્યક્તિ સાથે તે જ ગૌરવ અને સલામતી જોડાયેલ છે. કેટલીક પરિસ્થિતિઓને લીધે વ્યક્તિ સન્માનથઈ વંચિત રહે છે. હક માનવ માત્રના અસ્તિત્વની સાથે જ પાયાનો હક બની રહેલ છે. તેને માનવ હક તરીકે ઓળખાવી શકાય. ટૂંકમાં “ માનવ હક એટલે એવા હક જે માનવીને મળવા પાત્ર હોય છે. કોઈપણ સ્ત્રી કે પુરુષને ગૌરવ પૂર્ણ રીતે સલામત ભર્યું જીવન, પોતાની પસંદગી મુજબનું જીવન જીવવાની સ્વતંત્રતા” આ હકમાં વ્યક્તિની સલામતી સાથે સંકળાયેલા હક, અન્ય વ્યક્તિ કે જૂથ કે સરકારના દાબ-દબાણ કે ત્રાસથી મુક્ત થવાનો હક, સામાજિક લાભ મેળવવાનો હક, આરામ કે ફુરસદ મેળવવાનો હક અને પાયાનું સારું શિક્ષણ મેળવવાનો હક વગેરે છે. **(સંદર્ભઃ માનવહક સમાજ અને વિકાસ બ્લોક-1પાના ન -5)**

વૈધિક દ્રષ્ટિએ જોઈએ તો ઈ.સ.19 મી સદી પછી જે વૈશ્વીકરણ, સામ્રાજ્યવાદ ફેલાયો તેમાં સૈન્ય અને આર્થિક સમૃદ્ધિમાં જે બળવાન રાષ્ટ્રો છે, તે નાના રાષ્ટ્રો કે ત્રીજા વિશ્વના દેશો ઉપર કેવું આધિપત્ય જમાવી રહ્યા છે. ક્યારેક સંયુક્ત રાષ્ટ્રના આદેશો કે ઘોષણાઓનું પણ ઉલ્લંઘન કરીને નાના દેશોને ડરાવવા, ધમકાવવા અમુક પ્રદેશો પડાવી લેવા કે સૈન્ય કાર્યવાહી કરીને અસ્તિત્વ જોખમમાં મૂકી દેવું જેવી સ્થિતિ પણ માનવહક ને અસર કરે છે. આથી વ્યક્તિ માટે ખુબજ જરૂરી એવાં નાગરિક હક અને રાજકીય હક વિશે સમજ કેળવીશું. જે મહત્વના હક છે, તે નીચે મુજબ છે.

- ગુલામી અને જુલમમાંથી સ્વાતંત્ર્ય.
- જીવન જીવવાનો, સ્વતંત્રતાનો અને વ્યક્તિની સલામતીનો હક.
- એક તરફી ધરપકડ, અટકાયત અને જેલ સામે રક્ષણ.
- યોગ્ય રીતે મુકદમો ચલાવવાનો હક.
- મિલકત ધરાવવાનો હક.
- ખાનગીપણાનો, કુટુંબ ધરાવાવનો, ઘર ધરાવવાનો અને લગ્નનો હક.
- ધાર્મિક સ્વાતંત્ર્યનો હક.
- અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો હક.
- કાર્ય સ્થળે કામ કરવાનો હક.
- સમાન કાર્ય માટે સમાન વેતન મેળવવાનો હક.
- એસોસિએશન (સંઘ) રચવાનો હક જોડાવવાનો હક.
- નોકરી મેળવવાનો અને વાજબી જીવન ધોરણ માટેનો હક.
- આરોગ્યપ્રદ પોષણ લઈ આરોગ્ય પ્રાપ્ત કરવાનો હક.

**(સંદર્ભ : માનવ હક સમાજ અને વિકાસ, પાના નં- 6,7)**

*આમ 'હક' શબ્દનો આપણે સહજ પણે ઉપયોગ કરીએ છીએ. દા.ત આપણે એમ કહીએ કે મને મોટરકાર વસાવવાનો હક છે. અથવા મને અમુક પોષાક ખરીદવાનો હક છે. મૂળ વાત એ છે કે આપણી પાસે તમારી પાસે પૂરતી પૈસાની સગવડ હોય તો ભલે તમે આ બંને વસ્તુઓની ખરીદી કરો પરંતુ તેને માનવ હક કહેવાય નહીં. આમ માનવ હક નું રક્ષણ દેશના કાયદા દ્વારા આંતરરાષ્ટ્રીય અધિકાર પત્ર દ્વારા, બીજા અન્ય રાષ્ટ્રીય કે રાષ્ટ્રીય ખતપત્રો, સંહિતાઓ અથવા કાનૂનો દ્વારા થાય છે.*

*ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનાં અગિયારમા વાર્ષિક અહેવાલ અનુસાર, માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993ની જોગવાઈઓ મુજબ ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ કાર્ય કરે છે. આ અધિનિયમની કલમ-2 (ઘ) માં "માનવ અધિકાર" ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે - "માનવ અધિકાર" એટલે સંવિધાનથી બાંયધરી આપેલ અથવા આંતરરાષ્ટ્રીય કરાર ખતમાં સમાવેલા અને ભારતની અદાલતો દ્વારા લાગુ પાડી શકાય તેવા, નાગરિકોના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને માનવ ગરિમાને સ્પર્શતી ખાતરીઓને લગતા અધિકારો."*

## 17.3 માનવ અધિકારોના હેતુઓ

*માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ 1993 અનુસાર ભારતીય બંધારણીય હકો અને સુરક્ષા તથા સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારોની ઘોષણાઓ જેમાં વ્યક્તિનું જીવન, સ્વતંત્રતા, સમાનતા, ગરિમા સંબંધિત અધિકારોનું કાનૂની રક્ષણ જેમાં વ્યક્તિના આર્થિક, સામાજિક-સાંસ્કૃતિક અને રાજનૈતિક અધિકારોનું રક્ષણ કરવાના મુખ્ય હેતુઓ છે.*

## 17.4 માનવ અધિકારોનું મહત્વ

*માનવ હક સંદર્ભે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો માનવ અસ્તિત્વના કોઈ એક સમયગાળા દરમિયાન કોઈ એવો માનવ સમુદાય નથી કે જે કાયદાની દૃષ્ટિથી સમાન ગણવામાં આવ્યું હોય? વિશ્વમાં માનવ વસ્તીના કોઈ એક યા બીજા વિભાગને અન્યાય કે ગેરવાજબી વર્તનની ફરિયાદ કે લાગણી પેદા ન થઈ હોય. અને તેને કારણે જ ઈતિહાસમાં યુગોથી સમાનતા માટેની લડાઈઓ થતી આવી છે. યુરોપ અમેરિકામાં પણ બાળકો, મહિલાઓ, ગરીબોની સ્થિતિ માનવ અધિકારની દૃષ્ટિએ ખૂબજ ભયંકર હતી. રાજકીય વ્યવસ્થાઓ જ એવી હતી કે સામાન્ય પ્રજાજન પોતાની રજૂઆતો કરી શકતા ન હતા. ભારતમાં પણ મહિલાઓ, દલિતો, બાળકો અને જે જાતિ વિશેષ ને કારણે કચડાયેલો વર્ગ હતો તેમને આગળ લાવવા માટે સામાજિક આંદોલનો થતા હતા. અને આવા આંદોલનોને કારણે ઈ.સ. 19 મી સદી પછી કેટલીક કાયદાકીય જોગવાઈઓ થતી ગઈ. બીજી બાજુ પશ્ચિમના દેશોમાં માનવ હક માટેની લડતોને ઘણી બધી સદીઓથી ધીમે ધીમે લેખિત સ્વરૂપના સામાજિક ધોરણોમાં પરિવર્તિત થતા જોવા મળે છે. વર્તમાન સમય સુધી થયેલ માનવ હકની ઉત્ક્રાન્તિના તબક્કાઓ વિશે પરિચય મેળવીશું?*

❖ **મેગ્નાકાર્ટાઃ (મહાધિકાર પત્ર):** *આ કરાર ઈંગ્લેન્ડના રાજા જ્હોન અને અંગ્રેજ ઉમરાવો કે જેઓ રાજ્ય પાસેથી કેટલીક છુટછાટો મેળવવા માટે સંઘર્ષ કરતા હતા. અને તેઓએ આ છુટ છાટોરાજા પાસેથી મેળવી પણ હતી. અને તેથી તે સમયેથી આ મહાન દસ્તાવેજ તરીકે પણ ઓળખાય છે.*

❖ **હક અંગે અંગ્રેજ સરકારનું વિધયેકઃ (1689):** *આ વિધયેક હેબિયસ ક્રોર્પસ કાયદાની યોગ્ય પ્રક્રિયા વગેરે કાનૂનના સામાન્ય સિદ્ધાંતો પ્રસ્થાપિત કરવા માટે અને તેના અમલ માટે કારણભૂત હતું.*

❖ **ભારતમાં જ્ઞાતિના રિવાજની નાબૂદીનો કાયદો (1829):** *ભારતમાં આ રિવાજની નાબૂદી ઈ.સ.* 1829*માં લોર્ડ વિલિયમ બેન્ટિક દ્વારા અમલી કરવામાં આવ્યો હતો. અને ભારતમાં આ કાયદાની તરફેણમાં જનમત એકત્ર કરવાનું કાર્ય રાજા રામમોહનરાયે કર્યું હતું.*

❖ **ગુલામી પ્રથા ( નાબૂદી) માટે આંતરરાષ્ટ્રીય કરાર (1926):** *આ સંમેલનમાં લીગ ઓફ નેશન્સના સભ્ય રાષ્ટ્રો ગુલામીની વ્યાખ્યા સાથે સહમત થયા અને તેના દરેક સ્વરૂપમાં તેની સંપૂર્ણ નાબૂદી માટે તેઓએ પ્રતિજ્ઞા લીધી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આ ઠરાવ પસાર થયો. જેમાં ભારતે પણ તેમાં સહી કરી.*

❖ **સંયુક્ત રાષ્ટ્રસંઘનો અધિકારપત્ર (26 જૂન 1945):** *આ અધિકાર પત્ર* 26 *જૂન* 1945 *ના રોજ અમલમાં આવ્યો. આ દિવસ સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જાતિ,વંશ, ભાષા કે ધર્મના કોઈપણ ભેદભાવ વિના સૌ માટે મૂળભૂત સ્વાતંત્ર્ય તેમજ માનવ હક માટેના સન્માનને આગળ ધપાવવા અને પ્રોત્સાહિત કરવા તે વિશ્વ શાંતિને સુદૃઢ બનાવવા ઈચ્છે છે. આ અધિકારપત્રની કલમ* 56 *અનુસાર તમામ સભ્ય રાષ્ટ્રોએ ( જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે) તેમના નાગરિકોને ઊંચું જીવન ધોરણ અને સામાજિક વિકાસ માટેની તકો ઉપલબ્ધ કરવી જોઈએ. તદુપરાંત તેમાં સાંસ્કૃતિક અને શૈક્ષણિક સહયોગની પણ જોગવાઈ છે.*

❖ **માનવ હકની આર્થિક ઘોષણાઃ** *આ ઘોષણા સયુંકત રાષ્ટ્રસંઘની મહાસભામાં તારીખ* 19*ડિસેમ્બર* 1948*ના રોજ કરવામાં આવી.*

❖ *જીનીવા કન્વેક્સનમાં લડાઈ ક્ષેત્રે ઘાયલ થયેલા અથવા બિમાર પડી ગયેલા, લશ્કરી દળના સભ્યોની સ્થિતિ સુધારવા અને યુદ્ધ કેદીઓની સારવાર તથા યુદ્ધના સમયમાં સુરક્ષા વગેરે સહિતની ચાર આંતરરાષ્ટ્રીય સંધિઓનો સમાવેશ થાય છે.*

❖ *ઈ.સ.* 1951 *માં નિરાશ્રિતોના દરજ્જા સંબધી કરાર.*

❖ *દરેક સ્વરૂપે વંશીય ભેદભાવ દૂર કરવા સંબધિ* (CERD) *આંતરરાષ્ટ્રીય કરાર.*(ICESCR) 1996

❖ **નાગરિક અને રાજકીય હક (1966):** *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક સંબધી આંતરરાષ્ટ્રીય કરાર* (ICESCR) *ઉપરાંત આ નાગરિક હક અને રાજકીય*

*હક સંબધી આંતરરાષ્ટ્રીય કરાર 1948 ના ઘોષણા ઉપર સહી કરનાર તમામ રાષ્ટ્રોને બંધનકર્તા છે. આ રાષ્ટ્રોએ તેમના રાષ્ટ્રમાં માનવ હક સુરક્ષિત છે એમ સાબિત કરવા માટે માનવ હકના આંતરરાષ્ટ્રીય નિયંત્રણ (મોનિટરિંગ) માટે પોતાના દેશના દરવાજા ખોલી આપવા પડે છે. આ કરારમાં કુલ 121રાષ્ટ્રોએ સહી કરેલ છે.*

*ભારત સરકારે ઈ.સ.1979ના વર્ષમાં આ કરાર ઉપર સહી કરેલ છે. ઈ.સ.1979માં મહિલાઈ સામેના દરેક પ્રકારના ભેદભાવોને દૂર કરવા સંબંધી કરાર કરવામાં આવેલ છે. આ કરાર પર સહી કરનાર તમામ રાષ્ટ્રોએ મહિલાઓ સામે થતા ભેદભાવો દૂર કરવાના ધ્યેય સાથેની નીતિઓ અનુસરવા માટે સંમતિ દર્શાવી. આ માટે રાષ્ટ્રો પુરુષો અને સ્ત્રીઓની સમાનતા પ્રસ્થાપિત કરવા માટે આવશ્યક એવા તમામ વૈધાનિક અને અન્ય પગલાં લેશે. તેમજ મહિલાઓ સામે ભેદભાવ દર્શાવતા હશે તેવા તમામ કાયદા પાછા ખેંચી લેશે.*

❖ **ત્રાસ આપવાના વિરોધ અંગેના કરાર (AT) 1984** -

*આ કરાર 1987 ના જુન ની 26 મી તારીખે અમલમાં આવ્યો. આની પાછળનો મૂળભૂત વિચાર કોઈ વ્યક્તિને કોઈપણ પ્રકારના દુઃખ કે ત્રાસથી રક્ષણ આપવાનો છે. (સિવાય કે આવું કોઈ કાયદેસરની સજાના ભાગ રૂપે હોય) કારણ કે વ્યક્તિનું ગૌરવ બહુ જ મહત્વપૂર્ણ ગણાયું છે. ત્રાસ આપવાના વિરોધ સંબંધી સમિતિ કાર્યરત છે. જે આ ઠરાવના અમલનું સુનિયંત્રણ કરે છે. આ સમિતિ દરેક રાષ્ટ્રને ત્રાસના કોઈપણ કાર્યને અટકાવવા માટે વૈધાનિક, વહીવટી કે અન્ય પગલાં લેવા માટે ફરજ પાડે છે. ભારતે ઈ.સ. 1998માં આ ઠરાવ સહી કરી છે.*

- *બાળકોના હક અંગે આંતરરાષ્ટ્રીય કરાર* (1989)
- *રિયો-ડી-જાનેરો ખાતે યોજાયેલી વિશ્વશિખર પરિષદ* (1992)
- *વિયેના ખાતેની માનવ હક માટેની વિશ્વ પરિષદ* (1993)

*આ પરિષદમાં 171 રાષ્ટ્રો પુનઃ જાહેરાત કરી કે સાર્વત્રિક ઘોષણા 'દરેક રાષ્ટ્ર અને બધા લોકો માટે પ્રાપ્તિના સામાન્ય ધોરણો' ધરાવે છે.*

❖ **માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વઃ**

*વિશ્વ જ્યારે એકવીસમી સદીમાં પ્રવેશ પામી ચૂક્યું છે ત્યારે વિશ્વની માનવજાત સામે અનેક પડકારો ઊભા થયાં છે. માનવ માનવ વચ્ચે અવિશ્વાસ, ભેદભાવ વગેરેનાં જાળાં રચાયેલાં જ રહે છે. કેટલાંક સ્થળોએ માનવોની હાલત પશુઓ કરતાં પણ વધારે ખરાબ છે. માનવ વિકાસના પંથે ઊભો છે ખરો, પરંતુ વિકાસ અટકી ગયો છે.*

*માનવતાના મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે. આથી માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક છે, જે નીચે મુજબ જોઈ શકાય છે -*

1. *માનવજાતના ગૌરવ અને સન્માનના સંરક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક છે.*
2. *વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે,*
3. *વ્યક્તિના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક ખબની ગયું છે.*
4. *નાગરિકોને મળતાં અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે.*
5. *લિંગ, જાતિ, ધર્મ કે કોમના ભેદભાવ સિવાય દરેક વ્યક્તિને આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય સમાનતાથી મળે તે માટે માનવ અધિકારોનું શિક્ષણ આપવું જરૂરી છે.*
6. *રાષ્ટ્રની એકતા વધારવા તેમજ તેમનું રક્ષણ કરવા માટે માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી છે.*
7. *શોષણ સામે રક્ષણ મેળવવા માટે માનવ અધિકારોના શિક્ષણની જરૂર છે. દા.ત. બાળકોનું શોષણ, સ્ત્રીઓનું શોષણ, રંગભેદ, પછાત વર્ગોનું શોષણ વગેરે.*
8. *જ્ઞાતિવાદ, આતંકવાદ, અલગતાવાદ વગેરે દૂર કરવા માટે પણ માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી બન્યું છે.*
9. *માનવીને જુલ્મી સરમુખત્યારો, અત્યાચારમાંથી પ્રજાને બચાવવા માટે પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી બન્યું છે. દા.ત. પાકિસ્તાન જેવા દેશોમાં લશ્કરી શાસકો દ્વારા પ્રજાનું શોષણ થઈ રહ્યું છે. આથી પ્રજા પોતાના અધિકારો પ્રત્યે સજાગ બને તે માટે પણ આ પ્રકારનું શિક્ષા જરૂરી છે.*
10. *વિશ્વ શાંતિના સ્વપ્નને સાકાર કરવા પણ માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ જરૂરી છે.*
11. *જાતિય સતામણી, જાતિય ભેદભાવો દૂર કરવા માટે આ પ્રકારનું શિક્ષણ જરૂરી છે.*
12. *ત્રાસવાદ, અંતિમવાદ, હતાશા, અલગતાવાદ વગેરેમાંથી બચવા માટે આ પ્રકારના શિક્ષણની જરૂર છે.*

## 17.5 યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારો

*સન* 1948*ના ડીસેમ્બર મહિનાની* 10*મી તારીખે સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાના સ્વીકાર કરીને તેની જાહેરાત કરી તેની સંપૂર્ણ યાદી હેઠળનાં પાનાંઓમાં આપવામાં આવી છે. આ ઐતિહાસિક કૃત્યના અનુસંધાનમાં સભાએ સભ્યદેશોને આ ઘોષણાની યાદી પ્રસિદ્ધ કરવાની અને "દેશો અથવા પ્રદેશોની રાજકીય સ્થિતિને આધારે કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વિના*

*મુખ્યત્વે શાળાએ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો પ્રચાર કરાવવાની, તેને પ્રદર્શિત કરાવવાની, વંચાવવાની અને તેનું અર્થપ્રતિપાદન કરાવવાની' વિનંતી કરી.*

- **માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા (Universal declaration of Human Rights)**

1. *માનવકુટુંબના દરેક સભ્યની પરંપરા પ્રાપ્ત પ્રતિષ્ઠાને અને સમાન અને અસંક્રામ્ય અધિકારીને માન્યતા આપવી એ જગતની સ્વતંત્રતા, ન્યાય અને શાંતિનો પાયો છે,*
2. *માનવ અધિકારોની ઉપેક્ષા અને અપમાન કરવાથી એવાં જંગલી કૃત્યો પરિણમ્યાં છે કે જેણે માનવજાતના અંતઃકરણમાં બળવો જગાવ્યો છે અને સામાન્ય લોકોની ઊંચામાં ઊંચી મહત્ત્વકાંક્ષા તરીકે એવી દુનિયાના આગમનની જાહેરાત કરવામાં આવી છે, જેમાં માનવો વાણી અને વિચારની સ્વતંત્રતા ભોગવશે અને ભય તથા અછતમાંથી મુક્તિ મેળવશે,*
3. *જો માણસને આખરી ઉપાય તરીકે જુલમ અને અત્યાચાર સામે બળવો પોકારવાનો આશ્રય લેવાનું દબાણ કરાવવું ન હોય તો કાયદાની સત્તા દ્વારા માનવ અધિકારને રક્ષણ આપવું જોઈએ,*
4. *રાષ્ટ્રો વચ્ચે મૈત્રી સંબંધોનો વિકાસ બઢાવવાનુ જરૂરી છે,*

*સંયુક્તરાષ્ટ્રના લોકોએ ખતપત્રમાં મૂળભૂત માનવ અધિકારોમાં માનવીની પ્રતિષ્ઠા અને મૂલ્યમાં અને સ્ત્રી*

5. *પુરુષોના સમાન અધિકારમાં તેમની શ્રદ્ધા પુનઃ સ્થાપિત કરી છે અને વિશાળતર સ્વાતંત્ર્યમાં સામાજિક પ્રગતિ અને ઉચ્ચ જીવનધોરણ બઢાવવાનો નિશ્ચય કર્યો છે,*
6. *સભ્ય રાજ્યોએ સંયુક્ત રાષ્ટ્રના સહકારમાં માનવ અધિકારોના અને મૂળભૂત સ્વતંત્રતાઓના વિશ્વવ્યાપી માનમાં વૃદ્ધિ કરવાની અને તેનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી છે,*
7. *આ પ્રતિજ્ઞાની સંપૂર્ણ સિદ્ધિ માટે આવા અધિકારો અને સ્વતંત્રતાઓની સામાન્ય સમજ હોવી એ ખૂબ જ મહત્ત્વનું છે, એટલે હવે, સામાન્ય સભા સર્વ લોકો અને રાષ્ટ્રો માટે સિદ્ધિના સામાન્ય ધોરણ તરીકે માનવ અધિકારોની આ વિશ્વ વ્યાપી ઘોષણાની એવા હેતુથી જાહેરાત કરે છે, કે દરેક વ્યક્તિ અને સમાજનું દરેક અંગ, આ ઘોષણાને સતત ધ્યાનમાં રાખીને ઉપદેશ અને શિક્ષણ દ્વારા આ અધિકારો અને સ્વતંત્રતાઓ માટે માનની લાગણી પ્રગટાવવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રગતિશીલ ઉપાયો દ્વારા, સભ્ય રાજ્યોના લોકોમાં તેમજ તેમની હકુમત હેઠળના પ્રદેશમાંના લોકોમાં તેને સર્વસામાન્ય અને અસરકારક સ્વીકાર અને પાલન કરાવવા માટે પ્રયત્ન કરશે.*

અનુચ્છેદ 1: પ્રતિષ્ઠા અને અધિકારીની દૃષ્ટિએ સર્વ માનવો જન્મથી સ્વતંત્ર અને સમાન હોય છે. તેમનામાં વિચારશક્તિ અને અંતઃકરણ હોય છે અને તેમણે પરસ્પર બંધુત્વની ભાવનાથી વર્તવું જોઈએ.

અનુચ્છેદ 2: દરેક વ્યક્તિને જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય અથવા બીજા અભિપ્રાય, રાષ્ટ્રીય અથવા સામાજિક ઉદ્દભવ  સ્થાન, મિલકત, જન્મ અથવા મોભા જેવા કોઈપણ જાતના ભેદભાવ વગર આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલાં સઘળા અધિકાર અને સ્વતંત્રતા ભોગવવાના હક્ક છે. વધુમાં કોઈપણ વ્યકિત તે સ્વતંત્ર, ટ્રસ્ટ હેઠળના સ્વશાસન હેઠળ ન હોય તેવા અથવા સાર્વભૌમત્વની બીજી કોઈપણ મર્યાદા હેઠળ આવેલા દેશ અથવા પ્રદેશની હોય તો પણ રાજકીય, હકુમત વિષયક અથવા આંતરરાષ્ટ્રીય મોભાના ધોરણે તેની સાથે કોઈપણ ભેદભાવ રાખવામાં આવશે નહિ.

અનુચ્છેદ 3: દરેક વ્યકિતને જીવવાનો, સ્વતંત્રતાનો અને સ્વરક્ષણનો અધિકાર છે,

અનુચ્છેદ 4: કોઈને પણ ગુલામી અથવા પરાધીન દશામાં રાખવામાં આવશે નહિ; દરેક પ્રકારની ગુલામી અને ગુલામોના વેપાર પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

અનુચ્છેદ 5: કોઈપણ વ્યકિતની ઉપર જુલમ ગુજારવામાં આવશે નહિ અથવા તેની સાથે ઘાતકી, અમાનુષી અથવા હલકા પ્રકારનો વર્તાવ રાખવામાં આવશે નહિ અથવા તેવા પ્રકારની શિક્ષા કરવામાં આવશે નહિ.

અનુચ્છેદ 6: દરેક વ્યકિતને દરેક ઠેકાણે કાયદાની સમક્ષ માનવ તરીકે સ્વીકાર કરાવવાના અધિકાર છે.

અનુચ્છેદ 7: કાયદા સમક્ષ સર્વ માણસો સમાન છે અને કોઈપણ જાતના ભેદભાવ વગર કાયદાનું રક્ષણ સમાન ધોરણે મેળવવાને હક્કદાર છે. આ ઘોષણાનો ભંગ કરીને કોઈપણ જાતના ભેદભાવ સામે અને આવા ભેદભાવ જગાવવામાં, કોઈપણ જાતની ઉશ્કેરણી કરવા સામે સમાન રક્ષણ મેળવવાનો સર્વને હક્ક છે.

અનુચ્છેદ 8: દરેક વ્યકિતને સંવિધાન અથવા કાયદા દ્વારા તેને મળેલા મૂળભૂત અધિકારોના ભંગ કરતા કૃત્યો માટે સક્ષમ રાષ્ટ્રીય ન્યાયાધિકરણ દ્વારા અસરકારક ઉપાયો લેવાનો હક્ક છે.

અનુચ્છેદ 9 : કોઈપણ વ્યકિતને આપખુદ રીતે ગિરફતાર કરવામાં, અટકાયતમાં રાખવામાં અથવા દેશનિકાલ કરવામાં આવશે નહિ.

અનુચ્છેદ 10: દરેક વ્યકિતને પોતાના અધિકારો અને બંધનોના અને તેની વિરુદ્ધ કોઈપણ ફોજદારી આરોપના નિર્ણયમાં કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયાધિકરણ દ્વારા વ્યાજબી અને જાહેર સુનાવણી કરાવવાનો સંપૂર્ણ સમાન ધોરણે અધિકાર છે.

અનુચ્છેદ 11: (1) જેની ઉપર ફોજદારી ગુનાનો આરોપ મૂકવામાં આવ્યા હોય તેવી દરેક વ્યક્તિને ગુનાની જાહેર તપાસણી વખતે તેના બચાવ માટે સઘળી જરૂરી બાંયધરીઓ આપવામાં આવી હોય છે. કાયદા પ્રમાણે ગુનેગાર સાબીત થાય ત્યાં સુધી પોતાને નિર્દોષ માનવાનો અધિકાર છે.

(2) કોઈપણ વ્યક્તિ, કોઈપણ કૃત્ય અથવા કસુર જે વખતે કરી હોય અથવા થઈ હોય તે વખતે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તે કૃત્ય અથવા કસૂર ફોજદારી ગુનો ગણાતો ન હોય તો તે કારણે કોઈપણ ફોજદારી ગુના માટે તે ગુનેગાર ગણાશે નહિ તેમજ તેને તે ફોજદારી ગુનો થયો હોય તે વખતે લાગુ પડતી હોય તેવી શિક્ષા કરતાં, વધુ ભારે શિક્ષા પણ કરવામાં આવશે નહિ.

અનુચ્છેદ 12: કોઈપણ વ્યક્તિના એકાન્ત, કુટુંબ, ઘર અથવા પત્રવ્યવહારમાં આપખુદીપણે દખલગીરી કરવામાં આવશે નહિ તેમજ તેના માન અને પ્રતિષ્ઠા પર આક્રમણ કરવા દેવામાં આવશે નહિ. આવી દખલગીરી અથવા આક્રમણ સામે કાયદાનુ રક્ષણ માગવાના દરેકને અધિકાર છે.

અનુચ્છેદ 13: (1) દરેક વ્યક્તિને દરેક રાજ્યની હદની અંદર સ્વતંત્ર રીતે હરવાફરવા અને વસવાને અધિકાર છે.

(2) દરેક વ્યક્તિને પોતાનો તેમજ બીજો કોઈપણ દેશ છોડી જવાનો અને પોતાના દેશમાં પાછા ફરવાનો અધિકાર છે.

અનુચ્છેદ 14: (1) દરેક વ્યક્તિને જુલ્મમાંથી છટકીને બીજો દેશોમાં આશ્રય લેવાનો, ભોગવવાનો અધિકાર છે.

(2) પરંતુ બીનરાજકીય ગુનાઓમાંથી અથવા સંયુક્ત રાષ્ટ્રના હેતુઓ અને સિદ્ધાન્તની વિરુદ્ધ હોય તેવાં કૃત્યોમાંથી ખરેખર ઉપસ્થિત થતા દાવાઓના કિસ્સામાં આવા અધિકારની માંગણી કરવી નહિ.

અનુચ્છેદ 15: (1) દરેક વ્યક્તિને રાષ્ટ્રીયતાનો અધિકાર છે.

(2)કોઈપણ વ્યક્તિ પાસેથી આપખુદી રીતે તેની રાષ્ટ્રીયતાનો હક્ક ઝૂંટવી લેવામાં આવશે નહિ અથવા તેની રાષ્ટ્રીયતામાં ફેરફાર કરવાના હકથી તેને વંચિત રાખવામાં આવશે નહિ.

અનુચ્છેદ 16: (1) જાતિ, રાષ્ટ્રીયતા કે ધર્મને લગતી કોઈપણ મર્યાદા વિના પુખ્ત વયના સ્ત્રીપુરુષોને લગ્ન કરવાનો અને કુટુંબ રચવાનો અધિકાર છે. લગ્ન વિશે, લગ્ન દરમિયાન અને જુદા પડતી વખતે તેઓ સમાન હકના અધિકારી છે.

(2) લગ્ન કરવાની ઈચ્છા રાખતા વરવહુની સ્વતંત્ર અને સંપૂર્ણ સંમતિથી જ લગ્ન કરવામાં આવશે.

(3)કુટુંબ એ સમાજનું સ્વાભાવિક અને મૂળભૂત સમૂહ એકમ છે અને સમાજ તેમજ રાજ્ય દ્વારા રક્ષણનું અધિકારી છે.

અનુચ્છેદ 17: (1) દરેક વ્યકિતને એકલા તેમજ બીજાની સાથે મિલકત રાખવાનો અધિકાર છે.

(2) કોઈપણ વ્યક્તિ પાસેથી તેની મિલકત આપખુદી રીતે ઝૂંટવી લેવામાં આવશે નહિ.

અનુચ્છેદ 18: દરેક વ્યકિતને વિચાર, અંતઃ કરણ અને ધર્મની સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકારમાં તેનાં ધર્મ અથવા માન્યતામાં ફેરફાર કરવાની સ્વતંત્રતા અને પોતાના ધર્મ અથવા માન્યતાને શિક્ષણ, વ્યવહાર, ભકિત અને પાલન દ્વારા એકલા અથવા બીજાઓની સાથે અને જાહેરમાં અથવા ખાનગીમાં પ્રગટ કરવાની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે.

અનુચ્છેદ 19: દરેક વ્યકિતને અભિપ્રાય અને ઉચ્ચારણની સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકારમાં દખલગીરી વિના અભિપ્રાયો ધરાવવાની સ્વતંત્રતા અને કોઈપણ માધ્યમ અને સરહદોથી પર માહિતી અને વિચારોની શોધ કરવાની, તેને પ્રાપ્ત કરવાની અને આધન કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

અનુચ્છેદ 20: (1) દરેક વ્યકિતને શાંત સભા અને મંડળી રચવાની સ્વતંત્રતાનો અધિકાર છે. (2)કોઈપણ વ્યક્તિ પર અમુક મંડળીના સભ્ય થવાની ફરજ પાડી શકાય નહિ.

અનુચ્છેદ 21: (1) દરેક વ્યકિતને સીધી રીતે અથવા તો સ્વતંત્ર રીતે ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા પોતાના દેશની સરકારમાં ભાગ લેવાના અધિકાર છે. (2) દરેક વ્યકિતને પોતાના દેશની જાહેર નોકરીઓમાં સમાન પ્રવેશનો અધિકાર છે. (3)જનતાની ઈચ્છા એ સરકારની સત્તાની ભૂમિકા રહેશે. આ ઈચ્છા સર્વમાન્ય અને સમાન મતાધિકાર અને ગુપ્ત મતદાન અથવા એવી સમાન સ્વતંત્ર મતદાન પદ્ધતિઓ વડે કરવામાં આવતી નિયતકાલિક અને શુદ્ધ ચૂંટણી દ્વારા વ્યકત થશે.

અનુચ્છેદ 22: સમાજના દરેક સભ્ય તરીકે દરેક વ્યક્તિને સામાજિક સલામતીનનો અધિકાર છે અને પોતાની પ્રતિષ્ઠા અને પોતાના વ્યકિતત્વના સ્વતંત્ર વિકાસને માટે અનિવાર્ય એવા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો, રાષ્ટ્રીય પરિશ્રમ  અને આંતર રાષ્ટ્રીય સહકાર દ્વારા અને દરેક રાજ્યના સંચાલન અને સમૃદ્ધિ અનુસાર પ્રાપ્ત કરવાની તે અધિકારી છે.

અનુચ્છેદ 23: (1) દરેક વ્યકિતને કામ કરવાનો, નોકરીની સ્વતંત્ર પસદગીનો, કામની ન્યાયી અને ફાયદાકારક શરતો અને બેકારીની સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.

(2) દરેક વ્યક્તિને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સમાન કાર્ય માટે સમાન પગાર મેળવવાનો અધિકાર છે.

(3)કામ કરનાર દરેક વ્યક્તિને તેના પોતાના અને તેના કુટુંબના માનવ પ્રતિષ્ઠાને લાયક અસ્તિત્વની ખાતરી આપતો ન્યાયી અને ફાયદાકારક બદલો મેળવવાનો અને જરૂર જણાય તો સામાજિક રક્ષણના બીજા સાધનો મેળવવાનો અધિકાર છે.

(4) દરેક વ્યકિતને પોતાના હિતોના રક્ષણને માટે ટ્રેડ યુનિયનો રચવાનો કે તેમા જોડાવાનો અધિકાર છે.

અનુચ્છેદ 24. દરેક વ્યકિતને કામના કલાકોની વ્યાજબી મર્યાદા અને પગાર સાથેની સામયિક રજાઓ સહિત આરામ અને ફુરસદનો અધિકાર છે.

અનુચ્છેદ 25: (1) દરેક વ્યક્તિને તેના પોતાના અને તેના કુટુંબની તંદુરસ્તી અને સુખને માટે આવશ્યક ખોરાક, કપડાંલત્તા, મકાન અને દાકતરી સંભાળ અને જરૂરી સામાજિક સેવા સહિત જીવનધોરણનો અધિકાર છે અને બેકારી, માંદગી, અશકિત, વિધવાવસ્થા, વૃદ્ધાવસ્થા અથવા તેના કાબુ બહારના સંજોગોમાં આજીવિકાના અભાવ પ્રસંગે તેને સલામતી મેળવવાનો અધિકાર છે.

(2) માતૃત્વ અને બાળપણ ખાસ સંભાળ અને મદદના અધિકારી છે. લગ્ન કે લગ્નની બહાર જન્મેલાં બધાં બાળકો એક જ પ્રકારનું સામાજિક રક્ષણ ભોગવશે.

અનુચ્છેદ 26: (1) દરેક વ્યકિતને શિક્ષણનો અધિકાર છે. ઓછામાં ઓછુ પ્રાથમિક અને પાયાના તબક્કાઓમાં શિક્ષણ મફત રહેશે. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત રહેશે. વિશેષ વિદ્યાવિષયક અને વ્યવસાયી શિક્ષણ સામાન્યતઃ ઉપલબ્ધ રહેશે અને યોગ્યતાના ધોરણ પર ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા સર્વને સમાન અધિકાર રહેશે.

(2) માનવ વ્યકિતત્વના સંપૂર્ણ વિકાસ અને માનવહક્કો અને મૂળભૂત સ્વતંત્રતા પ્રત્યેના માનને દ્રઢીભૂત કરવા તરફ શિક્ષણનું લક્ષ રાખવામાં આવશે. બધાં રાષ્ટ્રો અથવા ધાર્મિક સમૂહ વચ્ચે તે સમજ, સહિષ્ણુતા અને મૈત્રી બઢાવશે અને શાંતિની જાળવણી માટેની સંયુકત રાષ્ટ્રોની પ્રવૃત્તિઓને આગળ ધપાવશે.

(3) પોતાનાં બાળકોને કયા પ્રકારનુ શિક્ષણ આપવું તે પસંદ કરવાનો પ્રથમ અધિકાર માબાપોને રહેશે.

અનુચ્છેદ 27: (1) કોમના સાંસ્કૃતિક જીવનમાં છૂટથી ભાગ લેવાનો, કલાઓનો આનંદ માણવાનો અને વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભોમાં ભાગીદાર થવાનો દરેક વ્યકિતને અધિકાર છે.

(2)વૈજ્ઞાનિક,સાહિત્યિક અથવા કલાત્મક સર્જન જેનાં તે પોતે કર્તા હોય તેમાંથી ઊભાં થતાં નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણ માટેનો દરેક વ્યકિતને અધિકાર છે.

અનુચ્છેદ 28: આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલા અધિકારો અને સ્વતંત્રતાઓ જેમાં સંપૂર્ણ તથા સિદ્ધ થઈ શકે તેવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે દરેક વ્યકિત અધિકારી છે.

અનુચ્છેદ 29: (1) જે કોમમાંજ તેના વ્યકિતનો સ્વતંત્ર અને સંપૂર્ણ વિકાસ શકય છે તો તે કોમ પ્રત્યે દરેક વ્યક્તિને ફરજો બજાવવાની હોય છે.

(2) દરેક વ્યક્તિ પોતાના અધિકારો અને સ્વતંત્રતાઓના અમલની બાબતમાં તે માત્ર બીજાઓના અધિકારો અને સ્વતંત્રતાઓના યોગ્ય સ્વીકાર અને સન્માનની સલામતીના હેતુ માટે અને લોકશાહી સમાજમાં નીતિ, જાહેર વ્યવસ્થા અને સામાન્ય સુખ માટેની વ્યાજબી જરૂરિયાત પૂરી પાડવાના હેતુ માટે કાયદાએ નક્કી કરેલી એવી મર્યાદાઓને આધીન રહેશે.

(3)કોઈપણ પ્રસંગે આ અધિકારો અને સ્વતંત્રતાઓ સંયુક્ત રાષ્ટ્રના હેતુઓ અને સિદ્ધાંતોની વિરુદ્ધ અમલમાં મૂકી શકાશે નહિ.

અનુચ્છેદ 30: આ ઘોષણામાં રજૂ થયેલા કોઈપણ અધિકારો અને સ્વતંત્રતાઓ નાશ કરવા માટેની કોઈ પ્રવૃત્તિમાં રોકાવાનો અથવા કોઈ કાર્ય કરવાનો કોઈ રાજ્ય, સમૂહ કે વ્યકિતને અધિકાર પ્રાપ્ત થાય છે એવા કોઈપણ અર્થ આ ધોષણાનો કરવાનો નથી. (Universal Declaration of Human Rights - GUJARATI, Reprinted in U, N.OPI/15 - 22053 - February 1974 - 5M)

❖ **ભારત દેશના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ છે :-**

1. સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની.
2. આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની.
3. ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની.
4. દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની.
5. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃધ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની.
6. આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વરસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની.
7. જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનુ જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની.

8. *વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની.*
9. *જાહેર મિલકતનુ રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની.*
10. *રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતુ રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃતિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.*
11. *નાગરિકોમાં જેઓ માતા-પિતા અથવા વાલી છે તેઓ પોતાના 6વર્ષથી 14 વર્ષના બાળકોને શિક્ષણ માટેની તમામ તક પૂરી પાડશે.*

## 17.6 સારાંશ

*ભારતીય સમાજ બિનસાંપ્રદાયિકતા ધરાવતો લોકશાહી દેશ છે. ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય, સમુદાય, તહેવારો-ઉત્સવો, ભાષા-બોલી, પહેરવેશમાં વૈવિધ્યતા ધરાવતો હોવા છતાં એકતા-ભાઈચારાના સંબંધો જોવા મળે છે. સમાનતા, સ્વતંત્રતાનાં મૂલ્યો ધરાવતા ભારત દેશમાં લોકો વચ્ચે ક્યાંક ને ક્યાંક અસમાનતા, જ્ઞાતિવાદ, ધર્મવાદ, પ્રાંતવાદ, માનવ ગરિમાનું હનન થાય તેવા કિસ્સાઓ થતાં જોવા મળે છે. જેને નાબૂદ કરવા તથા સમાજમાં માનવના હકો-અધિકારોનું રક્ષણ થઈ શકે તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેમાં યુનાઈટેડ નેશન્સએ આપેલ માનવ અધિકારો મુખ્ય છે.*

## 17.7 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નોનાં 10 લીટીમાં ઉત્તર લખો.**

1. *માનવ અધિકારોનો અર્થ સમજાવો.*

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. *માનવ અધિકારોનો હેતુઓની ચર્ચા કરો.*

..........................................................................................
..........................................................................................
..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. *માનવ અધિકારોનું મહત્ત્વ સમજાવો.*

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

4. *યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારોની વિસ્તૃત ચર્ચા કરો.*

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

1. **માનવ-અધિકારનાં મૂળ ___________ ચિંતકોએ પ્રસ્તુત કરેલા 'પ્રાકૃતિક કાયદા'માં જોવા મળે છે.**

   *(અ) ગ્રીસના સ્ટોઈક* *(બ) ઈરાની તત્ત્વચિંતક*

   *(ક) અ અને બ બંને* *(ડ) એકેય નહી*

2. **ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ અગિયારમો વાર્ષિક અહેવાલ - માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ __________ વર્ષમાં અમલમાં મુકાયો.**

   *(અ)* 1991 *(બ)* 1993 *(ક)* 1995 *(ડ)* 1997

3. **સંયુક્ત રાષ્ટ્રસંઘનો અધિકારપત્ર 26જૂન __________1945ના રોજ અમલમાં આવ્યો.**

   *(અ)* 1939 *(બ)* 1941 *(ક)* 1943 *(ડ)* 1945

4. **રિયો-ડી-જાનેરો ખાતે યોજાયેલી વિશ્વપૃથ્વી પરિષદ __________ વર્ષમાં યોજાઈ.**

   *(અ)* 1990 *(બ)* 1991 *(ક)* 1992 *(ડ)* 1993

5. **સન __________ના ડીસેમ્બર મહિનાની 10મી તારીખે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાના સ્વીકાર કરીને તેની જાહેરાત કરી.**

   *(અ)* 1946 *(બ)* 1946 *(ક)* 1947 *(ડ)* 1948

## 17.8 ચાવીરૂપ શબ્દો

1. **માનવ અધિકાર – 1993 :-** *ભારત સરકાર દ્વારા વર્ષ* 1993*માં પ્રસ્તુત કરવામાં આવેલ માનવ અધિકાર.*
2. **નીતિ આયોગ :-** *નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ફૉર ટ્રાન્સફૉર્મિંગ ઈન્ડિયા* (NITI )
3. **સંયુક્ત રાષ્ટ્ર (The United Nations-UN) :-** *આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય સલામતી, સામાજિક પ્રગતિ , માનવ અધિકાર જેવા મુખ્ય ઉદ્દેશો ધરાવતી આંતરરાષ્ટ્રીય સંસ્થા.*

## 17.9 સંદર્ભ સૂચિ


1. Universal Declaration of Human Rights (GUJARATI) Reprinted in U, N.OPI/15 - 22053 - February 1974 - 5M
2. *ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ અગિયારમો વાર્ષિક અહેવાલ વર્ષ*-2016-17*, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં*-1*, ચોથો અને પાંચમો માળ, સેક્ટર*-10/*એ, ગાંધીનગર, ગુજરાત* https://gshrc.gujarat.gov.in/writereaddata/Portal/Images/pdf/Annual-Report-16-17-Gujarati.pdf
3. ES-132*, માનવ અધિકારો અને સમુદાય વિકાસ, દ્વિતીય આવૃત્તિ*- 2021*, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

## 17.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરોનાં જવાબો.**

1. *(અ) ગ્રીસના સ્ટોઈક*
2. *(બ)* 1993
3. *(ડ)* 1945
4. *(ક)* 1992
5. *(ડ)* 1948

****** ******

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ. ?

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-276-6